ચોથી શ્રેણી

પુસ્તક-૭૯

તા. ૧૫મી માર્ચ, ૨૦૨૧
ફાલ્ગુન ૨૪, ૧૯૪૨ શાકે
થી
તા.૧૭મી માર્ચ, ૨૦૨૧
ફાલ્ગુન ૨૬, ૧૯૪૨ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## ચૌદમી ગુજરાત વિધાનસભા
## આઠમું અધિવેશન


ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

**પુસ્તક–૭૯** **અ નુ ક્ર મ ણિ કા** **ચોથી શ્રેણી**


| **વિષય** | **પાના નંબર** | |
|---|---|---|
| **તા. ૧૫મી માર્ચ ૨૦૨૧ ફાલ્ગુન ૨૪, ૧૯૪૨ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૨ | ૧૪૩ |
| અધ્યક્ષશ્રી દ્વારા લેવાયેલા નિર્ણયોની સંકલિત પુસ્તિકા અંગે | ૧૪૪ | ૧૪૪ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત(નિયમ–૧૧૬) | ૧૪૪ | ૧૪૫ |
| અધ્યક્ષશ્રીનો અગત્યનો નિર્ણય (સભાગૃહને અનુરૂપ યોગ્ય વસ્ત્રો પહેરવા બાબત) | ૧૪૬ | ૧૪૮ |
| ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૨૧ | ૧૪૯ | ૧૫૧ |
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૧૫૨ | ૧૭૪ |
| **તા. ૧૬મી માર્ચ ૨૦૨૧ ફાલ્ગુન ૨૫, ૧૯૪૨ શાકે (પ્રથમ બેઠક)** | | |
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૧૭૫ | ૨૦૭ |
| **તા. ૧૬મી માર્ચ ૨૦૨૧ ફાલ્ગુન ૨૫, ૧૯૪૨ શાકે (બીજી બેઠક)** | | |
| તારાંકિત પ્રશ્નો | ૨૦૮ | ૨૨૦ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૨૧ | ૩૨૪ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૩૨૫ | ૩૨૬ |
| વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન | ૩૨૭ | ૩૨૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૩૨૭ | ૩૫૫ |
| **તા. ૧૭મી માર્ચ ૨૦૨૧ ફાલ્ગુન ૨૬, ૧૯૪૨ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૩૫૬ | ૩૬૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૬૬ | ૪૪૫ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર( મંત્રીશ્રીઓએ પ્રશ્નોના જવાબો ટૂંકા આપવા બાબત) | ૪૪૬ | ૪૪૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૪૪૭ | ૪૭૮ |
| અડધા કલાકની ચર્ચા(નિયમ–૯૨) | ૪૭૯ | ૪૮૧ |

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા.૧૫મી માર્ચ, ૨૦૨૧**
**ફાલ્ગુન ૨૪, ૧૯૪૨ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

**મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના**

* ૩૫૦૮૨ **શ્રી જગદીશ વિશ્વકર્મા** (નિકોલ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ સને ૨૦૧૯–૨૦ના વર્ષમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ટેકનીકલ શિક્ષણ હેઠળના ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની ઉચ્ચ શિક્ષણ સહાય આપવામાં આવી, અને | (૧) ૨૬૩૧૨ વિદ્યાર્થીઓને રૂ.૧૦૧.૯૦ કરોડની ઉચ્ચ શિક્ષણ સહાય આપવામાં આવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા વિદ્યાર્થીઓ અને કેટલી વિદ્યાર્થીનીઓને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે ? | (૨) ૨૧૬૩૧ વિદ્યાર્થીઓને રૂ.૮૩.૧૨ કરોડની અને ૪૬૮૧ વિદ્યાર્થીનીઓને રૂ.૧૮.૭૮ કરોડની રકમ ચૂકવવામાં આવેલ છે. |

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવાનું મન થાય છે કે, જે રીતે ગુજરાતના છેવાડાના માનવી સુધીની ચિંતા કરે છે તેવી જ રીતે માનનીય મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના દ્વારા જે ટેકનીકલ શિક્ષણ માટે હોય કે બીજા કોઈપણ બાળકો માટે હોય એના માટે જે યોજના સરકાર લાવી છે, કદાચ બીજા રાજ્યો કરતા મને આનંદ સાથે કહેવાનું મન થાય કે આ ભા.જ.પ.ની સરકાર, માનનીય વિજયભાઈ, માનનીય નીતિનભાઈની સરકાર દ્વારા જે વિદ્યાર્થીઓની ચિંતા કરી રહ્યા છે એમાં મારે માનનીય મુખ્યમંત્રીશ્રીને પુછવું છે કે, આ એમ.વાય.એસ.વાય. યોજના શું છે અને તેમાં પાત્રતાના ધારાધોરણો શું છે?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, જેમ સભ્યશ્રીએ વાત કરી તેમ તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણ મેળવવા માટેની આ અદ્ભૂત યોજના, કદાચ કોઈ રાજ્યમાં નથી એટલી સુંદર અને ગુણવત્તા અને માપદંડોને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓને સહાય કરતી યોજના છે. આ યોજનામાં જે ધારાધોરણો છે એમાં ગુજરાતમાંથી માન્ય બોર્ડ ધોરણ–૧૨ની પરીક્ષા ૮૦ કે તેથી વધુ પર્સન્ટાઇલ મેળવી જેને સ્નાતક કક્ષામાં એડમિશન મેળવવાનું છે એમના માટે, ધોરણ ૧૦ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સન્ટાઇલ મેળવી ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી માટે, ડિપ્લોમાની પરીક્ષામાં ૬૫ ટકા કે તેથી વધુ માર્કસ મેળવી ડીગ્રીના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી માટે છે. ૬ લાખ રૂપિયા સુધીની આવક મર્યાદા ધરાવતા વાલીઓના સંતાનોને આ ઉચ્ચ શિક્ષણ સહાય મળવાપાત્ર છે.

શ્રી કુબેરભાઈ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનામાં સહાયની રકમ કેવી રીતે ચૂકવાય છે અને સહાય આપવાની પ્રક્રિયા શું છે?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ ચાલતી આ યોજના સંપૂર્ણપણે પારદર્શી રીતે ચાલે છે અને હાલ અમલમાં છે, અરજી કરવાથી માંડીને ચૂકવણા સુધીનું સંપૂર્ણ કાર્ય ઓનલાઇન હાથ ધરવામાં આવે છે. એમ.વાય.એસ.વાય.નું એક પોર્ટલ બનાવવામાં આવ્યું છે એના ઉપર વિદ્યાર્થી અરજી કર્યા પછી એ પોતે પોતાની અરજી કયા સ્ટેજે છે એ પણ ઓનલાઇન જાણી શકે છે એટલે એ પણ સંપૂર્ણ પારદર્શિતા છે. આ અરજીઓ મોટાભાગે સમગ્ર વર્ષ દરમિયાન સ્વીકારવામાં આવતી હોય છે. ચાલુ વરસની જો વાત કરું તો તારીખ ૧૨–૧૦–૨૦૨૦થી અરજી સ્વીકારવાનું કામ શરૂ થયું છે અને છેલ્લી તારીખ ૩૦–૪–૨૦૨૧ સુધી જરૂર જણાયે એ આગળ પણ લંબાવવામાં આવશે. આ યોજના હેઠળ મળવાપાત્ર સહાય ડી.બી.ટી. એટલે કે ડાયરેક્ટ બેનિફીટ ટ્રાન્સફર દ્વારા એ વિદ્યાર્થીના આધારકાર્ડ સાથે જોડાયેલ હોય છે એના બેન્ક એકાઉન્ટમાં જમા કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત નોડલ એજન્સી તરીકે કે.સી.જી. છે. એટલે આના માટે કે.સી.જી.ની નિમણૂક કરવામાં આવેલ છે. સરકારના નેશનલ ઈન્ફર્મેટીક સેન્ટરના માર્ગદર્શન હેઠળ આ વેબ પોર્ટલ બનાવેલ છે, ઓનલાઇન અરજીઓ મંગાવી, વિદ્યાર્થીઓએ કરેલ અરજીઓની કે.સી.જી. દ્વારા ચકાસણી કરી સહાય મંજૂર કરવાની કાર્યવાહી સંબંધિત ખાતાના વડાઓ, કચેરીઓને મોકલવામાં આવે છે અને ત્યારબાદ છેલ્લે સહાયનું ચૂકવણું પણ કે.સી.જી. દ્વારા કરવામાં આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ૨૬૩૧૨ વિદ્યાર્થીઓને ૧૦૧.૯૦ કરોડ રૂપિયાની ઉચ્ચ શિક્ષણની સહાય આપી. આમાં આવક મર્યાદાનું ધોરણ જે રાખ્યું છે કે ૬ લાખ રૂપિયા છે,

## તારાંકિત પ્રશ્નો

માનનીય મુખ્યમંત્રીશ્રીનું પણ હું ધ્યાન દોરવા માગું છું કે, એસ.સી. અને એસ.ટી.ની અંદર જે આવક મર્યાદા છે એ ૪.૫૦ લાખ રૂપિયા રાખવામાં આવેલ છે એટલે કે બન્નેમાં વેરીએશન આવે છે. તો મારી વિનંતી છે કે જરાક ચેક કરાવશો અને એમાં પણ આવક મર્યાદા ૬ લાખ રૂપિયાની કરવામાં આવે. મારો પ્રશ્ન એટલો જ છે કે કેટલા વિદ્યાર્થીઓએ આ માટે અરજી કરી હતી અને આંકડાકીય માહિતીના આધારે માનો કે ૨૬૩૧૨ વિદ્યાર્થીઓ છે તો એક વિદ્યાર્થી પેટે કેટલી રકમ સરકાર દ્વારા એ લોકોને ચૂકવવામાં આવેલ છે?

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે તેના ઉત્તરમાં મારે જણાવવાનું કે અત્યાર સુધીની એમવાયએસવાયની જે યોજના છે તેમા આજ દિન સુધી એટલે તારીખ ૧૫-૩-૨૧ સુધીમાં જે પણ ચૂકવણી કરવામાં આવી છે તે ચૂકવણીની હું માહિતી આપું તો એ પણ આમા આપી શકાય તેમ છે પરંતુ આ જે ટેકનિકલનો પ્રશ્ન છે તો ટેકનિકલની અંદર પણ મારી પાસે એવી માહિતી છે કે ટેકનિકલની અંદર જે ડિગ્રીના વિદ્યાર્થીઓ છે તે વિદ્યાર્થીઓ ૫૨૬૧, ચૂકવેલ સહાય રૂપિયા ૧૮.૯૪ કરોડ, વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૦૬, ચૂકવેલ રકમ રૂપિયા ૩.૪ કરોડ એટલે કુલ વિદ્યાર્થીઓ ૬૨૬૭ આ પહેલાં વર્ષની વાત છે. વર્ષ ૨૦૧૫-૧૬ની વાત છે અને ચૂકવણી કરી છે રૂપિયા ૨૨.૩૫ કરોડ વર્ષ ૨૦૧૫, ૨૦૧૬, ૨૦૧૭, ૨૦૧૮, ૨૦૧૯, ૨૦૨૦ આ બધા જ વર્ષની મારી પાસે માહિતી છે માનનીય સભ્યશ્રી તે જાણવા માગતા હોય તો દરેક વર્ષની માહિતી આપી શકુ તેમ છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એટલી જ માહિતી લેવી છે કે ૨૬,૩૧૨ વિદ્યાર્થીઓને આપે સહાય કરી છે તો એક વિદ્યાર્થી દીઠ કેટલી સહાય ચૂકવવામાં આવી ? અને ટોટલ કેટલી અરજીઓ આવી ? એવરેજ જાણવી છે.

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, સહાયની પાત્રતા જે છે તે ટ્યુશન ફી સહાયની પાત્રતા છે તેમાં ..

અધ્યક્ષશ્રી : આ ટેબ્લેટ આપી રાખ્યું હોય તો વાંધો ના આવે એ એમની જાતે જ ગણી લે.

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, સ્નાતક કક્ષાએ મેડિકલ અને ડેન્ટલના સ્વનિર્ભર વિદ્યાર્થીઓ હોય તો તેને ટ્યુશન ફીના ૫૦ ટકા આપવામાં આવે છે અને મહત્તમ રૂપિયા ૨ લાખની મર્યાદામાં ચૂકવણી કરવામાં આવે છે. એવી જ રીતે સ્નાતક કક્ષાના ઈજનેરી ફાર્મસી અને આયુર્વેદિકના વિદ્યાર્થીઓ હોય.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, તેમનો સવાલ જુદો છે એટલે તેમને કહેજો કે ભાગાકાર કરી લે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનામાં વિશિષ્ટ સંજોગોમાં કોઇ છૂટછાટ આપવામાં આવે કે નહીં ? (અંતરાય)

અધ્યક્ષશ્રી : પછી છાપાવાળા લખશે કે તમે મોબાઇલ વાપરો છો, સામાન્ય રીતેકોરોનામાં મેં બધી છૂટ આપી છે.

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, આપણા સંવેદનશીલ મુખ્યમંત્રીએ માનવ જીવનના ચડાવ ઉતાર અને બદલાતી પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખી અને સમયે સમયે તેની અંદર સુધારા પણ કરવામાં આવ્યા છે. ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ મેળવતાં વિદ્યાર્થીઓને હંમેશા પ્રવેશના પ્રથમ વર્ષ સમયે જ વાલીની આવક ધ્યાનમાં લઇ એમવાયએસવાયનો લાભ આપવામાં આવે છે પરંતુ વિદ્યાર્થીના પરિવારના મુખ્ય કમાનારા વ્યકિતના અવસાનના કારણે સંબંધિત વિદ્યાર્થીના કિસ્સામાં મુખ્યમંત્રી સ્વાવલંબન યોજનાની શૈક્ષણિક, આર્થિક તથા અન્ય જોગવાઇઓ જો સંતોષાતી હોય તો વિદ્યાર્થીને તેના અભ્યાસક્રમના બાકીના સમયગાળા માટે પણ આ યોજનાનો લાભ આપવામાં આવે છે. એવી જ રીતે ગુજરાત રાજયના વતની હોય અને યુદ્ધ, આતંકવાદ, નકસલવાદના કારણોસર ભારતીય સેનાના કેન્દ્રીય કે રાજયના અર્ધ લશ્કરી દળોમાં ફરજ બજાવતા શહિદ થયેલ જવાનોના સંતાનોને અને ગુજરાત રાજયના કોવિડ-૧૯ની કામગીરીની ફરજ દરમિયાન એટલે કે કોરોના વોરિયર તરીકે કામ કરતા અવસાન પામ્યાં હોય એવા કર્મચારીઓના, કોર્પોરેશનના કર્મચારીઓ સહિતના સંતાનોને આવક મર્યાદા ધ્યાનમાં લીધા સિવાય આ યોજના અંતર્ગત દરમિયાન ડિપ્લોમાં સ્નાતક કક્ષાએ તેની સહાય ચૂકવવામાં આવે છે. તે ઉપરાંત જો વિદ્યાર્થીના વાલીની આવક કોઇ વખત એવું બને કે એક વર્ષ દરમિયાન તેમને કોઇ વીમાની મોટી રકમ મળી હોય અથવા તો એમને કોઇ જમીન, મકાન વેચી અને મોટી આવક થઇ હોય તો આવા વાલીની આવક સામાન્ય રીતે રૂપિયા ૬ લાખથી ઓછી હોય તેને જ લાભ આપવામાં આવે છે. પરંતુ એમવાયએસવાયમાં અરજી કરેલ હોય તે વર્ષમાં મિલકતના વેચાણ અથવા તો વીમાના કલેઇમ મળવાના કારણે આવક વધે તેવા કિસ્સામાં કોઇ એક વર્ષ પૂરતો આવકના હંગામી વધારાના કારણે જો આવક રૂપિયા ૬ લાખની મર્યાદાથી વધી જતી હોય અને તેની પણ મર્યાદા છે કે રૂપિયા ૧૧ લાખ સુધી થતી હોય તો એવી રૂપિયા ૫ લાખ વધારાની આવકને પણ આમા સમાવિષ્ટ કરી અને વિદ્યાર્થીને સહાય આપવામાં આવે છે.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, છેલ્લા બે વર્ષમાં યુવા સ્વાવલંબન યોજનામાં કેટલી ગ્રાન્ટની જોગવાઇ કરવામાં આવી છે અને એમાંથી કેટલા રૂપિયા વાપરવામાં આવ્યા? એમાં તમામ સેક્ટરમાં કુલ કેટલી અરજીઓ મળી અને કેટલી નામંજૂર થઇ?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, એમ.વાય.એસ.વાય.ની વાત કરું તો અત્યાર સુધીમાં જે સહાય ચૂકવી છે એની રકમ, વિદ્યાર્થીઓની સંખ્યા પણ મારી પાસે છે અને નામંજૂર થયેલ અરજીઓની સંખ્યા પણ મારી પાસે છે. કુલ સંખ્યા

૪૧૧૬ છે અને ચૂકવેલ સહાયની રકમ રૂપિયા ૧૪૯.૫૧ કરોડ છે. વિદ્યાર્થીઓની સંખ્યા ૭૭૩૫ છે અને ચૂકવેલ રકમ રૂપિયા ૨૭.૯૪ કરોડ છે. આમ, કુલ વિદ્યાર્થીઓ ૪૭૮૫૧ છે અને કુલ ચૂકવેલ રકમ રૂપિયા ૧૭૭.૪૫ કરોડ છે.

અધ્યક્ષશ્રી : માનનીય ગુલાબસિંહ, આપ હવે દેખાતા થયા છો. કારણ કે, ચારેય ગેલેરીમાં લાઇટ વધારી છે. પત્રકાર ગેલેરીમાં બે લાઇટ હતી એ ઓછી હતી એટલે આ ચાર રજાઓમાં લાઇટ વધારી. એક શાંતિનું દૂત કબૂતર ક્યાંકથી આવી ગયું છે. તો એકદમ ઉડીને આવે તો આપ કોઇ ગભરાઇ ન જતાં.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જ્યારે આ યોજના વર્ષ ૨૦૧૫માં લાગુ કરવામાં આવી ત્યારે કૉલેજમાં વિદ્યાર્થીદીઠ ફીનું ધોરણ શું હતું અને ત્યારબાદ ફીના ધોરણમાં કોઇ વધારો કરવામાં આવ્યો છે કે નહિ અને જો વધારો કરવામાં આવ્યો હોય તો આ યોજનામાં વિદ્યાર્થીદીઠ સહાયમાં પણ વધારો કરવામાં આવ્યો છે કે કેમ?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, આ સહાય સેલ્ફ ફાયનાન્સ કૉલેજના વિદ્યાર્થીઓને આપવાની થતી હોય છે. એમાં નિયંત્રણ માટે સરકારશ્રી દ્વારા એક કમિટી નક્કી કરી છે. એ કમિટી જે પ્રમાણે નક્કી કરે એ પ્રમાણે વધારો કરવામાં આવે છે. એમાં ૫૦ ટકાનું જે ધોરણ છે એ અને મહત્તમ મર્યાદાને ધ્યાનમાં રાખીને સહાય ચૂકવવામાં આવે છે.

## કચ્છ જિલ્લા ખાતે ખાસ કોર્ટની મંજૂરી

* ૩૪૯૮૩ **શ્રીમતી માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઇઝડ ક્રાઇમ એક્ટ, ૨૦૧૫ના અધિનિયમ હેઠળના કેસો ઝડપથી ચલાવવા કચ્છ જિલ્લા ખાતે ખાસ કોર્ટની સ્થાપના કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ ખાસ કોર્ટ ક્યારથી કાર્યરત કરવામાં આવેલ છે? | (૨) કાયદા વિભાગ દ્વારા આ ખાસ કોર્ટ તા.૧૯–૦૯–૨૦૨૦ની અધિસૂચનાથી કાર્યરત કરવામાં આવેલ છે. |

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં કાયદા અને વ્યવસ્થા માટે એક પ્રબળ નેતૃત્ત્વ આપણા મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને ગૃહમંત્રીશ્રી દ્વારા થાય છે ત્યારે એમને ખૂબ–ખૂબ અભિનંદન આપું છું અને આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઇઝડ ક્રાઇમ એક્ટનો આ કાયદો બનાવવાની આવશ્યકતા શા માટે ઊભી કરવામાં આવી છે અને કચ્છ ખાતે આ કાયદા માટે સ્પેશિયલ કોર્ટ કાર્યરત થવાથી શું ફાયદો થશે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એક વિકસીત અને સમૃદ્ધ રાજ્ય છે અને માનનીય મુખ્યમંત્રી તરીકે માનનીય નરેન્દ્રભાઇ મોદી હતા એ વખતથી આજ દિન સુધી ગુજરાતે કરેલ વિકાસની પરિસ્થિતિ અને ૧૬૦૦ કિ.મી. લાંબો દરિયાકાંઠો, અનેક વાઇટલ ઇન્સ્ટોલેશન દરિયાકાંઠા પર આવેલ છે. અનેક ધાર્મિક શ્રદ્ધા અને આસ્થાના કેન્દ્રો પણ આવેલ છે. માછીમારીના વ્યવસાય સાથે મોટી સંખ્યામાં લોકો જોડાયેલા છે. આવા આપણા ગુજરાતની શાંતિ–સલામતિ અને સમૃદ્ધિ માટે વર્ષ ૨૦૦૪થી આપણે પ્રયત્ન કરતા હતા. હવે આપણને રાષ્ટ્રપતિ દ્વારા એ GujCTocના કાયદાની મંજૂરી મળી છે અને ખાસ કરીને કચ્છ એ ૪૫,૦૦૦ ચોરસ કિ.મી. વિસ્તારવાળો બહુમૂલ એરિયા છે. ભૂતકાળમાં કચ્છમાં સરહદ ઉપરથી અનેક પ્રકારની ગતિવિધિઓ ચાલતી હતી. ત્યાં લશ્કરી થાણાના એકમો છે. ત્યાં જાસૂસી પ્રક્રિયા અથવા ઘૂષણખોરો બોર્ડરમાંથી ઘૂસી અને અહીંયા કોઇ અરાજકતા ફેલાવે એવી પણ પૂરતી સંભાવનાઓ હતી.

અધ્યક્ષશ્રી : માનનીય મોહનસિંહજી, આપ માસ્ક પહેરી લો. આપ છીંકો ખાઇ રહ્યા છો અને આપને અનુકૂળતા ન હોય તો આપ બહાર પણ બેસી શકશો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ચેક કરાવવું હોય તો ચેક પણ કરાવી લેજો.

અધ્યક્ષશ્રી : એમાં કશું ખોટું નથી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, નાર્કોટિક ડ્રગ્સ કે કાંઇ પણ આપણી સરહદ પર ઘુસવામાં એ સફળ ન બને. આ પ્રમાણે આવા જુદા–જુદા આશયોથી રાજ્યની શાંતિ, સલામતી અને સુરક્ષા નિયંત્રિત થઈ શકે તે માટે આ કાયદો લાવવામાં આવ્યો છે. ખાસ કરીને કચ્છમાં આ કાયદાના કારણે સ્પેશિયલ કોર્ટ બનશે અને સ્પેશિયલ પબ્લિક પ્રોસીક્યુટર થશે. આથી કેસ ઝડપથી ડિસ્પોઝલ થવાના કારણે ફાયદો થશે.

અધ્યક્ષશ્રી : કોઇને પૂછવાનું નથી?

## દાહોદ જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના

* ૩૫૦૧૫ **શ્રી રમેશભાઇ કટારા**(ફતેપૂરા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

## તા. ૧૫મી માર્ચ ૨૦૨૧
## તારાંકિત પ્રશ્નો

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા |
| (૨) જો હા, તો ઉક્ત યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ મળેલ છે? | (૨) ઉક્ત યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૪૯૫(ચારસો પંચાણું) લાભાર્થીઓને લાભ મળેલ છે. |

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર લાભાર્થીઓની સંખ્યા કેટલી છે અને લાભની રકમની વિગતો શું છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકાર એ ગુજરાતના આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે કટિબધ્ધ રીતે કામ કરતી સરકાર છે. વિશેષ કરીને અમારી આદિવાસી બહેનોને આત્મનિર્ભર અને સુખી બનાવવા માટે આ સંપૂર્ણ યોજના છે. માનનીય સભ્યશ્રીનો જે પ્રશ્ન છે એ દાહોદ જિલ્લામાં તાલુકાવાર લાભાર્થીઓ અને ખર્ચની વિગતો આ પ્રમાણે છે.

છેલ્લાં બે વર્ષમાં લીમખેડા તાલુકામાં ૧૧૮ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે અને એની પાછળ રૂપિયા ૩૮ લાખ ૯૬ હજારનો ખર્ચ કરવામાં આવેલ છે. સંજેલી તાલુકામાં ૬૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે અને એની પાછળ રૂપિયા ૧૯ લાખ ૪૪ હજારનો ખર્ચ કરવામાં આવેલ છે. ઝાલોદ તાલુકામાં ૧૭૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે અને એની પાછળ રૂપિયા ૫૭ લાખ ૭૧ હજારનો ખર્ચ કરવામાં આવેલ છે. દેવગઢ બારિયા તાલુકામાં ૬૧ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે અને એની પાછળ રૂપિયા ૧૯ લાખ ૭૬ હજારનો ખર્ચ કરવામાં આવેલ છે. દાહોદ તાલુકામાં ૧૮૨ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે અને એની પાછળ રૂપિયા ૫૮ લાખ ૯૭ હજારનો ખર્ચ કરવામાં આવેલ છે. ફતેપુર તાલુકામાં ૧૮૩ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે અને એની પાછળ રૂપિયા ૫૯ લાખ ૨૯ હજારનો ખર્ચ કરવામાં આવેલ છે. ગરબાડા તાલુકામાં ૧૬૬ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે અને એની પાછળ રૂપિયા ૫૩ લાખ ૭૮ હજારનો ખર્ચ કરવામાં આવેલ છે. દાનપુર તાલુકામાં ૫૪ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે અને એની પાછળ રૂપિયા ૧૭ લાખ ૦૫ હજારનો ખર્ચ કરવામાં આવેલ છે. સીંગવડ તાલુકામાં ૪૮ જેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે અને એની પાછળ રૂપિયા ૧૫ લાખ ૫૫ હજારનો ખર્ચ કરવામાં આવેલ છે. આમ, બંને વર્ષનો સરવાળો કરીએ તો કુલ ૧૦૪૯ લાભાર્થીઓની સંખ્યા છે અને કુલ રૂપિયા ૩ કરોડ ૪૦ લાખ ૯૬ હજાર રૂપિયા જેટલો ખર્ચ કરવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મોહનસિંહજી, આપ માસ્ક પહેરી લો ને. આપ ભૂલી જાઓ છો.

શ્રી જીગ્નેશકુમાર અં. સેવક : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, દાહોદ જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજનાના લાભ મળવાથી લાભાર્થીઓને થયેલ ફાયદાની વિગતો શું છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ લાભ મોટાભાગે અમે આદિવાસી બહેનોને આપીએ છીએ. જેના કારણે એમના કુટુંબની આવકમાં પણ વધારો થાય છે. દાહોદ જિલ્લામાંથી સ્થળાંતરિત પણ આના કારણે ઓછું થાય છે અને દૂધ સંઘને આ દૂધ જતું હોવાથી દૂધ ઉત્પાદકોને યોગ્ય કિંમત મળે છે અને લાભાર્થીના કુટુંબના જીવન ધોરણમાં પણ સુધારો થતો હોય છે. આ યોજનાના કારણે સ્થાનિકોને બહાર જવાના બદલે પોતાના ગામમાં જ રોજગારી મળે છે.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, દાહોદ તાલુકામાં સંકલિત ડેરી વિકાસ યોજનામાં કયા પ્રકારના લાભાર્થીઓને લાભ મળે છે અને છેલ્લા બે વર્ષમાં દાહોદ તાલુકામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે? ૪૯૫ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, તેની સામે કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી,દાહોદ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં ૧૮૨ જેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલછે, અને તેની પાછળ રૂ. ૫૮,૯૭,૦૦૦/- નો ખર્ચ કરવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય અભેસિંહભાઇ.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે, દાહોદ જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ દૂધાળા પશુઓની યુનિટ કોસ્ટમાં રાજય સરકાર દ્વારા કોઇ વધારો કરવામાં આવેલ છે કે કેમ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલનનો જે વ્યવસાય છે, એ ખેતીની સાથે સાથે પૂરક રોજગારી અને આવક પણ પૂરી પાડતો આ વ્યવસાય છે ત્યારે વર્ષ ૨૦૧૩-૨૦૧૪ સુધી એક જાનવરની કિંમત, પશુની કિંમત રૂ. ૩૯,૪૦૦/- યુનિટ કોસ્ટ હતી, પરંતુ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે એમાં સુધારો કર્યો અને આદિજાતિ વિકાસ નિગમની લોન રૂ.૨૦,૦૦૦/- અને ભારત સરકારની સબસિડી રૂ. ૧૭,૪૦૦/-અને લાભાર્થીએ રૂ. ૨૦૦૦/- ભરી, આમ,

કુલ રૂ. ૩૯,૪૦૦/–ની જે યોજના હતી, એમાં અમે સુધારો કરીને વર્ષ ૨૦૧૪–૧૫થી રાજય સરકારે પોતાના રૂ. ૧૫,૦૦૦/– આ યુનિટ કોસ્ટમાં વધારો કર્યો છે એટલે એક યુનિટ કોસ્ટની કિંમત રૂ. ૫૪,૪૦૦/– થાય છે.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ,

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં ૯ તાલુકાની આંકડાકીય માહિતી સભાગૃહને આપી, એ પ્રમાણે ૧૦૪૯ લાભાર્થીઓ થાય છે. વિધાનસભાની આ બુકલેટમાં વિભાગ દ્વારા જે જવાબ આપવામાં આવ્યો છે, એમાં એની સંખ્યા ૪૯૫ થાય છે. એટલે પહેલું તો માનનીય મંત્રીશ્રી આ માટે એક ચોખવટ કરે કે, બંનેમાં વેરીએશન કેમ આવે છે? ૧૦૪૯ આપ જવાબ આપો છો અને આપના પત્રકમાં ૪૯૫ નો જવાબ છે અને આપે જે રીતે કીધું કે લગભગ રૂપિયા ૩,૪૦,૯૬,૦૦૦/– ની રકમની સહાય કરી છે. ૧૦૪૯ના લાભાર્થી પ્રમાણે ગણીએ તો એ જે રકમ થાય છે. રૂ. ૩૨,૫૦૦/– થાય છે અને આપ રૂ. ૫૦,૦૦૦/– સમથીંગ કહો છો, તો એ બંનેના વેરીએશન અંગેનો જવાબ આપશો.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે જવાબ છપાયો છે તે તા. ૩૧.૧૨.૨૦૨૦ ની સ્થિતિએ છે અને જાન્યુઆરી, ફેબ્રુઆરીમાં અન્ય પશુઓ આપી દેવામાં આવેલ છે એટલે આ જવાબમાં એનો સમાવેશ નથી પણ આ જવાબ તા. ૩૧.૧૨.૨૦૨૦નો છે એટલે આપને વિગતવાર જણાવું તો તા. ૩૧.૧૨.૨૦૨૦ની સ્થિતિએ ૪૯૫ને લાભ આપવામાં આવેલ હતો અને જાન્યુઆરી, ફેબ્રુઆરીમાં ૪૯૬ લોકોને, અન્ય લોકોને પણ લાભ આપી દેવામાં આવેલ છે. એટલે આંકડો આટલો વધે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : રકમનું વેરીએશન જુઓ,

શ્રી ગણપતસિંહ વે. વસાવા : રકમનું વેરીએશન બરાબર છે. આપ ગણી જુઓ, રૂ. ૫૪,૪૦૦/– લેખે, કારણ કે આ સુધારેલી યુનિટ કોસ્ટ છે.

અધ્યક્ષશ્રી : આપનો જવાબ સાચો છે, એટલું કહો ને તો આગળ ચાલે.

શ્રી શૈલેષ મ. પરમાર :રૂ.૩,૪૦,૯૬,૦૦૦/– ની એમને સહાય કરી છે. મંત્રીશ્રીએ જવાબમાં કીધું છે, ૧૦૪૯ એના પ્રમાણે આપણે ભાગ્યા કરીએ એટલે રૂ. ૩૨,૫૦૩/– થાય છે. મંત્રીશ્રી પચાસ ઉપરની રકમ કહે છે, એટલે વેરીએશન કેટલું છે એટલું હું મંત્રીશ્રીને પૂછું છું.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : રૂ. ૫૪,૪૦૦ યુનિટ કોસ્ટ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે રકમ આપી છે એ રકમના આધિન તમે ગણો તો રૂ. ૫૪,૦૦૦/– નથી થતા, રૂ. ૩૨,૫૦૦/– જ થાય છે, લાભાર્થી દીઠ એક જણના ગણો તમે તો રૂ. ૩૨,૫૦૦/– જ થાય છે.

અધ્યક્ષશ્રી : એમને ઓછા–વત્તા આપ્યા છે, એમનો કહેવાનો ભાવાર્થ એવો છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ભારત સરકારની સહાય, આ સહાયનો આંકડો છે. ભારત સરકારની સહાય રૂ. ૧૭ ૪૦૦/– અને ગુજરાત સરકારની સહાય રૂ. ૧૫,૦૦૦/– છે. એટલે આ રૂ.૩૨,૪૦૦/– થાય છે.

## આણંદ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ

* ૩૩૯૫૪ **શ્રી કાંતિભાઇ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ આણંદ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, | (૧) આણંદ જિલ્લામાં – ૧૯૯૩ આંગણવાડીઓ. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં – ૬૯૧ આંગણવાડીઓ. |
| (૨) ઉક્ત જિલ્લાવાર કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે, | (૨) આણંદ જિલ્લામાં – ૧૪૮૮ આંગણવાડીઓને. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં–૫૫૯ આંગણવાડીઓને. |
| (૩) ઉક્ત પૈકી કેટલી આંગણવાડીઓ ભાડાના મકાન કે અન્ય જગ્યાએ ચાલે છે, અને | (૩) આણંદ જિલ્લામાં – ૫૦૫ આંગણવાડીઓ. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં – ૧૩૨ આંગણવાડીઓ. |
| (૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત પૈકી જે આંગણવાડીઓને પોતાનું મકાન નથી તેમને સત્વરે મકાન આપવા સરકારે શાં પગલાં લીધાં? | (૪) આંગણવાડી માટે જમીન મળ્યેથી વિવિધ સરકારી યોજનાઓ અંતર્ગત બાંધકામ માટેની કામગીરી હાથ ધરવામાં આવે છે. |

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, આણંદ અને દેવભૂમિ દ્વારકામાં કેટલી આંગણવાડીઓના મકાનો નથી અને જે આંગણવાડીઓના પોતાના મકાનો નથી એના માટે જમીન કયારે ઉપલબ્ધ થશે અને સરકાર એ બાબતે શું કરવા માગે છે?

## તા. ૧૫મી માર્ચ ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાં જે આપ્યું છે એ પ્રમાણે હું જણાવું તો દેવભૂમિ દ્વારકાની અંદર આંગણવાડીના પોતાના મકાન હોય તેવી ૮૧ ટકા આંગણવાડીઓ છે જે પોતાના મકાનમાં બેસે છે. ૧૧ ટકા આંગણવાડીઓ ભાડાના મકાનમાં બેસે છે, ૮ ટકા આંગણવાડી એવી છે કે જે અન્ય મકાનમાં બેસે છે. આણંદની વાત કરું તો ૭૪.૬૭ ટકા આંગણવાડીઓ પોતાના મકાનમાં બેસે છે, ૧૬.૬૫ ટકા આંગણવાડીઓ ભાડાના મકાનમાં બેસે છે અને ૮.૬૮ ટકા અન્ય મકાનોમાં બેસે છે. અન્ય મકાનો એટલે કે શાળાના મકાનમાં બેસતી હોય, પંચાયતના મકાનમાં બેસતી હોય, કોમ્યુનિટી હોલમાં બેસતી હોય, સરકારી કોઇ અન્ય મકાનમાં બેસતી હોય તેવી. અને અત્યારે જે આંગણવાડીઓ બનાવવાની કામગીરી ચાલુ છે એમાં જમીન ઉપલબ્ધ થાય એટલે આંગણવાડીની કામગીરી શરૂ કરીશું અને જે પણ આંગણવાડીના મકાનો ઉપલબ્ધ છે એની વહીવટી અને તાંત્રિક મંજૂરી આપ્યા પછી ટેન્ડરીંગની પ્રક્રિયા પણ પૂર્ણ થવામાં છે અને થોડીક આંગણવાડી બની ગઇ છે અને બાકીની બની જશે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે સંખ્યા બતાવી એ મુજબ આણંદમાં ૫૦૫ આંગણવાડીને પોતાના મકાનો નથી અને દેવભૂમિ દ્વારકામાં ૧૩૨ આંગણવાડીઓને પોતાના મકાન નથી. મારે માનનીય મંત્રીશ્રી પાસે એટલું જ જાણવું છે કે છેલ્લા બે વર્ષમાં કેટલા નવા મકાન મંજૂર કરવામાં આવ્યા એમાંથી કેટલા પૂર્ણ થયા અને કેટલા બાકી છે અને જે બાકી છે એમાં જમીન નહીં હોવાને કારણે કેટલા બાકી છે? અને બીજો એક પ્રશ્ન ખાસ કરીને નગરપાલિકા વિસ્તારમાં અને અમુક ગામડાં વિસ્તારમાં એ થાય છે કે આંગણવાડી જે વિસ્તારની હોય તે વિસ્તારમાં સરકારી જમીન નહીં હોવાને કારણે સંપાદિત કરીને જમીન આપવાનો પ્રશ્ન આવે ત્યારે એને દૂરના વિસ્તારમાં જમીન આપવામાં આવે છે એટલે બાળકોને દૂર સુધી જવું પડે છે. તેથી મારે સરકાર પાસે એટલું જ જાણવું છે કે આપણે જે તે વિસ્તારમાં ખાનગી જમીન સંપાદિત કરીને અથવા બજાર ભાવે જમીન ખરીદીને એ વિસ્તારમાં જ આંગણવાડી બને તેવી કોઇ નીતિ બનાવવા માગો છો કે કેમ?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે પહેલો પ્રશ્ન પુછ્યો એમાં આણંદ જિલ્લાની વાત કરું તો આણંદ જિલ્લાની અંદર તાલુકાવાઇઝ પણ મારી પાસે માહિતી છે પરંતુ સભ્યશ્રીએ જિલ્લાની જ વાત કરી છે તો અત્યારે ત્યાં આંગણવાડીના ૧૯૯૩ સેન્ટરો કાર્યરત છે, એમાંથી પોતાના મકાન હોય એવી ૧૪૮૮ આંગણવાડીઓ છે. એટલે ૭૪.૬૭ ટકા, ભાડાના મકાનમાં બેસતી હોય તેવી ૩૩૨ એટલે કે ૧૬.૬૫ ટકા, અન્ય જગ્યાએ બેસતી હોય તેવી ૧૭૩ એટલે કે ૮.૬૮ ટકા છે. એવી જ રીતે દેવભૂમિ દ્વારકાની વાત કરું તો દેવભૂમિ દ્વારકામાં પણ કુલ આંગણવાડી જે કાર્યરત છે એ ૬૯૧ છે.

અધ્યક્ષશ્રી : આપને કોઇ પ્રશ્ન હોય તો બોલો. માનનીય અમિતભાઇ, ઉભા થાવને.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, બાકી સંખ્યા તો મંત્રીશ્રીએ આપેલી જ છે, ૫૦૫ અને ૧૩૨ આંગણવાડીઓના મકાન નથી, છેલ્લા બે વર્ષમાં આપણે મંજૂર કેટલી આંગણવાડીઓના મકાનો કર્યા અને એમાંથી પૂરા કેટલા થયા અને કેટલા બાકી છે? અને જમીન નહીં હોવાને કારણે કેટલી આંગણવાડીઓના મકાનના કામ શરૂ નથી થઇ શકયા?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષની વાત કરે છે, પણ છેલ્લા વર્ષે કોરોનાને કારણે આપણે બધી પ્રવૃત્તિઓ સ્થગિત રાખેલી હોવાથી હું છેલ્લા એક વર્ષની માહિતી તો નહીં આપી શકું પરંતુ અગાઉની જે માહિતી છે એ પ્રમાણે જો વાત કરું તો જમીન ઉપલબ્ધ હોય એવી આણંદ જિલ્લાની અંદર...

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મેં એમ પૂછ્યું છે કે બે વર્ષમાં કેટલી આંગણવાડી મંજૂર કરી? ન કરી હોય તો ના પાડે કે બે વર્ષમાં એક પણ નવી આંગણવાડી મકાન બનાવવાની મંજૂર કરી નથી, અને જો મંજૂર કરી હોય તો પૂર્ણ કેટલી થઇ અને બાકી કેટલી છે? અને બાકી છે તો જમીનના પ્રશ્નને કારણે કેટલી બાકી છે?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, જે આંગણવાડીના મકાનની વાત કરી એમાં આણંદ જિલ્લામાં ૧૭૫ની વાત છે એમાંથી ૨૫ તો શાળામાં બેસે છે અને આપણી જે નવી નીતિ આવી છે તે પ્રમાણે આંગણવાડીના બાળકોને શાળાના (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, પહેલા મારો પૂરો જવાબ સાંભળી લે પછી જે પૂછવું હોય તે પૂછે.

અધ્યક્ષશ્રી : ના, ના, આ જવાબ નથી બહેન, માનનીય મંત્રીશ્રી બહુ ટૂંકો પ્રશ્ન છે, બે વર્ષની અંદર કેટલી આંગણવાડી બાંધી, નથી બાંધી તો કંઇ વાંધો નહીં, આટલો જવાબ હોય તો આપો. માનનીય મંત્રીશ્રી ટૂંકો પ્રશ્ન છે. બે વર્ષની અંદર કેટલી આંગણવાડી બાંધી?ન બાંધી હોય તો કંઇ વાંધો નહિ.

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષની અંદર જમીન ઉપલબ્ધ થઇ હોય તેવી ૨૦ આંગણવાડીઓ દેવભૂમિ દ્વારકામાં ફાળવી છે એનીમંજૂરીની પ્રક્રિયા ચાલુ છે. એવી જ રીતે વર્ષ ૨૦૨૦-૨૧માં પાંચ આંગણવાડીને જમીન ઉપલબ્ધ થઇ છે એની કાર્યવાહી ચાલુ છે. એવી જ રીતે આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૯-૨૦માં ૪૭ આંગણવાડીના મકાન ઉપલબ્ધ બન્યા છે અને વર્ષ ૨૦૨૦-૨૧માં ૫૦ આંગણવાડીના મકાન ઉપલબ્ધ બન્યા છે. એની વહીવટી પ્રક્રિયા એટલે કે મંજૂરી આપી દીધી હોય તેવા વર્ષ ૨૦૧૯-૨૦માં ૨૨ અને વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૧ છે. તાંત્રિક મંજૂર આપી દીધી હોય તેવી વર્ષ ૨૦૧૯-૨૦માં ૨૨ અને વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૦. ટેન્ડર મંજૂર થયેલ હોય તેવી વર્ષ ૨૦૧૯-૨૦માં ૨૨ અને વર્ષ ૨૦૨૦-૨૧માં ૮, બાંધકામ પ્રગતિમાં હોય તેવી વર્ષ ૨૦૧૯-૨૦માં એક અને બાંધકામ પૂર્ણ થયું હોય તેવી વર્ષ ૨૦૧૯-૨૦માં ૨૧ અને મેં તમને કહ્યું તેમ વર્ષ ૨૦૨૦-૨૧ના વર્ષમાં કોરોનાના હિસાબે થયેલ નથી.

ફાલ્ગુન ૨૪, ૧૯૪૨ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે એક આંગણવાડી કેન્દ્ર બનાવવા માટે નિયમ મુજબ ઓછામાં ઓછી કેટલી જમીન જરૂરી છે. તેમજ નક્કી કરવામાં આવેલી ડિઝાઇન મુજબ નવા આંગણવાડી કેન્દ્રના બાંધકામ માટે નાણાકીય જોગવાઇ શું કરવામાં આવે છે?

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડી બનાવવાની છે એમાં જમીન બાબતની વાત કરું તો રાજય સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ નંદઘર ટાઇપ મુજબની આંગણવાડી બનાવવાની હોય એમાં ઓછામાં ઓછી ૪૭.૪૫ ચોરસ મીટર જમીન જરૂરી હોય છે. આંગણવાડી કેન્દ્રનું બાંધકામ કરવા માટે મનરેગા હેઠળ કરવામાં આવે છે તેમાં એક આંગણવાડીનો ખર્ચ ૭ લાખ રૂપિયા થાય છે. પાંચ લાખ રૂપિયા મનરેગામાં અને બે લાખ રૂપિયા સરકાર દ્વારા એટલે મહિલા બાળ વિકાસ વિભાગ દ્વારા નાણાકીય જોગવાઇ કરવામાં આવે છે એના માટે થઇને ૬૦ જેમ ૪૦ એટલે કે રૂપિયા બે લાખમાંથી કેન્દ્ર સરકાર રૂપિયા એક લાખ અને રાજય સરકાર રૂપિયા એક લાખ ભોગવે છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે કેઆંગણવાડીઓ ભાડેથી ચાલે છે. બીજા પ્રશ્નો પણ આ બૂકમાં છપાયા છે ત્યારે હું કહેવા માગું છું કે જે ભાડે ચાલે છે ત્યાં સરકારી મિલકતો અવેલેબલ છે. શહેરમાં પણ છે અને ગામડામાં પણ છે. પરંતુ સંચાલન કરતાંજે આંગણવાડી સંચાલકો છે એ પોતાને ભાડું વ્યકિતગત મળે તેવા કારણોસર સરકારી મિલકતમાં બદલવા માગતા નથી. તો જયાં ઉપલબ્ધ છે ત્યાં બદલવા માગે છે કે કેમ?

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, ચોક્કસ અમને આવીકોઇ જાણ કરવામાં આવશે કે અહીંયા ભાડાથી ચાલે છે અને એના નજીકમાં કોઇ સરકારી મકાન હશે તો કરીશું. સભ્યશ્રી જાણ કરશે તો ચોક્કસ કરીશું.

અધ્યક્ષશ્રી :સભ્યશ્રી નથી કહેતા આ જનરલ સવાલ છે.

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, અમે તપાસ કરાવીશું. નજીકમાં કોઇ સરકારી જગ્યા ઉપલબ્ધ હશે તો ચોક્કસ કરાવીશું. અમે ધ્યાન ઉપર લીધું છે નજીકમાં સરકારી જગ્યા હશે તો અમે ત્યાં ફેરવી આપીશું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કેઆણંદ જિલ્લો અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વસતિના ધોરણે કેટલી આંગણવાડી મળવાપાત્ર છે અને એની સામે અત્યારે કેટલી ચાલે છે અને કેટલી આ બંને જિલ્લામાં ઘટ છે અને જે ઘટ છે તો એ કેટલા સમયમાં આપણે મંજૂર કરવા માગીએ છીએ?

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડી વસતિના ધોરણે ફાળવવાની હોય છે અત્યારે પૂરતી આંગણવાડીઓ છે જ પરંતુ છેલ્લે કેન્દ્ર સરકારે એવું નક્કી કરેલ છે કે આપણે રી–એલોકેશન કરીને આંગણવાડીના કેન્દ્રની ફાળવણી કરવાની છે એટલે આપને કદાચ એવું લાગતું હોય કે રી–એલોકેશન કરવાની જરૂર છે તો ત્યાં એ કરીને અમે કામગીરી હાથ ધરીશું. મારે તમામ સભ્યશ્રીઓને એ પણ જણાવવું છે કે બધા જ સભ્યોએ આંગણવાડીના મકાનની ચિંતા સરસ કરી છે મને ગમ્યું કે બધાએ મકાનની ચિંતા કરી છે પરંતુ સરકારશ્રી દ્વારા મનરેગા, નાણા પંચ, ખાણ ખનીજ અને ટ્રાયબલ પ્લાનમાંથી આંગણવાડીઓ બનતી હોય છે. માનનીય ધારાસભ્યશ્રી પોતાની ગ્રાન્ટમાંથી પણ આપણા મુખ્યમંત્રીશ્રીએ તારીખ ૧૧–૬–૨૦૦૮થી ઠરાવ કરીને ધારાસભ્યશ્રીની ગ્રાન્ટ છે એમાં રૂપિયા પાંચ લાખની લિમિટ છે એમાં આંગણવાડીનું મકાન બનાવવા માટે થઇને લિમિટમાં વધારો કરીને સાત લાખ રૂપિયા સુધી ફાળવી શકે છે. જરૂર એવું લાગતું હોય તો ચોક્કસ આ બાબતમાં ગ્રાન્ટ ફાળવે તો અમે કરીશું.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે આંગણવાડીના મકાનો બને છે તેમાં દેવભૂમિ દ્વારકામાં રીલાયન્સ ગ્રામ વિકાસ ટ્રસ્ટ દ્વારા કોઇ આંગણવાડી કેન્દ્ર બનાવવામાં આવ્યું છે કે કેમ? હા કે ના?

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, એવું અમારા ધ્યાનમાં નથી. તપાસ કરાવીને જાણ કરીશું.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પાછલા વર્ષોમાં સુરેન્દ્રનગર જિલ્લામાં સ્માર્ટ આંગણવાડીના નામે કૌભાંડ થયું હોવાની રજૂઆતો મળી છે. તો આવા જ કૌભાંડો અન્ય જિલ્લામાં કે રાજ્ય કક્ષાએ થયેલા છે કે કેમ? એવી કોઇ રજૂઆત મળી છે કે કેમ અને ન મળી હોય તો મારી અત્યારની રજૂઆતને ધ્યાનમાં રાખીને તેની તપાસ કરાવવા માગો છો કે કેમ?

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ વાત કરી છે તેને ધ્યાન ઉપર લઇશું અનેઆવતા દિવસોમાં એવું કંઇ હશે અથવા તો થયું હશે તો તેને ચોક્કસ ગંભીરતાથી લેવામાં આવશે.

શ્રી જશુભાઇ શી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તાર અરવલ્લી જિલ્લાની અંદર ડી.આર.ડી.એ. મારફત આંગણવાડીના બાંધકામ થયા છે એવું મારા ધ્યાન ઉપર આવ્યું છે. જિલ્લાની મટિરિયલ કોમ્પોનન્ટના ૪૦ ટકા લોકોના કામ થવા જોઇએ તેના બદલે આંગણવાડીના મકાન બનાવ્યા છે. તો આ વાત સાચી છે કે કેમ? અને આવા પૈસા બાળકલ્યાણમાંથી ફાળવવાને બદલે માત્રને માત્ર ડી.આર.ડી.એ.માંથી ૧૦૦ ટકા બાંધકામ કરવામાં આવ્યું છે એવી માહિતી મળી છે. આ બાબતે માનનીય મંત્રીશ્રી જણાવે.

અધ્યક્ષશ્રી : કયા વિસ્તારનું પૂછે છે?

શ્રી જશુભાઇ શી. પટેલ : બાયડ–માલપુર.

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે જે બાબત ધ્યાન ઉપર મૂકી છે, તેના ઉપર જોઇ ચકાસીને યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

તા. ૧૫મી માર્ચ ૨૦૨૧

તારાંકિત પ્રશ્નો

**મહેસાણા જિલ્લામાં સતલાસણા ખાતે નવી કોર્ટ બિલ્ડિંગની મંજૂરી**

* ૩૪૯૭૦ **શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં સતલાસણા ખાતે નવી કોર્ટ બિલ્ડિંગના બાંધકામના કામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત પેટે કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ.૫૫૦.૬૨ લાખની તા.૦૮–૧૧–૨૦૧૯ના રોજ ઠરાવ ક્રમાંકઃ સીસીબી/૧૦૨૦૧૯/સી–૩૧૪/ગ–૧ થી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) કામગીરી હાલમાં ગ્રાઉન્ડ ફ્લોરના સ્લેબ લેવલે પ્રગતિમાં છે. |

શ્રી રમણભાઇ ધુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે સતલાસણા ખાતે નવી કોર્ટ બિલ્ડીંગ બનાવવાની આવશ્યકતા કેમ ઉભી થઇ અને તેનાથી શું ફાયદો થનાર છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આખા રાજ્યમાં તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ જુદી જદી ન્યાયિક પ્રક્રિયા માટેના ઇન્ફ્રાસ્ટ્રક્ચરની આવશ્યકતા હોય છે. અગાઉ આપણી પાસે પૂરતું બજેટ નહોતું, જેના કારણે તમામ પોતાના મકાનમાં નહોતી. ક્યાંક ભાડાના મકાનમાં આ પ્રકારની કોર્ટો ચાલતી હતી. રાજ્ય સરકારે કાયદા વિભાગને અને કાયદા વિભાગના આનુષંગિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરને અગ્રીમતા આપી છે. એટલે સતલાસણા ખાતે જે કોર્ટ બિલ્ડીંગ હતું એ ભાડાના મકાનમાં બેસતું હતું અને ભાડાના મકાનમાં બેસવાના કારણે જગ્યાનો ખૂબ અભાવ હતો. તેના કારણે લિટીગન્સ કે એડવોકેટ્સ કે બાકીનું રેકર્ડ રૂમ યોગ્ય રીતે જાળવણી કરી શકાતી નહોતી. એટલા માટે આ નવું કોર્ટ બિલ્ડીંગ સતલાસણા ખાતે અંબાજી–ખેરાલુ નેશનલ હાઇવે નં. ૫૮ ઉપર કરવામાં આવેલ છે અને આની આજુબાજુ બાકીની સરકારી ઓફિસો આવેલી છે. એટલે ભૌગોલિક રીતે એવું લોકેશન છે કે લિટીગન્સ જ્યારે પોતે એક કામ માટે આવે ત્યારે એક કરતા વધારે કામો પણ એની સાથે કરી શકે છે.

ડો. આશાબેન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે સતલાસણા ખાતે નવી કોર્ટના કામે કેટલા લોકોએ ટેન્ડર ભરેલું હતું અને તેમાં કોનું ટેન્ડર મંજૂર થયેલું? તેમજ આ કોર્ટનું કામ હાલ કયા તબક્કે છે અને કોર્ટ ક્યારે શરૂ થશે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે કોર્ટોના બાંધકામ થાય છે તેના માટે એનપ્રોક્યોર વેબ પોર્ટલ દ્વારા ઓનલાઇન ટેન્ડરની પ્રક્રિયા કરવામાં આવે છે. આના માટે કુલ ૫ બિડરોએ ભાગ લીધો હતો. તેમાંથી ચાર એન્ટાઇટલ થયા હતા અને ૨૩ ટકા ઓછા ભાવે એટલે રૂપિયા સાડા ત્રણ કરોડના ખર્ચે જે બીડરે આમાં બીડ કર્યું હતું તેને આ ટેન્ડર મળેલું છે. હાલ ગ્રાઉન્ડ ફ્લોરના સ્લેબની કામગીરી પ્રગતિમાં છે અને ચાલુ વર્ષના સપ્ટેમ્બર માસ સુધીમાં આ કામ પૂર્ણ થયે નવા મકાનમાં સતલાસણા કોર્ટ શરૂ કરી શકાશે.

**નવસારી જિલ્લા ખાતે ખાસ કોર્ટની મંજૂરી**

* ૩૪૯૬૧ **શ્રી અરવિંદભાઈ પટેલ** (ધરમપુર) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત લેન્ડ ગ્રેબીંગ(પ્રોહીબિશન) એક્ટ–૨૦૨૦ હેઠળના કેસો ઝડપથી ચલાવવા માટે નવસારી જિલ્લા ખાતે ખાસ કોર્ટની સ્થાપના કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ ખાસ કોર્ટ ક્યારથી કાર્યરત કરવામાં આવેલ છે? | (૨) કાયદા વિભાગ દ્વારા આ ખાસ કોર્ટ તા.૦૬–૧૧–૨૦૨૦ની અધિસૂચનાથી કાર્યરત કરવામાં આવેલ છે. |

શ્રી અરવિંદ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગુજરાત લેન્ડ ગ્રેબીંગ(પ્રોહીબિશન) એકટ–૨૦૨૦ના કાયદા હેઠળ કયા પ્રકારના ગુનાનો સમાવેશ કરવામાં આવે છે અને સ્પેશિયલ કોર્ટ નવસારી દ્વારા આકાર્યરત થવાથી શું ફાયદાથશે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર જે પ્રમાણે વિકાસ થયો, જે પ્રમાણે સમૃદ્ધિ થઇ એના કારણે જમીનોના ભાવોની અંદર બહુ જ મોટો ઉછાળો આવ્યોજમીનોના ભાવોમાં ઉછાળો આવવાને કારણે આ જમીનના

જે માલિકો હતા એ કેટલાક ગરીબ ખેડૂતો હતા. આ ગરીબ ખેડૂતોને કયારેક નાના મોટા કારણોસર પૈસાની આવશ્યકતા પડે ત્યારે કેટલાક આવા જમીનના દલાલો એમની પાસેથી ખોટા દસ્તાવેજ, ખોટી સહીઓ કરાવી આ લોકોની છેતરપિંડી કરવા માટેના વ્યાપક ગુના જયારે સરકાર સમક્ષ ધ્યાન ઉપર આવ્યા ત્યારે આ રાજયના ભૂમાફીયાઓની શાન ઠેકાણે લાવવા માટે રાજય સરકારે, મહેસૂલ વિભાગે, લેન્ડ ગ્રેબીંગ, ભૂમાફિયાઓની સામેનો આ કાયદો લાવ્યા અને આ કાયદામાં કોઇપણ સ્વરૂપમાં જમીન પચાવી પાડે, અન્ય ખાનગી વ્યકિતની હોય તો જમીન પચાવી પાડનાર ભૂમાફિયાઓની સામે આ સંદર્ભે આ કાયદો લાવ્યા પછી એના માટે સ્પેશિયલ કોર્ટ કાર્યરત કરવામાં આવી છે અને આની સામે આપણે સ્પેશિયલ પી.પી. પણ ઉપલબ્ધ કરાવ્યા છે અને જેના કારણે આખા રાજયની અંદર વ્યાપકપણે લોકો આના સંદર્ભમાં જેની સાથે છેતરપિંડી થઇ હોય એની ફરિયાદો અને અન્ય રીતે આ કાયદાના સંદર્ભમાં ન્યાય લેવા માટે મોટી સંખ્યામાં લોકો આવી રહ્યા છે.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે આવી જમીનો જેમણે દબાવી હોય એમની સામે ફરિયાદો આવતા પગલા લેવાય છે પરંતુ મારા ઉપલેટા તાલુકાના વડેખણ ગામે કોઇ પ્રાઇવેટ વ્યકિતએ નહીં પણ પ્રાઇવેટ કંપનીએ, એ.પી.સી.એ, પ્રાઇવેટ લિમિટેડ કંપનીએ એક ખેડૂતની ૬ વીઘા અને ૨ ગૂંઠા જમીન ઉપર દબાણ કર્યું છે.આ ખેડૂતે અનેક વખત ફરિયાદકરી છે, મેં પણ તા.૩૦–૧ના રોજ ફરિયાદ કરી છે અને આ રેકર્ડ ઉપર સાબિત થયેલી વાત છે, કલેકટરશ્રીનો પણ તા.૨૬–૧નો હુકમ છે કે જમીન ઉપર બિનકાયદેસર દબાણ કરવામાં આવ્યું છે અને ત્યાર પછી મહેસૂલ વિભાગના અગ્ર સચિવશ્રીનો તા.૨૮–૧–૨૦૧૫નો હુકમ છે, આજની તારીખ સુધીમાં પગલાં લેવામાં નથી આવ્યા કે ધારાસભ્યશ્રીના પત્રનો જવાબ પણ આપવામાં આવતો નથી તો આ પ્રાઇવેટ લિમિટેડ કંપનીઓ મોટા ઉદ્યોગપતિઓ સામે આ જમીન દબાણના ગુનાઓ દાખલ કરવા માગો છો કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી તરીકે માનનીય શ્રી કૌશિકભાઇ પટેલ આ સન્માનનીય સભાગૃહ સમક્ષ જયારે કાયદો લાવ્યા ત્યારે બહુ વિસ્તૃત વાત કરી હતી.હું માનનીય ધારાસભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો છે એ સંદર્ભમાં આની પ્રક્રિયાથી હું તમને વાકેફ કરવા માગું છું. આમાં જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને કમિટી હોય છે જેમાં જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ અધિક્ષક, મ્યુનિસિપલ કમિશનર, પોલીસ કમિશનર, શહેરી વિકાસ સત્તા મંડળ, અધિક નિવાસી કલેકટર, આ કમિટી સમક્ષ જયારે કોઇપણ અરજી આવે છે એ અરજીના આધાર ઉપર તપાસ અને વિચારણા એ લોકો દિન–૨૧ની અંદર કરી અને જો ગુનો બનતો હોય તો એફ.આઇ.આર. દાખલ કરવા સહિતની આગળની કાર્યવાહીઆ કાયદાના નિયમ–૫ (૮) હેઠળ કરે છે. કમિટી દ્વારા પોલીસને એફ.આઇ.આર. દાખલ કરવાનો આદેશ કરવામાં આવે તો આદેશના ૭ દિવસમાં પોલીસે એફ.આઇ.આર. દાખલ કરવાની હોય છે.પોલીસ દ્વારા એફ.આઇ.આર. દાખલ થયાના ૩૦ દિવસની અંદર આ કાયદા હેઠળ કેસ ચલાવવા માટેની ખાસ કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજૂ કરવાનું હોય છે. અત્યાર સુધી આ રાજ્યની અંદર જેની અંદર ફરિયાદોમાં આ કમિટિને કન્ટેન લાગ્યું એવી લેન્ડ ગ્રેબીંગની કુલ ૨૫૩૯ ફરિયાદો આવી એના અંદરથી કુલ ૧૦૨ અરજીઓ પૈકી ૪૦૯ને આરોપી બનાવવામાં આવ્યા છે અને લેન્ડ ગ્રેબીંગ એક્ટ હેઠળ કુલ ૧૨.૫૧ લાખ ચોરસમિટર જેની જમીન ઘસાઇ ગઇ છે એને પાછી અપાવવાની કાયદાની પ્રક્રિયા ચાલુ છે. આનો હિસાબ કરીએ તો ૧૨૫ હેકટર જમીન જેને એકરમાં ગણીએ તો ૩૦૭ એકર એટલે અંદાજે ૭૭૩ વીઘા જેટલી જમીન આ કાયદા હેઠળ આવવાના કારણે મૂળ માલિકોને પરત અપવવા માટે રાજ્ય સરકાર દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવી છે. માનનીય ધારાસભ્યશ્રીએ જે પ્રશ્ન કહ્યો છે એ તમામ બાબત જિલ્લા કલેકટરની આખી કમિટી દ્વારા એનો સ્વતંત્ર નિર્ણય લેવામાં આવશે.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે, એક મહિના પહેલા ૧૦૦ ચોરસ ફુટ જમીન દબાણ થઇ હતી એના ઉપર પગલાં લેવાયાં છે. મેં પહેલા મહિનામાં કંપની સામે ફરિયાદ કરી છે અને કલેકટરે હુકમ કર્યો છે. છતાં આજની તારીખ સુધીમાં કોઇ પગલાં લેવામાં આવ્યા નથી. આ બાબતે તાત્કાલિક ધોરણે નિર્ણય થાય એવું સરકાર કરવા માગે છે કે કેમ?

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ લેન્ડ ગ્રેબીંગ એક્ટ જેની જમીન હોય એની અરજીનો વિચાર થાય. ધારાસભ્ય પત્ર લખે કે મિડિયા (અંતરાય) મારી વાત સાંભળો. આપણો પ્રયાસ એવો છે કે અત્યાર સુધી ઘણી ફરિયાદો આવતી હતી પણ નિશ્ચિત કાયદો ન હોવાના કારણે ડિલે થતું હતું. પછી જ્યુડિશિયલ મેટર બની જાય એટલે વર્ષો જતા રહેતા હતા. સરકારે નક્કી કર્યું કે આને ટાઇમ–બાઉન્ડ પૂરું કરવું જોઇએ. નિયમ બનાવ્યો કે કલેકટરશ્રીની અધ્યક્ષતામાં કમિટી બનાવી છે અને જેની પોતાની જમીન ગઇ છે, ડોક્યુમેન્ટ સાથે, ખાલી કાગળિયા નાખી દે એવું નહીં, માલિકે પૂરાવા સાથે આ જમીન મારી છે અને દસ્તાવેજ છે અને હું એનો માલિક છું અને ફલાણા ભાઇએ મારી જમીન ઉપર કબજો કરી લીધો છે એનો આ પૂરાવો છે. પછી કમિટિએ ૧૫ દિવસ કે ૨૧ દિવસમાં ફરજિયાત નિર્ણય કરી દેવાનો કે આ એફ.આઇ.આર. કરવા જોગ છે કે નહીં?જો એફ.આઇ.આર. કરવા જોગ હોય તો આમાં એસ.પી. પણ મેમ્બર છે. ૭ દિવસમાં એની એફ.આઇ.આર. થઇ જાય. એમાં પોલીસ સમય નહીં બગાડે અને ૬ મહિનામાં સ્પેશિયલ કોર્ટ એનો ચૂકાદો આપે.એમનો પ્રશ્ન છે એમાં કમિટીમાં શું છે એ ખબર નથી પણ જોવડાવી લઇશું. પણ એ ખેડૂત પોતે અરજી કરે, ડોક્યુમેન્ટ જોઇને કમિટી નિર્ણય કરે છે. વાતમાં તથ્ય હશે તો એફ.આઇ.આર.ની સૂચના આપવામાં આવશે અને આગળ વધારવામાં આવશે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપની વાત કહી દીધી.મુખ્યમંત્રીશ્રીએ જવાબ આપ્યો.

શ્રી લલીત વસોયા : ખેડૂતે અરજી કરી છે એનો જવાબ નથી મળ્યો.

તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : ખેડૂતે અરજી કરી છે અને ધારાસભ્યશ્રી ખેડૂત વતી રજૂઆત પણ કરી શકે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ લેન્ડ ગ્રેબીંગ એક્ટ હેઠળ જિલ્લાવાર કેટલી ખાસ કોર્ટોની રચના કરવામાં આવી છે? મંત્રીશ્રીએ જવાબમાં કહ્યું કે ૨૫૩૯ અરજીઓ આવી હતી. એ અરજીઓ પૈકી કેટલી અરજીઓ માટે કલેકટરશ્રી મારફત કેટલી પોલીસ ફરિયાદ થઇ અને એની સામે કેટલી ચાર્જશીટ થઇ એ જણાવે.

અધ્યક્ષશ્રી : આમાં ચાર્જશીટ ના હોય એફ.આઇ.આર. થાય.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા અગાઉના જવાબમાં સ્પષ્ટ ઉલ્લેખ કરેલો છે.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગના એક ડઝનથી વધારે પરિપત્રોમાં એવી કબુલાત થયેલી છે કે અનુસૂચિત જાતિને સરકારી પડતર જમીન અને સરકારી ટોચ મર્યાદા કાયદા તળે ફાળવાયેલી જમીનોમાં આજે પણ ગેરકાયદેસર કબજા છે. નામદાર હાઇકોર્ટ સમક્ષ પેન્ડિંગ એકથી વધારે પિટિશનમાં સરકારના સોંગદનામા છે કે હા, દલિતોને ફાળવેલી જમીનોમાં એન્ટીસોશિયલ એલીમેન્ટનું એન્ક્રોચમેન્ટ છે એના પછી આ કાયદો આવ્યો. ગૃહ મંત્રી સાહેબ જણાવે આ કાયદા સબબ દલિત સમાજની જે જમીનોમાં આ એન્ટીસોશિયલ એલીમેન્ટના કબજા (અંતરાય) ...

અધ્યક્ષશ્રી : દલિત નહીં તમામ સમાજ માટે આ કાયદો છે. કોઇ એક સમાજ માટે નહીં.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હા, એગ્રીકલ્ચર લેન્ડ જે સ્પેસિફિક ફાળવવામાં આવે છે એ દલિત, આદિવાસી અને ઓ.બી.સી.ને ફાળવવામાં આવે છે આવી જમીનો સબબ અનેક લાભાર્થીઓએ અરજી કરેલી છે તો મંત્રી સાહેબ જણાવેકે આ કાયદા હેઠળ કેટલા ગુના દાખલ થયા?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર ગરીબો અને પીડિતોની સરકાર છે અને અમને કોઇ કહેવા નહોતું આવ્યું કે તમે લેન્ડ ગ્રેબીંગ એક્ટ બનાવો. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાતના આવા કોઇ પણ ગરીબો એના હકથી વંચિત ના રહી જાય એના માટે અમે સામે ચાલીને આ કાયદો ગુજરાત વિધાનસભામાં લાવ્યા છીએ અને માનનીય સભ્યશ્રી દ્વારા જે પ્રશ્ન પૂછાયો છે એના માટે એ અલગથી નોટિસ આપશે તો એ તમામ પ્રશ્નોના જવાબ આપવા માટે મારી સંપૂર્ણપણે તૈયારી છે.

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ વંશ, કાંઇ રહી ગયું? બધું તો આવી ગયું. આખી પ્રોસેસ આવી ગઇ. બોલો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે લેન્ડ ગ્રેબીંગના કાયદાની વિગતો હમણાં અહીંયા આપી. મારા ગીરસોમનાથ જિલ્લામાં ગયા અઠવાડિયે વિધાનસભામાં પ્રશ્નોત્તરીના કારણે જે લોકો જિંગા ઉછેર માટે સરકારી જમીનનું એંક્રોચમેન્ટ કરીને પૈસા કમાય છે એવી વિગતોના આધારે એલ.એ.ક્યુ. ઊભો થયો અને એ એલ.એ.ક્યુ. શ્રી બાબુભાઇ વાજાનો હતો. ગીર સોમનાથ કલેકટરે ચાર લોકો ઉપર લેન્ડ ગ્રેબીંગની ફરિયાદ કરી એ આવકારદાયક છે. સવાલ એ છે કે ગીર સોમનાથ જિલ્લાના અન્ય તાલુકામાં બાકીના લોકોએ સરકારી જમીન ઉપર જિંગા ઉછેર કેન્દ્રો બનાવ્યા છે એ કલેકટર જાણે છે, જે તે તાલુકાના મામલતદારશ્રીઓ પણ જાણે છે, એ રેકર્ડ ઉપર હોવા છતાં બાકીના લોકો ઉપર લેન્ડ ગ્રેબીંગનો કેસ ના કર્યો. આ બેધારી બાબત છે એમાંથી ઘણા બધા સવાલો ઊભા થાય છે અને એટલા માટે જ્યાં સરકારી જમીનોનું લેન્ડ ગ્રેબીંગ થયું હોય એવા તમામ લોકો ઉપર આ કાયદા નીચે કેસ દાખલ કરવા માગો છો કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું (અંતરાય)...

અધ્યક્ષશ્રી : વારંવાર કહ્યું, (અંતરાય) પગલાં લેવા માગે જ છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં વારંવાર કહ્યું એના સંદર્ભમાં મારી પાસે જે વિગત છે એ પ્રમાણે ગીર સોમનાથમાં ૮ સુઓમોટો અને ૩૧ જેટલી એપ્લીકેશનો અમે રિસીવ કરી છે. આ ૩૯ની હાલ કામગીરી ચાલુ છે. શ્રી પુંજાભાઇ, ચિંતા ના કરો ગમે તેવો માથાભારે હશે તો પણ અમે કોઇને છોડવા માગતા નથી.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, શ્રી પુંજાભાઇ ચિંતા તો કરે છે.પ્રશ્ન ક્રમાંક – ૯

**પંચમહાલ જિલ્લામાં ગ્રામ પંચાયતોને તાકીદની ગ્રાન્ટ**

* ૩૬૨૪૧ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં ગ્રામ પંચાયતોને તાકીદના ખર્ચ માટે કોઇ ગ્રાન્ટ આપવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી? | (૨) |

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતની સંખ્યા | ફાળવેલ ગ્રાન્ટ રકમ રૂ. |
|---|---|---|---|
| ૧ | ગોધરા | ૧૦૩ | ૧૦,૩૦,૦૦૦/– |
| ૨ | કાલોલ | ૬૫ | ૬,૫૦,૦૦૦/– |
| ૩ | હાલોલ | ૮૩ | ૮,૩૦,૦૦૦/– |

| | | | |
|---|---|---|---|
| ૪ | જાંબુઘોડા | ૨૧ | ૨,૧૦,૦૦૦/- |
| ૫ | શહેરા | ૮૨ | ૮,૨૦,૦૦૦/- |
| ૬ | ઘોઘંબા | ૮૮ | ૮,૮૦,૦૦૦/- |
| ૭ | મોરવા(હ) | ૫૦ | ૫,૦૦,૦૦૦/- |
| | **કુલ** | **૪૯૨** | **૪૯,૨૦,૦૦૦/-** |

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ગ્રામ પંચાયતોને તાકીદની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે એનો ઉદ્દેશ શું છે? અને ક્યારથી અમલવારી કરવામાં આવી?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં પંચાયતી રાજ વ્યવસ્થાના અમલીકરણને ૫૦ વર્ષ પૂરા થતા સન ૨૦૧૨ના વર્ષને પંચાયતીરાજ સર્ણિમ જયંતિ વર્ષ તરીકે ઊજવવામાં આવેલ. ત્રીસ્તરીય પંચાયતીરાજ વ્યવસ્થામાં ગ્રામ પંચાયત પાયાની અને ખૂબ અગત્યની સંસ્થા છે અને વિકેન્દ્રીત લોકશાહીનું પ્રત્યક્ષ સ્વરૂપ છે. ગ્રામ પંચાયતનો મુખ્ય આવકનો સ્ત્રોત કરવેરાની આવક હોય છે એમાં પાણીની સુવિધા, બધા ગ્રામ્ય રસ્તાઓની મરામત અને બીજા અનેક કામો કરવામાં આવે છે. તે જોતા ગ્રામ પંચાયતના સરપંચશ્રીઓને તેમની ગ્રામ પંચાયતના તાકીદના પ્રસંગે લોકોપયોગી કામો જેવા કે- પીવાના પાણી અંગેની કે કુદરતી આફતો વખતે કરવાની થતી તાકીદની કામગીરીને પહોંચી વળવા રાજ્ય સરકાર દ્વારા વાર્ષિક રૂ.૧૦,૦૦૦/-ની ગ્રાન્ટ ગ્રામ પંચાયતના હવાલે મૂકવામાં આવે છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, જેમ માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું તેમ ૧૦૦૦૦ રૂપિયા દરેક ગ્રામ પંચાયતને દર વર્ષે ૨૦૧૨ના વર્ષથી આપવાની શરૂઆત કરી. ૧૦ વર્ષ જેટલો સમય થયો અને સરકાર વારેવારે અનેક કાર્યક્રમો આપતી હોય છે સેવા સેતુ અને બીજા અનેક કાર્યક્રમ જેનું ગ્રામ પંચાયતે આયોજન કરવાનું થાય ત્યારે આ રકમ એમાં વપરાતી હોય છે અને પછી ઓડિટ પેરા અને બીજા પ્રશ્નો પણ ઉભા થાય છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ૧૦ વર્ષ જેટલો સમય થયો ત્યારથી આપણે ૧૦,૦૦૦ રૂપિયા આપીએ છીએ. મોંઘવારી ખૂબ વધી છે તો ૧૦,૦૦૦ રૂપિયાને બદલે ડબલ કરવા માંગો છો કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં આ સન્માનનીય સભાગૃહના ધ્યાને મૂકયું કે પંચાયતી રાજ અસ્તિત્વમાં આવ્યા પછી કયારેય કોઇ સરકારે તાકીદની ગ્રાન્ટ આપવાના પ્રયત્નો કર્યા નથી. તાકીદની ગ્રાન્ટ આપવાની શરૂઆત કરી હોય તો ભા.જ.પા.ની સરકારે કરી છે અને એના માટે નિયમો પણ બનાવ્યા છે તાકીદની ગ્રાન્ટમાં કયા કયા કામો થઇ શકે એટલે તાકીદની ગ્રાન્ટના જે નિયમો છે એ પ્રમાણે જેટલા કામો થાય એટલા જ કામો કરી શકાય અને વર્ષ ૨૦૧૨થી શરૂ કર્યા પછી અમે નિયમિત આપ્યું છે, વચ્ચે નથી આપ્યું એમ નહીં અને એ રીતે તાકીદની ગ્રાન્ટમાં તાકીદના કામો હાથ ધરી શકાય છે.

**અમદાવાદ જિલ્લામાં ગ્રામ પંચાયતોને તાકીદની ગ્રાન્ટ**

* ૩૬૨૬૩ **શ્રી જગદીશ પટેલ** (અમરાઇવાડી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ગ્રામ પંચાયતોને તાકીદના ખર્ચ માટે કોઇ ગ્રાન્ટ આપવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| **ક્રમ** | **તાલકાનું નામ** | **ગ્રામ પંચાયતની સંખ્યા** | **ફાળવેલ ગ્રાન્ટ રકમ રૂ.** |
|---|---|---|---|
| ૧ | દશક્રોઇ | ૬૨ | ૬,૨૦,૦૦૦/- |
| ૨ | ધંધુકા | ૪૦ | ૪,૦૦,૦૦૦/- |
| ૩ | ધોલેરા | ૩૪ | ૩,૪૦,૦૦૦/- |
| ૪ | ધોળકા | ૬૫ | ૬,૫૦,૦૦૦/- |
| ૫ | બાવળા | ૪૮ | ૪,૮૦,૦૦૦/- |
| ૬ | વિરમગામ | ૬૫ | ૬,૫૦,૦૦૦/- |
| ૭ | માંડલ | ૩૬ | ૩,૬૦,૦૦૦/- |
| ૮ | દેત્રોજ | ૪૬ | ૪,૬૦,૦૦૦/- |
| ૯ | સાણંદ | ૬૯ | ૬,૯૦,૦૦૦/- |
| | **કુલ** | **૪૬૫** | **૪૬,૫૦,૦૦૦/-** |

તા. ૧૫મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

શ્રી જગદીશ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગું છું કે તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ગ્રામ પંચાયતને તાકીદના ખર્ચ માટે કોઇ ગ્રાન્ટ આપવામાં આવેલ છે કે કેમ? અને જો હા હોય તો તાલુકાવાર કેટલી પંચાયતોને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી અને આ યોજના કયા ગ્રાન્ટના હેડમાં જમા થાય છે અને ગ્રાન્ટ કેટલા તબકકામાં મળવાપાત્ર છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં કુલ ૪૬૫ ગ્રામ પંચાયત છે અને ૯ તાલુકાઓ છે. બધામાં થઇને મેં મારા જવાબમાં બતાવ્યું કે ૪૬,૫૦,૦૦૦ રૂપિયા જેટલી ગ્રાન્ટ આપવામાં આવી છે. આ યોજના હેઠળની ગ્રાન્ટ સદર એ માગણી ક્રમાંક–૭૦ મુખ્ય સદર–૨૫૧૫ અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમ પેટા મુખ્ય સદર ૦, ગૌણ સદર–૮૦૦, પેટા સદર–૦૫, સી.ડી.પી.–૨ મોજણી અને અભ્યાસ સદરે જમા થાય છે અને આ ગ્રાન્ટ સબંધિત જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત મારફતે ગ્રામ પંચાયતદીઠ વાર્ષિક ૧૦,૦૦૦ લેખે ફાળવવામાં આવે છે. ગ્રાન્ટ ઉપલબ્ધતાને ધ્યાનમાં લઇને તબક્કાવાર કે પછી સમગ્ર રકમ એક સાથે પણ ફાળવવામાં આવે છે.

**રાજ્યની યુનિવર્સિટીઓના સત્તા મંડળોમાં અનામત પ્રથા**

* ૩૪૦૦૪ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) યુ.જી.સી.એ આપેલ આદેશ મુજબ રાજ્યમાં આવેલ યુનિવર્સિટીઓના સત્તામંડળો (સેનેટ, સિન્ડીકેટ અને એકેડેમિક કાઉન્સીલ વગેરે)માં એસસી/એસટી માટે અનામત પ્રથા લાગુ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી તે કાર્યવાહી તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) સદરહુ બાબત હાલ નિવૃત્ત જજ શ્રી એચ. કે. રાઠોડની અધ્યક્ષતામાં બનેલ ઉચ્ચ કક્ષાની સમિતિના વિચારાધીન છે. |
| (૨) ઉક્ત કાર્યવાહી પૂર્ણ થયેલ હોય તો રાજ્યની કેટલી યુનિવર્સિટીમાં ઉક્ત આદેશ લાગુ કરવામાં આવેલ છે, અને | (૨) કાર્યવાહી પૂર્ણ થયેલ ન હોવાથી આદેશ લાગુ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત આદેશ લાગુ કરવાના બાકી હોય તો તેનો ક્યાં સુધીમાં અમલ કરવામાં આવશે? | (૩) સમિતિના સુચનો / ભલામણો રાજ્ય સરકારને મળ્યા બાદ નિયત પ્રક્રિયા પૂર્ણ થયેથી. |

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે યુ.જી.સી.એ આપેલા આદેશ મુજબ આવેલ યુનિવર્સિટી સત્તામંડળો સેનેટ સિન્ડીકેટ એકેડેમીક કાઉન્સીલ વગેરેમાં એસ.સી. એસ.ટી.ની અનામત પ્રથા લાગુ કરવાની કાર્યવાહી હાલમાં વિચારાધીન છે તો કેટલા સમયમાં પૂરી થઇ જશે? અથવા એના માટે હવે પછીની શું કાર્યવાહી કરવામાં આવશે?

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતે નિવૃત્ત હાઇકોર્ટ જજશ્રી એચ.કે. રાઠોડ સાહેબની અધ્યક્ષતામાં સમિતિની નિમણૂક કરવામાં આવી છે અને આ બાબતે કોઇ કોમેન્ટ ન કરી શકાય કેમ કે આ બાબત સબજયુડીશ છે.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બધી યુનિવર્સિટીની અંદર સેનેટ અને સિન્ડીકેટ દૂર કરી અને બોર્ડ ઓફ ગવર્નિંગ લાવવાની વિચારણા સરકાર કરી રહી છે. એ ખરેખર સારી બાબત છે તો આ ચાલુ સત્રની અંદર સરકાર બોર્ડ ઓફ ગવર્નિંગનો કાયદો લાવવા માંગે છે કે નહીં એ આપના માધ્યમથી જાણવા માગું છું.

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, યુ.જી.સી. દ્વારા જે ગાઇડલાઇન્સ બહાર પાડવામાં

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં ઓનલાઇન પ્રવેશ**

૩૫૮૩૭ **શ્રી કીરીટકુમાર પટેલ**(પાટણ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|

અતારાંકિત પ્રશ્નો

(૧) કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ તરફથી તા.૨૩-૦૬-૨૦૧૫ના રોજ યુનિવર્સિટીઓમાં ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયાના આદેશ આપ્યા હતા, ઉક્ત આપેલ આદેશની વિરુધ્ધ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીએ સને ૨૦૨૦માં ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી સીટોમાં વધારો કરી ઓફલાઇન પ્રવેશ આપ્યા છે તે હકીકતથી સરકાર તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ વાકેફ છે કે કેમ, અને

(૧) ના, જી.

(૨) જો હા, તો રાજ્ય સરકારના ઉક્ત આદેશ વિરુધ્ધ ઓફલાઇન પ્રવેશ રદ કરી જવાબદારો સામે ઉક્ત સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવી છે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ગોધરા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વાવેતર**

૩૫૧૦૨ **શ્રી સી. કે. રાઉલજી**(ગોધરા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૪૪ |
| ૨૦૨૦-૨૧ (તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ) | ૪૩ |

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૨૪.૪૬ |
| ૨૦૨૦-૨૧ (તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ) | ૧૫.૯૭ |

---------

**પાટણ અને મહેસાણા જિલ્લામાં કોલેજોનું મંજૂર મહેકમ**

૩૩૮૭૦ **શ્રી રઘુભાઈ દેસાઈ** (રાધનપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર આર્ટસ અને કોમર્સ પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કેટલી કોલેજ આવેલી છે,

(૧)

| જિલ્લાનું નામ | પ્રકાર | આર્ટસ પ્રવાહની કોલેજોની સંખ્યા | કોમર્સ પ્રવાહની કોલેજોની સંખ્યા | આર્ટસ અને કોમર્સ પ્રવાહની કોલેજોની સંખ્યા | કોલેજોની કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| પાટણ | સરકારી | ૨ | ૦ | ૧ | ૩ |
| | ગ્રાન્ટેડ | ૨ | ૧ | ૩ | ૬ |
| મહેસાણા | સરકારી | ૨ | ૦ | ૦ | ૨ |
| | ગ્રાન્ટેડ | ૭ | ૧ | ૭ | ૧૫ |

(૨) ઉક્ત કોલેજોવાર સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે, તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) સરકારી કોલેજો પત્રક ૧ મુજબ
ગ્રાન્ટેડ કોલેજો પત્રક ૧(અ) મુજબ

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) બનતી ત્વરાએ

## પત્રક ૧

| જિલ્લોઃ પાટણ | | | | | | | | | | | | | | | | | |
## તાપી અને સુરત જિલ્લામાં પ્રાથમિક શાળામાં ઓરડાની ઘટ

૩૪૦૦૩ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પહેલા સત્રમાં તા.૦૫-૦૩-૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ*૩૩૧૪ (અગ્રતાઃ ૧૭૪)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ૧૫૩ અને સુરત જિલ્લામાં ૧૮૭ ઓરડાઓ ખૂટતા હતા તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ કેટલા ઓરડાઓ જિલ્લાવાર બનાવવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર ખૂટતા ઓરડાઓની સંખ્યા કેટલી છે, અને

(૩) ઉક્ત ખૂટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

**જવાબ**

(૧)

| જિલ્લો | બનાવેલ ઓરડાની સંખ્યા |
|---|---|
| તાપી | ૬૮ |
| સુરત | ૬૨ |

(૨)

| જિલ્લો | ખૂટતા ઓરડાની સંખ્યા |
|---|---|
| તાપી | ૮૧ |
| સુરત | ૧૨૫ |

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી.

---------

## ખેડા અને અરવલ્લી જિલ્લામાં ગૌચરમાં થયેલ દબાણો

૩૩૯૬૭ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પહેલા સત્રમાં તા.૧૨-૦૩-૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ*૫૨૭૩ (અગ્રતાઃ ૧૭૫)ના અનુસંધાને **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં હે.૨૩.૫૩.૪૮ અને અરવલ્લીજિલ્લામાં હે.૦૮.૨૯.૫૨ ગૌચરની જમીનોમાં દબાણ થયેલ હતા તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા દબાણો દૂર કરવાના બાકી છે,

(૨) ઉક્ત દબાણો દૂર કરવા સરકારે શી કાર્યવાહી, કરી અને

(૩) ઉક્ત દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં હે.આરે.પ્ર. ૦૧.૦૭.૨૧ અને અરવલ્લી જિલ્લામાં હે.આરે.પ્ર. ૦૮.૨૯.૫૨

(૨) અને (૩) સબજ્યુડીશ મેટર હોય, નામ.કોર્ટના ચુકાદા આવ્યેથી આનુષંગિક કાર્યવાહી કરવામાં આવશે

---------

## છોટાઉદેપુર જિલ્લામાં જૂથ ગ્રામ પંચાયતોનું વિભાજન

૩૩૯૮૨ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૦૧-૦૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કઈ જૂથ ગ્રામ

**જવાબ**

(૧) પાવી જેતપુર તાલુકાની વસનગઢ (ધનપુર ગ્રા.પં.) ની દરખાસ્ત તા.૨૩-૦૬-૨૦૨૦ ના રોજ મળેલ

પંચાયતોના વિભાજન માટેની માંગણીઓ સરકારને ક્યારે મળી,

છે. અન્ય તાલુકાની એક પણ દરખાસ્ત મળેલ નથી.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જૂથ ગ્રામ પંચાયતના વિભાજનની દરખાસ્ત હાલ કયા તબક્કે અને કેટલા સમયથી પડતર છે અને તેના કારણો શાં છે, અને

(૨) દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ છે.
રાજ્ય ચૂંટણી પંચના તા.૧૪-૦૭-૨૦૨૦ના પત્રથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી વિભાજનની કાર્યવાહી ન કરવા સૂચના આપેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ગ્રામ પંચાયતોનું વિભાજન કરવાનું શું આયોજન છે?

(૨) દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ છે. ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ તથા ગ્રામ પંચાયત વિભાજન માટે નક્કી કરવામાં આવેલ ધારાધોરણોને અનુલક્ષીને વિભાજન અંગે નિર્ણય કરવામાં આવશે.

---------

**મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોની તાકીદની ગ્રાન્ટ**

૩૬૨૪૭ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોને તાકીદના ખર્ચ માટે કોઇ ગ્રાન્ટ આપવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી?

**જવાબ**

(૧) હા, જી.

(૨) છેલ્લા એક વર્ષમાં નીચેની વિગતે તાલુકાવાર ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | તાલકાનું નામ | ગ્રામ પંચાયતની સંખ્યા | ફાળવેલ ગ્રાન્ટ રકમ રૂ. |
|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૧૧૦ | ૧૧,૦૦,૦૦૦/- |
| ૨ | વિજાપુર | ૭૪ | ૭,૪૦,૦૦૦/- |
| ૩ | વિસનગર | ૬૬ | ૬,૬૦,૦૦૦/- |
| ૪ | કડી | ૧૧૦ | ૧૧,૦૦,૦૦૦/- |
| ૫ | ખેરાલુ | ૪૪ | ૪,૪૦,૦૦૦/- |
| ૬ | સતલાસણા | ૩૯ | ૩,૯૦,૦૦૦/- |
| ૭ | વડનગર | ૪૩ | ૪,૩૦,૦૦૦/- |
| ૮ | બેચરાજી | ૫૩ | ૫,૩૦,૦૦૦/- |
| ૯ | ઊંઝા | ૩૫ | ૩,૫૦,૦૦૦/- |
| ૧૦ | જોટાણા | ૩૬ | ૩,૬૦,૦૦૦/- |
| | **કુલ** | **૬૧૦** | **૬૧,૦૦,૦૦૦/-** |

---------

**ભાવનગર અને બોટાદ જિલ્લામાં કોલેજોનું મંજૂર મહેકમ**

૩૩૯૫૦ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ભાવનગર અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર આર્ટસ અને કોમર્સ પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કેટલી કોલેજ આવેલી છે,

**જવાબ**

(૧)

| જિલ્લાનું નામ | પ્રકાર | આર્ટસ પ્રવાહની કોલેજોની સંખ્યા | કોમર્સ પ્રવાહની કોલેજોની સંખ્યા | આર્ટસ અને કોમર્સ પ્રવાહની કોલેજોની સંખ્યા | કોલેજોની કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| ભાવનગર | સરકારી | ૨ | ૦ | ૧ | ૩ |
| | ગ્રાન્ટેડ | ૧ | ૦ | ૪ | ૫ |
| બોટાદ | સરકારી | ૦ | ૦ | ૨ | ૨ |
| | ગ્રાન્ટેડ | ૧ | ૦ | ૧ | ૨ |

(૨) ઉક્ત કોલેજોવાર સંવર્ગવાર કેટલું મહેકમ

(૨) સરકારી કોલેજો-પત્રક ૧ મુજબ

મંજૂર થયેલ છે, તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

ગ્રાન્ટેડ કોલેજો–પત્રક ૧(અ) મુજબ

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) બનતી ત્વરાએ

**પત્રક ૧**

| જિલ્લોઃ ભાવનગર | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકો | કોલેજનું નામ | વર્ગ–૧ | | | વર્ગ–૨ | | | વર્ગ–૩ | | | વર્ગ–૪ | | | કુલ | | |
| | | | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા |
| ૧ | તલાજા | સરકારી વિનયન કોલેજ, તળાજા | ૧ | ૧ | ૦ | ૭ | ૬ | ૧ | ૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૧૦ | ૮ | ૨ |
| ૨ | વલ્લભીપુર | સરકારી વિનયન કોલેજ, વલ્લભીપુર | ૧ | ૧ | ૦ | ૮ | ૮ | ૦ | ૫ | ૩ | ૨ | ૦ | ૦ | ૦ | ૧૪ | ૧૨ | ૨ |
| ૩ | ઘોઘા | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ઘોઘા | ૧ | ૧ | ૦ | ૬ | ૫ | ૧ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૯ | ૮ | ૧ |
| | | **કુલ** | **૩** | **૩** | **૦** | **૨૧** | **૧૯** | **૨** | **૯** | **૬** | **૩** | **૦** | **૦** | **૦** | **૩૩** | **૨૮** | **૫** |

| જિલ્લોઃ બોટાદ | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકો | કોલેજનું નામ | વર્ગ–૧ | | | વર્ગ–૨ | | | વર્ગ–૩ | | | વર્ગ–૪ | | | કુલ | | |
| | | | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા |
| ૧ | ગઢડા | ભક્તરાજ દાદા ખાચર સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ગઢડા | ૧ | ૧ | ૦ | ૧૧ | ૧૦ | ૧ | ૪ | ૩ | ૧ | ૦ | ૦ | ૦ | ૧૬ | ૧૪ | ૨ |
| ૨ | બરવાળા | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, બરવાળા | ૧ | ૦ | ૧ | ૭ | ૬ | ૧ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦ | ૮ | ૨ |
| | | **કુલ** | **૨** | **૧** | **૧** | **૧૮** | **૧૬** | **૨** | **૬** | **૫** | **૧** | **૦** | **૦** | **૦** | **૨૬** | **૨૨** | **૪** |

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **ભાવનગર અને બોટાદ જિલ્લાઓની કુલ એકંદરે** | **૫** | **૪** | **૧** | **૩૯** | **૩૫** | **૪** | **૧૫** | **૧૧** | **૪** | **૦** | **૦** | **૦** | **૫૯** | **૫૦** | **૯** |

**પત્રક ૧ અ**

| જિલ્લોઃ ભાવનગર | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | કોલેજનું નામ | તાલુકો | આચાર્ય | | | અધ્યાપક | | | પી.ટી.આઈ | | | ગ્રંથપાલ | | | વર્ગ–૩ | | | વર્ગ–૪ | | |
| | | | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા |
| ૧ | શ્રીમતી પી.એન.આર.શાહ મહિલા આર્ટસ કોમર્સ કોલેજ, પાલીતાણા | પાલીતાણા | ૧ | ૦ | ૧ | ૧૨ | ૭ | ૫ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૪ | ૨ | ૨ | ૪ | ૨ | ૨ |
| ૨ | શ્રીમતી વી.પી.કાપડીયા મહિલા આર્ટસ કોલેજ, ભાવનગર | ભાવનગર | ૧ | ૧ | ૦ | ૧૨ | ૭ | ૫ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૫ | ૪ | ૧ | ૬ | ૦ | ૬ |
| ૩ | શ્રીમતી એન.સી.ગાંધી | ભાવનગર | ૧ | ૦ | ૧ | ૩૩ | ૧૬ | ૧૭ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૮ | ૦ | ૮ | ૮ | ૨ | ૬ |

| જિલ્લોઃ ભાવનગર | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | કોલેજનું નામ | તાલુકો | આચાર્ય | | | અધ્યાપક | | | પી.ટી.આઈ | | | ગ્રંથપાલ | | | વર્ગ-૩ | | | વર્ગ-૪ | | |
| | | | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા |
| | એન્ડ બી.વી. ગાંધી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ભાવનગર | | | | | | | | | | | | | | | | | | | |
| ૪ | એલ.આર.વલિયા આર્ટસ એન્ડ પી.આર. મહેતા કોમર્સ કોલેજ, ભાવનગર | ભાવનગર | ૧ | ૧ | ૦ | ૨૭ | ૧૪ | ૧૩ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૮ | ૧ | ૭ | ૯ | ૨ | ૭ |
| ૫ | શ્રી કે.વી.પારેખ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, મહુવા | મહુવા | ૧ | ૧ | ૦ | ૧૭ | ૧૦ | ૭ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧૨ | ૬ | ૬ | ૧૫ | ૭ | ૮ |
| **ભાવનગર જિલ્લાનું કુલઃ-** | | | **૫** | **૩** | **૨** | **૧૦૧** | **૫૪** | **૪૭** | **૩** | **૧** | **૨** | **૫** | **૨** | **૩** | **૩૭** | **૧૩** | **૨૪** | **૪૨** | **૧૩** | **૨૯** |

| જિલ્લોઃ બોટાદ | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | કોલેજનું નામ | તાલુકો | આચાર્ય | | | અધ્યાપક | | | પી.ટી.આઈ | | | ગ્રંથપાલ | | | વર્ગ-૩ | | | વર્ગ-૪ | | |
| | | | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા | મંજૂર | ભરાયેલ | ખાલી જગ્યા |
| ૧ | કવિશ્રી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બોટાદ | બોટાદ | ૧ | ૧ | ૦ | ૧૯ | ૯ | ૧૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૭ | ૦ | ૭ | ૪ | ૦ | ૪ |
| ૨ | વી.એમ.સાકરીયા મહિલા આર્ટસ કોલેજ, બોટાદ | બોટાદ | ૧ | ૧ | ૦ | ૧૫ | ૮ | ૭ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ | ૨ | ૧ | ૭ | ૬ | ૧ |
| **બોટાદજિલ્લાનું કુલઃ-** | | | **૨** | **૨** | **૦** | **૩૪** | **૧૭** | **૧૭** | **૨** | **૦** | **૨** | **૨** | **૧** | **૧** | **૧૦** | **૨** | **૮** | **૧૧** | **૬** | **૫** |

| | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **ભાવનગર અને બોટાદ જિલ્લાનું એકંદર કુલઃ-** | **૭** | **૫** | **૨** | **૧૩૫** | **૭૧** | **૬૪** | **૫** | **૧** | **૪** | **૭** | **૩** | **૪** | **૪૭** | **૧૫** | **૩૨** | **૫૩** | **૧૯** | **૩૪** |

## વડોદરા અને નર્મદા જિલ્લામાં ગૌચરમાં થયેલ દબાણો

૩૩૯૮૮ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પહેલા સત્રમાં તા.૧૨-૦૩-૨૦૧૮ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ*૫૨૩૫ (અગ્રતાઃ ૨૮૨) ના અનુસંધાને **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં હે.૧૯.૧૭.૫૯ અને નર્મદાજિલ્લામાં હે.૦૦.૪૫.૯૭ ગૌચરની જમીનોમાં દબાણ થયેલ હતા તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા દબાણો દૂર કરવાના બાકી છે, | (૧) વડોદરા જિલ્લામાં હે.આરે.પ્ર. ૦.૦૦.૯૮ અને નર્મદાજિલ્લામાં હે.આરે.પ્ર. ૦.૨૭.૪૫ |
| (૨) ઉક્ત દબાણો દૂર કરવા સરકારે શી કાર્યવાહી કરી, અને | (૨) ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. કાર્યવાહીની સમયાંતરેસમીક્ષા કરવામાં આવે છે. સબજ્યુડીશ મેટરમાં નામ.કોર્ટના ચુકાદા બાદ આનુષંગિક કાર્યવાહી કરવામાં આવે છે. |
| (૩)ઉક્ત દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ? | (૩) સબજ્યુડીશ મેટરમાં નામ.કોર્ટના ચુકાદા આવ્યેથી નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે તેમજ અન્ય કિસ્સામાં ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ આનુષંગિક કાર્યવાહી કરવામાં આવશે. |

અતારાંકિત પ્રશ્નો

**જૂનાગઢ જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા**

૩૬૨૭૯ **શ્રી કેશુભાઇ નાકરાણી**(ગારીયાધાર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં ઈ–ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે,

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાકી રહેલ ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરાવવા સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) ઈ–ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત જૂનાગઢ જિલ્લાના તમામ તાલુકાઓની તમામ ૪૯૧ ગ્રામ પંચાયતોમાં અગાઉના વર્ષોમાં કમ્પ્યુટર ઉપલબ્ધ કરાવેલ હોઇ તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઇ ગ્રામ પંચાયતને કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરેલ નથી..

(૨) તમામ ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ હોઇ પ્રશ્ન નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**આણંદ અને જામનગર જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ**

૩૩૯૬૨ **શ્રી પૂનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ આણંદ અને જામનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

(૨) ઉક્ત જિલ્લાવાર કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે,

(૩) ઉક્ત પૈકી કેટલી આંગણવાડીઓ ભાડાના મકાન કે અન્ય જગ્યાએ ચાલે છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત પૈકી જે આંગણવાડીઓને પોતાનું મકાન નથી તેમને સત્વરે મકાન આપવા સરકારે શાં પગલાં લીધાં?

(૧) આણંદ જિલ્લામાં – ૧૯૯૩ આંગણવાડી કેન્દ્રો.
જામનગર જિલ્લામાં – ૮૮૮ આંગણવાડી કેન્દ્રો.

(૨) આણંદ જિલ્લામાં – ૧૪૮૮ આંગણવાડીઓના.
જામનગર જિલ્લામાં – ૭૧૪ આંગણવાડીઓના.

(૩) તે પૈકી આણંદ જિલ્લામાં – ૫૦૫ આંગણવાડી કેન્દ્રો.

તે પૈકી જામનગર જિલ્લામાં –૧૭૪ આંગણવાડી કેન્દ્રો.

(૪) આંગણવાડીઓ માટે જમીન મળ્યેથી વિવિધ સરકારી યોજનાઓ અંતર્ગત બાધકામ માટેની કામગીરી હાથ ધરવામાં આવે છે.

**મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોની તાકીદની ગ્રાન્ટ**

૩૬૨૪૪ **શ્રી અજમલજી ઠાકોર** (ખેરાલુ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોને તાકીદના ખર્ચ માટે કોઇ ગ્રાન્ટ આપવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી?

**જવાબ**

(૧) હા, જી.

(૨) છેલ્લા એક વર્ષમાં નીચેની વિગતે તાલુકાવાર ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | તાલકાનું નામ | ગ્રામ પંચાયતની સંખ્યા | ફાળવેલ ગ્રાન્ટ રકમ રૂ. |
|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૧૧૦ | ૧૧,૦૦,૦૦૦/– |
| ૨ | વિજાપુર | ૭૪ | ૭,૪૦,૦૦૦/– |
| ૩ | વિસનગર | ૬૬ | ૬,૬૦,૦૦૦/– |
| ૪ | કડી | ૧૧૦ | ૧૧,૦૦,૦૦૦/– |
| ૫ | ખેરાલુ | ૪૪ | ૪,૪૦,૦૦૦/– |
| ૬ | સતલાસણા | ૩૯ | ૩,૯૦,૦૦૦/– |
| ૭ | વડનગર | ૪૩ | ૪,૩૦,૦૦૦/– |
| ૮ | બેચરાજી | ૫૩ | ૫,૩૦,૦૦૦/– |

| | | | |
|---|---|---|---|
| ૯ | ઊંઝા | ૩૫ | ૩,૫૦,૦૦૦/- |
| ૧૦ | જોટાણા | ૩૬ | ૩,૬૦,૦૦૦/- |
| | **કુલ** | **૬૧૦** | **૬૧,૦૦,૦૦૦/-** |

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કોલેજોનું મંજૂર મહેકમ**

૩૩૮૮૧ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કેટલી કોલેજો આવેલી છે,

(૨) ઉક્ત કોલેજોવાર સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે, તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧)

| **જિલ્લાનું નામ** | **પ્રકાર** | **વિજ્ઞાનપ્રવાહની કોલેજોની સંખ્યા** |
|---|---|---|
| અરવલ્લી | સરકારી | ૦ |
| | ગ્રાન્ટેડ | ૧ |
| સાબરકાંઠા | સરકારી | ૧ |
| | ગ્રાન્ટેડ | ૨ |

(૨) સરકારી કોલેજો- પત્રક ૧ મુજબ
ગ્રાન્ટેડ કોલેજો- પત્રક ૧(અ) મુજબ.

(૩) બનતી ત્વરાએ.

**પત્રક-૧**

**જિલ્લો - અરવલ્લી**

| **ક્રમ** | **તાલુકો** | **કોલેજનું નામ** | **વર્ગ-૧** | | | **વર્ગ-૨** | | | **વર્ગ-૩** | | | **વર્ગ-૪** | | | **કુલ** | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | **મંજૂર** | **ભરાયેલ** | **ખાલી જગ્યા** | **મંજૂર** | **ભરાયેલ** | **ખાલી જગ્યા** | **મંજૂર** | **ભરાયેલ** | **ખાલી જગ્યા** | **મંજૂર** | **ભરાયેલ** | **ખાલી જગ્યા** | **મંજૂર** | **ભરાયેલ** | **ખાલી જગ્યા** |
| ૧ | જિલ્લામાં સરકારી કોલેજ આવેલ નથી. | | | | | | | | | | | | | | | | |
| કુલ | | | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

**જિલ્લો - સાબરકાંઠા**

| **ક્રમ** | **તાલુકો** | **કોલેજનું નામ** | **વર્ગ-૧** | | | **વર્ગ-૨** | | | **વર્ગ-૩** | | | **વર્ગ-૪** | | | **કુલ** | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | **મંજૂર** | **ભરાયેલ** | **ખાલી જગ્યા** | **મંજૂર** | **ભરાયેલ** | **ખાલી જગ્યા** | **મંજૂર** | **ભરાયેલ** | **ખાલી જગ્યા** | **મંજૂર** | **ભરાયેલ** | **ખાલી જગ્યા** | **મંજૂર** | **ભરાયેલ** | **ખાલી જગ્યા** |
| ૧ | ઇડર | સરકારી વિજ્ઞાન કોલેજ, ઇડર | ૧ | ૧ | ૦ | ૧૩ | ૧૩ | ૦ | ૫ | ૫ | ૦ | ૫ | ૩ | ૨ | ૨૪ | ૨૨ | ૨ |
| **કુલ** | | | **૧** | **૧** | **૦** | **૧૩** | **૧૩** | **૦** | **૫** | **૫** | **૦** | **૫** | **૩** | **૨** | **૨૪** | **૨૨** | **૨** |

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓની કુલ એકંદર** | **૧** | **૧** | **૦** | **૧૩** | **૧૩** | **૦** | **૫** | **૫** | **૦** | **૫** | **૩** | **૨** | **૨૪** | **૨૨** | **૨** |

**પત્રક-૧(અ)**

**જિલ્લો - અરવલ્લી**

| **ક્રમ** | **તાલુકો** | **કોલેજનું નામ** | **આચાર્ય** | | | **અધ્યાપક** | | | **પી.ટી.આઇ** | | | **ગ્રંથપાલ** | | | **વર્ગ-૩** | | | **વર્ગ-૪** | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | **મંજૂર** | **ભરાયેલ** | **ખાલી જગ્યા** | **મંજૂર** | **ભરાયેલ** | **ખાલી જગ્યા** | **મંજૂર** | **ભરાયેલ** | **ખાલી જગ્યા** | **મંજૂર** | **ભરાયેલ** | **ખાલી જગ્યા** | **મંજૂર** | **ભરાયેલ** | **ખાલી જગ્યા** | **મંજૂર** | **ભરાયેલ** | **ખાલી જગ્યા** |
| ૧ | મોડાસા | સર પી.ટી. સાયન્સ કોલેજ, મોડાસા, જિ. અરવલ્લી | ૧ | ૧ | ૦ | ૨૫ | ૧૨ | ૧૩ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧૯ | ૮ | ૧૧ | ૧૬ | ૨ | ૧૪ |
| **અરવલ્લી જિલ્લાનું કુલઃ-** | | | **૧** | **૧** | **૦** | **૨૫** | **૧૨** | **૧૩** | **૧** | **૦** | **૧** | **૧** | **૦** | **૧** | **૧૯** | **૮** | **૧૧** | **૧૬** | **૨** | **૧૪** |

**જિલ્લો - સાબરકાંઠા**

| **ક્રમ** | **તાલુકો** | **કોલેજનું નામ** | **આચાર્ય** | | | **અધ્યાપક** | | | **પી.ટી.આઇ** | | | **ગ્રંથપાલ** | | | **વર્ગ-૩** | | | **વર્ગ-૪** | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | **મંજૂર** | **ભરાયેલ** | **ખાલી જગ્યા** | **મંજૂર** | **ભરાયેલ** | **ખાલી જગ્યા** | **મંજૂર** | **ભરાયેલ** | **ખાલી જગ્યા** | **મંજૂર** | **ભરાયેલ** | **ખાલી જગ્યા** | **મંજૂર** | **ભરાયેલ** | **ખાલી જગ્યા** | **મંજૂર** | **ભરાયેલ** | **ખાલી જગ્યા** |

| | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | તલોદ | એસ.એમ.પંચાલ સાયન્સ કોલેજ, તલોદ | ૧ | ૧ | ૦ | ૨૮ | ૧૯ | ૯ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧૫ | ૬ | ૯ | ૧૬ | ૩ | ૧૩ |
| ૨ | હિંમતનગર | એચ.એન.એસ.બી. સાયન્સ કોલેજ, મોતીપૂરા, હિંમતનગર | ૧ | ૧ | ૦ | ૧૬ | ૧૬ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૮ | ૬ | ૨ | ૧૧ | ૮ | ૩ |
| **સાબરકાંઠા જિલ્લાનું કુલઃ–** | | | **૨** | **૨** | **૦** | **૪૪** | **૩૫** | **૯** | **૨** | **૨** | **૦** | **૨** | **૨** | **૦** | **૨૩** | **૧૨** | **૧૧** | **૨૭** | **૧૧** | **૧૬** |

| | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાનું એકંદર કુલઃ–** | **૩** | **૩** | **૦** | **૬૯** | **૪૭** | **૨૨** | **૩** | **૨** | **૧** | **૩** | **૨** | **૧** | **૪૨** | **૨૦** | **૨૨** | **૪૩** | **૧૩** | **૩૦** |

## મહેસાણા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના

૩૩૮૭૮ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગતકેટલા રોપાનું કેટલા ખર્ચે વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા રોપા જીવીત છે અને કેટલા રોપા નાશ પામેલ છે?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **રોપા (લાખમાં)** | **ખર્ચ (રૂ. લાખમાં)** |
|---|---|---|
| ૨૦૧૯–૨૦ | ૬.૭૮ | ૪૫૭.૩૬ |
| ૨૦૨૦–૨૧ (તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ) | ૬.૪૪ | ૨૯૯.૨૫ |

(૨)

| **વર્ષ** | **જીવીત રોપા (લાખમાં)** | **નાશ પામેલ રોપા (લાખમાં)** |
|---|---|---|
| ૨૦૧૯–૨૦ | ૫.૦૯ | ૧.૬૯ |
| ૨૦૨૦–૨૧ (તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ) | ૫.૪૭ | ૦.૯૭ |

## આણંદ જિલ્લામાં ઉચ્ચતર માધ્યમિક શાળાના વર્ગ વધારાની દરખાસ્તો

૩૯૫૩ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ જિલ્લામાં તાલુકાવાર બિન સરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાના વર્ગ વધારા માટે કેટલી દરખાસ્તો મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી તાલુકાવાર બિન સરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાના કેટલા વર્ગો મંજૂર કરવામાં આવ્યા?

**જવાબ**

(૧) પત્રક– ૧ મુજબ

(૨) પત્રક– ૨ મુજબ

**પત્રક ૧**

| **વર્ષ** | **જિલ્લો** | **તાલુકો** | **ગ્રાન્ટેડ** | | |
|---|---|---|---|---|---|
| | | | **ધો.૧૧ પ્રથમ (ક્રમિક વર્ગ)** | **ધો.૧૨ પ્રથમ** | **ધો. ૧૧/૧૨ વર્ગ વધારો** |
| તા. ૦૧–૦૧–૨૦૧૯ થી તા. ૩૧–૧૨–૨૦૧૯ (જૂન ૨૦૧૯) | આણંદ | આણંદ | ૦ | ૧ | ૩ |
| | | બોરસદ | ૦ | ૩ | ૨ |
| | | પેટલાદ | ૦ | ૦ | ૦ |
| | | ઉમરેઠ | ૧ | ૦ | ૧ |
| | | તારાપુર | ૦ | ૦ | ૦ |
| | | આંકલાવ | ૦ | ૦ | ૧ |
| | | સોજિત્રા | ૦ | ૦ | ૦ |
| | | ખંભાત | ૦ | ૦ | ૧ |
| | | **કુલ** | **૧** | **૪** | **૮** |
| તા. ૦૧–૦૧–૨૦૨૦ થી તા. ૩૧–૧૨–૨૦૨૦ (જૂન ૨૦૨૦) | આણંદ | આણંદ | ૦ | ૦ | ૧ |
| | | બોરસદ | ૦ | ૦ | ૧ |
| | | પેટલાદ | ૦ | ૦ | ૦ |
| | | ઉમરેઠ | ૦ | ૧ | ૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | તારાપુર | ૦ | ૦ | ૦ |
| | | આંકલાવ | ૦ | ૦ | ૧ |
| | | સોજિત્રા | ૧ | ૦ | ૦ |
| | | ખંભાત | ૧ | ૦ | ૧ |
| | | **કુલ** | **૨** | **૧** | **૫** |

**પત્રક ૨**

| વર્ષ | જિલ્લો | તાલુકો | ગ્રાન્ટેડ | | |
|---|---|---|---|---|---|
| | | | ધો.૧૧ પ્રથમ (ક્રમિક વર્ગ) | ધો.૧૨ પ્રથમ | ધો. ૧૧/૧૨ વર્ગ વધારો |
| તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ (જૂન ૨૦૧૯) | આણંદ | આણંદ | ૦ | ૧ | ૩ |
| | | બોરસદ | ૦ | ૨ | ૦ |
| | | પેટલાદ | ૦ | ૦ | ૦ |
| | | ઉમરેઠ | ૧ | ૦ | ૧ |
| | | તારાપુર | ૦ | ૦ | ૦ |
| | | આંકલાવ | ૦ | ૦ | ૧ |
| | | સોજિત્રા | ૦ | ૦ | ૦ |
| | | ખંભાત | ૦ | ૦ | ૧ |
| | | **કુલ** | **૧** | **૩** | **૬** |
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ (જૂન ૨૦૨૦) | આણંદ | આણંદ | ૦ | ૦ | ૦ |
| | | બોરસદ | ૦ | ૦ | ૧ |
| | | પેટલાદ | ૦ | ૦ | ૦ |
| | | ઉમરેઠ | ૦ | ૧ | ૧ |
| | | તારાપુર | ૦ | ૦ | ૦ |
| | | આંકલાવ | ૦ | ૦ | ૧ |
| | | સોજિત્રા | ૦ | ૦ | ૦ |
| | | ખંભાત | ૦ | ૦ | ૧ |
| | | **કુલ** | **૦** | **૧** | **૪** |

**ગીર-સોમનાથ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રાથમિક શાળામાં ઓરડાની ઘટ**

૩૩૯૩૫ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પહેલા સત્રમાં તા.૦૫-૦૩-૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ*૩૨૭૪ (અગ્રતાઃ ૩૯)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગીર સોમનાથ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ૧૭૭ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૨૧૮ ઓરડાઓ ખૂટતા હતા તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ કેટલા ઓરડાઓ જિલ્લાવાર બનાવવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર ખૂટતા ઓરડાઓની સંખ્યા કેટલી છે, અને

(૩) ઉક્ત ખૂટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

**જવાબ**

(૧)

| જિલ્લો | બનાવેલ ઓરડાની સંખ્યા |
|---|---|
| ગીર સોમનાથ | ૬૫ |
| દેવભૂમિ દ્વારકા | ૫૭ |

(૨)

| જિલ્લો | ખૂટતા ઓરડાની સંખ્યા |
|---|---|
| ગીર સોમનાથ | ૬૦ |
| દેવભૂમિ દ્વારકા | ૭૮ |

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી.

**અમરેલી અને મહેસાણા જિલ્લામાં ગૌચરમાં થયેલ દબાણો**

૩૩૯૪૭ **શ્રી અંબરીષભાઈભાઈ ડેર** (રાજુલા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પહેલા સત્રમાં તા.૧૨-૦૩-૨૦૧૮ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ*૫૨૧૯ (અગ્રતાઃ ૧૪૪) ના અનુસંધાને **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં હે.૬૫.૧૦.૯૫ અને મહેસાણાજિલ્લામાં હે.૪૩૬.૦૮.૫૬ ગૌચરની જમીનોમાં દબાણ થયેલ હતા તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા દબાણો દૂર કરવાના બાકી છે,

(૨) ઉક્ત દબાણો દૂર કરવા સરકારે શી કાર્યવાહી કરી, અને

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં હે.આરે.પ્ર. ૫૦.૭૪.૬૨ અને મહેસાણા જિલ્લામાં હે.આરે.પ્ર. ૧૦૭.૯૦.૬૯

(૨) સબજ્યુડીશ મેટરમાં નામ.કોર્ટના ચુકાદા બાદનિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવે છે. જ્યારે અન્ય કિસ્સામાં ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે. આ કાર્યવાહીની સમયાંતરે

(૩)ઉક્ત દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

સમીક્ષાકરવામાં આવે છે.

(૩) સબજ્યુડીશ મેટરમાં નામ.કોર્ટના ચુકાદા બાદ નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે. તેમજ અન્ય કિસ્સામાં ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈ મુજબ આનુષંગિક કાર્યવાહી કરવામાં આવશે.

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ**

૩૩૮૯૬ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

(૨) ઉક્ત જિલ્લાવાર કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે,

(૩) ઉક્ત પૈકી કેટલી આંગણવાડીઓ ભાડાના મકાન કે અન્ય જગ્યાએ ચાલે છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત પૈકી જે આંગણવાડીઓને પોતાનું મકાન નથી તેમને સત્વરે મકાન આપવા સરકારે શાં પગલાં લીધાં?

(૧) અમદાવાદ જિલ્લામાં૧૫૨૭ આંગણવાડીઓ.
ગાંધીનગર જિલ્લામાં૧૦૬૮ આંગણવાડીઓ.

(૨) અમદાવાદ જિલ્લામાં ૧૨૪૫ આંગણવાડીઓને.
ગાંધીનગર જિલ્લામાં ૯૫૫ આંગણવાડીઓને.

(૩) અમદાવાદ જિલ્લામાં ૨૮૨ આંગણવાડીઓ.
ગાંધીનગર જિલ્લામાં ૧૧૩ આંગણવાડીઓ.

(૪) આંગણવાડીઓ માટે જમીન મળ્યેથી વિવિધ સરકારી યોજનાઓ અંતર્ગત બાધકામ માટેની કામગીરી હાથ ધરવામાં આવે છે.

**રાજ્યમાં પ્રાથમિક શાળાઓ બંધ કરવા બાબત**

૩૪૬૫૧ **ડો. અનિલ જોષિયારા** (ભિલોડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકોની ઓછી સંખ્યા હોવાને કારણે છેલ્લા બે વર્ષમાં કેટલી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી, અને

(૨) ઉક્ત પ્રાથમિક શાળાઓ બંધ થવાના કારણે ઉક્ત સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં કેટલા શિક્ષકો ફાજલ પડ્યા છે?

**જવાબ**

(૧) ૨૮૬

(૨) ૫૫૯

**નર્મદા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની જગ્યાઓ**

૩૬૨૯૮ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડિયા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા નર્મદા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩)ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧) અને(૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૪ | ૦૪ | ૦૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**નર્મદા અને ભરૂચ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ**

૩૩૯૯૧ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

(૨) ઉક્ત જિલ્લાવાર કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે,

(૩) ઉક્ત પૈકી કેટલી આંગણવાડીઓ ભાડાના મકાન કે અન્ય જગ્યાએ ચાલે છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત પૈકી જે આંગણવાડીઓને પોતાનું મકાન નથી તેમને સત્વરે મકાન આપવા સરકારે શાં પગલાં લીધાં?

(૧) નર્મદા જિલ્લામાં – ૯૫૨ આંગણવાડીઓ.
ભરૂચ જિલ્લામાં – ૧૩૭૪ આંગણવાડીઓ.

(૨) નર્મદા જિલ્લામાં – ૯૩૨ આંગણવાડીઓને.
ભરૂચ જિલ્લામાં – ૧૨૫૨ આંગણવાડીઓને.

(૩) નર્મદા જિલ્લામાં – ૨૦ આંગણવાડીઓ.
ભરૂચ જિલ્લામાં – ૧૨૨ આંગણવાડીઓ.

(૪) આંગણવાડી માટે જમીન મળ્યેથી વિવિધ સરકારી યોજનાઓ અંતર્ગત બાધકામ માટેની કામગીરી હાથ ધરવામાં આવે છે.

–––––––––

તા. ૧૫મી માર્ચ ૨૦૨૧

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત(નિયમ-૧૧૬)

**મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા**

૩૬૨૪૬ **શ્રી ઋષિકેશભાઈ પટેલ** (વિસનગર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે, | (૧) ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત મહેસાણા જિલ્લાના તમામ તાલુકાઓની તમામ ૬૧૦ ગ્રામ પંચાયતોમાં અગાઉના વર્ષોમાં કમ્પ્યુટર ઉપલબ્ધ કરાવેલ હોઈ તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઈ ગ્રામ પંચાયતને કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ નથી, અને | (૨) તમામ ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ હોઇ પ્રશ્ન નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાકી રહેલ ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરાવવા સરકારનું શું આયોજન છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

અધ્યક્ષશ્રીની જાહેરાતો

અધ્યક્ષશ્રી દ્વારા લેવાયેલ નિર્ણયોની પુસ્તિકા અંગે

(૧) મારે એક જાહેરાત કરવાની છે. તા. ૧૯-૨-૨૦૧૮ના રોજ ૧૪મી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળ્યા બાદ વિધાનસભા સચિવાલયના સંચાલનની કાર્યવાહી તેમજ સત્ર દરમ્યાન ગૃહમાં કરવામાં આવતી કાર્યવાહી જુદા જુદા તબક્કે વિધાનસભાના માનનીય સભ્યશ્રીઓ માટે તેમજ વિધાનસભા સચિવાલયના અધિકારી, કર્મચારીઓ માટે કેટલાક વહીવટી નિર્ણયો કરીને તે મુજબના ફેરફારો કરવામાં આવ્યા છે. આ નિર્ણયોની એક પુસ્તિકા, એક નવી પહેલ ગુજરાત વિધાનસભા સચિવાલય અંતર્ગત ચલાવવામાં આવતા ગણેશ વાસુદેવ માવલંકર સંસદીય અભ્યાસ અને તાલીમ બ્યુરો દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ છે, જે આપની જાણ અર્થે આપના ટેબલ ઉપર મુકવામાં આવેલ છે. આશા છે કે વિધાનસભા ગૃહ તથા આ સચિવાલયના સંચાલન માટે કરવામાં આવેલ ફેરફાર થકી વિધાનસભા અને સચિવાલયની કામગીરીનું સુચારું વહીવટી આયોજન વધુ સુદ્રઢ બનશે.

**સભ્યશ્રીઓને સૂચના**

**ગૃહની ગરિમાને અનુરુપ વસ્ત્રો પહેરવા અંગે**

(૨) એક બીજી પણ મારે જાહેરાત કરવી છે કે વારંવાર અધ્યક્ષ સ્થાનેથી સૂચના આપવામાં આવે છે કે જરસી પહેરીને આવવું નહિ. તેમ છતાંય આજે એક માનનીય ધારાસભ્યશ્રી જરસી પહેરીને આવેલ છે.અમૂલ્ય પ્રશ્નકાળ ચાલતો હોવાથી તે વખતે મેં કોમેન્ટ કરી નહોતી. પણ છેલ્લે છેલ્લે બે મિનિટ પહેલા એ માનનીય ધારાસભ્યશ્રી ઉઠીને બહાર ગયા છે. ફરીવાર માનનીય તમામ સભ્યોને વિનંતી છે કે ગૃહનું ગૌરવ એ એક અલગ વસ્તુ છે. બહાર તમે શું પહેરો છો એ અમે જાણતા નથી. અહીંયા બનિયન પહેરીને કાલે આવશો. કાલે મનફાવે તેવાં કપડાં પહેરીને આવશો એ ન ચલાવી લેવાય. ફરીવાર વિનંતી કરું છું. નહિંતર જોવાની સાથે મારે ગૃહમાંથી બહાર જવા માટેનો આદેશ કરવો પડશે. ધન્યવાદ. નેક્સ્ટ.

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

ધરોઇની પાણી પુરવઠાની પાઇપલાઇન તૂટવા અંગે

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપરમાનનીય પાણી પુરવઠા મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

''તાજેતરમાં બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના ખરોડિયા નજીક ધરોઇની પાણી પુરવઠાની પાઇપ લાઇન તૂટતા લાખો લિટર પાણી છેલ્લા પંદર દિવસથી વેડફાઇ રહ્યું છે, ત્યારે સ્થાનિકોને પીવાનું પાણી ન મળતા રોષ ફેલાઇ રહ્યો છે. પાણીનો બગાડ ન થાય અને સ્થાનિકોને પીવાનું પાણી મળી રહે તે માટે સરકારે લીધેલાં કે લેવાં ધારેલાં પગલાં''

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા (પાણી પુરવઠા મંત્રીશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લાનો પશ્ચિમ ભાગ

કચ્છના રણને અડીને આવેલ છે. જ્યારે ઉત્તર-પૂર્વ ભાગ અરવલ્લીની ગિરિમાળા તળે ખડકાળ વિસ્તાર છે. બનાસકાંઠા જિલ્લાના વડગામ, ધાનેરા, પાલનપુર, દાંતીવાડા, ડીસા, થરાદ તાલુકામાં ભૂગર્ભ જળ દ્વારા મેળવવામાં આવતા પાણીની ગુણવત્તા પ્રભાવિત થયેલ છે. જેથી જૂથ યોજના મારફતે પાણી અપાય છે. જિલ્લાનો ઉત્તર પૂર્વ વિસ્તાર ખડકાળ હોવાથી ત્યાં ઉંડા બોર શકય નથી. આથી સાદા કુવા/હેન્ડપંપ આધારિત પાણી પુરવઠો કાર્યરત છે.

વડગામ તાલુકોઃ-

વડગામ તાલુકામાં કુલ ૧૦૯ ગામો છે. જેનો સમાવેશ અલગ અલગ કુલ ૦૩ જૂથ (૧) દાંતા-વડગામ-પાલનપુર જૂથ (૨) વડગામ-મુક્તેશ્વર જૂથ (૩) પાલનપુર ગ્રામ્ય જૂથ પાણી પુરવઠા યોજનામાં થયેલ છે. જે પૈકી ૫૪ ગામોને ધરોઇ જળાશય આધારિત વાવ તા.સતલાસણા જિ. મહેસાણા મુકામેના પાણી શુદ્ધીકરણ પ્લાન્ટમાં પાણીને શુદ્ધ કરીને આપવામાં આવે છે. તથા ૩૧ ગામોને મુક્તેશ્વર જળાશય આધારિત મોકેશ્વર મુકામેના પાણી શુદ્ધીકરણ પ્લાન્ટમાં પાણીનેશુદ્ધ કરીને આપવામાં આવે છે. બાકી રહેતા ૨૪ ગામોસ્વતંત્ર પાતાળ કુવા આધારિત વ્યક્તિગત યોજનાનું પાણી મેળવે છે.

ધરોઇ જળાશય આધારિત પાલનપુર તાલુકા જૂથ પાણી પુરવઠા યોજના તળેના ગોળા હેડવર્કસથી વડગામ તાલુકાના માલોસણા સેકશન તરફની ૩૫૫ ડાયામીટરની એચ.ડી.પી.ઇ. પાઇપ લાઇનમાં ખરોડિયા પાસે તા.૭-૩-૨૦૨૧ના રોજ લીકેજ થવા પામેલ. જેની જાણ તા.૭-૩-૨૦૨૧ના રોજ મરામત અને નિભાવણીની એજન્સીના સ્ટાફ મારફતે થતા સદર સેકશનનો પાણી પુરવઠો તાત્કાલિક બંધ કરવામાં આવેલ.

લીધેલાં પગલાં-

(૧) લીકેજ રિપેરિંગની કામગીરી તા. ૮-૩-૨૦૨૧ના રોજ તાકીદે પૂર્ણ કરીને પાણી પુરવઠો રાબેતા મુજબ કાર્યરત કરવામાં આવેલ છે.

(૨) સદર સેકશનનો પાણી પુરવઠો ૨૦ કલાક જેટલો બંધ રહેલ છે.

(૩) સદર સેકશનના ૬ ગામોની પાણી વિતરણ વ્યવસ્થા હવે પૂર્વવત કરેલ છે.

લેવાં ધારેલ પગલાં-

જૂથ યોજના આધારિત પાણી મેળવતા ગામોને જૂથ યોજનાનું પાણી નિયમિત મળી રહે તે માટે જરૂરી તમામ પ્રયત્નો કરવામાં આવે છે. તથા આકસ્મિક બ્રેક-ડાઉનના સંજોગોમાં તાકીદે રિપેર કરી પાણી પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવે છે રાજ્ય કક્ષાએ '૧૯૧૬' ટોલ ફ્રી નંબર પણ પીવાના પાણીને લગતી કોઇપણ ફરિયાદ માટે અમલી છે અને પીવાના પાણીના સપ્લાયમાં કોઇ વિક્ષેપ ન પડે તેના માટે તાત્કાલિક અને યુદ્ધના ધોરણે પુનઃસ્થાપવાની વ્યવસ્થા કરવામાં આવે છે.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને બે-ત્રણ સવાલ પૂછવા માગું છું. એક તો એમના નિવેદનમાં એમણે કહેલ છે કે બનાસકાંઠા જિલ્લાનો ઉત્તર-પૂર્વ વિસ્તાર ખડકાળ હોવાથી ત્યાં ઉંડા બોર શકય નથી. એ વાત સાચી છે અને ઊંડા બોર જેટલાકરીએ એટલા ભૂગર્ભ જળ આપણે ઊલેચી લઇએ. અને ઉત્તર ગુજરાતના ૨૪ તાલુકા ઓવર એક્ષપ્લોઇટેડ છે. પાણી વધુ ઊલેચી નાખ્યું છે. એમાં વડગામ તાલુકો પણ આવે છે. એટલે ઊંડા બોર કરવા શકય નથી અને હિતાવહ પણ નથી. બીજી બાજુ એમના નિવેદનમાં એમ પણ કહ્યું છે કે વડગામ તાલુકાના ૩૧ જેટલા ગામોનેધરોઇ જૂથનું પાણી આપવામાં આવે છે. બાકીના ગામો ન એ બોર કરી શકે છે, ન ધરોઇ જૂથ યોજનાનું પાણી મળે છે! તો વડગામ તાલુકાના પાણીનો પ્રશ્ન...

## અધ્યક્ષશ્રીનો અગત્યનો નિર્ણય

## સભાગૃહમાં યોગ્ય વસ્ત્રો પહેરવા બાબત

અધ્યક્ષશ્રી : માનનીય જિગ્નેશભાઇ, એક મિનિટ. માનનીય વિમલભાઇ ચુડાસમાજી, અગાઉ પણ આપે સાંભળ્યું છે અને તમને અને મને ખબર છે કે જરસી પહેરીને અહીંયા આવવું યોગ્ય નથી. આપ આપનું યુનિફોર્મ બદલીને આવો. જે પહેર્યું છે એ બદલીને આવો. શર્ટ પહેરો, ઝભ્ભો પહેરો, કોટ પહેરો. હું આપને વિનંતી કરું છું કે..

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી,(અંતરાય) આવો કોઇ કાયદો નથી કે શું પહેરીને આવવું!

અધ્યક્ષશ્રી : પ્લીઝ, આપ કાયદાને ચેલેન્જ કરશો નહિ. સભાગૃહનું માન જાળવવાની જવાબદારી તમામ માનનીય ધારાસભ્યશ્રીની છે. આપ માનનીય ધારાસભ્યશ્રી છો. એનો અર્થ એવો થયો કે આપ જાણીબૂઝીને જરસી પહેરીને આવ્યા છો. આપને હું વિનંતી કરું છું કે આપ ગૃહમાંથી બહાર જાઓ.(અંતરાય) આપ ગૃહમાંથી બહાર જાઓ. શર્ટ ના હોય તો બીજા પાસેથી ઉછીનું લઇ આવો. હું આ નહિ ચલાવી લઉં. (અંતરાય)હું કંઇ જ સાંભળવા માગતો નથી. પહેલા મેં જાહેર કરેલું જ છે. આપ જાણી જોઇને અધ્યક્ષના નિર્ણયોનું ઉલ્લંઘન કરો છો. આમાં કોઇ વિવાદ ના હોઇ શકે? આમાં કોઇ ચર્ચા ના હોઇ શકે?

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું તમને નમ્ર વિનંતી કરું છું. (અંતરાય) વિધાનસભામાં જ્યારે ઉમેદવારી કરવા ગયો ત્યારે આ જ કપડામાં ગયેલ છું.

અધ્યક્ષશ્રી : તમે કેવા કપડામાં ગયેલા મારે એ નથી જાણવું. લોકો પાસે કેવા જાવ છો એ પણ મારે નથી જાણવું. (અંતરાય) આ સભાગૃહની અંદર...(અંતરાય) આપ જીભાજોડી ન કરશો. અધ્યક્ષે નિર્ણય જાહેર કરેલો છે. પહેલાંય કહેલું છે. આજે ફરીવાર કહેલ છે. આપને વિનંતી કે આપ ગૃહ છોડીને બહાર જતા રહેશો. આપ ગૃહ છોડીને બહાર જતા રહેશો. (અંતરાય) હું આમાં કશું નહિ સાંભળું. પછી કહેજો. પહેલા આપના ધારાસભ્યશ્રીને સમજાવો કે અધ્યક્ષશ્રીના હુકમનો અનાદર કરી રહ્યા

છે. મારે તમને ઠપકો આપવો પડી રહેલ છે. હું આપને ફરીવાર વિનંતી કરું છું કે, આપ ગૃહની બહાર જાઓ. આપ ડ્રેસ ચેઇન્જ કરીને આવો. આપ ડ્રેસ ચેઇન્જ કરીને આવો.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા :માનનીય અધ્યક્ષશ્રી, સોમનાથની પ્રજાએ મને આ સર્ટિફિકેટ આપ્યું છે.

અધ્યક્ષશ્રી : ના, ના તમારા આ સર્ટિફિકેટની મારે અહીં જરૂર નથી. તમે માનનીય ધારાસભ્ય છો એટલે ગૃહમાં તમે ગમે તે રીતે ન આવી શકો. ગમે તે કપડામાં ન આવી શકો.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ગમે તે...

અધ્યક્ષશ્રી : પ્લીઝ યસ, આ રમતગમતનું મેદાન નથી. તમે ફરવા નીકળ્યા નથી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું આ રીતે જ કપડાં પહેરીને આવું છું.

અધ્યક્ષશ્રી :પ્રોટોકોલ હોય છે. એક યુનિફોર્મનો પ્રોટોકોલ હોય છે. પ્લીઝ, આપને હું.... આવી રીતે નહીં ચાલે. સાર્જન્ટ, સાર્જન્ટ કેટલા છે? એમને બહાર લઇ જાઓ. હું આપને વિનંતી કરું છું કે, તમે બહાર જાઓ નહીંતર તમને લઇ જવા પડશે. હજુ ફરીવાર કહું છું.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મારું અપમાન....

અધ્યક્ષશ્રી : આમાં કોઇ અપમાન નથી. તમે તમારી જાતે તમારું અપમાન ઉભું કરો છો. આપ, પ્લીઝ બહાર જાઓ. આપ, પ્લીઝ બહાર જાઓ. બિલકુલ ખોટી વાત છે. આ નહીં ચલાવી લેવામાં આવે. કાલે ઉઠીને કોઇ ગમે તેવા કપડાં પહેરીને આવશે, નહીં ચાલે. (અંતરાય)

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપને નમ્ર વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : આપની વિનંતી મેં સાંભળી લીધી. આપ યુનિફોર્મ ચેઇન્જ કરીને આવો. આપ જાણીબૂઝીને આવ્યા છો. જાણીબૂઝીને આવ્યા છો. સમજીને આવ્યા છો. આ ગૃહનું તમે અપમાન કરો છો. આ ગૃહનું તમે અપમાન કરો છો. આપ બહાર નીકળો. હજી તમે બોલી રહ્યા છો. એમનું માઇક બંધ કરો. સાહેબ, કાં તો તમે દરખાસ્ત મૂકો. ત્રણ-ચાર દિવસ સસ્પેન્ડ કરવાની દરખાસ્ત મૂકો. કેમ કે, ગૃહનું અપમાન આપણા બધાનું અપમાન છે. (અંતરાય) ગૃહના અધ્યક્ષનું અપમાન છે. એમને પહેલાં બહાર લઇ જાઓ. કશું કંઇ સાંભળવામાં નહીં આવે. પ્લીઝ, હમણાં નથી સાંભળવું. પહેલાં તે બહાર જાય પછી જ સાંભળીશ. પછી જ સાંભળવામાં આવશે. તે જાણી જોઇને, સાંભળીને (અંતરાય) આ રીતે ન હોય. મારી ચેમ્બરમાં આવીને જે કહેવું હોય તે આ બાબતમાં કહેશો.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી...

અધ્યક્ષશ્રી :કશું સાંભળવું નથી. એમને બહાર લઇ જાઓ, પ્લીઝ, પ્લીઝ.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર સમાજનું અપમાન છે.

(આ તબક્કે સભ્યશ્રી વિમલભાઇ ચુડાસમા સભાગૃહ છોડી ગયા.)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજ્યકક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આપણી ગુજરાત વિધાનસભાની અંદર વિધાનસભાની ઐતિહાસિક પરંપરા રહી છે. આ પરંપરા અને પ્રણાલિકાઓના આધાર ઉપર ગુજરાત વિધાનસભામાં નીતિ-નિયમો અને પ્રણાલિકાઓના આધાર ઉપર આ સભાની કાર્યવાહી ચાલતી હોય છે. કયારેય કોઇ સભ્ય દ્વારા કોઇ શરતચૂક કરવામાં આવે તો આપના દ્વારા તેમનું ધ્યાન દોરવામાં આવે છે. આપે સ્પેસિફિક ઇસ્યુમાં થોડા દિવસ પહેલાં આ સન્માનનીય સભાગૃહમાં પહેરવેશ અને ડ્રેસકોડના સંદર્ભમાં આ સભાગૃહને યોગ્ય લાગે તેવો અનુરૂપ અને જે પરંપરાગત આપનો ડ્રેસ હોય તેવો તેપ્રમાણેના પહેરવેશ પહેરીને આવવું તેવુંઆપના દ્વારા સન્માનનીય સભાગૃહના સૌ સભ્યશ્રીઓને માર્ગદર્શન આપવામાં આવેલ. આપે જે ઉલ્લેખ કર્યો તેના પછી પણ ફરીથી માનનીય અધ્યક્ષશ્રી દ્વારા આપેલા નિર્ણયનો અનાદર કરીને જે પ્રમાણેની કોંગ્રેસના સભ્ય દ્વારા જે પ્રમાણેની સામેથી દલીલો કરવામાં આવી છેતે અત્યંત અયોગ્ય છે. હું વિપક્ષના નેતાને વિનંતી કરું કે તેમના ધારાસભ્યને સમજાવે અને જો તે ન માનતા હોય તો સભાગૃહની આજની કાર્યવાહીમાંથી તેમને સસ્પેન્ડ કરવામાં આવે. આજની કાર્યવાહી નહીં તેમને ત્રણ દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવે તેવી મારી દરખાસ્ત છે.

અધ્યક્ષશ્રી : ના, પ્લીઝ....

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સો ટકા, સભાગૃહના સંચાલનના માધ્યમમાં આપના નિર્ણયો હોય છે તે સર્વોપરી હોય છે. શ્રી વિમલભાઇ જે ડ્રેસ પહેરીને આવ્યા તેમાં પહેલાં પણ આપે ટોક્યા હતા. ઘણા બધા લોકો ડ્રેસ પહેરે છે. વિધાનસભામાં ભૂતકાળમાં નિયમોમાં એવું લખેલું છે કે, કાળાં કપડાં પહેરીને ન આવવું. બ્લેક ડ્રેસ.... મારી વાત પૂરી થવા દો.

અધ્યક્ષશ્રી : અત્યારે વાત એ નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એવું નહીં.

અધ્યક્ષશ્રી : અત્યારે વાત આટલી જ છે કે એમણે જે દલીલ કરી, સામે જે રજૂઆત કરી કે હું તો આ સર્ટિફિકેટ લઇને આવ્યો છું, હું તો આવા કપડાં પહેરીને આવીશ. કાલે ઉઠીને કોઇ બાંડીયું પહેરીને આવશે. કોઇ એકલી બનિયાન પહેરીને આવશે તો તે મારે ચલાવી લેવાનું છે? આપ પરંપરાઓ તો સમજો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના નિર્ણય સાથે સંમત છું. ના નથી પાડતો. વિધાનસભાગૃહની અંદર કાળાં કપડાં પહેરીને ન આવવું તેમ છતાં ઘણાંબધાં લોકો કાળાં કપડાં પહેરીને આવે છે. ભાઇ, શ્રી વિમલભાઇની વાત નથી. ગઇ વખતે આપે ટોક્યા હતા. ઘણા બધા મંત્રી, સભ્યશ્રીઓ પણપહેરીને આવે છે. તે વર્ષોથી અને શ્રી વિમલભાઇને આપ જોશો તો તે ટીશર્ટ અને

પેન્ટમાં જ હોય છે. આપની વાત સાથે હું સંમત છું માનનીય અધ્યક્ષશ્રી, અને બીજું માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના નિયમોમાં કોઇ જગ્યાએ લખ્યું ન હોય કે કપડાં કેવા પહેરવા (અંતરાય) અને કેવા ન પહેરવા.

અધ્યક્ષશ્રી : ના, નિયમોની કોઇ જરૂર નથી. આપ શું કહેવા માગો છો?

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય પ્રદિપસિંહજી જે દરખાસ્ત લઇને આવ્યા છે એમાં આ તમામ સભ્યશ્રીઓનું અપમાન છે. સવાલ શ્રી વિમલભાઇનો નથી. વિધાનસભાની હમણાં જ બુકલેટ બહાર પાડી છે એ બુકલેટમાં તમારે લખવું જોઇએ કે આવા કપડા પહેરવા જોઇએ અને આવા કપડા ન પહેરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : બધાને એવી સમજણ હોવી જોઇએ, આપણને એવી સામાન્ય સમજણ હોવી જોઇએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપનો નિર્ણય અમે માન્ય રાખીએ છીએ પણ જે રીતે દરખાસ્ત લઇને આવ્યા છે એ રાજકીય દરખાસ્ત છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીએ જે રીતે વાત કરી છે એ બિલકુલ અયોગ્ય હતી. એ શબ્દો આપ ફરીવાર સાંભળી લો, એ જે શબ્દો એમણે કહ્યાં કે હું તો આવો ચૂંટાઇને આવ્યો છું. તો કાલે ઉઠીને કોઇ ગમે તેવો ચૂંટાઇને આવ્યો હોય, ગમે તેવાં કપડાં પહેરવાની એમને છૂટ છે એવું નથી. કાળાં કપડાંની વાત આપ કરો છો એ પણ નિર્ણય ક્યારે લેવો પડ્યો છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એ જે વાત કરે છે એ યોગ્ય નથી. એમાં વિધાનસભાના અધ્યક્ષશ્રીનો એ નિર્ણય હતો કે, એક સાથે તમામ વિપક્ષના લોકો કાળાં કપડાં પહેરીને આવ્યા હતા અને એ પ્રદર્શન કર્યું હતું એ અયોગ્ય છે. કાળા શર્ટ ન પહેરવા એવો નિર્ણય નથી. આ નિર્ણયની સામેનો અધ્યક્ષશ્રીનો નિર્ણય છે એટલે આ વાત કરીને *(xxx)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદિપસિંહજી જે દરખાસ્ત લઇને આવ્યા છે, આ ચેરનો ખૂબ આદર છે, આપની લાગણી સાથે પણ અમે સંમત છીએ પણ માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના સંવિધાનમાં આઝાદી કાળથી હરવા, ફરવા, ખાવા, પીવા, પહેરવાની દરેક વ્યક્તિને આઝાદી મળેલી છે.

અધ્યક્ષશ્રી : આ વાત સાથે હું કોઇ કાળે સંમત થતો નથી. આપની વાત એવી છે કે, ગમે તેવાં કપડાં પહેરીને આવે તો ચલાવી લેવાનું. એવો આપનો તર્ક છે?આપનો એવો તર્ક છે?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મને સાંભળો તો ખરા.

અધ્યક્ષશ્રી : આપ, પહેલા મને ખુલાસો કરો, આપ, મને ખુલાસો કરો પ્લીઝ.

શ્રી પરેશ ધાનાણી : અમારે ત્યાં કહેવત છે કે, બાર ગાઉએ બોલી બદલાય, સોળ ગાઉએ....(અંતરાય)

અધ્યક્ષશ્રી : બોલીની વાત ચાલતી નથી. એ બધી વાત જુદી છે, આનો કોઇ અંત નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર પણ પહેરવેશની વિવિધતા છે. આ ગૃહના સભ્ય ધોતી પહેરીને આવે છે, કોઇ પેન્ટ પહેરીને આવે છે, કોઇ લેંઘો પહેરીને આવે છે પણ આ દેશમાં જે પૂરુંષનો પહેરવેશ છે એમાં ટોપની ખૂબ મર્યાદાઓ છે.

અધ્યક્ષશ્રી : આપ જે વાત કરી રહ્યા છો એ યોગ્ય નથી. લેંઘા માટે કોઇએ ના પાડી નથી. લેંઘો ઝભ્ભો પહેરીને આવે એમાં મને વાંધો નથી પણ તમે શું કહેવા માગો છો એ કહોને?

શ્રી પરેશ ધાનાણી :માનનીય અધ્યક્ષશ્રી, એક ઝભ્ભો બીજું શર્ટ અને ત્રીજું ટીશર્ટ. એટલે મારી આપને વિનંતી છે કે, આ સરકાર જે દરખાસ્ત લાવી છે એ સંવૈધાનિક અધિકારોથી વિરુદ્ધની દરખાસ્ત છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ બેસો, અહીં વાત ચાલે છે ત્યારે આપ બેસો પ્લીઝ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એક તો સરકાર જે દરખાસ્ત લાવી છે આ દેશના સંવૈધાનિક અધિકારોનું હનન છે. બીજું પૂરુંષના..(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓ, અંદરો અંદર વાત કરવાની નથી, આપ બેસો, આપ બેસો પ્લીઝ. (અંતરાય) મારું ધ્યાન દોરો, હું કહીશ. તમે બેસો તો ખરા, તમે બેસો તો ખરા, હા, તો મને કહેજો મારું ધ્યાન દોરો, બેસો, બે મિનિટ અને આ રીતે વચ્ચે બોલ બોલ ના કરશો, પ્લીઝ. એક મિનિટ. અન્ય કોઇ માનનીય ધારાસભ્યશ્રી ટીશર્ટ પહેરીને આવ્યા છે? (અંતરાય) આ વાતનો કોઇ અર્થ રહેતો નથી. (અંતરાય) આપ બેસો પ્લીઝ, આપ બેસો પ્લીઝ, આપને હું કશું કહેતો નથી. આપ બેસો. પ્લીઝ, પ્લીઝ, આ ટીશર્ટ નથી. જર્શી પહેરવી અને ટીશર્ટમાં ફરક છે. હું નિર્ણય આપીશ. આનાથી પણ વધારે સારો નિર્ણય આપીશ.

શ્રી પરેશ ધાનાણી : બે જ મિનિટ સાહેબ, આ ખૂબ મહત્વનો મુદ્દો છે, બીજું પૂરુંષના પહેરવેશની મર્યાદાઓ બહુ સિમિત છે, બોટમની અંદર યા તો ધોતી પહેરે, યા તો લેંઘો પહેરે, યા તો પાટલૂન પહેરે, એમ ટોપ જે છે એમાં પણ યા તો ઝભ્ભો પહેરે, યા તો શર્ટ પહેરે યા તો ટી-શર્ટ પહેરે. કોઇ ચોઇસ નથી. ત્રીજી વસ્તુ..

અધ્યક્ષશ્રી : કેજ્યુઅલ વેરમાં જો સમજ ના પડતી હોય આ સભાગૃહમાં કેજ્યુઅલ વેર શબ્દ સમજો છોને આપ બધા? એ ન હોવું જોઇએ, આમાં આટલી જ વાત છે.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૧૫મી માર્ચ ૨૦૨૧
## અધ્યક્ષશ્રીનો અગત્યનો નિર્ણય

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી ત્રીજી વાત,..

અધ્યક્ષશ્રી : ચાલો,આપની વાત આવી ગઇ, આવી ગઇ,

શ્રી પરેશ ધાનાણી : આજે ગુજરાત અને ભારત દેશમાં રહેલા યુવાનોનો ડ્રેસ કોડ સમયની સાથે સ્વીકારવામાં આવે તો જીન્સ અને ટી–શર્ટ, જીન્સ અને શર્ટ, જીન્સ અને ઝભ્ભો..

અધ્યક્ષશ્રી : આવી ગઇ વાત, માનનીય પરેશભાઇ, સામ સામે નહિ, મને આપે ઘણું બધું કહી દીધું, મેં સાંભળ્યું પણ ખરું પ્લીઝ, આપ બેસી જાઓ (અંતરાય) આવી રીતે, આ ભાષામાં વાત ન થાય, માનનીય પરેશભાઇ, આ ભાષામાં વાત ન થાય પ્લીઝ, આપ બેસો, તમે આ મર્યાદા ચૂક કરો છો, પ્લીઝ, આવી ભાષામાં વાત ન થાય. તમારે રજૂઆત જે કરવી હોય તે કરો. બેસી જાઓ, બેસીને વાત કરીએ, આપણે બેસીને વાત કરીએ, મર્યાદા ચૂક ન કરીએ. આપણી ભાષા ચૂક ન કરીએ, શબ્દો તો સારા વાપરીએ. કઇ રીતે બોલી રહ્યા છો તે તો વિચારો. પ્લીઝ બેસો, પ્લીઝ બેસો. પ્લીઝ, બધા બેસી જાઓ. પ્લીઝ બેસી જાઓ બધા.

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, બધા સભ્યશ્રીઓને મારી વિનંતી છે. વાત બહુ નાની છે, આપણે વાતને બહુ મોટી ન કરીએ, આપણા બધાના ગૌરવની વાત છે કે, હાઉસની શોભા, એના માટે અપેક્ષિત ડ્રેસ કોડની આવશ્યકતા છે, આ વિષય એટલા માટે ભાઇ શ્રી વિમલભાઇ માટે ઉભો થયો કે બે દિવસ પહેલાં વિમલભાઇને કહેવામાં જ આવ્યું છે, અધ્યક્ષશ્રીએ જ કહ્યું છે કે ભાઇ તમે ટી–શર્ટ ના પહેરો અને આવતી વખતે આવો ત્યારે તમે બીજો ડ્રેસ પહેરીને આવો. છતાંય આજે ટી–શર્ટ પહેરીને તેઓ આવ્યા. એક વખત શ્રી જયેશભાઇના સંદર્ભમાં અધ્યક્ષશ્રીએ ટકોર કરી તો શ્રી જયેશભાઇ બપોરે જ ઘેર જઇને ઝભ્ભો પહેરીને આવ્યા. એટલે વિષય બહુ એટલો ખેંચવાની આવશ્યક્તા નથી. આપણા બધાનું ગૌરવ આ બધું ચર્ચામાં નથી, આવશ્યક છે કે સારો ડ્રેસ પહેરીને બધા આવે, ટી–શર્ટ એ બહાર હરવા ફરવા રમવા માટેનો ડ્રેસ કોડ છે કાલે સવારે કોઇ જોગીંગના કપડાં પહેરીને આપણે અહીંયા આવીએ, અધિકાર છે, સ્વાતંત્ર્યતા છે તમારે શું પહેરવું શું ન પહેરવું. પણ આ હાઉસની પણ એક ગરિમા છે એટલા પૂરતી અધ્યક્ષશ્રીની ચિંતા છે આપણે બધા સહકાર આપીએ આ બહુ નાની બાબત છે આને કંઇ મોટી કરવાની જરૂર નથી. મારી એટલી વાત છે. માનનીય અધ્યક્ષશ્રી, અમે દરખાસ્ત પાછી ખેંચીએ છીએ અને વિષયને અહીંયા પૂરો કરી અને હવે શ્રી વિમલભાઇ ટી–શર્ટને બદલે ઝભ્ભો લેંઘો, પેન્ટ શર્ટ પહેરીને આવે એટલી તમે સૂચના આપો અને આ વિષયને અહીંયા પૂરો કરો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે એટલા માટે કે આ બધા સન્માનનીય સભ્યશ્રીઓ જાણતા હશે કે ૧૫ ઓગસ્ટ હોય, ૨૬મી જાન્યુઆરી હોય, માનનીય રાષ્ટ્રપતિજી આવવાના હોય, માનનીય વડાપ્રધાનશ્રી આવવાના હોય ત્યારે સરકાર તરફથી જેમને પણ આમંત્રણ આપવામાં આવે છે એમાં નીચે નોંધ લખેલી હોય છે કે આ પ્રકારના પોષાકમાં આવવું. ફોર્મલ–ઇનફોર્મલ, એ ભારતની બંધારણીય રીતે કહેવાય, પણવણલખેલી પ્રણાલી છે, કાલે ધ્વજવંદન થતું હોય, કોઇ વિદેશી મહેમાન આવતા હોય, રાષ્ટ્રપતિ આવતા હોય ત્યારે તમે ગમે તેવા કપડામાં જાઓ તો તમને નથી દેખાતા તમે કોઇ દેશનું, રાજ્યનું કે કોઇ સંસ્થાનું પ્રતિનિધિત્વ કરો છો એમ માનનીય અધ્યક્ષશ્રીએ બહુ સાચું કહ્યું છે કે, અહીંયા કોઇપણ વ્યક્તિ હોય, એમના વિસ્તારમાં, એમના ઘરમાં એમને જે કરવું હોય એ કરે પણ આ ગૃહ એ સન્માનનીય બધા જ સભ્યો જેને આપણે ન્યાયનું મંદિર કરીને વાત કરીએ છીએ આ ગરિમા પૂર્ણ છે. એનું સન્માન જાળવવું એ આપણી જરૂરિયાત છે. બીજું, શ્રી શૈલેષભાઇ અને શ્રી પરેશભાઇ જે દલીલ કરે છે અને અચાનક થયું વિગેરે વિગેરે, સાહેબ, આપે વારંવાર ટકોર કરી છે. અને જે માનનીય ધારાસભ્યશ્રીઓ જર્સી પહેરતાં હતા, તેમના શોખથી પહેરતાં હતા તેમનો કોઇ વાંધો પણ ન હોય પણ આપની સૂચના પછી, આપના નિર્ણય પછી અને શ્રી પરેશભાઇ, શ્રી શૈલેષભાઇ એમ કહે છે કે નિયમ બતાવો ? સાહેબ, કેટલાય નિયમો એવા છે કે જે ચોપડીમાં છાપેલા ન હોય પણ માનનીય અધ્યક્ષશ્રી જે રૂલિંગ આપે તે વણલખ્યો નિયમ, પ્રણાલિ થઇ જાય છે, તમે તો બધા જાણકાર છો. ઇંગ્લેન્ડનું આખું બંધારણ વણલખેલું બંધારણ છે પ્રણાલિગત રીતે ઇંગ્લેન્ડની પાર્લામેન્ટ ચાલે છે. તો મુખ્યમંત્રીશ્રીએ કહ્યું તે બરાબર કહ્યું કે નાની વાતને મોટું સ્વરૂપ આપવાની જરૂર નથી. પ્રશ્ન એ છે શ્રી શૈલેષભાઇ, શ્રી પ્રદિપસિંહને દરખાસ્ત કેમ મૂકવી પડી? જે રીતે શ્રી વિમલભાઇએ માનનીય અધ્યક્ષશ્રી સામે દલીલો કરી, ચડભડ કરી, ગુસ્સો ઠાલવ્યો (અંતરાય) નહીં, નહીં એવી રીતે અધિકાર ન હોય. પહેલાં માનનીય અધ્યક્ષશ્રીના આદેશને સમજવો જોઇએ, માનવો જોઇએ અને તેમને કંઇક કહેવું હોય, (અંતરાય) હા, તો બહાર જઇને પછી વાત કરવી જોઇએ. અહીંયા બેસીને ચડભડ કેમ કરે? અહીંયા ચડભડ કરે તે ન કરી શકાય. અધ્યક્ષશ્રીનો નિર્ણય, તે અધ્યક્ષશ્રીનો નિર્ણય સાચો હોય કે ખોટો લાગતો હોય તો પણ તે વખતે માની લેવો પડે. (અંતરાય)

શ્રી વિજયકુમાર રૂપાણી : એક વખત માનનીય અધ્યક્ષશ્રી નિર્ણય આપી દે પછી દલીલ ન કરાય તેમની ચેમ્બરમાં જઇને જે વાત કરવી હોય તે કરાય. તેમણે આ રીતે કર્યું તેમાં તેમની ગરિમા ઘટી છે. એ રીતે તેમણે ન કરાય.

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ, બેસો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દરેક જગ્યાએ અધિકાર ન હોય. (અંતરાય) તો વાત પૂરી કરો અને તમારા સભ્યોને સૂચના આપો કે આવુ નહીં પહેરવાનું એટલે વાત પૂરી થઇ ગઇ. તમે આનો બચાવ કરો છો. શ્રી પરેશભાઇ બચાવ કરે છે. શું પહેરવું અને શું ન પહેરવું અને અધિકાર છે અને ફલાણું અને ઢીંકણું અને વાત કયાંય લઇ જાય છે!

અધ્યક્ષશ્રી : એ જે શબ્દો બોલ્યાં છે તે રેકર્ડ પર છે, હું તે રેકર્ડ પરના શબ્દો લઇને મારો નિર્ણય પણ આપીશ અને આપને કોપી પણ આપીશ કે આ વાંચો શું બોલ્યાં છે? માનનીય સભ્યશ્રીને બોલવાનો અધિકાર છે તે વાત જુદી છે પણ તે શું બોલ્યા છે તે આપે સમજવું જોઇએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રજામાંથી ચૂંટાઇને આવ્યો અને હું આવો છું અને તેવો છું (અંતરાય) ભાઇ, તમારે બહાર જે કરવું હોય તે કરોને. સાહેબ, આ લોકો હાથે કરીને ગાડી અવળા પાટે લઇ જાય છે.

અધ્યક્ષશ્રી : હું બધાને વિનંતી કરું છું આપ બેસી જાવ. તેમણે દરખાસ્ત પાછી ખેંચી લીધી છે આ બાબતમાં મારે જે કહેવાનું હશે તે કહીશ. પ્લીઝ, આપ બેસી જાવ.

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)(ક્રમશઃ)

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આજે ખબર પડી કે જાહેર અગત્યની બાબત કોને કહેવાય! આપના માધ્યમથી માનનીય પાણી પુરવઠા મંત્રી સાહેબને નોટિસ બાબતે બે પ્રશ્નો પૂછવા માગું છું. એક તો માનનીય મંત્રીશ્રીએ તેમના નિવેદનમાં કહ્યું છે કે બનાસકાંઠા જિલ્લાનો ઉત્તર પૂર્વ વિસ્તાર ખડકાળ હોવાથી ત્યાં ઉંડા બોર શકય નથી. અમે કહ્યું તે પ્રમાણે ઉત્તર ગુજરાતના જે ૨૪ તાલુકા ઓવર એકસપ્લોઇટેડ જયાં ખૂબ પાણી આપણે ઓલરેડી ઉલેચી ચૂકયા છીએ અને જેના કારણે ભૂગર્ભ જળ ખૂબ ઉંડા ગયા છે, એમાં વડગામનો પણ સમાવેશ થાય છે. મંત્રી સાહેબનું પણ કહેવું છે કે ઉંડા બોર કરવા શકય નથી, તે હિતાવહ પણ નથી. બીજી બાજુ વડગામના તમામ ગામોમાં ધરોઇ જૂથ યોજનાનું પાણી પણ મળતું નથી. આ પરિસ્થિતિમાં વડગામના ખેડૂતો અને નાગરિકો માટ ખૂબ અનિવાર્ય છે કે ત્યાંના મુકતેશ્વર ડેમ અને કરમાવત તળાવને નર્મદાની કેનાલ સાથે લીંક કરવામાં આવે. આ બાબતનું મંત્રીશ્રીનું કોઇ આયોજન છે કે કેમ ? બીજો સવાલ કે ધરોઇનું પાણી વડગામના તમામ ગામોમાં નથી મળતું તે પરિસ્થિતિમાં ત્યાંના અધિકારીઓ સાથે એકથી વધારે વખત મારી વાત થઇ છે, ખેડૂતો સાથે પણ વાત થઇ છે લોકોની એવી ડિમાન્ડ છે અને તે બાબતે હું આપને બહુ રીસ્પેકટફૂલી વિનંતી કરું છું કે જો નવી લાઇનો અને નવા સબ હેડવર્કસ આપણે ઉભાં કરીએ તો ત્યાં પાણીનો પ્રશ્ન કંઇક અંશે તેનું નિરાકરણ થાય તેવું છે તો મુકતેશ્વર અને કરમાવતમાં નર્મદાનું પાણી આવે, નવી લાઇનો નંખાય અને નવા સબ હેડવર્કસ ચાલુ થાય તે બાબતે કોઇ આયોજન છે કે કેમ ?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે ચિંતા કરી છે એક તો મુકતેશ્વર ડેમમાં નર્મદાનું પાણી નાંખવા માટેનો એ આખો વિષય છે તે માનનીય સિંચાઇ મંત્રીશ્રીના તાબામાં જશે. એટલે એમાં અમને અલગથી નોટીસ મળશે તો સિંચાઇ વિભાગ એમને જવાબ આપી શકશે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આમાં અલગથી નોટીસનો પ્રશ્ન નથી. આ એમનું સજેશન છે એ ધ્યાનમાં લેવામાં આવે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, બીજું કે ખાસ કરીને અત્યારે વડગામ તાલુકામાં પીવાનું પાણી અપાય છે એમાં ત્રણ જુદી-જુદી જૂથ યોજનાના માધ્યમથી અપાય છે. દાંતા, વડગામ, પાલનપુર જૂથ યોજના છે. બીજી પાલનપુર ગ્રામ્ય જૂથ પાણી પુરવઠા યોજના છે અને ત્રીજી મુક્તેશ્વર ડેમ આધારિત જૂથ યોજના છે. જ્યાં સુધી આ પ્રશ્નને લાગે વળગે છે ત્યાં સુધી વડગામ તાલુકામાં ૧૦૯ ગામ છે. એમાંથી ૮૫ ગામોને પીવાનું પાણી આપીએ છીએ. એમાંથી બે ગામમાં પીવાના પાણીનો સ્થાનિક સોર્સ હોઇ એ ગામોએ ના પાડી છે. બાકીના ૨૨ ગામોને તાંત્રિક ખામીના કારણે પૂરતું પાણી પહોંચાડી શકાતું નથી. આ યોજના વર્ષ ૨૦૦૬માં બનેલ છે. પાઇપ લાઇન વગેરે બદલવા માટેનું આયોજન કર્યું છે. એના ટેન્ડર થઇ ગયા છે. એની કાર્યવાહી ચાલુ છે અને આ એક વર્ષના સમય દરમિયાન બાકી રહેલ તાંત્રિક ખામીવાળા ગામડાંઓને પણ ટૂંક સમયમાં પાણી મળે એ માટે ટેન્ડરની પ્રક્રિયા થઇ ગઇ છે અને બાકીના જે ગામમાં સ્ટોરેજ માટેની સુવિધા ઉપલબ્ધ કરવાની થતી હશે તો એની વસતીને ધ્યાનમાં રાખીને સ્ટોરેજ માટે પણ અમે આગામી દિવસોમાં આયોજન કર્યું છે અને વહેલી તકે થાય એ અમારા આયોજનમાં છે.

**સને ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૭**

ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૨૧

**સન ૨૦૨૧ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક**

## તા. ૧૫મી માર્ચ ૨૦૨૧

## ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૨૧

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *(રાજપત્ર)માં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૧ના વિધેયક ક્રમાંક –૭– સન ૨૦૨૧નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી નીતિનભાઇર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૧ના વિધેયક ક્રમાંક –૭– સન ૨૦૨૧નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : આજે પૂરક વિનિયોગ વિધેયક ચર્ચા માટે હાથ ધરવાનું છે. ઉક્ત વિધેયકની ચર્ચામાં ભાગ લેવા માટે કુલ ૨ સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપેલા છે. વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૮(૩) અન્વયે આ વિધેયક ઉપરની ચર્ચા સભાગૃહની બેઠક મુલત્વી રાખવાના ૧ કલાક પહેલા પૂરી કરવાની રહે છે. આજે પૂરક વિનિયોગ વિધેયક ઉપરાંત અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા ત્રીજો દિવસ પણ હાથ ધરાનાર હોવાથી પૂરક વિનિયોગ વિધેયક ઉપરની ચર્ચામાં ભાગ લેવા માટે મુદ્દા આપનાર દરેક સભ્યશ્રીને પાંચ મિનિટનો સમય ફાળવું છું. તદ્દનુસાર આ મુદ્દા ઉપરની ચર્ચા સમાપ્ત થયા બાદ પૂરક વિનિયોગ વિધેયક સભાગૃહના મત ઉપર મૂકવામાં આવશે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, પૂરક વિનિયોગ વિધયક અન્વયે સામાજિક કલ્યાણ વિભાગ તરફ આ ગૃહનું અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું. મહિલાઓની સુરક્ષા માટે નિર્ભયા ફંડ હેઠળ વ્યાપક ખર્ચ કરવા છતાં મહિલાઓ પર વધતા જતાં બળાત્કાર, છેડતી અને અપહરણ જેવા ગુના અટકાવવામાં તંત્ર ક્યાંકને ક્યાંક ઊણું ઉતર્યું છે. કેન્દ્ર સરકારે બહુ સ્પષ્ટ વિશાખા ગાઇડલાઇન આપી છે. આ ગાઇડલાઇન પ્રમાણે કોઇ પણ પ્રાઇવેટ કંપની હોય, કોઇ પણ સ્કૂલ હોય કે કોઇ પણ કંપની હોય કે જ્યાં પાંચ મહિલા કર્મચારીઓ કામ કરતી હોય તો એ મહિલાઓની સુરક્ષા માટે સમિતિ બનાવવી. હું આપના મારફત નાયબ મુખ્યમંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અનેક પ્રાઇવેટ કંપનીઓમાં પાંચ કરતાં વધારે મહિલા કર્મચારીઓ કામ કરે છે. ત્યાં કેન્દ્ર સરકારે નક્કી કરેલ વિશાખા ગાઇડલાઇન પ્રમાણે મહિલા સુરક્ષા સમિતિ બનાવાય છે કે કેમ? અને જો આ સમિતિ બનાવાઇ ન હોય તો આ ગાઇડલાઇનની અમલવારી કરવાનો સરકારે નિર્ણય કર્યો છે ત્યારે તાત્કાલિક અસરથી એ સમિતિ બનાવવા માટે માગણી કરું છું. પ્રાઇવેટ સંસ્થાઓમાં અનેક પ્રકારે મહિલાઓનું શોષણ થતું હોય છે. પગાર પણ ઓછા અપાતા હોય છે અને બીજી રીતે પણ મહિલાઓનું શોષણ થતું હોય છે ત્યારે આ મહિલાઓની સુરક્ષા માટેનો બહુ અગત્યનો મુદ્દો છે. આપણે બેટી બચાવોની વાત કરીએ છીએ, મહિલાઓની સુરક્ષાની વાત કરીએ છીએ. હમણાં મહિલા દિવસ હતો ત્યારે આ જ ગૃહમાંથી મહિલા ધારાસભ્યોને એક–એક કરોડ રૂપિયા આપવાનો નિર્ણય થયો છે. સારો નિર્ણય છે. ગુજરાત એ સરદાર પટેલ અને ગાંધીનું ગુજરાત છે. આ ગુજરાતે દુનિયાને અને દેશને કંઇક આપ્યું છે ત્યારે મહિલાઓની સુરક્ષા એ અતિ મહત્ત્વની બાબત બની છે. આવા પ્રકારના ગુન્હાઓ અટકાવવા માટે તંત્ર ક્યાંક ને ક્યાંક ઊણું ઉતર્યું હોય તો એ ઊણું ઉતરતું બંધ થાય, મહિલાઓની જાગૃતિના સેમિનારો યોજાય અને વિશાખા ગાઇડલાઇનનો અમલ કરવામાં આવે તેવી હું માંગણી કરું છું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક વિનિયોગ વિધેયક લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. એમાં મારો મુદ્દો એ છે કે, નાણાં પંચની ગ્રાન્ટ કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવે છે અને કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકાર એ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતોને ફાળવણી કરે છે. અગાઉ માર્ગદર્શિકા પ્રમાણે ૧૦૦ ટકા ગ્રાન્ટમાં ૫૦ ટકા ગ્રાન્ટનું આયોજન ગ્રામ પંચાયત કરે, ૩૦ ટકા તાલુકા પંચાયત કરે અને ૨૦ ટકા જિલ્લા પંચાયત કરે અને સ્પષ્ટ સૂચનાઓ ન હોવાના કારણે તાલુકા પંચાયત કક્ષાએ તેમજ ખાસ કરીને ગ્રામ પંચાયત કક્ષાએ જે ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે તેમાં કોઇ પણ કામગીરીના ધોરણ નક્કી ન થવાના કારણે ગ્રામ પંચાયતોને નાણા પંચની બે વર્ષની ભેગી મળી ૫૦ લાખ રૂપિયાની ગ્રાન્ટ મળે એટલે એકલાં સી.સી. રોડ બનાવી નાંખે અને સી.સી. રોડ બનાવ્યા પછી ત્રણ મહિના પણ એ સી. સી. રોડ રહેતા નથી અને ઊખડી જાય છે. આમ, નબળી ગુણવત્તાના કામો કરે છે અને પરિણામે કરેલા ખર્ચનું લોકોને વળતર મળતું નથી. આ જ પ્રકારે તાલુકા પંચાયતમાં પણ માર્ગદર્શિકાના અભાવે યોગ્ય રીતે પ્લાનિંગ થતું નથી. નાણા પંચ દ્વારા જિલ્લા પંચાયતના વિકાસના કામો માટે ગાઇડલાઇનની જે વાત કરવામાં આવે છે એ ગાઇડલાઇન સ્વયં સ્પષ્ટ ન હોવાના કારણે જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ અને ગ્રામ કક્ષાએ નક્કી થયેલા કામોમાં વિવેકાધીન ગ્રાન્ટ, એમ.પી. ગ્રાન્ટ, ધારાસભ્ય ગ્રાન્ટ, એ.ટી.વી.ટી. અંતર્ગત પણ ગ્રાન્ટ આવે છે. આ બધી ગ્રાન્ટનું મેળવણું કરવામાં ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયતને બહુ મુશ્કેલી પડે છે. ખાસ કરીને નાણા પંચની સ્પષ્ટ ગાઇડલાઇન ન હોવાના કારણે ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવેલા કામોનું વળતર જે–તે ગામોને મળતું નથી અને ગ્રામ પંચાયત તથા બધાં ભેગાં મળી નાણાકીય ગેરરીતિ થાય આ પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ થાય છે. રાજ્ય કક્ષાએ વિકાસ કમિશનરની કચેરીમાંથી જિલ્લા પંચાયતોને સમયસર નાણાંની ગ્રાન્ટ ચૂકવવી જોઇએ. જિલ્લા પંચાયતો દ્વારા તાલુકા પંચાયતોને ચૂકવવા માટેની જે ગાઇડલાઇન કે નોર્મ્સ પ્રમાણે પણ સમયસર મર્યાદામાં આ ગ્રાન્ટને છૂટી કરવામાં અથવા પહોંચાડવામાં આવતી નથી. જિલ્લા

---

* વિધેયક તા.૯મી માર્ચ, ૨૦૨૧ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પંચાયતોને લગભગ રૂપિયા ૧૬ કરોડ કરતાં પણ વધુ ગ્રાન્ટ આપવા માટેનો હપ્તો છૂટો કરવામાં આવ્યો નથી એની વિગતો મારી પાસે છે. માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા જણાવું છું કે, નાણાં પંચની ગ્રાન્ટનો જે કાંઈ સદ્‌ઉપયોગ થાય એમાં ગુણવત્તાવાળા કામો થાય, સ્પષ્ટ માર્ગદર્શિકાઓ આપવામાં આવે અને નાણાં પંચની ગ્રાન્ટ દ્વારા જે તે ગ્રામ પંચાયતોએ રાજય સરકારની અને વિકાસ કમિશનરની સૂચનાઓનું ઉલ્લંઘન કરીને જે કામો કરવામાં આવ્યા છે તે કામો સંપૂર્ણપણે હલકી ગુણવત્તાના થયા છે તો આવા કામોની ચકાસણી કરી અને જવાબદારી નક્કી કરી એની સામે પગલાં લેવાં જોઇએ અને સ્પષ્ટ માર્ગદર્શિકા આવનારા દિવસોમાં તાકીદથી રાજ્ય સરકાર નાણા પંચની ગ્રાન્ટનો અમલ કરવા માટે અને વાપરવા માટે જાહેર કરે એ હું આપના મારફત રાજ્ય સરકાર અને નાણા મંત્રીશ્રીને વિનંતી કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રથમ તો માનનીય પુંજાભાઈએ આપેલ વિગતોનો જવાબ આપું છું. ૧૪મું નાણા પંચ અત્યારે ચાલી રહ્યું છે અને ભવિષ્યમાં ૧૫મું નાણા પંચ આવશે. આ સંપૂર્ણ રકમની ભારત સરકાર આખા દેશમાં ફાળવણી કરે છે. આ જે ગ્રાન્ટો આવે છે એ સીધી ગુજરાત સરકાર દ્વારા નિશ્ચિત સમયમર્યાદામાં પંચાયતોને ફાળવી દેવાનો કાયદો અને નિયમ બંને છે. અનેકદાચ જો પંચાયતોનેસમયસર સરકાર ગ્રાન્ટ ન આપે તો સરકાર ઉપર કાર્યવાહી કરવાની ભારત સરકારની ચેતવણી છે અને જોગવાઇ પણ છે. આમાંથી એક પણ રૂપિયો આપણે રાખી શકતા નથી. આ જે રકમ આવે છે, એમાં પુંજાભાઇ પાસે ગમે તે માહિતી હોય પણ એની ગ્રાન્ટ વાપરવાના નીતિનિયમો પણ નકકી છે. ગાઇડલાઇન ભારત સરકારે નકકી કરેલી છે. એમાં ૧૫માં નાણાપંચની જે શરૂઆત વર્ષ ૨૦૨૦–૨૧થી વર્ષ ૨૦૨૪–૨૫ના ૫ વર્ષ માટેથઇ છે, એમાં જે નોર્મ્સ બનાયા છે, નિયમો બનાયા છે એમાં જે ગ્રાન્ટ મળે એની ૫૦ ટકા રકમ એ બેઝીક ગ્રાન્ટ વાપરવાની છે એને અનટાઇડ ગ્રાન્ટ કહે છે અને ૫૦ ટકા ટાઇડ ગ્રાન્ટ વાપરવાની છે એના નિયમો પણ નકકી છે. ૫૦ ટકા રકમ જે પંચાયતને મળે, પૂજાભાઇએ એ સાચુ કહ્યું કે, ભારત સરકાર જે રકમ આપે છે,એમાં ૭૦ ટકા રકમ ગ્રામપંચાયતને મળે છે, ૨૦ ટકા રકમ તાલુકા પંચાયતને મળે છે અને ૧૦ ટકા રકમ જિલ્લા પંચાયતને મળે છે. આ રકમમાંથી જેના ભાગે જે રકમ આવે, એ વાપરવાના નિયમોની જોગવાઇ પણ સ્પષ્ટ છે. એમાં પોતાના ગામની જરૂરિયાત, પોતાના તાલુકાની જરૂરિયાત કે જિલ્લાની જરૂરિયાત, એ ફાળે આવેલી ગ્રાન્ટમાંથી વાપરી શકે છે. એમાં જે બે ભાગ પાડયા છે, એમાં જે બેઝીક ગ્રાન્ટ વાપરવાની છે, એમાં ભારત સરકારે ટાઇડ ગ્રાન્ટ માટેના જે નિયમો નકકી કર્યા છે,એમાં એક તો મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશન જે આપણે ચલાવીએ છીએ એટલે કે સ્વચ્છતા સેનિટેશનના કામ માટે રકમ ફાળવવી જરૂરી છે. શૌચાલયો બનાવવા માટે ફાળવવાની જરૂરી છે. ગામને પીવાના પાણીની પૂરતી વ્યવસ્થા થાય તે માટે ફાળવવી જરૂરી છે. નળ એટલે કે પાઇપ લાઇન નાંખવી, ટાંકી બનાવવી, સમ્પ બનાવવો, સ્ટેન્ડ પોસ્ટ બનાવવો, હેન્ડપંપ બનાવવો એ બધું એમાંથી કામ થઇ શકે છે. વરસાદી પાણીના સંગ્રહમાટે કોઇ સમ્પ બનાવવો હોય તો એ પણ બનાવી શકાય છે. ભૂગર્ભમાં પાણી ઉતારવું હોય, રીચાર્જ કરવું હોય તો એની પણ વ્યવસ્થા કરી શકાય છે. પાણીનું શુદ્ધિકરણ કરવું હોય તો શુદ્ધિકરણ પ્લાન્ટ પણ નાંખી શકાય છે. ટૂંકમાં પ્રજાના આરોગ્યને, જરૂરિયાતવાળાને પીવાનું પાણી, સ્વચ્છતા એ ગામમાં જળવાઇ રહે જેના કારણે લોકોનું આરોગ્ય પણ સુધરે એ ૫૦ ટકા ફરજિયાત વાપરવાના હોય છે, ૫૦ ટકા પોતાની જરૂરિયાત પ્રમાણે વાપરે છે. એટલે કોઇપણ જાતની અસ્પષ્ટતા નથી, શ્રી પુંજાભાઇ, સ્પષ્ટ નિયમો છે, ગાઇડ લાઇન સ્પષ્ટ છે અને એ પ્રમાણે વાપરવાના થતા હોય છે અને નથી થતું એ બને નહી, એ ટી.ડી.ઓ., ડી.ડી.ઓ, અને એ સંબંધિત અધિકારીઓની આની દેખરેખ રાખવાની જવાબદારી છે. કોઇ જગ્યાએ સુધારો, કોઇ ખોટી જગ્યાએ ગ્રાન્ટ ફાળવી હોય...

શ્રી પુંજાભાઇ ભી. વંશ : ગ્રામ પંચાયત કક્ષાએ આ પ્રકારની વાત આપે કીધી છે, એ જળવાતી નથી. માત્ર અને માત્ર એમની અનુકૂળતા મુજબ પોતે, કાં બ્લોકના જ કામ કરી નાખે છે, કાં પછી રોડના જ કામ કરી નાખે છે, ૫૦ ટકા રકમ વપરાતી નથી એ ઓનરેકર્ડ ડોકયુમેન્ટસ સાથે અમે આપને જણાવીએ છીએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : શ્રી પુંજાભાઇ, ૫૦ ટકા રકમ ગામ પોતાને યોગ્ય લાગે કે બ્લોક કરી નાખે, ઘણા લોકો સોલાર લાઇટ પણ નાખે છે, એ પોતાની ઇચ્છા પ્રમાણે વાપરી શકે, ૫૦ ટકા ભારત સરકારે નકકી કરી છે એ ગાઇડલાઇન પ્રમાણે વાપરે, નહી હોય તો ચકાસીને લેવડાવીશું, એ અલગ વિષય છે અને બીજું, આ ગ્રાન્ટમાં ૧૦૦ ટકા ઉપયોગ કરીએ છીએ અને કોઇપણ જગ્યાએ ગ્રાન્ટ લેપ્સ ન જાય એની પણ સરકાર અને પંચાયત વિભાગ કાળજી રાખે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો માનનીય વિરજીભાઇએ જે પ્રશ્ન ઉભો કર્યો છે એમનો પ્રશ્ન એ મહિલા સ્ત્રી સશકિતકરણ, આપણી દીકરીઓનું રક્ષણ અને ૫૦ ટકા વસ્તી જયારે દેશમાં મહિલાઓની હોય. મહિલાઓ અનેક ક્ષેત્રમાં કાર્યરત હોય, હવે કોઇ પણ ક્ષેત્ર એવું બાકી નથી કે જયાં મહિલાઓ કાર્યરત ન હોય, એટલે મહિલાઓની સામાજિક સુરક્ષા રાખવી એ પણ આપણી, સમાજની જવાબદારી છે, સરકારની પણ જવાબદારી છે, ગૃહ વિભાગની પણ જવાબદારી છે, મહિલા વિભાગની પણ જવાબદારી છે અને આપણા બધાની નાગરિક તરીકે પણ જવાબદારી છે. એ બધું કરવા માટે અમારી સરકારે અનેક યોજનાઓ જે અમલમાં મૂકી છે, એમણે તો એક દાખલો આપ્યો એ તો થોડો નાનો દાખલો છે. પણ આપણે તો નિર્ભયા પ્રોજેકટ અહીંયા અમલમાં મૂકયો છે. બીજી જે હેલ્પ લાઇન ૧૮૧ નંબરની ફોન હેલ્પલાઇન જે આપણે અમલમાં મૂકી છે. આપને બધાને જાણીને આનંદ થશે કે અત્યાર સુધી અનેક મહિલાઓએ જયાં પણ કોઇ જોખમ લાગ્યું, કોઇ છેડતી કરતા હોય, બીજો કોઇ ઘરમાં પ્રશ્ન થયો હોય, કોઇ સામાજિક પ્રશ્ન થયો હોય, આર્થિક રીતે ઠગાઇ કરવાનો પ્રસંગ બન્યો હોય કે શારીરિક અડપલા કરવાનો પ્રસંગ બન્યો હોય તો આ નંબર ઉપર ફોન કરે તો તરત જ પોલીસની જે વાન છે જે અમે ગૃહ વિભાગ દ્વારા ચલાવીએ છીએ તે તરત જ

ત્યાં પહોંચી જાય છે અને આ વાહનમાં પણ મહિલા પોલીસ કર્મચારીઓ રાઉન્ડ ધી કલોક, આર.એસ.પી. વાન દ્વારા રાજયની અંદર સેવા આપે છે. અને અત્યાર સુધી ૬૭ લાખ ૪૫ હજાર જેટલી મહિલાઓ દ્વારા આ હેલ્પ લાઇન નંબરનો ઉપયોગ કરીને ટેલીફોન કરવામાં આવ્યા છે. અને જયાં જરૂર જણાઇ ત્યાં પહોંચી જઇ અને મહિલાઓને બિલકુલ સલામત કરવાનું બધી જ રીતનું, પછી જે પરિસ્થિતિમાં હોય એમાં મદદ કરવાનું કામ અમારી સરકારની, મહિલાલક્ષી સરકારની કામગીરી દ્વારા કરવામાં આવે છે. હમણાં જ….

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, સમિતિ બનાવવાનો આખા દેશમાં નિર્ણય કર્યો છે, આપણા ગુજરાત રાજયમાં પાંચ મહિલાઓની કમિટી બનાવીને પ્રાઇવેટ સંસ્થાઓ માટે કોઇ પણ જગ્યાએ પાંચ મહિલા કર્મચારી હોય ત્યાં બનાવવા ઇચ્છે છે કે કેમ? એ હું જાણવા માગું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પાંચ મહિલા હોય કે ગમે એટલી હોય, ગુજરાત તો ઔદ્યોગિક રાજય છે, ગુજરાત સેવાકીય રાજય છે. તમારી વાત હું ચેક કરાવી લઇશ. પણ તેના કરતા ઘણું વધુ આપણે કર્યું છે. કમિટી બનાવવી એ શ્રી વિરજીભાઇ, એક વહીવટી પ્રક્રિયા છે. પણ એક મહિલા હોય, પાંચ હોય કે પાંચસો હોય, મહિલાને દિવસ હોય કે રાત હોય, બજાર હોય કે ખેતર હોય, મહિલાઓને કયાંય પણ તકલીફ પડે તો એને સગવડ આપવા માટે આ મોબાઇલ એપ્લિકેશન છે તે એટલી બધી અત્યારે લોકપ્રિય થઇ છે, અને એ એપ ડાઉનલોડ કરી હોય તો કોઇ પણ વ્યક્તિ ગમે ત્યાંથી પોલીસની મદદ માગી શકે, એપમાં જોગવાઇ પણ એવી છે કે પેનીક બટન દબાવે એટલે હેલ્પલાઇન નંબર ઉપર સીધી માહિતી મળી જાય, એના પરિવારનું સરનામું, એના નજીકના ચાર વ્યક્તિ દા. ત. બહેન હોય તો બહેને નંબર આપ્યો હોય કે મારા પિતા, મારા ભાઇ, કે મારા કોઇ બીજા સગા, તો એમને પણ ઓટોમેટીક માહિતી મળી જાય કે આ બહેન કયાંક તકલીફમાં છે. અને એમાં સિસ્ટમ પણ એવી વિકસાવી છે કે મોબાઇલ જો વારંવાર ઝડપથી હલાવીએ તો ઓટોમેટીક આ નંબર ઉપર એની માહિતી મળી જાય છે અને પછી એના દ્વારા એનું લોકેશન પણ શોધી શકીએ છીએ. અને લોકેશન પ્રમાણે મહિલાઓ જયાં હોય ત્યાં ગુગલના નકશાથી અક્ષાંશ રેખાંશ સાથેની માહિતી લઇ અને પોલીસ, મહિલા પોલીસ કે જરૂરિયાતવાળા નજીકના પોલીસ સ્ટેશનમાંથી ત્યાં પહોંચી જાય છે. અત્યાર સુધી ૯૬૦૦૦ બહેનોએ આ મોબાઇલ એપ્લિકેશન ડાઉનલોડ કરી છે. આપણું જે ૧૦૮નું એમ્બ્યુલન્સ સેન્ટર છે ત્યાં જ એની બધી વ્યવસ્થાઓ ગૃહ વિભાગ દ્વારા ઉભી કરવામાં આવી છે. થોડાક સમય પહેલા હું અને ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ ત્યાં સ્થળ મુલાકાત માટે ગયા હતા અને ત્યાંના અધિકારીઓએ ખૂબ સુંદર રીતે આ બધી વિગતો અમને સમજાવી છે. એટલે મહિલાઓની સલામતી થાય એ માટે ગુજરાત સરકાર અને આપણે બધા ખૂબ સારી રીતે કામ કરી રહ્યા છીએ ત્યારે આ વિનિયોગ વિધેયકમાં મેં જે મૂળ દરખાસ્ત રજૂ કરી છે તે આપણે આજે મંજૂર કરવી એટલા માટે જરૂરી છે કે આપણે પૂરક માગણીઓ મંજૂર કરી ચૂકયા છીએ. પૂરક માગણીઓમાં આપણે દસ માગણીઓ મતદાનથી મંજૂર કરી, વીસ માગણીઓ ગીલોટીનથી મંજૂર કરી અને ચાર બિન મતપાત્ર હતી, તેને હવે આજના બિલથી અધિકૃત કરીએ છીએ કે આ બચતની રકમ જયાં જરૂરિયાત છે ત્યાં વાપરવાની નાણાં વિભાગને મંજૂરી મળે. આજે સાહેબ બિલ મંજૂર કરીશું એટલે માનનીય રાજયપાલશ્રી મંજૂરી આપી દે એટલે તારીખ ૩૧મી માર્ચની આખરથી એ રકમ વાપરી શકીએ. ગૃહને સત્તા છે જયાં સુધી વિનિયોગ વિધેયક મંજૂર ન થાય ભલે પૂરક માગણી મંજૂર થઇ હોય પરંતુ નાણાં વિભાગ સબંધિત વિભાગોને ગ્રાન્ટ ફાળવી શકે નહિ પછી ભલે બચતરહી હોય કે વધારાની રકમ હોય કે આકસ્મિક ખર્ચની રકમ હોય એને મંજૂરી આપવા આ વિનિયોગ વિધેયક લઇને આવ્યો છું તો એને સર્વાનુમત મંજૂર કરવા સૌ સભ્યશ્રીઓને વિનંતી છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છુંકે સન ૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૭-સન ૨૦૨૧નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–ર અને ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકિટંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છુંકે સન ૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૭-સન ૨૦૨૧નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૨૧નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલને સર્વાનુમતે મંજૂર કરવા બદલ વિરોધપક્ષના નેતા તથા સૌ સભ્યશ્રીઓનો આભાર માનું છું.

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર–પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં માનનીય નાણામંત્રીશ્રી અને અમારા માર્ગદર્શક નાયબ મુખ્યમંત્રીશ્રી આદરણીય નીતિનભાઇપટેલ સન ૨૦૨૧–૨૨ના વર્ષનું અંદાજપત્ર ગૃહ સમક્ષ લઇને આવ્યા છે એને સમર્થન કરું છું અને મારા વિચારો રજૂ કરું છું.

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

સૌ પ્રથમ અભિનંદન આપીશ કે સૌથી મોટું ગુજરાતનું બજેટ રૂપિયા ૨ લાખ ૨૭ હજાર કરોડનું અધધ કહી શકાય તેટલું મોટું બજેટ સરકારના વિકાસની પારાશીશીસમાન છે. ગુજરાતની નાણાકીય ડિસિપ્લીનઅન્ય રાજયોની સરખામણીમાં આદર્શ છે જે આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને આભારી છે. અર્થતંત્રના જાણાકાર માનનીય નરેન્દ્રભાઇ બેસ્ટ ઇકોનોમીસ્ટ હોવાનું સમર્થન કરે છે. કોંગ્રેસના શાસનમાં ઇકોનોમીસ્ટ હોવા છતાં એ શકય થયું નહોતું એ આપણા માનનીય નરેન્દ્રભાઇએ દેશ અને રાજયમાં વિપરીત પરિસ્થિતિમાં પણ કર્યું છે. માનનીય કેશુભાઇથી લઇને માનનીય વિજયભાઇના નેતૃત્વમાં જે સરકારો હતી એ બધાના નેતૃત્વમાંકર્યું છે એ બદલ હું અભિનંદન આપું છું.

નર્મદા વિશે હું મારા વિચારો રજૂ કરું છું. નર્મદા નર્મદાની વાતો આપણે આઝાદ થયા એ પહેલાની ચાલતી હતી. નર્મદાનું નામ લેતા જ એક રોમાંચની અનુભૂતિ, અહોભાવની અનુભૂતિ માત્ર ગુજરાતની જનતાને જ નહીં, દેશ અને દુનિયાના ગુજરાતીઓને, દેશ અને દુનિયાની જનતાને થાય છે. નર્મદે સર્વદે.. નર્મદે સર્વદે. આ મંત્ર આપણને સૌને એક નવી ઊર્જા આપે છે. તેના પૂર્વાર્ધમાં જવું થોડું જરૂરી છે. રાજ્યની સમસ્યાના ભૌગોલિક અને કુદરતી ઉકેલ માટે લોખંડી મહાપૂરુંષ સરદાર વલ્લભભાઇ પટેલે વર્ષો પહેલાં વિચારી લીધેલું. આઝાદી પહેલાં વર્ષ ૧૯૪૬માં વચગાળાની સરકારમાં વિચાર મૂકાયો. તેના અભ્યાસ અને વિચારણાની શરૂઆત થઇ. વર્ષ ૧૯૫૯માં વિધિવત્ દરખાસ્ત થઇ અને વર્ષ ૧૯૬૧માં નર્મદા બંધનો શિલાન્યાસ થયો પણ પાણીની વહેંચણી બાબતે ભાગીદાર રાજ્યો, મારે દુઃખ સાથે કહેવું પડે. કોંગ્રસનું ઠીકરું મૂકાય તો ઠીકરું પણ ચૂંટાઇ જાય. સામે વિપક્ષની એવી સ્થિતિમાં એની સંમતિ ન થાય, કારણ કે એ વખતથી ગુજરાતનો વિરોધ. એ વખતથી સરદાર સાહેબનો વિરોધ. સરદાર સાહેબના વિચાર મૂકવાનો.. માનનીય અધ્યક્ષશ્રી, મારાથી એવા કોઇ અસંસદીય શબ્દો બોલાઇ જાય તો માફ કરજો, કારણ કે ગુજરાતના ખેડૂતોને અંદરની પીડા બહુ છે. આપ એમાંથી એ શબ્દો કાઢી નાખજો એવી પણ વિનંતી છે. ન બોલાય એનો હું પ્રયાસ કરીશ પણ ક્યારેક સમાજ અને આમ જનતામાં જે શબ્દો બોલાઇ રહ્યા છે એ કોંગ્રેસ માટે, ગુજરાતની નર્મદા માટે જે ખરાબ કામ કર્યા છે એ ગુજરાતની જનતા ભૂલવાની નથી. એટલા માટે કે કોઇ પણ ગુજરાતી આગેવાન એ શ્રી મોરારજીભાઇ વડાપ્રધાન બને તોય વાંધો હોય, શ્રી નરેન્દ્રભાઇ વડાપ્રધાન બને તોય વાંધો હોય. કોંગ્રેસ માટેનો ગુજરાત સાથેનો વાંધો એ જાણીતો છે. અનેક તવારીખ વર્ષ ૧૯૬૩, ૧૯૬૪ ખોસલા સમિતિ, ભોપાલ એગ્રીમેન્ટ, વર્ષ ૧૯૬૮માં ઇન્ટરસ્ટેટ રીવર ડીસ્પ્યુટ એક્ટ હેઠળ ટ્રીબ્યુનલ બનાવ્યું. દાયકાઓ સુધી માત્રને માત્ર વિચારણા અને સુનાવણીઓ જ થતી રહી. વર્ષ ૧૯૭૪માં રાજ્યોની પાણીની ઉપલબ્ધિ માટે સંમતિ થઇ, ગેઝેટ પ્રસિદ્ધ થયું, નર્મદા યોજનાએ મૂર્તિમંત સ્વરૂપ લીધું. વર્ષ ૧૯૮૭માં પર્યાવરણની મંજૂરી. વર્ષ ૧૯૭૪થી ૧૯૮૭. કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર. પર્યાવરણની મંજૂરી આટલા વર્ષ પછી મળે. વર્ષ ૧૯૮૮માં આયોજન પંચ દ્વારા યોજનાકીય ખર્ચ અને રોકાણ માટેની મંજૂરી આપવામાં આવી. હું વિરોધપક્ષ અને કોંગ્રેસના આગેવાનોને પૂછું છું. ખેડૂતોના નામે વાતો કરો છો. ભૂતકાળમાં ખેડૂતોને*(xxx)નીકળ્યા હતા. ખેડૂતોના હામી થવા નીકળ્યા હતા.

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ કાઢી નાખવામાં આવે છે.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : ત્યારે હું જે વાત કરું છું. હું ખેડૂત છું. મને ખેડૂતની વેદના ખબર છે. આનો જવાબ ગુજરાતની જનતાને વિપક્ષોએ આપવા પડે. ઇજારો વર્ષ ૧૯૮૭માં અપાયો. કામ વર્ષ ૧૯૯૬માં પૂરું કરવાનું હતું. બંધની ઉંચાઇ ૮૦.૩ મીટરની હતી. યોજનાના વિરોધીઓની રીટના કારણેસર્વોચ્ચ અદાલતે સ્ટે આપ્યો. વર્ષ ૧૯૯૮–૯૯માં અદાલતે મંજૂરી આપી. સરકાર આવી. જોષીયારાજી, આપ મને કહેતા હતા, સાંભળજો, જવાબ આપજો. અહીંયા અને દેશમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર. એ ચુકાદાઓની મંજૂરી મળે, સરકારોની નર્મદા બંધ માટે કેવી ઇચ્છાશક્તિ હશે એ સાબિત થાય છે. વર્ષ ૨૦૦૦થી ૨૦૦૧–૯૦ મીટર, વર્ષ ૨૦૦૨થી ૯૫ મીટર, વર્ષ ૨૦૦૩થી ૧૦૦ મીટર, વર્ષ ૨૦૦૪માં ૧૧૦ મીટર, વર્ષ ૨૦૦૬માં ૧૨૧ મીટરની ઉંચાઇ. આ આપણી જીવાદોરી સમાન, સમૃદ્ધિની છોળો ઉડાડતા નર્મદા બંધની ઉંચાઇ ૧૧૦.૬૪ મીટરથી ૧૨૧ મીટર કરવાની ભલામણ કરવામાં આવી. એ દિવસે નર્મદા કંટ્રોલ ઓથોરિટીની ૬૮મી બેઠક મળી. શ્રી હરિનારાયણજીના અધ્યક્ષસ્થાનમાં ભાગીદાર રાજ્યના પ્રતિનિધિઓએ ભાગ લીધો. તેની મંજૂરી આપવામાં આવી. ૧૭ માર્ચ–૨૦૦૬ના રોજ ગુજરાતના વિરોધી સંગઠનોએ ગુજરાત વિરોધીઓએ ઉપવાસ શરૂ કર્યા. ૨૮ માર્ચ ૨૦૦૬માં કોંગ્રેસના ખાસ કહું છું,મેધા પાટકર અને તેના ટેકેદારોએ ઉપવાસ શરૂ કર્યા હતા અને કોંગ્રેસ કેન્દ્રમાં હતી. (અંતરાય) હું પૂરાવા લઇને આવ્યો છું.રાજીવ સાતવના સ્ટેટમેંટો, મેધા પાટકરને લખેલા પત્રો, કોંગ્રેસના ઓપોઝીશનના લીડર સહિત કોંગ્રેસના ધારાસભ્યોએ કરેલા ટ્વીટો, માનનીય મેધા પાટકર એમના શું સગા થતા હતા?ગુજરાતના નર્મદાના વિરોધી એવા મેધા પાટકર એમને સપોર્ટ, એમના ટ્વીટો, એમને પત્રો, આ ગુજરાતની જનતાને અને ગુજરાતના વિકાસને રુંધવાનું સૌથી મોટું કામ (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારો સમય વિપક્ષના નેતા લઇ રહ્યા છે, હું પૂરાવા આપવા તૈયાર છું.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આ ગૃહના સભ્ય ના હોય એવા કોઇ વ્યકિતનો આ ગૃહમાં ઉલ્લેખ થઇ શકે નહીં. (અંતરાય)બીજું, મેધા પાટકર કયારેય કોંગ્રેસમાં નહોતા, મેધા પાટકર કરતા

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ભા.જ.પ.ની મધ્યપ્રદેશ સરકારે સ્થળાંતર નહીં કરીને નર્મદા યોજનાને સૌથી મોટું (અંતરાય) માનનીય સભ્યશ્રી *(xxx)આ વાત રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : કોંગ્રેસના પ્રભારી હતા, આપે ટ્વીટ કર્યું હતું. આપે સમર્થન કર્યું હતું. પી.એમ.ઓ. દ્વારા ત્રણ કેન્દ્રીય મંત્રીઓની કમિટી રચી, શ્રી સૈફુદ્દીન સોઝ (જળ સંશાધન) શ્રીમતી મીરાકુમાર તથા શ્રી પૃથવીરાજ ચૌહાણ એની કમિટી બની, યુ.પી.એ.ના સાથી પક્ષોએ ઉંચાઇના વિરોધમાં જોડાવાનું નક્કી કર્યું. હું રેકર્ડ ઉપર બોલી રહ્યો છું. આપ રેકર્ડ ઉપર જવાબ આપશો તો મને ગમશે. હું કોંગ્રેસને કહેવા માગું છું, માનનીયશ્રી નરેન્દ્રભાઇ, શ્રી શિવરાજસિંહ ચૌહાણ અને શ્રીમતી વસુંધરાજીની નર્મદાની ઉંચાઇ વધારવા માટેની સંમતિ હતી, માનનીય પરેશભાઇ, આ હું રેકર્ડ ઉપર કહી રહ્યો છું. આ બધું રેકર્ડ ઉપર છે. શ્રી એ રાજા, જળસંશાધન મંત્રી, મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રી વિલાસરાવ દેશમુખ, જે કોંગ્રેસના મુખ્યમંત્રી હતા એ ઉંચાઇ વધારવાના વિરોધમાં હતા. RCNCAના અધ્યક્ષ શ્રી સૈફુદ્દીન સોઝ જેમણે ગુજરાતનો વિરોધ કર્યો, નર્મદાનો વિરોધ કર્યો, નામદાર સર્વોચ્ચ અદાલતમાં બંધનું બાંધકામ અટકાવવા માટે એમણે રજૂઆત કરી હતી, માનનીય પરેશભાઇ, આપ જવાબ આપજો. લેખિતમાં રજૂઆતો કરી હતી. આ તો ભલું થાય ગુજરાતની જનતાનું કે જેમણે શ્રી નરેન્દ્રભાઇના સ્વરૂપમાં આશીર્વાદ આપીને એમને મુખ્યમંત્રી બનાવ્યા હતા. આવા મહાપુરૂષ ૧૫૦થી ૨૦૦ વર્ષ પછી જન્મતા હોય છે. આપણે ભાગયશાળી છીએ કે એમના નેતૃત્વમાં દેશ ચાલી રહ્યો છે. તા.૧૬ એપ્રિલ ૨૦૦૬ના રોજ અમદાવાદમાં નર્મદા બંધની ઉંચાઇ માટે કોઇ મુખ્યમંત્રીએ આમરણાંત ઉપવાસ શરૂ કર્યા હોય એવો દેશમાં પહેલો બનાવ છે. ગુજરાતના વિકાસ માટે, નર્મદા માટે સમગ્ર ગુજરાતની જનતા જોડાણી, નર્મદાના હામી, જનતાના હામી, ખેડૂતોના હામી થવા કોંગ્રેસ જઇ રહી છે ત્યારે મારે એમને પૂછવું છે કે તમે કયાં હતા ઉપવાસ વખતે? તમે હરફ સરખો શબ્દ કેમ ના ઉચ્ચાર્યો? ગુજરાતના વિકાસની વાત હતી. નર્મદાની વાત હતી. દેખાડવાના અને ખાલી જગ્યા અલગ છે. નહીં તો અસંસદીય શબ્દોની વાત થશે અને મને આનંદ છે કે શ્રી નરેન્દ્રભાઇએ જે ઉપવાસ શરૂ કર્યા અને બીજા દિવસે એમને મંજૂરી મળી, સુપ્રીમ કોર્ટે એમને મંજૂરી આપી, શ્રી નરેન્દ્રભાઇએ કહ્યું કે નર્મદા કંટ્રોલ ઓથોરીટીના નિર્ણયને કોંગ્રેસના મંત્રીશ્રી પ્રિમેચ્યોર કહેતા હોય તો હું તેમના આ વિધાનને ઇમ્મેચ્યોર કહું છું. આપણે ભાગ્યશાળી છીએ કે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપણી જીવાદોરી સમાન નર્મદા ડેમની ઉંચાઇ વધારવા માટે પ્રયત્નો કર્યા. એક બીજી મહત્વની વાત કહું કે તા.૨૭–૬–૨૦૧૩ના રોજ આર. એન્ડ આર. સબગૃપની ૭૭મી બેઠકમાં ડેમની ઉંચાઇ વધારવા માટે સહમતિ સાધવામાં આવી હતી. પરંતુ બેઠકની કાર્યવાહી નોંધ તા. ૧૨–૬–૨૦૧૪ સુધી, લાંબાગાળા સુધી ઇશ્યુ કરવામાં ન આવી, એનું કારણ એ હતું કે માનનીયશ્રી નરેન્દ્રભાઇ મોદી દેશના વડાપ્રધાન થવા જઇ રહ્યા હતા, એની જાહેરાત થઇ ગઇ હતી. રખેને જો આવું થાય તો રાજયમાં ૨૬–૨૬ બેઠકો ભા.જ.પ. લઇ જાય, તો પણ ભા.જ.પ.ની ૨૬માંથી ૨૬ બેઠક આવી અને સંપૂર્ણ બહુમતી સાથેની સરકાર બની. ૩૦ વર્ષ પછી દેશમાં આ પ્રકારે ઇચ્છાશકિતવાળું નેતૃત્વ આવે, ૧૭મા દિવસે દરવાજા મૂકવાની મંજૂરી આપી.

માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષને મારે પૂછવું છે કે એ ફાઇલમાં શું હતું? ૭–૮ વર્ષ સુધી દરવાજા મૂકવાની મંજૂરી ન આપી અને માનનીય નરેન્દ્રભાઇ મોદીએ ૧૭મા દિવસે મંજૂરી આપી. તો ક્વેરી શું હતી એ તો કહો? કોઇ ક્વેરી નહીં. પણ ગુજરાતનો વિકાસ રૂંધાય, એની સમૃદ્ધિ અટકે એના માટેના પ્રયાસો થયા ત્યારે શ્રીમતી આનંદીબેન, શ્રી વિજયભાઇ, શ્રી નીતિનભાઇ બધાને વિશેષ અભિનંદન આપું છું કે, એમણે એ દરવાજા તરત મૂક્યા. નર્મદા છેક કચ્છ સુધી પહોંચી. ભુંગળામાં હવા આવશે એવું કહેતા હતા. મારાથી લાંબી બે બે મોટરો જતી રહે એવા ભુંગળા એમાં પાણી આવતું રહ્યું અને કેટલાક લોકોના *(xxx) નર્મદાની વાત કરે છે ત્યારે કેવી નહેરો, કેટલા સમયમાં કેટલું થયું એ બધી જ માહિતી મારી પાસે છે. નહેરોનું ૯૫ ટકા કામ વર્ષ વર્ષ ૧૯૯૫થી આવેલી ભારતીય જનતા પાર્ટીની સરકારમાં પૂરું થયું છે. કોંગ્રેસે વર્ષ ૧૯૭૫ પહેલા રાજ્ય બન્યું ત્યારથી કશું જ કર્યું નથી ત્યારે મને કહેતા દુઃખ થાય છે કે અનેક બહેનો પાણીના બેડા લઇને જતી હોય, આજે ૧૦ હજાર ગામને પાણી મળી રહે છે. સૌની યોજના દ્વારા ડેમો અને જળાશયો ભરાઇ રહ્યા છે ત્યારે હું માનનીય નરેન્દ્રભાઇનો આભાર માનું છું કે મુખ્યમંત્રી હતા ત્યારથી મેં પણ મારું ભાવનગરનું બોર તળાવ સૌની યોજનાથી ભરાય એ માટે પત્રો લખ્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રી વિજયભાઇનો આભાર માનું છું કે, રૂપિયા ૧૪૭ કરોડના ખર્ચે ત્રીજા તબક્કામાં એમની મંજૂરી મળી. અધિકારીઓને હું અભિનંદન આપું છું. નેવાના પાણી મોભે ચડાવવાનું કામ કર્યું છે ત્યારે એ બધા કામો પૂર્ણ થયા. ગુજરાતની સમૃદ્ધિ, ખેડૂતોની સમૃદ્ધિ આપણે જોઇ રહ્યા છીએ કે લાખો હેકટરમાં આજે પિયત થઇ રહ્યું છે ત્યારે આ તબક્કાવાર કામો કરવામાં જમીન સંપાદન માટે, વ્યવસ્થાઓ માટે, એમના આયોજન માટે અભિનંદન આપું છું. કોંગ્રેસના મિત્રોને પુછવા માગું છું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી જેને * (xxx) કહેતા હતા એ સરદાર સાહેબનું સન્માન વધારવાનું કામ શ્રી નરેન્દ્રભાઇએ કર્યું.* (xxx)સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં * (xxx) વર્ષ ૧૯૯૫થી લઇને આજે ૨૦૨૧ની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પણ જે કોંગ્રેસ સરદારને * (xxx) કહેવા નીકળી છે ત્યારે દેશ અને રાજ્યની પ્રજાએ એને *(xxx) બનાવી દીધી છે. ટીકા કરવાથી રાજ્યનો વિકાસ ન થાય. મારી વિનંતી છે કે સકારાત્મક કામ કરો,રેતીમાં નાવ ચલાવવાનું કામ કોંગ્રેસ કરે છે. દરિયામાં નાવ ચલાવવાનું કામ શ્રી નરેન્દ્રભાઇ કરે છે ત્યારે હલેસા મારવા આવી જાવ તો કાંઇક ભલું થવાનું હશે તો થશે નહીં તો તમારું ભલું થવાની કોઇ સંભાવના નથી. સરદાર સરોવરના ચેરમેન શ્રી ભુપેન્દ્રસિંહ પણ હતા. વકીલ તરીકે ખુદ સુપ્રીમ કોર્ટમાં હાજર રહ્યા

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે પરિશ્રમ કર્યો છે ત્યારે હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને શ્રી નીતિનભાઇને કહું છું કે, જેટલો વિરોધ કરવો હોય એ એમને કરવા દો. જે કાંઇ કર્યું હોય એ અમે જ કર્યું છે. ગટર હોય, રોડ હોય, પાણી હોય જે પણ વ્યવસ્થા હોય એ અમે તમે કરીને તોડી નથી નાખી. અમે જ કર્યું છે. તમે કશું કર્યું નથી ત્યારે માનનીય નીતિનભાઇ આપ એમની ચિંતા કર્યા વગર આગળ વધો એવી મારી વિનંતી છે. ન રૂકેંગે, ન ઝુકેંગે, ગુજરાત કી સંજીવની સમાન માં નર્મદા કે લીયે જીવન ખપા દેંગે. આભાર.

અધ્યક્ષશ્રી : * (xxx) એ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ ખૂબ આભાર. નાણામંત્રીશ્રીએ વર્ષ ૨૦૦૨–૦૩માં પણ આ ગૃહમાં બજેટ રજૂ કર્યું હતું અને આજે વર્ષ ૨૦૨૧–૨૨નું બજેટ રજૂ કરેલ છે. અભિનંદન આપું છું.માનનીય નાણામંત્રીશ્રીએ જે વર્ષ ૨૦૨૧–૨૨નું બજેટ ગૃહ સમક્ષ લઇને આવ્યા છે ત્યારે આપના મારફત મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું અભ્યાસ કરતો હતો, માનનીય નાણામંત્રીશ્રીએ વર્ષ ૨૦૦૨–૦૩માં બજેટ રજૂ કર્યું હતું અને આ વર્ષ ૨૦૨૧–૨૨માં રજૂ કરે છે ત્યારે રાજ્યમાં વર્ષ ૨૦૦૨–૦૩માં કુલ કર આવક રૂપિયા ૧૬,૨૩૫ કરોડની હતી અને આજે વર્ષ ૨૦૨૧–૨૨માં રૂપિયા ૧ લાખ ૫૧ હજાર ૬૫૫ કરોડ છે. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૨–૦૩થી સતત ૨૦૨૧–૨૨ સુધીમાં કરની આવકો વધી. રાજ્ય કર વર્ષ ૨૦૦૨–૦૩માં રૂપિયા ૧૦,૮૮૪ કરોડ હતો. આજે રૂપિયા ૧,૧૧,૭૦૬ કરોડ થયો. વર્ષ ૨૦૦૨–૦૩માં બિનકર રૂપિયા ૩,૦૯૬ કરોડ હતો. આજે રૂપિયા ૧૬,૮૦૧ કરોડ થયો. કેન્દ્રીય કર રૂપિયા ૧,૩૫૫ કરોડ મળતો હતો. આજે વર્ષ ૨૦૨૧–૨૨માં રૂપિયા ૨૩,૧૪૮ કરોડની અપેક્ષા છે. આમ, વર્ષ ૨૦૦૨–૦૩થી ૨૦૨૧–૨૨ સુધીમાં કુલ રૂપિયા ૯,૫૪,૬૩૫ કરોડ રાજ્ય કર, રૂપિયા ૧,૬૬,૩૪૨ કરોડ બિનકર, રૂપિયા ૨,૦૮,૩૪૩ કરોડ. કેન્દ્રીય કર સહીત ૧૩,૨૯,૩૨૦ કરોડ રૂપિયા રાજ્યની સામાન્ય પ્રજાના ખિસ્સામાંથી કરવેરા તરીકે વસૂલ્યા. વર્ષ ૨૦૦૨–૦૩થી ૨૦૨૧–૨૨ના અંદાજ સહિત રૂપિયા ૧,૭૪,૭૨૬ કરોડ રૂપિયાનુંકુલ કેન્દ્રીય અનુદાન પ્રાપ્ત થયું અને થવાનું છે. રાજ્યમાં કુલ મહેસૂલી આવક જે વર્ષ ૨૦૦૨–૦૩માં રૂપિયા ૧૯,૨૩૧ કરોડ હતી. આજે રૂપિયા ૧,૬૭,૯૬૮ કરોડ વર્ષ ૨૦૨૧–૨૨માં અંદાજી છે. વર્ષ ૨૦૦૨–૦૩થી ૨૦૨૧–૨૨ સુધીમાં કુલ રૂપિયા ૧૫,૦૪,૦૪૬ કરોડ કરની આવકો રાજ્યની તિજોરીમાં પ્રજાના ખિસ્સામાંથી વસૂલાવાની છે કે વસૂલાય છે. એક તરફ કર વધ્યો, કરની આવકો પણ બધી બીજી તરફ ૨૦૦૨–૦૩માં સરકારે જે જાહેર દેવું રૂપિયા ૨૪,૪૦૧ કરોડ લીધું હતું. વર્ષ ૨૦૦૨–૦૩થી તબક્કાવાર વર્ષ ૨૦૨૦–૨૧ના વર્ષે જાહેર દેવું વાર્ષિક વધતું તો ગયું અને આજે ૫૧,૭૮૬ કરોડ રૂપિયા સરકારે દેવું લેવાનો અંદાજ મૂક્યો છે. વર્ષ ૨૦૦૨–૦૩માં જે વાર્ષિક વ્યાજની ચુકવણી હતી એ રૂપિયા ૪,૯૪૯ કરોડ હતી. એ તબક્કાવાર વધતા વર્ષ ૨૦૨૦–૨૧–૨૨માં રૂપિયા ૨૪,૨૯૯ કરોડ વાર્ષિક વ્યાજ તિજોરીમાંથી ચૂકવવામાં આવી રહ્યું છે. વર્ષ ૨૦૦૨–૦૩ના આર.બી.આઇ. મુજબ રૂપિયા ૨૪,૯૧૦ કરોડ રાજ્ય ઉપર કુલ દેવું હતું એ આજે વર્ષ ૨૦૨૦–૨૧ના અંતે રૂપિયા ૩,૦૦,૯૫૯ કરોડ દેવું થયું છે અને સરકારના અંદાજ મુજબ વર્ષ ૨૦૨૧–૨૨માં રૂપિયા ૩,૨૭,૧૩૪ કરોડ, વર્ષ ૨૦૨૨–૨૩માં રૂપિયા ૩,૭૧,૮૮૯ કરોડ અને વર્ષ ૨૦૨૩–૨૪ના અંતે રૂપિયા ૪,૧૦,૯૮૯ કરોડ થવાની શક્યતાઓ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું અભ્યાસ કરતો હતો વર્ષ ૨૦૦૨–૦૩માં આર.બી.આઇ.ના રિપોર્ટ મુજબ વર્ષ અંતિત કુલ જે રાજ્ય સરકાર ઉપર નાણાકીય જવાબદારીઓ છે રૂપિયા ૫૫,૧૭૫ કરોડ હતી. આ વર્ષ અંતિત નાણાકીય જવાબદારીઓ વર્ષ ૨૦૨૧–૨૨ મુજબ રૂપિયા ૩,૫૫,૦૦૭ કરોડ થઇ છે. વર્ષ ૨૦૨૧–૨૨માં રૂપિયા ૩,૮૧,૧૮૨ કરોડ થશે. વર્ષ ૨૦૨૨–૨૩માં રૂપિયા ૪,૨૬,૦૩૭ કરોડ જવાબદારી સહીત દેવું થશે. વર્ષ ૨૦૨૩–૨૪ના અંતે રૂપિયા ૪,૬૫,૦૩૭ કરોડ દેવા સહીતની જવાબદારીઓ થવાની છે. એક તરફ કરની આવકો વધી, બીજી તરફ રાજ્યનું દેવું વધ્યું, ત્રીજી તરફ રાજ્ય ઉપર વાર્ષિક વ્યાજનું ભારણ વધ્યું. વર્ષ ૨૦૦૨–૦૩થી લઇને ૨૦૨૧–૨૨ના અંદાજપત્ર અને ખર્ચના લેખાજોખા કર્યા. રાજ્યમાં કુલ ૨૭ જેટલા વિભાગો છે. વર્ષ ૨૦૦૨–૦૩માં રૂપિયા ૫,૪૦૩.૨ કરોડનો કુલ વાર્ષિક ખર્ચ નોંધાયેલો હતો. આજે વર્ષ ૨૦૧૪–૧૫ના આખરી હિસાબો મુજબ રૂપિયા ૫૯,૭૦૫.૪૪ કરોડનો વાર્ષિક ખર્ચો થયો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૧–૨૨ની જે બજેટ જોગવાઇ છે રૂપિયા ૨,૧૭,૨૮૭ કરોડ જેટલી જોગવાઇ કરી હતી. વર્ષ ૨૦૨૧–૨૨માં રૂપિયા ૨,૨૭,૦૨૮ કરોડની જોગવાઇ લઇને માનનીય નાણામંત્રીશ્રી ગૃહ સમક્ષ આવ્યા છે. મેં હિસાબ કર્યો વર્ષ ૨૦૦૨–૦૩થી ૨૦૨૧–૨૨ સુધીમાં કુલ રૂપિયા ૧૪,૯૩,૧૧૭ કરોડ કરતા વધુનો રાજ્ય સરકારે લોકોના ખિસ્સામાંથી કર વસૂલી લોકોનું ભારણ વધારી, દેવું વધારી, વ્યાજનો બોજ વધારી અને બજેટની અંદર ખર્ચો કર્યો અથવા તો અંદાજો સમક્ષ આવ્યા છે. ૨૦ વર્ષના લેખાજોખા કરતો હતો. પ્રાપ્ય આંકડાઓ મુજબ વર્ષ ૨૦૦૪માં રાજ્ય સરકારનું કુલ મહેકમ સરકાર અને જિલ્લા પંચાયત સહિત ૪,૬૯,૯૦૦ વ્યક્તિનું હતું. આ જ મહેકમ વર્ષ ૨૦૨૧ના અંતે સરકારી આંકડાઓ મુજબ ૪,૯૧,૭૦૧ વ્યક્તિનું છે. આ ૨૦ વર્ષમાં મહેકમની અંદર કોઇ તફાવત ન થયો. વર્ષ ૨૦૦૪ અને ૨૦૨૧ વચ્ચે રાજ્યની વસ્તી કુદકે ને ભુસકે વધી પણ મહેકમની અંદર વધારો ન થયો. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે સરકારે જે અંદાજો મૂકયા છે એ અંદાજો મુજબ વર્ષ ૨૦૨૨ના અંતિત રાજયનું કુલ મહેકમ માત્ર ૩,૯૧,૭૦૧ રહેવાની શકયતા છે. મહેકમ ઘટવાની શકયતાઓ સરકારી આંકડા ઉપરથી પ્રાપ્ત થઇ રહી છે. સરકારે કર વધાર્યો, દેવુ વધાર્યું, વ્યાજ વધાર્યું, બજેટનું કદ વધાર્યું તો પછી આમાંથી કયાંય આપણી એસેટ ઉભી થવી જોઇએ, અસ્કયામતો ઉભી થવી જોઇએ, કાં તો સામાજિક સેવાઓ સુધરવી જોઇએ યા તો આપણી પાસે સિલક રહેવી જોઇએ. હું સામાજિક આર્થિક સર્વેક્ષણ વર્ષ ૨૦૨૧ના થોડા આંકડાઓ આપના મારફત સરકારના ધ્યાન ઉપર લાવું

છું. વર્ષ ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ રાજયમાં કુલ ૫૭.૯૧ ટકા લોકોની પાસે કામ નહોતું. વર્ષ ૨૦૨૧ના આંકડા મુજબ ૫૯.૧૭ ટકા જેટલા લોકો કામ વિહોણા છે. કામ વિહોણા હાથની સંખ્યા આટલો ખર્ચો કર્યા પછી વધી. પશુધનની સંખ્યા, વર્ષ ૨૦૧૨માં રૂપિયા ૨.૭૩ કરોડ અને વર્ષ ૨૦૧૯માં રૂપિયા ૨.૬૯ કરોડ હતી. પશુધનની સંખ્યા વર્ષ ૨૦૧૨ અને ૨૦૧૯ની વચ્ચે ઘટી પણ દૂધનું ઉત્પાદન વર્ષ ૨૦૧૨માં ૯૮૧૬૦૦૦ ટન હતું એની બદલે વર્ષ ૨૦૧૮–૨૦માં ૧૫૨૯૨૦૦૦ ટન થયું. મને એ નથી સમજાતું કે પશુધનની સંખ્યા ઘટયા પછી દૂધનું ઉત્પાદન કેમ વધ્યું? કયાંય દૂધાળા પશુઓ પરાહો વધુ વાળે છે? એની દૂધ ઉત્પાદક ક્ષમતા વધી છે? કે નકલી દૂધના કારોબારથી સામાન્ય જનજીવન સાથે ચેડા થાય છે? હું સરકારનું ધ્યાન દોરું છું. સામાજિક આર્થિક સર્વેક્ષણ વર્ષ ૨૦૨૦–૨૧ મુજબ રાજયની વીજ ક્ષમતા વર્ષ ૨૦૦૨–૦૩માં ૪૩૩૩ મેગાવોટ હતી. વર્ષ ૨૦૧૯માં ૬૬૭૭ મેગાવોટ થઇ. રાજયના આઇ.પી.પી. ૧૨૬૬ મેગાવોટથી ૨૧૦૪ થયા. ખાનગીના ૧૪૪૫ મેગાવોટથી ૫૭૫૨ થયા. કેન્દ્રના ૧૫૬૨માંથી ૪૫૮૦ થયા. વીજ ઉત્પાદન વર્ષ ૨૦૦૨–૦૩માં જી.ઇ.બી.નું ૨૨૮૮૨ મિલીયન યુનિટ હતું વર્ષ ૨૦૧૯–૨૦માં ઘટીને ૨૦૫૪૫ મિલીયન યુનિટ થયું. રાજયના આઇ.પી.પી.માંથી વીજ ઉત્પાદન ૮૬૫૭ મિલીયન યુનિટ હતું. આજે માત્ર ૫૯૭૬ મિલિયન યુનિટ થયું. મારે આપના મારફત સરકારશ્રીને પૂછવું છે કે આપણી ક્ષમતાઓ વધી તેમ છતા રાજ્ય અને રાજ્ય હસ્તકના આઇ.પી.ઓ.નું વીજ ઉત્પાદન સતત ઘટતું જાય છે અને બીજી તરફ રાજયની તિજોરીમાંથી મોંઘા ભાવે વીજળી ખરીદી ખાનગી ઉત્પાદકોને પ્રોત્સાહન શા માટે આપવામાં આવે છે એ હવે ગુજરાત સવાલ પૂછતું થયું છે? વીજ વપરાશ વર્ષ ૨૦૦૨–૦૩ની અંદર ખેતીમાં, વિવધ ઘરગથ્થું, વાણિજ્ય, ઉદ્યોગ, દીવાબત્તી, વોટર વર્કસ, રેલ્વે અન્ય સહિત ૩૩,૮૬૦ મિલિયન યુનિટ હતો. વર્ષ ૨૦૧૯–૨૦માં વીજ વપરાશ ૯૧,૬૬૬ થયો. આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આજે રાજ્યની અંદર પરસેવો પાડી અને જે ખેડૂત રાજ્યની જી.ડી.પી.માં ૧૫.૫ ટકા કરતા વધુનું સરેરાશ યોગદાન આપતો આવ્યો અને એને જે વીજ ફાળવવાની ટકાવારી સતત ઘટતી શા માટે આવે છે? રસ્તાની લંબાઇ વર્ષ ૨૦૦૨–૦૩માં ધોરીમાર્ગ ૧૯,૧૭૫ હતા. વર્ષ ૨૦૧૯–૨૦માં ૧૬,૭૪૬ થયા. અન્ય જિલ્લા માર્ગ ૧૦,૫૮૬ હતા એને બદલે ૧૦,૦૮૦ થયા. વર્ષ ૨૦૦૨–૦૩માં કાળી સપાટીના રસ્તા ૬૪,૧૯૧ કિ.મી. હતા. વર્ષ ૨૦૧૯–૨૦ના અંતે આજે ૨૦ વર્ષ પછી માત્ર ૭૯,૬૩૭ કિ.મી. જ થયા છે. આજે સપાટી વગરના ૧,૨૧૮ કિ.મી.ના રસ્તાઓથી ગામડાઓ શા માટે પરેશાન છે એ ગુજરાતના લોકો સવાલ પૂછી રહ્યા છે.

વાહનવ્યવહારની સ્થિતિ આટલા કરોડો રૂપિયા ખર્ચ્યા પછી વર્ષ ૨૦૦૦–૦૧ની અંદર માર્ગ ઉપર દોડતી બસો ૮,૫૭૩ હતી. વર્ષ ૨૦૧૯–૨૦ના અંતે ૭,૦૩૮ થઇ ગઇ. (સચમ સૂચક ઘંટડી) સાહેબ, ૨૦ મિનિટ છે.

અધ્યક્ષશ્રી : ૧૮ મિનિટ છે. ૫ મિનિટ બાકી છે.

શ્રી પરેશ ધાનાણી : નિગમની માલિકીના વાહનો ૧૦,૦૪૮ હતા. ૮,૭૯૦ થયા. દૈનિક કમાણી રૂપિયા ૩૨૮.૩૩ લાખ હતી. એના બદલે કમાણી રૂપિયા ૮૮૬.૪૪ લાખ થઇ. દૈનિક મુસાફરોની સંખ્યા વર્ષ ૨૦૦૦–૦૧માં રૂપિયા ૩૭.૪૨ લાખ હતી. આજે ઘટીને માત્ર રૂપિયા ૨૦.૯૬ લાખ થઇ ગઇ.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં પીવાના પાણીની સ્થિતિ છે. વર્ષ ૨૦૧૧ સેન્સસ મુજબ કુલ ૧ કરોડ ૮૧ લાખ કુટુંબો પૈકી માત્ર ૪૮.૫૩ લાખ કુટુંબો જ શુદ્ધ પાણીના સ્ત્રોતમાંથી નળ દ્વારા પાણી પીવે છે. શુદ્ધ ન કરેલા સ્ત્રોતમાંથી ૩૫.૫૪ લાખ પરિવારોને પણ પીવું પડે છે. ઢાંકેલા કુવામાંથી ૨.૭૯ લાખ, ખુલ્લા કુવા દ્વારા ૫.૮૩ લાખ, ડંકી દ્વારા ૧૪.૧૫ લાખ, પાતાળ કુવા દ્વારા ૧૧.૬૯ લાખ, ઝરણામાંથી ૧૧,૦૦૦ કરતા વધુ, નદી નાળામાંથી ૪૧,૦૦૦ કરતા વધુ, તળાવ સરોવરમાંથી ૨૭,૦૦૦ કરતા વધુ, અન્ય સ્ત્રોતમાંથી ૨.૪૩ લાખ કરતા વધુ લોકોએ પાણી પીવા માટે મજબૂર શા માટે બનવું પડે છે? પીવાના પાણીની યોજનામાં સમાવિષ્ટ ગામો ૧૭,૮૪૩ ગામમાંથી સાદા કુવા આધારિત ૭૯૭ ગામ છે. હેન્ડ પંપ ઉપર નિર્ભર ૪૯૪ ગામ છે. અને આજે પણ ૨૩૦ જેટલા ગામોએ ટેન્કર ઉપર શા માટે નભવું પડે છે? રાજયમાં કુલ ૧૨૧ લાખ કુટુંબોપૈકી ૧૧૦ લાખ કુટુંબોને વીજળી મળે છે. કેરોસીન ઉપર ૯.૮૩, સૌર ઊર્જાથી પોઇન્ટ ૧૬, અન્ય તેલથી પોઇન્ટ ૨૬, અન્ય સ્ત્રોત દ્વારા પોઇન્ટ ૨૫ જેના ઘરમાં આજે પણ અજવાળું ન હોય એવા ૧.૧૬ લાખ પરિવારો શા માટે જીવી રહ્યા છે. કુલ કુટુંબો પૈકી માત્ર ૬૯.૮૫ લાખ કુટુંબોના ઘરે શૌચાલય છે. માનનીય અધ્યક્ષશ્રી, ઘરમાં શૌચાલયની સગવડ ન હોય તેવા આજે ૫૧.૯૬ લાખ પરિવારો શું કામ છે? આજે જયાં ૨.૭૩ લાખ લોકોને જાહેર શૌચાલયમાં શું કામ જવું પડે છે અને ૪૯.૨૨ લાખ જેટલા પરિવારોએ આજે પણ ખુલ્લામાં હાજતે જવાના દિવસો આ સરકારે આટલા કરોડ ખર્ચ્યા પછી શું કામ જોવા પડયા છે? કુલ બેઘર કુટુંકોની વાત કરું છું. તેમાં ૩૬૯૨૫ જેટલા બેઘર કુટુંબોમાં ૧૪ લાખ ૯૪૩ જેટલી વસતિને આજે પણ ખુલ્લી છતમાં જીવવું પડે તેવું સામાજિક આર્થિક સર્વેક્ષણના સંદર્ભથી કહું છું. રાજ્યમાં ૧૦૩ ઝૂંપડપટ્ટીમાં ૩ લાખ ૩ લાખ ૪૫ હજાર ૯૯૮ પરિવારોના ૧૬ લાખ ૮૦ હજાર કરતાં વધુ લોકોને જીવન જીવવા સંઘર્ષ કરવો પડી રહ્યો છે. સામાજિક આર્થિક સર્વેક્ષણ મુજબ ૭૦.૪૯ લાખ પરિવારો બેન્ક સાથે જોડાયા છે. માત્ર ૬૫.૫૦ લાખ પરિવારોને ટેલિવિઝન મળ્યું છે. ડિઝિટલ ઇન્ડિયાની જયારે વાત કરીએ છીએ ત્યારે બીજી બાજુ ૬ કરોડ ૯૫ લાખ પરિવારો પાસે કમ્પ્યુટર કે લેપટોપ છે. આજે ૪૨.૪૧ લાખ લોકોએ સાઇકલ સવારી કરીને તેની જીવનચર્યા નિભાવવી પડે છે. આવી સ્થિતિ શું કામ નિર્માણ થઇ છે તે આજે ગુજરાત જાણવા માગે છે. બીજી ઘણી બધી વાતો છે પણ મારે આ બજેટ ઉપર આવવું છે. માનનીય મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા, આ તમારા ૨૦ વર્ષના લેખાંજોખાં કર્યા. ચાલુ વર્ષનું બજેટ કોરોના છતાં રાજ્ય સરકારની આવક વધી છે. ગયા વર્ષે સરકારની કરવેરાની આવક

રૂપિયા ૭૯ હજાર ૨૦ કરોડ હતી તે આ ચાલુ વર્ષે રૂપિયા ૮૩ હજાર ૪૨૪ કરોડ થવાની છે. રાજ્ય સરકારના પોતાના વેરાની આવક રૂપિયા ૪૪૦૪ કરોડ વધવાનો અંદાજ આપ્યો છે. સ્ટેટ જી.એસ.ટી.ની આવકની અંદર પણ વધારો સૂચવી રહ્યા છે. સરકારે કહ્યું કે, કોરોનાના કારણે ખર્ચ વધ્યો તે હકીકત ખરી નથી. નવા વર્ષે સરકારની વેરાની આવક વધવાની છે. માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, કરવેરા વિહોણું બજેટ આપ્યું છે, પણ અંદાજો મુજબ નવા વર્ષ મુજબ રૂપિયા ૨૮ હજાર ૨૮૨ કરોડ જેટલો વધુ કરવેરો વસૂલવાની દરખાસ્ત થઇ છે. કેન્દ્રિય યોજનાઓના અમલમાં ગ્રાન્ટનો ઘટાડો થઇ રહ્યો છે. આવતા વર્ષે નવા દેવામાંથી ૪૮ ટકા રકમ તો માત્ર જૂનું દેવું ચૂકવવામાં જવાની છે. ત્યારે આપના મારફત માનનીય નાણામંત્રીશ્રીને પૂછવું છે કે, આ વીસ વર્ષની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આપે બહુમતીવાર બજેટ પ્રવચન અહીંયાં રજૂ કર્યું છે. તમે વર્ષ ૨૦૦૨-૦૩થી ચાલુ કરીને વર્ષ ૨૦૨૦-૨૧ સુધીના બજેટની અંદર....

અધ્યક્ષશ્રી : માનનીય....

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કન્કલુડ કરી લઉં છું. જે દરખાસ્તો લઇને આવ્યા હતા, જે સપનાંઓ જોવામાં આવ્યા હતા તેમાં મારી પાસે પૂરી માહિતી છે. સમયનો અભાવ છે એટલે મારી ટૂંકી વાત કરી દઉં. વર્ષ ૨૦૦૩-૦૪ના વર્ષમાં સરકારે કહ્યું કે, દરેક શિક્ષકદીઠ એક વર્ગખંડ અને વર્ગદીઠ એક શિક્ષક આપીશું. આજે પણ ૧૪૩૬૨ પ્રાથમિક શાળાઓમાં એક વર્ગખંડમાં એક કરતાં વધુ ધોરણના વિદ્યાર્થીઓને ઓરડાના અભાવે ભણવાની ફરજ પડી રહી છે. સરકારે વર્ષ ૨૦૦૮-૦૯, ૨૦૧૪-૧૫, ૨૦૧૫-૧૬ ૨૦૧૬-૧૭ એમ વિવિધ બજેટની અંદર કૉલેજો ખોલવાની જાહેરાત કરી હતી. તેમ છતાં ગુજરાતમાં શૈક્ષણિક રીતે પછાત ૨૦ જિલ્લાઓમાં મૉડેલ ડિગ્રી કોલેજ સ્થાપવામાં આ સરકારી નિષ્ફળ ગઇ છે. આજે પણ રાજ્યના ૧૨ જિલ્લા વિજ્ઞાન પ્રવાહની સરકારી કૉલેજથી વંચિત શું કામ છે? વર્ષ ૨૦૧૪-૧૫માં સરકારે કહ્યું કે, ડ્રીમ સિટી સુરતમાં ટેક્સટાઇલ યુનિવર્સિટી સ્થાપીશું. આજદિન સુધી યુનિવર્સિટી તો સ્થપાઇ પણ ટેક્સટાઇલ એન્જિનિયરીંગને લગતા અભ્યાસક્રમો બંધ થયા અને ટેક્સટાઇલ ક્ષેત્રે કાર્યરત અટીરા સંશોધન સંસ્થા ગ્રાન્ટના અભાવે શું કામ બંધ થઇ ગઇ? વર્ષ ૨૦૧૬-૧૭માં સરકારે કહ્યું કે, મેરીટાઇમ યુનિવર્સિટી સ્થાપવામાં આવશે. હકીકતે માન્યતાના અભાવે મરીન એન્જિનિયરીંગ અભ્યાસક્રમ જે ભાવનગર ખાતે ચાલતા હતા તે બંધ કરવાની શું કામ ફરજ પડી? વર્ષ ૨૦૧૬-૧૭માં સરકારે કહ્યું કે ટ્રાઇબલ યુનિવર્સિટી બનાવીશું. આજે વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટ સુધી પહોંચ્યા છીએ આ ટ્રાઇલબ યુનિવર્સિટીનું કામ કયા તબક્કે પહોંચ્યું છે?

માનનીય અધ્યક્ષશ્રી, સરકારે વર્ષ ૨૦૦૪-૦૫માં કહ્યું કે, વર્ષ ૨૦૦૪ના અંતે ગેસનું ઉત્પાદન ૪૫ લાખ ઘનમીટર થવાનું છે, વર્ષ ૨૦૦૬-૦૭માં કહ્યું કે ગેસ સંશોધન ક્ષેત્ર કે.જી. બેઝિન દીનદયાળ પ્રોજેક્ટમાં એક નવો ઇતિહાસ રચ્યો છે, વર્ષ ૨૦૦૭-૦૮માં કહ્યું કે જી.એસ.પી.સી. દ્વારા ગેસ અને ઓઇલના સંશોધન ઉત્પાદન અને વિતરણમાં રાજ્ય કક્ષાએ સફળતા મેળવ્યા પછી વૈશ્વિક ક્ષેત્રે ઇજિપ્ત, યમન, ઓસ્ટ્રેલિયા વગેરે દેશોમાં ૩૧ જેટલા ક્ષેત્રો પ્રાપ્ત કરી અને ગ્લોબલ કંપની પ્રસ્થાપિત કરવામાં આવશે. વર્ષ ૨૦૦૮-૦૯માં કહ્યું કે, પેટ્રોલિયમ ક્ષેત્રે પગરવ માંડીને આજે દેશના પેટ્રોકેમિકલ્સ તરીકે ગુજરાત ઉભર્યું છે, વર્ષ ૨૦૧૪-૧૫માં કહ્યું કે, જી.એસ.પી.સી. દ્વારા પડકારરૂપ સંજોગોમાં ગેસને સમુદ્ર કિનારા સુધી લાવવાની કામગીરી સફળ રીતે પૂર્ણ કરી છે અને ટૂંક સમયમાં ગેસ ઉત્પાદન થશે. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે વર્ષ ૨૦૧૭-૧૮ના અંદાજપત્ર પ્રવચનમાં પેટ્રોલિયમ અને ગેસની એક લિટી સામેલ ન કરી સરકારે એની નિષ્ફળતાનો ભાંડો ફોડ્યો છે. ગુજરાત જાણવા માગે છે, તમે કહેતા હતા એક વખત નળની ચકલી ખોલશો તો નળમાંથી પેટ્રોલ અને ગેસ નીકળશે. નળમાંથી પેટ્રોલ અને ગેસ ન નીકળે તો કાંઇ વાંધો નથી પણ પેટ્રોલ પંપે અમને ડિઝલ અને પેટ્રોલ સસ્તુ મળે એવી વ્યવસ્થા સરકાર ક્યારે કરવા માગે છે? માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૩-૦૪માં કહ્યું કે, ૧૮૪૫૫ વ્યક્તિને રોજગારી આપીશું. વર્ષ ૨૦૦૫-૦૬માં કહ્યું કે, ૭૯,૦૪૦ વ્યક્તિને રોજગારી આપીશું, વર્ષ ૨૦૦૬-૦૭ના બજેટમાં કહ્યું કે, ૧,૨૦,૦૦૦ વ્યક્તિને રોજગારી આપીશું, વર્ષ ૨૦૦૭-૦૮ના બજેટમાં કહ્યું કે, ૧૩,૨૫,૦૦૦ વ્યક્તિને રોજગારી આપીશું, વર્ષ ૨૦૦૮-૦૯ના બજેટમાં કહ્યું કે, ૨૧,૦૦,૦૦૦ વ્યક્તિને રોજગારી આપીશું, વર્ષ ૨૦૦૯-૧૦ના બજેટમાં કહ્યું કે, ૨૫,૦૦,૦૦૦ યુવાનોને રોજગારી આપીશું. એ જ રીતે વર્ષ ૨૦૧૦-૧૧માં ૩૦ જી.આઇ.ડી.સી. ખોલવાની પણ વાત કરી હતી. આજે આ સરકારે બજેટમાં આપેલા આંકડા મુજબ ૬૨,૦૦,૦૦૦ યુવાનોને જો રોજગારી મળી હોત તો આજે મારા ગુજરાતનો યુવાન પરસેવો પાડવા દર દર ભટકતો ન હોત. આજે દિવસેને દિવસે યુવાનોની નોકરી શા માટે છીનવાઇ છે? દર ત્રીજા યુવાનને રોજગાર શા માટે નથી મળતો? એ ગુજરાતનો યુવાન હવે સવાલ પૂછી રહ્યો છે. રાજ્યના શ્રમ અને રોજગારની વેબસાઇટમાં નોંધાયેલા શિક્ષિત બેરોજગારો ૮.૪૬ લાખ અને ન નોંધાયા હોય એવા બેરોજગારોની સંખ્યા ૪૦ લાખ કરતા વધુ શા માટે છે? માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જ્યોતિગ્રામ યોજનાની જાહેરાત કરવામાં આવે ત્યારે મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે. શ્રી સૌરભભાઇ, વર્ષ ૨૦૦૧-૦૨નો સામાજિક આર્થિક સર્વેક્ષણ છે (અંતરાય)

શ્રી જગદીશ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : આપનો પોઇન્ટ ઓર્ડર શું છે?

## તા. ૧૫મી માર્ચ ૨૦૨૧

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

શ્રી જગદીશ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પરેશભાઇ *(xxx) અટીરા બંધ નથી, અટીરાની અંદર સ્પેસ એપ્લીકેશન સેન્ટર અને ડિફેન્સ કોમ્પોનન્ટ બની રહ્યા છે.

અધ્યક્ષશ્રી : આ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, જ્યોતિગ્રામ યોજનાની સમગ્ર દેશમાં વાહ વાહ થઇ પણ સામાજિક આર્થિક સર્વેક્ષણ વર્ષ ૨૦૦૨-૦૩નો અભ્યાસ કરતો હતો એમાં લખ્યું છે કે સન ૧૯૦૦ની વસતિ ગણતરી અનુસાર રાજયના ૧૮૦૨૮ ગામો પૈકી વીજળીકરણ શક્ય હોય એવા તમામ ૧૭૯૪૦ ગામોનું વીજળીકરણ થયેલ છે. આ સામાજિક આર્થિક સર્વેક્ષણ આજના માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ મુખ્યમંત્રીશ્રી નહોતા બન્યા એ પહેલા આખાય ગુજરાતમાં માત્ર ૮૮ ગામ સુધી વીજળી પહોંચાડવાની બાકી હતી. ઊર્જા ક્ષેત્રે કરોડો રૂપિયાના ખર્ચા પછી કેટલાય પરિવારો વીજળી વિહોણા શા માટે છે? આ સવાલો છે, ઘણી બધી વાતો છે પણ અપેક્ષા રાખું છું કે, માનનીય નાણામંત્રીશ્રી દરેક બજેટમાં રાજયની જનતાને નવા *(xxx) બદલે ૨૦ વરસનો હિસાબ કિતાબ આપે અને એનું શ્વેતપત્ર બહાર પાડે. કરવેરો વધ્યો, દેવું વધ્યું, વ્યાજ વધ્યું, બજેટની રકમ વધી અને તેમ છતાં સુવિધાઓ ઘટતી ગઇ છે. પ્રાથમિક શાળાઓનું સ્તર ઘટ્યું છે, આરોગ્ય સેવાનું સ્તર ઘટ્યું છે, શિક્ષકનું સ્તર ઘટ્યું છે, જાહેર પરિવહનની સુવિધાઓ છીનવાઇ રહી છે, પીવાના પાણીની સમસ્યાઓ છે, ઘર વિહોણા પરિવારો આટો મારી રહ્યા છે, મંદી, મોંઘવારી અને બેરોજગારીએ માઝા મૂકી છે ત્યારે માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એ માત્ર જૂની પરંપરા મુજબ * (xxx) પ્રયાસ કરી રહ્યા હોય એવું મને લાગે છે.

અધ્યક્ષશ્રી : આ * (xxx) શબ્દો બે વાર બોલ્યા છે એ હું રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦ વરસના હિસાબ કિતાબ સાથે જવાબ આપે એવી આપેક્ષા રાખું છું.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પુરું થાય છે. જે સમય આપે વધારાનો લીધો છે એ કોંગ્રેસના સભ્યોના સમયમાંથી કાપી લેવામાં આવશે. વિરામનો સમય થયો છે સભાગૃહ ફરી ૩-૦૦ વાગે મળશે.

**(વિરામબપોરના ૨.૩૦થી ૩-૦૦ )**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : ઓર્ડર ઓર્ડર,માનનીય રાકેશભાઇ શાહ,

શ્રી રાકેશભાઇ જ. શાહ(એલીસબ્રિજ) : માનનીય અધ્યક્ષ મહોદય, માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલે રજૂ કરેલ અંદાજપત્ર પર મારા વિચારો રજૂ કરું છું. આપણે સૌ જાણીએ છીએ એ પ્રમાણે આપણે કપરાં કાળમાંથી ધીમે ધીમે બહાર નીકળી રહ્યા છીએ ત્યારે આ સરસ બજેટ આવનારા વરસમાં ગુજરાતની ૬ કરોડની જનતાની આકાંક્ષાઓ પૂરી કરવાવાળું બજેટ છે એવું સ્પષ્ટ દેખાય છે. ઉત્તમથી સર્વોત્તમ તરફ પ્રયાણ કરતું આ બજેટ એને પ્રેરક બળ પણ પૂરું પાડશે. નાણામંત્રીશ્રીએ ઉદ્યોગ અને ખાણ માટે રૂપિયા આશરે ૬૬૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે એ વિષય ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

સામાન્ય રીતે ગુજરાતની પ્રજાનો સ્વભાવ એક સાહસિક પ્રજા તરીકે ગણાય છે. છેલ્લાં ૨૫ વરસથી ગુજરાતની જનતા અને ગુજરાતની પ્રજા માટે એ ઉદ્યોગ હોય, એ સાહસિક હોય તેમને અનુરૂપ એક સુંદર વાતાવરણ તૈયાર કરી રહ્યું છે. તેના શ્રેય અને ફળ પણ આપણે જોઇ રહ્યા છીએ. આ તબક્કે મુખ્યમંત્રીશ્રીનો આભાર પણ માનું છું કેએમના માર્ગદર્શન હેઠળ મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના જે ચાલુ કરી છે એ યોજના અંતર્ગત હું ડિટેઇલમાં તો વાત કરું છું પછી, પણ એ યોજનાથી ખૂબ મોટો ફરક પડ્યો છે. જે સરકાર વિકાસની સાથે જોડાયેલી હોય, વિકાસની કટિબદ્ધતા જેનામાં હોય એના માટે આ ઉદ્યોગ કે આ બધા વિભાગો એમાં એક ઉદાર વહીવટી સુધારા, લગભગ ૩૦૦થી પણ વધુ કાયદાકીય પદ્ધતિઓમાં એક સરળીકરણ થયું છે અને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસની દિશામાં એક સકારાત્મક કામગીરી કરનાર મને કહેતા આનંદ થાય છે કે, ગુજરાત એ પ્રથમ રાજ્ય છે. ગુજરાત એ ઉદ્યોગ અને વિકાસનું માપદંડ છે ત્યારે ચારેય દિશામાં ગુજરાતમાં નવા નવા ઉદ્યોગો વિકસી રહ્યા છે. ઉદ્યોગોના વિકાસના મુખ્ય કારણો પણ આપણે સૌ જાણીએ છીએ. શાંતિ, સલામિત, સમૃદ્ધિ આ બધા જ કારણોસર વિશ્વની મોટામાં મોટી કંપનીઓ પણ ગુજરાતમાં પોતાના ઉદ્યોગો સ્થાપવા પ્રયત્ન કરી રહી છે અને એની પસંદગીનું પણ પ્રથમ સ્થાન ગુજરાત બની રહ્યું છે. જ્યારે ગુજરાતમાં ઉદ્યોગો વિકસી રહ્યા છે ત્યારે એના સંલગ્ન રોજગારી, કામધંધા, એન્સીલરી કે આનુષંગિક ઉદ્યોગો અને બીજું બધું વધતું પણ જાય છે. ગુજરાતના ઉદ્યોગોમાં યુવા રોજગારી, કઇ રીતે કેટલાય વરસોના પ્રયત્નથી જે કામગીરી કરી રહી છે એની યોજનાઓ વિશેની થોડીક વાતચીત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ પોલિસી, ૨૦૨૦ એ માનનીય વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત ઉદ્યોગપતિ અને યુવા સાહસિકો નવા ઉદ્યોગો સ્થાપે, વિસ્તૃતીકરણ કરે તે માટે ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ પોલિસી, ૨૦૨૦ તારીખ ૧-૯-૨૦૨૦ના રોજ જાહેર કરી, હું તારીખનો ઉલ્લેખ એટલા માટે કરું છું કે આપણે સૌ જાણતા હતા કે આ સમયગાળો કેવો હતો ત્યારે સમગ્ર દેશ અને વિશ્વ એ કોરોનાની મહામારીમાં સપડાયેલું હતું. પણ સરકારની કટિબદ્ધતા, આગોતરું આયોજન કે આવનારા દિવસોમાં પણ આ ઉદ્યોગ ધંધા વધે ત્યારે એ કપરા કાળમાં પણ ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ પોલિસી, ૨૦૨૦ બનાવી અને આવનારા દિવસોમાં ઉદ્યોગો માટે સુવિધા પૂરી પાડી છે. જેમાં માઇક્રો, સ્મોલ અને મિડિયમ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

એન્ટરપ્રાઇઝ માટે જે વિવિધ સહાય કરી છે એ કેપિટલ ઇન્વેસ્ટમેન્ટની સહાય હોય, એ ક્વોલિટી સર્ટિફિકેટની સહાય હોય, ઝીરો ડિફેક્ટ અને ઝીરો ઈફેક્ટના સર્ટિફિકેશન માટેની સહાય હોય, આઇ.સી. ઇન્ફર્મેશન ટેકનોલોજી અને કોમ્યુનિકેશન ટેકનોલોજી માટે પણ સહાય આપી છે. ટેકનોલોજી એક્વીઝીશન માટે પણ સહાય, ઉદ્યોગો માટે જરૂરી પેટન્ટ રજિસ્ટ્રેશન માટે પણ સહાય, એનાથી વિશેષ એનર્જી અને પાણીની બચત કરે એને પણ સહાય. એમ.એસ.એમ.ઇ. માં એક્સચેન્જ મારફતે કેપિટલ જે રેઇઝ કરી છે એના માટે સહાય, બીગ સાઇઝના નવા વીજ જોડાણો માટે પણ સહાય કરે છે. ફક્ત યોજનાઓ પૈકી ઉદ્યોગ સાહસિકોને અથવા તો નાણાકીય સંસ્થાઓ પાસે જે ટર્મ લોન લે છે અને ઉદ્યોગો સ્થાપે છે તેવા એકમો દ્વારા કેપિટલ અને વ્યાજ સહાય માટેની અરજી કરવામાં આવે તો એના માટે મને કહેતા આનંદ થાય છે કે, છેલ્લાં બે વરસમાં ૧૨૬૫૪ સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમોને સહાય આપવામાં આવી છે. ઉકત એકમો પૈકી ૪૩૩૩ એકમો તો એવા છે કે જેમા માત્ર યુવા ઉદ્યોગ સાહસિકોએ ભાગ લીધો હતો એનો અર્થ એ કે જેમની ઉંમર ૩૫ વર્ષથી નાની છે અને એવા ઉદ્યોગકારોએ જયારે ભાગ લીધો હતો જેમા આશરે રોજના ૬ થી ૭ યુવા ઉદ્યોગકારોએ આ ગુજરાતમાં પોતાના નવા ઉદ્યોગો સ્થાપ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, ઉપરોકત પોલિસીમાં ખાસ યુવા ઉદ્યોગપતિ સાહસિકોને પ્રોત્સાહિત કરવા અને તેને ઉદ્યોગ સ્થાપવા પ્રસ્થાપિત કરવા તે તો ખરું જ પણ રાજય સરકાર અન્ય ઉદ્યોગકારોને જે વ્યાજની સહાય આપે છે તેના કરતા એક ટકો વધારે સહાય આપે છે કે જેના થકી તેઓને કુલ ૬થી ૮ ટકા જેટલી વ્યાજ સહાય મળે છે. કહેવાનો આશય ઉદ્યોગો વધે તેની ચિંતા સરકાર કરતી હોય છે એવી એક યોજના કે જે પેટન્ટ યોજના છે. એક યુવા વર્ગ એવો છે કે જે નવા સંશોધનો અને પેટન્ટ કરે છે ત્યારે તેને પ્રોત્સાહિત કરવા માટે જે પેટન્ટ માટે થયેલ ખર્ચ હોય છે તેના પણ ૭૫ ટકા રાહત જેટલી સહાય આપણને આપે છે એની અલગ યોજનાઓમાં એક Start-up યોજના પણ આપણે જાણીએ છીએ કે ભારત સરકાર નવા વિચારો અને નવા આઇડિયા સાથે જે ઉદ્યોગપતિઓ Start-up યોજના નક્કી કરે છે. ગુજરાત સરકાર પણ આ ઇનોવેટિવ અને ઉદ્યોગ સાહસિકો, યુનિવર્સિટી અને કોલેજના વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસ અને પ્રોજેકટ માટે પણ નવા વિચારો સાથે સ્ટાર્ટઅપ થશે તો તેના માટે ખાસ ડેવલપ કરવા માટે તેનું માર્કેટીંગ કરવા રૂપિયા ૩૦ લાખ સુધીની સહાય પણ એક વર્ષ સુધી આપે છે. તેનાથી વિશેષ એક વર્ષ સુધી દર મહિને આશરે રૂપિયા ૨૫ હજારનું sustenance allowance પણ આપવામાં આવે છે. તેઓમાં soft skillની તાલીમ આપવા પ્રતિ સ્ટાર્ટઅપ એક કલાક સુધીની સહાય માટે એક નોડલ એજન્સીની પણ વ્યવસ્થા કરી છે. આ સ્કીમ assistance for start-up યોજના અંતર્ગત ૪૦ નોડલ એજન્સીઓની સ્થાપના કરી છે કે જેમાં ૧૬૦૦થી પણ વધારે સ્ટાર્ટઅપ રજિસ્ટર્ડ થઇ ગયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના ઉકત પ્રયાસોથી રાષ્ટ્રીય સ્તરે પણ નોંધણી લેવામાં આવી છે અને National Start-up ranking ૨૦૧૯ અંતર્ગતranking ખિતાબ પણ મળેલો છે.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણામંત્રીશ્રીએ સને ૨૦૨૧-૨૨નું બજેટ રજૂ કર્યું છે તેમાં હું મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું હમણાં ગુજરાતની સ્થાપના થઇ ત્યારનું સને ૧૯૬૦-૬૧નું બજેટ રજૂ થયું તે વાંચતો હતો અને તેમાં જયારે બજેટ રજૂ થયુ ત્યારે બીજી પંચવર્ષીય યોજનાનું છેલ્લું વર્ષ હતું. આખી પંચવર્ષીય યોજનાનું બજેટ રૂપિયા ૧૪૫ કરોડનું હતું એટલે દર વર્ષનું બજેટ સન ૧૯૬૦-૬૧નું બજેટ રૂપિયા ૩૦ કરોડનું હતું. આ રૂપિયા ૩૦ કરોડનું બજેટ અને આજે રૂપિયા ૨ લાખ ૨૭ હજાર કરોડનું બજેટ આટલી બધી તમે અધધધ.. રકમ એવું બતાવો છો. પણ વર્ષ ૧૯૬૦ની રૂપિયાની કિંમત અને આજના રૂપિયાનું અવમૂલ્યન એ ઇકોનોમિકની સરખામણી કરવી પડે કે રૂપિયા ૩૦ કરોડના બજેટમાં પણ નર્મદા યોજના જેવી મહાકાય યોજનાનું શિલારોપણ થયુ હતું. મેગાવોટો ઉત્પન્ન કરતા વિદ્યુત મથકો સ્થપાતા હતા, દર વર્ષે ૨૦ નવા દવાખાના ખુલતા હતા, દર વર્ષે આદિવાસી વિસ્તારમાં અને નોન ટ્રાયબલ વિસ્તારમાં ૩૦ પશુ દવાખાના ખુલતા હતા, દર વર્ષે જિલ્લાઓમાં સિવિલ હોસ્પિટલો થતી હતી, રોડ-રસ્તા બનતા હતા, ૧ હજાર નવા ઓરડાઓ દર વર્ષે પંચવર્ષીય યોજનામાં બનતા હતા. દરેક જગ્યાએ વિકાસ થતો હતો. આખા દેશનું સન ૧૯૬૦માં બજેટ ૧૦ હજાર કરોડ રૂપિયાનું હતું. આ રકમ જોઇને ખાલી ગુજરાતની પ્રજાને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન ના કરો રૂપિયાનું અવમૂલ્યન છેલ્લાં ૨૫ વર્ષમાં અને અવમૂલ્યનની સાથે મોંઘવારી એક રૂપિયામાં દસ તોલા સોનું એવો પણ સમય હતો. આજે એક તોલાનો ભાવ ૫૦ હજાર રૂપિયા છે. કેમ કોઇ ભાજપના ધારાસભ્ય વાત નથી કરતા ? આ મોંઘવારી તમે કયાં જઇને મૂકી છે, રૂપિયાનો ફૂગાવો તમે કેવો કર્યો છે ? ડોલરની કિંમત રૂપિયાની સામે કયાં જઇને ઉભી છે ? તમે મશ્કરી કરતા હતા એ સમયમાં કે ડો. મનમોહનસિંહજીની ઉંમર જેટલો રૂપિયો પહોંચવા આવ્યો તમારા શ્રી અડવાણી સાહેબની ઉંમરને પણ વટાવી ગયો એ તમે કેમ નથી કહેતા ?

માનનીય અધ્યક્ષશ્રી, આ બધા પેરામીટર્સની સરખામણી કરવી જોઇએ અને પછી કહેવું જોઇએ કે કોંગ્રેસે શું કર્યું, અમે શું કર્યું છે, શું કરવા માગીએ છીએ અને વિકાસ કઇ રીતે થઇ રહ્યો છે અને કયાં ખામી છે અને વિપક્ષનું શું કહેવુ છે. કાયમ માટે અધધધ બજેટ, અધધધ બજેટ. માનનીય નાણામંત્રીશ્રી હાજર નથી પરંતુ એક ગુનેગાર હોય એ ગુનો કરે, બીજી વખત ગુનો કરે. એ જ ગુનેગાર ત્રીજી વખત ગુનો કરે પછી એ રીઢો ગુનેગાર બની જાય છે, પછી એ સંવેદનશીલ ન રહે. રૂપિયા ત્રણ લાખ કરોડનું દેવું છે. માનનીય નાણામંત્રીશ્રી દર વર્ષે દેવું વધારે જ જાય છે. એક કહેવત છે કે, 'દેવું કરીને ઘી પીવાય.' દેવું કરીને ઘી પીવો તો તંદૂરસ્તી સુધરે. રાજયની તંદૂરસ્તી સુધરે, વિકાસ થાય તો વાંધો નથી પણ દેવું કરીને દારૂ ના પીવાય. અત્યારે આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે ત્યારે આપણે બધાએ બહુ સાચવીને રૂપિયો વાપરવાનો છે અને વિકાસના કામોમાં ગુજરાતને

આગળ લઇ જવાનું છે. ત્યારે કેટલાંક મુદ્દા અને વારંવાર ગૃહમાં જે ખરી–ખોટી વાતો રજૂ થાય છે એ મારે કહેવી છે. ગુજરાતમાં બેરોજગારોની સંખ્યા ખૂબ વધી છે. માનનીય ગૃહમંત્રીશ્રી, નાણામંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રી પણ વાતો કરે છે કે અમે બહુ લોકોને નોકરી આપીએ છીએ. હમણાં ગૃહમાં આંકડા રજૂ થયા અને હું પણ કહું છું કે વર્ષ ૧૯૯૦ના અરસામાં જ્યારે કૉંગ્રેસની સરકાર ગઇ ત્યારે રાજ્યમાં કર્મચારીઓની સંખ્યા ૫,૫૧,૦૦૦ હતી. આજે ડબલ વસતી થઇ, વધારે વિકાસ થયો, વિભાગો પણ વધ્યા તો પણ કર્મચારીઓની સંખ્યા વસતીના ધોરણ પ્રમાણે અને વિકાસ પ્રમાણે ૧૧ લાખ થવી જોઇએ. આજે ૫,૫૧,૦૦૦ની સંખ્યા પણ નથી. ભરતી થતી નથી. જેટલા લોકો નિવૃત્ત થયા છે, જેટલા શિક્ષકો નિવૃત્ત થયા છે એટલી ભરતી થઇ નથી. જેટલું પોલીસતંત્ર નિવૃત્ત થયું છે એટલી ભરતી થતી નથી. એટલે જે આ આંકડો કૉંગ્રેસની સરકારે મૂક્યો હતો એનાથી એક પણ આંકડો વધ્યો નથી અને વધ્યો હોય તો ગૃહમાં બતાવે કે તમારા વખતમાં ૫,૫૧,૦૦૦ કર્મચારીઓ હતા અને અમારા વખતમાં રેકર્ડ ઉપર ૫,૫૧,૦૦૦ કરતાં વધારે કર્મચારી છે. એમણે આઉટસોર્સિંગ અને ફિક્સ પગારની એક નવી નીતિ ઊભી કરી છે. ક્લાસ – ૪ની ભરતી બંધ કરી. ક્લાસ – ૩ની ભરતી થાય નહિ. જાહેરાત પડે તો પરીક્ષા ન થાય. પરીક્ષા થાય તો મોકૂફ રખાય, રદ કરાય. પરીક્ષાનું રીઝલ્ટ આવે તો એને એપોઇન્ટમેન્ટ ન અપાય. એપોઇન્ટમેન્ટ અપાય તો હાઇકોર્ટમાં જાય અને સ્થગિત થાય. આ પરિસ્થિતિ અત્યારે થઇ રહી છે. આ બેકાર લોકોની વાત થઇ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ખેડૂતોની વાત કરીએ તો ખેડૂત માટે શું કર્યું? ખેડૂતોના અમે હામી છીએ. વર્ષ ૧૯૬૦માં જે બજેટ રજૂ થયું હતું એમાં ખેડૂત માટે ૩૦ ટકાની ફાળવણી થઇ હતી. આજે રૂપિયા ૨.૨૭ લાખ કરોડનું બજેટ રજૂ કર્યું છે. એમાં ખેડૂત માટે ફક્ત ૩ ટકા બજેટ જોગવાઇ કરવામાં આવી છે. ખેડૂત માટે તમે વાતો કરો છો. દિવસે વીજળી આપવાની જે વાત ૨૫ વર્ષ પહેલાં કરતાં હતા, જે આંદોલન ૨૫ વર્ષ પહેલાં કરતાં હતા કે મારો ખેડૂત રાત્રે ખેતરમાં જાય અને સાપ કરડે તો. એ આંદોલનનો મુદ્દો ૨૫–૩૦ વર્ષ પહેલાં હતો. એ મુદ્દો પૂરો કરતાં કરતાં આજે સંકલ્પ કરવામાં ૨૫ વર્ષ લાગી ગયા. પાક વીમા યોજનાનું નામ બદલીને પ્રધાનમંત્રી ફસલ યોજના કર્યું. ભારત સરકાર તરફથી ગુજરાત સરકારને વીમા યોજનાઓ માટે ૩ હજાર કરોડ રૂપિયા દર વર્ષે ચૂકવવામાં આવે છે. જેટલું પ્રિમિયમ ચૂકવવામાં આવ્યું એની ૧૦ ટકા રકમ પણ ખેડૂતોને વળતરરૂપે ચૂકવવામાં આવતી નથી. આ પરિસ્થિતિ ગુજરાતની છે. ખેડૂત બેહાલ બન્યા છે. બીજા અર્થમાં કહું તો ખેડૂતો લૂંટાઇ રહ્યા છે અને સરકારના નાણાં વ્યય થઇ રહ્યા છે. એ પરિસ્થિતિનું પણ મૂલ્યાંકન થવું જોઇએ. શિક્ષણ અને આરોગ્ય સરકારની જવાબદારી છે. એમાંથી તે છટકી શકે નહિ. મારે આરોગ્ય વિશે વાત કરવી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિશે વાત કરવી છે. એક સમય હતો કે સમગ્ર દેશમાં કેરાલા પછી ગુજરાત હતું. આજે ગુજરાત કયા ક્રમે છે? ૧૭મા ક્રમાંકથી પણ પાછળ ધકેલાયું છે. બિહાર અને ઝારખંડ જેવા રાજ્યો પણ શિક્ષણમાં આગળ વધી ગયા. અમે શિક્ષણમાં આમ કર્યું અને તેમ કર્યુંની વાતો મૂકી દેવી જોઇએ અને ફક્ત મહોત્સવના બદલે સાચા અર્થમાં શિક્ષણ આપવું જોઇએ. સાચા અર્થમાં પ્રાથમિક શિક્ષણનો વધારો થાય એવા પ્રયત્નો કરવા જોઇએ. પણ શું કર્યું ? બેફામ, મન ફાવે ત્યાં પ્રાઈવેટાઈઝેશન, પ્રાઈવેટ સ્કૂલ, લાખો રૂપિયાની ફી. પરિસ્થિતિનું નિર્માણ એવું થયું કે આજે ૬૦૦૦ જેટલી શાળાઓને મર્જ કરી બંધ કરી દીધી. એક કિલોમીટર જેટલાં અંતરે બાળકને ચાલીને ભણવા જવું પડે એવી પરિસ્થિતિનું નિર્મણ થયું. કૉંગ્રેસના શાસનમાં ઘેર બેઠા અભ્યાસ, ઘરની બહાર નીકળે એટલે પ્રાથમિક શાળાનો ઓરડો હોય, ઘરની બહાર નીકળે એટલે પ્રાથમિક શાળાના શિક્ષક દેખાય, રસ્તા પર બાળક ચાલતું હોય તો બે–ત્રણ શિક્ષકો મળે, સંસ્કારોનું સિંચન થાય. આજે પરિસ્થિતિ ઊલટી થઈ ગઈ છે. પહેલાં બાળકો ભણવા માટે ગામડેથી શહેરમાં આવતાં હતાં. આજે વાલીઓએ બાળકોને શહેરમાંથી ગામડામાં મૂકવા પડે છે. કારણ કે પ્રાઈવેટ ફી આપી શકે એવી પોઝિશન નથી રહી. હમણાં ધારાસભ્યશ્રીએ કહ્યું આ બજેટ ફક્ત લોકોને સપના દેખાડવા અને ભરમાવવા પૂરતું છે. આ બજેટમાં વાસ્તવિકતા કંઈ નથી. સન ૧૯૬૦ની સરખામણીમાં પણનાણામંત્રીશ્રીનું આ બજેટ દમ વગરનું છે એમ કહીએ તો પણ ખોટું નથી.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, હું આદરણીય વિજયભાઈના નેતૃત્વમાં આદરણીય નીતિનભાઈએ જે અંદાજપત્ર રજૂ કર્યું છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું. જ્યારે આપણને સ્વરાજ મળ્યું ત્યારે પ્રજાની અપેક્ષા, આકાંક્ષા અને ઝંખના સુરાજ્ય પ્રત્યેની હતી. ઘણાં વર્ષો સુધી વિરોધ પક્ષે ગુજરાતમાં શાસન કર્યું. હું આપના માધ્યમથી કહેવા માગું છું કે, હમણાં જ વિપક્ષના વિદ્વાન અને મારા વડીલ શ્રી ચાવડા સાહેબ કૃષિની વાત કરતાં હતાં. કૃષિ કલ્યાણનું શ્રી નરેન્દ્રભાઈનું સ્વપ્ન હતું. વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી થાય એ દિશામાં એમણે અનેક પ્રયાસો કર્યાં. વર્ષ ૨૦૦૨માં ગુજરાતના ખેડૂતોના આંકડા જોઈ લો. એનો જી.ડી.પી. ૨.૨ ટકા હતો. વર્ષ ૨૦૧૨માં ડબલ ડિજીટમાં પહોંચાડવાનો શ્રેય આ ભારતીય જનતા પાર્ટીની સરકારને જાય છે. વર્ષ ૨૦૧૨માં ૧ લાખ ૫૨ હજાર કરોડ રૂપિયાનું કૃષિ ઉત્પાદન મૂલ્ય હતું. કેટલાંય સમયથી વિપક્ષના સભ્યશ્રીઓ ખેડૂતોની વાત વિશે ભ્રમિત કરી રહ્યા છે. હમણાં જ ગૃહમાં વાત થઈ હતી કે કોઈ ગરબા રમવા દિલ્હી ગયા હતાં. હું ખેડૂતોની વાત કરું તો ભારતીય જનતા પાર્ટીએ વર્ષ ૨૦૦૨ પછી તબક્કાવાર આયોજનો કરી જળ સંચય ક્ષેત્રે તળાવો ઊંડા કરવાના હોય, ચેકડેમો બનાવવાના હોય, નહેરોનું કામ હોય એ મારફતે ગુજરાતની ૯૮ લાખ હેક્ટર જમીન આજે આપણે સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવી શક્યા છે. એના મૂળમાં ભૂતકાળમાં ૧૮ લાખ હેક્ટર સિંચાઈ થતી હતી. શ્રી નરેન્દ્રભાઈએ જે કિસાન સન્માન યોજના આપી એ યોજના થકી ગુજરાતના લગભગ ૫૫ લાખ ખેડૂતોને વાર્ષિક ૬ હજાર રૂપિયા પ્રમાણે નાના નાના સાડા સાત હોર્સ પાવરની મોટર હોય એના આખા વર્ષનું

બિલ નિકળી જાય છે. એવો જ નિર્ણય આદરણીય વિજયભાઈ અને આદરણીય નીતિનભાઈના નેતૃત્વમાં સાત પગલા ખેડૂતના યોજના થકી થયો. ખેડૂતો વારંવાર કહેતા કે આ રોજડા અને ભૂંડનો ત્રાસ છે. ગૃહમાં પણ ચર્ચા થતી. એમની જે હેક્ટરની જમીનની મર્યાદા હતી એ ઘટાડી પાંચ હેક્ટર સુધી ૨૦૦ રૂપિયા ચોરસ મીટર સહાય આપવાની આ ગુજરાત સરકારે શરૂઆત કરી. એવી જ રીતે નાના શાકભાજીના ઉત્પાદકો, ફેરિયાઓ માટે જે છત્રીની યોજનાથી એમને તડકામાં હેરાન ન થવું પડે, શાકભાજી ન બગડે એ માટે લગભગ પહેલાં જ તબક્કામાં ૩૬ હજાર છત્રીઓ આપી છે. એના પરિવારની બાબત હોય એ જ પ્રમાણે સરકારે પ્રાકૃતિક ખેતી ઉપર ધ્યાન આપવા માટે ગાય આધારિત ખેતી થાય અને ૧ લાખ ખેડૂતોને આવરી લેવાનું લક્ષ્ય સાકાર કરવા ઉપર આગળ જઇ રહ્યા છીએ. હમણાં જ પ્રતિ પક્ષમાંથી કહેતા હતા, ૨૪ કલાકની જે વીજળીની વાત, ગુજરાત સરકારે પહેલ તો કરી એ સાથે હું શ્રી સૌરભભાઇ, શ્રી વિજયભાઇ અને શ્રી નીતિનભાઇને અભિનંદન આપું છું કે કિસાન સૂર્યોદય યોજના કે જે સમગ્ર ગુજરાતના ખેડૂતો દિવસે વીજળીની માંગ કરતા હતા, એ દિશામાં પ્રથમ તબકકો અને બીજી તબકકો શરૂ થઇ ગયો, અમારા હિંમતનગર તાલુકાના લગભગ ૩૬ ગામોને દિવસે વીજળી મળે છે. એવી જ રીતે હું સરકારને અભિનંદન આપું છું કે, અમારા પૂર્વના પટ્ટામાં જે જલુન્દ્રા માધવની મહુવાની પાઇપલાઇનની જે યોજના હતી, એનું સરકારની વહીવટી અને તાંત્રિક મંજૂરી થકી ટેન્ડર બહાર પડી ગયું અને ૧૧ હજાર વિઘા જમીનને પ્રત્યક્ષ સિંચાઇનો લાભ ઉપલબ્ધ થવાનો છે, એ માટે ખૂબ ખૂબ અભિનંદન આપુંછું.

માનનીય અધ્યક્ષશ્રી,જે રીતે કિસાનના જે ટેકાના ભાવોની વાત હતી, એ લગભગ વર્ષ ૨૦૧૯-૨૦માં રૂપિયા ૬૩૩૭ કરોડના મૂલ્યનું ૧૨.૧૬ લાખ મેટ્રિક ટન ટેકાના ભાવે ખરીદી કરી. હમણાં જ ચાવડા સાહેબ કહેતા હતા કે, કિસાનો અકસ્માતે મૃત્યુ પામે તો, એ યોજના સરકાર દ્વારા વર્ષ-૧૯૯૬માં આ ભારતીય જનતા પાર્ટીના શાસનવાળી સરકારમાં દાખલ થઇ કે ખેડૂત અકસ્માતે મૃત્યુ પામે તો એને સહાય મળે. હમણાં જ એમાં સુધારો કરીને ડબલ લગભગ બે લાખ રૂપિયાની સહાય આપવામાં આવે છે. મારે કહેવું ન જોઇએ પણ હિંદીમાં કોઇએ બહુ સરસ કહ્યું છે.

**लगी थी धूल चहेरे पर और आईना साफ करते रहे,**

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રજાલક્ષી, ખેડૂતલક્ષી અને શ્રી નરેન્દ્રભાઇનું જે સ્વપ્ન કે સર્વજન હીતાય, સર્વજન સુખાય, ગુજરાતના તમામ ખેડૂતોને લાભ થાય, વીજળી પૂરતી મળે, પોષણક્ષમ ભાવ મળે, ટેકાના ભાવ મળે અને છેલ્લે સરકારે હમણાં વર્ષ ૨૦૨૦-૨૧માં શ્રી વિજયભાઇ અને શ્રી નીતિનભાઇએ બાગાયત માટે જે નીતિ આપી છે, એમાં સાબરકાંઠાનો સમાવેશ કર્યો છે, જે બાગાયત માટે આમ તો ૧૬.૧૬ ટકા આખા ગુજરાતમાં લગભગ ૧૮ લાખ હેકટરમાં થાય છે. પણ હવે આ નવી નીતિથી આવનારા દિવસોમાં જયારે આપણે પપૈયું, ચીકુ અગ્રસ્થાને છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરુ થાય છે. માનનીય ડો. અનિલ જોષિયારાજી.

ડો. અનિલ જોષિયારા(ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણામંત્રીશ્રી વર્ષ ૨૦૨૧-૨૨ નું બે લાખ સત્યાવીસ હજાર ઓગણતીસ કરોડનું જેબજેટ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ રાજય પરના કરવેરા સાથે રૂ. ૫૦,૫૦૧/- નું જાહેર દેવું કરીને આવક ઉભી કરવાનો અંદાજ મૂકયો છે. કોરોનાના કારણે જરૂરવર્ષ ૨૦૨૦-૨૧માં એ કરવેરાની આવક ઘટી હશે, પરંતુ જે શરૂઆતનો ત્રિમાસિક ગાળો હતો, એમાં ૪૦ ટકા ઘટી, બીજા ત્રિમાસિક ગાળામાં ૧૫ ટકા ઘટી અને ત્રીજા ત્રિમાસિક ગાળા, ઓકટોબરથી લગભગ તમારી વેટ અને જી.એસ.ટી.ની આવક એકદમ વધવા માંડી અને ઐતિહાસિક વધવા માંડી, આપે પણ ઉલ્લેખ કર્યો છે અને જાન્યુઆરીમાં જે તમારી જી.એસ.ટી.ની આવક હતી, ત્રણ હજાર ચારસો તેર કરોડ રૂપિયા અને ફેબ્રુઆરીમાં તો એનાથી વધુ રૂપિયા ત્રણ હજાર પાંચસો ચૌદ કરોડ જેટલો વિક્રમજનક વધારો થયો છે. પરંતુ રાજયમાં જે બિન વિકાસલક્ષી ખર્ચ છે, એ દિવસે દિવસે વધતો જાય છે. જે બિન વિકાસલક્ષી ખર્ચ છે, એ રૂપિયા ચોસઠ હજાર નવ સો પચાસ કરોડ સૂડતાલીસ લાખ છે. પણ જાહેર દેવાની ચૂકવણી, લોન અને કરવેરા સાથેની જે વાત છે, એમાં ટોટલ તમારો બિન વિકાસલક્ષી ખર્ચ છે એ રૂપિયા નેવું હજાર સાતસો છ કરોડ અને બાવન લાખ, જે પહેલી વખતે આટલો વધારે છે, અત્યાર સુધી બિન વિકાસલક્ષી ખર્ચ આટલો બધો વધારે થયો નથી અને ગઇ વખતે, ગયા નાણાકીય વર્ષમાં જે બિન વિકાસલક્ષી ખર્ચ હતો, એ તમારો રૂપિયા એકસઠ હજાર પાંચસો છપ્પન કરોડ ઓગણ્યાએંસી લાખ હતો. ગયા વખત કરતા આ વખતે ૨૯૧૪૯ લાખ કરોડ રૂપિયા વધવાનું છે. ત્યારે રાજયમાં જે બિન વિકાસલક્ષી ખર્ચ વધતો જાય છે અને રાજય દેવાદાર બનતું જાય છે તેથી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આમાં કંઇક વિચાર કરે, આમાંથી કંઇ નથી મળવાનું એટલે આ બિન વિકાસલક્ષી ખર્ચછે એમાં થોડોક ઘટાડો થાય તો રાજયને જરૂર ફાયદો થાય.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે રાજયના સર્વાંગી વિકાસની વાતો કરીએ છીએ,દરેક રાજય અને દરેક વિસ્તારનો સર્વાંગી વિકાસ થવો જોઇએ. પણ તેના માટે ચોક્કસ આયોજન અને ચોક્કસ યોજના માટે ચોક્કસ રકમ મૂકવી જોઇએ. અંદાજિત રકમ હોય તો ચાલશે, પણ અમારા આદિવાસી વિસ્તારમાં લમ્પસમ રકમ મૂકાય છે અને તેના લીધે અમારી જે ગ્રાન્ટ છે તે બીજા વિસ્તારમાં ડાયવર્ટ થઇ જતી હોય છે. સર્વાંગી વિકાસની વાત આવે એટલે ગમે સાહેબ, પરંતુ નાણાં ફાળવણી જયારે આવે છે ત્યારે સૌથી વધુ જો નુકસાન થતું હોય તો એ આદિવાસી વિસ્તારને થાય છે. આદિવાસી વિસ્તારને આ વખતે વસતિ પ્રમાણે ગ્રાન્ટ જોઇએ તો આદિવાસીઓની વસતિ ૧૫ ટકા છે તો ટોટલ બજેટના ૧૫ ટકા પ્રમાણે બજેટ ફાળવવું જોઇએ એના બદલે તમે આ વખતે જે બજેટ ફાળવેલ છે એ ૬.૪૫ ટકા જ ફાળવ્યું છે. જે ગયા વખત કરતા પણ ઓછું છે. ગયા વખતે

૭.૧ ટકા ફાળવ્યું હતું અને આ વખતે ૬.૭૫ ટકા જ ફાળવ્યું છે. રાજય સરકારે અને તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાને એક સરસ વનબંધુ કલ્યાણ યોજના ચાલુ કરેલી અને દસ મુદ્દાઓ ચાલુ કર્યા, દરેક ગામમાં અને દરેક ફળિયામાં બાર માસી પાકા રસ્તા મળશે એવી વાત કરી, બધા ખૂબ ખુશ હતા કારણ કે રસ્તો મળવાનો હતો. પણ એવું બન્યું નહીં. ગ્રાન્ટ બીજે ફળવાઇ ગઇ અને અમારા વિસ્તારોને રસ્તાઓ મળ્યા નહીં. આજે પણ ભિલોડા અને મેઘરજ તાલુકાના ઘણા એવા ગામો છે બેલ્યો, નવા પાણીબાર, વઇડી, નવાગરામ, નાપડાજાગીર, બાવળીયા, આઇવા, ભાણમેરડુંગરી, એવા ઘણા ગામો છે કે જયાં આજની તારીખે સીંગલ પટ્ટીનો રસ્તો નથી. અને જે હયાત રસ્તાઓ નોન પ્લાન રસ્તાઓ છે એ નોન પ્લાન રસ્તાઓ આજે પણ પ્લાનમાં કરી શકયા નથી. એટલે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે જેમ તમે એમ.ડી.આર. રસ્તાઓ સ્ટેટ હસ્તક લઇ ગયા એવી જ યોજના બનાવીને આ નોન પ્લાન રસ્તાઓ છે તેને પ્લાનમાં લઇ જાઓ એવી મારી વિનંતી છે. રસ્તાઓની જે ટ્રાયબલની ગ્રાન્ટ છે એ વર્ષ ૨૦૧૮–૧૯માં જે ગ્રાન્ટ હતી રૂપિયા ૧૨૪૪ કરોડ, એ આ વખતે ઘટતી ઘટતી ૯૬૩ કરોડ રૂપિયા થઇ ગઇ છે. મારી વિનંતી છે કે ટોટલ બજેટ વધતું જાય છે તો અમારી આ રસ્તાઓની ગ્રાન્ટ કયા સંજોગોમાં ઘટતી જાય છે? એટલે મારી વિનંતી છે કે તમે આ ગ્રાન્ટને વધારો.

માનનીય મંત્રીશ્રીને સિંચાઇ માટે મારી ખાસ વિનંતી છે કે સિંચાઇની ચોકકસ યોજના નથી બનતી. એટલે અમારા ભિલોડા અને મેઘરજ વિસ્તારમાં એક ઇંચ પણ છેલ્લા ૧૩ વર્ષમાં સિંચાઇની સુવિધા વધી નથી. કરોડો રૂપિયા ખર્ચાય છે, દર વર્ષે લગભગ ૧૧૦૦ કરોડ રૂપિયા આદિવાસીઓના સિંચાઇ માટે વપરાય છે પણ આ વિસ્તારમાં સિંચાઇની કોઇ સુવિધા મળતી નથી. અમારા ડેમ છે, હાથમતી, ઇન્દ્રાસી, વઇડી, મેશ્વો, આ ડેમ આધારિત લિફ્ટ ઇરિગેશન કરીને કેમ યોજના બનાવવામાં આવતી નથી એ મને ખ્યાલ આવતો નથી. અમારા વિસ્તારો દૂષ્કાળગ્રસ્ત વિસ્તારો છે. કાયમી વરસાદ નથી પડતો સાહેબ, ઓછો વરસાદ આવે છે. તો આવા વિસ્તારોમાં આ યોજના બનાવો અને સુજલામ સુફલામનો પણ અમને કોઇ લાભ આપવામાં નથી આવ્યો. તમે કહો છો કે ૭૩૭ તળાવો ભર્યા, પણ અમારું એક પણ તળાવ તમે ભર્યું નથી. એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આમાં પણ થોડી જોગવાઇ કરવામાં આવે. સાથે સાથે જે મોટી સિંચાઇ છે એ મોટી સિંચાઇની યોજનામાં તમે ગ્રાન્ટ ફાળવો છો એમાં દર વખતે મોટાભાગની ગ્રાન્ટ નર્મદા નિગમને જતી રહે છે. રૂપિયા ૨૦૦–૩૦૦ કરોડ, એ તમે વર્ષ ૨૦૦૭ થી ચાલુ કર્યું છે. આ હેડ પહેલા નહોતું અને આ હેડ જે દાખલ કર્યું છે તેનાથી અમને ખૂબ મોટું નુકસાન જાય છે. અત્યાર સુધી ૩૬૯૭ કરોડ રૂપિયા અમારા ટ્રાયબલ વિસ્તારના એમાં જતા રહ્યા છે.

છેલ્લે મારે શહેરી વિકાસની વાત કરવી છે. એ હેડ પણ અમારા ટ્રાયબલ વિભાગમાં નહોતું, આ વર્ષ ૨૦૦૭માં પહેલી વખત દાખલ કર્યું અને તેના કારણે રૂપિયા બાવન કરોડથી યોજના ચાલુ કરી અને દર વર્ષે ૮૦૦થી ૯૦૦ કરોડ રૂપિયા અમારા ટ્રાયબલ બજેટમાંથી જાય છે અને એનો કોઇ લાભ અમને મળતો નથી. અને મોટા ભાગનું આયોજન મહાનગરપાલિકામાં અને નગરપાલિકામાં એ સહાયક અનુદાન આપવા માટે જાય છે. એટલે મારી વિનંતી છે કે આ હેડ કમસેકમ ટ્રાયબલ વિભાગમાંથી બંધ કરવામાં આવે. અમારી જે જરૂરિયાત છે, અમારે કોઇ ગટર લાઇનની જરૂર નથી, અમારા છૂટા છવાયા વિસ્તારો છે તેથી ગટર લાઇનની જરૂરિયાત નથી હોતી. એટલે આટલી મોટી રકમ અમારા વિભાગમાંથી જાય છે એ બંધ કરો તો અમારા વિકાસના કામો મળી શકે. સાહેબ પાણી પુરવઠામાં અમારા વિસ્તારોમાં એસકે–ફોર વન એન્ડ ટુ યોજના ચાલુ કરી. આજની તારીખ સુધી પીવાનું પાણી મળી શકતું નથી. જે ૮૨ ટકા ગામોમાં પીવાનું પાણી મળે છે એમાં જે બાકીના ગામો છે એ મોટા ભાગે ટ્રાયબલ વિસ્તારના ગામો છે તેથી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે તેમાં પણ ધ્યાન આપે.

શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સન ૨૦૨૧–૨૨ના વર્ષ માટેનું ગુજરાતના વિકાસને ઉત્તમથી સર્વોત્તમ તરફ લઇ જવા માટે બજેટ લઇને આવ્યા છે તેના વિશે મારા વિચારો રજૂ કરવા તથા તેને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

ગુજરાતના આ બજેટમાં એક પણ રૂપિયાનો ટેકસ વધાર્યા સિવાય સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે. એવું પ્રગતિવંતુ બજેટ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી લઇને આવ્યા છે ત્યારે હું તેમને અભિનંદન આપું છું.રાજયમાં સામાજિક અને આર્થિક વિકાસ માટે વીજ વપરાશ એ મહત્વનું અંગ છે. વર્ષ ૧૯૭૨થી હું પ્રચારમાં જતો ત્યારે ગામડાંની બહેનો કહેતી કે તમે પ્રચાર કરવા માટે આવ્યા છો પરંતુ વાળુ કરવાના સમયે વીજળી આપો અને સવારે ભેંસો દોહવાના સમયે વીજળી આપો. પરંતુ તે વખતની યુપીએની સરકારે બહેનોની એ તકલીફ સમજી નહોતી. પરંતુ અમારા તે વખતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જયોતિગ્રામ યોજના દ્વારા ૨૪ કલાક ગામડાંને વીજળી આપવાનુંશરું કર્યું એના લીધે ગામડાંના લોકો શહેરો તરફ ભાગી રહ્યા હતા એ દોડ બંધ થઇ. ધોરણ–૧૦ અને ૧૨માં ધોરણમાં અભ્યાસ કરતાં બાળકોને એના લીધે ખૂબ રાહત થઇ એ સિવાય બીજા નાના મોટા કામધંધા જેવા કે સિવણ કામ, સુથારી કામ, હીરાના કારખાના ચાલુ થવાથી આ ગામડાંભાંગતા બચી ગયા. એ જ રીતે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સોલરથી વીજળી ઉત્પન્નકરવા માટે ચારણકા મુકામે એશિયાનો સૌથો મોટા સોલર પાર્કની સ્થાપના કરી. ત્યાર પછી હમણાં જ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ દુનિયાનો સૌથી મોટો સોલર પાર્ક કચ્છની અંદર સ્થાપવા માટેનું ખાતમુહૂર્ત કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં સામાજિક અને આર્થિક વિકાસમાટે વીજ વપરાશ મુખ્ય જરૂરી માપદંડ છે. વર્ષ ૨૦૧૯માં સરેરાશ માપદંડ ૧૧૮૧ યુનિટ હતો જેની સામે ગુજરાતનો વીજ વપરાશ ૨૨૦૮ યુનિટ હતો. જે વર્ષ ૨૦૨૦માં વધીને

૨૨૨૫ યુનિટ થયેલ છે. રાજયના વીજળી મથકો એપ્રિલ, ૨૦૨૦થીજાન્યુઆરી, ૨૦૨૧ના ગાળા દરમિયાન ૧૫૮૭૬ મિલિયન યુનિટ વીજળીનું ઉત્પાદન કરેલ છે. વીજ ઉત્પાદન મથકો દ્વારા પ્રદૂષણની માત્રા ઘટાડવાના હેતુથી પર્યાવરણનો અદ્યતન માપદંડ જળવાય તે માટે વીજળીretrofit flue gas desulfurization, electrostatic precipitator in power station કરવાનું આયોજન રાજય સરકારે કર્યું છે જે અંતર્ગત રૂપિયા ૪૮૦ કરોડના વિવિધ પ્રોજેકટો અમલીકરણ હેઠળ છે તેમજ રૂપિયા ૫૩૦ કરોડના વિવિધ પ્રોજેકટો આયોજન હેઠળ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કિસાન સૂર્યોદય યોજનાની જાહેરાત કરવામાં આવી. અહીંયા દરેક માનનીય ધારાસભ્યશ્રી ચિંતા કરતા હતા કે ખેડૂતોને દિવસે વીજળી આપો અને આ ભારતીય જનતા પાર્ટીની સરકારે માનનીય વિજયભાઇ રૂપાણી સાહેબ તથા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની સરકારેખેડૂતોને દિવસે વીજળી આપવા માટે કિસાન સર્વોદય યોજના ચાલુ કરી છે અને ખેડૂતોને સવારે ૫–૦૦થી રાત્રે ૯–૦૦ કલાક દરમ્યાન વીજ પુરવઠો આપવા માટે આ યોજના અમલમાં લાવ્યા છે. ત્યારે કિસાન સૂર્યોદય યોજના માટે ૩૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરેલી છે. ઉપરોક્ત માળખાકીય સુવિધા ઉભી કર્યા બાદ સમગ્ર ગુજરાતના ખેડૂતોને કિસાન સૂર્યોદય યોજના હેઠળ દિવસે વીજળી આપવા કામગીરી હાથ ધરી છે. જે અંતર્ગત ૩૨ જિલ્લામાં આ યોજનાનો અમલ શરૂ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિના ખેડૂતોના કૂવાનું વીજળીકરણ અંતર્ગત વર્ષ ૨૦૨૦–૨૧માં રૂ. ૯.૨૧ કરોડના ખર્ચે ૫૪૧ ખેતી વિષયક વીજ જોડાણ આપવામાં આવેલ છે. સાગરખેડૂ. જે દરિયા કિનારે આપણાં સાગરખેડૂઓ રહે છે એમના માટે વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન વીજ વિતરણ–ડિસ્ટ્રીબ્યુશન નેટવર્કના સુદ્રઢીકરણની કામગીરી માટે જૂની લાઇનો બદલી જૂના ટ્રાન્સ્ફોર્મરો બદલવા અને વીજ પુરવઠો નિયમિત ચાલુ રહે તે માટે ૬૬ કે.વી.ના ૧૦ સબસ્ટેશન તથા ૮,૧૯૮ કૂવાના વીજળીકરણની કામગીરી જાન્યુઆરી–૨૦૨૧ સુધીમાં રૂ.૩૨૭ કરોડના ખર્ચે કરેલ છે. કિસાન હિત ઊર્જા શક્તિ યોજના–ખુશી અંતર્ગત ખેડૂતોના હિતમાં રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૦–૨૧માં રૂપિયા ૬૨.૪૪ કરોડના ખર્ચે ૫,૩૬૬ ઓછી ક્ષમતાના ડિસ્ટ્રીબ્યુશન ટ્રાન્સ્ફોમર્ર લગાડવામાં આવેલા છે. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેને સમર્થન આપું છું.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના નાણામંત્રી–નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ વર્ષ ૨૦૨૧–૨૨નું કરવેરા વગરનું, કોઇ રાહત વગરનું બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયોછું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આ ગૃહના ધારાસભ્ય તરીકે આપને અભિનંદન આપીશ કેવિધાનસભા શરૂ થઇ તેના પહેલાં દિવસે પીજીઅન બોક્સમાં 'વિકસતું ગુજરાત' વર્ષ ૧૯૬૦થી શરૂ થઇને ૨૦૧૮ સુધીની જે બુક અમને આપવામાં આવી છે. મારે ચૂંટાયેલા બધા જ પક્ષના ધારાસભ્યશ્રીઓને આ બુક વાંચવા માટે વિનંતી કરવી છે. ગુજરાત કપાસ ઉત્પાદક રાજ્ય હોવાથી ૧૦૦ કરતા વધુ મિલો ધરાવતું અમદાવાદ ભારતનું માન્ચેસ્ટર બન્યું તેનો આ બુકમાં ઉલલેખ કરવામાં આવ્યો છે. અમદાવાદ નગરપાલિકાના મ્યુનિસિપલ કોર્પોરેટર તરીકે અને અમદાવાદના મેયર તરીકે સરદાર વલ્લભભાઇ પટેલે જે ભૂમિકા ભજવી ત્યારે રાંગની અંદરનું આખું અમદાવાદ હતું અને તેમાંથી બહાર લાવવા માટેનું કામ કર્યું તે વખતના સરદાર પટેલના સંસ્મરણો આમાં યાદ કર્યા છે. ગુજરાતના નેતૃત્વની આ બુકમાં વાત કરી છે. તેમાં લખ્યું છે, આ બજેટ સાથે હું એટલા માટે કહેવા માગું છું કે વિધાનસભાના સભ્યોને ખ્યાલ આવે કે અત્યાર સુધી માત્ર અમે કર્યું છે, અમે કર્યું છે આ નરી અજ્ઞાનતા હોય એવું મને લાગી રહ્યું છે. ગુજરાતનું નેતૃત્વ મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઇ પટેલ આ રાજ્યના મુખ્યમંત્રી તરીકે અત્યાર સુધીમાંકામગીરી કરી ચૂક્યા છે તેવા શ્રી મોરારજીભાઇ દેસાઇ,ઇન્દુલાલ યાજ્ઞિક, રવિશંકર મહારાજ જેવા અનેક એવા યોદ્ધાઓ છે. શ્રી કે.એમ. મુનશી, પ્રો. યશપાલ, શ્રીમતી અનસૂયા સારાભાઇ, શ્રી જે.આર.ડી. તાતા, શ્રી ધીરુભાઇ અંબાણીને પણ યાદ કરવામાં આવ્યા છે. શ્રી પી.એન. ભગવતીને પણ યાદ કરવામાં આવ્યા છે. શ્રી નાનુભાઇ શેલત, ડો. વિક્રમભાઇ સારાભાઇ એમને પણ યાદ કર્યા છે અને ગુજરાતનું નેતૃત્વ કરનાર પ્રથમ મુખ્યમંત્રીશ્રી જીવરાજ મહેતાનું ગુજરાતને મહત્વની ભૂમિકા આપવાનું એમનું પ્રદાન યાદ કરેલ છે. શ્રી બળવંતરાય મહેતાથી અત્યારના મુખ્યમંત્રી, તત્કાલિન મુખ્યમંત્રીથી શ્રી વિજયભાઇ સુધીની આમાં ગાથા રજૂ કરી છે, પરંતુ ભારતીય જનતા પાર્ટીની સરકાર મતોને લઇને અત્યારે રાજનીતિ ચલાવી રહી છે કે અમને બહુમતી મળી છે, અમને બહુમતી મળી છે. ત્યારે મારે ધારાસભ્યોનું ધ્યાન દોરવું છે કે અનેક ધારાસભ્યો એવા હશે, કે જેમને ૩૧ ટકા મતો મળ્યા છે, તમારા પૂજ્ય પિતાશ્રી, તમારા પૂજય દાદાશ્રી, તમારા કોઇ સંબંધીઓ તે વખતે આ ગૃહમાં કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓ રહી ચૂકયા છે અને ટીકા કરીશું તો શું આપણે એમની ટીકા કરવા માગીએ છીએ?તેમણે આપેલું પ્રદાન આપણે યાદ કરતા નથી અને ટીકા કરીએ છીએ. ટીકા–ટિપ્પણમાંથી બહાર આવવું જોઇએ અને જો પૈસા જ માત્ર આર્થિક સંપત્તિ હોય તો મારે સુરતના અડાજણ જેવા રોયલ વિસ્તારનો દાખલો આપવો છે, ભારતીય જનતા પાર્ટી લખેલી મર્સીડીઝ ગાડી દારૂ વેચવામાં પકડાઇ છે એવું પેપરમાં લખ્યું છે એનો ઉલ્લેખ હું ન કરી શકું. અરબો રૂપિયા એ માણસ કમાય છે એને સફળતા ગણી શકાય?દારૂ વેચવાવાળો વ્યકિત જો સફળ હોય, ભારતીય જનતા પાર્ટી આવી રીતે સફળ બની હોય તો મારે એમાં કંઇ કહેવું નથી પરંતુ અત્યારે જે પરીક્ષાઓ ચાલે છે તેમાં કેટલી ટીકાઓ થાય છે.ડી.જી.વી.સી.એલ. કંપનીએ હમણાં પરીક્ષા બહાર પાડી, પરીક્ષાના પેપરો તપાસ્યાં, એક વિદ્યાર્થીને ૧૦૦ માર્કનું પેપર પૂછ્યું એમાં ૧૦૪ માર્ક આવ્યા. કોની ભૂલ છે? આટલું બધું ગુજરાત આગળ વધી ગયું છે? જો આટલું બધું ગુજરાત આગળ વધવાની વાતો કરીએ ત્યારે માનનીય નીતિનભાઇ, જીત એ માત્ર પારાશીશી નથી.

## તા. ૧૫મી માર્ચ ૨૦૨૧

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો વિકાસ પારાશીશી છે. તમે કંઇ કર્યું નથી એમ કહીને માત્ર ટીકા કરીએ તો આવડી મોટી વિધાનસભા, આવડું મોટું સચિવાલય અને ગામડે ગામડે શાળા બાંધવાનું કામ કર્યું તેના કારણે આજે આપણે ધારાસભ્ય બની શકયા છીએ. પ્રાથમિક શિક્ષણ તે વખતની સરકારોએ આપ્યું હતું.એસ.ટી. બસો ગામડે જતી હતી આજે એસ.ટી. બસો શોધવી પડે છે. આ પ્રકારની પરિસ્થિતિ ચાલે છે.ગુજરાતમાં છેલ્લા વર્ષોમાં ૨૨૦૩ ઉદ્યોગો બંધ થયા છે એવું એક તારાંકિત પ્રશ્નના જવાબમાં આપ્યું છે.રાજયમાં ૨૬૩૪ તલાટી મંત્રીઓની જગ્યા ખાલી છે. ગામડાનો ખેડૂત માર્યો માર્યો ફરે છે, તલાટી મંત્રીઓને શોધે છે અને ૨૬૦૦ તલાટી–કમ–મંત્રીઓની જગ્યા ખાલી છે. કયાં છે વિકાસશીલ ગુજરાત? માનનીય નીતિનભાઇ, આ તમે તમારા પ્રશ્નના જવાબમાં આકડાઓ આપ્યા છે. ગુજરાતના પ્રાથમિક શિક્ષણમાં ૧૮હજાર કરતા વધુ ઓરડાની ઘટ છે, ૨૫ વર્ષથી વિકાસ, વિકાસની વાતો કરે છે તો આ શેની વિકાસની વાતો ચાલે છે? વિકાસ તો તે વખતની કોંગ્રેસ સરકારે કર્યો હતો. સૌની યોજના સૌરાષ્ટ્રમાં લાવ્યા છો, અમને આશીર્વાદરૂપ છે. અભિનંદન આપીશ. સાચી વાતમાં હું અભિનંદન આપતાં પણ હું ખચકાતો નથી. એ સૌની યોજના મારફત આજે ભાવનગર જિલ્લામાં પાણી અપાય છે ત્યારે માનનીય નીતિનભાઇ, હું પણ વિનંતી કરું છું કે અમરેલી જિલ્લાના નાના નાના તળાવો છે એને પણ ભરવા માટેની તાત્કાલિક મંજૂરી આપે. મધ્યાહન ભોજન યોજના, હું હમણાં એના કર્મચારીઓ પાસે ગયો હતો. તેઓ તડકામાં બેઠા છે, પોલીસ એમને પકડી ગયા છે, પીવાનું પાણી પણ એમને મળ્યું નથી. મધ્યાહન ભોજન યોજના માટે તમે વાતો કરતા હતા કે મનરેગા યોજના કોંગ્રેસની નિષ્ફળતા, આજે શિક્ષણ મંત્રી જવાબ આપતા હતા, મનરેગા યોજનામાંથી પણ આંગણવાડીના રૂમો બનાવવાનું પણ તમે કામ કરી રહ્યા છો, શા માટે તમારાથી અભિનંદન નથી અપાતા?૬૦ વર્ષની નિષ્ફળતા, નિષ્ફળતાની વાતો કરો છો, એ મનરેગા યોજનાના કારણે આજે ગરીબ માણસને ઘણી બધી સગવડો મળી છે અને એની આપણે વાત કરવાને બદલે મધ્યાહન ભોજનના કર્મચારીઓને માત્ર ૨૦૦–૩૦૦ રૂપિયાનું વેતન અપાય છે એમાં તો સુધારો કરવો જરૂરી છે. અત્યારે એ લોકો આંદોલન કરવા બેઠા છે અને એ આંદોલનમાંથી એમને પકડી લીધા છે. ગુજરાતને હું સમૃદ્ધ ગુજરાત ત્યારે માનીશ કે પૂજય ગાંધીજીનું સ્વપ્ન હતું કે જયાં સુધી ગામડાનો છેલ્લો માણસ જમી નહીં શકે ત્યાં સુધી હું કપડાં નહીં પહેરું.જયારે આ ગુજરાત રાજયનો કોઇ માણસ પોતાની માગણી માટે આંદોલન કરે અને સરકાર જો એને પકડીને પૂરી દેવા માગતી હોય તો ભારતીય જનતા પાર્ટી, તમારું રાજય તમને મુબારક છે. આ રાજયને અમે ટેકો ના આપી શકીએ. કોઇને આંદોલન પણ નહીં કરવા દેવાનું? અંગ્રેજોએ ગાંધીજી અને સરદાર વલ્લભભાઇ પટેલ જયારે આંદોલન કરવા ગયા ત્યારે એમને પકડયા નથી અને તે દિવસે જો શ્રી નીતિનભાઇ, તેમને પકડયા હોત તો આજે તમે નાયબ મુખ્યમંત્રી ન હોત અને આપણે ત્યાં અંગ્રેજોનું રાજય ચાલતું હોત. એ અંગ્રેજોનું રાજય આંદોલનના કારણે ખતમ થયું છે. તમે ખેડૂતોની સાચી વાતમાં એમને પકડી લો, અમે મીઠાના સત્યાગ્રહ માટે ન જઇ શકીએ એમાટે ટ્રેકટરોની હવાકાઢી નાખવામાં આવે, આ વિકાસશીલ ગુજરાત, સમૃદ્ધ ગુજરાત? અમારા માનનીય નરેન્દ્રભાઇ મોદી, ખેડૂતોને ડબલ આવક ઉભી કરશે. પાંચ ગણુ કરજ થઇ ગયું છે એની ચિંતા કરો, ડબલ આવક તમારાથી ઉભી નહીં થઇ શકે અને *(xxx) માટેનું જ આ બજેટ લઇને આવ્યા છે એની સાથે હું સહમત થતો નથી. મારા વિચારો સાથે માનનીય નાણામંત્રીશ્રી સહમત થાય તેવી વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મર, હું પણ તમને એક અભિનંદન આપવા માગુંછું. તમે હંમેશા અન્ય માનનીય ધારાસભ્યોની જેમ ભારતીય વસ્ત્ર પરિધાન કરીને આવો છો અને વિશેષ કરીને ધારાસભ્ય ઓળખકાર્ડ પણ વિશિષ્ટ રીતે પહેરીને નિયમિત આવો છો. તમને વિશેષ અભિનંદન આપું છું. આ ડિસિપ્લીન છે. આ ડિસિપ્લીનમાં એકસ્ટ્રીમ ડિસિપ્લીનના અભિનંદન આપું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલઃ એનું કારણ છે. ગઇ વખતે પોલીસવાળાએ એમને નહોતા આવવા દીધા. ત્યારથી ચેતી ગયા છે. પોલીસવાળા અને સિક્યોરિટીવાળા રોકે. એમનું કામ એવું છે કે એ આંદોલનમાં જાય અને કેરોસિન અને પેટ્રોલ લેતા જાય અને અહીં કંઇક જુદું કરે એટલે એમના માટે આ બધું બરાબર છે.

અધ્યક્ષશ્રી : હું તમારો બચાવ કરું છું. તમામ માનનીય ધારાસભ્યશ્રીઓનું ક્યાંય કોઇ જગ્યાએ અપમાન ન થવું જોઇએ એની કાળજી રાખે એને આપણે અભિનંદન આપવા પડે. આ વાતના આપણે પાટલી થપથપાવીને અભિનંદન આપીએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હું એમને શુભેચ્છા આપું કે કાયમ આ જ આઇ–કાર્ડ રાખે. બીજું કોઇ આઇ–કાર્ડ ન બને.

અધ્યક્ષશ્રી : આઇ–કાર્ડ તો મોટું પણ આવે અને નાનું પણ આવે.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી(ગાંધીધામ): માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે વિરજીભાઇ જે કહી રહ્યા હતા એ અંગે હું કહેવા માગું છું કે, આ ગુજરાત સમૃદ્ધ છે, વિકાસશીલ છે એટલા માટે જ ગત ચૂંટણીના પરિણામો આપણી સમક્ષ છે. આ વર્ષનું બજેટ એટલું ઐતિહાસિક બજેટ કહી શકાય.કારણ કે પાછલા આખા વર્ષ દરમિયાન આપણને સૌને ખ્યાલ છે કે જે રીતે કોરોનાની પરિસ્થિતિમાંથી આપણે સૌએ પસાર થવું પડ્યું છે એની સામે લડતા ગુજરાત રાજ્યે જે કામગીરી કરી છે એ વિષયને સાથે રાખીને એમાં પણ અગ્રેસર કાર્ય કર્યું છે. બજેટમાં પણ કોઇપણ કાપ મૂક્યા વગર અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ એટલે કે રૂપિયા ૨ લાખ ૨૭ હજાર ૨૯ કરોડનું બજેટ લઇને આવ્યા છે ત્યારે મુખ્યમંત્રીશ્રી આદરણીય વિજયભાઇ રૂપાણીજી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલજીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે હું સામાજિક ન્યાય અને અધિકારિતા માટે બોલવા જઇ રહી છું ત્યારે આ વર્ષના બજેટમાં એના માટે ૪૩૫૩ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે તે બદલ એમનો ખૂબ ખૂબ આભાર માનું છું. જે પૈકી આ વખતના બજેટમાં અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની કન્યાઓને રાજ્ય સરકાર દ્વારા કુંવરબાઇનું મામેરું યોજના અંતર્ગત જે સહાય આપવામાં આવતી હતી એમાં હવેથી રૂપિયા ૧૦ હજારના બદલે રૂપિયા બે હજારનો વધારો કરીને ૧૨ હજાર રૂપિયા સહાય આપવામાં આવશે. એની સાથે જે દિવ્યાંગો ૮૦ ટકા કે તેથી વધુ અસમર્થતા ધરાવતા હોય એમને માસિક રૂપિયા ૧ હજાર સહાય આપવામાં આવતી હતી એમાં અસમર્થતા ૮૦ ટકાથી ઘટાડી ૭૫ ટકા કરવામાં આવી છે. અનુસૂચિત જાતિની ૨૮, વિકસતી જાતિની ૩૩ આદર્શ નિવાસી શાળાઓમાં સ્માર્ટ સ્કૂલો, ઇ-લર્નિંગ પ્રોજેક્ટ શરૂ કરવા માટે રૂપિયા ૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ૩ નવા સરકારી છાત્રાલયો માટે ૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગાંધીનગર મધ્યેસમરસ છાત્રાલય બનાવવા માટે પણ જોગવાઇ કરવામાં આવી છે. આયોજનબદ્ધ રીતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકોના કલ્યાણ માટે ભારતીય જનતા પાર્ટીની આ સરકાર કટિબદ્ધ રીતે કામ કરી રહી છે. કોઇપણ સમાજ ત્યારે જ સક્ષમ બને છે જ્યારે એ સમાજના પાયામાં શિક્ષણ હોય. શિક્ષણ મેળવી એ રોજગારી મેળવે અને રોજગારી મેળવી એના પરિવારને સક્ષમ બનાવે છે. એ સમાજમાં પણ સક્ષમ બને છે અને સમાજને પણ સક્ષમ બનાવે છે. મને કહેતા આનંદ થાય છે કે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને પછાતવર્ગના લોકો માટે પાયાનું શિક્ષણ આપવાનું કાર્ય જો કોઇ સરકારે કર્યું હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. આજે આ સમાજના લોકો સરકારની શિક્ષણ પ્રત્યેની અનેક યોજનાઓનો લાભ લઇને સાચા અર્થમાં શિક્ષણ મેળવી રહ્યા છે. આ સમાજમાં કેટલા બધા લોકો એવા છે કે પહેલાના વખતની વાત કરું તો આર્થિક રીતે પરિસ્થિતિ સારી ન હોવાના કારણે શિક્ષણ મેળવી શકતા ન હતા અને અમુક લોકો જ શિક્ષણ મેળવીને પોતાની રોજગારી મેળવીને અને ઘર અને પરિવારને સક્ષમ બનાવી શકતા હતા. સમાજનો મોટો ભાગ એવો હતો કે શિક્ષણ ન મળવાના કારણે રોજગારી મેળવી શકતો ન હતો અને અન્ય સમાજોની સાથે ચાલીને એમની હરોળમાં આવી શકતા નહતા. પરંતુ ભારતીય જનતા પાર્ટીની આ સરકારે શિક્ષણ માટે અનેક યોજના ઉપલબ્ધ કરાવીને જે પરિવાર વિદેશમાં જવાનું સપનું પણ ના જોઇ શકે એ પરિવારના બાળકો આ સરકારની યોજનાથી ૪ ટકા વ્યાજના દરે રૂપિયા ૧૫ લાખની લોન મેળવી ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે એમના બાળકો વિદેશ જઇને શિક્ષણ મેળવી રહ્યાં છે. ૪ ટકા વ્યાજના દરે રૂપિયા ૨૫ લાખની લોન એ કોમર્શિયલ પાટલોટની તાલીમ લેવા માટે પણ આ સરકાર દ્વારા સહાય મળી રહી છે. એક એવી ફ્રીશીપ કાર્ડ યોજનાએ ખરેખર સાચા અર્થમાં કેટલાય પરિવારના લોકોના સપના પૂરા કર્યા છે. કેમ કે- મેં મારી નજર સમક્ષ એવા પરિવારો જોયા છે કે જે એક જ રૂમમાં રહેતા હોય અને એ પરિવારની માસિક આવક ૧૦-૧૫ હજાર રૂપિયાથી વધારે ન હોય. પરંતુ એમના બાળકો હોંશિયાર હોવાના કારણે ફ્રીશીપ કાર્ડની મદદથી એમણે ડોક્ટર બનાવાનું સપનું પણ પુરું કર્યું છે. આજે જે પરિવાર એક રૂમમાં રહેતો હતો એમણે પોતાની હોસ્પિટલ ચાલુ કરીને સારી રીતે પરિવારનું ગુજરાન કરી રહ્યાં છે. રાજ્ય સરકારની આવી અનેક યોજનાઓ થકી અનેક પરિવારોના સપના પૂરા થતા મેં જોયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની સાથે સાથે આર્થિક રીતે ઉત્કર્ષ કરવા અને રોજગારી મેળવવા માટે અનેક યોજનાઓ અનુસૂચિત જાતિ માટે રાજ્ય સરકાર દ્વારા કાર્યરત છે. જેમાં કુટિર ઉદ્યોગ માટે નાણાકીય સહાય, માનવ ગરિમા યોજના આ બધી યોજનાઓનો લાભ લઇ અનેક પરિવાર આર્થિક રીતે રોજગારી ચલાવવા માટે પોતાનું કાર્ય કરી શકે છે. આ સમાજોને સાચા અર્થમાં કોઇએ હૂંફ આપી હોય, આગળ આવવા માટે કોઇએ સાથ- સહકાર આપ્યો હોય તો એ ફક્ત ને ફક્ત ભારતીય જનતા પાર્ટીએ આપ્યો છે. આજે મને ગૌરવ થાય છે કે હું ભારતીય જનતા પાર્ટીની સદસ્ય છું.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પુરું થાય છે. માનનીય શ્રી જે.વી. કાકડિયા.

શ્રી જે. વી. કાકડિયા(ધારી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે રજૂ કરેલ બજેટ અન્વયે ખેડૂત કલ્યાણ વિભાગની સામાન્ય ચર્ચામાં ભાગ લેવાનું મને સદભાગ્ય સાપડ્યું એ બદલ ગૌરવ અનુભવું છું. બજેટ રજૂ થયું છે તે બજેટને હું અનુમોદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, મારા ધારી તાલુકાને ગુજરાત ટુરિઝમમાં સમાવેશ કર્યો એ બદલ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મારો વિસ્તાર ખૂબ જ પછાત હતો. ધારી તાલુકોએ જંગલને અડીને આવેલ હોવાથી સિંહોનો વિકાસવાળો વિસ્તાર છે. એ વિસ્તારને ગુજરાત ટુરિઝમમાં સમાવેશ કરવા બદલ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને હું ફરીવાર ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે કૃષિએ દેશના વિકાસની કરોડરજ્જૂ છે. ખેડૂત સુખી તો રાષ્ટ્ર સુખી. એટલે ખેડૂતનું સર્વે પ્રકારનું હીત સચવાય એ માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર કાર્યરત છે. પહેલાના વખતમાં યુરિયા ખાતરની મોટી મોટી લાઇનો હતી એ પણ આજે આ સરકારમાં બંધ થઇ ગઇ છે. (અંતરાય) શ્રી વિરજીભાઇ અમારી ભેગા વીયા આવોને તમને શું વાંધો છે?

શ્રી વિરજીભાઇ ઠુમ્મર (બેઠા બેઠા) : હું નથી બોલ્યો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ નથી બોલ્યા. (અંતરાય)

શ્રી જે. વી. કાકડિયા : આવે તો અમને વાંધો નથી. અમારા વડિલ છે. આવી જાય તો થોડીક માથાકૂટ ઓછી થાય એમાં શું વાંધો છે?

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ બધે જ ઘૂમી રહ્યાં છે. તમારા પ્રવચન પછી. (અંતરાય)

તા. ૧૫મી માર્ચ ૨૦૨૧

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

શ્રી જે. વી. કાકડિયા : કોઇ વાંધો નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, શ્રી કાકડિયાજી આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી જે. વી. કાકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ટેકાના ભાવે મગફળી, તુવેર, ચણા જેવી વસ્તુઓની ખરીદી રાજ્ય સરકાર કરીને ખેડૂતોને આર્થિક સુરક્ષા આપે છે. કપાસના ભાવ પણ વળતરદાયક મળી રહ્યાં છે એ પણ ખેડૂતો માટે રાજ્ય સરકારે લીધેલ કાળજીને આભારી છે. ખેડૂતોને દિવસે ખેતીની લાઇટ આપવા માટે ''કિસાન સૂર્યોદય યોજના'' લાવ્યા એ પણ ખૂબ આવકારદાયક છે. ''સાત પગલા કૃષિ કલ્યાણના'' જે તાજેતરમાં માનનીય કૃષિ મંત્રીશ્રી આર.સી.ફળદુ સાહેબે જાહેર કરી છે. એમાં ખેડૂતોની ભારે મોટી ખેવના કરવામાં આવી છે. જંગલી પ્રાણીઓથી ખેડૂતોના પાકને થતું નુકસાન નેટતાર, વાડી ફેન્સીંગ જે આપ્યું છે એ પણ ખેડૂતોને ખૂબ જ ઉપયોગી છે. ખેડૂતોના ખેતરે ખેત નિપજનો સંગ્રહ કરવા માટે ગ્રામ્ય ગ્રીડ ગોડાઉન યોજના પણ અમલી બની છે. ખેડૂતો ગોડાઉનનો પૂરેપૂરો લાભ લઇ રહ્યા છે. ખાસ તો ખેડૂતોને ઝીરો ટકા વ્યાજ દરે ખેત ધિરાણ આપવામાં આવ્યું છે એ ગુજરાત સરકારની પહેલ ખેડૂતો માટે ખૂબ જ આશીર્વાદરૂપ છે. ખેડૂતોને નર્મદાની સિંચાઇની જે આજે રવિ પાકની જેમ ઉનાળુ પાક માટે પાણી આપવાની સુવિધાની નાયબ મુખ્યમંત્રીશ્રીની જાહેરાતથી ખેડૂતો ખૂબ રાજી થયા છે. હું પણ આવકારું છું અને અભિનંદન આપું છું. હું ખેડૂતના દીકરા તરીકે સૂચન કરું છું અને વિનંતી કરું છું કે મારા વિસ્તારમાં જંગલી પ્રાણી દીપડાઓનો ખૂબ જ ત્રાસ છે. આ ત્રાસનું પ્રમાણ દિવસે દિવસે વધતું જાય છે અને ખેડૂતો ઉપર હુમલા થાય છે અને ખેડૂતો મૃત્યુ પામે છે ત્યારે આ દીપડાનો વહેલામાં વહેલી તકે સરકાર કોઇપણ પ્રકારનો નિર્ણય લે એવી સરકારને વિનંતી કરું છું. ખેડૂતોના ખેતરમાં જે ગોળટાંકાની યોજના હતી એ અત્યારે બંધ થઇ ગઇ છે.ખેડૂતોને લાભ મળે એ માટે ગોળ ટાંકાની યોજના તાત્કાલીક લાવવી ખૂબ જ જરૂરી છે ખેડૂતોને પાણીના સંપ માટેની અને બીજું, ખેડૂતોના ખેતરમાં જે તાર ફેન્સીંગ યોજના ૬૦ ટકા સબસિડી છે એની ૮૦ ટકા સબસિડી કરવા માટે આ સરકારને વિનંતી કરું છું. મારા વિસ્તારમાં ધારી, બગસરા અને ખાંભામાં મોટામાં મોટું વાવેતર અત્યારે ચણાનું થયું છે ત્યારે સરકાર યોજના ૫૦ મણની લાવી છે એ ખૂબ જ આવકારદાયક છે પણ ૫૦ મણને બદલે ૧૦૦ મણ કરી આપે એવી સરકારને વિનંતી સાથે મારી ભલામણ છે. આ સિવાય સરકારે ખેડૂતો તરફી સારામાં સારી કામગીરી કરી છે ત્યારે આ સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

અધ્યક્ષશ્રી : માનનીય બાબુભાઇ વાજા, વચ્ચે વચ્ચે બોલ્યા વગર જે કહેવાનું હોય એ બધું જ આજે કહી દો.

શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો એ જ કહું કે આ લોકો મતદારોનો આભાર માને એની સાથોસાથ ઇ.વી.એમ.નો પણ આભાર માને એવું કહું. (અંતરાય) ઇ.વી.એમ. અમે લઇ આવ્યા એનું કારણ પણ છે કેમ કે અમુક માણસો અમુક વિસ્તારમાં દાદાગીરીથી મતદાન કરી લેતા અને એને હિસાબે ઇ.વી.એમ. આપ્યા તો આ દાદાગીરી તો સાઇડમાં રહી પણ સફેદ રીતે જોઇએ તો પરબારું એમ નક્કી કરી લીધું કે આમાંથી ૧૦ ટકા લઇ લેવા કે ૫ ટકા સીધા જ લઇ લે. (અંતરાય) સ્ટેમ્પીંગ કરતા હતા એટલે અમે આ લઇ આવ્યા. સાહેબ, પહેલી વહેલી ગુજરાતમાં પહેલ કરો, બેલેટ પેપરથી કરો એટલે ખબર પડી જાય.

અધ્યક્ષશ્રી : અંદાજપત્ર ઉપર બોલો.

શ્રી બાબુભાઇ કા. વાજા : અમે એમ માનીએ કે અમારા મત કયાં ગયા? તમારા આગેવાનો એમ કહે કે અમને આ મત કયાંથી આવ્યા? તો બેલેટ પેપર ચાલુ કરી દો તો તમને પણ સંતોષ થઇ જાય અને અમને પણ સંતોષ થઇ જાય. ગુજરાતથી આ પહેલ કરો તો સારું. (અંતરાય) ભા.જ.પ.વાળા પણ ખુશ કે અમને મત કયાંથી આવી ગયા?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : (બેઠાબેઠા) આ ચૂંટણીમાં તમારાકોણ કોણ હારી ગયા ?

શ્રી બાબુભાઇ કા. વાજા : અમારા ઘરેથી કોઇ નથી હાર્યું. અમે ઉભા પણ નથી રહ્યા સાહેબ. (અંતરાય) ઇ આપણે નહોતા કરતા, ઓલા કરતા, ચંબલના ડાકુ આવી જતા. સ્ટેમ્પીંગ કરી જતા ચંબલવાળા અને એના હિસાબે આવ્યું. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : (બેઠાબેઠા) ઇ.વી.એમ. સુધારવા શું કરવું જોઇએ?

શ્રી બાબુભાઇ કા. વાજા :ઇ.વી.એમ. તો સુધરવાનું જ નથી સાહેબ. એના કરતા બેલેટ પેપર ઉપર કરો. આજે તો બોલવા દો.

અધ્યક્ષશ્રી : માનનીય બાબુભાઇ, તમારે જે કહેવું હોય એ કહો. (અંતરાય)

શ્રી બાબુભાઇ કા. વાજા : હવે તો પ્રજા કહેશે તમને, મતદારો કહેશે તમને કે અમારા મત કયાં ગયા? એ પૂછશે. અમે તો થાકી ગયા.

અધ્યક્ષશ્રી : માનનીય બાબુભાઇ, હવે આ લોકોને જવાબ ન આપતા. મને કહો જે કહેવું હોય એ.

શ્રી બાબુભાઇ કા. વાજા :માનનીય અધ્યક્ષશ્રી, જે અંદાજપત્ર નીતિનભાઇ સાહેબ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. ખેડૂતો સંતોષ માની લે કે ૮ ટકા ખેડૂતોનુંઉત્પાદન થયું હોય તો એ લે અને બાકીનું અમારે વેચવાનું આવે. ખેડૂતો એ વેપારી પાસે જાય. પણએવો કાયદો તમે કરશો કે અમે નક્કી ભાવ બાંધણું કરેલ છે એનાથી નીચે લેશો તો તમારી સામે કાયદેસર ફરિયાદ કરવામાં આવશે. એવું કરો તો ખેડૂતોને લાભ છે. અને ખેડૂતોને બે વર્ષમાં એની આવક બમણી થવી જોઇએ એ એક જ વર્ષમાં થઇ જાય. એટલે ખેડૂતોને જે માર પડે છે, એના માટે થઇ સરકારને વિનંતી કરીએ કે આટર ટકા ખેડૂતોને નથી મળ્યું.અમારા સૌરાષ્ટ્રમાં માંડવી અને કપાસ થાય. બીજા વિસ્તારોમાંકપાસ, શેરડી, ડાંગર, બટેકા થતા હોય.

અમારા વિસ્તારમાં ડુંગળી અને બટાકાની અત્યારે એવી તકલીફ છે, એ તકલીફના નિવારણ માટે જ્યાં પરદેશમાં બટેકા, ડુંગળી વેચાતા હોય ત્યાં આ વસ્તુ મોકલો. એ ના લેતા હોય તો વિદેશમાં નિકાસ કરો. એના માટે તાત્કાલિક જરૂર છે એ અત્યારથી તમે કરો. ડુંગળીનું જે ઉત્પાદન છે એની નિકાસ કરવી જોઇએ. એ ડુંગળી આરબ દેશો છે તો એ દેશોમાં નિકાસ કરવી જોઇએ. બીજા કોઇ દેશો લે તો ત્યાં નિકાસ કરવી જોઇએ. આજની પરિસ્થિતિમાં તેલનો ડબ્બો અમને ૧૪૦૦, ૧૬૦૦ રૂપિયાના ભાવે મળે. ૨૦૦૦માં નથી મળતો. ૧૪૦૦ રૂપિયામાં લઇ ૨૫૦૦ રૂપિયા ડબ્બાના લે. એના માટે સરકારે વિચારવું જોઇએ. એ નક્કી કરો. ૧૪૦૦ રૂપિયામાં મગફળી લીધી તો એનો ઉત્પાદન ખર્ચ કેટલો થયો એના ઉપર કરવું જોઇએ. સરકાર એ પણ વિચારે. બધા વિસ્તારોમાં રોડ રસ્તાનું તમે આયોજન કરો અને અમને મંજૂરી આપી દો. પરંતુ એ બબ્બે વર્ષ સુધી એ રોડ રસ્તાનાં કામ થતાં નથી. એ કામ થતાં ૨-૩ વર્ષ થઇ જાય. એ અધિકારી, કર્મચારીના હિસાબે આ કામ થતાં નથી. અધિકારીને પૂછીએ કે કામ કેમ થતાં નથી તો એ કહે કે અમારી પાસે પૂરતો સ્ટાફ નથી. અમારો વિસ્તાર એ દરિયાકિનારાનો છે અને ત્યાં કેનાલ છે. તે ૨૨૦ કિ.મી. લાંબી છે. એમાં પાણી નથી આવ્યું. શ્રી બાબુભાઇને ઘણી વખત રજૂઆત કરી હતી. એમાં આ નદીનું પાણી જાય તો એની ખારાશ મટે અને અમને લાભ થવાનો હોય. દરિયાઇ પટ્ટીને આ પાણીથી લાભ થાય એના કારણે આ સુજલામ સુફલામ યોજના, સૌની યોજના એના થકી રાહત થશે. એમાં થોડુંક કરો, તેવી મારી માગણી અને લાગણી છે. જયહિંદ, જય ભારત.

શ્રીમતી ગીતાબા જ. જાડેજા(ગોંડલ) : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા ઉત્કર્ષ વિષય ઉપર મારા વિચારો રજૂ કરું છું. સર્વ સમાવેષક વિકાસની પરિકલ્પના સાકાર કરનારું બજેટ રજૂ કરવા બદલ રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલને હું અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાના કાળમાં પણ વિકાસના બધા ક્ષેત્રોને આવરી લઇ સમાજના સર્વે વર્ગોને સુશાસનની અનુભૂતિ થાય અને તેમના સુધી વિકાસના ફળ પહોંચે તે તકેદારી રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાખી છે. રાજ્યના કિસાનોને વીજળીની વાત હોય કે વનબંધુઓના ખેતર સુધી પાણી પહોંચાડવાની વાત હોય કે પછી મહિલા ઉત્કર્ષના ગરીબલક્ષી કાર્યોની વાત હોય એમ દરેક ક્ષેત્રે ઉડીને આંખે વળગે તેવી પ્રગતિ ગુજરાતે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાની મહામારી વચ્ચે પણ રાજ્યની વણથંભી વિકાસયાત્રા અવિરતપણેઆગળ વધી રહી છે. અંદાજપત્ર પરથી રાજ્યના વિકાસની ગતિનો અંદાજ લગાવી શકાય છે. નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલેનેરાજ્યના જન-જનનું, હરેક વર્ગ, હરેક સમાજને આવરી લેતું જન હિતાય બજેટ રજૂ કરવા બદલ સૌ વતી હું અભિનંદન પાઠવું છું. સમાજના સમતોલ વિકાસ માટે મહિલાઓની ભૂમિકા અગત્યની છે. આજની મહિલાઓ દરેક ક્ષેત્રે આગળ વધી રહી છે. મહિલા વિકાસ માટે કટિબદ્ધ રાજય સરકારે ચાલુ વર્ષના બજેટમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે રૂપિયા ૩૫૧૧ કરોડની જોગવાઇ કરી છે. ગુજરાત સરકારે સમાજના તમામ વર્ગોના વિકાસ માટે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે. તેમાં પણ મહિલાઓ, બાળકો, પીડિતો, શોષિતોના ઉત્કર્ષ માટે વિશિષ્ટ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વતળે ચાલતી સરકારે મહિલાઓના સામાજિક આર્થિક ઉત્થાન સારું દીકરીનો જન્મ થાય ત્યારથી શરૂ કરીને તેના કરિયાવર સુધીની ચિંતા કરી છે. આ સંવેદનશીલ સરકારને હું આ તકે અભિનંદન પાઠવું છું. પોષણ અભિયાનના સુચારું અને સરળતાપૂર્ણ કામગીરી માટે રૂપિયા ૪૫ કરોડના ખર્ચે ૫૮૨૬૧ મોબાઇલ ફોન રાજ્યની તમામ આંગણવાડી કાર્યકરને આપવામાં આવ્યા છે. આંગણવાડીમાં આવતા બાળકો અને માતાના આરોગ્યની ચકાસણી કરવા માટે રૂપિયા ૨૧૫૬ લાખના ખર્ચે સ્ટેડીયોમિટર, ઇન્ફેન્ટોમિટર તથા વજનકાંટાનું વિતરણ કરવામાં આવ્યું છે. ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન યોજના મહિલાઓને વિકટ પરિસ્થિતિમાં માર્ગદર્શન આપવા માટે અમલમાં મૂકેલ છે. મહિલાઓને તાકીદની પરિસ્થિતિમાં ઘટના સ્થળે કાઉન્સેલિંગ તેમજ રેસક્યુંની સુવિધા આપવામાં આવે છે. આ હેલ્પલાઇન દ્વારા છેલ્લા છ વર્ષના સમયગાળામાં ૭ લાખ ૮૦ હજારથી વધારે મહિલાઓને તાકીદની સેવાઓ પૂરી પાડી છે. સામાજિક ઉત્થાનના પ્રયાસરૂપે પુનઃલગ્ન કરનાર વિધવા મહિલા ગૌરવ સાથે સન્માનિત જીવન નવેસરથી શરૂ કરી શકે તે માટે લાભાર્થીદીઠ રૂપિયા પાંચ હજારની સહાય કરવામાં આવશે. જે માટે ગંગાસ્વરૂપા પુનઃલગ્ન સહાય યોજના માટે આ બજેટમાં રૂપિયા ૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આજની નારી તમામ ક્ષેત્રોમાં પૂરુંષ સમોવડી બની છે. આજે ભારત દેશની નારીઓએ અવકાશ તથા આર્મી સુધી પોતાની કાબેલિયત બતાવી છે. રાજ્યના ૧૫થી ૧૮ વર્ષની ૧૧ લાખ ૭૬ હજાર કિશોરીઓને લાભ આપવા માટે પૂર્ણા યોજના અંતર્ગત રૂપિયા ૨૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. દીકરીઓના શિક્ષણ અને જન્મદરમાં વધારો થાય તે હેતુથી વ્હાલી દીકરી યોજનાનો પ્રારંભ તારીખ ૨ ઓગસ્ટ ૨૦૧૯થી શરૂ કરવામાં આવ્યો છે. આ યોજના અંતર્ગત લાભાર્થી દીકરીને ત્રણ તબક્કામાં રૂપિયા ૧ લાખ ૧૦ હજારની સહાય ચૂકવવામાં આવે છે. જેમાં પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે રૂપિયા ચાર હજાર, નવમા ધોરણમાં પ્રવેશ વખતે રૂપિયા છ હજાર અને અઢાર વર્ષ પછી ઉચ્ચ શિક્ષણ અને લગ્ન સહાય તરીકે ૧ લાખ રૂપિયા આપવામાં આવે છે. આ યોજના તળે અત્યાર સુધીમાં ૨૩ હજાર લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે. ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ અંદાજિત ૮ લાખ લાભાર્થી વિધવા બહેનોને સહાય આપવામાં રૂપિયા ૭૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. હું મારું વક્તવ્ય અહીં પૂરું કરું છું. આભાર.

શ્રી શૈલેષભાઇ ક. મહેતા(ડભોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે બજેટ લઇને આવ્યા છે એમાં હું શિક્ષણના ક્ષેત્રે મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

તા. ૧૫મી માર્ચ ૨૦૨૧

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા છેલ્લા વર્ષોમાં ઉઠાવાયેલા કેટલાક સંવેદનશીલ પગલાંઓ દ્વારા આજે ગુજરાત શિક્ષણ ક્ષેત્રે સમગ્ર દેશમાં આગવું સ્થાન મેળવવામાં સફળ રહ્યું છે. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના સુકાન હેઠળ તેમજ માનનીય શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના માર્ગદર્શન હેઠળ શિક્ષણ ક્ષેત્રે વિવિધ લક્ષ્યાંકો સિદ્ધ કરવામાં સફળતા મળી છે જેમાં મુખ્યત્વે મૉડેલ સ્કૂલનું નિર્માણ, આધુનિક શાળાના મકાનો, સમાન અભ્યાસક્રમ, સમાન પરીક્ષા વ્યવસ્થા અને ટેકનોલોજીયુક્ત શિક્ષણનો સમાવેશ થાય છે. ગુજરાતની સંવેદનશીલ સરકાર દ્વારા કોરોનાની મહામારીમાં વિદ્યાર્થીઓનું શિક્ષણ ન બગડે તે માટે મૂળભૂત પગલાં ભરેલા છે. જેમાં શિક્ષણ વિભાગ દ્વારા ડી.ડી.ગીરનાર પર વિવિધ ધોરણોના અભ્યાસનું વિષયવાર પ્રસારણ, હોમ લર્નિંગ વિડિયોનું નિર્માણ,એકમ સોસાયટીઓનું આયોજન, વોટ્સએપના માધ્યમથી મૂલ્યાંકનનો સમાવેશ થાય છે. સરકારશ્રી અને શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલ નોંધપાત્ર પ્રવચનો દ્વારા આજે એક વર્ષ સુધી શાળા બંધ હોવા છતાં વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં સફળતા મળી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબના નેતૃત્વ હેઠળ ગુજરાતના તમામ સરકારી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અનાજ વિતરણ તેમજ તેમના ખાતામાં ડી.ટી.પી. દ્વારા ફૂડ એલાઉન્સ જમા કરવામાં આવેલ છે. કદાચ દેશમાં પહેલો બનાવ છે કે વિદ્યાર્થીઓના ખાતામાં ફૂડ એલાઉન્સ જમા કરવામાં આવ્યું હોય જેનો લાભ ગુજરાતના તમામ વિદ્યાર્થીઓને મળેલ છે તે બદલ મુખ્યમંત્રીશ્રી અને સમગ્ર સરકારને અમે અભિનંદન પાઠવીએ છીએ. ગુજરાત સરકાર દ્વારા એન.એમ.એમ.એસ. અને પી.એ.ટી. ચિત્ર સ્પર્ધા જવાહર નવોદય વિદ્યાલય દ્વારા કે.જી. જેવી પ્રવેશ પરીક્ષા જેવી બાહ્ય પરીક્ષાઓથી શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓને આગળ વધવામાં નવી દિશા બતાવી છે. સરકારશ્રી દ્વારા, શિક્ષણ વિભાગ દ્વારા આવી પરીક્ષાઓની તૈયારી કરવા માટે વિવિધ શૈક્ષણિક વિડિયો મટિરિયલ્સ તૈયાર કરવામાં આવ્યું છે જે તમામ શાળાને પહોંચાડવામાં આવ્યું છે. માનનીય શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાજી દ્વારા આગામી સમયમાં ખૂબ જ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવનાર છે જે સ્કૂલ ઓફ એક્સલન્સ નામના પ્રોજેક્ટ દ્વારા એક જ કમ્પાઉન્ડમાં વિદ્યાર્થીને નર્સરીથી ધોરણ ૧૨ સુધીનું શિક્ષણ આપવામાં આવશે. જેમાં વિદ્યાર્થીને શૈક્ષણિક પ્રવૃત્તિ તેમજ રમત-ગમત જેવી તમામ સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. મૉડેલ સ્કૂલ દ્વારા અંતરિયાળ વિસ્તારમાં રહેતા બાળકોને શહેરમાં સારી સુવિધાઓ સાથે નિવાસી શાળાઓનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. કોરોનાકાળમાં ગુજરાત સરકારે તમામ શિક્ષકો દ્વારા કરવામાં આવેલ સર્વે, અનાજ વિતરણ અને જાગૃત્તિ અભિયાનોને ધ્યાનમાં રાખી તમામને કોવિડ-૧૯ની રસી આપવાની અગ્રિમતા આપી છે તે બદલ શિક્ષણ વિભાગ અને સરકારશ્રી અભિનંદનના અધિકારી છે. માનનીય સરકારશ્રી દ્વારા ચાલુ વર્ષે બજેટમાં શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર રૂપિયા ૩૨૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. હમણાં વિપક્ષના એક આગેવાન વર્ષ ૧૯૬૦ની વાત કરતા હતા અને કહ્યું કે, વર્ષ ૧૯૬૦માં સમગ્ર રાજ્યનું રૂપિયા ૩૦ કરોડનું બજેટ હતું. જ્યારે આ સંવેદનશીલ સરકારે ગુજરાત રાજયના શિક્ષણ માટે ૩૨૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે જે ખૂબ મોટી સિદ્ધિ છે અને આટલી માત્રામાં નાણા શિક્ષણ ક્ષેત્રે સૌ પ્રથમવાર જ ફાળવવામાં આવ્યા છે. સરકારશ્રી દ્વારા શિક્ષણ ક્ષેત્રે ખૂબ જ મૂળભૂત કામગીરી કરવામાં આવી છે જેના દ્વારા શિક્ષણ ક્ષેત્રે ગુજરાત સતત હરણફાળ ભરી રહ્યું છે જે બદલ ગુજરાતના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને માનનીય શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને એમની ટીમને ખૂબ ખૂબ અભિનંદન આપવા ઘટે. સાથે સાથે અત્યારના જે સંજોગો છે એમાં ખાનગી શાળાઓની હમણા વાત થઇ, ખાનગી શાળાઓને ક્રીટીસાઇઝ કરવામાં આવે છે. ખાનગી શાળાઓના પણ કેટલાક પ્રશ્નો છે. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ અહીંયા ઉપસ્થિત છે ત્યારે હું કહેવા માગું છું કે, હું પણ શાળા સાથે સંકળાયેલો છું અને ખાનગી શાળાના સંચાલક તરીકે મારી વિનંતી છે કે, સંચાલકોને એકવાર સાંભળો અને એમના જે કાયદેસરના અને સાચા પ્રશ્નો છે એની ઉપર ધ્યાન આપવામાં આવે કારણ કે, જે ખાનગી શાળાઓ છે એને હાઇકોર્ટના કહ્યા બાદ ફી લેવાની વાત કરવામાં આવી પણ પહેલા ફી લેવાની નહીં અને શાળાના શિક્ષકોને પૂરેપૂરો પગાર આપવાનો. ખાનગી સેલ્ફ ફાઇનાન્સ શાળાઓ ફકત ફી પર ચાલતી હોય છે ત્યારે આ બધી મુશ્કેલીઓ એમની પણ સમજવી જોઇએ અને સરકારે એના માટે કંઇક વિચારવું જોઇએ. ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓની વાત અલગ હોય છે પણ જે સેલ્ફ ફાઇનાન્સ ખાનગી પ્રાથમિક શાળા હોય કે માધ્યમિક કે ઉચ્ચ માધ્યમિક સ્કૂલ હોય એ તમામના પ્રશ્નો અલગ હોય છે અને એના માટે પણ જે એસોસિએશન છે એ આપ સમય આપો તો આપની સાથે ચર્ચા કરવા તૈયાર છે અને એમના પ્રશ્નો સાંભળીને એનું નિરાકરણ લાવવામાં પણ સરકાર સહભાગી થશે એવી અપેક્ષા રાખું છું.

"ભારત માતા કી જય-વંદે માતરમ્"

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર**(**આણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે વર્ષ ૨૦૨૧-૨૨નું બજેટ રજૂ કરેલ છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટની અંદર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે ૧૧,૩૨૩ કરોડ રૂપિયાની જોગવાઇ કરેલ છે. સૌ લોકોની સુખાકારી જાળવવી એ રાજ્ય સરકારની ફરજમાં છે ત્યારે મારે કહેવું છે કે, ખેડા જિલ્લામાંથી આણંદ જિલ્લો જુદો પડ્યાને આજે અઢારથી ઓગણીસ વરસ થયા છે, માનનીય નાણામંત્રીશ્રીએ ગયા વખતે પણ બજેટમાં જોગવાઇ કરી હતી. પણ આ વખતે પણ કંઇ કર્યું નથી. જિલ્લાની જેસિવિલ હોસ્પિટલ બનાવવી જોઇએ એ આજે અઢાર અઢાર વરસ થયા છે તેમ

છતાં સિવિલ હોસ્પિટલનો પ્રશ્ન હજી ઉભો જ છે. માનનીય મંત્રીશ્રીને પણ ખબર છે કે ત્રણ ત્રણ વખત આણંદમાં ખાતમૂર્હુત થયા છે પણ આજે સિવિલ હોસ્પિટલ લોકો માટે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની રજૂઆત વાજબી નથી, કોઇ ખાતમૂહૂર્ત થયેલ નથી. એમને ખબર છે કે જમીન પસંદગી બાબતમાં પ્રક્રિયા ચાલતી હતી એ પૂર્ણ થઇ છે પ્લાનિંગ ચાલી રહ્યું છે કોઇ ખાતમૂર્હુત થયેલ નથી શા માટે ખોટું બોલો છો? (અંતરાય) અહીંને અહીં ચોખ્ખું થઇ જાયને ભાઇ, ખોટી વાત લાંબી ચાલવા ન દેવાય.

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને યાદ કરાવું તો નાવલી મુકામે ગ્રામ પંચાયત, નાવલીના સરકારી સરવે નંબરની અંદર માનનીય ભૂપેન્દ્રસિંહ સાહેબે ગયા વખતે ખાતમૂર્હુત કર્યું હતું, બાકરોલની અંદર પણ કર્યું હતું પરંતુ નાયબ મુખ્યમંત્રીશ્રીને હું અભિનંદન આપું કે વ્યાયામ શાળાની અંદરની જગ્યા પસંદગી માટે તેઓ જાતે આવ્યા હતા અને એમણે જગ્યા પસંદ પણ કરી છે એનો લેટર પણ મને મોકલાવ્યો છે, કલેકટરમાં પણ આપ્યો છે પણ આપના મારફતે એ રજૂઆત કરું કે મારી ખૂબ લાગણી છે કે આજે અઢાર અઢાર વરસ થયા છે ઓગણીસ ઓગણીસ વરસ થયા છે પણ આણંદ જિલ્લાને સિવિલ હોસ્પિટલ મળે તે જરૂરી છે. ત્યાંના જે ગરીબ લોકો છે એમને બહુ મોટી ફી ચૂકવવી પડે છે અને એક એક દિવસની જ્યારે રૂપિયા ૨૫ કે ૩૦ હજારની ફી ભરવાની હોય ત્યારે પૈસા વગર લોકો એક્સપાયર્ડ થઇ જતા હોય છે અને એના કારણે મેડિકલમાંથી ખાનગી દવાખાનામાંથી ઉઠાવીને બીજી હોસ્પિટલમાં લઇ જતા હોય ત્યારે જતા જતામાં એમનું પ્રાણપંખેરુ ઉડી જતું હોય છે. માટે અમારા લોકો માટેની માગણી છે મારી વેદના છે કે આ બાબતે અમે સંમત છીએ તમને અમને સિવિલ હોસ્પિટલ વ્યાયામ શાળામાં આપો એના માટે હું ખૂબ તમને વિનંતી કરું છું. જિલ્લાના લોકોની માગણી માટે આજે આપને વિનંતી કરું છું ત્યારે વહેલામાં વહેલી તકે વ્યાયામ શાળાની અંદર સિવિલ હોસ્પિટલનું કામકાજ શરૂ થાય તે માટે હું માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે વિનંતી કરું છું.

સાથે સાથે આણંદ શહેરી વિકાસની અંદર પણ વાત કરું તો આણંદ શહેરની વાત કરું તો ગામડે ગામથી માણેકવાડા સ્કૂલ અને ઇસ્માઇલનગરની આગળ જે કાંસ આવેલ છે એ કાંસ માટે કાંસ વિભાગ એની જવાબદારી લેવા તૈયાર નથી, આણંદ નગરપાલિકા પણ જવાબદારી લેવા તૈયાર નથી એકજ વરસાદ પડે છે અને આજુબાજુના લોકોની સોસાયટીઓ છે એમાં પાણી ભરાઇ જાય છે ત્યારે મારી આપના મારફતે વિનંતી કરવી છે કે આના માટે પણ બજેટની અંદર જોગવાઇ કરી અને એની અંદર પાકો કાંસ બોક્સ ટાઇપ બનાવવામાં આવે. એવી જ પરિસ્થિતિ આણંદ અમીન ઓટો પાસેનો જે કાંસ છે જે મોગરી ગામે પહોંચે છે એ કાંસની આજુબાજુ રહેણાકની સોસાયટીઓ છે આખો વોર્ડ નંબર–૧૩ એની અંદર પસાર થાય છે. ત્યાં આગળ આણંદ શહેરનું દૂષિત પાણી જવાના કારણે મચ્છર અને બીજો બધો ઘણો ઉપદ્રવ થાય છે ત્યારે લોકોનું સ્વાસ્થ્ય જોખમાય છે માટે આના માટે પણ બજેટમાં જોગવાઇ કરી અને બોક્સ ટાઇપ કાંસ બનાવવામાં આવે એના માટેની હું આપ સમક્ષ માગણી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા હું યાત્રાધામ વિશે પણ કંઇક કહીશ કે રાજ્યમાં ધાર્મિક, ઐતિહાસિક અને પૌરાણિક મહત્વ ધરાવતા યાત્રાધામોને વિકસાવવા માટેનું સરકારનું જે ભગીરથ કાર્ય છે. તેમા આ વખતના બજેટમાં રૂપિયા ૧૫૪ કરોડની જોગવાઇ કરેલ છે. તેમાં પાવાગઢ, નારાયણ સરોવરના વિકાસ માટે, માતાના મઢ માટે, બહુચરાજીના વિકાસ માટે, કંથરપુર વડ માટે કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે સરકારના મંત્રીશ્રીઓને અને સરકારને કહેવા માગું છું કે ખેડા જિલ્લામાંથી આણંદ જુદો પડયો અને ખેડા જિલ્લાનું જે કઢલાલ તાલુકાનું જે ફાગવેલ ગામ છે તે ખૂબ જ ઐતિહાસિક ગામ છે અને ૪૭૬ વર્ષ જૂનો પૂરાણો ઇતિહાસ છે. મને યાદ છે કે વર્ષ ૨૦૦૨ની અંદર આજના આપણા વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે ત્યાંથી ગૌરવ યાત્રા કાઢેલી અને આખા ગુજરાતમાં ગૌરવ યાત્રા કાઢેલી અને તે વખતે પણ તેમણે જાહેર કરેલુ કે આ યાત્રાધામ તરીકે ફાગવેલ ગામનો વિકાસ થાય અને ફાગવેલ ધામ બને તેના માટે સરકારમાં રજૂ કરીશું પણ આજે ૧૫–૧૭ વર્ષ થયા તેમ છતાં આજે ત્યાં આગળ કોઇ પણ જાતનો વિકાસ થયો નથી. ત્યાં આગળ આખા ગુજરાતના પ્રવાસીઓ આવે છે તમામ સમાજના લોકોના આરાધ્ય દેવ છે અને ત્યાં ખૂબ જ મોટી સંખ્યામાં લોકો જયારે પ્રવાસમાં આવતા હોય, દર્શન કરવા માટે આવતા હોય આ તમામ ક્ષત્રિય હોય, બક્ષીપંચ હોય, ઓબીસી હોય આ તમામ લોકોની આસ્થાનું કેન્દ્ર ત્યાં જોડાયેલું છે ત્યારે મારી સરકારને વિનંતી કે આ બજેટની અંદર ફાગવેલ ગામનો વિકાસ કરવા માટે તેમાં પણ પૂરતો સહયોગ આપી અને નાણાં ફાળવે તેના માટેની આપને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત છે કે સૌરાષ્ટ્રની વાત છે. સૌરાષ્ટ્રની અંદર જયારે હમણાં ગયા વર્ષે પણ ચક્રવાત વાવાઝોડું આવ્યુ ત્યારે આપણાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ કહ્યું હતું ગુજરાત સમાચારના પહેલા પાના ઉપર ફોટો હતો તેમા પણ કહ્યું હતું કે સૌરાષ્ટ્રની અંદર સોમનાથ મહાદેવ, દ્વારકાધિશ અને વચ્ચે જે હરસિદ્ધિ માતાજીનું મંદિર આવેલુ છે આ ત્રણેયના ખૂબ જ રૂડાં આશીર્વાદથી ચક્રવાતી વાવાઝોડું ઢળી ગયું અને ગુજરાતમાં હાનિ થતી બચી ગઇ ત્યારે મારે કહેવું છે કે આ હરસિદ્ધિ માતાજીનું જે મંદિર છે તે ખૂબ વર્ષો જૂનું છે જયારે વિક્રમાદિત્ય રાજા હતા ત્યારની આ વાત છે અને કૃષ્ણ ભગવાનની પણ કુળદેવી થાય છે, આ ગૃહના ઘણાં બધા સભ્યોની પણ આમા કૂળદેવી થતી હોય તો ત્યાં આજે પણ પાણીની સગવડ નથી, ત્યાં આગળ ઉતારાની સગવડ નથી, પ્રવાસીઓ માટેની કોઇ સુવિધા નથી અને ખૂબ આદ્યશકિતનું વિશ્વ વિખ્યાત મંદિર છે ત્યારે હું સરકારને વિનંતી કરવા માગું છું કે આ હરસિદ્ધિ માતાજીના મંદિર માટે પ્રવાસ પર્યટન નિગમમાં લઇ અને ત્યાં પણ વિકાસ થાય તેના માટે હું વિનંતી કરું છું.

તા. ૧૫મી માર્ચ ૨૦૨૧

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

શ્રી જગદીશ ઇ. પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્ર બજેટ ઉપર સામાન્ય ચર્ચા પેટે સોલાર નીતિ વિષય ઉપર મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું અને બજેટને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જાનો પર્યાય એટલે માનનીય નરેન્દ્રભાઇ મોદી. આપણે જાણીએ છીએ કે આપણે ગુજરાતની શાખ, ક્રેડિટ એ ત્રિપલ પ્લસ છે તેના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ, માનનીય ડેપ્યુટી મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇને ખૂબ ખૂબ અભિનંદન. ઊર્જામંત્રીશ્રીએ અને માનનીય નાણામંત્રીશ્રીએ જે આ બજેટની અંદર ઊર્જા માટે જે જોગવાઇ કરી છે તેના કારણે તેમને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ગુજરાતની સોલાર પોલિસી ૨૦૨૧ અંતર્ગત ગુજરાત સરકારે હંમેશા સ્થાનિક અને રાષ્ટ્રીય સ્તરે વાતાવરણમાં થતા પરિવર્તનને વધતી અસરોની ગંભીર નોંધ લીધી છે તથા તેના વધતા પ્રભાવને ઘટાડવા માટે સમયાંતરે વિવિધ નીતિની પહેલ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે દૂરંદેશી અને યોગ્ય આયોજન વડે સોલાર એનર્જીના ક્ષેત્રે આગળ વધારી અને અભૂતપૂર્વ લક્ષ્યાંક પૂરો કરવા માગે છે કે જેથી ગુજરાત રાજય વર્ષ ૨૦૨૨ સુધીમાં પેરીસ એગ્રીમેન્ટ અનુસાર ભારતની વૈશ્વિક પ્રતિબદ્ધતાના ભાગરૂપે અને માનનીય વડાપ્રધાનશ્રીના મહત્વકાંક્ષી સો ગીગાવોટસોલાર ક્ષમતાના રાષ્ટ્રીય લક્ષ્યમાં પ્રાથમિક ફાળો આપનાર તેમજ ઊર્જા પુરવઠાના અગ્રણી રાજય તરીકે ઉભરી શકે જેના ભાગરૂપે રાજય સરકારે તા.૨૯–૧૨–૨૦ના રોજ ગુજરાત સોલાર ઊર્જા નીતિ ૨૦૦૦ને જાહેર કરી છે. ગુજરાત સોલાર નીતિ ૨૦૨૧ના મુખ્ય ઉદ્દેશ્યમાં આંતરરાષ્ટ્રીય કરાર હેઠળ ભારતની પ્રતિબદ્ધતાને ધ્યાનમાં રાખીને નવી સોલાર નીતિનું આયોજન કર્યું છે. રાજયના ઉદ્યોગો તેમજ ઉત્પાદનોની કિંમત ઘટાડવામાં આ મદદ કરશે અને મેડ ઇન ગુજરાતની બ્રાન્ડને વિશ્વ કક્ષાએ લઇ જવામાં પ્રોત્સાહિત કરશે. ગુજરાત સોલાર ઊર્જા નીતિ ૨૦૨૧ અંતર્ગત રાજયમાં દરેક કક્ષાના વીજ ગ્રાહકો સોલાર પેનલની ક્ષમતાથી સ્થાપવા માટે કોઇ પણ પ્રકારના બંધન વગર પોતાની જરૂરિયાત મુજબ સોલાર પ્રોજેક્ટ સ્થાપી શકે છે. વીજ ગ્રાહકો પોતાની જગ્યાના છત ઉપર, અન્ય જગ્યા ઉપર કે પોતે અથવા ભાગીદારમાં પણ સોલર પાવર પ્રોજેક્ટની સ્થાપના કરી શકે છે. વધુમાં વીજ ગ્રાહકો અને અન્ય રોકાણકારોને પોતાની છત કે જગ્યા ભાડે આપીને પણ સોલર પાવર પ્રોજેક્ટની સ્થાપના કરી શકે છે. આમ, રાજ્ય સરકારે છેવાડાના માનવી સુધી સોલર પાવર પ્રોજેક્ટનો લાભ પહોંચે એ માટે નવી સોલર ઊર્જા નીતિ વડે પ્રજા સુખાકારી વિકાસ અને રાજયના કલ્યાણના તમામ દ્વાર ખોલી આપ્યા છે. ૩૦,૦૦૦ મેગાવૉટનો સોલર પાર્ક બનવાને કારણે ગુજરાતમાં જે રોજગારી પ્રાપ્ત થવાની છે એના કેટલાંક આંકડા આપની સમક્ષ રજૂ કરું છું. ૩૦,૦૦૦ મેગાવૉટનો સોલર પાવર પ્રોજેક્ટ બની રહ્યો છે ત્યારે એમાં ખાસ કરીને સિવિલ, મિકેનિકલ, ઇલેક્ટ્રીકલ અને ઓપરેશન આ ચાર ભાગમાં આખો સોલર પ્રોજેક્ટ બનવા જઇ રહ્યો છે. એમાં સિવિલ વર્કમાં લગભગ ૩ લાખ માનવ કલાકોને રોજીરોટી મળવાની છે. મિકેનિકલ વર્કમાં સાડા ચાર લાખ માનવ કલાકોને રોજગારી મળવાની છે. ઇલેક્ટ્રીફિકેશનના કામમાં સાડા ચાર લાખ માનવ કલાકોને રોજીરોટી મળવાની છે. આમ કુલ ૧૨ લાખ માનવ કલાકોને રોજીરોટી મળવાની છે. ઓપરેશન સ્ટાફને ૨૫ વર્ષ સુધી ૨,૧૦,૦૦૦ માનવ દિવસ સુધી રોજીરોટી પ્રાપ્ત થવાની છે. એ સિવાય પણ એક મેગાવૉટ ૧૪૦૦૦ ટન પતિ વર્ષ કાર્બન એમિશન રીડ્યુસ કરતો હોય છે. આમ ૩૦,૦૦૦ મેગાવૉટની ચર્ચા કરીએ તો આપણે ૪ કરોડ ૨ લાખ કાર્બન એમિશન રીડ્યુસ કરી શકીશું. એનો મતલબ એવો થાય છે કે ૯૯ કરોડ પ્રિ–પ્લાન્ટેશન કરીએ ત્યારે આપણે આટલો કાર્બન એમિશન રીડ્યુસ કરી શકીએ. આ ઉપરાંત ગુજરાત જ્યારે સોલર હબ બનવા જઇ રહ્યું છે ત્યારે કેટલાક આંકડાઓ હું આપની સમક્ષ રજૂ કરીશ. એક મેગાવૉટ સોલર પ્લાન્ટ માટે એમાં લગભગ ૧.૮૦ લાખ કરોડ રૂપિયાનું કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ થતું હોય છે. એમાં એના ઇન્વર્ટર માટે રૂપિયા ૨૦ લાખ, મોડ્યુલર સ્ટ્રક્ચર માટે રૂપિયા ૩૦ લાખ, ફાસ્ટનર માટે રૂપિયા ૩ લાખ અને એના ઇલેક્ટ્રીફિકેશન એસેસરી માટે રૂપિયા ૫૩ લાખ એમ કુલ લગભગ ૩ કરોડ રૂપિયા પ્રતિ મેગાવૉટ ખર્ચ થતો હોય છે. આ ફાસ્ટનર જ્યારે ગુજરાતમાંથી મળવાના છે ત્યારે રાજકોટ અને સુરેન્દ્રનગરના માર્કેટને આનો ખૂબ મોટો લાભ થવાનો છે. પ્રતિ યુનિટ પાવર સેલિંગ પ્રાઇઝ લગભગ ૫ રૂપિયા ગણીએ અને જ્યારે સોલરમાં આપણને બે રૂપિયા મળતા હોય ત્યારે લગભગ ૩ રૂપિયા પ્રતિ યુનિટનો ફાયદો થવાનો છે. એનો સીધો મતલબ કે ૩૦,૦૦૦ મેગાવૉટના સોલર પ્રોજેક્ટમાં એના કેપિટલ ખર્ચના આશરે રૂપિયા ૯૦ હજાર કરોડનો ખર્ચ થવાનો છે. આના કારણે ગુજરાત સરકારને લગભગ રૂપિયા ૬,૮૬૨ કરોડ એસ.જી.એસ.ટી. અને સી.જી.એસ.ટી. મળવાનો છે. આ એમાઉન્ટના કારણે પણ વિકાસના અનેક કામો થવાના છે. આના કારણે ઇન્ડસ્ટ્રીયલ ગરીબો અને ખેડૂતને લાભ થવાનો છે. ૫ રૂપિયા યુનિટ જનરેશનમાં જ્યારે આપણને ફાયદો થવાનો છે એનો મતલબ એવો છે કે એક યુનિટે આપણને ૩ રૂપિયા પ્રોફિટ થવા જઇ રહ્યો છે. આમ એક દિવસનો રૂપિયા ૩૬ કરોડનો પ્રોફિટ ગુજરાતની જનતાને થવાનો છે. ગુજરાતની ઇન્ડસ્ટ્રીયલ પ્રોડક્ટમાં કોસ્ટનો ઘટાડો થશે. વૈશ્વિક બજારમાં ઊભા રહીને મેડ ઇન ગુજરાતની પોલિસીને આનો ફાયદો થશે અને કુલ મળીને આગામી વર્ષોમાં જ્યારે આ ૩૦,૦૦૦ મેગાવૉટ પાવર પ્લાન્ટ થશે ત્યારે રોજગારીની વિપુલ તકો સાંપડશે. હું આ બજેટને મારું સમર્થન આપું છું.

શ્રી સૌરભ પટેલ (ઊર્જામંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એમને અભિનંદન આપું છું. આખી દુનિયામાં આજે નાણાકીય તકલીફો છે. દરેક દેશમાં જી.ડી.પી.ના ગ્રોથના આંકડા વાંચીએ તો નેગેટિવ ગ્રોથ આવતો હોય છે. આવકના ઇશ્યુ છે, ખર્ચ વધારે આવે છે, પ્રજાની અપેક્ષા વધારે હોય છે. આવા સંજોગોમાં ગુજરાત દેશમાં તો નહિ પણ આખી દુનિયામાં જે પ્રમાણે નાણાકીય પરિસ્થિતિમાંથી પસાર થઇ લોકોને મદદ કરી છે એ બાબતે ચોક્કસપણે નાણામંત્રીશ્રીને અભિનંદન આપી શકાય. ગુજરાત વર્ષોથી ડબલ ડિઝીટ ગ્રોથ રેટ ઉપર ચાલતું

આવ્યું છે. જ્યારે ભારત દેશનો ગ્રોથ રેટ ૪ ટકા, ૫ ટકા, ૬ ટકા હોય ત્યારે ગુજરાતનો ગ્રોથ રેટ ૧૦ ટકા, ૧૧ ટકા, ૧૨ ટકા હોય છે. આ વર્ષે ભારત દેશનો ગ્રોથ રેટ પણ ૫ થી ૬ ટકા રહેતો હશે અને બીજા બધાં દેશનો પ્રેકટિકલી ગ્રોથ રેટ નેગેટિવ હોય ત્યારે મને સંપૂર્ણપણે વિશ્વાસ છે કે ગુજરાતમાં સંપૂર્ણપણે પોઝિટીવ ગ્રોથ રેટ તો નહિ આવે પણ આ વર્ષે આપણે નેગેટીવ નહિ પણ ૩૧ માર્ચ સુધી સરભર તો ચોક્કસપણે કરીશું એવું દેખાય છે. બજેટની જો સાઈઝ ગણીએ તો રૂપિયા ૨ લાખ ૨૭ હજાર કરોડનું બજેટ આપ્યું પણ અગત્યનું એ છે કે એક પણ કરવેરા નાંખ્યા વગરનું આપ્યું છે. આજે ઘણાં બધાં રાજ્યો અને દેશોમાં આ વખતે વેરાઓ વધાર્યા છે પરંતુ ગુજરાત સરકારે એક પણ રૂપિયાનો વેરો વધાર્યો નથી અને આવક વધારેલી છે. એ સ્પષ્ટપણે વર્તાય છે કે ખૂબ સરસ રીતે વિચાર કરીને બજેટ બનાવવામાં આવ્યું છે. બજેટની વાત કરું એ પહેલાં આકેટલી ખરાબ પરિસ્થિતિ હતી અને જે પ્રમાણે આ વર્ષ આપણે આવક અને ખર્ચની દ્રષ્ટિએ કાઢયું છે એમાં બે મિનિટ બોલવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ની સરખામણીએ જાન્યુઆરી સુધીમાં બજેટ એસ્ટિમેટની આવક વર્ષ ૨૦૧૯-૨૦માં ૬૭ ટકા આવતી હતી એ વર્ષ ૨૦૨૦-૨૧માં ૫૧ ટકાની આવી છે. એટલે જાન્યુઆરી સુધીમાં ૧૬ ટકા આવક વધવા પામી છે. સ્ટેમ્પ ડ્યુટીમાં રૂપિયા ૮૭૦૦ના રૂપિયા ૫૫૫૮, નોન ટેક્સ રેવન્યુમાં રૂપિયા ૧૧૩૭૫થી રૂપિયા ૫૭૬૯, કેન્દ્ર સરકારની આવકમાં પણ રૂપિયા ૨૬,૦૦૦માંથી રૂપિયા ૧૮,૦૦૦, જી.એસ.ટી. કમ્પેનસેશન જે મળવાનું હતું એ મળ્યું નહિ. આના કારણે આ વર્ષે જે આપણે આર.ઈ. કર્યું તેમાં રૂપિયા ૨૧ હજાર કરોડની રેવન્યુ ડેફિસીયન્સી આ વખતે આપણે મૂકી છે. આ ઈતિહાસના છેલ્લાં દશકામાં પહેલીવાર બન્યું છે પરંતુ આ બધાં સંજોગોને કારણે રૂપિયા ૨૧ હજાર કરોડની ડેફિસીયન્સી બની છે. ગુજરાતે ખૂબ પ્રગતિ કરી છે. અહીંયા આંકડા આપતાં હતાં વર્ષ ૨૦૦૨-૦૩ના, અહીંયા જુદા-જુદા સભ્યો એમના સમયના આંકડા આપતા હતાં પણ આ વર્ષે ૨૦૨૧-૨૨માં જે પ્રમાણે આપણે રેવન્યુ અને કેપિટલ રિસીપ્ટ્સ કરી છે. રૂપિયા ૧ લાખ ૬૭ હજાર કરોડની રેવન્યુ રિસીપ્ટ્સ કરી છે અને રૂપિયા ૫૦૭૫૧ કરોડની કેપિટલ કરી છે એમ કરીને રૂપિયા ૨,૧૮,૭૨૦ કરોડનું બજેટ કર્યું. એક જમાનામાં વર્ષ ૧૯૯૫-૯૬ માં ૧૦,૩૬૭ હતું. આપ કલ્પના કરો કે આપણે કેટલો વધારો કર્યો છે. આ આત્મનિર્ભર પેકેજ આપ્યું, ખર્ચ ઘટાડીને આપ્યું, ઘણી જાતના સેવિંગ્સ કર્યા, પ્રજાને જ્યાં એક રૂપિયાની જરૂર હતી ત્યાં આદરણીય મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી ક્યાંય રોકાયા નથી. ગમે ત્યાંથી નાણા લઈ અને ખર્ચ કર્યો છે. હમણાં ત્રણ ટકાની વાતો કરતાં હતાં. મારે ફક્ત એટલું જ કહેવું છે કે, રૂપિયા ૧૦૯૦ કરોડ ખેતીલક્ષી ખર્ચ આત્મનિર્ભર યોજનામાં કર્યો, આત્મનિર્ભર યોજનામાં લોન ઉપર રૂપિયા ૫૭૮ કરોડ વ્યાજ આપ્યું, રૂપિયા ૩૧૧ કરોડ સેલ્ફ એમ્પ્લોયમેન્ટ માટે ખર્ચ કર્યો. રૂપિયા ૪૭૭૫ કરોડ ગરીબ લોકોને વધારે અનાજ આપવા માટે ખર્ચ કર્યો અને રૂપિયા ૪૪૦ કરોડ ઈલેક્ટ્રિક ડ્યુટીના રીલીફમાં કર્યો, રૂપિયા ૬૦૦ કરોડ ૨૦ ટકા જે ટેક્સ રૂપિયા ૨૩ લાખ કોમર્શીયલ યુનિટને આપવામાં કર્યો. રૂપિયા ૬૫૦ કરોડ ઘર વપરાશના જે ૨૦૦ યુનિટ હતાં એના ૧૦૦ યુનિટ માફ આપવામાં કર્યો. સંપૂર્ણપણે તો નહિ પણ એટલિસ્ટ હેન્ડ હોલ્ડિંગ તો કર્યું છે. જ્યારે લોકડાઉનમાં એમને મદદની જરૂર હતી ત્યારે આ સરકાર પડખે ઊભી રહી છે એના માટે અભિનંદન આપવાની જરૂર છે. આ વર્ષના ટેક્સ સ્ટ્રક્ચરની વાત કરું. જે બજેટ એસ્ટિમેટમાં મૂક્યું છે મેં આવકનો આંકડો આપ્યો. આપણે આપણા પોતાની આવક ઉપર ઊભા રહ્યાં છીએ. બજેટ એસ્ટિમેટ જે રૂપિયા ૭૮ હજાર કરોડ હતું જે ખરેખર રૂપિયા ૬૧ હજાર કરોડ થવાનું છે આ વર્ષે એ રૂપિયા ૭૮ હજાર કરોડનું પણ રૂપિયા ૮૫ હજાર કરોડ આ વર્ષે મૂક્યું છે એટલે કેટલો આત્મવિશ્વાસ છે કે આપણી ઈકોનોમી હકીકતમાં વી શેપમાં જઈ રહી છે. આપણી ઈકોનોમી યુ શેપ નહિ વી શેઈપ છે અને એ વી શેપના આધાર ઉપર આ રૂપિયા ૮૫ હજાર કરોડની આ વખતે અપેક્ષા રાખીએ છીએ. સ્ટેમ્પ્સ એન્ડ રજિસ્ટ્રેશન એ ૬૯૪૫માં કર્યું હતું એ રૂપિયા ૮૭૦૦માં કરીએ છીએ. એટલે એટલા મકાનો અને પ્લોટોનું વેચાણ થશે. ઈલેક્ટ્રીક ડ્યુટી રૂપિયા ૮૭૦૦ કરોડ એ પણ રાખ્યું છે એ પ્રમાણે મોટર વ્હીકલ ટેક્સ રૂપિયા ૪૫૫૮ કરોડ હતું એ પણ સરભર રાખ્યું છે. જે પ્રમાણે અત્યારે વાહનો વેચાય છે આ પણ જે રીતે બજેટ એસ્ટિમેટમાં મૂક્યું છે એના કરતાં વધારે થશે. જમીનોમાં પણ ધીમે ધીમે છેલ્લું, લેન્ડ એવી વસ્તુ છે કે જે છેલ્લું ઉપડે, તો પણ એની અંદર આજની તારીખમાં રૂપિયા ત્રણ હજાર કરોડ જે હતું એની સામે રૂપિયા બે હજાર આઠસો એકતાલીસ કરોડ થોડા કન્ઝર્વેટીવ ફીગર રાખીને આગળ વધાર્યું છે. એટલે મારે કહેવું છે કે, જે રૂપિયા ત્યાંસી હજાર ચારસો દસ એકચ્યુઅલ આ વર્ષે થવાનું છે એની સામે આવતા વર્ષે રૂપિયા એક લાખ અગિયાર હજાર સાતસો છ કરોડ પોતાની આવક જે થશે, જો કોરોનાની બિમારીમાં કોઇ વધારે પરિસ્થિતિ બગડે નહી તો મને સો ટકા વિશ્વાસ છે કે, નાણાંમંત્રીશ્રીએ જે પૈસા, આવક મૂકી છે એ ચોકકસ મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારે એમને આખા દેશનું જોવું પડે, કેન્દ્ર સરકારમાં આવક ઘણી ઘટી છે, તો પણ રૂપિયા છવ્વીસ હજાર કરોડ એના આગળની સાલમાં મૂકયું હતું એની જગ્યાએ આપણને રૂપિયા તેવીસ હજાર કરોડ મળે છે. એ રૂપિયા ત્રણ હજાર કરોડ ઓછી હોવા છતાં પણ આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ જે બજેટનું કદ છે, એ વધાર્યું છે અને રૂપિયા બે લાખ સત્યાવીસ હજાર કરોડ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આદરણીય નરેન્દ્રભાઇને પણ આજે ચોકકસ અભિનંદન આપવા જોઇએ. ફિફ્ટીન પેચ કમિશન એટલે પાંચ વર્ષના એ લોકો આંકડા આપતા હોય છે કે દરેક રાજયને પાંચ વર્ષમાં આટલા રૂપિયા મળશે. રૂપિયા સો લાખ કરોડ પાંચ વર્ષની કેન્દ્ર સરકારની રેવન્યુ થવાની છે અને એમાં ગુજરાતને ૩.૪૭ ટકા શેર મળવાનો છે, જે પહેલા વર્ષ ૨૦૧૦-૧૧થી વર્ષ ૨૦૧૪-૧૫માં કેટલો હતો, ૩.૦૪ હતો. ૩૨ ટકા શેર કેન્દ્ર સરકાર સ્ટેટસમાં આપતા હતા, આદરણીય નરેન્દ્રભાઇ દિલ્હી ગયા ૩૨ટકાનો શેર એમણે ૪૧ ટકાનો કર્યો અને ૪૧ ટકાની અંદર ગુજરાતનો હિસ્સો ૩.૦૪ નો ૩.૪૭ ટકા

કર્યો. એટલે કેન્દ્ર સરકાર તરફથી ગુજરાતને ગ્રાન્ટ પણ ગુજરાતના વિકાસ માટે વધારે મળશે. એટલે આ પણ ઐતિહાસિક છે. આટલા કયારેય પણ પહેલા પૈસા આવ્યા ન હતા, આજે ફિફ્ટીન પેચ કમિશનમાં આપણને મળવા જઇ રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા ઘણી ખર્ચની વાત કરી, હું દેવા ઉપર આવું છું પણ મારે દેવા ઉપર આવતા પહેલા, ખર્ચા છે ને બે ટાઇપના હોય છે, ડેવલપમેન્ટ એક્સપેન્ડીચર અને નોન ડેવલપમેન્ટ એક્સપેન્ડીચર, આપે કીધું એ પણ હું વાત કરૂ છું પણ દર વર્ષે તમને ખાલી હું વર્ષ ૧૯૯૫-૯૬નો દાખલો આપું, રૂપિયા સાત હજાર છસ્સો તેસઠ ડેવલપમેન્ટ એક્સપેન્ડીચર હતો અને નોન ડેવલપમેન્ટ એક્સપેન્ડીચર રૂપિયા ત્રણ હજાર એકસો આઠ કરોડ હતો. આપણે ધીમે ધીમે ડેવલપમેન્ટ એક્સપેન્ડીચર એટલો બધો વધતો ગયો કે ટકાવારીની દષ્ટિએ ડેવલપમેન્ટ એક્સપેન્ડીચર વધારે વધે અને નોન ડેવલપમેન્ટ એક્સપેન્ડીચર ઓછો થાય. એટલે આપણે રૂપિયા એક લાખ સોળ હજાર કરોડ વર્ષ ૨૦૧૯-૨૦માં ડેવલપમેન્ટ એક્સપેન્ડીચર હતો, નોન ડેવલપમેન્ટ એક્સપેન્ડીચર રૂપિયા સડસઠ હજાર આઠસો છોત્તેર હતો. એટલે આના કારણે દેવું કર્યું કે કંઇપણ કર્યું હોય ડેવલપમેન્ટ એક્સપેન્ડીચર અને જે ખાસ કરીને ડો. જોષિયારાજીએ વાત કરી, એમાં મારે એટલું જ કહેવું છે કે વર્ષ ૨૦૧૯-૨૦માં રૂપિયા સડસઠ હજાર કરોડ હતો, વર્ષ ૨૦૨૦-૨૧માં આપણે રૂપિયા એંસી હજાર કરોડ થયો. આપણા પગારના ધોરણને બધું વધ્યું અને એના કારણે રૂપિયા એંસી હજાર ચારસો એક કરોડનો કર્યો, પરંતુ તમે જે રૂપિયા એકસઠ હજાર કરોડની વાત કરી છે એ રૂપિયા એકસઠ હજાર કરોડ આર.ઇ.માં એટલે બતાવ્યા છે કે રૂપિયા નવ હજાર નવસો પચાસ કરોડ આપણે દર વર્ષે સિંકીંગ ફંડ ઉભું કરીએ કે દર વર્ષે આપણે થોડા રૂપિયા મુકીને સિકીંગ ફંડમાં નાંખતા જતા, એટલે જયારે આપણને પૈસાની ખૂબ જરૂર પડે એટલે તે આપણે ઉપાડી શકીએ અને આર.બી.આઇ. આપણને મંજૂરી આપે. બીજા કોઇ રાજયએ આ સિંકીગ ફંડ ઉભુ કર્યું ન હતું. આપણે સિંકીગ ફંડની અંદર છેલ્લા વર્ષોમાં ખૂબ મોટી અમાઉન્ટ ભેગી કરી હતી, એમાં રૂપિયા નવ હજાર નવ સો પચાસ કરોડ સિંકીગ ફંડના આર.બી.આઇ.એ આપણને મંજૂરી આપી, એટલે જે રૂપિયા એંસી હજાર ચારસો એક કરોડ આપણે મુકયા હતા, એમાં રૂપિયા નવ હજાર નવસો પચાસ કરોડ ઘટયા અને રૂપિયા ત્રણ હજાર પાંચસો કરોડ આપણે કોઇ એડીશનલ ડી.એ. કર્મચારીઓને આપ્યું એના રૂપિયા ત્રણ હજાર પાંચસો ખર્ચાયા, એટલે જે હાલમાં તમે રૂપિયા એકસઠ હજાર નેવું હજાર કરોડના વધારાની વાત કરી એ એકચ્યુયલી આના કારણે વધારે દેખાય છે. હકીકતમાં એવો વધારો નથી. માત્ર દસ અગિયાર ટકા જે નોર્મલ કોર્સમાં વધતા હોય, પગારો વધતા હોય, નવા કર્મચારીઓ વધતા હોય, પેન્શન વધતું હોય, સૌથી મોટી આંકડો આપણને પેન્શનનો આવી ગયો, જેમ અત્યારે લોકોની લાઇફ વધતી જાય છે, જે રીટાયર્ડ માણસો જે રીટાયર્ડ થાય છે એનાથી દોઢો પગાર એમને પેન્શનમાં મળી જાય છે. એટલે પેન્શનનું પગારનું બિંદુ વધવાના કારણે એ આપણે આજની તારીખમાં આપે જે અહીં વાત કરી, રૂપિયા એકસઠ હજારનો નેવું હજારનો કરોડ થયો છે. એકચ્યુયલી એકસઠનો નેવું નથી થયો, એંસીનો નેવું થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે અત્યારે દેવાની વાત કરી, બધા સભ્યોએ દેવાની વાત કરી, દેવું કોને મળે? જે સક્ષમ હોય એને મળે, દેવું આપણે કઇ રીતે લઇએ છીએ? કેન્દ્ર સરકારની નીતિ નિયમ પ્રમાણે લઇએ છીએ. આઇ.બી.આઇ.ના નોર્મ્સ પ્રમાણે લઇએ છીએ, ફાઇનાન્સીયલ રીસ્પોન્સીબીલીટી એકટ આપણી વિધાનસભાએ જે પસાર કર્યો છે એની અંદર નાણા મંત્રીશ્રી દેવું લે છે. એની બહાર જઇને નથી લેતા. આજની તારીખમાં આટલા વર્ષોની અંદર કેન્દ્ર સરકારને નાણાં મંત્રીશ્રીએ એમ નથી કહ્યું કે તમે અમને વધારે દેવું કરવાની મંજૂરી આપો. એમણે એમ નથી કહ્યું કે અમને તમે જે બીજા રાજ્યો જી.એસ.ડી.પી. ની અંદર દરેક વખતે કેન્દ્ર સરકારના પ્રધાન મંત્રીને કહે કે અમોને બોરો કરવાની મંજૂરી વધારે આપો, એવું ગુજરાતે કયારેય નથી કહ્યું. આ ૩ ટકાના પાંચ ટકા કર્યા એ ગુજરાતની ભલામણ પર નથી કર્યા. આ કોંગ્રેસ શાસિત રાજયો અને બીજા અનેક રાજયોની ભલામણથી એ ૩ ટકાના પાંચ ટકા થયા છે. આપણે કાયમ માટે ટોટલ આઉટસ્ટેન્ડિંગ ડેબ્ટના બે નોર્મ્સ હોય છે. એક પબ્લિક દેવું અને બીજો જી.એસ.ડી.પી.નો કેટલોક ભાગ, આપણને ટોટલ જી.એસ.ડી.પી. ના ૨૭.૧ ટકા મળે, આપણે કાયમ માટે ૧૬.૧૯ ટકા જેટલું કરીએ છીએ, આજની તારીખમાં ૧૮.૧૪ ટકા છે. એટલે કેટલું મળે તમે વિચારી જુઓ. જી.એસ.ડી.પી.નું ૨૭ ટકા સુધી મળે, એટલે આપણું જેટલું જી.એસ.ડી.પી.નું દેવું હોય એના ૨૭.૧ ટકા આજની તારીખમાં સરકારના ફીસ્કલ રીસ્પોન્સિબીલીટી એકટના કરણે લઇ શકીએ છીએ. બીજું ૩ ટકા ફીસ્કલ ડેફિસીટ મળે, એ બીજો નોર્મ્સ છે. આપણે કાયમ માટે ૩ ટકાથી ઓછા રહેતા હતા. પણ આ વર્ષે જી.એસ.ડી.પી.ના નોર્મ્સ છે તે જી.એસ.ડી.પી. આપણો ઘટી ગયો, એ ૩ મહિના લોકડાઉન કર્યું અને તેના કારણેજી.એસ.ડી.પી. ઘટવાના કારણે આપણે ૩.૧૦ ટકા આ વખતે આવ્યા છે. પણ કેન્દ્ર સરકારે ૩.૫ કરી નાખ્યું. જોડે જોડે આ ૩.૧૦નું ૩.૫ કર્યું અને માનનીય નાણાં મંત્રીશ્રીએ એમના પ્રવચનમાં કહ્યું હતું કે આ ૩.૧૦ ટકા આ વખતે ટેમ્પરરી છે. આપણું જેમ જી.એસ.ડી.પી. વધશે એમ ઘટી જશે. અને આવતી સાલ હું ૩ ટકાથી નીચે પાછું લાવીશ. આ આપણે ફીસ્કલ ડીસીપ્લીન રાખી છે. આવકમાં અને ખર્ચમાં કેટલો કન્ટ્રોલ રાખીએ છીએ એ આનો માપદંડ છે. આપણું ૨૧ બેન્ડ, એ વખતે ૧.૬૩ ટકા હતું. બીજી વાત કરી લઉં, પબ્લિક ડેબ્ટની વાત કરી લઉં. પબ્લિક ડેબ્ટ ચોક્કસ વધારે હતું, કયારે હતું? ભૂકંપ પછી. ભૂકંપ પછી જી.એસ.ડી.પી. ના ૨૭.૮૯ ટકા હતું. આપણે ઘટાડી ઘટાડીને ૧૭.૪૦ ટકા સુધી લઇ આવ્યા છીએ. એટલે આ જે કર્યું છે એ ચોક્કસ પ્રમાણે આપણી જેટલી તાકાત હોય તેનાથી વધારે દેવું લીધું નથી. બીજું જે દેવાની વાત કરે છે એનું મોસ્ટ ઇમ્પોર્ટન્ટ આપણે વ્યાજમાં આપીએ છીએ, મારે ફકત એટલું જ પૂછવું છે કે કોંગ્રેસના સમયમાં તમે દેવું લેતા તો કેટલા ટકા વ્યાજ આપતા હતા? તમે કયારેય વિચાર કર્યો છે? આ તો અમારી સક્ષમતા છે,

અને હું અત્યારે ઓપન ચેલેન્જ આપું છું. (અંતરાય) તમે માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) અરે ભાઇ, હું એટલું જ કહીશ, માનનીય અધ્યક્ષશ્રી, મને યાદ છે સરદાર સરોવર માટે (અંતરાય) અરે શાંતિ રાખો ને, (અંતરાય) માનનીય નીતિનભાઇ હું કહું છું. મને યાદ છે સરદાર સરોવર માટે એ લોકોએ જે બોન્ડ કાઢયા હતા એ નોન રીડેબલ બોન્ડ ૧૮.૫૦ (સાડા અઢાર) ટકાએ કાઢયા હતા અને આદરણીય નરેન્દ્રભાઇ આવ્યા અને એ વખતે એ બોન્ડ આપણે રીડીમ કર્યા, કાનૂની જોગવાઇ નહોતી, જોગવાઇ નહોતી એટલે આ વિધાનસભામાં હું કાયદો લાવ્યો હતો અને કાયદો કરીને રીડીમ કર્યા હતા અને રીડીમ કર્યા પછી બધાને પૈસા પાછા આપી દીધા અને આજની તારીખમાં, (અંતરાય) ભાઇ સાંભળોને, એ વખતે માનનીય સનત મહેતા નાણાં મંત્રી હતા, એ તમારા હતા કે અમારા હતા? નહીં, નહીં. સનતભાઇ મહેતા નાણા મંત્રી હતા અને બોન્ડ લાવ્યા હતા, અને આજની તારીખમાં કેસ ચાલે છે. જે વ્યક્તિઓએ રીડીમ કરીને પૈસા લીધા નથી એ લોકો કોર્ટમાં ગયેલા છે. હું આજની તારીખમાં ઓપન ચેલેન્જ આપું છું. કોઇ પણ રાજય આવે, એ દિવસે આ જે લોન લઇએ છીએ ને એટલે ૨૦૦૦ કરોડ રૂપિયા અમારે ઓકશન થાય, બે હજાર કરોડ રૂપિયા આજે મૂકે એ પછી ગુજરાત સરકાર કહે છે કે મારે રૂપિયા બે હજાર કરોડ લેવા છે. બીજા કોઇપણ રાજય આવે એ એ જ દિવસે મૂકે અને તે જ દિવસે હું લખીને આપું છું કે અડધોથી પોણો ટકો ગુજરાતનું વ્યાજ ઓછું આવશે એનું કારણ શુંકે ગુજરાતની સદ્ધરતા ઉપર લોકો પૈસા મૂકી છે. એમને ખબર છે કે આપણા પૈસા પાછા આવવાના છે. મૂકો ચેલેન્જ, તમારામાં ચેલેન્જ હોય તો નાણામંત્રીશ્રી કાલે બોલવાના છે. જાવ લઇ આવો કોંગ્રેસના શાસનમાં કાઢો કેટલા ટકા વ્યાજ આપ્યું છે? અમે કાઢીને લાવીએ કાલે છેલ્લો દિવસ છે, હજી લાવો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને કહું કે વર્ષ ૧૯૬૦થી ૧૯૯૫ સુધીમાં ચાર ડિઝીટમાં દેવું મૂકયું હતું અને આ ભાજપની સરકાર કયાં લઇ ગઇ છે?

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ,પોઇન્ટ ઓફ ઓર્ડર છે? તમે કાલે કહેજો?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દેવું રોડ માટે વપરાય, ડેમ માટે વપરાય, પાણી માટે વપરાય. આ નર્મદા યોજના કોણ લાવ્યું બહુ ચર્ચા ન કરો. હું બીજા રાજયોની સરખામણી કરીશ પછી તમને ખ્યાલ આવશે, બીજા રાજયોને સાથે મૂકીએ ત્યારે ખબર પડે કે આપણે કયાં છીએ. માનનીય નાણામંત્રીશ્રીએ કેટલું ધ્યાન રાખીને બજેટ બનાવ્યું છે અને એની અંદર ખર્ચ પાછળ જયાં જયાં જરૂર હતી ત્યાં જ ખર્ચ કર્યો છે. ગુજરાતમાં ફિસકલ ડેફિસીટ ૩.૧૦ ટકા, છતીસગઢ ૬.પર ટકા, મધ્યપ્રદેશ, રાજસ્થાન ૬.પર ટકા, તામીલનાડુ ૪.૯૯ ટકા, શ્રીમતી મમતા બેનરજી પશ્ચિમ બંગળ ૩.૮૬ ટકા અને કેરાલા ૪.૨૫ ટકા છે. આ તો ખાલી આપને સરખામણી આપું છું. જેથી તમને ખ્યાલ આવે કે બીજા રાજયો કેટલું દેવું લે છે!

બીજું, રૂપિયા કયાં વપરાય છે એની વાત કરું. આ ચૂંટણીમાં માનનીય શૈલેષભાઇ કહેતા હતા કે પ્રગતિશીલ સરકારનું બજેટ છે એની યોજનાની વાત કરું તો તમને ખ્યાલ આવે. મારે નાયબ મુખ્યમંત્રીશ્રી, નાણામંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ આદિવાસીભાઇઓ માટે રૂપિયા ૧ લાખ કરોડ આવતા પાંચ વર્ષમાં વાપરવાના છે. દરિયા કાંઠાના વિસ્તારો જયાં બે ચાર ધારાસભ્યો આ વખતે ચૂંટાયને આવ્યા છે. તળાજા વગેરે પરંતુ આ ચૂંટણી ચાલુ થશે એટલે આવતા વર્ષે એ પણ સાફ થઇ જશે. ૭૦ લાખ રૂપિયાનો સાગર ખેડૂ સર્વાંગી વિકાસમાં લાભ મળવાનો છે. ૨ લાખ લોકોને રોજગારી મળવાની છે. મેં જીયુએનએલમાં ૩ લાખ લોકોની ઓલરેડી ભરતીપત્ર આ હાઉસ ચાલુ થયા પછી આપ્યા છે. ૨૦ લાખ લોકોને રોજગારી આપવાની છે એમાં એકલી સરકારી નોકરી ન મળે. સરકાર પ્રાઇવેટલોકોને રોજગાર વધારે અપાવી શકે એને સફળતા કહેવાય. સરકારી નોકરી આપવી એ સફળતા ન કહેવાય. જે લોકો મૂડી રોકાણ બહારથી કરે જે લોકો ગુજરાતને શ્રેષ્ઠ સમજે છે જે લોકોએ ગુજરાતની ઇન્ડસ્ટ્રીયલ પોલિસીને આવકારી છે અને પોતાનું મૂડી રોકાણ કરે છે એ રોજગારી આપે છે આ રીતે આવતા પાંચ વર્ષમાં ૨૦ લાખ લોકોને રોજગારી આપવાના છીએ. માનનીય અધ્યક્ષશ્રી, યોજના. ભાડભૂત બેરેજ. લાભ થવાનો કે નહીં? ૪૦૦ કરોડ રૂપિયા ગઇ સાલ હતા. આ સાલ ૧૪૫૩ કરોડ રૂપિયા કર્યા છે.

અધ્યક્ષશ્રી : આ વચ્ચે વચ્ચે બોલો છો તેના કરતા ચેલેન્જ સ્વીકારોને? પ્લીઝ. વચ્ચે ન બોલશો. આપનું પ્રવચન આવે ત્યારે જે કંઇ કહેવું હોય એ કહેજો.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એવી જ યોજના કહેવા માગું છું કે જ્યાં ગઇ સાલ અને આ સાલમાં કેટલો મોટો તફાવત છે. આ યોજનાઓને કેટલું ઇમ્પોર્ટન્સ આપ્યું છે. ડિસેલીનેશન પ્લાન્ટ. કયા રાજ્યે ડિસેલીનેશન પ્લાન્ટ આટલી મોટી સંખ્યામાં કર્યા છે? ગયા વખતે ડિસેલીનેશનમાં ૫ કરોડ રૂપિયા હતા, જે નવી આઇટમ તરીકે મૂક્યા હતા. આ વખતે ૩૦૦ કરોડ રૂપિયા મૂક્યા છે અને ૨૭ કરોડ લીટર પાણીનું ડિસેલીનેશન થવાનું છે. આ કોઇ રાજ્યે કરેલ નથી. આ પહેલ ગુજરાતે કરી છે. આવાસ, જે હમણાં ઘરની વાત કરતા હતા. ખાલી કમ્પેર તો કરો. કેટલા ઘર કોના સમયમાં મળ્યા? ગયા વખતે ૬ લાખ હાઉસ ૮૩૦ કરોડ રૂપિયા પ્રધાન મંત્રી આવાસ યોજનામાં હતા. આ વખતે ૧૨૫૦ કરોડ રૂપિયા મૂક્યા. ડો. જોષીયારાજી, હું જે બોલું છું . મારે આપને એટલું જ કહેવું છે કે હું બોલું છું એ રાજ્ય સરકારની દિશા બતાવે છે, રાજ્ય સરકારની ઇચ્છા શક્તિ બતાવે છે. હાઉસીંગ ૮૩૦થી ૧૨૫૦ અને ૯૦૦ કરોડ રૂપિયા અર્બન હાઉસીંગમાં. રોજગારીમાં નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરેન્ટી સ્કીમમાં રૂ. ૩૭૮ કરોડથી રૂ. ૫૬૪ એટલે રોજગારી આપવા માટે. પેલા ઘરો આપવા માટે. પેલા પાણી આપવા માટે. સોલર. ૪૪૯ કરોડ રૂપિયાના ૬૦૦ કરોડ અને કિસાન સૂર્યોદય યોજના રૂ. ૪૦૦ કરોડથી રૂ. ૧૦૦૦ કરોડ. હવે બોલો, આ ખેડૂતલક્ષી થયું કે નહીં? મને દુઃખ એ થાય છે કે શિક્ષણ વિભાગમાં ૩૨,૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી થઇ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, હું એમને બોલવાનું નથી કહેતો અને આપ એમને કહો છો કે હવે બોલો.

તા. ૧૫મી માર્ચ ૨૦૨૧

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગ રૂપિયા ૩૨,૦૦૦ કરોડ.

અધ્યક્ષશ્રી : આ નોંધો. આટલી સારી વાત છે અને ખોટી હોય તો જવાબ આપો.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખોટી હોય તો આ હાઉસમાં ઓપન ચેલેન્જ કરવા તૈયાર છું. અધ્યક્ષશ્રી : આ ચેલેન્જ સ્વીકારો.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૩૨,૦૦૦ કરોડ રૂપિયા એજ્યુકેશનમાં ફાળવ્યા છે. ઇતિહાસમાં આટલા પૈસા ક્યારેય ફાળવ્યા નથી. શિક્ષણ એ અમારો પાયો છે અને શિક્ષણ માટે એક પણ રૂપિયાની કરકસર કરી નથી. શિક્ષણમાં ક્વોલિટી એજ્યુકેશન. ક્વોલિટી એજ્યુકેશન આપવા માટે રૂપિયા ૨૦૦ કરોડ તો ટેબ્લેટ્સમાં આપીએ છીએ અને બીજું, આર.ટી.ઇ.માં સારામાં સારા છોકરાઓને ખાનગી શાળામાં ભણવા મળે તેમાં ૫૬૭ કરોડ રૂપિયા આપ્યા છે. આજની તારીખમાં શિક્ષણ એ ઓલરેડી પાયો રહેવાનો છે. મહિલા અને ચાઇલ્ડ માટે, વિધવા બહેનો માટે નીતિ બદલી. રૂ. ૫૦૦ કરોડના રૂ. ૭૦૦ કરોડ કર્યા છે. હમણાં અમારા સભ્યશ્રીએ કહ્યું, ૩ ટકા એગ્રીકલ્ચરના આપીએ છીએ. મને ૩ ટકા સાંભળીને દુઃખ થયું. તમે આટલી બધી યોજનાઓ કરી છે, ખાલી રૂપિયા ૧,૦૦૦ કરોડ તો અમે વ્યાજમાં આપીએ છીએ. એગ્રીકલ્ચર સેક્ટરનું ટોટલ બજેટ તો જુઓ. પાણીનું બજેટ જુઓ, નર્મદાનું બજેટ જુઓ. સૌનીનું બજેટ જુઓ. ભાડભૂતને જુઓ. ખેડૂતોની બધી યોજનાઓ જૂઓ. મને ચોક્કસ વિશ્વાસ છે કે ઓછામાં ઓછું પાંચ આંકડામાં હશે. મારી પાસે વિગત છે પણ સમય નથી. નહીં તો હું આપને કહેત કે આટલા હજાર કરોડ રૂપિયા તો માત્ર એગ્રીકલ્ચર સેક્ટરમાં આપ્યા છે. એ જ પ્રમાણે હેલ્થ ડિપાર્ટમેન્ટ, કોલેજો, મેડિકલ. ગુજરાતમાંથી નહીં, રાજસ્થાનમાંથી સિવિલની બસો નીકળે છે. ક્યાં જવાનું છે? તો કહે કે સિવિલ. કોરોના દરમ્યાન કેટલા લોકો બહારથી આવ્યા? પણ ક્યારેય એમ નથી કહ્યું કે મદદ નહીં કરીએ. મારે મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી બધાને અભિનંદન આપવા છે. ગમે તેટલા લોકો કોરોનામાં બહારથી આવ્યા છે. આપણી હોસ્પિટલોના દરવાજા એમના માટે ખુલ્લા હતા અને ખર્ચો?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એમ કહો ને અમે બહારી નથી કહ્યું.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એટલે દરેક ક્ષેત્રમાં ગુજરાતે પહેલ કરી છે અને અમે આગળ વિચારીએ છીએ. કલાયમેટ ચેંજની વાત કરું તો મારે માનનીય મુખ્યમંત્રીશ્રીને અને નાયબ મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા છે કે ૭૫૦ કરોડ રૂપિયા રૂફટોપ માટે આપ્યા છે. ગુજરાત આખા દેશમાં પહેલું રાજ્ય છે. ગુજરાતીઓનું ૯૨૭ મેગાવોટ થયું. આ વખતે ત્રણ લાખ ઘરો ટાર્ગેટ છે. બધા રાજયોને ભેગા કરીએ તો પણ ગુજરાતના જેટલું ટોટલ નથી થતું. આખા દેશમાં એકલું ગુજરાત મૂકો અને બધા રાજયો મૂકો તો પણ કોઇ ગુજરાતની સરખામણીમાં નથી આવતું. મારે માનનીય પ્રધાનમંત્રીશ્રીને અભિનંદન આપવા છે, કોઇએ ગિફ્ટ સીટી માટે કલ્પના નહોતી કરી. ત્યાં આજની તારીખમાં ૨૨૦ નેશનલ અને ઇન્ટરનેશનલ બેંકો કામ કરે છે. ૧૨૦૦૦ લોકો હાલમાં કામ કરે છે અને એના પે-સ્કેલ કેવા? ચાર્ટર્ડ એકાઉટન્ટ, એન્જિનિયર બધા ટોપલાઇનના છોકરાઓને ત્યાં લીગલ નોકરી મળે છે. બ્રીક્સ એટલે બ્રાઝીલ, રશિયા, ઇન્ડિયા, ચાઇના આપણે બ્રિકસનું એક એસોસિએશન છે એની જે ઝોનલ ઓફીસ ન્યુ ડેવલપમેન્ટ બેંક એ ગિફ્ટ સીટીમાં ઉભી થઇ રહી છે. એટલે ગિફ્ટ સીટીમાં બિલિયન સ્ટોરેજ માટે ત્યાં ગોલ્ડ અને સિલ્વર સ્ટોરેજ માટેની વ્યવસ્થા ઉભી થાય છે. બેંકો ગણો, એકસચેંજ ગણો, એમાં રૂપિયા એક લાખ કરોડનું રોજનું ટ્રાન્સેકશન છે અને આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ ઇન્કમટેકસમાં ગિફ્ટ સીટીમાં દસ વર્ષની છૂટછાટ આપી છે એટલે કલ્પના કરો કે આવતા વર્ષમાં કેટલા લોકો ગિફ્ટસીટીમાં આવશે અને એ ધમધમતું થશે. ફાયનાન્સનું સેન્ટર, કોઇ રાજયમાં ફાઇનાન્સીયલ સેન્ટર નથી અને દેશમાં એક જ રાજયમાં ફાઇનાન્સીયલ સેન્ટર હોય તો એ ગિફ્ટ સીટી થયું છે. એનો આપણને ગૌરવ હોવો જોઇએ. એની અંદર મારે કહેવું જ પડશે કે નાણામંત્રીશ્રીએ આ વખતે ગીફ્ટ સીટીમાં સો કરોડ રૂપિયા આપ્યા છે. અર્બનમાં નવો જ કન્સેપ્ટ, રૂપિયા ૪,૫૬૩ કરોડ તો ચોક્કસ સ્વર્ણિમ જયંતીમાં આપ્યા છે પણ મેગાસીટી સુરત અને રાજકોટમાં પણ ખૂબ મોટા પ્રમાણમાં હાઉસીંગથી માંડીને આપણે બધી વ્યવસ્થા કરી છે એટલે મારે એટલું જ કહેવું છે કે એક એક રૂપિયો જે આપણે લઇએ છીએ એ કયાં વાપરવો એ સમજી વિચારીને કરીએ છીએ અને જયાં લોકોની રોજગારી ઉભી થાય, લોકોની આવક ઉભી થાય, ઉદ્યોગો નવા થાય, ખેડૂતોની આવક બમણી કેમ થાય,ખેડૂતો તકલીફમાં હોય તો અમે કેવી રીતે મદદ કરીએ, એમનને હેન્ડ હોલ્ડીંગ કેટલી કરીએ, આમ, તમે જોવા જાવ તો ગુજરાતમાં એક પ્રશ્ન નથી ઉભો રાખ્યો. નીચે કોઇ પ્રશ્ન સળગતો નથી કે કોઇ વ્યકિતઓ અમારી પાસે આવીને કહેતા નથી કે આ પ્રશ્ન પૂર્ણ કરો. અમારી સરકારમાં માનનીય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી પાસે એ પ્રશ્ન આવે એ પહેલાય ઉકેલાઇ જાય છે અને એના કારણે ચૂંટણીનું પરિણામ આવું આવ્યું છે. બીજું કોઇ જ કારણ નથી. ઇ.વી.એમ.ના બહાના કાઢો, કે નેતૃત્વના બહાના કાઢો, કોઇપણ બહાના કાઢો કે કોઇપણ વિષયની વાત કરો એ કંઇ ચાલવાનું નથી.

**સભાગૃહનું કામકાજ સાંજના ૪-૫૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા. ૧૬મી માર્ચ ૨૦૨૧ના રોજ સવારના ૧૦-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**

**મંગળવાર, તા. ૧૬મી માર્ચ, ૨૦૨૧**

**ફાલ્ગુન ૨૫, ૧૯૪૨ શાકે**

**પહેલી બેઠક**

**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

શ્રી વિવેક ન. પટેલ(ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની સ્થાપના પછી સૌપ્રથમ વખત રૂપિયા ૨ લાખ ૨૭ હજાર ૨૯ કરોડનું ઐતિહાસિક અને વિક્રમી બજેટ રજૂ થયું. ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નવમી વખત બજેટ રજૂ કરનાર નાણાંમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબને હું લાખ લાખ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું સાયબર ક્રાઇમ ઉપર મારા વિચારો વ્યકત કરુ છું. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ અને ગૃહ રાજયમંત્રીશ્રી પ્રદિપસિંહજી જાડેજાના નેતૃત્વમાં સુરક્ષિત ગુજરાત, સલામત ગુજરાત માટે અમારી અડીખમ સરકાર કટિબદ્ધ છે અને પ્રતિબદ્ધ પણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વખતના બજેટમાં ગૃહ વિભાગ માટે રૂપિયા ૭૯૬૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કહ્યું છે ગુજરાત અને દેશની પોલીસ સ્માર્ટ બની રહી છે અને તેમને સ્માર્ટ શબ્દને ડિફાઇન કરેલો છે. એસ એટલે સેન્સીટીવ એન્ડ સ્ટ્રીકટ, એમ એટલે મોબાઇલ એન્ડ મોર્ડન, એ એટલે એકાઉન્ટેબલ એન્ડ એલર્ટ, આર એટલે રીસ્પેન્સીબલ એન્ડ રીલાયેબલ, ટી એટલે ટેકનોસેવી એન્ડ ટ્રેઇન્ડ. હમણાં જ બે દિવસ પહેલાં માનનીય ગૃહ રાજયમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા સાહેબે બોડી વોર્ન કેમેરાનું લાઇવ ડેમોસ્ટ્રેશન કર્યું. ૧૦ હજાર જેટલા બોડી વોર્ન કેમેરા પોલીસ કર્મીઓને આપવામાં આવશે અને પોલીસ વધુ સ્માર્ટ અને સ્ટ્રોંગ બનશે. બોડી વોર્ન કેમેરાનો ઉપયોગ કરનાર ગુજરાત ભારતનું પ્રથમ રાજય બન્યું છે. કમ્પ્યુટરરાઇઝેશનના કારણે નાગરિકોને અનેક પ્રકારની ઓન લાઇન રજીસ્ટ્રેશન, ટ્રાન્જેકશનની સુવિધાઓ મળે છે. રાજયની કે અન્ય રાજયની કે વિદેશની કોઇ પણ વ્યકિત મોબાઇલ, લેપટોપ, આઇ પેડ, ટેબ્લેટનો ઉપયોગ કરીને સાયબર એટેક કરીને સાયબર ક્રાઇમ કરી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બેન્કીંગ ક્ષેત્રે ઓન લાઇન ટ્રાન્જેકશનમાં છેતરપિંડી થવી, ઓટીપી આપ્યા વગર પણ પૈસા ગુમાવવા, ઓટીપી આપીને પણ પૈસા ગુમાવવા, ક્રેડિટ કાર્ડ ફ્રોર્ડ થવું, ઇ-મેઇલ હેક થવું, મોબાઇલ પર અશ્લિલ એમએમએસ, એસએમએસ જેવા સાયબર ક્રાઇમના ગુનાઓ વધતાં જાય છે. આમ, આજના યુગમાં સાયબર ક્રાઇમ, સાયબર ટેરરીઝમ એક વૈશ્વિક પડકાર છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સાયબર સિકયોરીટીના સંદર્ભની અંદર ક્વોટ કરેલા શબ્દો કહેવા છે." Can we secure, the world, from a bloodless war?, I am talking about cyber security.India must take the lead in cyber security through innovation."૧૧મી જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ મહાત્મા મંદિર ખાતે માનનીય કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમીતભાઇ શાહ સાહેબના હસ્તે વિશ્વાસ અને સાયબર આશ્વસ્ત પ્રોજેકટનો શુભારંભ કરવામાં આવેલો હતો. વિશ્વાસ પ્રોજેકટની અંદર ડિટેલમાં વાત નથી કરતો પણ મૂળ વિષય ઉપર આવું તો સાયબર આશ્વસ્થ પ્રોજેકટ રાજયના નાગરિકોને સાયબર ક્રાઇમનો ભોગ બનતાં અટકાવવા તથા સાયબર ક્રાઇમનો ભોગ બનેલાં નાગરિકોને મદદરૂપ થવાના હેતુથી સર્વાંગી સાયબર સુરક્ષા માટેનો દેશનો સર્વ પ્રથમ પ્રોજેકટ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાયબર આશ્વસ્થ માટે ૧૧૨ નવી જગ્યાઓ ઉભી કરવામાં આવનાર છે. સાયબર આશ્વસ્ત પ્રોજેકટ હેઠળ કુલ ૪ યુનિટ કાર્યરત છે. 1)Cyber crime incident response unit, (IRU),(2) Cyber crime prevention unit (CCPU),(3) Anti-cyber Bulling Unit (ABU),(4) Cyber Suraksha Lab. (CSL) થોડી ડિટેઇલમાં ચર્ચા કરું તો સાયબર ક્રાઇમ ઇન્સીડેન્ટ રીસ્પોન્સ યુનિટમાં ઓનલાઇન રૂપિયાની છેતરપિંડી થાય તો એનો ભોગ બનનાર વ્યકિત ૧૦૦ અને ૧૧૨ નંબર ડાયલ કરીને ફરિયાદ નોંધાવી શકે છે. અત્યાર સુધી ૨૮,૦૦૦થી પણ વધારે નાગરિકોએ ફરિયાદ નોંધાવી છે. આ યુનિટના નિષ્ણાત લોકોએ ત્વરિત કાર્યવાહી કરીને અંદાજે રૂપિયા ૧૩ કરોડથી પણ વધારે રકમ ફ્રિજ કરી છે. ગુજરાતમાં ભારતનું પ્રથમ સાયબર ક્રાઇમ પ્રિવેન્શન યુનિટ છે એટલે પોલીસ દ્વારા આરોપીઓના મોબાઇલનું એનાલિસીસ કરીને એમની સાથે વાત કરેલ નાગરિકોને એસ.એમ.એસ. મોકલી ગુનાનો ભોગ બનતા અટકાવવા માટે સૂચના આપી એલર્ટ કરવામાં આવે છે. ટાર્ગેટ કરેલ ૭ લાખથી વધારે નાગરિકોને આવા ફ્રોડથી સાવચેત રહેવા બલ્ક મેસેજ કરી સાવચેત કરવામાં આવે છે. એન્ટી સાયબર બુલિંગના કિસ્સામાં મોટાભાગે મહિલાઓ, તરુણ યુવકો અને યુવતીઓ ભોગ બનતા આવે છે. કેવી રીતે ઓનલાઇન સેફ રહેવું, સિક્યોરીટીના સેટિંગ સમજાવી આરોપીને બ્લોક કરવાનું આયોજન કરવામાં આવે છે અને માર્ગદર્શન આપવામાં આવે છે અને ભોગ બનનાર વ્યકિતની ઓળખી છૂપાવવામાં આવે છે. સાયબર સુરક્ષા લેબ યુનિટ હેઠળ ટચ સ્ક્રિન ડિસપ્લે ધરાવતા કિઓસ્ક મશીન મૂકવામાં આવે છે. જેના દ્વારા નાગરિકોના મોબાઇલ ફોન, ટેબલેટ, આઇપેડ તેમજ સ્ટોરેજ ડિવાઇઝ જેવા કે હાર્ડ ડિસ્ક, પેન ડ્રાઇવ, મેમરી કાર્ડ વગેરે સ્કેન કરી વાયરસ, માલવેર, સ્પાયવેર વગેરે દૂર કરવામાં આવે છે. ડિવાઇઝને સ્કેન કરવાથી સ્ક્રિન ઉપર જ ડિસ્પ્લે થયેલ સિસ્ટમ જનરેટેડ રીપોર્ટ નાગરિકોના પર્સનલ ઇ-મેઇલ પર મોકલવામાં આવે છે અને સ્કેનિંગ દરમિયાન મળી આવેલ વાયરસને એફ.એસ.એલ. ખાતે રીસર્ચ માટે મોકલી

આપવામાં આવે છે. દરેક રેન્જ અને પોલીસ કમિશનર વિસ્તારમાં સાયબર પોલીસ સ્ટેશનમાં સાયબર સેલ ખાતે કિઓસ્ક મશીન મૂકવામાં આવે છે. આપણા સ્વર્ણિમ સંકુલ -૧ અને સ્વર્ણિમ સંકુલ - ૨માં પણ આવા કિઓસ્ક મશીન મૂકવામાં આવેલ છે. ૯૦૦થી વધારે મોબાઇલ, પેન ડ્રાઇવ, મેમરી કાર્ડ સ્કેન કરીને ૯૬૦ જેટલા વાયરસ શોધવામાં આવેલ છે. સાયબર આશ્વસ્થ પ્રોજેક્ટનું સમગ્ર સંચાલન અમદાવાદની સાયબર ક્રાઇમથી કરવામાં આવે છે. અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટમાં સાયબર પોલીસ સ્ટેશન કાર્યરત છે. આગામી સમયમાં રાજ્યના અન્ય શહેરોમાં પણ સાયબર પોલીસ સ્ટેશન શરૂ કરવાનું નક્કર આયોજન કરવામાં આવેલ છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઊના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. નાણામંત્રીશ્રીએ જ્યારે બજેટ રજૂ કર્યું ત્યારે હું વિધાનસભામાં છું એના બદલે હું કોઇ જાહેર સભામાં બેઠો હોઉં એવો અનુભવ થયો. એમણે લંબાણપૂર્વક વાતો કરી. બજેટમાં જે જોગવાઇઓ કરી છે એ જોગવાઇઓનો તમે ઉલ્લેખ કરો પણ એ ઉલ્લેખની સાથે-સાથે તમે એ વિષયનું જે પ્રકારે વિષયાંતર કર્યું, લાંબી-લાંબી વાતો કરી અને રૂપિયા ૨ લાખ ૩૭ હજાર કરોડ કરતાં વધુ બજેટ ગુજરાતના ઇતિહાસમાં પહેલીવાર આવ્યું. ગુજરાત રાજ્યની સ્થાપના થઇ, મુંબઇ રાજ્યમાંથી ગુજરાત અલગ પડ્યું ત્યારથી રાજ્યની વસતી અને રાજ્યનું બજેટ ધીમે-ધીમે વધતું હોય છે. એમાં આપણે કોઈ મોટી સિધ્ધિ કરી નાંખી છે તો મને લાગે છે કે એ અતિશયોક્તિભર્યું છે. માનનીય નાણામંત્રીશ્રીએ એ પણ સલાહ આપી કે તમે અહીંયા ઉદ્યોગપતિઓની ટીકા ન કરો, તમે એને બદનામ કરીનેગુજરાતને બદનામ કરવાની તમે વાત ન કરો. માનનીય નાણામંત્રીશ્રી અને સરકારને મારે કહેવું છે કે અમે કોઇને બદનામ કરવા માટે વાતો કરતાં નથી પણ સરકાર દ્વારા જે પ્રકારની અનિયમિતતા અને ઉદ્યોગ પ્રત્યેની સરકારની જે કુણી લાગણી છે, ગુજરાતની જનતાના કરોડો રૂપિયા તમે જે પ્રકારે *(xxx) એની વાસ્તવિક સ્થિતિ રજૂ કરવી એ અમારી પ્રાથમિક જવાબદારી છે અને એ જવાબદારીના ભાગ તરીકે અમે વાત કરીએ છીએ, નહિ કે સરકાર કે ઉદ્યોગોને બદનામ કરવા માટે. માનનીય નાણામંત્રીશ્રી અને સત્તાધારી પક્ષ દ્વારા અવારનવાર અહીંયા ઉલ્લેખ કરવામાં આવે છે કે, અમારી ભાજપની સરકાર દ્વારા આમ કરવામાં આવ્યું. તમે જ્યારે ચૂંટણી લડવા જાવ છો ત્યારે ભાજપ અને કૉંગ્રેસ બરાબર છે પણ ચૂંટાઇને આવ્યા પછી સાડા છ કરોડની જનતાની આ સરકાર છે એટલે રાજ્ય સરકાર કહો તો મને લાગે છે કે વધારે સારુ ગણાશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગઈ કાલે શ્રી સૌરભભાઇએ અહીંયા ઘણી બધી વાતો કરી. મારે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની વાત કરવી છે. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કસૂરદાર એકમો પાસેથી બેંક ગેરેંટી જપ્ત કરીને જમા કરેલી રકમ રૂપિયા ૭૩ લાખ ૫૦ હજાર તથા નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ દ્વારા ઈ.ડી.સી. લેવા કરેલ આદેશ અનુસાર ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા જમા થયેલ રકમ ૩૦ ઓક્ટોબર, ૨૦૨૦ સુધી રૂપિયા ૨૮ કરોડ ૬૨ લાખ ૦૯ હજાર ૮૭૨ જમા થઈ છે પણ આ એકમોને સુધારવા પાછળ જે ખર્ચ કરવો જોઈએ એ રાજ્ય સરકાર કરતી નથી. પાણી પુરવઠા વિભાગના બજેટમાં જે જોગવાઈ કરવામાં આવી છે તેમાં અમદાવાદ, વડોદરા અને જેતપુરમાં ઔદ્યોગિક એકમોના ગંદા પાણીના વહન માટે અંદાજે રૂપિયા ૨૨૭૫ કરોડના પ્રોજેક્ટનો અમલીકરણ કરવામાં આવી રહેલ છે. જે માટે આ વર્ષના અંદાજપત્રમાં ૭૫૮ કરોડ રૂપિયાની જોગવાઈ નાણામંત્રીશ્રીએ કરી છે. મારે સરકાર પાસેથી જાણવું છે કે એક બાજુ આપણે ઉદ્યોગોને મદદ કરીએ, સબસિડી આપીએ છીએ અને નુકસાન થાય ત્યારે જરૂર પડ્યે વળતર પેટે રકમ પણ ચૂકવીએ છીએ. એ ઉદ્યોગો દ્વારા જે ગંદુ પાણી નીકળે છે એનો નિકાલ કરવા માટે ગુજરાત રાજ્યની પ્રજાના પૈસામાંથી ખર્ચ કરીને ઉદ્યોગકારોને મદદ કરવી એ ઉચિત જણાતું નથી. આ ગંદુ પાણી તમે ક્યાં નાંખવાના? ગયા વર્ષના બજેટમાં પણ સરકારે અહીંથી જણાવેલ હતું કે આ પાણી કેનાલ અથવા પાઈપલાઈન દ્વારા દરિયામાં નાંખશે. દરિયામાં પણ સાગરખેડૂઓ માછીમારી મારફત પોતાના કુટુંબનું ગુજરાન ચલાવે છે. જો આ દૂષિત પાણી દરિયામાં નાંખવામાં આવશે તો દરિયો પ્રદૂષિત નહિ થાય? કઈ રીતે તમે નાંખશો? કારણ કે દરિયાઈ જીવસૃષ્ટિને પણ આ નિર્ણયના અમલીકરણના કારણે આવનારા દિવસોમાં ન ભરપાઈ થઈ શકે તે પ્રકારનું નુકસાન થશે અને માછીમારો ઉપર પણ તેની વિપરિત અસર પડશે. એટલા માટે ગંભીરતાપૂર્વક વિચારણા કરવામાં આવે. રાજ્ય સરકાર દ્વારા મંજૂરી પણ આપવામાં આવી છે. માનનીય નાણામંત્રીશ્રીએ જ્યારે ફાઈલ ઉપર પણ ઘણી બધી વિગતો જે-તે સમયે લખી છે અને પોતાના અભિપ્રાયો પણ વ્યક્ત કર્યાં છે કે આ પ્રકારે ઉદ્યોગોને આપણે મદદરૂપ ન થઈ શકીએ અથવા એની પુનઃવિચારણા માગી લે છે. માનનીય નાણામંત્રીશ્રીએ આવી હકીકત કીધા પછી પણ સરકાર કક્ષાએ તેની સમિતિ બનાવી અને મંજૂરી આપવામાં આવી છે. ફીઝિબિલિટી રીપોર્ટ પણ તૈયાર કરવામાં આવ્યો નથી અને ત્યાં એના ટેન્ડર બહાર પાડી દીધા. ટેન્ડર બહાર પાડ્યા પછી ટેન્ડર મંજૂર કરશો તો તમારે પર્યાવરણની મંજૂરી લેવા જવું નહિ પડે? હજુ પર્યાવરણની મંજૂરી કે કોઈ પણ પ્રકારની કાર્યવાહી સિવાય જાહેરાત બહાર પાડી ટેન્ડર મંગાવી લીધા છે અને આ પ્રકારે નાના માણસો અને બીજાના ભોગે રાજ્ય સરકાર ઉદ્યોગોને મદદ કરે એ કોઈપણ સંજોગોમાં ઉચિત નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા વિભાગને લાગે વળગે છે ત્યાં સુધી, મારા તારાંકિત પ્રશ્નના એક જવાબની અંદર મંત્રીશ્રીએ જણાવેલું, તમે આ વખતના બજેટની અંદર ઉદ્યોગોમાં રૂ. ૧૩ હજાર ૩૪ કરોડની જોગવાઇ કરી છે. આ રૂપિયા ૧૩

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

હજાર ૩૪ કરોડની જોગવાઇ કરી છે, તો કોને મદદ કરવા માટે કરી છે? વિકાસ કરવા માટે. મારી પાસે જે હકીકત છે અને મને પ્રશ્નનો સરકાર જે જવાબ આપ્યો છે, એ જવાબની અંદર મે ત્રણ ઉદ્યોગ ગૃહોને પૂછ્યું હતું. કોલસા આધારિત જે ઉદ્યોગ વીજળી પાવર પેદા કરે છે એની સાથે આપણે વીજળી પરચેસ કરવા માટે ૨૫ વર્ષના કરાર કર્યા હતા અને વીજળી પરચેસ કરવા માટે જે કરાર કર્યા હતા એ કરાર કર્યા પછી એક ઉદ્યોગગૃહ સરકારને એપ્લીકેશન કરે છે કે, કોલસા આધારિત વીજપાવર ઉત્પાદન કરીને અમને આ પોષાતું નથી, એટલે અમને આમાંથી વધારો આપો. સરકારે હાઇ પાવર કમિટીની રચના કરી અને રચના કર્યા પછી આ ઉદ્યોગગૃહો, જે મને જવાબ આપ્યો એ ત્રણ ઉદ્યોગ પૈકી એક અદાણીના કરારમાં સુધારો કર્યો. ૨૫ વર્ષનો કરાર હતો છતાં પણ એને વધાર્યો એની માંગણી અને રજૂઆતને આધારે વધારો કરવામાં આવ્યો અને એ વધારો કર્યા પછી રાજય સરકારે એટલે કે ઊર્જા વિભાગે એ કરારમાં સુધારો કર્યો અને એ કરારમાં સુધારા કર્યા પછી આ કંપની સુપ્રીમ કોર્ટમાં ગઇ અને સુપ્રીમ કોર્ટમાં જઇને એવું કીધું કે, જે તારીખથી અમને આપવામાં આવ્યું છે પણ પાછલી અસરથી અમને આ તારીખથી ભાવ વધારો આપવામાં આવે અને ત્યાર પછી રાજય સરકારે એ કરારને રદ કર્યો. ભાવ આપવાના કરારમાં સુધારો કર્યો ત્યારથી લઇ સુપ્રીમ કોર્ટમાં ગયા પછી રાજય સરકારે આ કરાર રદ કર્યો ત્યાં સુધીના વચગાળામાં ઊર્જા વિભાગ દ્વારા આ અદાણી કંપનીને ગુજરાતની ૬.૫ કરોડ જનતાના બે હજાર કરોડ રૂપિયા વધારાના ચૂકવ્યા હતા. પ્રજાના પૈસા જો એ રાજય સરકાર, આ જે અદાણી ઉદ્યોગ છે એને નફો થયો હોત તો એ નફામાંથી તમને આપત? કે મને હવે નફો થયો છે એટલે કરાર કરતાં વધારાના પૈસા છે, એટલે રાજય સરકારને હું વિકાસ માટે વધારાના પૈસા આપું. રાજય સરકારને ૨૫ વર્ષનો કરાર હોવા છતાં અધવચ્ચેથી સુધારો કરવાની શું જરૂરિયાત પડી? આપણે સૌ જાણીએ છીએ કે, રાજય સરકારનો અદાણી પ્રેમ કેવો છે ત્યારે સરકાર આનો ખુલાસો કરે કેએને ૨૫ વર્ષનો કરાર કર્યા પછી વચગાળાનો ભાવ વધારો શા માટે આપવો પડયો? અને ભાવ વધારો આપવા માટેની શા માટે જરૂર પડી? કેટલી રકમ ચૂકવી ? મારા અંદાજ પ્રમાણે રૂપિયા બે હજાર કરોડ છે, એના કરતા પણ વધારે ચૂકવવામાં આવી છે. માત્ર બીજા બે ઉદ્યોગો હતા, એસ્સાર હતો, તો એસ્સારને શા માટે ના આપ્યો, અદાણીને જ શા માટે ભાવ વધારો આપ્યો અને પછી સુપ્રીમ કોર્ટમાં ગયા પછી પાછી એવું તો શું થયું કે, તાત્કાલિક અસરથી કરારને રદ કરવો પડયો? જો તમારે કરાર રદ જ કરવો હતો તો સુધાર્યો શા માટે? આવા ઘણા બધા સવાલો ઉપસ્થિત થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ ઉપર બોલતાં ઘણી બધી વાતો કરી અને એમને સૂત્ર આપ્યું કે, મારી સરકારમાં કોઇપણ પ્રકારના નાણાકીય કૌભાંડ અત્યાર સુધીમાં થયા નથી. વડાપ્રધાને સૂત્ર આપ્યું છે કે, હું ખાતો નથી, ખાવા દેતો નથી, વાત બહુ સાચી છે *(xxx) આ વાસ્તવિકતા છે. અસંખ્ય બાબતો અમે આ વિધાનસભાના ગૃહ ઉપર મુકી છે. ટેબલ ઉપર મૂકીએ છીએ, નાણાકીય ગેરરીતિ એટલે એની વ્યાખ્યામાં કોઇ લાખો અને કરોડો રૂપિયાની ગેરરીતિ તમે સમજો છો? મેં વચ્ચે હમણાં શિક્ષણ વિભાગની વાત કરી હતી રૂપિયા છ કરોડની નાણાકીય ગેરરીતિ આચરી, આને નાણાકીય ગેરરીતિ ન કહેવાય? જે ભ્રષ્ટાચાર થાય છે એને નાણાકીય ગેરરીતિ ન કહેવાય? આ વિધાનસભાના ફલોર ઉપર ઊજાગર થાય છે, એને નાણાકીય ગેરરીતિ ન કહેવાય? મુખ્યમંત્રી પોતે જ સ્વીકારે છે કે ગૃહ વિભાગ અને મહેસૂલ વિભાગની અંદર ભ્રષ્ટાચાર થાય છે. એક બાજુ ભ્રષ્ટાચાર થાય છે એને સ્વીકારવામાં આવે છે અને બીજી બાજુ એમ કહે છે કે, મારી સરકારની અંદર કોઇપણ નાણાકીય ગોલમાલ થતી નથી. મેં સાહેબ એક યોજનાનો ગયા વખતે ઉલ્લેખ કર્યો હતો, હું ફરી વખત પુનરાવર્તન કરીશ કે *(xxx)

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી સૌની યોજનાના સંદર્ભમાં ગેરરીતિ થયેલ છે એવો વિષય મૂકે છે તો પહેલા એમણે આપની સમક્ષ એ વિગતો મૂકવી જોઇએ પછી જ ઉલ્લેખ કરી શકે અથવા સૌની યોજનાના સંદર્ભમાં એમણે કરેલા ઉલ્લેખો સભાગૃહના રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ. એમણે ભૂતકાળમાં પણ વિધાનસભાની એક કમિટીના રેકર્ડમાં જે ઉલ્લેખો નથી થયા તેનો અવારનવાર ઉલ્લેખ કરીને સરકારને ખોટી રીતે ટાંકીને રેકર્ડ બગાડવા માટેનો પ્રયત્ન કર્યો છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષી, માનનીય પ્રદિપસિંહની વાતમાં હું ઉમેરો કરું છું કે આ અંગે હાઇકોર્ટમાં પણ પિટિશન થઇ હતી અને એમાં પણ એમના આક્ષેપો સાબિત થયા નથી. નામદાર હાઇકોર્ટે પણ અવલોકન કર્યા છે.

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર અંગેનો ચુકાદો હું પાછળથી આપીશ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદિપસિંહજીએ જે વાત કરી એ જ વાતનો ઉલ્લેખ મેં કર્યો છે. રેકર્ડ વિરૂદ્ધની કોઇ વાત નથી કરતો. માનનીય ભૂપેન્દ્રસિંહજીએ જે વાત કરી તેવી કોઇ બાબત હાલ હાઇકોર્ટમાં છે નહીં. તમામ વાત હું રેકર્ડ ઉપરની કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, આપ રેકર્ડ ઉપરની વાત કરો છો તો એ રેકર્ડ રજૂ કરવા તૈયાર છો ને?

શ્રી પુંજાભાઇ ભી. વંશ : સૌની યોજનાની સરકારે જે વિગતો આપી છે તેના આધારે જ હું વાત કરું છું.

અધ્યક્ષશ્રી : એ આપ રજૂ કરવા તૈયાર છો ને? એ રજૂ કરશો?

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૧૯મી માર્ચ ૨૦૨૧

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે જે વિગતો છે તે હું આપને આપીશ. સાહેબ, મારો સમય જાય છે.

અધ્યક્ષશ્રી : હું આપને સમય આપીશ. આપ પહેલા મારી વાત સાંભળી લો. તમે જે આક્ષેપ કરો છો અને વારંવાર કહો છો કે રેકર્ડ ઉપરથી કહું છું તો તે રેકર્ડ રજૂ કરવા તૈયાર છો?

શ્રી પુંજાભાઇ ભી. વંશ : સૌની યોજનાની રેકર્ડમાંથી મળેલી જે વિગતો છે તે હું આપને રજૂ કરીશ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, નાણાકીય ગેરરીતિ થઇ છે તે પ્રકારના ઉલ્લેખ કર્યા છે તે રેકર્ડ રજૂ કરવું જોઇએ સાહેબ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માની લો કે મેં કહ્યું છે કે સૌની યોજનામાં એસ.ઓ.આર.ના ભાવો સુધારવામાં આવ્યા એ સામાન્ય રીતે સુધારી શકાતા નથી. સરકારની નીતિ છે. હવે એક વર્ષમાં એસ.ઓ.આર.ના ભાવો સુધાર્યા છે અને વધારે પૈસા આપ્યા છે. તો એ અમારી દ્રષ્ટિએ ગેરરીતિ થઇ છે તેવું અમારું અનુમાન છે.

અધ્યક્ષશ્રી : તો આપ એવું કહો કે આવું મારું અનુમાન છે. પણ રેકર્ડ ઉપર ગેરરીતિ થઇ છે એવું ન કહો. વાત સુધારી લો. અનુમાન કરી શકાય.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું એ પ્રમાણે નાણાકીય ગેરરીતિ થતી નથી, અસંખ્ય બાબતો આ વિધાનસભાગૃહમાં મેં રજૂ કરી છે. ભૂતકાળમાં મહેસૂલ વિભાગની પણ વિગતો મેં આપી છે. માનનીય કૌશિકભાઇ મહેસૂલ વિભાગ સંભાળે છે, મેં રેકર્ડ ઉપર આપ્યું છે અને સરકારે અહીં સ્વીકારી લીધું છે કે આમાં ગેરરીતિ થઇ છે. વન વિભાગના રક્ષિત ઝાડ કાપી શકાય નહીં. ભૂતકાળમાં માનનીય મંગુભાઇ પટેલ મંત્રી હતા. એમણે આ ગૃહમાં સ્વીકારેલી વાત છે કે આ ગેરરીતિ થઇ છે. રક્ષિત ઝાડ કાપવામાં આવ્યા છે. એ રેકર્ડ ઉપર પ્રુફ થઇ ગયા પછી આજની તારીખ સુધી એ સાબિત થયેલ ગેરરીતિની બાબતમાં મહેસૂલ વિભાગ તરફથી કોઇ પગલાં લીધા નથી. મેં ઓન પેપર રજૂઆત કરી છે લેખિતમાં આપ્યું છે. છતાં સરકાર પગલાં ન લે અને પછી કહેવામાં આવે કે ના ના આવી કોઇ ગેરરીતિ થઇ નથી. પરિસ્થિતિ એવી છે, દા. ત. માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યુંએ પ્રમાણે ચોરી હું કરું એની તપાસ પણ હું કરું અને એનો નિર્ણય પણ હું જ કરું આ સરકારમાં આ પ્રકારની પરિસ્થિતિ છે. ચોર પણ હું પોલીસ પણ હું અને ન્યાયધીશ પણ હું. ત્યારે અમે અપેક્ષા કઇ રીતે રાખી શકીએ ? આ પ્રકારની સ્થિતિ નિર્માણ થઇ છે. આ રાજયના ભૂતપૂર્વ મુખ્ય સચિવ પી.કે. લહેરીએ એક લેખ લખેલ. એમણે એવું જણાવ્યું છે કે દેશ સમક્ષ વધતા જતા ગંભીર પડકારો સામે તંત્ર તટસ્થ નહિ થાય તો પરિસ્થિતિ બગડશે. આ રાજયના પૂર્વ સચિવે વાત કરી છે, આજે રાજયમાં આ પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ થયું છે. બ્યુરોકેટમાં કામ કરનારા લોકો એમને જે પગાર મળે છે એ રાજયની ૬.૫ કરોડની જનતાના પરસેવાની કમાણીમાંથી મળે છે. મારે આ સભાગૃહ મારફત ગુજરાતમાં બ્યુરોકેટમાં કામ કરનારા કર્મચારીઓ અને અધિકારીઓને કહેવા માગું છુંકે ૬.૫ કરોડ ગુજરાતીઓ વતિ તમે તમારી વફાદારી સરકાર પ્રત્યે નહિ પરંતુતમારી વફાદારી ગુજરાતની ૬.૫ કરોડની પ્રજા પ્રત્યે રાખો સરકારની વાહવાહમાં હામાં હા અને નામા નાએના કારણે અત્યારે ગંભીર પરિસ્થિતિ પેદા થઇ છે. એકે એક બાબતનું વર્ણન કરીએ તો પણ સરકારને તેની અસર થતી જ નથી, સરકાર સ્વીકારવા તૈયાર નથી. સરકાર નિર્ણય કરવા તૈયાર નથી, સરકાર પગલાં લેવા તૈયાર નથી. આટલી હકીકત આપ્યા પછી ધારાસભ્ય તરફથી વાસ્તવિકતા છે એ વાસ્તવિકતાનો સ્વીકાર ન કરીને સરકારે અહીંયા કરેલ કામગીરીની વાહવાહ કરે છે એ કોઇપણ સંજોગોમાં ઉચિત નથી. બજેટમાં કરેલ જોગવાઇઓનું અમલીકરણ થાય, જગ્યાઓ મોટે ભાગે ખાલી છે. ચાર્જથી ચાલે છે પછી ભરતી કરવાની સરકારની માનસિકતા હોવી જોઇએ એ પૂરેપૂરી ભરતી કરતાં નથી અને આઉટ સોર્સીંગથી કામ લે છે. રીટાયર્ડ થયલા લોકો એક વખત, બે વખતકે ચાર ચાર વખત પુનઃ નિયુકિત આપો છો એના માટે કોણ જવાબદાર? જે લોકો રીટાયર્ડ થયા છે એની સેવા લેવાનું બંધ કરીને નવા લો તો એને રોજગારી મળશે. ઉદ્યોગોમાં સ્થાનિક ૮૫ ટકાને રોજગારી આપવાનો શ્રમ અને રોજગાર વિભાગનો પરિપત્ર છે. અહીંયા સરકાર જવાબ આપે છે પરંતુ સ્થળ ઉપર ઉદ્યોગગૃહો સ્થાનિક લોકોને રોજગારી આપતું નથી. સરકાર કાગળ લખે છે પરંતુ એ અમલવારી કરતું નથી આ પ્રકારની સ્થિતિ રાજયમાં વ્યાપક પ્રમાણમાં બેફામ રીતે ગેરરીતિઓ આચરવામાં આવે છે એના તરફ ધ્યાન એક ધારાસભ્ય તરીકે એક જન પ્રતિનિધિ તરીકે સરકારનું ધ્યાન દોરીએ છીએ ત્યારે એની સામે ગંભીરતાપૂર્વક પગલાં લો. જે અધિકારીઓ કર્મચારીઓ આ બજેટની ફાળવણી થયા પછી એ લોકો સુધી પહોંચાડતા નથી એવા લોકો સામે કાયદેસર પગલાં લેવામાં આવે એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે એક વાત કરીને મારી વાત પૂરી કરું છું. માનનીય ભૂપેન્દ્રસિંહજી આપ આદરણીય છો,આપ સિનિયર છો, સારી રીતે ચલાવો છો. પરંતુ આપના વિભાગમાં જે પ્રકારનું ચાલે છે એને ગંભીરતાથી લો. આપે હાઇકોર્ટનો ઉલ્લેખ કર્યો છે, તો એ બાબત હું વિધાનસભાના રેકર્ડ ઉપર મૂકવા માગું છું. હાઇકોર્ટની ટિપ્પણી છે એવું કંઇ નથી એને તમે બ્લેકલિસ્ટ ન કરો અને બીજી બાજુ તમે એને લાખો અને કરોડો રૂપિયાના કામો આપ્યા છે એ હું ટેબલ ઉપર મૂકવા તૈયાર છું.

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. મેં તમને એક મિનિટ વધારે આપી છે. આપે આપના પ્રવચનમાં કહ્યું કે * (xxx) ધરી દો છો એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી કનુભાઇ ક. પટેલ(સાણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગ દ્વારા વર્ષ–૨૦૨૧ના બજેટમાં વિકાસના કામો માટેની રકમ રૂ. ૧૧,૧૮૫ કરોડ મંજૂર કરી છે. આ બજેટને હું સમર્થન કરું છું. આપણે જાણીએ છીએ કે આખું વર્ષ કોરોના કાળમાં ગયું.

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, પુરાવાના જે કાગળો રજૂ કરવાના હોય એ અહીં આપી દેજો. આપ રજૂ કરવા માગતા હો તે આપી દેજો. (અંતરાય) ક્યાં આપશો? અહીં આપજો. (અંતરાય) મેં કહી દીધું ને, જે પ્રવચન એમણે આપ્યું છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : મેં સૌની યોજના વિષે કહ્યું છે. એ બીજી વાત કરે છે.

અધ્યક્ષશ્રી : રેકર્ડ પર આ બધું નોંધાઇ જ રહ્યું છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : સૌની યોજના વિષે મેં કહ્યું છે અને એમણે બીજું બધું ભેગું કરી દીધું. ગયા અઠવાડિયાનું ભેગું કરી દીધું. શ્રી પુંજાભાઇ, અનુસંધાન તો મેળવો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, આપ જે કંઇ રજૂ કરશો તેના પરથી હું પોઇન્ટ ઓફ ઓર્ડરનો નિકાલ કરીશ. થેંક યુ.

શ્રી કનુભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂ.૧૧,૧૮૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે. સમગ્ર બજેટની વાત કરીએ તો આખા બજેટમાં રૂ.૨,૨૭,૦૨૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આપણે સૌ જાણીએ છીએ કે આખું વર્ષ કોરોનાકાળમાં ગયું છે. તેમ છતાં પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા કોઇ પણ જાતનો વધારાનો ટેક્સ નાખ્યા વગર બજેટની રકમ પણ વધારવામાં આવી છે. એ માટે હું સમગ્ર ભારતીય જનતા પાર્ટીની સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. માનનીય પુંજાભાઇએ હમણાં વાત કરી કે કોંગ્રેસના ધારાસભ્ય અને ભાજપના ધારાસભ્ય વચ્ચે થોડો ભેદભાવ રાખવામાં આવે છે તો હું એમને કહેવા માગું છું કે જેટલી રકમની ગ્રાન્ટ અમને ફાળવવામાં આવે છે એટલી જ રકમ કોંગ્રેસના ધારાસભ્યોને પણ ફાળવવામાં આવે છે. આ ભારતીય જનતા પાર્ટીની અંદર કોઇ પણ ધારાસભ્ય હોય તેના પ્રત્યે કોઇ પણ જાતનો ભેદભાવ રાખવામાં આવતો નથી. (અંતરાય) બધાને સરખા જ આપવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : એ એમનો વિચાર છે. સાંભળવું તો પડશે. (અંતરાય)

શ્રી કનુભાઇ ક. પટેલ : તમે જ પહેલા જઇને લઇ આવો છો. માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લાની વાત કરું તો હમણાં માનનીય નાયબ મુખ્યમંત્રી દ્વારા સાત વર્ષના રીસરફેસીંગ રોડની વાત કરવા માટે કાગળ આવ્યો કે દસ કરોડના સાત વર્ષના રીસરફેસીંગ રોડ તમે લખાવી આપો. આ કામ માટે દરેક ધારાસભ્યશ્રીને આ કાગળ ગયો છે. જ્યારે મારા સમગ્ર વિસ્તારની અંદર રૂ.૧૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી ત્યારે આ સરકારની કામગીરી એટલી સારી છે કે રૂ.૧૦ કરોડની ગ્રાન્ટ ફાળવી તો આખા સાણંદ અને બાવળા વિસ્તારની અંદર રીસરફેસીંગના રોડ શોધ્યા તેમ છતાં માંડ માંડ કરીને મને રૂ.૮ કરોડના રોડ મળ્યા. તમામ રોડ એટલા બધા સારા હતા એ માટે સરકારને હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. સાહેબ, જ્યારે રૂપિયા ૧૦ કરોડના કામ આપે છે ત્યારે રૂપિયા ૮ કરોડના કામ પણ શોધવામાં એટલી બધી મુશ્કેલી પડે છે. સમગ્ર ગુજરાતમાં બીજાં રાજ્યો કરતા (અંતરાય) શ્રી વિરજીભાઇ, તમારા પ્રવચનમાં હું ક્યારેય બોલતો નથી.

અધ્યક્ષશ્રી : શ્રી કનુભાઇ, એક મિનિટ. નક્કી થઇ જાય. માનનીય વિરજીભાઇ, આજે આપ બોલવાના છો ? તો પછી આપણે શાંતિ રાખીએ. પ્લીઝ.

શ્રી કનુભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એ બધા જાણે છે કે શેલાની અંદર અત્યારે ભારતીય જનતા પાર્ટી દ્વારા વિકાસના કેટલા કામો થઇ રહ્યા છે. ઔડાના ટી.પી.રોડ વિકાસ થઇ રહ્યા છે. એ બધું સારી રીતે જાણે છે. માત્ર એ પોતાની ટિપ્પણી કરે છે. જ્યારે રસ્તા પહોળા કરવાની વાત આવે તો સમગ્ર ગુજરાતમાં અત્યારે દરેક જગ્યાએ પહોળા રસ્તાઓ છે. મારા વિસ્તારમાં નળ સરોવર આવેલું છે. આ પક્ષી અભયારણ્યને જોડતો બગોદરાથી નળ સરોવરનો રોડ છે એ પણ માનનીય નાયબ મુખ્યમંત્રી દ્વારા મંજૂર કરવામાં આવ્યો અને ત્યાર બાદ માત્ર બે મહિનાના સમય દરમ્યાન સાણંદથી નળ સરોવરનો રોડ છે એ ફરીથી મૂક્યો હતો એ પણ માનનીય નાયબ મુખ્યમંત્રી દ્વારા નળ સરોવરને જેટલા રોડ કનેક્ટ થાય છે, પક્ષી અભયારણ્ય માટે ખૂબ જાણીતું સ્થળ છે ત્યારે આવા પર્યટક સ્થળ માટે પણ એક ૪૦ કિલોમીટર અને એક ૪૨ કિલોમીટર એમ બન્ને રોડ મંજૂર કર્યા છે. ત્યારે મારા વિસ્તારમાં જે રોડ થયા છે એ માટે હું ખુબ ખુબ આભાર માનું છું. ઔદ્યોગિક ક્ષેત્રને જોડતા રોડ માર્ગ અને મકાન વિભાગ દ્વારા મંજૂર કરવામાં આવે છે. ગ્રામ સડક યોજના હોય, રાષ્ટ્રીય ધોરી માર્ગ હોય તો નેશનલ હાઇવેને જે રોડ ટચ કરતા હોય એ રોડને પહોળા કરીને સમગ્ર વિસ્તારમાં સારા રોડ થઇ ગયા છે. કેવડિયા કોલોનીની વાત કરું તો જયારે સમગ્ર વિશ્વમાંથી લોકો જયારે કેવડિયા કોલોની જોવા પધારતા હોય છે ત્યારે આ રોડને પણ ચાર માર્ગીય રોડ બનાવવા અને જયારે લોકો સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે આવે છે ત્યારે આપણે જોઇએ છીએ કે એ રોડ પણ અતિ વિકસિત થઇ ગયા છે. ઘણા બધા લોકોને પોર્ટસ ઉપરથી વાહનવ્યવહારથી જવું પડે છે ત્યારે પોર્ટસને કનેકટેડ જેટલા રોડ હોય એમાં ખાસ કરીને આપણે સૌરાષ્ટ્રમાં જોઇએ છીએ કે ખારું પાણી હોવાથી સીસી રોડ બનાવવામાં આવ્યા છે.આ બજેટને હું સમર્થન કરું છું.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૧૬મી માર્ચ ૨૦૨૧

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત(થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી ગુજરાત સરકારના નાયબ મુખ્યમંત્રીશ્રી અને આ વિધાનસભાગૃહના નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. ૨ લાખ અને ૨૭ હજાર કરોડ રૂપિયા જેટલા મોટા આકડા સાથે માનનીય નાણામંત્રીશ્રીએ જયારે આ બજેટ રજૂ કર્યું ત્યારે ગુજરાતના યુવાનોને સૌથી વધુ બજેટમાં અપેક્ષા હતી કે ગુજરાતના આ બજેટની અંદર ગુજરાતના યુવાનો માટે ખાસ કરીને કંઇક વિશેષ હશે અને જાહેરાત કરવામાં આવી કે બે લાખ કરતા વધુ યુવાનોને સરકારી નોકરી પાંચ વર્ષમાં આપવામાં આવશે. મારે કહેવું છે કે પાંચ વર્ષમાં બે લાખ ભરતીઓ કરવામાં આવશે એ વાત તો અલગ છે પણ જે બાકી રહી ગયેલી જે ૩૦હજાર કરતા વધુ ભરતીઓ જે પાઇપલાઇનમાં છે, કયાંક પેપર લીક થવાને કારણે, કયાંક મોકૂફ રાખવાને કારણે એમ અલગ અલગ કારણોથી એ ભરતીઓ રોકાઇ ગઇ છે, ગુજરાતના યુવાનો કમનસીબ કેવા છે કે આ દસ વર્ષમાં જેટલી વખત પરીક્ષાઓ લેવાણી એમાં દસ વર્ષમાં કયાંકને કયાંક પેપર લીક થઇ ગયા, કયાંક મોકૂફ રાખવી પડી, કયાંક મોટા પ્રમાણમાં કૌભાંડો થયા એના કારણે બિનસચિવાલયની હોય એવી કેટલીય પરીક્ષાઓ રદ કરવી પડી જેના કારણે ગુજરાતમાં ગાંધીનગર જેવા અલગ અલગ જગ્યાએ હોસ્ટેલોમાં, રૂમો ભાડે રાખીને જે પરીક્ષાઓની રાહ જોતા હતા આજે પણ ૨ લાખ તો પાંચ વર્ષમાં ભરતી કરશો એ તો સ્વપ્નું બતાવ્યું છે પણ જે જાહેરાત કરી ચૂકયા છો એની ભરતી કરવાની છે એ આજે પણ બાકી છે. એલ.આર.ડી.ની વાત કરું તો એલ.આર.ડી.નું વેઇટીંગ લિસ્ટ જાહેર કરવાની વાત કરવામાં આવી હતી, એને એક વર્ષ કરતા વધુ સમય વીતી ગયો હજી સુધી આની અંદર જે જાહેરાત કરવામાં આવી છે એનો અમલ નથી થતો. શિક્ષણ વિભાગની અંદર કેટલાય યુવાનો આજે બી.એડ થઇને, પીટી.સી. થઇને બેઠા છે કે એમને જલદી ટેટની પરીક્ષા લેવાઇ હતી એના ઓર્ડર કરવામાં આવે. આજે ભરતી કરવામાં આવે છે એમાં સ્પોર્ટસ ટીચરનો અને ચિત્રના ટીચરનો આમાં ઉલ્લેખ નથી. આ બધા હજારોની સંખ્યામાં યુવાનો છે જે આ પરિક્ષામાં સફળ થઇ પોતાના સારા ભવિષ્યની રાહ જોઇને બેઠા છે કે એમને સરકારી નોકરી મળશે પણ એમને નોકરી મળતી નથી. એવી તો કેટલીએ ભરતીઓ હતી જે કોઇને કોઇક કારણોસર સ્થગિત થઇ છે.

આદરણીય નાણામંત્રીશ્રી, ખાસ કરીને આપને વિનંતી છે કે માર્ગ અને મકાન વિભાગ માટે ૧૧,૧૮૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી એ ગુજરાતના બજેટના ખુબ ઓછા ટકા ફાળવવામાં આવ્યા છે. આજે ગુજરાતની અંદર મોટા ભાગના શહેરોની અંદર તો દરેક સોસાયટીએ કે દરેક ગલીએ કદાચ રોડ બનતા હશે પણ ગામડાંની સ્થિતિ કઠીન છે. અહીં જેટલા પણ ગામડાના ધારાસભ્ય બેઠા છે તો ગામડામાં જાય એટલે એ પછી કોંગ્રેસ પક્ષના હોય કે ભા.જ.પના ધારાસભ્ય હોય દરેક ધારાસભ્યને માત્ર એક જ પ્રશ્ન હોય છે એ કાચા રસ્તામાંથી પાકા રસ્તા બનાવવાનો પ્રશ્ન હોય છે. દસ કરોડ રૂપિયા જે દરેક વિધાનસભા ક્ષેત્રમાં આપવામાં આવે છે એમાં કયાંક વધારો કરો. મારા વિસ્તારમાં ઓછામાં ઓછા કાચામાંથી પાકા રસ્તા કરવાના છે એની સંખ્યા ૨૫૦ કરતા વધુ છે. લોકોને ૧૫ કિલોમિટર ફરીને જવું પડે છે જો એ રસ્તો બની જાય તો પાંચ કિલોમિટર અંતર ઘટી જાય. ગ્રામીણ વિસ્તારના દરેક ધારાસભ્ય અહીં બેઠા છે એમનો મોટામાં મોટો પ્રશ્ન અત્યારે માનનીય નીતિનભાઇ સાહેબ હોય તો કાચામાંથી પાકા રસ્તા બનાવવાનો છે. એના માટે વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. આપની પાસે દરેક ધારાસભ્ય આ બાબતે આવતા હોય છે. કાચા રસ્તામાંથી પાકા રસ્તા બનાવવા માટે વિશેષ જોગવાઇ કરવામાં આવે. જેમ શહેરો માટે વિચારવામાં આવે છે એમ ગામડા માટે પણ વિચારવું જોઇએ. આજે ખેડૂતોને દૂધ ભરવા માટે ૫–૬ કિલોમિટર બાઇક ઉપર જવું પડે છે. બાળકોને સ્કૂલે ૪–૫ કિમલોમિટર સુધી રેતાળ વિસ્તારમાં ચાલીને જવું પડે છે. મારા વિસ્તારની વાત કરું તો સૌથી વધુ રેતાળ વિસ્તાર અમારો છે ત્યારે રસ્તાની ખૂબ તકલીફ છે.ખાસ કરીને માર્ગ અને મકાન સૌને સ્પર્શતો મુદ્દો છે. સારા–ખરાબ પ્રસંગે લોકોની વચ્ચે જવાનું થાય ત્યારે એમની રોડ બાબતે એક જ વાત હોય છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં મોટો પ્રશ્ન રસ્તાનો છે.આના માટે વિચારવાની જરૂર છે.આરોગ્ય માટે રૂપિયા ૩૩૨૩ કરોડ ફાળવવામાં આવ્યા છે. જાહેરાત કરવામાં આવી છે. આજે ઘણી રેફરલ હોસ્પિટલોને સબ ડિસ્ટ્રિક્ટ સિવિલ હોસ્પિટલો બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. રેફરલ હોસ્પિટલમાં ૫૦ બેડ હોય છે એના ૧૦૦ બેડ કરવાની જોગવાઇ કરવામાં આવી પણ આજ સુધી અમારા થરાદની હોસ્પિટલને ૫૦ માંથી ૧૦૦ બેડમાં ફેરવવાની જાહેરાત હોવા છતાં આજે ૫૦ બેડથી ચાલી રહી છે. એના માટે રૂપિયા ૧.૫ કરોડ ફાળવવામાં આવ્યા પણ કોઇ કારણોસર એ પૈસા પણ વાપરી શકાયા નથી. આરોગ્યની અંદર સૌથી વધુ લોકોની સેવા કરી હોય તો આરોગ્યના કર્મચારીઓએ કરી છે. આજે મહેકમની ઘણી જગ્યાઓ ખાલી પડી છે. ભરતી કરવામાં આવે તો આરોગ્યના ક્ષેત્રમાં અભ્યાસ કરતા લોકોને તક મળે.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાની વાત કરીએ તો નર્મદા એ ગુજરાતની જીવાદોરી સમાજ યોજના છે. ૪૭૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. આમાં અગાઉ કામો થયેલા છે. અમારા વિસ્તારમાંથી જે કેનાલો નીકળે છે એમાં ૩૪–૩૫ ગામો મારા વિસ્તારના અને બાકી વાવના આવે છે.રોજ સવારે ઉઠીએ તો કેનાલ તુટી છે એવા સમાચાર આવે છે. પાઇપ લાઇનની જે સાઇઝ નક્કી કરવામાં આવી હતી એના કરતા નાની નાખવામાં આવી છે એના કારણે લોકોને પાણી મળતું નથી. ભ્રષ્ટાચારના કારણે ક્યાંક કેનાલો તુટવાના સમાચારો આવે છે. આના ઉપર સખત પગલાં લેવા જોઇએ. ખેડૂતોને પરેશાન થવું પડે છે અને લાખો રૂપિયાનો માલ બગડી જાય છે. જળસંપત્તિ નિગમની થરાદથી સીપુ લાઇન ઉપર પણ નાણાકીય જોગવાઇ કરવામાં આવી છે. થરાદ વિસ્તારમાં ૯૭ ગામો નર્મદા કેનાલના કમાન્ડ એરિયા સિવાય રહી જાય છે. ૯૭ ગામ માટે સીપુની લાઇન ૩ કિલોમિટરની નાખવાની જરૂર છે. મારો વિસ્તાર મોટો છે. ૯૭ ગામોમાં પાણીના તળ ઉંડા જઇ રહ્યા છે. એના કારણે

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

ખેડૂતોના ૧ હજાર ફૂટે બોર થવા માંડ્યા છે. સુજલામ સુફલામ યોજના બનાવવાની આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે જાહેરાત કરી અને યોજના બનાવી. આ વિસ્તારના વિકાસ માટે બનાવી પણ આજે ખેડૂતો પરેશાન થઇ રહ્યા છે પણ સરકાર દ્વારા પાણી છોડવામાં આવતું નથી.સૌથી વધુ આના કારણે દુઃખ આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને થતું હશે કે મેં યોજના બનાવી એમાં પાણી છોડવામાં કેમ આટલો વિલંબ થઇ રહ્યો છે? આજે પેટ્રોલ અને ડિઝલમાં ટેક્સ નાખવામાં આવ્યો છે એના કારણે ખેડૂતોને પહેલા ૫૦ રૂપિયે ડિઝલ મળતું હતું અને ત્યારે જીરાનો ભાવ મણના ૩૨૦૦ રૂપિયા સુધી હતો. આજે ૯૦ રૂપિયે ડિઝલ થઇ ગયું છે ત્યારે ખેડૂતોને જીરાનો માંડ ૨૪૦૦ રૂપિયા સુધી મણના પડે છે. ખેડૂતોની આવક બમણી નહીં પણ ઓછી થઇ. ખર્ચ વધ્યો અને આવકો બમણી થવાની જગ્યાએ અડધી થઇ. આરોગ્ય, જળસંપત્તિ, નર્મદા કે યુવાનોને રોજગારીના મુદ્દા હોય, આજે ગૌશાળા માટે કહેવામાં આવે છે કે સરકાર દ્વારા રૂપિયા ૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવી. સરકાર દ્વારા ગાય આધારિત ખેતી માટે જોગવાઇ કરવામાં આવી પણ આજે પણ ગૌશાળાના સંચાલકોને ગૌશાળા કે પાંજરાપોળ ચલાવવામાં તકલીફ પડી રહી છે.દરેક ગાય દીઠ ૩૦ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. રાજસ્થાનમાં સરકારે જોગવાઇ કરી છે કે દરેક ગૌશાળામાં વાર્ષિક મદદ કરવામાં આવે છે. ગુજરાતમાં પણ આપણે ગાયના નામે ઘણી વાતો કરીએ છીએ ત્યારે ગાય માતા માટે બજેટમાં વધુ જોગવાઇ કરીને ગૌશાળાવાળાને મદદ કરવામાં આવે. ગઇ સાલ બજેટમાં જે ગાય આધારિત ખેતીમાં સહાય કરવાની વાત કરવામાં આવી હતી. એમાં આજે પણ હજારો લોકો સહાયથી વંચિત છે ત્યારે માનનીય નીતિનભાઇ સાહેબ, ગૌ શાળા માટે અને જે કંઇ મેં બીજી વાત કરી છે એને બજેટમાં ધ્યાનમાં રાખવામાં આવે એવી વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય ગુલાબસિંહને અભિનંદન કે એમણે એમના વિસ્તારની ઝીણી ઝીણી વાત મૂકી.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય અધ્યક્ષશ્રી, ઉત્તરોત્તર જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતમાં બની છે ત્યારથી દર વર્ષે સૌથી મોટું બજેટ, સૌથી મોટું બજેટ અને આ વખતે પણ મને કહેતા આનંદ થાય છે કે રૂપિયા ૨,૨૭,૦૦૦ કરોડ જેવું ભૂતકાળમાં કદી પણ ના હોય એવું મોટું અંદાજપત્ર જ્યારે રજૂ કરવામાં આવ્યું છે ત્યારે મને સંપૂર્ણ શ્રદ્ધા છે કે આવતા સમયમાં આનાથી પણ વધારે મોટું બજેટ આવવાનું જ છે. કોરોનાનો કપરા કાળ હતો છતાં પણ આ બજેટની જોગવાઇઓ, બજેટ માટે રૂપિયાની ફાળવણી અને સરકારની અંદર તિજોરીમાં આ રૂપિયા કેવી રીતે લાવવા એના માટે આદરણીય નીતિનભાઇ સાહેબને હું ખૂબ ખૂબ અભિનંદન અને ધન્યવાદ પણ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વની આઠમી અજાયબી એટલે સ્ટેચ્યુ ઓફ યુનિટી. સ્ટેચ્યુ ઓફ યુનિટી અખંડ ભારતના શિલ્પી એવા આદરણીય વલ્લભભાઇ પટેલ માટે ભૂતકાળની સરકારોએ તેમના લોખંડી મનોબળને અને તેમણે કરેલી અખંડ ભારતની રચનાને ક્યાંયને ક્યાં ભૂલાવી દેવા માટેનો *(xxx) અને સતત પ્રયત્નો ચાલતા હતા. સરદાર પટેલે ૫૬૨ રજવાડાને ભેગા કરવાનું કામ કર્યું હતું. પરંતુ ક્યાંકને ક્યાંક એ સરદાર પટેલ ભૂલાતા જાય અને એમના જ નેતા પ્રસ્થાપિત થતા જાય એ પ્રમાણેની જે કાર્યવાહી થઇ એના કારણે સમગ્ર દેશની અંદર અને ગુજરાતમાં બે મહામાનવો વિશ્વને આપ્યા છે. ભારતને આઝદ કરવાવાળા મહાત્મા ગાંધી અને ભારતને એક કરવા રજવાડાઓ ભેગા કરીને એક કરવાનું કામ જેમણે કર્યું એવા સરદાર પટેલની યાદ માટે અને વર્ષો સુધી યાદ રહે, આવનારી પેઢીઓ એમને યાદ કરે અને આવનારી પેઢીઓ સરદાર પટેલના વ્યક્તિત્વથી પરિચિત થાય એના માટે આ સ્ટેચ્યુ ઓફ યુનિટી નિર્માણનો આદરણીય નરેન્દ્રભાઇને વિચાર આવ્યો અને તત્કાલીન મુખ્યમંત્રી તરીકે હતા ત્યારે વર્ષ ૨૦૦૮માં વિચાર કર્યો, વર્ષ ૨૦૧૩ની અંદર તેમણે ભૂમિપૂજન કર્યું અને વડાપ્રધાન બન્યાં એટલે વર્ષ ૨૦૧૮ની અંદર એમણે લાકાપર્ણ પણ કર્યું. સ્ટેચ્યુ ઓફ યુનિટી પર્યટનનું સ્થળ એ કેવળ ગુજરાતનું નથી. પરંતુ સમગ્ર દેશનું આ પ્રવાસન સ્થળ છે ત્યારે મારે એ પણ કહેવું છે કે આ જે પ્રવાસન સ્થળ તરીકે સ્ટેચ્યુ ઓફ યુનિટી આપણે દેશ માટે માટે ખૂલ્લું મૂક્યું ત્યારે આખા દેશને એક કરવાની વાત હતી. સાહેબ, કાશ્મિર આપણું માથું કહેવાયને એ આપણા માથાનો દુ:ખાવો એ સરદાર પટેલને ના સોંપ્યું એના કારણે થયો અને માનનીય અધ્યક્ષશ્રી, આજે કહેતા આનંદ એ થાય છે કે કાશ્મિરને પણ ભારતનો ભાગ બનાવવા માટે ૩૭૦ની કલમ, ૩૫A આ બધા વિષયો સાથે બીજા સરદાર એવા શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશમાં ભૂતકાળમાં થયેલી એ ભૂલને સુધારીને કાશ્મિરથી કન્યા કુમારી અને ગુજરાતથી આસામ સુધી એક દેશની પ્રતીતિ જો કોઇએ કરાવી હોય તો આદરણીય નરેન્દ્રભાઇએ લોખંડી મનોમળથી કરાવી છે. લોખંડી મનોબળ પણ સરદાર પટેલનું દેશને અને દુનિયાને પરિચિત કરવા માટે એમની સરખામણી ઘણી વખત બિસ્માર્ક સાથે થાય છે પણ બિસ્માર્કે જર્મનીને ભેગું કર્યું. સાહેબ, ખૂબ નાનું કામ હતું. ૫૬૨ રજવાડાને ભેગા કરવાનું કામ હતું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એણે તલવારથી લોહી વહાવીને કર્યું હતું પણ માનનીય સરદાર પટેલ સાહેબે એક પણ લોહીનું ટીપું વહાવ્યા સિવાય કર્યું હતું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સ્વાતંત્ર્ય સંગ્રામમાં ખેડા સત્યાગ્રહ, બોરસદ સત્યાગ્રહ, ઝંડા સત્યાગ્રહ, બારડોલી સત્યાગ્રહ, સવિનય કાનૂની ભંગની ચળવળ, હિંન્દ છોડોની ચળવળનું નેતૃત્ત્વ સરદાર સાહેબે પૂરું પાડ્યું હતું. નડિયાદમાં જન્મ, મોસાળમાં જન્મ, કરમસદમાં પુલિંગ, ઇંગ્લેન્ડમાં બેરિસ્ટર અને બેરિસ્ટર બન્યા પછી ધોમધખતી વકિલાત છોડી. ગાંધીજીની સાથે એ આઝાદીની ચળવળમાં જોડાઇ ગયા અને જયારે એ સ્વર્ગવાસી થયા એ વખતે કેવળ ૧૩૦ રૂપિયા જ એમના બેંકમાં હતા. અરે, દીકરાઓને પણ કહે કે જ્યાં સુધી હું અહીંયા બેઠો છું ત્યાં સુધી દિલ્હીમાં તમે આવશો પણ

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

નહીં. આવું નેતૃત્વ. આવું એક લોખંડી મનોબળ જયારે આપણને મળ્યું હોય ત્યારે વિશ્વને, દેશને અને ગુજરાતમાં પર્યટન સ્થળ આપણે બનાવ્યું છે ત્યારે આ કેવળ કદની દ્રષ્ટિએ નહીં પરંતુ વૈચારિક દ્રષ્ટિએ પણ ભારતની આ નવી ઓળખ છે. સરદારની વિશાળતાનો પરિચય કરાવવા માટે ત્યાં આગળ ૪૦૦૦૦ જેવા દસ્તાવેજ, ૨૦૦૦થી વધારે ફોટોગ્રાફસ, રિસર્ચ સેન્ટર, સ્ટેચ્યૂ ઓફ યુનિટીની આજુબાજુ ૧૭ કિલોમીટર વિસ્તારમાં દેશવિદેશના રંગબેરંગી ફલાવરવેલી પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બની છે. પ્રદર્શન ગેલેરી, સાહેબ, સરદાર પટેલસાહેબની હૃદયસ્થલીમાંથી આખી વિઝન, આખી દ્રષ્ટિ એ સરદાર સરોવર ડેમ ઉપર જાય, વિંધ્યાચળના પર્વતો ઉપર જાય, સાપુતારાની ગિરિમાળા, ફલાવર ઓફ વેલી, એમની હૃદયસ્થલીમાંથી એમનું જે સ્વપ્ન હતું સરદાર સરોવર ડેમ એ આખું લોકો જોઇ શકે, પ્રવાસીઓ જોઇ શકે એ સરસ મઝાની ગેલેરીમાંથી આપણે જોઇ શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોના પરસેવાના સાધનો એટલે દાતરડું, કોદાળી, પાવડા જયારે આ સ્ટેચ્યૂનું નિર્માણ થયું એટલે દેશના લોકોને જોડવા હતા, સામાન્ય જનને જોડવો હતો, ખેડૂતોને જોડવા હતા. લોખંડ ભેગું કરી અને એને શુદ્ધ કરીને ૧૦૯ ટન જેટલું લોખંડ આમાં વાપર્યું છે. ખેડૂતોનો પરસેવો આમાં વપરાયો છે. પોતાનો ભાવ, આ અમારા સરદાર એવા પ્રકારની લાગણી પેદા કરવાનું કામ આપણે કર્યું છે. જુદા જુદા પિકનિક પોઇન્ટ, લાઇટ એન્ડ સાઉન્ડ શો, લેસર શો, દેશવિદેશીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. શાંઘાઇ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન જેવી વૈશ્વિક સંસ્થા દ્વારા પણ સાધુ બેટ ઉપર નિર્માણ પામેલા પર્યટન સ્થળની નોંધ લેવામાં આવી છે. આપણને સૌને આનંદ થાય, આ ગૃહને આનંદ થાય, બધા જ ગુજરાતીઓને આનંદ થાય, દેશના લોકોને આનંદ થાય તા.૧૪-૧-૨૦૨૦ના રોજ ચીન શાંઘાઇ ખાતે મળેલી એસસીઓની કોન્ફરન્સમાં વિશ્વની આઠમી અજાયબી તરીકે એનો સ્વીકાર કરવામાં આવ્યો છે. સાત અજાયબીઓ છે અને આઠમી અજાયબી આપણા ગુજરાતમાં થાય એનો આનંદ આપણને સૌને હોય. મને કહેતા આનંદ થાય છે ૨૦૦૮માં વિશ્વ માનવ સરદાર પટેલની ઓળખને દુનિયામાં અનન્ય હોય તેવા રાષ્ટ્રિય સ્મારક તરીકે પ્રસ્થાપિત કરવાનો વિચાર વ્યકત કર્યો હતો. જંગલ સફારી, પક્ષીઓનું સંગ્રહાલય, એકતા મોલ, ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક, ન્યુટ્રીટ્રેન, લેસર શો આ સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું જે નિર્માણ એ પર્યટન ક્ષેત્રે, પ્રવાસન ક્ષેત્રે કેવળ ગુજરાતને નહીં પરંતુ ભારતને એક નવી વિકાસની ઉંચાઇઓ તરફ લઇ જશે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રી રૂપિયા ૨,૨૭,૦૦૦ કરોડથી પણ વધારેનું બજેટ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યકત કરું છું. બનાસકાંઠામાં જે નર્મદા કમાન્ડ એરિયામાં જે તાલુકાઓ આવે છે તે પૈકી વાવ, ભાભર અને સોઇગામ આ ત્રણેય તાલુકા સંપૂર્ણ રીતે નર્મદાના કમાન્ડ એરિયામાં આવે છે. નર્મદાની નવી કેનાલો, બ્રાન્ચ કેનાલોના મેન્ટેનન્સ માટે જે બજેટની અંદર જોગવાઇ કરવામાં આવી છે તે પૈકીમાં મારા મત વિસ્તાર માર્કાબ્રાન્ચને ડેડાવા સુધી લંબાવવામાં આવે તો સોઇગામ તાલુકાના ૧૪ ગામના ખેડૂતોને સિંચાઇ માટેનું પૂરેપૂરું પાણી સહેલાઇથી મળી શકે. સાથે જે નર્મદાના કમાન્ડ એરિયામાં ખેડૂતોએ પોતાની નર્મદા પીયત મંડળીઓ બનાવી છે એ નર્મદા પીયત મંડળીઓને વહીવટ સોંપવામાં આવે જયાં ખેડૂતોની માગણી છે ત્યાં. બીજું, સોઇગામ તાલુકાને કચ્છ કેનાલમાંથી નવી બ્રાન્ચ બનાવીને પાણી આપવામાં આવે તો વારંવાર જે બ્રાન્ચ કેનાલો લાંબી છે, ડ્રિસ્ટ્રીબ્યુટર કેનાલો એકત્રીસ, એકત્રીસ કિલોમીટરની લંબાઇવાળી છે. એનું થોડુંક અંતર ઘટાડીને નવી બ્રાન્ચ કેનાલ બનાવવામાં આવે તો કેનાલો તૂટતી બચી જશે અને ખેડૂતોને સહેલાઇથી પાણી મળે. બનાસકાંઠા જિલ્લાની અંદર જે ગામોની અંદર ગામતળ નીમ થયેલ નથી અને પંચાયતોની માગણી છે તો આવી ગ્રામ પંચાયતોને ગામતળ નીમ કરીને મફત પ્લોટની સ્કીમ હતી તે છેલ્લાં ૧૦ વર્ષથી કોઇ તાલુકા પંચાયતની અંદર લેન્ડ કમિટીની મિટિંગ મળતી નથી. વાવ, ભાભર અને સૂઇ ગામ તાલુકામાં અમારા સરવે પ્રમાણે અને અમને મળેલી રજૂઆત મુજબ ૧૫,૦૦૦થી વધારે લોકો સરકારી પડતર જગ્યામાં ઝૂંપડા બાંધીને રહે છે. આવા લોકોને સરકાર મારફતે ખાલી કરવા માટે કરીને વાંરવાર નોટિસો આપવામાં આવે છે. આ લોકોને જે તે ગામની અંદર ગામતળ નીમ કરીને પ્લોટ આપવામાં આવે. જયાં કબજો ધરાવે છે ત્યાં રહેણાક પૂરતું રેગ્યુલર કરવામાં આવે તો આ લોકોના કાયમી પ્રશ્નોનું સોલ્યુશન થાય. બજેટની અંદર જોગવાઇ કરીને અને લેન્ડ કમિટી બોલાવવા માટે પણ જે તે ડિપાર્ટમેન્ટને સૂચના આપો તેવી મારી વિનંતી છે.

બીજું, ખાસ કરીને માર્ગ મકાન વિભાગની વાત સભ્યશ્રી ગુલાબભાઇએ વિગતથી કરી. રૂપિયા ૧૧,૧૮૫ કરોડની જોગવાઇ છે. દર વર્ષે જે કાઇ રસ્તાઓની ફાળવણી કરવામાં આવે. માનનીય નીતિનભાઇ સાહેબને વિનંતી છે કે એ ભૌગોલિક એરિયા પ્રમાણે બજેટ ફાળવવામાં આવે. ધારો કે મારા તાલુકા વાવ અને ભાભર અને સૂઇ ગામ એ ૧૫૦ કિ.મી.ના ઘેરાવામાં આવે. એને રૂપિયા ૧૦ કરોડ આપો અને બીજા ૧૦ કે ૧૫ કિ.મી.ના એરિયામાં આવે એને પણ રૂપિયા ૧૦ કરોડ આપવામાં આવે. તો જે તે વિસ્તારોની ભૌગોલિક સ્થિતિ પ્રમાણે બજેટ ફાળવવામાં આવે તો જે તે વિસ્તારોને રસ્તાઓ મળે. ખાસ કરીને મનરેગા યોજના છે એની અંદર જે કાચા રસ્તાઓને ડામર કરવા માટેની માગણી છે. માટી કામ, મેટલ કામ મનરેગામાં કરવામાં આવે.બાકીનું ડામર કામ વિભાગ મારફતે કરવામાં આવે તો એકબીજાને બજેટની નાણાકીય જોગવાઇપૂરેપૂરી મળે અને મનરેગામાં જે તે ગામના લોકોને રોજગારી મળી શકે. ભાભર તાલુકામાં જે કાઇ માર્ગ મકાન વિભાગની જોગવાઇ છે, તે પૈકીમાં વાવ તાલુકા પંચાયતને મકાન નથી. સૂઇ ગામ તાલુકા પંચાયતે મકાન નથી. વાવ રેસ્ટ હાઉસ અને ભાભર રેસ્ટ હાઉસ બંને જર્જરિત થઇ ગયા છે, હાલ બંધ હાલતમાં છે. વિભાગ મારફતે આની જોગવાઇ કરો. વાવ તાલુકો એ છેવાડાનો તાલુકો છે અને રેસ્ટ હાઉસ ન હોય, તાલુકા પંચાયતનું મકાન ન હોય તો ત્યાં તાલુકા પંચાયતના સ્ટાફ અને બહારથીઅધિકારીઓને મિટિંગ કરવી હોય તો પ્રાઇવેટ જગ્યાએ બેસવું પડે છે. આ બાબતમાં મંત્રીશ્રી વિશેષ ધ્યાન રાખશો. બજેટની અંદર જોગવાઇ કરવા

વિનંતી છે. ખાસ કરીને ભાભરથી મોરવાડા એ તાલુકાથી તાલુકાને જોડતો રસ્તો છે. તેને ૭ મિટર પહોળો કરવામાં આવે. માત્ર ૧૮ કિ.મી. જ બાકી છે અને બી.એસ.એફ. બોર્ડરથી પાલનપુર સુધીનો ડબલ રસ્તો થઇ જાય. માત્ર ૧૮ કિ.મી.નું કામ પૂરું થઇ જાય. જેથી કરીને તાલુકાથી તાલુકામાં આવવામાં સરળતા રહે. માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. બીજું, મહેસૂલ વિભાગમાં જે કાઇ જમીન માપણી કરીને ૧૩૧ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. બનાસકાંઠા જિલ્લામાં ૩૦,૦૦૦થી વધારે જમીન માપણી માટેની અરજીઓ આવી હતી, તે પૈકી માત્ર ૧૦ કે ૧૫ ટકા ખેડૂતોને ખબર છે કે મારી જમીનનુંરેકર્ડ ઉપર અલગ છે અને સ્થળ ઉપર અલગછે. ૧૦ ટકા ખેડૂતોને ખબર છે. ૯૦ ટકા ખેડૂતોને ખબર નથી કે રેકર્ડ ઉપર શું છે? સ્થળ ઉપર શું છે? બનાસકાંઠામાં જે કોઇ જમીન માપણી કરવામાં આવે છે તે ફરી કરવામાં આવે અને સ્થળ ઉપર, રેકર્ડ ઉપર સરખું થાય તે પ્રમાણેની જોગવાઇ કરવામાં આવે તેવી મારી વિનંતી છે. બનાસકાંઠામાં નડાબેટ અને ધીમા બેટ આ બંનેનો યાત્રાધામની અંદર સામાવેશ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૭માં રૂપિયા ૫ કરોડની ગ્રાન્ટ મંજૂર કરેલ હતી. રસ્તા, સેનિટેશન, પાર્કિંગ હોય એ પૈકીના તમામ ટેન્ડરની પ્રક્રિયા થઇ ગઇ છે, તેવું અમે વારંવાર સાંભળીએ છીએ. પ્રવાસન વિભાગ મારફતે આના એકેય કામ ચાલુ કરવામાં આવેલ નથી. તો આ રૂપિયા ૫ કરોડની ગ્રાન્ટના વિકાસનાં કામો યાત્રાધામમાં ઝડપી ચાલુ થાય તેવી હું અપેક્ષા રાખું છું. માનનીય અધ્યક્ષશ્રી, ગૌશાળાની વાત કરું તો તેના માટે રૂપિયા ૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. બનાસકાંઠાની અંદર ૧૪૬ ગૌશાળાઓ આવેલી છે. આ ૧૪૬ ગૌશાળાઓમાં જે દાતાઓ દાન આપતા હતા તેમાં લોકડાઉનના કારણે ઘણો કાપ આવવાના કારણે ગૌશાળાના જે સંચાલકો છે તે આ પશુ નિભાવમાં મોટી મુશ્કેલી અનુભવી રહ્યા છે. તો તેના માટે રાજ્ય સરકાર આ ગૌશાળા સંચાલકોને પશુદીઠ સબસિડી આપે તેવીમારી વિનંતી છે. ખાસ કરીને રખડતા ઢોરો છે તેને આપણા જે સરકારી અભયારણ્ય છે તેની અંદર મૂકવા માટેની વ્યવસ્થા કરવામાં આવે તો ખેડૂતોના પાકમાં જે નુકસાન કરે છે તેમાંથી બચાવી શકાય તેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડીની વાત કરું તો આંગણવાડીના મકાન બનાવવા માટે જે કંઇ જોગવાઇ કરવામાં આવેલ છે તેમાં રાજ્ય સરકારે દરેક કલેકટરને પરિપત્ર કરેલો છે કે જ્યાં આંગણવાડીના મકાન બનાવવા માટે જમીન ન હોય ત્યાં કલેકટરશ્રીઓએ તાત્કાલિક જમીન ફાળવવી. પરંતુ આના માટે જે તે વિભાગ મારફતે તેની દરખાસ્ત કરવાની થતી હોય છે. તેવી દરખાસ્તો નહીં થવાના કારણે કલેકટરશ્રીઓ આવા મકાનો બનાવવા માટેની જમીનો ફાળવી શકતા નથી. તો આના માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ મારફત જે તે જિલ્લાઓની અંદર આવી જમીનો મેળવવાની બાકી હોય ત્યાં દરખાસ્ત કરીને માગણી કરવામાં આવે તેવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વન વિભાગની વાત કરું તો તેમાં રૂપિયા ૧૮૧૪ કરોડની જોગવાઇ આ બજેટની અંદર કરવામાં આવી છે. તેમાં અમારી ગ્રામ પંચાયતોની એક જ માગણી હોય છે કે, છોડના રક્ષણ માટે ટ્રીગાર્ડની જોગવાઇ કરવામાં આવે. તેમાં આપણે દરવર્ષે ગમે તેટલા વૃક્ષો વાવીએ છીએ પણ તેમાં માત્ર ફોટા પડાવવા પૂરતા જ ૫૦ ટકા રેકર્ડ પર રહી જાય છે. આનું મુખ્ય કારણ એ છે કે,આ જે છોડ છે તે પાંચ-છ ફૂટના થાય ત્યાં સુધી તેનું ટ્રીગાર્ડ મારફત રક્ષણ થાય તો જ તે છોડ ઉછરી શકે છે. બાકીના નાના છોડને રખડતા ઢોર અને જે જમીનના ઘસારાવાળા ભાગ હોય ત્યાં વાવવામાં આવ્યા હોય છે એટલે તે ઉછરી શકતા નથી. એટલે વન વિભાગ મારફત પહેલાં જે ટ્રીગાર્ડ આપવામાં આવતા હતા તેની વ્યવસ્થા કરવામાં આવે તેવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શશીકાંતભાઇ પંડ્યા.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટ લઇશ. મારા ભાભર અને સૂઇગામ તાલુકામાં શિક્ષણ ક્ષેત્રે જે જોગવાઇ કરવામાં આવેલી તે પૈકી આ બે જગ્યાએ કોલેજોના મકાન બનાવવાના બાકી છે. આ સરકારી કોલેજના મકાન માટેની જોગવાઇ કરવામાં આવે તેવી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. આભાર.

અધ્યક્ષશ્રી : માનનીય શશીકાંતભાઇ પંડયા.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સન ૨૦૨૧-૨૨નું જે બજેટ લઇને આ સભાગૃહમાં આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

અધ્યક્ષશ્રી : માનનીય ગેનીબેને કોઇપણ જાતની ટીકા કર્યા વગર પોતાની વાતને કેવી રીતે મૂકી તે ખરેખર જોવા જેવું છે.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, અરે ભાઇ મને બોલવા તો દો. મારી મિનિટ કપાય છે. માંડ વારો આવ્યો છે.

અધ્યક્ષશ્રી : માંડ નહીં, વારો આપ્યો.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, કોરોના મહામારીમાં પણ રાજ્યના સમતોલ વિકાસ માટે બજેટમાં જે જે જોગવાઇઓ કરી છે તેનાથી રાજ્યની જનસુખાકારીના કામોના વિકાસને ગતિ મળશે. સાથે સાથે કોરોનાની મહામારીમાં રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી આદરણીય વિજયભાઇ રૂપાણી સાહેબ, નાયબ મુખ્યમંત્રી આદરણીય શ્રી નીતિનભાઇ પટેલ સાહેબે જે હિંમતથી કોરોનાનો સામનો કરી રાજ્યને આ પીડામાંથી બચાવ્યું છે તેના માટે લાખ લાખ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે પશુપાલન વિભાગની વાત કરવી છે. આજે કિસાનો માટે પશુપાલન એક પૂરક વ્યવસાય તરીકે વિકાસ પામ્યો છે. પશુપાલનથી ગુજરાતનો જે વિકાસ અને સમૃદ્ધિ થઇ છે તે કયારેય ભૂલી શકાય તેમ નથી. મારા

બનાસકાંઠા જિલ્લાની વાત કરું તો મારો જિલ્લો સરહદી અને સૂકો જિલ્લો છે.પરંતુ પશુપાલનના કારણે ખેડૂતો ત્યાં પગભર થઇ શક્યા છે. ખેડૂતો પોતાના ઘરના સારા નરસા પ્રસંગો આ પશુપાલનના વ્યવસાય થકી કરી શકે છે. મારા જિલ્લામાં આવીને આપ જુઓ તો ખ્યાલ આવી શકશે કે આવા સરહદી જિલ્લામાં અમારી ખેડૂતોની બહેનો દૂધ ઉત્પાદન કરી આખા ઘરની દેખભાળ કરી શકે છે. હું એક વાત કરું તો ખાલી મારા તાલુકામાં હજારો નહીં પરંતુ લાખો લિટર દૂધ ઉત્પાદિત થાય છે અને અમારો જિલ્લો આખા રાજ્યમાં સૌથી વધારે દૂધ ઉત્પાદન કરે છે. આ દૂધ ઉત્પાદન અમારા જિલ્લાને આર્થિક સમૃદ્ધિ તરફ લઇ જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજયમાં દૂધ ઉત્પાદન પશુપાલનના કારણે લાખો લિટર ભેગું થાય છે તેમજ સમગ્ર રાજયને આર્થિક સમૃદ્ધિ તરફ પણ લઇ જાય છે. પશુઓ માટે દવાખાના, સારવાર કેન્દ્રો, ફરતા દવાખાના, પશુ સંવર્ધન માટેના ફાર્મ, તાલીમ કેન્દ્રો, કૃત્રિમ બીજ કેન્દ્રો વગેરે તેમજ મારા તાલુકામાં પશુઓ માટે મોટામાં મોટી વેટરનરી હોસ્પિટલ સમગ્ર રાજયમાં મારા તાલુકામાં આવેલી છે. સરકારશ્રી દ્વારા તે સમયે ઉભી કરવામાં આવેલી હોસ્પિટલનો લાભ અત્યારે સમગ્ર જિલ્લો જ નહીં પરંતુ અમારી સરહદે રાજસ્થાન રાજ્ય આવેલું છે ત્યાંના ગુજરાતની સરહદે આવેલા રાજસ્થાનના લોકો પણ ત્યાંથી આવીને પશુઓની સારવારનો લાભ લે છે. દુષ્કાળની કારમી પરિસ્થિતિની વાત કરીએ તો આ સંવેદનશીલ સરકારના મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી બંનેને હું લાખ લાખ અભિનંદન એટલા માટે આપું છું કે, અમારા પશુઓ ઘાસચારા વગર ટળવળતા હતા ત્યારે જે તે સમયે આ સરકારશ્રી દ્વારા દાહોદ અને સરહદી રાજયમાંથી ઘાસચારો ઉભો કરીને આ પશુધનને બચાવ્યું છે એ બદલ હું આ સરકારને ફરીથી દિલથી લાખ લાખ અભિનંદન આપું છું. રાજયના દસ ગામ દીઠ એક ફરતું પશુ દવાખાનું સરકારશ્રી દ્વારા ખોલીને મદદરૂપ થાય છે, અંદાજે ૪૧૦ કરતા પણ વધારે પશુ દવાખાનાઓ ખોલવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સંવેદનશીલ સરકાર દ્વારા પશુઓ માટે આર્થિક સહાય અનેક પ્રકારે કરવામાં આવે છે. આપના દ્વારા સરકારશ્રીને તેમજ આદરણીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને મારી એક વિનંતી છે કે, મારા જિલ્લામાં ખાસ કરીને ડીસા તાલુકામાં પાણીના તળ ખૂબ ઉંડા જઇ રહ્યા છે અને તેના કારણે ખેડૂતોને ખૂબ તકલીફ પડી રહી છે માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરું છું કે, સુજલામ-સુફલામનું દાંતીવાડા ડેમનું પાણી અન્ય તાલુકામાં અને જિલ્લામાં જાય છે ત્યારે ડીસાને પણ એનો લાભ મળે અને સુજલામ-સુફલામ દ્વારા પાણીનો પૂરતો લાભ મળે એવી મારી વિનંતી છે. ખાસ કરીને માનનીય ગેનીબેને જે વાત કરી કે લેન્ડ કમિટી કોઇ તાલુકામાં મળતી નથી. મારે ટીકા ટીપ્પણી કરવી નથી. પરંતુ મારા તાલુકામાં તેમજ આજુબાજુના તાલુકામાં લેન્ડ કમિટી રેગ્યુલર મળે છે. આ વાત હું એમની જાણ માટે સમગ્ર ગૃહ સમક્ષ મૂકું છું. "આભાર"

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ૨૦૨૧-૨૨નું બજેટ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારો અરવલ્લી જિલ્લો જે બક્ષીપંચ, ટ્રાયબલ અને એસ.ટી.ની વસતિ ધરાવતો જિલ્લો છે. અમારા જિલ્લામાં ઘણા બધા પ્રશ્નો છે, અમારે ત્યાં ઉદ્યોગો નથી, કારખાના નથી. અમારો જિલ્લો છે એ અતિ પછાત જિલ્લો છે. અમારા જિલ્લામાં ખાસ કરીને ધોળીનસ સમાન રસ્તો એટલે દહેગામ નરોડા રોડ ચાર માર્ગીય બનાવવામાં આવે એ ખૂબ જરૂરી છે કેમ કે આ રોડ પર રાજસ્થાન, મધ્યપ્રદેશ અને અમારા જિલ્લાના તમામ લોકોની અવર-જવર આ રસ્તા પર છે. અત્યારે ક્વોરી ઉદ્યોગના ભારે વાહનોના કારણે આ રસ્તા પર જે વાહનો અવર-જવર કરે છે એને કારણે અઠવાડિયામાં એક-બે મોટા અકસ્માતો થાય છે તો આ રસ્તો ફોર માર્ગીય બનાવવામાં આવે તો ઘણો બધો લાભ થાય એમ છે. આ સિવાય લીંભોયથી રોજડનો રસ્તો છે એ મોડાસા-શામળાજી બાજુથી આવતા મોટાભાગના લોકો અમદાવાદ આવતા હોય ત્યારે આ રોડ પરથી જ આવતા હોય છે ત્યારે આ રોડને ૧૦ મીટર પહોળો કરવામાં આવે તો ઘણાં બધા લોકોને લાભદાયી થાય એમ છે કારણ કે અમારા જિલ્લાના તમામ લોકોને અમદાવાદ શિક્ષણ માટે, આરોગ્ય માટે અને ધંધાર્થે રોજે-રોજ આ રસ્તે જવું પડે છે એટલે ધનસુરાથી નરોડા સુધીનો માર્ગ છે એ ચાર માર્ગીય બનાવવામાં આવે તો અમારા વિસ્તારને ઘણો બધો લાભ થાય એમ છે. વારંવાર છેલ્લા આઠ વર્ષથી હું રજૂઆત કરું છું કે, રાજલી-ઇસરોલ વચ્ચે ડ્રેઇન સ્લેબ નથી ત્યારે એ વિસ્તારમાં ત્રણ ઇંચ કે તેથી વધારે વરસાદ પડે છે ત્યારે ભણવા માટે ગયેલ હોય કે ધંધા રોજગાર માટે ગયેલા હોય એ લોકો સંપર્ક વિહોણા થઇને રાતના સમયે કે દિવસના સમયે જ્યાં સુધી પાણી ઓસરતું નથી ત્યાં સુધી આ લોકોને રાહ જોઇને બેસી રહેવું પડે છે તો મારી માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ સાહેબને મારી વિનંતી છે કે, આ રાજલી-ઇસરોલ વચ્ચે ડ્રેઇન સ્લેબ બનાવવામાં આવે તો આ ૫ થી ૬ ગામના લોકોને વરસાદ વખતે પાણી ઓસરવાની રાહ જોઇને બેસી રહેવું પડે છે એમાંથી રાહત મળશે.સાહેબ, અમારા અરવલ્લી જિલ્લામાં રમતગમત સંકુલ માટે અમારા વિસ્તારમાં જમીન ફાળવવામાં આવે તો અમારા વિદ્યાર્થીઓ તેનો સારો લાભ લઇ શકે તેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બાગાયત ખાતામાં જે જે સરકારી યોજનાઓનો લાભ ખેડૂતોને આપવામાં આવે છે તે અમુક નક્કી ખેડૂતોને જ આપવામાં આવે છે. આ યોજનાનો લાભ છેવાડાના ખેડૂતોને આપવામાં આવે તેના માટે ખાસ સૂચના આપવામાં આવે. આ એક ઓનલાઇન પોર્ટલ યોજના છે. તેના માટે અમે વારંવાર મિટિંગોમાં પણ રજૂઆત કરીએ છીએ કે, વારંવાર એક જ ખેડૂતોને જે લાભ આપવામાં આવે છે તેના બદલે આ લાભ છેવાડાના ગામડાંના ખેડૂતો સુધી આપવામાં આવે તો તેનો બહોળો વિકાસ થશે. મોટાભાગના ખેડૂતો બાગાયત ખેતી કરતા થયા છે તો તેના માટે નમ્ર વિનંતી છે કે, જે તે

વિભાગને આ અંગે જાણ કરવામાં આવે તો દરેક ખેડૂતોને તેનો લાભ મળી શકે. અમારો જિલ્લો બનાવ્યે આજે આઠ વર્ષ થઇ ગયા છે. અમારા જિલ્લામાં સિવિલ હોસ્પિટલ માટે વારંવાર રજૂઆત કરીએ છીએ. તા.૨૯–૧૨–૨૦૧૯ના રોજ આપ પણ ત્યાં પધાર્યા હતા ત્યારે જમીન જોઇને ગયા હતા. આટલો બધો સમય થયો તેમ છતાં આ સિવિલ હોસ્પિટલનું કોઇ કામ ચાલુ થયું નથી. તેના લીધે આ કોરોનાના કપરા કાળમાં અમારા વિસ્તારના લોકોને કોરોના થતો ત્યારે તેમને હિંમતનગરમાં લાવવામાં આવતા હતા. હિંમતનગરમાં વેન્ટીલેટરની સુવિધા ન હોવાના કારણે અમદાવાદ લઇ જવા પડતા હતા. તેના કારણે ઘણા લોકોએ જીવ ગુમાવ્યા છે. એટલે અમારે ત્યાં સિવિલ હોસ્પિટલની ખૂબ તાતી જરૂરિયાત છે. કારણ કે અમારો જિલ્લો રાજસ્થાનની સરહદે આવેલો જિલ્લો છે એટલે ત્યાં સિવિલ હોસ્પિટલ બનાવવામાં આવે તો અમારા લોકોને તેનો લાભ મળી શકે તેમ છે. એટલે આના માટે જમીનનો તાત્કાલિક ઉકેલ લાવી અમોને જલદીથી સિવિલ હોસ્પિટલનો લાભ અમારા જિલ્લાની પ્રજાને મળે તેવી નમ્ર વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારો અરવલ્લી જિલ્લો છેવાડાનો જિલ્લો છે. અમારા વિદ્યાર્થીઓને જયારે યુનિવર્સિટીનું કામ હોય ત્યારે પાટણ ખાતે જવા માટે ૨૫૦ કિલોમિટર જેટલું અંતર કાપીને જવું પડે છે. જે વિદ્યાર્થી સવારે વહેલો ઉઠીને પાટણ જાય અને ત્યાં કામ ન થાય તો પાછો આવે ત્યારે તેના બે દિવસ બગડતા હોય છે. તેમ છતાં તે તેનું કામ કરી શકતો નથી. અમારી શિક્ષણમંત્રીને વિનંતી છે કે, પાટણની જગ્યાએ અમારા સાબરકાંઠા અથવા તો અરવલ્લી જિલ્લામાં એક યુનિવર્સિટી આપવામાં આવે તો અમારા વિદ્યાર્થીઓને જે તકલીફો પડે છે તેનું નિરાકરણ થાય. અમારા જિલ્લામાં એક શાખા આપવાની વાત કરી છે પણ ત્યાં શાખામાં એક જ કર્મચારી હોવાના કારણે તે વિદ્યાર્થીઓના કામ કરી શકતો નથી અને તેના લીધે વિદ્યાર્થીઓને બે–ત્રણ ધક્કા ખાવા પડે છે. અમારા જિલ્લા માટે એક યુનિવર્સિટી માટે આ બજેટની અંદર આયોજન કરવો તેવી મારી ખાસ વિનંતી છે. તેનાથી આગળ કહું તો અમારો જિલ્લો શિક્ષણ નગરી તરીકે ઓળખાય છે તો અમારા જિલ્લામાં એક સાયન્સ કોલેજ આપવામાં આવે તો એક સારું કામ થાય તેમ છે. અમારો જિલ્લો પશુપાલન અને ખેતી સાથે સંકળાયેલ જિલ્લો છે. અમારા ઘણા બધા ખેડૂતો અત્યારે સિંચાઇના પાણીથી વંચિત રહે છે. અમારા જિલ્લાને કડાણા હાઇબેઝ કેનાલથી પાણી આપવામાં આવે તો અમારા જિલ્લાના તાલુકાના જે જે ખેડૂતો પાણીથી વંચિત રહે છે તે લોકો તેનાથી ખેતી કરી શકે તેમ છે અને હજારો એકર જમીનમાં ખેતી થઇ શકે તેમ છે. અમારા વિસ્તારમાં ખેતીનું પાણી તો ઠીક પણ પીવાના પાણીની ખૂબ મુશ્કેલી થાય છે. કડાણા હાઇબેઝ કેનાલથી પાણી અમારા જિલ્લાને આપવામાં આવે તેવી નમ્ર વિનંતી છે. અમારા જિલ્લાની અંદર સળગતા પ્રશ્નોમાં અમારો માઝૂમ ડેમ જયારે બન્યો ત્યારે જે કેનાલો બની છે તે જ અત્યારે છે. ત્યારપછી બીજી કોઇ કેનાલનો લાભ અમારા જિલ્લાને મળ્યો નથી. બીજી કેનાલો કે પ્રશાખાઓ બનાવી જે જમીનો પડતર પડી રહી છે તેને પાણી આપવામાં આવે તો આ વિસ્તારના ખેડૂતોને ખૂબ મોટો લાભ થાય તેમ છે. ખેડૂતોની લાગણી છે કે, આજ દિન સુધી બીજી કોઇ કેનાલો મેશ્વો હોય કે માઝૂમ ડેમ હોય ત્યાં અમને મળી નથી તો ત્યાં નવી કેનાલો કે પ્રશાખાઓ કરીને લાભ આપો તેવી નમ્ર વિનંતી છે. તે સિવાય અમારા વિસ્તારમાં મોડાસાની અંદર ભૂગર્ભ ગટર લાઇનનું કામ ચાલી રહ્યું છે તે તત્કાલિન મુખ્યમંત્રીશ્રી કેશુભાઇ પટેલ સાહેબ હતા ત્યારે આ યોજના રૂપિયા ૨૯ કરોડમાં મંજૂર થયેલી હતી. તેને આજે ૨૫ વર્ષ જેટલો સમય થઇ ગયો છે. એટલે આ યોજના શરૂ ન કરવાના કારણે તે યોજના આજે રૂપિયા ૧ કરોડ ૩૮ લાખ જેટલો વધારો થઇ ગયો છે. આજે તે યોજના ચાલુ થઇ છે. આ યોજનામાં જે પ્લાન બન્યા છે તે એસ્ટીમેટ મુજબ બન્યા નથી. જેના કારણે ફીઝીકલ બંધ બેસતું નથી, લેવલ મળતું નથી. ચેમ્બરો બનાવેલ છે તેનું કિલનીંગ પણ થતું નથી. આ ભૂગર્ભ ગટર યોજના માટે જે પમ્પીંગ સ્ટેશન બનાવેલ છે તે કોઇપણ જાતના આયોજન વગર બનાવેલ છે. જેના કારણે શહેરને અડીને જે ગામતળ વિસ્તાર છે તે આ યોજનાનો લાભ મેળવી શકવાના નથી. મોડાસા શહેરમાં જે રસ્તાઓ બનાવેલા તે તોડીને ત્યાં આ ભૂગર્ભ ગટર યોજના બનાવવામાં આવે છે. તે રસ્તા તોડીને ફરી ત્યાં બ્લોક નાખવામાં આવે છે. આના લીધે આ યોજનામાં રૂપિયા ૧ કરોડ ૨૮ લાખ જેટલો વધારે થઇ ગયો છે. હાલ આ યોજના ઉપર પૂરતું ધ્યાન આપવામાં નહીં આવે તો સરકારના પૈસાનો વ્યય થાય તેવું અત્યારે થઇ રહ્યું છે. અમારો જિલ્લો બન્યે આઠ વર્ષ જેટલો સમય થયો છે. ઘણીબધી કચેરીઓ સાબરકાંઠા જિલ્લામાં આવેલી છે. તો અમારા જિલ્લામાં જે કચેરીઓ બનાવવાની બાકી છે તે શરૂ કરવામાં આવે તો અમારા વિસ્તારના નાના મોટા પ્રશ્નો છે તે હલ કરી શકીએ તેમ છીએ. જે પંચાયતોનું વિભાજન કરવામાં આવે છે તે પંચાયતનું મહેકમ મંજૂર થતું નથી તેના કારણે તલાટીઓને આપણે અત્યારે બેથી ત્રણ ચાર્જ આપવામાં આવે છે એટલે જે નાના મોટાં કામો હોય છે તે કામો કરાવવામાં પ્રજાને ખૂબ મુશ્કેલી ઉભી થાય છે. નવીન વિભાજન થઇને જે પંચાયત આવે છે તેમા તલાટીનું મહેકમ મંજૂર થતુ નથી એટલે તે પણ એક મોટો પ્રશ્ન ગામડાંઓની અંદર વિકટ બને છે કારણ કે નાના મોટાં પ્રશ્નો માટે તલાટી પાસે જવુ પડતું હોય છે અને તલાટીઓ પાંચ–પાંચ, દસ–દસ કિલોમીટરના અંતરે બેસતા હોય છે એટલે તેના કારણે પણ બહુ મોટો પ્રશ્ન ઉપસ્થિત થાય છે તો આ એક ખાસ નોંધ લઇને નવી પંચાયતો વિભાજીત કરો છો તેની અંદર પણ તલાટીઓની ભરતી થાય અને મહેકમ મંજૂર થાય જેના કારણે એક તલાટી પાસે એક જ ચાર્જ રહે તો એ માટે પણ આપ સાહેબશ્રીને મારી નમ્ર વિનંતી છે. આ સાથે મારા જિલ્લામાં ખૂબ મોટા પ્રશ્નો છે એ પ્રશ્નોનું નિરાકરણ થાય એ સાથે વિરમું છું.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ જે બજેટ લઇને આવ્યા છે તેના સંદર્ભે મારા વિચારો રજૂ કરું છું.

## તા. ૧૬મી માર્ચ ૨૦૨૧

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, બજેટ એ કોઇ પણ રાજયની જનતાની જે એસ્પીરિશન હોય તેને વ્યકત કરતું હોવું જોઇએ. ગુજરાતનું સૌથી વધારે એસ્પીરિશનલ વર્ગ એટલે ગુજરાતનો શિક્ષિત અને અશિક્ષિત બેરોજગાર યુવાન. મારા સાથી શ્રી ગુલાબસિંહે વાત કરી તે પ્રમાણે આ વર્ષના બજેટમાં આવતા ૩૬૫ દિવસ દરમિયાન ગુજરાતની કઇ કચેરીમાં, કયા યુનિટમાં, કઇ શાખામાં એકઝેટ કેટલી સરકારી નોકરીમાં ભરતી કરવાના છે તેની કોઇ નક્કર ઠોસ વાત નથી. જે લાખો રોજગારી ઉભી કરવાની વાત કરી છે તે બહુ હવાઇ અને એકદમ સુપરફિશિયલ પ્રકારની વાત છે. આટલી એકઝેટ નોકરી પ્રાઇવેટ સેકટર અને પબ્લિક સેકટરમાં ઉભી કરીશું એવી કોઇ જ વાત નથી. બીજી વાત ઝારખંડ રાજય, આખા ગુજરાતમાં અપેક્ષિત હતું. સેન્ટર ફોર મોનીટરીંગ ઇન્ડિયન ઇકોનોમીના રિપોર્ટ મુજબ લોકડાઉનના પિરિયડ દરમિયાન ભારતમાં ૧૩ કરોડ જેટલા લોકોના રોજગાર છીનવાયા જેમાંથી લગભગ અઢીથી ત્રણ કરોડ લોકો આજે પણ બેરોજગાર બચ્યાં છે ફરી તેમને રોજગાર પ્રાપ્ત થયો નથી. તેમના ફકત ૧૦ ટકા ગુજરાતના લોકો એવું માની લે તો પણ સહેજે ૧૫થી ૨૦ લાખ લોકો ગુજરાતમાં લોકડાઉનના પિરિયડ દરમિયાન બેરોજગાર બન્યા છે. આવા લોકો માટે અપેક્ષિત હતું કે અર્બન એમ્પ્લોઇમેન્ટ ગેરંટી એક્ટ ગુજરાતમાં લાવવામાં આવે તેની પણ કોઇ વાત આ બજેટમાં નથી. એટલું જ નહીં ઓલરેડી મનરેગા યોજના આ દેશમાં છે પણ કેટલું બજેટ છે ? તેના માટે આપણે કેટલી જોગવાઇ કરી ? રૂપિયા ૫૬૦ કરોડ. તેમાં ૨૫૦ જેટલા તાલુકા રૂપિયા ૫૬૦ કરોડનું બજેટ તેને ડિવાઇડ કરીએ તો એક તાલુકાના ભાગે રૂપિયા બે કે સવા બે કરોડ આવે. તેનો મતલબ એમ કે તાલુકા દીઠ ફકત એક હજાર શ્રમિકોને જ મનરેગામાં કામ મળી શકે. મેં મારા મત વિસ્તારમાં આખા કોરોનાના પિરિયડમાં સાડા સાત હજાર પરિવારોને નરેગાનું કામ અપાવ્યું. તેનો મતલબ એમ કે વડગામની ઉપરાંત બીજા તાલુકામાં પણ એવરેજ ૧૦-૧૨ હજાર લોકોને મનરેગામાં જોડવાની જરૂરિયાત હોવા છતાં આ બજેટમાં ફકત એક હજાર લોકોને જ આપણે કામ આપવા માગીએ છીએ આ કોઇ પણ સંજોગોમાં ના ચાલે. એટલે પ્રચંડ બેરોજગારી, શહેરી ગ્રામીણ આ તમામ પ્રકારના યુવાનો અને લોકોને રોજગારની જે અપેક્ષા હતી તેને આ પ્રશ્નને ડિલ કરવામાં બજેટ કયાંક અને કયાંક ફેઇલ ગયું છે. બીજી એસ્પીરિશન સૌથી વધારે છે આશા વર્કર, આંગણવાડીની બહેન, સીઆરપીએફના જવાન, સફાઇ કામદાર, મલ્ટીપર્પસ હેલ્થ વર્કર, આરોગ્યના કર્મચારીઓ, મધ્યાહન ભોજનના કર્મચારીઓ અને હોમગાર્ડના મિત્રો આ તમામ લોકોને છેલ્લાં ૨૦ વર્ષથી અપેક્ષા છે કે કયારેક એક એવું બજેટ આવે કે જેમાં આઉટ સોર્સીંગ, ફિકસ પગાર અને કોન્ટ્રાકટ સીસ્ટમને નાબૂદ કરી તેમને કાયમી નોકરી સાતમા પગાર પંચના લાભ સાથે આપવામાં આવે. દુઃખ સાથે કહેવું પડે છે કે *(xxx) અને તે લઘુતમ વેતન સમગ્ર ગુજરાતમાં ચૂકવાય એવી પણ કોઇ વાત બજેટમાં નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર દાવો કરે છે કે સંવેદનશીલ સરકાર આપ એ વાતના સાક્ષી છો અને આ ગૃહ પણ સાક્ષી છે ત્રીજી વખત ગુજરાતની વિધાનસભામાં બોલી રહ્યો છું કે આપણી સરકાર જો ખરેખર સંવેદનશીલ હોય તો એક પણ સફાઇ કર્મીએ ગટરમાં ઉતરીને મરવું ન પડે આ હું ત્રીજી વખત કહું છું. મહેરબાની કરીને તે માટેના સાધનો વસાવો કયારેય પણ આ બજેટમાં એક રૂપિયાની પણ એવી જોગવાઇ કરવામાં આવેલી નથી તે આ સરકારની સંવેદનશીલતા બતાવે છે અને એક વાત ખાસ કહેવા માગું છું, આપણે કહીએ કે સૌનો સાથ અને સૌનો વિકાસ આ બજેટમાં લઘુમતી સમાજ માટે એક રૂપિયો ફાળવ્યો નથી. આ દેશ એ રામપ્રસાદ બિસ્મિલ્લ અને અસ્ફાકઉલ્લાહ ખાનનો દેશ છે. આ દેશ કે જેમાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઇએ સામે ચાલીને બહાદુરશાહ ઝફરને કહેલું કે તમે ૧૮૫૭ના વિપ્લવનું નેતૃત્વ કરો. આ અમદાવાદ શહેર, આ ગુજરાત તે વસંત અને રજબનું ગુજરાત છે. અને તમે કોઇ એક સમાજનો છેદ ઉડાડી, ચોકડી મારી, execlude કરીને બજેટ રજૂ કરો અને પછી દાવો કરો કે 'સૌનો સાથ, સૌનો વિકાસ' એ આપણને શોભતું નથી. છેલ્લે એક રીક્વેસ્ટ કરવા માગું છું કે, આપણે ૧૨૫ વર્ષ નિમિત્તે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની જયંતિ ઉજવવા માગીએ છીએ. આ ઝવેરચંદ મેઘાણી સાહેબે લખ્યું છે કે, ''પૃથ્વી પર રાજ કોના ? સાચા શ્રમજીવીઓના, ખેડૂતના, ખાણિયા અને ઉધમવંતોના.''આ રાજ્ય એ ઝવેરચંદ મેઘાણીના સપનાંનું બજેટ નહિ પણ *(xxx)બજેટ રજૂ કરી રહ્યું છે એ વાતનું દુઃખ છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા(નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી તથા નાણામંત્રીશ્રી નીતિનભાઇને આ અંદાજપત્ર રજૂ કરવા બદલ લાખ-લાખ અભિનંદન પાઠવું છું. અંદાજપત્રની ચર્ચામાં મારા વિચારો રજૂ કરું છું અને સમર્થન આપું છું. લગભગ ૬૫૯૯ કરોડ રૂપિયાની જોગવાઇ નાણાં વિભાગમાં કરવામાં આવી છે. એ ખૂબ સરાહનીય બાબત છે. અમારી સંવેદનશીલ સરકાર, અમારી ગરીબોની સરકાર, અમારી છેવાડાના માનવીની સરકાર, અમારી કામદારોની સરકાર, અમારી શ્રમજીવીઓની સરકાર, લાખો લોકોને રોજગારી આપતી, યુવાનોને રોજગારી આપતી સરકાર, ઇન્ડસ્ટ્રીઝના ગ્રોથ માટે ચિંતા કરનારી આ સરકારને લાખ-લાખ અભિનંદન પાઠવું છું. એ સાથે કહેવા માગું છું કે ગુજરાત એ સમગ્ર દેશ-વિદેશના તમામ ઉદ્યોગકારોની પહેલી પસંદ બન્યું છે એટલા માટે જ લાખો કરોડો રૂપિયાનું ઇન્વેસ્ટમેન્ટ જે ગુજરાતમાં આવી રહ્યું છે અને લાખો યુવાનોને જે રોજગારી આપી રહ્યું છે એ અમારું ગુજરાત છે, એ આપણું ગુજરાત છે. 'અડીખમ છે ગુજરાત ભાજપ સાથે' એ સૂત્રને અમારી સરકારે, માનનીય નાણાં મંત્રીશ્રી નીતિનભાઇએ અને માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇએ સાચા અર્થમાં સાર્થક

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કર્યું છે. ગુજરાતની પ્રજા સતત ૨૫-૨૫ વર્ષથી ભારતીય જનતા પાર્ટી સાથે અડીખમ રહી છે એનું એક માત્ર કારણ છે કે ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર વિકાસની નીતિને લઇને આગળ ચાલી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અને ગુજરાતીઓનો સહજ સ્વભાવ રહ્યો છે કે એ ઉદ્યોગ સાહસિકતા માટે સમગ્ર દેશમાં વખણાય છે. ઉદ્યોગકારો માટે સરળ વાતાવરણ, સારું વાતાવરણ મળી રહે. સારું ઇન્વેસ્ટમેન્ટ આવે, ઉદ્યોગકારોને સરળતા રહે, કામદારોની ચિંતા થાય એના માટે સરસ વાતાવરણ ઊભું કરવાનું કામ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને અમારી સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. ગુજરાત એક ગ્રોથ એન્જિન બનીને રહ્યું છે. આપણને કહેતાં આનંદ થાય કે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી 'વૉકલ ફોર લૉકલ' મંત્ર લઇને આવ્યા છે. એને સાચા અર્થમાં ચરિતાર્થ કરવાનું કામ કોઇ કરતું હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે અને સાચા અર્થમાં ગુજરાતના ઉદ્યોગકારોને આગળ લઇ જઇ રહી છે ત્યારે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્ત્વમાં અન્ય વિકસિત દેશની તુલનામાં આપણો દેશ ઝડપભેર આગળ વધી રહ્યો છે એનો શ્રેય કોઇને જતો હોય તો દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને જાય છે. આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને માત્ર ભારત દેશ જ નહિ પણ સમગ્ર દુનિયાના નેતાઓ અને સમગ્ર દેશની પ્રજા ગ્લોબલ લિડર તરીકે સહજ રીતે સ્વીકારી રહ્યા છે. મને કહેતાં આનંદ થાય છે કે ઇન્ડસ્ટ્રીઝને વેગવંતી બનાવવા ઉદ્યોગ વિભાગ શ્રેષ્ઠ કામગીરી કરી રહ્યું છે. ગુજરાત એક પૉલિસી ડ્રિવન સ્ટેટ છે. એમાં નવી આરોગ્ય નીતિ હોય, નવી બંદર નીતિ હોય, નવી પ્રવાસન નીતિ હોય, એરોસ્પેસ એન્ડ ડિફેન્સ પૉલિસી હોય, આઇ.ટી. પૉલિસી હોય, નવી ઉદ્યોગ નીતિ હોય, સ્ટાર્ટઅપ પૉલિસી હોય, કૃષિ કે વ્યાપાર પૉલિસી હોય, ગાર્મેન્ટ એન્ડ એપ્રલ નીતિ હોય, પવન ઉર્જા નીતિ હોય, ઉદ્યોગ નીતિ હોય, જનરલ ઇન્વેસ્ટમેન્ટ પૉલિસી હોય, હેરિટેજ ટુરિઝમ પૉલિસી હોય, ન્યુ સોલર એન્ડ હાઇબ્રિડ પૉલિસી હોય આ બધી પૉલિસીને બદલવાની કામગીરી અમારી સરકાર કરી રહી છે એના કારણે ઇન્ડસ્ટ્રીઝનો ગ્રોથ થઇ રહ્યો છે. આ વખતે કોરોનાના કારણે ૧૫ લાખથી વધુ પરપ્રાંતિય કામદારો જે ગુજરાતમાં રોજીરોટી મેળવવા માટે આવે છે એમને આપણે એમના પ્રાંતમાં મોકલ્યા એ કહી આપે છે કે પરપ્રાંતમાંથી કેટલા લોકો ગુજરાતમાં રોજીરોટી માટે આવી રહ્યા છે. એટલે એ કહી આપે છે કે આ પરપ્રાંતના લોકો ગુજરાતમાં રોજીરોટી માટે કેટલાં આવી રહ્યા છે. ગુજરાતના યુવાનો બેરોજગાર નથી પણ સમગ્ર દેશમાં ગુજરાત એક એવું રાજ્ય છે કે જે પરપ્રાંતના લોકોનો પણ સમાવેશ કરે છે અને પરપ્રાંતના લોકોને પણ રોજગારી પૂરી પાડનારું ગુજરાત ગ્રોથ એન્જિન બન્યું છે. જે વિપક્ષના મિત્રો કહી રહ્યાં છે, હમણાં શ્રી રાજેન્દ્રભાઇએ ઘણી બધી માંગણીઓ લખાવી. કૉંગ્રેસના ઘણા બધા મિત્રો પોતાની સ્પીચમાં માંગણીઓ લખાવી રહ્યાં છે એનો મતલબ એ થયો કે સરકારની ટીકા નહિ પણ એ પણ પ્રજાની સાથે સાથે સરકારની સાથે ઊભા રહ્યાં છે. સરકાર જે કામગીરી કરી રહી છે એમાં અમને એમનો સંપૂર્ણ સપોર્ટ છે કે અમારે સરકાર પાસેથી આટલી આટલી વસ્તુઓ જોઇએ છે. વિપક્ષના મિત્રોની મર્યાદા છે કે પાર્ટીની વિરુદ્ધમાં કશું કહી શકતાં નથી. (વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી : આપને પણ પછી એવું સંભળાવશે. (અંતરાય) એવું નહિ કોઇના મનની વાત ના કરો. આપણે આપણા મનની વાત કરીએ.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, કૉંગ્રેસના મિત્રો આપણી સાથે છે. સરકાર પાસે એમની માંગણીઓ માગી રહ્યા છે એનો મતલબ એ થાય છે કે સરકાર ખૂબ સારી રીતે વહીવટી કુશળતાથી આગળ વધી રહી છે. છેલ્લા બે દાયકાથી ગુજરાતની સરકાર દ્વારા પોલિસીને અસરકારક રીતે રજૂ કરવામાં અને અમલ કરવામાં આવી રહ્યો છે.

અધ્યક્ષશ્રી : પછી તમારો જ વારો છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : ગુજરાતના કરોડો લોકોને રોજગારી આપતાં નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો સુરક્ષિત રહે (અંતરાય)...

અધ્યક્ષશ્રી :સાંભળું છું.આમને પણ સાંભળું છું અને તમને પણ સાંભળું છું.

શ્રી જગદીશ વિશ્વકર્મા : વિકસે તેમજ મોટા ઉદ્યોગો વૈશ્વિક ફલક ઉપર વધુ આગળ વધી શકે તે માટે ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પોલિસી વર્ષ ૨૦૨૦માં જાહેર કરવામાં આવી એ ખૂબ સરાહનીય બાબત છે. ઉદ્યોગોને તેમના રોકાણના પ્રમાણમાં સમયસર ઈન્સેટીવ સબસિડી આપવાની પારદર્શકતા એ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર તથા માનનીય નીતિનભાઈ અને માનનીય વિજયભાઈ દ્વારા જે લાવવામાં આવી છે એ ખૂબ સરાહનીય બાબત છે. આ ઉદ્યોગ નીતિનો એક પ્રાણ છે. અન્ય પ્રદેશમાંથી રોકાણકારો ગુજરાતમાં જ કેમ આવે છ? બીજા રાજ્યોને અહીંયા ખૂબ સરળતા રહે છે. આપણી પારદર્શક પોલિસીને કારણે બહારના રાજ્યો અને બહારના દેશો પણ ગુજરાતમાં રોકાણ માટે આવી રહ્યાં છે. વિશેષ લેન્ડ રીનોવેશન સતત આપણે આપી રહ્યાં છીએ. જેના માટે ગુજરાતનું ઔદ્યોગિક માળખું વધુ ધમધમી રહ્યું છે. ગુજરાતમાં સ્વરોજગારના અનેક નવા અવસરો ખુલી રહ્યાં છે. આની સાથોસાથ સાડા ચાર થી પાંચ રૂપિયામાં ઉદ્યોગોને વીજળી આપતી નવી સોલાર પોલિસી આવતાં ઉદ્યોગોની પ્રોડક્શન કોસ્ટ જે વોકલ ફોર લોકલ નીતિ છે એને આપણે સાચા અર્થમાં બીજા દેશોમાં ચાઈનાની સાથે સ્પર્ધા કરી શકીએ એના માટે સરકાર સતત ચિંતિત છે. જે સોલાર પોલિસી આવી છે એના કારણે પ્રોડક્શન કોસ્ટ ઘટશે અને ઉત્પાદન વધશે એટલે સ્વાભાવિક રીતે વૈશ્વિક કક્ષાએ ગુજરાતના ઉદ્યોગકારોની ડીમાન્ડ ઊભી થવાની છે. સસ્તી વીજળી, ક્લીન વીજળી એ ગુજરાતમાં અગ્રેસર બનવાનું છે. નવી સોલાર પોલિસી અંતર્ગત વીજભારની ૫૦ ટકા મર્યાદાને અમે દૂર કરી છે. જેના

પરિણામે ઔદ્યોગિક ગૃહોને અમર્યાદિત રીતે ઈન્સ્ટોલેશનની સવલત થઈ છે. એક કરતાં વધારે ઔદ્યોગિક એકમો સંયુક્ત રીતે સોલાર વીજળીનું ઉપત્પાદન કરી શકે તેવી જોગવાઈ પણ સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી વાતો કહેવાની છે. ઔદ્યોગિક ઉત્પાદનની પ્રોડક્શન કોસ્ટ નીચી આવશે. રાજ્યના પ્રવાસનને હોસ્પિટલાઈઝ સેક્ટર સાથે સાંકળી લઈને ટુરિઝમ પોલિસીના કારણે રાજ્યમાં નાના-નાના ઘણા બધા ઉદ્યોગોને બળ આપનારું પૂરવાર થવાનું છે. અમે પોલિસિ ફ્રી અને ઈકો ફ્રેન્ડલી ટુરિઝમના કારણે અને ઉદ્યોગોમાં ધ્યાન કેન્દ્રિત કરવાના કારણે પણ ઉદ્યોગો વધવાના છે. નવી ઉદ્યોગ નીતિમાં વોકલ ફોર લોકલનો એપ્રોચ રાખવામાં આવ્યો છે. એવું કહેવાય કે કોરોના કાળ દરમિયાન કેટલા કરોડના રોકાણો આવ્યા? તો કોરોનાના કપરા કાળ પછી પણ એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૦ સુધીમાં રૂપિયા ૧ લાખ ૧૯ હજાર કરોડનું વિદેશી મૂડી રોકાણ એ માત્ર ગુજરાતમાં થયું છે. જે દેશના કુલ મૂડી રોકાણના ૫૩ ટકા જેટલું છે. આ વિપક્ષના મિત્રોને એટલા માટે કહેવા માગું છું કે, કોરોનાના કાળ દરમિયાન પણ બહારની પ્રજા અને બહારના ઉદ્યોગકારોએ જે ગુજરાત પર ભરોસો મૂક્યો છે એ ભારતીય જનતા પાર્ટીની સરકાર ઉપર, વહીવટ ઉપર, પારદર્શક સરકાર ઉપર ભરોસો મૂક્યો છે એનું તાદશ કારણ છે. ગત વર્ષની તુલનામાં રૂપિયા ૪૩ હજાર કરોડની FDI નું રોકાણ એ માત્ર ગુજરાતમાં થયું છે. જે આખા દેશમાં સૌથી વધુ છે. દેશની જી.ડી.પી.માં ૮ ટકા જેટલું નોંધપાત્ર યોગદાન એ આપણા ગુજરાતનું રહ્યું છે. આપણે ઉદાર વહીવટ અને સુધારણા કરીને ૩૦૦ થી વધુ કાયદાકીય પ્રક્રિયામાં ખૂબ સરળીકરણ કર્યું છે. આ દરેક મિત્રોએ જાણવું જોઈએ કે ગુજરાતની સરકાર એ કોઈની પણ રજૂઆત આવે તો ઈન્ડસ્ટ્રીઝ હોય કે કોઈ પણ વસ્તુ હોય તો એમાં સરળતા કરી છે. એના માટે આપણે કામ કર્યું છે. Ease Of Doing Business ની દિશામાં સકારાત્મક એપ્રોચ દ્વારા આપણું ગુજરાત દેશમાં અગ્રસ્થાને છે. હું GIDC ની વાત કરું તો ભારતને Five Trillion ઈકોનોમી બનાવવાનું વડાપ્રધાનનું સ્વપ્ન સાકાર કરવા માટે ગુજરાત ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસ કરી લીડ લેવા સજ્જ છે. ગુજરાતીઓની પણ આ લીડ છે. તાજેતરમાં જ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના આઠ જિલ્લામાં ૯૮૭ હેક્ટરમાં નવી ઔદ્યોગિક વસાહતો સ્થાપવાની જાહેરાત કરી છે.

અધ્યક્ષશ્રી : માનનીય જગદીશભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. નવ નિર્માણનું એક આંદોલન જયારે ગુજરાતમાં ચાલતું હતું અને વડોદરા બંધનું અમે લોકોએ એલાન કરેલું. સરઘસ નીકળ્યું અને એક પ્રતાપ ટોકીઝ રસ્તામાં પડે અને એ પ્રતાપ ટોકીઝ જે રસ્તામાં પડે એને તે દિવસે ટોકીઝ બંધ ન હતી રાખી, એટલે અમારા જેવા જેમિત્રો હતા એમણે બોર્ડ જોઇને એમ કીધું કે, કોઇ પથરા ન મારશો, બોર્ડ જોઇને કીધું, ઇશારો કરીને, કોઇ પથરા ના મારશો, હવે વારો છે માનનીય લલીતભાઇ વસોયાનો કે જે શ્રી પ્રતાપભાઇની બાજુમાં બેઠા છે. ના, એટલે કોઇ એમને ડિસ્ટર્બ ન કરશો, એ કાયમ બધાને ડિસ્ટર્બ કરે છે પણ તમે કોઇ ડિસ્ટર્બ ના કરશો.

શ્રી લલીત વસોયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના નાણામંત્રી જે વર્ષ ૨૦૨૦-૨૧નું બજેટ લઇને આવ્યા છે, એના સંદર્ભે હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

નાણામંત્રીશ્રી આવડી મોટી રકમનું બજેટ લઇને આવ્યા છે, ઘણા સભ્યોએ અભિનંદન આપ્યા, મારે પણ અભિનંદન આપવા હતા પણ ગુજરાતના કુલ દેવા કરતાં બજેટની રકમ નાની છે, એટલે હું અભિનંદન આપતો નથી. મારા મત વિસ્તાર ધોરાજી અને ઉપલેટા વિસ્તાર એમાં પાંચ સિંચાઇના મોટા ડેમો આવેલા છે. ભાદર -૧, ભાદર -૨, વેણું, મોઝ અને ફોફર. આ બધા ડેમનું પાણી સિંચાઇ માટેમારા મત વિસ્તારની અંદર આવે છે. ભાદર -૧ ડેમની જે સિંચાઇ માટેની ક્ષમતા છે એ ૨૪ હજાર હેકટર જગ્યાને પીયત આપી શકે એટલો પાણીનો સંગ્રહ એમાં થાય છે. આવી રીતે બધા ડેમોની સિંચાઇ ક્ષમતા ઘણી બધી વધારે છે. પરંતુ કયાંક તંત્રની બેદરકારીના કારણે ૩૦ ટકાથી લઇ અને ૫૦ ટકા સુધી કમાન્ડ એરિયાની અંદર આવતા ખેડૂતોને સિંચાઇ માટેનું પાણી પહોંચાડવામાં આવે છે. ભાદર-૨ ડેમ ૯૫૬૫ હેકટર જગ્યાને પીયત માટેનું પાણી આપવા માટેની ક્ષમતા ધરાવતો ડેમ છે. ડેમની અંદરપાણી છે, પરંતુ ખેડૂતોને સિંચાઇ માટે પાણી ફકત ૯૦૦ હેકટર જગ્યાની અંદર આજની તારીખમાં પહોંચે છે. મારે માનનીય નાણામંત્રીશ્રીને, સિંચાઇ મંત્રીશ્રીને વિનંતી એ કરવી છે કે, આટલા મોટા ડેમો છે છતાં જે કેનાલો છે એ કેનાલોની મરામત બરાબર થતી નથી. એને કારણે ખેડૂતોને પીયત માટે આપણે પાણી પહોંચાડવાની અંદર કયાંક ઉણા ઉતર્યા છીએ. આ બજેટની અંદર નાણામંત્રીશ્રીએ મોઝ,વેણું, ભાદર, ફોફર આ બધા ડેમોની કેનાલની લાઇનિંગ માટે જો થોડા પૈસા ફાળવ્યા હોત તો, ખેડૂતોના ખેતર સુધી આ સિંચાઇ માટેનું પાણી આવતા દિવસોની અંદર આપણે પહોંચાડી શકયા હોત.

માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે હું સરકારશ્રીનું એ બાબતમાં પણ ધ્યાન દોરવા માગું છું કે,આ જે સિંચાઇ યોજનાઓ છે, આ સિંચાઇ યોજનાઓની અંદર પૂરતો સ્ટાફ નથી. ખેડૂતોને પાણી પહોંચાડવા માટે કોન્ટ્રાકટ બેઝ ઉપર માણસોને દરરોજ જુદા જુદા બદલાવતા રાખવામાં આવે છે, એના કારણે ખેડૂતોને પણ અગવડતા પડે છે અને ખેડૂતોને સમયસર પૂરતું પાણી મળતું નથી. સરકાર આવી અગત્યની જે વસ્તુઓ છે, જે સિંચાઇ યોજનાઓ છે એમાં પૂરતા અને કાયમી સ્ટાફની ભરતી કરે એવી સરકારશ્રી પાસેથી પણ હું અપેક્ષા રાખું છું. માનનીય મંત્રીશ્રી, દર વખતે વિધાનસભાની અંદર હું મારા વિસ્તારના રોડ-રસ્તા, ચેકડેમોની વાત લઇને આવું છું. આ ત્રીજી વખત હું આ ગૃહમાં કહું છું કેમારા વિસ્તારમાં જે મોટી નદીઓ છે તે નદીઓમાંથી મોટા પાયે રેતીની ચોરી કરવામાં આવે છે. તેને અટકાવવા માટે અનેક વખત રજૂઆતો કરી છે. છેલ્લા છ-આઠ મહિનાથી રજૂઆતો કરવાનું પણ બંધ એટલા માટે કર્યું કે રજૂઆતો પછી પણ કોઇ જાતના પગલાં લેવામાં નથી આવતા.

મેં થોડા દિવસ પહેલા માનનીય નીતિનભાઇ પટેલને એક પત્ર લખ્યો કે પંચાયત વિભાગ અને સ્ટેટના રોડ ઉપરના પુલો છે તે પુલોના પાયામાંથી રેતીની ચોરી કરવામાં આવે છે, તમે યોગ્ય તપાસ માટે અધિકારીને મોકલી અને સાચી વાત લાગે તો એકશન લો. માનનીય નીતિનભાઇએ તાત્કાલિક પગલાં લીધાં, અમારા ખાણ ખનીજ અધિકારીને આ જવાબદારી સોંપી, એ જ ચોરીમાં સામેલ હોય, ચોર જ કોટવાલ હોય તો રિપોર્ટ કેવો આપે? જળ સંચય યોજના હેઠળ મારા વિસ્તારમાં કરોડો રૂપિયાના ખર્ચે ચાર મોટા ચેક ડેમ બનાવવામાં આવ્યા હતા.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વાત ખોટા માર્ગે જઇ રહી છે એટલે બે મિનિટનો સમય હું લઇશ, એમણે મને પત્ર લખ્યો, મેં કલેકટર રાજકોટને તરત જ પત્ર મોકલી આપ્યો, કલેકટરશ્રીનો જવાબ એવો આવ્યો છે કે અત્યારે આ નદીમાં પૂરેપૂરું પાણી વહી રહ્યું છે, કોઇ જગ્યાએથી રેતી લઇ શકાય તેવી પરિસ્થિતિ નથી, કારણ કે નદીમાં પાણી છે. રેતી કેવી રીતે લેવાય? એ જવાબ પણ મેં શ્રી લલીતભાઇને મોકલી આપ્યો. એટલે અત્યારે એ વાત તેઓ નથી કરતા કે ફૂલ પાણી છે અને નદી ભરેલી છે, રેતી લઇ શકાય નહી, એના બદલે તંત્ર ઉપર આક્ષેપ કરવા અને વાતને ખોટી રીતે રજૂ કરવી એ યોગ્ય નથી. એ તમે સુધારી લો. *(xxx)

અધ્યક્ષશ્રી : માનનીય લલીતભાઇ, એક મિનિટ, માનનીય નીતિનભાઇ સાહેબે જે વાત મૂકી છે એને આપણે એના સાચા પર્વ્યુમાં લઇએ. આપની વાત જે હશે તે, પણ હું એક સૂચન કરું છું. મારા વડોદરા પાસે મહીસાગર માતા અને નર્મદા એ બન્ને જગ્યાએ આ ખનીજ ચોરીના બનાવો બનતા હોય છે. આવા સંજોગોમાં કરવું શું જોઇએ? ફકત પત્ર લખવાનો? નહીં, ત્યાંના વિસ્તારના લોકો વિડીઓ બનાવીને અમને મોકલી આપે છે અને એ વિડીઓ પછી અહીંયા તંત્ર આગળ જયારે મૂકીએ છીએ ત્યારે ખરેખર બધું પકડાય પણ છે. હવે તમારી વાત સાચી હોય તો થોડો આવો પ્રયત્ન પણ કરજો. આ સૂચન છે. પ્લીઝ ગો અહેડ, મેં આવું કર્યું છે. મેં પોતે આવું કર્યું છે.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં હું દાવા સાથે કહું છું કે, આ ખનીજ ચોરીના એકે એક વિડીઓ મારા મોબાઇલમાં છે. આપ કહો તો આપના સુધી અને માનનીય નાયબ મુખ્યમંત્રી સુધી પહોંચાડવાની મારી તૈયારી છે. અને હું સોશિયલ મીડીયાના માધ્યમથી મારા એસ. પી. અને મારા કલેકટરશ્રી સુધી આ વિડીઓ અપલોડ કરું છું. બે દિવસ માટે આ ખનીજ ચોરી બંધ થાય છે અને ફરીથી ખનીજ ચોરી ચાલુ થાય છે.

અધ્યક્ષશ્રી : ફરી વિડીઓ મોકલવાનો. માનનીય લલીતભાઇ આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી લલીત વસોયા : સાહેબ, આ વચમાં શ્રી નીતિનભાઇ બોલ્યા, તેથી બે મિનિટ મને આપો.

અધ્યક્ષશ્રી : એ તો પોઇન્ટ ઓફ કલેરીફિકેશન હતું.

શ્રી લલીત વસોયા : એક મિનિટમાં મારી વાત પૂરી કરી દઇશ.

અધ્યક્ષશ્રી : એક મિનિટ આપું છું.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારની અંદર આખા દેશનું પ્લાસ્ટીક વેસ્ટ, પ્લાસ્ટીકનો કચરો, સફાઇ યોજના જે ચાલે છે તેના દ્વારા આવે છે અને તેનું રી–પ્રોસેસ ધોરાજી અને ઉપલેટાની અંદર આખા દેશમાં સૌથી વધુમાં વધુ થાય છે. બાર રાજયમાંથી આ પ્લાસ્ટીક વેસ્ટ મારા વિસ્તારમાં આવે છે, સરકારશ્રીને હું વિનંતી કરું છું અને અપેક્ષા પણ રાખું છું કે આ બજેટમાં ન આવ્યું તો આવતા બજેટમાં મારા વિસ્તારમાં પ્લાસ્ટીક માટે એક અલગથી જી.આઇ.ડી.સી. આપવામાં આવે તો આખા દેશના આ પ્લાસ્ટીકના કચરાનું રી–પ્રોસેસ મારા વિસ્તારની અંદર થઇ શકે.

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના ખૂબ અનુભવી સંવેદનશીલ ડેપ્યુટી મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ રૂપિયા ૨,૨૭,૦૨૯ કરોડનું લઇને આવ્યા છે એને આવકારું છું, સમર્થન કરું છું અને તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

કોરોના વાઇરસની મહામારીની સમસ્યા સમગ્ર વિશ્વના દેશોની અર્થ વ્યવસ્થા વિખેરાય ગઇ હતી. ગુજરાતની પણ આજ દશા હતી. મારે માનનીય નાણામંત્રીશ્રીને અભિનંદન એટલા માટે આપવાના છે કે આવી સ્થિતિમાં પણ વિકાસના કામો, જાહેર લોકસેવાના કામો, લાભાર્થીના કામો આવક ઘટ્યા છતાં અટકયા નથી સરકારે અટકવા દીધા નથી આ એક સબળ નેતૃત્વનો પુરાવો છે. હમણાં થોડા દિવસો પહેલા જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની ચૂંટણી દરમિયાનએક ઉદ્યોગપતિએ એના ભાષણમાં કહ્યું હતું કોરોના મહામારીથી અમારા ફેકટરીના કર્મચારી અને કામદારોને પગાર ચૂકવવા માટે મુશ્કેલી પડતી હતી આવી દશા ભૂતકાળમાં કોઇ દિવસ આવી નહોતી. આવા સમયેસરકારે અમને રાહત આપી છે અને બીજું, સરકાર ગ્રામ્ય અને શહેરના કામો માટે કરોડો રૂપિયા મંજૂર કરી રહી છે એ અમને પણ આશ્ચર્ય થાય છે તેથી તેઓએ ગુજરાત સરકારને અભિનંદન આપ્યા છે અને એમણે લેખિતમાં પણ માનનીય નીતિનભાઇને પત્ર મોકલ્યો છે. મેં ઉદ્યોગપતિને કહ્યું કે તમારી વાત સાચી છે કેમ કે આ મહામારીમાં ગુજરાતને આર્થિક રીતે ખૂબ અસર થઇ છે સરકાર ધારત તો બધા કામો હાલ પૂરતા મોકૂફ રાખી શકત ભલે એમણે જોબ નંબર આપ્યો હોય કે વર્ક ઓર્ડર આપ્યો હોત તો પણ કામ અટકાવી શકત. પરંતુ એક પણ રૂપિયાની ગ્રાન્ટ કાપ્યા સિવાય દરેક વિકાસના કામો ચાલુ રહ્યા છે એ સબળ નેતૃત્વનો પુરાવો છે. અમારા આ સબળ નેતૃત્વ સાથે અમારા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર. પાટીલની આગેવાનીમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતમાં ભવ્ય વિજય મેળવ્યો છે ત્યારે પ્રજાએ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અમારી કદર કરી છે. અમારી આ વિજય વિકાસ યાત્રા અહીંથી થંભી જતી નથી. હાલમાં બે દિવસ પહેલા વલસાડ જિલ્લાની નામાંકિત બેંક સરદાર ભીલાડવાલા કો. બેંકની ૧૮ ડિરેક્ટરની ચૂંટણી હતી એમાં ભારતીય જનતા પાર્ટી પ્રેરિત પેનેલે પણ ઝંપલાવ્યું હતું. આ પેનલમાં હું પણ પાર્ટીના આદેશથી સામેલ થયેલ છું. અમારા વલસાડના પૂર્વ અધ્યક્ષ શ્રી કનુભાઇ દેસાઇની આગેવાનીમાં અમે ભવ્ય વિજય મેળવ્યો છે. એટલા માટે કહ્યું છે કે વિકાસયાત્રા તેજ ગતિએ આગળ વધી રહી છે.

અધ્યક્ષશ્રી : માનનીય ભરતભાઇ, આ ગૃહને કેવી રીતે ખબર પડે ? માત્ર આવું કહી દો તો ન ચાલે ? બધાને મીઠાઇ ખવડાવો તો ખબર પડે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : સાહેબ, આપને પણ આમંત્રણ છે. માનનીય પિયુષભાઇના ઘરે રાખેલ છે. એટલા માટે કહું છું કે વિકાસની યાત્રા અટકવાની નથી. દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં દરેક સ્ટેટમાં દરેક ક્ષેત્રમાં વિજય સાથે અમે આગળ વધી રહ્યા છીએ. માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે દરેક વિભાગ માટે ખૂબ અભ્યાસ કરીને બજેટની ફાળવણી કરી છે જે પ્રસંશાને પાત્ર છે.

મારે બગાયત વિભાગ માટે થોડી ચર્ચા કરવી હતી. આ વિભાગ માટે પણ માનનીય નાણામંત્રીશ્રીએ ૪૪૨ કરોડ રૂપિયા ફાળવ્યા છે જે ખૂબ ઉપયોગી છે. દુનિયામાં કૃષિ ક્ષેત્રે ક્રાંતિ આવી છે. કૃષિ બજાર ક્ષેત્રે દરેક દેશે પ્રગતિ કરી છે. આજે બગાયતની ખેતી ફક્ત આજીવિકાનું આયોજન છે જ નહિ પણ એક ઉદ્યોગ તરીકે અપનાવાય રહી છે. બગાયત ખાતાની મુખ્ય પ્રવૃતિઓનો વ્યાપ વધારવા માટે સરકારે યોગ્ય બજેટની ફાળવણી કરી છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે નાનામાં નાના વેપારી, નાનામાં નાના શાકભાજીનો વેપાર કરતી બહેનોનું પણ ધ્યાન રાખ્યું છે. આ બહેનો ફૂટપાથ ઉપર બેસીને શાકભાજી વેચતી હતી ૪૦ થી ૪૫ ડિગ્રી ટેમ્પરેચર સૂર્યના તાપમાં શાકભાજી વેચતી હતી એના માટે આજ દિન સુધી કોઇ સરકારે વિચાર કર્યો નહોતો. આ સરકારે તેમને છત્રી અને શેડ પૂરા પાડીને તેમની તંદુરસ્તીની પણ રક્ષા કરી છે અને શાકભાજી પણ સારી રહે તે માટે વ્યવસ્થા કરી છે. સરકારને ખરેખર અભિનંદન આપવા ઘટે. આ માટે રૂ.૧૦ કરોડની યોજના અમલમાં મૂકી છે. જે અંતર્ગત ૬૬,૬૬૭ વેચાણકારોને છત્રીનું વિતરણ કરવાનું સરકારે આયોજન કરેલ છે. તે સ્થિતિએ ૩૨,૭૫૯ વેચાણકારોને વિનામૂલ્યે છત્રી અર્પણ કરી છે. છેલ્લે નાયબ મુખ્યમંત્રીશ્રીને જણાવવા માગું છું કે સરકારના વિકાસના કામોની પ્રજાએ કદર કરી છે અને કોઇ પણ ટીકાને ધ્યાનમાં લીધા વગર સબળ નેતૃત્વ કરતા આવ્યા છો અને સબળ નેતૃત્વ કરતા રહો એવી વિનંતી કરું છું. આ સાથે પ્રજાએ આપની ખૂબ કદર કરી છે અને પ્રજાના આશીર્વાદ છે, સાથે સાથે મર્યાદા પૂરુંષોત્તમ શ્રીરામ ભગવાનના પણ આશીર્વાદ છે. આવનારા દિવસોમાં વિકાસ યાત્રા કોઇ રોકી શકવાનું નથી. ભારત માતાનો સદૈવ વિજય રહેવાનો છે એ આ તબક્કે કહી શકાય. આ તબક્કે ફરીથી માનનીય નાણા મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેને આવકારું છું અને સમર્થન આપું છું. આભાર.

શ્રી પ્રતાપ દુધાત(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ વર્ષ ૨૦૨૧-૨૨નું બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. આ ગૃહમાં બજેટ મારફત ખેડૂતોની ઘણી બધી વાત કરવામાં આવે છે. ખેડૂતની આવક બમણી કરવાની વાત કરવામાં આવે છે પણ ગયા વખત કરતા આ વખતે કૃષિ બજેટ ઘણું નાનું છે, જે દુઃખદાયક છે. ખેડૂતની આવક બમણી કરવાની વાતની સામે પાંચ-સાત વર્ષ પૂર્વે જઇએ તો ટી.વી.ની જાહેરાત યાદ આવે છે. કેન્દ્ર સરકારનો હળહળતો અન્યાય. લાફા મારતી એડ અમે જોઇ હતી. ૪૫ રૂપિયાનું ડિઝલ આજે ૮૭ રૂપિયે છે. ખેડૂતને રોજ ટ્રેક્ટર લઇને ખેતરે જવું પડે છે એટલે ખેડૂતના ઉપર દેવાનો બોજ ડબલ થતો જાય છે. શ્રી કેશુભાઇની સરકાર વખતે ખેડૂતના ટ્રેક્ટરને બળદગાડું નામ આપવામાં આવ્યું હતું. એને ફરી વખત ટ્રેક્ટરમાં રૂપાંતર કરીને જી.એસ.ટી.માં લાવવામાં આવ્યું. એ ટ્રેક્ટર લાખ-સવા લાખ રૂપિયા મોંઘું થયું, માટે ખેડૂતના ઉપર દેવાનો બોજ વધતો જાય છે. એ જ ખેડૂત માટે ગયા બજેટ વખતે કૃષિ બજેટ પછી તાર-ફેન્સીંગ યોજનાની વાત કરવામાં આવી. દુઃખદાયક વાત કહેવાય અને દુઃખ સાથે એટલા માટે કહેવું પડે કે અમારા જિલ્લામાં એક પણ ખેડૂતને એક પણ રૂપિયાનો લાભ મળ્યો નથી. અહીં દિનકર યોજનાની વાત થાય, સૂર્યોદય યોજનાની વાત થાય. મારા મત વિસ્તારની વાત કરું. વીજપડી સબ-ડિવિઝન-૬૬ કે.વી.માં ૧૫ દિવસે બળેલા ટી.સી. આપવામાં આવે છે. ટી.સી. બળી જાય, ખેડૂતનો દીકરો રાહ જોતો હોય, ૪૮ કલાકનો કાયદો છે. દાવા સાથે કહું, એક ટીમ બનાવીને સરવે કરવામાં આવે. મારા મતવિસ્તારના ખેડૂતોને ૧૫ દિવસે ટી.સી. આપવામાં આવતું નથી અને ખેડૂત દિન-રાત પોતે ૬૬ કે.વી. સબ-ડિવિઝનમાં આંટા મારતા હોય. અધિકારીઓ હાજર ન હોય. આ પરિસ્થિતિ નિર્માણ થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં ખેડૂતની ડબલ આવકની વાત કરવામાં આવે છે. આ બધી પરિસ્થિતિમાં ખેડૂત દિનપ્રતિદિન દેવામાં જાય છે. એક બાજુ બાગાયત યોજના માટે હજારો હેક્ટર જમીન કંપનીઓને આપવાની વાત છે અને બીજી બાજુ મધ્યમ અને નાના વર્ગના ખેડૂતોને પાણીના કૂવા માટે બે ગૂંઠા જમીનની જરૂરિયાત હોય તો તેને મામલતદાર ઓફિસથી લઇને એટલી બધી પ્રોસેસમાં જવું પડે છે. ૧૦૦૦ હેક્ટર જમીન અમારા ખેડૂતને જોઇતી નથી પણ અમારા મતવિસ્તારના ખેડૂતોને કૂવાઓ માટે જો બે ગૂંઠા પડતર જમીન આપવામાં સરળીકરણ કરવામાં આવે તો ખેડૂત તેનું કામ કરી શકે. હું જે વિસ્તારમાંથી આવું છું એ ખેતી વિસ્તાર છે ત્યારે ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે સૌની યોજનાનો લાભ અમારા વિસ્તારને મળવો મુશ્કેલ છે ત્યારે એક વિનંતી કરું છું કે મારા મતવિસ્તારમાં સલડી હોય, મેવાસા હોય, સૂરજવાડી હોય કે ધાતરવાડી ડેમ હોય આ બધા વિસ્તારમાં ખેડૂતોને ખાલી માટી કાઢવા જો સરળીકરણથી પરમિશન આપવામાં આવે તો તળાવ ઉંડા થઇ શકે.

૧૨૦૦–૧૨૦૦ વીઘાના તળાવો અમારા મત વિસ્તારની અંદર આવેલા છે. સરકાર તેના ઉપર ગંભીરતાથી વિચારીને ખેડૂતને માટી કાઢવાની પરમિશન આપે તો ઘણું બધું સારું થઇ શકે. આખા ગુજરાતમાં જેમ કમળ ખીલ્યું છે, અહીં વાત થાય છે કે આખા દેશમાં કમળ ખીલ્યું છે. મારા મત વિસ્તારમાં ગાંડા બાવળ બહુ ખીલ્યા છે. જેઅમારી નાવલી નદી, અમારી ગાગડીયો નદી, શેત્રુંજી નદી છે એમાં ગાંડા બાવળો ઘણું નુકસાન કરે છે. બાવળ કાઢવાની પરમિશન આપી અને એમાં વનખાતુ કનડગત ન કરે તો અમારા મત વિસ્તારને પાણીની સુવિધા સારી એવી મળી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારમાં હોસ્પિટલો આવી છે એમાં બ્લડ બેંક આવેલી છે પણ એ બ્લડ બેંક કાર્યરત નથી, એને કાર્યરત કરવા માટે જો એની પરમિશન આપીને કાર્યરત કરવામાં આવે તો લોકોનું ઘણું ભલું થઇ શકે. મારા મત વિસ્તારમાં લીલીયા વિસ્તારની અંદર ૩૫ ગામનો અમારો તાલુકો છે, હોસ્પિટલ છે પણ એમ્બ્યુલન્સ નથી, એમ્બ્યુલન્સની માગણી પણ મૂકેલી છે. જો એમ્બ્યુલન્સ આપવામાં આવે તો ઘણું બધું સારું થઇ શકે. ત્રીજી વખત હું અહીંયા બોલી રહ્યો છું. ત્રીજી વખત દોહરાવી રહ્યો છું.માનનીય વડાપ્રધાનશ્રી જયારે વર્ષ ૨૦૧૨માં મુખ્યમંત્રી હતા ત્યારે સાવરકુંડલા આવ્યા હતા અને જી.આઇ.ડી.સી.નું ડીકલેરેશન કર્યું હતું પછી ત્યાં મીઠાઇ પણ વહેચાણી, ફટાકડા ફૂટયા પણ ત્યાં જી.આઇ.ડી.સી. હજી સુધી કાર્યરત થઇ નથી. મારા વિધાનસભાના પ્રશ્નની અંદર મારા કાટા ઉદ્યોગ સાથે સંકળાયેલો મારો વિસ્તાર છે.જી.આઇ.ડી.સી.ની માગણી છે. જી.આઇ.ડી.સી.નો પ્રશ્ન પૂછવામાં આવે તો વિધાનસભાની અંદર પ્રશ્નમાં એવો જવાબ આપવામાં આવ્યો કે આવું કોઇ આયોજન કરવામાં આવેલ નથી અને કરવાનું કોઇ પ્લાનીંગ પણ નથી. માટે અહીંયાથી એક માગણી મૂકું છું કે એક જી.આઇ.ડી.સી. આપવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ એ રોડ રસ્તા માટેનું મોટું બજેટ ફાળવ્યું છે. મારે દુઃખ સાથે વાત કરવી પડે કે રાજુલાનો પીપાવાવથી અમારા વિસ્તાર સુધી બહો મોટો વાહનવ્યવહાર છે ત્યારે સાવરકુંડલાની વચ્ચેથી વાહનોનો એટલો આગળ વહેવાર છે, હેવી લોડેડ વાહનો ચાલે છે, દુઃખ સાથે કહેવું પડે, બાયપાસ ત્રણ વર્ષથી તૈયાર છે પણ રેલવેની પુલની એક પરમિશન મળતી નથી એ પુલની પરમિશન વગર ત્રણ વગરથી રોડ બનેલ તૈયાર છે. જો એ રેલવેની પરમિશન મળી જાય, કેન્દ્રમાં પણ ભા.જ.પ.ની સરકાર છે અને અહીંયા પણ આપણી સરકાર છે તો પરમિશન કોના વાંકે અટકે છે એ મને સમજાતું નથી?એની પરમિશન આપી અને રોડ વ્યવહાર શરૂ કરે તો ઘણું બધું સારું થઇ શકે.રોડ વાહન રસ્તા માટે બજેટ તો ફાળવાય છે, દુઃખ સાથે કહેવું પડે કે સ્થાનિક અધિકારીઓ એટલે નોન–પ્લાન રસ્તાના સ્થાનિક અધિકારી પ્લાન એસ્ટીમેંટ બનાવતા હોય એ પ્લાન એસ્ટીમેંટ ઓફીસમાં બેસીને બનાવતા હોય છે. એ પ્લાન એસ્ટીમેંટની અંદર બે વર્ષ પહેલાં જોબનંબર આપવામાં આવ્યા, હજી સુધી એનું ટેન્ડર થયું નથી. મારે દુઃખ સાથે એટલા માટે કહેવું પડે કે ક્રાતજથી કેરાળાનો રોડ હોય, જોબ નંબર આપ્યો, બે વર્ષ પૂર્ણ થયા ટેન્ડર થયું નથી. સીમરણ ભમોદરાનો રોડ હોય, તો એ ટેન્ડર થયું તો રોડ અધૂરો રહી ગયો એટલે મારો કહેવાનો અર્થ એ છે કે જોબ નંબર ફાળવવાથી * (xxx) તો જમીન ઉપર કંઇક સારી રીતે કાર્યરત થઇ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, પરીસ્થિતિ એટલી ખરાબ છે કે અમારા વિસ્તારની અંદર ઇકોઝોન લાગુ પાડવામાં આવ્યો છે. ઇકોઝોનની ગાઇડલાઇન નક્કી થતી નહોતી એના કારણે ખનિજ માફીયાઓ બેફામ બન્યા છે. ખનિજ માફીયાઓ એની ચોરી કરી શકે, ગરીબ માણસને મધ્યમવર્ગને એનું મકાન બનાવવું હોય તો એક ટ્રેકટર રેતી અથવા એક ટ્રક રેતી માટે વીસ–વીસ હજાર રૂપિયા આપવા પડે એવી સ્થિતિ નિર્માણ થઇ છે. દુઃખ સાથે એટલા માટે કહેવું પડે છે કે અહીંયા કંઇક અલગ વાત થાય છે અને ગામડે જઇએ તો ત્યાં કંઇક અલગ વાત થાય છે. પી.એ.સી.ના અમારા સેન્ટરો બન્યા છે. સરકારશ્રીએ અમને બનાવીને આપ્યા પણ ભ્રષ્ટાચાર એટલો બધો થયો કે અમારું ધોબાનું પી.એ.સી. હોય કે અમારું મેકડાનું પી.એ.સી. હોય એ અમે સ્વીકાર્યુ નથી તો એક લાખ રૂપિયા પેનલ્ટી આપીને કંપનીને માફ કરી દેવામાં આવે એટલે મારોકહેવાનો ભાવાર્થ એ છે કે ૧૭ ગામની પંચાયતની અંદર લોકો સ્કૂલોમાં બેસે છે, બીજી સરકારી કોઇ મકાનમાં બેસે છે.પંચાયતના બિલ્ડીંગો ત્રણ વર્ષથી મંજૂર થઇ ગયા છે, જમીન ઉપર બન્યા નથી તો મારું કહેવાનું એમ છે કે જે વાત પેપર ઉપર મંજૂર થાય છે, જે કામ વિધાનસભાના આકડામાં થાય છે, જે વિધાનસભાના બજેટમાં થાય છે તો એક સારી ટીમ બનાવી અમારા અમરેલી જિલ્લાનો સરવે કરાવી અમારા જિલ્લાને જે *(xxx) થઇ રહ્યો છે એને ન્યાય કરાવડાવો એવી માગણી મૂકું છું.આભાર.

અધ્યક્ષશ્રી : * (xxx) શબ્દ કાઢી નાખવામાં આવે છે અને *(xxx) એ શબ્દ કાઢી નાખવામાં આવે છે.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ગુજરાત રાજ્યનું આજ સુધીનું સૌથી મોટું બજેટ લઇને આવ્યા છે એને હું અનુમોદન આપું છું અને એના સમર્થનમાં મારું વકતવ્ય આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પંડિત દીનદયાળ એકાત્મ માનવ દર્શનના આધારે આદરણીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ચાલતી ભારતીય જનતા પાર્ટીની સરકારે વર્ષ ૨૦૨૨ સુધીમાં ભારતના તમામ નાગરિકોને, ઘર વિહોણાને ઘરનું ઘર આપવાનું વચન આપ્યું અને એના અનુસંધાનમાં ગુજરાત સરકારે કેન્દ્રની નીતિને અનુરૂપ જરૂરી પગલાં લીધાં અને મુખ્ય ચાર ઘટકો દ્વારા એની કામગીરી કરી. એમાં પહેલું છે સ્લમ રિડેવલપમેન્ટ. આ યોજના હેઠળ સરકારી જમીન ઉપર જે ઝૂંપડપટ્ટી આવી છે અને જે ઝૂંપડપટ્ટીમાં ગંદકીમાં રહેતા લોકોને એ જ જગ્યા ઉપર ખૂબ સુંદર અને સુવિધાસભર વિનામૂલ્યે આવાસ આપવામાં આવે છે.હમણાં એવી વાત થઇ કે કોઇ કોમ માટે, કોઇ જ્ઞાતિ માટે, આ બજેટ ગુજરાત સરકારનું બજેટ એ તમામ જ્ઞાતિ માટે છે. હું

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

દાખલો આપું કે આ સ્લમ રિડેવલપમેન્ટમાં મારા મણીનગરમાં હિન્દુ અને મુસ્લિમ બન્નેની વસતિ મિલ્લતનગરમાં આવેલી છે અને એની આજુબાજુમાંથી નીકળીએ તો એટલી બધી ગંદકી હતી. એની અંદર ફાઇવ સ્ટાર હોટલ જેવા મકાનો બનાવી આ સરકારે નક્કી કર્યું કે અપીસમેન્ટ નહીં, દરેક લોકો માટે મુસ્લિમ કે હિન્દુ, કોઇ રોડ, લાઇટ, ગટર, માં–કાર્ડ, અંત્યોદય યોજના, રેશન કાર્ડ દરેકનો લાભ દરેક જ્ઞાતિને મળે છે. આ સરકારમાં રિડેવલપમેન્ટમાં ૭૫,૧૯૫ આવાસો મંજૂર થયા છે, ૧૨,૮૫૦ આવાસોની કામગીરી પૂર્ણ થઇ છે અને બાકીની પ્રગતિમાં છે. બીજું ઘટક છે, ક્રેડિટ લીન્ક સબસિડી. આ યોજના ૨૦૦ ચોરસમિટરનું સૌપ્રથમ જેને ઘર લેવાનું હોય એની જે હોમ લોન હોય એમાં રૂપિયા ૨.૬૭ લાખ સુધીની વ્યાજ સહાય આપવામાં આવે છે અને એમાં આજ સુધી ૨ લાખ ૭૮ હજાર ૯૯ લાભાર્થીઓને હોમ લોનની અંદર વ્યાજ સબસિડી સહાયનો લાભ મળેલ છે. આપણું ગૌરવ છે કે આખા ભારત દેશમાં આમાં ગુજરાત પ્રથમ છે. ત્રીજું ઘટક એફોર્ડેબલ હાઉસીંગ ઇન પાર્ટનરશીપ છે. આપણે જોઇએ છીએ કે આ યોજનામાં જે ખુલ્લી જગ્યામાં સરકાર મકાનો બાંધે છે એ પ્રાઇવેટ કોન્ટ્રાકટર અને બિલ્ડર કરતાં પણ સારામાં સારી કવોલિટી વાળા હોય છે.પારદર્શી સરકાર અને ઇમાનદાર સરકારનું કામ જોવું હોય તો ત્યાં આપણે જઇને જોઇ શકીએ છીએ. આ ૪૦ મિટરના મકાનો લેવા માટે ૩ લાખ રૂપિયાની આવક મર્યાદા જે પહેલા વાર્ષિક રૂપિયા ૧ લાખ હતી. ગુજરાત સરકારને અભિનંદન આપું છું કે, ગુજરાત સરકારે મધ્યમવર્ગના વધુને વધુ લોકો લાભ લે એના માટે ૩ લાખની કરી છે. આ ઘરવિહોણા અને રૂપિયા ૩ લાખની આવક મર્યાદામાં આવતા લોકોને મકાન આપવામાં આવી રહ્યા છે. ૯૪,૨૮૭ આવાસોની કામગીરી પૂર્ણ કરી છે અને બાકીના પ્રગતિમાં છે. ચોથું ઘટક લાભાર્થી વ્યકતિગત ઘર માટે બાંધકામ અથવા વૃદ્ધિ માટે. પોતાના શહેરમાં નાનું મોટું ઘર, જમીન કે કાચું–પાકું મકાન હોય તો ૩ લાખની વાર્ષિક આવક હોય તો ૩.૫ લાખ સુધીની સહાય આપે છે.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

**(વિરામ બપોરના ૧૨–૦૦થી ૧૨–૩૦)**

**માનનીય સભાપતિશ્રી દુષ્યંતભાઇ પટેલ અધ્યક્ષસ્થાને**

શ્રી સુરેશકુમાર ચ. પટેલ : (ક્રમશ:) માનનીય અધ્યક્ષશ્રી, જે શહેરી આવાસો પર મારું વકતવ્ય ચાલી રહ્યું હતું એમાં ૪ ઘટકો દ્વારા ગુજરાત સરકારે ગરીબો માટે જે કામ કર્યું છે એ આખા દેશની અંદર અવલનંબરે છે. એમાં ટોટલી આ ૪ ઘટકો દ્વારા ૭,૦૦,૩૮૩ આવાસો મંજૂર કરવામાં આવ્યા, ૪,૦૦,૬૭૮ આવાસોની કામગીરી પૂર્ણ કરવામાં આવી અને બાકી રહેલા આવાસો વિવિધ તબક્કે પ્રગતિમાં છે. આ ગરીબોની સેવા કરવાની વાત પર એક જૂનું ગીત હતું –

**गरीबों की सुनो, तुम एक पैसा दोगे, वह दस लाख देगा ॥**

આ ગરીબોની જે તાકાત છે આ ગુજરાત સરકારે ગરીબો માટે શહેરી વિસ્તારમાં ૭ લાખ મકાનો બનાવવાનું પ્લાનિંગ કર્યું અને ગરીબોની દૂવા મળી, ગરીબોના આશીર્વાદ મળ્યા. મહાનગરપાલિકા, તાલુકા–જિલ્લા પંચાયતો બધી ભારતીય જનતા પાર્ટીને મળી આ એક યાદ કરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આના ઉપરાંત કોવિડ–૧૯ના સંક્રમણને કારણે શહેરી વિસ્તારના સ્થળાંતરિત કામદારો, મજૂરો અને શહેરી ગરીબો પણ સંક્રમિત થયા અને આવી મહામારી ભવિષ્યમાં ના થાય એના માટે આદરણીય નરેન્દ્રભાઇએ ગરીબોને ઉત્કૃષ્ઠ, ટકાઉ અને પરવડે એવા સસ્તા ભાડાના મકાનો મળે એના માટે મે–૨૦૨૦ ના રોજ કેન્દ્ર સરકારશ્રીના આત્મનિર્ભર અભિયાન અંતર્ગત પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ કોમ્પલેક્ષની માર્ગદર્શિકા જુલાઇ–૨૦૨૦માં પ્રસિદ્ધ કરી. જેવી સરકારે પ્રસિદ્ધ કરી અને એમાં આપણી ગુજરાત સરકાર જુઓ આખા દેશની અંદર પ્રથમ આપણા રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગમાં એના પછી તરત જ સપ્ટેમ્બર–૨૦૨૦ના ઠરાવથી એની અમલવારી પણ ચાલુ થઇ ગઇ. આ ગરીબો માટે જે મકાનો બનાવ્યા. ઘણાં કાર્યક્રમમાં આદરણીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી આ ગરીબોના મકાનો જ્યારે જોવા આવ્યા ત્યારે એમણે લોકોને કહ્યું કે આટલા સુંદર મકાન. પહેલા ગરીબોના નામે ખૂબ વાતો થતી હતી. ગરીબોની વાતો એટલા માટે કે ગરીબ હોય તો આપણને મત મળે આવું માનતી પાર્ટીઓ ગરીબોને વધુમાં વધુ ફિક્સ ડિપોઝિટમાં મૂકી વધુમાં વધુ ગરીબ બને એના માટે પ્રયત્ન કરતી હતી અને થોડાક સુખી થાય એટલે એ માણસ ભારતીય જનતા પાર્ટીને મત આપે એવી અમારી માનસિકતા હતી એના કારણે ગરીબોને મધ્યમ વર્ગ તરફ લઇ જવાનો પ્રયત્ન આદરણીય નરેન્દ્રભાઇના નેતૃવમાં ભારતીય જનતા પાર્ટીએ કર્યો છે. ગરીબોના નામે મતો લેવાય છે. હમણાં એક કોંગ્રેસના સભ્યશ્રીએ ગાંડા બાવળની પણ વાત કરી. મને યાદ છે કે બાવળિયા વાવ્યાં હોય તો કોંગ્રેસના * (xxx) વાવ્યા હતા. * (xxx) ગાંડા બાવળના કારણે બાઇક લઇને જતા હોય તો પંચર પાડે એવા બાવળો વાવેલા છે ગરીબના રાજ્યમાં એમણે(અંતરાય)…

**પોઇન્ડ ઓફ ઓર્ડર**

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે * (xxx) જે માણસ હાજર ન હોય, હયાત ન હોયએનું નામ ન લેવાય.

સભાપતિશ્રી : એ શબ્દો હું કાઢી નાખું છું.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

શ્રી સુરેશકુમાર ચ. પટેલ : *(xxx) કોંગ્રેસના શાસનમાં મુખ્યમંત્રી હતા. માનનીય અધ્યક્ષશ્રી, હું * (xxx) નામ નથી લેતો પણ કોંગ્રેસના શાસનમાં ગાંડા બાવળા વાવ્યા હતા અને હાલ ગુજરાતમાં કેટલા નડે છે. બાવળો વાવ્યાં હોય તો કેરી તો ખવાતી નથી. ભારતીય જનતા પાર્ટી જ્યારે ગરીબો માટે કેરી વાવી રહી છે ત્યારે આપણે સૌ અને હું બજેટને સમર્થન આપું છું. ભારત માતા કી જય.

શ્રી આર.સી. મકવાણા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના ઉપનેતા અને રાજ્યના ઉપમુખ્યમંત્રી આપણા નાણામંત્રી આદરણીય નીતિનભાઇ પટેલ રૂપિયા ૨,૨૭,૦૨૯ કરોડનું ઐતિહાસિક બજેટ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

બજેટ સત્રની તારીખ આવે એટલે મનમાં એમ હતું કે આ વખતના બજેટમાં નિરસતા હશે અને જોગવાઇ બહુ હશે નહીં. પરંતુ જયારે શ્રી નીતિનભાઇ ગૃહની અંદર બજેટ લઇને આવ્યા તો સૌથી મોટું બજેટ, ઐતિહાસિક બજેટ એ આ વખતના બજેટે પુરવાર કર્યું છે. કોરોનાના કાળમાં પણ આદરણીય નીતિનભાઇએ બજેટ દિનપ્રતિદિન જેમ મોટું થતું હતું એને હંમેશા મોટું રાખ્યું છે એટલે ખૂબખૂબ અભિનંદન આપું છું. ગામડું અને શહેર બંનેમાં આપણે જાણીએ છીએ એ પ્રમાણે ખૂબ તફાવત હોય છે. ગામડાંના લોકો સામાન્ય રીતે અગાઉના દિવસોમાં ગામડાંમાંથી શહેર તરફ જવા દોટ કરતા હતા. આજે ગામડાંમાં લોકો રહી અને શહેર કરતા પણ સારી સુવિધા ભોગવી રહ્યા છે. ગામડાંનો ખૂબ વિકાસ થયો છે. ગામડાંની અંદર સાર્વજિનક સુવિધા માટે એમ.પી. ગ્રાન્ટ હોય, એમ.એલ.એ. ગ્રાન્ટ હોય, આયોજનની ગ્રાન્ટ હોય, એકટીવીટી ગ્રાન્ટ હોય, ચૌદમુ નાણાપંચ હમણા પૂરું થયું, પંદરમા નાણાપંચની ગ્રાન્ટ હોય કોઇપણ ગ્રાન્ટ હોય ગામના સર્વાંગી વિકાસ માટે સરકાર કટિબદ્ધ છે ત્યારે ગામડું દિનપ્રતિદિન વિકાસના પંથે છે ત્યારે આજે શહેર કરતા લોકો ગામડાંની અંદર રહેવાનું વધારે પસંદ કરે છે. મને કહેતા આનંદ થાય છે કે ગ્રામ્ય વિસ્તારની અંદર જેની આર્થિક પરિસ્થિતિ નબળી છે એવા લોકોને સામાજિક સમતુલા જળવાઇ રહે એના માટે સરકારે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકીને સમાજના બીજા વર્ગોની સાથે તાલ મિલાવીને જીવન જીવી શકે, સ્વમાનભેર જીવન જીવી શકે એના માટે સરકારે અનેક પગલાંઓ લીધાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, દરેક માણસનું એક સ્વપ્ન હોય છે કે એક નાનકડું પોતાનું ઘર હોય, પોતાનું મકાન હોય એવી દરેક માણસની ઇચ્છા હોય છે પણ અહીંયા તો સરકારની ઇચ્છાશક્તિને કારણે આજે ગરીબ માણસ પણ સારામાં સારુંઘર વસાવી અને પોતે એ ઘરમાં રહેતો થયો છે પોતાની તો ઇચ્છા હોય જ પણ સરકારની એક પ્રબળ ઇચ્છાશક્તિને કારણે ખૂબ મોટા પ્રમાણમાં એનો લાભ લઇ અને આજે લોકો પોતાના મકાનમાં રહેવા માંડયા છે. વર્ષ ૨૦૧૬માં આ યોજના અમલી બની અને વર્ષ ૨૦૨૨ સુધીમાં સૌને ઘર નામની યોજના હેઠળ સરકારની નેમ છે કે બધા જ લોકોને પોતાનું ઘરનું ઘર પ્રાપ્ત થાય એ માટે સરકારે નિર્ણય કર્યો છે. ત્યારે હવે આવનારા દિવસોમાં કોઇ મકાન વિહોણું રહેવાનું નથી. વર્ષ ૨૦૨૨ સુધીમાં જેને કાચા મકાન છે અને ઘર વિહોણા લોકો છે એને આવરી લઇને એને દરેકને મકાન આપવામાં આવશે એનું સામાજિક, આર્થિક અને જાતિ આધારિત સરવેમાં રૂપિયા ૧,૨૦,૦૦૦માં મકાન થઇ શકે એટલા માટે સરકારશ્રીએ રૂપિયા ૧,૨૦,૦૦૦ મકાન બાંધકામ માટે આપ્યા છે. મને આનંદ એ વાતનો છે કે આ મકાન બનાવવામાં સામાન્ય રીતે સરકાર એને સહાય કરે તો પણ શરૂઆતમાં એની આગળ કોઇ નાણાંની જોગવાઇ હોતી નથી પણ સરકાર એને પ્રથમ હપ્તાથી એ મકાન ચાલુ કરે એ પહેલા પણ એને હપ્તો આપે છે. મનરેગા યોજના દ્વારા ૯૦ માનવદિન સુધીનું ૨૦,૧૬૦ રૂપિયાનું એને વેતન આપે છે. એને પ્રથમ વખત એને પોતાનો વર્કઓર્ડર મળે, વહીવટી મંજૂરી મળે, એટલે તરત જ ૩૦,૦૦૦ રૂપિયા એના ખાતામાં નાખવામાં આવે છે. મે કહ્યું તેમ સામાન્ય રીતે એની પરિસ્થિતિ સારી ન હોવાના કારણે એ શરૂઆત કરી શકતો નથી, પણ આ યોજનાની અંદર સરકારે પ્રથમ હપ્તો કામ ચાલુ થાય એ પહેલા વર્કઓર્ડર વખતે, વહીવટી મંજૂરી વખતે આપે છે, એટલે ખૂબ મોટા પ્રમાણમાં લાભાર્થીઓ લાભ લેવા માટે તૈયાર થઇ જાય છે. એનું કામ થાય અને આગળ ચાલે અને લિન્ટલ લેવલ સુધી પહોંચે ત્યારે એને ૫૦,૦૦૦ રૂપિયાનો બીજો હપ્તો આપીને એ કામને આગળ વધારવા માટે સરકારે આ યોજનાની અંદર જોગવાઇ કરી છે.મકાન પૂર્ણ થયે સક્ષમ અધિકારી પૂર્ણતાનું પ્રમાણપત્ર આપે એટલે ત્રીજો હપ્તો ૪૦,૦૦૦ રૂપિયાનો મળે છે. એમ કુલ મળીને જે જોગવાઇ છે, એના કરતા પણ આ મકાન બનાવવા માટે ૧૨૦૦૦ રૂપિયા એને શૌચાલય માટે આપે છે. માનવદિન જે ૯૦ આપવામાં આવે છે. એમાં ૨૦,૧૬૦ રૂપિયા એમ કુલ મળીને રૂપિયા ૧.૫ લાખ કરતા પણ વધારે રકમની જોગવાઇ આ યોજનામાં સરકારે કરી છે. ત્યારે હવે મને લાગે છે કે આવનારા દિવસોમાં કોઇ મકાન વિહોણા નહિ રહે. આ યોજનાની અંદર મૂળ આનો લાભાર્થી મહિલાના નામે અરજી કરે તો એને બાથરૂમ બનાવવા માટે ૫૦૦૦ રૂપિયાની વધારાની જોગવાઇ આ યોજનામાં કરવામાં આવી છે. મુખ્યમંત્રી પ્રોત્સાહક યોજના અંતર્ગત જો એ બાંધકામ સમય–મર્યાદાની અંદર પોતે પૂર્ણ કરે તો ૨૦,૦૦૦ રૂપિયા પ્રોત્સાહક સહાય આપે છે. એને મુખ્યમંત્રી પ્રોત્સાહક ઇનામના સ્વરૂપમાં કહીએ તો પણ ચાલે. આવા ૪૫૦૦ લાભાર્થીઓ જેને ૯ કરોડ રૂપિયાની માતબર સહાય મળી છે.

સભાપતિશ્રી :આપનું પ્રવચન પૂરું થાય છે. શ્રી અર્જુનસિંહ ચૌહાણ.

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નીતિનભાઇ પટેલ સાહેબ ગુજરાતના નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર લઇને આવ્યા છે, તેમાં હું શિક્ષણ વિભાગ અંતર્ગત શિક્ષણને વિશેષ અભિનંદન આપવા અને મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

## તા. ૧૬મી માર્ચ ૨૦૨૧

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

આપને ખબર છે તેમ ઉત્તમ સમાજના ઘડતરમાં એના મૂળમાં ઉત્તમ શિક્ષણ હોવું ખૂબ જરૂરી છે. મિત્રો, આજના યુવાનો એ આવનારા સમયનું ભવિષ્ય છે. એના ભવિષ્યના ઘડતર માટે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર વિશેષને વિશેષ ચિંતા કરે છે. છેલ્લાં ઘણાં વર્ષોથી અનેક ઐતિહાસિક નિર્ણયો શિક્ષણ ક્ષેત્રે આ સરકારે કર્યા છે. એના લીધે ભારતમાં પણ ગુજરાતનું આગવું સ્થાન સ્થાપિત થયું છે. આજનો વિદ્યાર્થી એ આવતીકાલનું ભવિષ્ય છે, એ નેમને સાર્થક કરતા રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં આ સરકારે વિદ્યાર્થીઓ માટે અનેક નવી યોજનાઓ મૂકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જેના સારા પરિણામ હજારો લાખો વિદ્યાર્થીઓ મેળવી રહ્યાં છે. આ વર્ષે સંવેદનશીલ સરકારે જે બજેટ મૂક્યું છે તેમાં શિક્ષણ વિભાગ માટે ૩૨૭૧૯ કરોડની જોગવાઇ કરી છે. આ ખરેખર અભિનંદનને પાત્ર છે. મારા મત વિસ્તારમાં ગયા વર્ષે અમે માગણી કરી હતી, રાસ્કા અને સાદરામાં કન્યાઓને દૂર ભણવા જવું ન પડે તે માટે મત વિસ્તારના લોકો અને વડીલોની માગણી હતી તેના માટે માનનીય ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ અને શ્રી નીતિનભાઇ પટેલ સાહેબે બે–બે સ્કૂલોના મકાન ફાળવી આપ્યા છે અને ટૂંક સમયમાં તેનું ખાતમૂર્હુત કરવામાં આવશે. લોકડાઉનમાં વિશેષ વાત કરું તો બે મહિના પહેલાં ખેડા જિલ્લાના કઠલાલ તાલુકામાં એક વિશેષ કાર્યક્રમ થયો. માનનીય કાળુભાઇ ડાભી અહીં હાજર નથી. તેમના મત વિસ્તાર કઠલાલ તાલુકાના છીપીયાલ ગામમાં એક ઇ–લોકાર્પણ થયું. તેમાં આદરણીય નીતિનભાઇ પટેલ સાહેબ અને શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ પણ ઇ–લોકાર્પણમાં હાજર હતા. આ વખતે કાળુભાઇ ડાભી એકદમ ભાવુક થઇને લોકાર્પણમાં વાત કરી હતી. તેમના ગામની સ્કૂલ રૂપિયા ૯ કરોડના ખર્ચે એટલે પ્રાઇવેટ સ્કૂલને શરમાવે તેવું મકાન સરકારી સ્કૂલનું બનાવવામાં આવ્યું છે. આ બાબતે હું વિશેષ આભાર માનું છું. કન્યા કેળવણીને ઉત્તેજન આપવા માટે અને ડ્રોપ આઉટ રેશિયો ઘટે તેના માટે ૯૯૫૦ વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડનો લાભ આપવામાં આવ્યો છે. શ્રદ્ધેય આદરણીય મોદી સાહેબના વખતથી બેટી બચાવો બેટી પઢાઓનો જે ચીલો ચાતર્યો છે તે જ ચીલા ઉપર આ સરકાર આગળ વધી રહી છે તે બાબતે વિશેષ આભાર માનીએ છીએ. યુવા સ્વાવલંબન માટે વર્ષ ૨૦૨૦–૨૧માં રૂપિયા ૬૫ કરોડની જોગવાઇ કરી છે. ૧૯ લાખથી વધુ ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ અને ઉચ્ચતર માધ્યમિક વિદ્યાર્થીઓને નિઃશુલ્ક પાઠ્યપુસ્તકો પૂરા પાડવામાં આવશે. પહેલાંના સમયમાં આપણને ખબર છે કે, પાઠ્યપુસ્તકોથી ગરીબ વિદ્યાર્થીઓને વંચિત રહેવું પડતું હતું. આજે આ પરિસ્થિતિ બદલાઇ છે તેના માટે વિશેષ આભાર માનીએ છીએ. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ઉચ્ચ શિક્ષણના અભ્યાસ માટે વિદ્યાર્થીઓને ટ્યુશન ફી તેમજ હોસ્ટેલ ફી, ભોજન ખર્ચમાં શિષ્યવૃતિ રૂપે રાહત પૂરી પાડવા માટે રૂપિયા ૨૮૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આપણને ખબર છે તેમ સમરસ હોસ્ટેલ હોય કે બીજી હોસ્ટેલ હોય તેમાં રૂપિયા ૨૮૭ કરોડની જોગવાઇ કરી છે. દૂર સુદૂર રહેતા વિદ્યાર્થીઓ માટે એક આશીર્વાદરૂપ યોજના માટે વિશેષ આભાર માનીએ છીએ. ૧૧ લાખથી વધુ વિદ્યાર્થીઓ જે એસ.ટી. બસમાં મુસાફરી કરે છે તેમના માટે ફ્રી પાસ કન્સેશન માટે આ સરકારે ૨૦૫ કરોડની વિશેષ જોગવાઇ કરી છે. ગુજરાતના ગામડાંના પરા વિસ્તારોમાં જે તકલીફ હતી તેમાં એક કિલોમિટરથી વધુ દૂર રહેતા બાળકો છે તેને ભણવા માટે વાહન વ્યવસ્થા શરૂ કરી છે. તેના માટે સરસ નાની બસ, મીની બસ દ્વારા દૂર રહેતા બાળકો ભણવા જશે. તેના માટે રૂપિયા ૬૦ કરોડની યોજના શરૂ કરી છે. ટૂંકમાં કહું તો જે વિદ્યાર્થીઓમાં જે ટેલેન્ટ સુષુપ્ત પડ્યું છે તેવા વિદ્યાર્થીઓના સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ માટે પહેલ કરનારું આ ગુજરાત છે. ૧૪ લાખ વિદ્યાર્થીઓ માટે રૂપિયા ૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૪ પહેલાં આ દેશમાં માત્ર ૨૫૦૦થી ૩૦૦૦ પેટન્ટ થતી હતી. આજે વર્ષ ૨૦૧૪ પછી ૧૫૦૦૦ જેટલી પેટન્ટ થાય છે તે કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારને આભારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક વિશેષ માહિતી આપવી છે. માહિતી એવી મળી છે કે, સાક્ષરદર વધ્યો અને સામે પક્ષે કોંગ્રેસ પક્ષનું શું થયું એની વાત કરવા માગું છું. વર્ષ ૧૯૬૦માં ૨૮ ટકા સાક્ષરદર હતો અને ૩૭૮ સીટ લોકસભામાં કોંગ્રેસ પક્ષને મળી હતી, વર્ષ ૧૯૮૦માં ૪૩ ટકા સાક્ષરદર હતો અને ૧૬૩ સીટ લોકસભામાં મળી, વર્ષ ૨૦૦૦માં ૬૪ ટકા સાક્ષરદર હતો અને ૧૧૪ સીટ લોકસભામાં મળી અને વર્ષ ૨૦૧૯માં ૭૮ ટકા સાક્ષરદર થયો અને માત્ર ૫૨ સીટ લોકસભામાં કોંગ્રેસ પક્ષને મળી છે ત્યારે આવનારા દિવસોમાં શિક્ષણનો દર વધવાનો છે ત્યારે કોંગ્રેસ પક્ષનું શું થવાનું છે એ ચિંતાનો વિષય છે.

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર(મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે રાજયના નાણામંત્રીશ્રી બજેટ લઇને આવ્યા છે ત્યારે હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીને મારી વિનંતી છે કે, મારો તાલુકો આર્થિક રીતે ખૂબ જ પછાત છે તો સૌથી પહેલા મારા તાલુકામાં એક જી.આઇ.ડી.સી.ની સ્થાપના કરવા માટે હું વિનંતી કરું છું. કેમ કે, ત્યાં આજુ બાજુ કોઇ જી.આઇ.ડી.સી. નથી તો જી.આઇ.ડી.સી. ઉભી કરવામાં આવે તો જે યુવા બેરોજગારો છે એમને રોજગારી મળી રહે અને દૂર સુધી એમને રોજગારી માટે જવું ન પડે તો માનનીય મંત્રીશ્રીને મારી ભલામણ છે અને વિનંતી છે કે અમારા તાલુકામાં એક જી.આઇ.ડી.સી. ઉભી કરી આપે. બીજી વાત કરું મારા વિસ્તારની તો અમારા વિસ્તારમાં સ્કૂલો ખૂબ જ જર્જરિત થઇ ગઇ છે ત્યારે શિક્ષણ મંત્રીશ્રીને મારી નમ્ર અરજ છે કે, જે જર્જરિત સ્કૂલો છે એને નવા મકાનો આપવામાં આવે એવી મારી વિનંતી છે અને અત્યારે સ્કૂલોનું કામકાજ ચાલુ થઇ ગયું છે ત્યારે જે ગામોમાં બસના રૂટ ચાલુ નથી થયા ત્યાં તાત્કાલીક યુદ્ધના ધોરણે એ બસોના રૂટ ચાલુ કરાવે અને ઘણા બધા ગામોમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હોય છે તો એક બસમાં બધા વિદ્યાર્થીઓ નથી

સમાઇ શકતા તો એવા ગામોમાં બસોના બે બે રૂટ ચાલુ કરે એવી માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે. બીજી આરોગ્યની વાત કરું તો મારા તાલુકામાં ઘણાં બધા ગામોમાં સબસેન્ટરો આપવાના બાકી છે તો ત્યાં સબસેન્ટરોની વ્યવસ્થા કરે. બીજું, મારા તાલુકામાં એક સિલોડ ગામ છે એ ગામમાં જવા–આવવા માટે વચ્ચે રેલવે ફાટક આવે છે એ રેલવે ફાટક રાત્રે બંધ કરી દેવામાં આવે છે જેને કારણે રાત્રે કોઇને જવું આવવું હોય તો દસ પંદર કિલોમીટર ફરીને જવું પડે છે ત્યારે ગામમાં કોઇ ગંભીર પરિસ્થિતિ અથવા કોઇ બેનને ડિલિવરી હોય તો દૂર સુધી ફરીને હોસ્પિટલ જવું પડે છે માટે રાત્રે જે રેલવે ફાટક આખી રાત બંધ કરી દેવામાં આવે છે એ રેલવે ફાટક ખોલી આપવામાં આવે અથવા ન ખોલાવી શકાય તેમ હોય તો બીજો બે કિલોમીટરનો રસ્તો છે એ રસ્તો યુદ્ધના ધોરણે આપવા મારી નમ્ર અરજ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી પાણીની વાત કરવા માગું છું. અમારા વિસ્તારના ૪૨ ગામની પાણી પુરવઠા જૂથ યોજના છે એમાં અડધા ગામો બાકી રહી ગયા છે તો એ ગામોને પાણી મળી રહે એ માટે પાઇપલાઇનની સુવિધા કરી આપવામાં આવે. બીજી સિંચાઇની વાત કરું તો અમારે ત્યાં ખેડૂતોની જમીન સંપાદન કરીને એમને વળતર ચૂકવવામાં આવ્યું છે પણ કેનાલો બનાવવામાં આવી નથી તો જે પણ કેનાલો બાકી છે એ કેનાલો સત્વરે ચાલુ કરે અને ખેડૂતોને પાણી મળે એવી વ્યવસ્થા કરવામાં આવે. મારા વિસ્તારમાં પંચાયતો જે અલગ પડી છે એ પંચાયતોને નવા મકાન આપવા માટે મંત્રશ્રીને મારી વિનંતી છે. બીજી એક વાત કરવા માગું છું કે, જયારે કોઇ સરકારી પ્રોગ્રામ હોય ત્યારે ધારાસભ્યશ્રીને બોલાવવામાં આવતા નથી અને જયારે કોઇ પણ પ્રોગ્રામ થતો હોય અને પત્રિકામાં નામ હોય કોઇ નેઇમ પ્લેટ લગાવવાની હોય ત્યારે ધારાસભ્યશ્રીનું નામ નથી લખતા. તો આપ સાહેબશ્રીને મારી નમ્ર અરજ છે કે કોઇ પણ ધારાસભ્યશ્રીને પ્રોટોકોલ જળવાય એવી રીતે સરકારશ્રી વ્યવસ્થા કરે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું, જે ફિક્સ પગારના કર્મચારીઓ છે એમને કાયમી કરવામાં આવે. કોન્ટ્રાક્ટ બેઇઝ ઉપર જે નોકરીઓ આપવામાં આવે છે એમને કાયમી કરવામાં આવે. મહુધા આર.ઓ. પ્લાન્ટ ઘણા સમયથી બનાવીને પડી રહ્યો છે છેલ્લા દસ વરસથી તો એને ચાલુ કરવા માટે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે. બીજું, પાણી પુરવઠાની કેનાલો ઉપર જયાં રસ્તાઓ નથી એને કારણે ખેડૂતોને જવા–આવવા માટે ખૂબ જ મુશ્કેલી પડે છે તો કેનાલો ઉપર ડામર રસ્તાઓ બનાવી આપવા આપ સાહેબને મારી વિનંતી છે. બીજું મારા મહુધા તાલુકામાં ઘણાં વર્ષો પહેલા માનનીય મંત્રીશ્રી એક પુલનું ખાતમુહૂર્ત કરીને ગયેલા પણ આજ દિન સુધી એ પુલ નથી બન્યો, પુલ ન બન્યો તો કંઇ વાંધો નહીં પણ ત્યાં એક નાનો કોઝ–વે બનાવી આપે તો પણ અમારા માટે સારું છે. ખડોલથી કડી વચ્ચે, વિણાથી નથગામ વચ્ચે શેઢી નદી ઉપર અંધારી આંબલીથી ચાંપાજીની મુવાડી વચ્ચે આ ત્રણ ચાર ગામોને એક બીજા તાલુકામાં જવા માટે ખૂબ જ મુશ્કેલી પડે છે.તો નાણામંત્રીશ્રીને મારી નમ્ર વિનંતી છે કે,આ જલ્દી બનાવી આપે તો સારું છે જે લોકોને ગોળ ફરીને જવું પડે છે પંદરથી વીસ કિલોમીટર એ ન જવું પડે અને એમને અવરજવર માટે જલ્દી બ્રિજ બનાવી આપે અથવા તો કોઝ–વે બનાવી આપે.

બીજી મારી એક વાત એ છે કે, દરેક ગામોમાં જ્યોતિગ્રામ યોજનામાં ૨૪ કલાકની લાઇટ આપવામાં આવે છે પણ જે પરા વિસ્તાર છે ત્યાં જ્યોતિગ્રામ યોજનામાં ૨૪ કલાક લાઇટ આપવામાં નથી આવતી તો પરા વિસ્તારમાં જે પણ લાભાર્થીઓ રહી ગયેલા છે એમને જો ૨૪ કલાકના કનેક્શનમાં જોઇન્ટ કરી દેવામાં આવે તો બહુ જ સારી વાત રહેશે જે ગરીબો રહે છે એમના આશીર્વાદ મળશે અને જે બાળકો છે એમને જે ઝેરી જંતુઓ ત્યાં હોય છે તે ના કરડે એના માટે ૨૪ કલાક લાઇટ આપે અને એક બ્લોકમાં બે ખેડૂતભાઇઓ રહેતા હોય તો એક જ થ્રી ફેઝનું કનેકશન કૂવા માટેનું મળે છે તો બન્નેને મળે એવી કોઇ વ્યવસ્થા સરકાર કરે એવી મારી સરકારશ્રીને નમ્ર અરજ છે વધારે નહિ કહેતા આપ સૌનો ખૂબ ખૂબ આભાર.

શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇની સંવેદનશીલ સરકારના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇએ જે સુંદર બજેટ રજૂ કર્યું છે એને હું આવકારું છું અભિનંદન આપું છું. અભિનંદન એટલા માટે આપું છું કે જ્યારે સમગ્ર વિશ્વ એ કોરોના મહામારીના લીધે અનિશ્ચિત વાતાવરણમાં અને અનિશ્ચિત આર્થિક પ્રવૃત્તિઓમાં સપડાયેલ છે ત્યારે એક વિકાસશીલ બજેટ રજૂ કરીને માનનીય શ્રી નીતિનભાઇએ ગુજરાત સરકારની એક આગવી છાપ ઉભી કરી છે. ગઇકાલે નાણાંની ચર્ચા કરતી વખતે માનનીય મંત્રીશ્રી સૌરભભાઇએ જે રીતે ગુજરાત સરકારની નાણાકીય શિસ્ત છે એની સુંદર વાત કરી એના માટે એમને હું ખાસ અભિનંદન આપું છું કે ગુજરાત સરકાર કોરોના કાળ દરમિયાન પણ જે રીતે કોરોનાને માત કરવા માટે આરોગ્યની સેવાઓ સાથે તુરંત આગળ આવી અને ત્યારપછી વિકાસના કામો પણ અટક્યા નહિ. શ્રી નીતિનભાઇને ખાસ અભિનંદન આપું છું. અગાઉની સરકારોએ પગાર કરવા માટે ધર્મસ્થાનોનો આશરો લેવો પડતો હતો પરંતુ શ્રી નીતિનભાઇની સરકારે આજ સુધીમાં કોઇપણ રીતે કોઇપણ પગાર વધારા માટે કોઇ જગ્યાનો આશરો લીધો નથી એ આનંદની વાત છે. ખાસ કરીને આ બજેટમાં મારું ગામ ઉમરસાડી એનો ખાસ જેટી માટે ઉલ્લેખ કરવામાં આવ્યો છે એ માટે હું સરકારનો આભાર વ્યક્ત કરું છું અને મત્સ્યઉદ્યોગ મંત્રી શ્રી જવાહરભાઇનો પણ ખાસ આભાર માનું છું. સમગ્ર વલસાડ જિલ્લો સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના વિશ્વાસથી આગળ ચાલી રહ્યો છે અને સમગ્ર ગુજરાતમાં કહીએ તો સમગ્ર વલસાડ જિલ્લો આજે તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, ધારાસભા કે લોકસભા હોય બધેય સંપૂર્ણ રીતે ભગવામય બની ગયો છે અને એ માટે શ્રી નીતિનભાઇની જે વિકાસની અમારા વિસ્તાર માટે લાગણી છે એના માટે હું એમનો આભાર માનું છું. ખાસ કરીને શ્રી પુંજાભાઇએ ગ્રીન ટ્રીબ્યુનલના પૈસા માટેની વાત કરી કે ૩૦ કરોડ રૂપિયા જેવા જમા છે પણ એ એક સ્વાયત્ત સંસ્થા છે અને પોલ્યુશનથી થયેલા નુકસાન માટે જો કોઇ એક્શન લેવા હોય તો એ ટ્રીબ્યુનલ રિસ્ટોરેશન માટેના પગલાં પોતે જાહેર કરે છે

એમાં સરકારને કંઇ કરવાનું રહેતું નથી. બીજું, એમણે જળચર નુકસાન માટે પણ વાત કરી પરંતુ નેશનલ ઓશનોગ્રાફી એન.આઇ.એ. નો જે રિપોર્ટ છે એ બતાવે છે કે ગુજરાતના દરિયા કિનારામાં ઉદ્યોગોના લીધે કોઇ નુકસાન થયેલ નથી અને એનો સજ્જડ પુરાવો હોય તો આપણું મત્સ્ય ઉદ્યોગ ખાતું જે સૌથી વધુ નિકાસ મત્સ્યની કરે છે એ સમગ્ર ભારતમાં આપણું ગુજરાત નંબર વન છે. ખાસ કરીને શ્રી નીતિનભાઇએ બજેટ રજૂ કરતી વખતે એક સંપૂર્ણ વિશ્વાસથી વાત કરેલી કે ગુજરાતનો ખૂણેખૂણો પીવાના પાણીથી વંચિત નહિ રહે અને એના માટે આયોજન અને અમલવારી સરકારે કરી છે ખાસ કરીને પાણી પુરવઠા માટે બજેટમાં રૂપિયા ૩૯૭૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે એને હું સમર્થન આપું છું.

ભારત સરકાર દ્વારા જલ જીવન મિશન હેઠળ ગ્રામ્ય વિસ્તારના તમામ ઘરોને ૨૦૨૪ સુધીમાં નળથી પાણી આપવા માટેની નલસે જલ યોજના અમલમાં મૂકેલ છે.સદર યોજનાને વેગવંતી બનાવવા ગુજરાતના મુખ્યમંત્રીના હસ્તે રૂપિયા ૪૫૪૬ કરોડના કામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યા છે. ગુજરાત સરકાર વર્ષ ૨૦૨૨ના અંતે તમામ ઘરોને નલસે જલ આપવાનું આયોજન કરી લીધુ છે. હાલમાં ગુજરાત રાજયના ગ્રામ્ય વિસ્તારમાં ૮૨ ટકા ઘરોમાં નળથી પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે જે પૈકી ગુજરાતના આદિવાસી વિસ્તારમાં ૬૨ ટકા જેટલા ગામોને નળથી જોડાણની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રીએ પોતાના પ્રવચનમાં જણાવેલ કે સરકારે પાણી પુરવઠા માટે ભૂગર્ભ જળ પર આધાર નહીં રાખતા ૨૯૭૭ કિ.મી.નું મુખ્ય પાઇપ લાઇનનું નેટવર્ક ઉભું કરી દેશમાં સૌ પ્રથમ એવી રાજયવ્યાપી પાણી પુરવઠા ગ્રીડ ઉભી કરી છે અને તેના લીધે રાજયના ૧૩૫૭૩થી વધુ ગામોને અને ૨૦૯થી વધુ શહેરી વિસ્તારોને આવરી લઇ પાણીની સુવિધા પૂરી પાડી છે. રાજય સરકારને ખાસ અભિનંદન આપીશ કે સરકારે જે રીતે ઉદ્યોગમાં વપરાતુ પાણી અને શહેરી વિસ્તારમાં વપરાતુ પાણીને ટ્રીટેડ વેસ્ટ વોટરનો રીયુઝ કરવાની નીતિ બનાવી છે અને તેનો અમલ શરૂ કર્યો છે. જામનગર તેમજ ગાંધીનગર જેવી મહાનગરપાલિકાઓમાં ૪૪૩ એમ.એલ.ડી.ટ્રીટેડ વેસ્ટ વોટરનો રીયુઝ કરવાનું શરૂ કર્યું છે. આ માટે બજેટમાં રૂપિયા ૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પીવાના પાણીની વ્યવસ્થાને વધુ સમૃદ્ધ બનાવવા સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના ૨૭૦ એમ.એલ.ડી. ક્ષમતાના ડીશેલીનેશન પ્લાન્ટની કામગીરી પ્રગતિ હેઠળ છે. દરિયાના ખારા પાણીને મીઠું કરીને જયારે હાલમાં વાત થાય છે એ રીતે કે દુનિયાનું વિશ્વ યુદ્ધ હવે થશે તો પાણી માટે થશે ત્યારે ગુજરાત સરકાર જે રીતે આગવુ આયોજન કરી રહ્યું તે અભિનંદનને પાત્ર છે આ માટે બજેટમાં રૂપિયા ૩૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. ગુજરાત સરકાર જે રીતે પાણી વ્યવસ્થા માટેના કામ કરી રહી છે તેના માટે સુજલામ્ સુફલામ જળ યોજના અભિયાન અંતર્ગત જળ સંચય, પાણી બચાવવા ગ્રામ્ય લેવલે પીવાના પાણીના સંગ્રહસ્થાનોની સ્વચ્છતા માટે વાસ્મો દ્વારા કરાયેલ કામગીરીને સી.એન.બી.સી. એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને હું મારા મત વિસ્તાર પારડીની વાત કરું તો પારડી વિસ્તારમાં પીવાના પાણી માટે અને સમગ્ર વલસાડ જિલ્લામાં પીવાના પાણી માટે ઘણી સુંદર વ્યવસ્થા આકાર લઇ રહી છે. વલસાડ જિલ્લામાં માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને શ્રી નીતિનભાઇ અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇનો વિશેષ આભાર માનીશ કે વાપી તાલુકાના ૧૯ ગામો અને ૬ અર્બન વિસ્તારનો પીવાલાયક પાણીનો પૂરતો પુરવઠો મળી રહે તે માટે રૂપિયા ૯૫ કરોડની યોજના અમલમાં મૂકી છે અને એપ્રિલ–૨૦૨૧ના અંતે આ યોજનાનું લોકાર્પણ કરવામાં આવશે. આ યોજના માટે દમણગંગા નદી ઉપર જી.આઇ.ડી.સી.દ્વારા બાંધવામાં આવેલ નદી ઉપરથી રો વોટર લઇ સલવાવ અને તંબાડી ગામે ફિલ્ટર પ્લાન્ટ ઉભાં કરીને પાણી પૂરું પાડવામાં આવશે. આ તબક્કે ખાસ કરીને પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ જે દર ત્રણ મહિને આ બધા પ્રોજેકટોની વિઝીટ કરીને અધિકારીઓ અને લોકપ્રતિનિધિઓને સાથે રાખીને જે કામગીરી કરે છે તેમનો પણ ખાસ આભાર વ્યકત કરું છું અને બીજી યોજના મારા પારડી તાલુકાના પારડી મત વિસ્તારમાં ૪૦ ગામો અને ૩૯૮ ફળિયા માટે ૧ લાખ ૧૦ હજારની વસતિને આવરી લેતી યોજના રૂપિયા ૯૫ કરોડ ૯૦ લાખમાં આકાર લઇ રહી છે અને હાલમાં ૨૩ ટકા જેટલુ કામ પૂર્ણ થયું છે. કામની અમલવારી શરૂ થઇ છે અને તે માટે વર્ષ ૨૦૨૨માં લોકાર્પણ કરવાની તૈયારી છે. મને આનંદ થાય છે કે આપણાં લોકલાડિલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ ધરમપુર અને કપરાડા વિસ્તારને આવરી લેતી અસ્ટુલ પાણી પુરવઠા યોજનાનું ખાતમુહૂર્ત જે ૫૮૬ કરોડ રૂપિયાના ખર્ચે કર્યું હતું તેનું પણ લોકાર્પણ વર્ષ ૨૦૨૨ના અંતે થશે અભાર.

શ્રી અરવિંદ શાં. રાણા(સુરત–પુર્વ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબના નેતૃત્ત્વમાં આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે ૨૦૨૧–૨૨ના વર્ષ માટે રૂ.૨,૨૭,૦૩૯ કરોડની માતબર રકમનું બજેટ આ સન્માનનીય સભાગૃહમાં રજૂ કર્યું છે તેને હું સમર્થન આપું છું અને શ્રમ અને રોજગાર વિભાગ માટે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય દેશનું રોલ મૉડલ છે. ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ દેશ અને દુનિયામાં પ્રસિદ્ધ છે. તેના મૂળમાં દેશભરના શ્રમિકોના ખૂન–પસીના અને મહેનતનું પરિણામ છે. આજે ગુજરાત ઉજળું અને ઔદ્યોગિક ક્રાંતિમાં વિશ્વમાં નામના ધરાવે છે એમાં સૌથી વધુ યોગદાન શ્રમિકોનું છે. એટલા માટે જ શ્રમયોગીઓ માટે કહેવાય છે કે, ‘‘**हम महेनतकश इस दुनिया से जब अपना हिस्सा मागेंगे, एक बाग नहीं, एक खेत नहीं, हम सारी दुनिया**

**मांगेंगे** ।'' કોરોનાની મહામારીમાં અચાનક લોકડાઉન જાહેર થતાં સૌથી વધુ તકલીફ શ્રમિકોને ભોગવવી પડી છે. પોતાના પરિવારથી દૂર અલગ-અલગ શહેરોમાં રોજીરોટી માટે આવેલ શ્રમિકો ઔદ્યોગિક કે અન્ય વિસ્તારોમાં એક ખોલીમાં એક શિફ્ટમાં ૮થી ૧૦ લોકો રહેતા હોય છે. એવી બે શિફ્ટમાં કામ કરતાં શ્રમિકો એટલે કે એક હૉલમાં ૧૫થી ૨૦ લોકો રહેતા હોય છે પરંતુ અચાનક લોકડાઉન જાહેર થતાં કામધંધા, ઉદ્યોગ-વેપાર, ટ્રાન્સપોર્ટેશન આ બધું જ બંધ થઇ જતાંબંને શીપના શ્રમિકો એક જ રૂમમાં સાથે રહી શકતા ન હતા. આ લોકડાઉન દરમિયાન સુરત શહેર સહિત રાજ્યમાં શ્રમિકો તેમજ જરૂરિયાતમંદ ગરીબ અને સિનીયર સિટીઝન લોકો માટે સરકારશ્રી, મહાનગરપાલિકા, એન.જી.ઓ., સ્વૈચ્છિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ દ્વારા અને અમારા ધારાસભ્યો અને કોર્પોરેટર દ્વારા નિયમિત ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સિવાય મહારાષ્ટ્ર, દિલ્હી વગેરે રાજ્યમાં શ્રમિકો માટે આવી કોઇ વ્યવસ્થા ન મળવાના કારણે શ્રમિકો અને તેમના પરિવારે વતન જવા માટે સામૂહિક હિજરત કરી હતી. જેમાં ઘણા પરિવારોના એક્સિડન્ટ થયા હતા અને રેલવેની પટરી પર અરેરાટીભર્યા મોત થયા હતા. હું સલામ આપું છું મારા ગુજરાતને કે આવો કોઇ બનાવ આપણે ત્યાં બન્યો નથી. ત્રીજા તબક્કાના લોકડાઉન દરમિયાન અમારા ભાજપના પ્રદેશ પ્રમુખ અને નવસારીના સાંસદ આદરણીય શ્રી સી.આર.પાટીલ સાહેબના પ્રયત્નથી દેશમાં સૌથી પહેલાં સુરતથી શ્રમિકોને પ્લેન દ્વારા પોતાના વતનમાં મોકલવાની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ ગુજરાત રાજ્યમાં સુરત, અમદાવાદ, વડોદરા, રાજકોટ વગેરે સ્થળોએથી શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા ૧૦૦૬ જેટલી ટ્રેનો દ્વારા ૧૪,૬૪,૪૦૩ એટલે કે લગભગ ૧૫ લાખ કરતાં વધુ શ્રમિકોને આંતરરાજ્ય સ્થળાંતર કરી મજૂરોને પોતાના વતન જેવા કે યુ.પી., બિહાર, ઓરિસ્સા, ઉત્તરાખંડ, છત્તીસગઢ, ઝારખંડ, તામિલનાડુ, જમ્મુ-કાશ્મીર, કેરલા, મધ્યપ્રદેશ જેવા કુલ ૨૦ જેટલા રાજ્યોમાં સહીસલામત રીતે પહોંચાડવામાં આવ્યા હતા. તમામ શ્રમિકો ભારે હૈયે ગુજરાતના લોકોના ઋણ માથે ચડાવી વતનમાં પોતાના પરિવારને મળી ફરીથી ગુજરાતમાં આવી પોતપોતાના ધંધાના સ્થળે પરત ફરવાના વિશ્વાસ સાથે અહીંયાથી ગયા હતા. ચાર તબક્કાના ૬૮ દિવસના લોકડાઉન દરમિયાન રાજ્યના ૩૮,૩૦૭ ઔદ્યોગિક એકમો, કારખાના અને સંસ્થાઓમાં કામકાજ બંધ હોવા છતાં શ્રમતંત્રના પ્રયાસોથી શ્રમયોગીઓને રૂ.૩૧૮૩ કરોડનું વેતન ચૂકવવામાં આવ્યું હતું. હાલના બજેટમાં શ્રમ અને રોજગાર વિભાગ માટે ૧૫૦૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જેમાં મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના માટે રૂ.૫૩ કરોડની, વિદ્યાર્થીઓને વ્યવસાયલક્ષી તાલીમ આપીને જરૂરી ટુલ્સ અને ઇક્વિપમેન્ટ પૂરા પાડવા માટે રૂપિયા ૪૦ કરોડની તેમજ ભવિષ્યમાં સર્વિસ સેક્ટરનું મહત્ત્વ ખૂબ રહેવાનું છે. એમાં ખૂબ મોટી રોજગારી આવવાની છે. એને ધ્યાનમાં રાખીને આ બજેટમાં દેશમાં સર્વપ્રથમ સર્વિસ સેક્ટર માટે યુનિવર્સિટીનું નિર્માણ કરવાનો રાજ્ય સરકારે જે નિર્ણય લીધો છે એ બદલ હું આ સરકારનો ખૂબ ખૂબ આભાર માનું છું અને અભિનંદન આપું છું. એ બદલ હું આ સરકારનો ખૂબ ખૂબ આભાર માનું છું અને અભિનંદન આપું છું. ગુજરાતના વિકાસ માટે શ્રમિકો અને મજૂરો એ ખૂબ મહત્ત્વના અંગો છે. અનલોક દરમિયાન ઘણા શ્રમિકો વતનથી પાછા ફર્યા ન હતા તેવા સમયે રાજ્યના ઘણાં એકમો બંધ હતાં. શ્રમિકો અને ઉદ્યોગો એકબીજાના પર્યાય છે. શ્રમિકોના જાનમાલની રક્ષણ કરવાની જવાબદારી સરકારશ્રીની છે. મારે દુઃખ સાથે કહેવું છે કે, ગત તારીખ ૧૮મી જાન્યુઆરીના રોજ કીલ ચોકડી ખાતે પાલોદ ગામની સીમમાં કેટલાંક શ્રમિક પરિવારો રાત્રે થાકીપાકીને ઊંઘી ગયા હતાં ત્યારે પૂરપાટ ઝડપે દોડતાં ડમ્પરે ટ્રેક્ટરને ટક્કર મારવાથી કાબૂ ગુમાવતાં ડમ્પર ચાલકે ફૂટપાથ પર સૂતેલા શ્રમિકોને કચડી નાખ્યા હતાં. જેમાં ૧૫ જેટલાં શ્રમિકોના મૃત્યુ થયા હતાં અને ૮ જેટલાં શ્રમિકોને ઈજા થઈ હતી. શ્રમિક પોતાના પરિવાર સાથે રસ્તા ઉપર સુવા મજબૂર થાય એ કોઈ પણ સરકાર માટે કલંકરૂપ છે. કોઈ પણ કામદાર રસ્તા ઉપર સૂવા જ ન જોઈએ એવાં પગલા સરકારશ્રીએ ભરવા જોઈએ. કામદારો અને શ્રમિકો માટે શેલ્ટર હાઉસ બનાવાય છે પરંતુ પુરૂષો અને સ્ત્રીઓ માટે અલગ વ્યવસ્થા હોવાથી શેલ્ટર હાઉસનો ઉપયોગ થતો નથી. સ્ત્રી-પુરુષ પોતાના બાળ બચ્ચાં સાથે રહી શકે તે રીતે શ્રમિકોના પરિવારનો વિચાર કરવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટમાં સરકારશ્રીએ કારખાનાની નજીક આવાસ ઉપલબ્ધ કરાવવા માટે મુખ્યમંત્રી ઔદ્યોગિક શ્રમયોગી અને ઈન્ડસ્ટ્રીયલ હાઉસિંગ આવાસ એટલે કે MASIHA યોજના અમલમાં મૂકી છે તે બદલ આ સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. શ્રમિકો અને ઔદ્યોગિક કામદારો માટે ગો ગ્રીન શ્રમિક યોજના અંતર્ગ દ્વિચક્રી વાહન ખરીદવા માટે રૂપિયા ૧૦ કરોડની જોગવાઈ કરી છે. જેમાં વાહનની ખરીદી માટે ૩૦ ટકાની રકમ અથવા તો રૂપિયા ૩૦ હજાર એ બેમાંથી જે વધુ હોય એટલી રકમ ચૂકવવામાં આવનાર છે. શ્રમયોગીઓને સ્પર્શતા સૌથી સંવેદનશીલ લઘુત્તમ વેતન ધારાના અમલીકરણ માટે તા.૧૧/૦૧/૨૦૨૦થી તા.૩૧/૦૩/૨૦૨૦ દરમિયાન ૩૦,૮૭૦ શ્રમયોગીઓને શ્રમ વિભાગના નીરિક્ષકોની સમજાવટથી ૯૭ કરોડ ૧૧ લાખ ૨ હજાર ૪૧૮ રૂપિયાની રકમ લઘુત્તમ વેતનના તફાવત પેટે ચૂકવવામાં આવેલ તે બદલ તંત્ર ખરેખર અભિનંદનને પાત્ર છે. લોકડાઉનના કારણે પ્રવર્તતી મંદીની પરિસ્થિતિમાં વર્ષ ૨૦૧૯-૨૦માં રાજ્યના ઔદ્યોગિક એકમો અને સંસ્થાઓ દ્વારા કુલ ૮,૨૪,૫૩૧ શ્રમિકોને રૂ. ૮૮૦ કરોડ ૮૧ લાખની રકમ શ્રમ વિભાગની સમજાવટથી બોનસ તરીકે ચૂકવવામાં આવી. જે ગુજરાતના ઔદ્યોગિક વિકાસની સધ્ધરતા દર્શાવે છે. હું જ્યાંથી આવું છું ત્યાં સુરત મહાનગરપાલિકાએ પણ ખાસ શ્રમિકોને ધ્યાનમાં રાખીને શ્રમિકો પોતાના કામ ધંધે જાય અને ત્યાંથી પરત પોતાના સ્થળે આવે એના માટે મફત મુસાફરી કરવાના કાર્ડ આપીને શ્રમિકોને ખૂબ આર્થિક સહાય કરેલ છે એ બદલ પણ સરકાર ખૂબ

અભિનંદનને પાત્ર છે. રાજ્ય સરકારશ્રીએ સમગ્ર રાજ્યમાં શ્રમિકોને માત્ર ૧૦ રૂપિયામાં ભરપેટ ભોજન મળે તેવી વ્યવસ્થા કરી છે તેનો લાખો કામદારો અને શ્રમિકો લાભ લઈ રહ્યાં છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(જેતપુર–પાવી) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના નાયબ મુખ્યમંત્રી અંદાજપત્ર લઇને આવ્યા તે દિવસે થોડી ચર્ચા રહી ગઈ. મારા વિસ્તારની અને પ્રજાની જરૂરિયાત જેવાં કામો રહી ગયા છે એ તરફ ધ્યાન દોરવા માટે ઊભો થયો છું. યાત્રાધામ વિકાસની આપણે વાતો કરીએ છીએ. મારે ત્યાં ક્વાંટ તાલુકામાં હંસેશ્વર મહાદેવનું પૌરાણિક મંદિર આવેલું છે. જેના વિકાસ માટે સરકાર પ્રયત્ન કરી રહી છે પણ ત્યાં જવા માટે વર્ષ ૨૦૧૮–૧૯માં બે પુલ તુટી ગયા. આ તુટેલા પુલને ફ્લડ ડેમેજ યોજના હેઠળ સમાવેશ કરવા માટે સરકારમાં દરખાસ્ત પડતર છે. અને આ બંને પૂલ થઇ જાય તો યાત્રાળુઓને આવવા જવા માટે વ્યવસ્થા થઇ શકે. અમારા પ્રભારી મંત્રી સાહેબને પણ ખબર છે, કદાચ ભલામણ પણ કરી હશે એનો સમાવેશ કર્યો નથી એટલા માટે આપને યાદ દેવરાવું છું કે, આ બંને પૂલના પૈસાની ફાળવણી થાય અથવા લમસમ બજેટમાંથી પૈસા આપો, રસ્તો થાય. બીજી વાત એ છે કે, મારૂ શિહોલા ગામ બોર્ડર વિલેજનું ગામ છે, આ ગામની વચ્ચેથી ધામણી કોતર પાસ થાય છે. અમારા પ્રતિસ્પર્ધી ધારાસભ્ય શ્રી જયંતિભાઇ સાહેબ સચિવ હતા, તે વખતે આ દરખાસ્ત થયેલી અને એ દરખાસ્ત સરકારમાં પડતર છે. ધામણી કોતર ઉપર પાંચ ગાળાનો પૂલ, હું માનું છું કદાચ કરોડ રૂપિયા થાય, પણ એ પૂલ થઇ જાય તો મધ્યપ્રદેશના સરહદી વિસ્તારના જે ગામડાં છે એને સીધો ફાયદો થાય એવો છે. ત્રીજી વાત અમારે શિહોદ, શિથોલ, નાની બૂમડી, મોટી બૂમડી, રણભૂણ ગામ થઇને પાવાગઢને જોડતો રસ્તો છે, યાત્રાળુંઓને આવવા જવા માટે, પ્રજાને આવવા જવા માટે સીધો રસ્તો છે, આ રસ્તો ડામર કામ માટે લેવાયો છે પણ ત્યાં જે મેરીયા નદી છે, એ મેરીયા નદી ઉપર રણભૂણની નજીક પૂલ બનાવવાની જરૂર છે અને એ પૂલ બની જાય તોઅમારા આ રસ્તા ઉપર જે ટ્રાફિક થાય છે એ ટ્રાફિક પણ ઓછો થાય અને પ્રજાને એનો લાભ મળે એટલા માટે આ પુલ લમસમ બજેટમાંથી તમે કંઇક બનાવવા માટે પ્રયત્ન કરો. બીજી વાત એ છે કે, અમારી ઉચ્છ નદી ભિડોલ પાસેનો પુલ તૈયાર થઇ ગયો. આજુબાજુના જે પડખા બનાવવાના હતા, કોન્ટ્રાકટર કામ છોડીને જતા રહ્યા, ડિપાર્ટમેન્ટની ડિઝાઇનની ભૂલ હતી અને ભૂલના કારણે કામ લંબાયું, હમણાં જ કંઇક એની મંજૂરી મળી છે. ટેન્ડર કક્ષાએ કંઇ પેન્ડીંગ છે. આ ટેન્ડરો વહેલાસર બહાર પડે અને એ વિસ્તારની પ્રજાને એનો લાભ મળે.

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઇની બાબતમાં આદિવાસી વિસ્તારમાં સિંચાઇની યોજનાઓ બહુ ઓછી થાય છે. મારે ત્યાં કવાંટ તાલુકામાં રામી સિંચાઇ યોજના છે અને રામી સિંચાઇ યોજનાનો જે લક્ષ્યાંક કમાન્ડ વિસ્તાર છે, એ કમાન્ડ વિસ્તાર સુધી આજદિન સુધી પહોંચ્યું નથી અને એ પહોંચવા માટે સાયફન રીપેર કરવાની જરૂરી છે અને સાથે સાથે કેનાલોનું અસ્થિકરણ થાય તો એને પાણી મળી શકે. આ રાજય સરકારની યોજના છે. બીજી પંચાયત હસ્તકની જે યોજનાઓ છે, એ મારી ઝેર સિંચાઇ યોજના હોય કે પાદરવટ પાસેનું ભેંસા તળાવ હોય કે રહેસીમપુરા ગામ પાસેનું હળવાદ તળાવ હોય કે જામલી, ઢોલિયાનું સિંચાઇ તળાવ હોય, કેનાલોની મરામત થઇ નથી અને આ જામલી સિંચાઇ તળાવની દુઃખદ બિના એ છે કે, જંગલ ખાતાની જમીન અન્ય વિભાગને હસ્તક આપ્યા પછી પણ સો મીટર જેટલો ગાળો જે કામ કરવાનો છે, એ કામ નહીં થવાના કારણે અમારે તળાવના કાંઠે રહેવાનું અને તરસ્યા રહેવું, એવી અમારી સ્થિતિ થાય છે. આ કામ માટે જિલ્લા પંચાયતના હેડે જે કંઇ પૈસા ફાળવવાના થાય એ ફાળવીને કામ શરૂ થાય તો અમારા આદિવાસી વિસ્તારને એનો સિંચાઇનો લાભ મળે. હું જયાં રહું છું ત્યાં અમલવાટ સિંચાઇ તળાવ યોજના છે અને અમલવાટ સિંચાઇ તળાવ યોજનાનો મુખ્ય ગેટ વારેઘડિયે તૂટી જાય છે અને એ મુખ્ય ગેટ બરાબર એને સાયફન કહેવામાં આવે છે એ સાયફન રિપેરીંગ નહી થવાના કારણે પાણી લીકેજ થાય છે અને પાણી વેસ્ટ જાય છે, એમાં મારા ગામને પણ લાભ મળતો નથી. એની જે લેન્થ છે, નારકોટ સુધી લઇ જવાની, એ લેન્થનું કામ પણ પૂરું થયું નથી. જિલ્લા પંચાયતના બજેટમાં અમારા ત્યાં એની ગ્રાન્ટ ઓછી હશે, પણ હું માનું છું કે રાજય સરકારે એની કાળજી રાખવી જોઇએ. રામી સિંચાઇ અને અમલવાટ સિંચાઇ આ બંને યોજનાઓ માટે સરકાર સર્વે કરાવીને એનો લાભ મળે એવી હું વિનંતી કરુ છું. અમારા ત્યાં હેરણ નદી ઉપર લાલપુર જળાશય યોજના થવાની હતી. લાલપુર જળાશય યોજના આદિવાસીઓના વિરોધના કારણે બંધ કરવામાં આવી હતી, પણ તેના વિકલ્પે ઉપરવાસમાં હેરણ નદી, કરા નદી, દુધવાલ, છાપણ અને વિસણ આ નદી ઉપર છ જગ્યાએ વૈકલ્પિક ડેમ બનાવવાની વાત હતી, એનું સર્વે પણ થયું હતું, ગઇ વખતે પણ મેં યાદ કરાવ્યું હતું, હજુ સર્વે થયું કે ન થયું, મને ખબર નથી પણ ઉપરવાસના જે લોકેશન સરકારને આપેલ છે એ લોકેશન અમારા જામલીનું માતમ તળાવ હોય કે પછી જીલાવા ગામ પાસેની હેરણ નદી હોય કે માણવાદ પાસેની હેરણ નદી હોય કે દૂધવાલ કોતર હોય કે કરા નદીનું વજેપુર ગામ હોય, આ ગામોમાં સિંચાઇના ડેમ બનાવવા માટે જે સર્વે કામ થયું હતું એને સાંકળીને જો નાના ડેમ બનાવી આપવામાં આવે તો, સિંચાઇનો એક સારો એવો સોર્સ અમારે ત્યાં આદિવાસી વિસ્તારમાં ઉભો થશે. એને સાંકળીને જો ડેમ બનાવવામાં આવે તો સિંચાઇનો એક સારો એવો સોર્સ અમારે ત્યાં આદિવાસી વિસ્તારમાં ઉભો થશે. અમારી આ રામી સિંચાઇ યોજના છે એ રામી સિંચાઇ યોજના સુધી પહોંચવા માટે મોટી સાંકડથી ખંડીવા થઇને ઝાલાવા રસ્તો જાય છે. સિંચાઇ હસ્તકનો રસ્તો છે. ડામર કામ વર્ષો પહેલા થયું હતું હજુ થયું નથી, ડામર કામ નહીં હોય તો ચાલશે, મોટી સાંકડ ગામ પાસે એક કોતર છે અને એ કોતર તૂટી જવાથી આ ૩ ગામ ચોમાસામાં વિખૂટા પડી જાય છે અને ઘણી વખત ન કરે નારાયણ અને ડેમમાં પાણી વધારે થાય અને ડેમ તૂટે તો ત્યાંના માણસોને શીફટ કરવા હશે તો કેવી રીતે શીફટ કરવા,

એ ગામ પાસેનું કોતર છે એ કોતર ઉપર નાનો કોઝવે છે, અને કોઝવેને બદલે ઉંચી હાઇટ વાળો પુલ બનાવે તેવી ડિમાન્ડ છે આના પૈસા સિંચાઇ વિભાગ ખર્ચ કરે તેવી મારી વિનંતી છે.

દવાખાનાની બાબતમાં ચર્ચા કરું તો અમારે ત્યાં કવાંટ તાલુકામાં રંગપુર ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલું છે અને આ કેન્દ્રને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં કન્વર્ટ કર્યું છે. સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં કન્વર્ટ કર્યું તે સારું છે પણ ત્યાં આ કેન્દ્ર બનવાથી નજીકના ગામડાં, બે પાંચ ગામને જ ફાયદો થાય છે તેનું સ્થળ ફેરફાર કરવા માટે માનનીય મંત્રીશ્રીને પણ લખ્યું છે અને આરોગ્ય વિભાગના સચિવને પણ લખ્યું છે તેની તપાસ પણ થઇ છે, અમે જયાં સ્થળ ફેરફાર કરવા માગીએ છીએ તે ખાટેવાડ ગામ જે ચાર રસ્તા પરનું ગામ છે અને ત્યાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર બનાવવામાં આવે તો....

સભાપતિશ્રી : શ્રી સુખરામભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : જી, એક જ મિનિટ લઇશ. સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાટેવાડ ગામમાં બનાવવામાં આવે તો પાવી જેતપુર તાલુકાના ગામડાંને પણ ફાયદો થઇ શકે તેમ છે. સરકાર રાજકીય મત મતાંતર દૂર કરીને ખાટેવાડ ગામે સામૂહિક આરોગ્ય કેન્દ્ર અમારા આદિવાસીઓને આપે એવી વિનંતી કરું છું.

શ્રી પ્રવિણભાઇ મ. ઘોઘારી(કારંજ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ સાહેબ ૨૦૨૧-૨૨ના વર્ષનું બજેટ લઇને આવ્યા છે તેને હું આવકારું છું અને સમર્થન આપું છું. હું મારા વકતવ્યની શરૂઆતમાં સૌ પ્રથમ તો અમારા સુરત શહેરના હાલ ચાલી રહેલ તથા થનાર મુખ્ય પ્રોજેકટનો ઉલ્લેખ કરી માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીનો આભાર પ્રગટ કરી શરૂઆત કરવા માગું છું.

જેમ કે અમારા સુરતમાં હાલ અત્યંત મહત્વાકાંક્ષી એવા મેટ્રો રેલ પ્રોજેકટ, પ્રથમ સ્ટેજની કામગીરીની શરૂઆત પુર જોશમાં થઇ ગયેલ છે. સાથે સાથે આવનારા દિવસોમાં તાપી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ, તાપી પરનો કન્વેઝીંગ બેરેજ,હાઇ સ્પીડ રેલ, તેમજ સુરત રેલવે સ્ટેશનનું નવીનીકરણના કાર્યો પ્રારંભ થઇ ચૂકયા છે ત્યારે હું આપના લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબનું અભિવાદન કરું છું. તેમજ અમારા સુરત શહેરના બીજા પણ ઘણા બધા વિકાસના કાર્યો માનનીય સાહેબશ્રીની વિકાસશીલ સરકારના નેજા હેઠળ જલદીથી પૂર્ણ થશે એવી મને ખાતરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાણ અને ખનીજ વિભાગની વાત કરું તો ઇ-હરાજી મારફત ખનીજ વિકાસ અને વહીવટ સંદર્ભે માનનીય સુપ્રીમ કોર્ટના ચુકાદાને આધિન કુદરતી સ્ત્રોતની ફાળવણી યોગ્ય રીતે પારદર્શક, સ્પર્ધાત્મક અને બિન ભેદભાવ યુકત રીતે કરવામાં આવે આ પ્રકારના ન્યાયતંત્રના નિર્ણયને હું આવકારું છું. માનનીય નામદારશ્રીના ચુકાદાને નજર સમક્ષ રાખી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના વડપણ હેઠળની કેન્દ્ર સરકારે પણ બહુજન હિતાય, બહુજન સુખાય આ યુક્તિને સાર્થક કરી ઉક્ત ચુકાદાને ધ્યાને રાખી તમામ ખનીજોની ઇ-ઓકશનથી નિકાલ કરવાનો કાયદો કરી અને તેની જોગવાઇ અને તેને આનુષંગિક ઓકશન રૂલ્સ પ્રસિદ્ધ કરેલ છે તે આવકાર્ય છે અને અભિવાદનને પાત્ર છે. ગુજરાત સરકારના સંવેદનશીલ તેમજ ઉત્તમથી સર્વોત્તમની દિશામાં વિકાસને આંબવાના લક્ષ્યને સાકાર કરવા મથામણ કરતા માનનીય મુખ્યમંત્રીશ્રી તેમજ નાયબ મુખ્યમંત્રીશ્રી ગુજરાતના સર્વાંગી અને સમતોલ વિકાસની સાથો સાથ શ્રમજીવી હોય કે છેવાડાના માનવીની ચિંતા સેવી પ્રતિ વર્ષ બજેટમાં જોગવાઇ કરનાર માનનીય નીતિનભાઇ પટેલ સાહેબની સરકાર દ્વારા પણ ઉકત ચુકાદા અને કાયદા અનુસરીને નિયમો ઘડવામાં આવ્યા છે. એટલું જ નહીં પણ વર્ષ ૨૦૧૭થી તેને કાર્યરત પણ કરવામાં આવ્યા છે. જે સરાહનીય બાબત લેખી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, ઇ-ઓકશન પદ્ધતિધ્યાનમાં રાખીને રાજય સરકારશ્રીએ વિવિધ ખનીજ સભર વિસ્તારમાં સરવે કરીને ખનીજ સંશોધન કરવા તેનો ભૂસ્તરીય અહેવાલ તૈયાર કરવાની કામગીરી તેમજ ત્યારબાદ સરકાર દ્વારા બહોળો પ્રસિદ્ધિ ધરાવતા સમાચાર પત્રોમાં ઇ-હરાજી માટે ટેન્ડરીંગ પ્રક્રિયા કરવામાં આવે છે. જે હરાજી બે તબક્કામાં કરવામાં આવે છે. આ પ્રકારની પારદર્શિતા પ્રક્રિયાને આવકારું છું. એને કારણે વચેટીયાઓનું આધિપત્ય નેસ્તનાબુદ થઇ જશે એને પણ હું એટલું જ આવકારું છું. ઇ-ઓકશન પદ્ધતિથી જેમ ટેન્ડરની પ્રક્રિયા સરળ અને પારદર્શક છે તેજ પ્રકારે સફળ હરાજી બાદ બ્લોક અને લીઝની ફાળવણીની કાર્યવાહી માટે જરૂરી અપેક્ષિત દસ્તાવેજો એ તબક્કામાં અફરન પેમેન્ટ વગેરે પ્રક્રિયા સંતોષકારક જણાય તો જ કરાર ખત કરીને લીઝની નોંધણી કરવાના નિયમો કરવામાં આવ્યા છે તે આવકાર્ય છે. ગુજરાતમાં અનુસૂચિત જનજાતિ હોય કે અનુસૂચિત વિસ્તારના રહેવાસી હોય તો તેને વિશેષ પ્રાધાન્ય આપીને અંતરીયાળ અને આદિવાસીઓને રોજગારીની તક મળે એવા ઉમદા હેતુથી અનુસૂચિત ક્ષેત્રમાં કવોરી લીઝની ફાળવણી માટેની વિશેષ જોગવાઇ જે કરવામાં આવી છે તેને હું આવકારું છું. આ પ્રકારના સરકારશ્રીના અભિગમને કારણે ગુજરાતનો આદિવાસી પગભર બનશે અને એનું જીવન ધોરણ પણ ઉંચું આવશે તેવું મારું માનવું છે. ગુજરાત સરકાર દ્વારા સફળ ગઠિત નિયમ પારદર્શિતા અને કાર્ય પદ્ધતિ અને સરળતાપૂર્વક હરાજી કરાવેલ અને બ્લોકને કારણે ખનીજમાં ૧૭૮૦ બ્લોક આઇડેન્ડિફાઇ કરેલા છે. વર્ષ ૨૦૧૮થી આજ પર્યંત કુલ ૧૧ તબક્કામાં ગૌણ ખનીજના ૧૩૨૦ બ્લોક હરાજી માટે મૂકવામાં આવેલા એ પૈકી કુલ ૨૧૭ બ્લોક શિડયુલ વિસ્તાર પૈકી છે. ઉપરોકત પ્રક્રિયાને કારણે રાજય સરકારને અફરન પેમેન્ટ તેમજ અન્ય આવકની સાથે સાથે આગામી ૩૦ વર્ષમાં રોયલ્ટી તેમજ ઓકશન પ્રિમિયમની આવક કરોડોમાં થશે જે અભિનંદનને પાત્ર છે. કેન્દ્ર સરકારના પર્યાવરણ અને જંગલ ખાતામાં

નોટિફિકેશન આધારિત ખાણની પ્રક્રિયા પૂર્વે ઇસી મેળવવાનું ફરજિયાત છે એના કારણે અરજદાર ઇસી મેળવવામાં અન્ય મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર વિશ્વ કોરાના કાળની અંદર સપડાયો છે ત્યારે આવા કપરા સમયની અંદર અડીખમ ગુજરાતને નવી ઉંચાઇએ લઇ જવા માટે આપણા નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ રૂપિયા ૨,૨૦,૦૦૦ કરોડનું જેન્ડર બજેટ લાવીને આ અડીખમ ગુજરાતને ઉંચાઇએ લઇ જવા માટે જે પ્રયત્ન કર્યા છે એના માટે હું અભિનંદન આપું છું અને આજના અંદાજપત્ર પરમારા વિચારો રજૂ કરું છું.

ગુજરાતની અંદર ૧૬૦૦ કિલોમીટરનો મોટો લાંબો દરિયા કિનારો છે. અને આખા દેશની અંદર આટલો મોટો દરિયા કિનારો કોઇ રાજયમાં નથી ત્યારે આ રાજયની અંદર લગભગ ૩,૮૫,૦૦૦ હેકટર જેટલી જમીનો જે ખારાપાટની અંદર આવેલી છે દરિયા કિનારાની જમીનો છે. એની અંદર લગભગ ૧,૯૫,૦૦૦ હેકટર જેટલી જમીન જે ભાભરા પાણીના જિંગાના ઉછેર માટે આ જમીનનો ઉપયોગ કરવામાં આવે છે. આ પૈકી એ જમીનની અંદર હાલમાં ખાલી દસ ટકા જમીન આ ભાભરા પાણીના જિંગા માટે અત્યાર સુધીમાં ફાળવવામાં આવી છે. આ જમીન જો વધુ પ્રમાણમાં ફાળવવા આવે તો લોકોને ખૂબ મોટા પ્રમાણમાં આનો લાભ મળી શકે તેમ છે અને સામાન્ય લોકોને પણ રોજીરોટી મળવાનું એક સાધન મળશે. વર્ષ ૨૦૧૦-૧૧ પછી આ જમીનમાં કોઇ પણ રીતની ફાળવણી કરવામાં આવી નથી અને એના કારણે દરિયા કિનારાના લોકો જેને મજબૂરીથી જિંગાના તળાવો ગેરકાયદેસર કરવા માટે મજબૂર બનવું પડ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને આનંદ પણ થાય છે કે વર્ષ ૨૦૧૯માં મેં ઓલપાડમાં એક જ સ્ટેજ ઉપરથી ૮,૦૦૦ વિધવા બહેનોને એક જ જગ્યાએથી મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબના હસ્તે ઓર્ડર અપાવ્યો હતો અને એશિયા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડની અંદર અને ગોલ્ડન બુક રેકોર્ડમાં એક દિવસે ઓર્ડર આપ્યો હતો. મને દુઃખ એ વાતનું થાય છે કે મારા વિસ્તારની અંદર આટલી બધી વિધવા મહિલાઓ કેમ? તેમાં જોઇએ તો મારા ૧૭ ગામો છે એ દરિયા કિનારે આવેલા છે. ત્યાં કોઇ રોજી-રોટીનું સાધન ન હતું. પહેલાં એમ કહેવાતું હતું કે આ દૂધ, દારૂ અને દરિયા પર જીવવાવાળું ગામ હતું.દરિયા કિનારો ૧૦-૧૫ કિલોમીટર અંદર ચાલ્યો જવાથી લોકોને રોજી-રોટી બંધ થઇ ગઇ હતી. તેના પછી પૂરતા પ્રમાણમાં વરસાદ ન પડવાથી ત્યાં ઘાસચારો ન થવાથી લોકો ગાયો, ભેંસો રાખતા બંધ થઇ ગયા હતા અને ત્યાં પુષ્કળ પ્રમાણમાં દારૂ ગળાતો હતો. આજે પણ તમે વર્ષ ૨૦૦૭ પહેલાંનો રેકર્ડ કાઢો. ગુજરાતમાં મારા પહેલાંના પણ જે ધારાસભ્ય હશે તેની પાસે મહિનાના ૧૦થી ૧૫ પાસાના પેરોલ માટેની ઘણી બધી અરજીઓ આવી હશે. વર્ષ ૨૦૦૭-૦૮ પછી લોકો ધીરેધીરે આ ધંધાની અંદર વળવાથી આજે ત્યાં દારૂનું પ્રમાણ ઝીરો થઇ ગયું છે. કોઇ લોકો દારૂ વેચવા માટે મજબૂર ન થાય. મજબૂરીથી વેચતા હતા. ૧૭ ગામ છે. લવાછા ગામની અંદર૨૧૨ વિધવા છે, તેની પાસે ૨૧ તળાવ છે. સરસ ગામ છે તેમાં ૧૧૩ વિધવા છે તેની પાસે ૧૧ તળાવ છે. મોર ગામની અંદર ૫૧૩ વિધવા છે, તેની પાસે ૧૩૧ તળાવ છે. મંદરોઇ ગામની અંદર૫૪ વિધવા છે, તેની પાસે ૨૨ તળાવ છે. ભગવા ગામની અંદર૪૨ વિધવા છે, ૧૮ તળાવ છે. દાંડી ગામની અંદર૨૪૦ વિધવા છે, ૧૩૦ તળાવ છે. કોબા ગામની અંદર ૭૯ વિધવા છે, ૧૭ તળાવ છે. કુડીયાણા ગામની અંદર૮૪ વિધવા છે, ૯ તળાવ છે. કુવાદગામની અંદર ૩૭ વિધવા છે, ૪ તળાવ છે. હાથીસા ગામની અંદર૧૮ વિધવા છે, ૫ તળાવ છે. કપાસી ગામની અંદર૧૯ વિધવા છે, ૯ તળાવ છે. ઓરમા ગામની અંદર ૫૫ વિધવા છે, ૪ તળાવ છે. પારડી જાખળી ગામની અંદર૧૪૩ વિધવા છે, ૬ તળાવ છે. તેના ગામની અંદર ૭૪ વિધવા છે, ૧૨ તળાવ છે. આમ, દરિયા કિનારાના વિસ્તારમાં ૧૭૬૦ વિધવા છે અને ૪૨૩ તળાવ છે. સાહેબ, અત્યારે ત્યાંના આર.ટી.આઇ. એક્ટીવીસ્ટે અરજી કરીને આ લોકોને જિંગાના માફિયાઓ તરીકે ચીતરવામાં આવ્યા છે. બેન બિચારી વિધવા બની છે અને જિંગાના માફિયા ચીતરવામાં આવ્યા છે. પેપરમાં મોટા અક્ષરે હેડીંગ લખવામાં આવ્યા કે જિંગાના માફિયાઓએ જમીન પર કબજો કર્યો છે. માનનીય નીતિનભાઇ પટેલ સાહેબ મારી સાથે રૂપિયા ૧૦૦ કરોડના એક બ્રિજનું ઉદ્‌ઘાટન કરવા આવ્યા હતા. સાહેબને ઉભા રાખીને તળાવો બતાવ્યા હતા. ત્યાંના જ લોકો હોય તો તેનેરોજી-રોટી માટે રહેમરાહે રેગ્યુલરાઇઝ કરી આપો. ૧૭૬૦ વિધવાના ૪૨૩ તળાવો હોય અને તેના ઉપર પણ પોલીસ કેસ કરવામાં આવે. અહીં ગૃહમંત્રી સાહેબ પણ બેઠાં છે. ક્યારેય પણ લેન્ડ ગ્રેબીંગનો કેસ ન કરતા. બિચારી વિધવા બાઇઓ છે. આજે શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબના લીધે ૧૨૫૦ રૂપિયા તેમને ગુજરાત સરકાર તરફથી મળે છે. ત્યાંના લોકોનો સરવે કરીને ત્યાંના લોકોને રોજી-રોટી મળે તેના માટે આપના થકી હું સરકારને વિનંતી કરું છું. તેના માટે સરકારે એક નીતિ બનાવી છે કે તેમાં જમીન ફાળવણીની જે વ્યવસ્થા કરી છે તેમાં ૩૦ ટકા જમીન વ્યક્તિગત આપવામાં આવે છે. ૧૦ ટકા જમીન સખી મંડળને આપવામાં આવે છે. આ નિર્ણય સરકારનો સારામાં સારો નિર્ણય છે. તેમાં ૨૦ ટકા જમીન છે એ સહકારી મંડળી, જેવી રીતે ઉદ્વહન મંડળી બનાવે તેને આપવામાં આવે છે અને ૩૫ ટકા જમીન છે એ પ્રાઇવેટ કંપનીને ઓકશનથી આપવામાં આવે છે. સાહેબ, તેમાં મારો વિરોધ છે. પ્રાઇવેટ કંપનીને ઓક્શનથી આપવામાં આવે તો લોકલ લોકોને લાભ મળતો નથી. ઓક્શનમાં બહારની જ કંપની આવે. ટાટા જેવી કંપની આવે અને ઓક્શનમાં લઇ જાય છે. મારી સરકારને એટલી વિનંતી છે કે ઓક્શન કરો પણ જિલ્લા પૂરતું મર્યાદિત કરીને. જિલ્લાની અંદર જે પણ પ્રાઇવેટ કંપની હોય તેને મર્યાદિત કરીને ઓક્શન કરે તેના માટે હું સરકારને વિનંતી કરું છું કે ત્યાંના લોકલ લોકોને લાભ મળે. જે એમ્પાવર કમિટીની રચના કરી છે એમાં પાંચ જણાને પાવર છે, કલેકટર, જિલ્લા મત્સ્યોઉદ્યોગ અધિકારી, ખેતી અધિકારી, સમાજ કલ્યાણ અધિકારી અને પ્રાંત અધિકારી છે. આપના થકી એટલી વિનંતી કરું

છું કે એમાં પ્રભારી મંત્રી હોવા જોઇએ, એમાં સાંસદ હોવા જોઇએ, ધારાસભ્ય હોવા જોઇએ જેથી લોકલ લોકોને નિર્ણય મળે એવી હું આપના થકી હું વિનંતી કરું છું.

શ્રી રાજેશકુમાર હ. ગોહિલ(ધંધુકા) : માનનીય અધ્યક્ષશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી સને ૨૦૨૧-૨૨નું બજેટ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે નર્મદા કેનાલના કામ લગભગ સંપૂર્ણ પૂરા થવાના આરે છે ત્યારે મારા મત વિસ્તારની પેટા કેનાલો, માઇનોર કેનાલો અને ડીસ્ટ્રીકટ કેનાલોના કામ ખૂબ જ મોટા પ્રમાણમાં બાકી છે. જે તાત્કાલિક પૂર્ણ થાય અને ધોલેરા અને ધંધુકા વિસ્તારમાં અંડર ગ્રાઉન્ડ પાઇપલાઇન નાખવામાં આવી છે. આ પાઇપલાઇન નાખ્યાને ત્રણ વર્ષથી વધુ સમય થયો પણ હજી સુધી એમાં પાણી આપવામાં આવ્યું નથી અને આ પાઇપલાઇન નાખવામાં ખૂબ જ મોટા પાયે ભ્રષ્ટાચાર થયો છે. પાઇપની આજુબાજુમાં રેતી નાખવાની હોય છે એ રેતી નાખવાને બદલે ડાયરેકટ માટી પૂરી અને કામગીરી કરવામાં આવી છે જેની મેં વર્ષ ૨૦૧૮માં રજૂઆત કરી છે પણ આજ દિન સુધી હજી કોઇ તપાસ થઇ નથી તો આ અંગે તપાસ થાય એના માટે માનનીય મંત્રીશ્રીને મારી રજૂઆત છે. બહારની કેનાલમાં જે ડીસ્ટી બનાવી છે એમાં પાણી આપ્યા વગર આ બધી કેનાલો ધોવાઇ ગઇ છે તો આ કેનાલો તાત્કાલિક રિપેર થાય અને એમાં પાણી મળે એવી મારી રજૂઆત છે. માનનીય મંત્રીશ્રીએ સૌની યોજનાથી તળાવો ભરવાની વાત કરી છે ત્યારે અમારા બોટાદ તાલુકાના રાણપુર જિલ્લામાં અળુગામ આવેલ છે ત્યાં સૌની યોજનાની લીંક-૨થી જોઇન્ટ કરી આ તળાવો ભરવામાં આવે તો આઠથી દસ ગામોને પીવાના પાણી અને સિંચાઇના પાણી મળી રહે તેમ છે. આરોગ્યની બાબતમાં વાત કરું તો અમદાવાદથી ધંધુકા સો કિલોમિટર દૂર થાય છે. મેં આ અગાઉ પણ રજૂઆત કરેલી કે ધંધુકાની રેફરલ હોસ્પિટલને સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલનો દરજ્જો આપવામાં આવે તો નિષ્ણાત ડોકટરોની સારવાર ત્યાં મળી રહે પણ હજી સુધી એ જોગવાઇ થઇ નથી તો એના માટે ઘટતું કરવામાં આવે જેથી નિષ્ણાંત ડોકટરો અમને ત્યાં અને ત્યાં મળી રહે અને તેમની સેવાઓ પણ ત્યાં મળી રહે. મારા મત વિસ્તાર ધંધુકા, ધોલેરા, રાણપુર અને બરવાળા એમ ચાર તાલુકા છે એ ચાર તાલુકામાં માત્ર ધંધુકામાં જ એક ગ્રાન્ટેડ કોલેજ છે, અને બળવાળાની અંદર એક આર્ટસ કોલેજ છે એની અંદર એક માત્ર પ્રધ્યાપક છે તો આ કોલેજમાં અભ્યાસ કેવી રીતે થાય?સરકારી એક પણ કોલેજ નથી જયારે ધોલેરા જેવું વિકાસ પામી રહ્યું છે એસ.આઇ.આર. ત્યારે આ વિસ્તારની અંદર સરકારી આર્ટસ, કોમર્સ, સાયન્સ અને પોલિટેકનિક કોલેજો ચાલુ કરવામાં આવે તેવી વિનંતી કરું છું. ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી વારસાગત સ્કૂલોનો વિકાસ કરવાની વાત જયારે બજેટમાં કરી છે ત્યારે ધંધુકાની બિરલા એન્ડ હરજીવનદાસ હાઇસ્કૂલ છે જે ૧૩૨ વર્ષ જૂની છે તેને હેરીટેજ હાઇસ્કૂલમાં સમાવેશ કરવામાંઆવે અને એનો વિકાસ કરવામાં આવે તો ઐતિહાસિક વારસો પણ જળવાઇ રહે.

માનનીય મંત્રીશ્રી કદાચ એમાં ભણ્યા હોય, હું પણ એ સકૂલમાં ભણ્યો છું ત્યારે મારી નમ્ર વિનંતી છે સરકારને કે હેરીટેજ સ્કૂલમાં એનો સમાવેશ કરવામાં આવે. નગરપાલિકામાં ભૂગર્ભ ગટરની કામગીરી અમારા ધંધુકામાં કરવામાં આવી છે ત્યારે પીવાના પાણીની લાઇન ખૂબ જ મોટા પ્રમાણમાં નુકસાની પામેલ છે.દરેક બજેટ સત્રમાં હું રજુઆત પણ કરું છું કે ધંધુકામાં ૩૫ વર્ષથી વધુ જુની પાણીની લાઇન છે તો આ જૂની લાઇન બદલી અને ધંધુકામાં નવું પાણીનું નેટવર્ક ઉભું થાય અને વર્ષ ૨૦૧૬માં ફીલ્ટર પ્લાન્ટ બનાવવામાં આવેલ છે એ ફીલ્ટર પ્લાન્ટ આજ દિન સુધી ચાલુ થયેલ નથી તો આ ચાલુ થાય અને પીવાનું શુદ્ધ પાણી મળે એના માટે ઘટતું કરવા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરુંછું. મારા મત વિસ્તારના બરવાળા તાલુકાના ખાંભડા ગામમાં વર્ષ ૨૦૦૯-૧૦ના ગરીબ કલ્યાણ મેળામાં તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે પ્લોટની સનદો ફાળવી છે. પરંતુ આજદિન સુધી આ લાભાર્થીઓને ૬૬ પ્લોટ સ્થળ ઉપર આપવામાં આવ્યા નથી. વારંવાર મેં સંકલનમાં રજૂઆત કરી છે તો લાભાર્થીઓને પ્લોટ તાત્કાલિક મળે અને મકાન પણ સરકારશ્રી આપે એવી વિનંતી છે. ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારોની વાત કરવામાં આવે છે ત્યારે મારા મત વિસ્તારનું રાણપુર શહેર છે જયાં ગ્રામપંચાયત છે, વસ્તી આધારે નગરપાલિકા નથી પરંતુ શહેર મોટું હોવાને કારણે સફાઇ અને અન્ય કાર્મચારીઓની વધારે જરૂરિયાત હોય છે ત્યારે આ ગ્રામ પંચાયતને વધુ આર્થિક સહાય અને સાધનોની સહાય આપવામાં આવે તેવી વિનંતી કરું છું.

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા વિભાગના માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારો ટેકો આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર નર્મદા યોજનાના કામો પૂર્ણ કરવા અને કેનાલો પૂરી કરવામાં જે ઝડપ લાવી છે અને પ્રયત્નો કર્યા છે એ ખૂબ અભિનંદનને પાત્ર છે. નર્મદા આપણા ગુજરાત માટે, ગુજરાતના દરેક વ્યક્તિ માટે જીવાદોરી સમાજ છે. આજે પણ હરિયાળી ક્રાંતિ જો કોઇ રાજ્યમાં લાવ્યો હોય તો એ આપણો નર્મદા યોજનાનો પ્રોજેક્ટ છે. ડેમના દરવાજા બંધ થતાં ડેમની ઉંચાઇ ૧૩૮.૬૮ મિટર સુધી થતાં જળાશયના કુલ ૭.૬૭ મિલિયન એકર ફીટ એટલે કે ૩ મિલિયન એકર ફીટ ડેડ સ્ટોરેજ અને ૪.૬૭ મિલિયન એકર ફીટ જીવંત સંગ્રહપાણીનો જથ્થો સંગ્રહ કરવાની ક્ષમતા થઇ. આમ, જીવંત સંગ્રહ શક્તિ ૧.૨૭ મિલિયન એકર ફીટથી વધીને ૪.૭૩ મિલિયન એકર ફીટ થતાં આશરે ૩.૭૫ જેટલી વધેલ છે. જેના લીધે ૬.૮ લાખ હેકટર વિસ્તારમાં સિંચાઇ માટે પાણી ઉપલબ્ધ કરી શકાય તેમ છે. વધુમાં, ડેમની ઉંચાઇ વધતાં જળ વિદ્યુત ઉત્પાદન માટે પણ ૪૦ ટકા વધારો થયો છે. આજે ખેડૂતોની વાત ચાલતી હોય, ખેડૂતોના હિતની વાત ચાલતી હોય, ખેડૂતો માટેના પ્રશ્નોની વાત ચાલતી હોય તો હું માનું છું કે, જ્યારે નર્મદાની માગણીની વાત ચાલતી હોય તો નર્મદા ખેડૂતો માટે શું છે એ પ્રત્યેક

નાગરિકને ખબર છે. અમારા મધ્ય ગુજરાતમાં સરદાર સરોવર નર્મદા યોજના તબક્કા–૧ હેઠળ કુલ ૪ લાખ ૪૬ હજાર ૬૦૯ હેક્ટર પિયત વિસ્તારનો સમાવેશ થાય છે. જેમાં નર્મદા જિલ્લાના ૧૨૫ ગામોની ૧૮,૮૭૩ હેક્ટર, છોટા ઉદેપુર જિલ્લાના ૧૯૭ ગામોની ૩૯,૨૨૬ હેક્ટર, વડોદરા જિલ્લાના ૫૮૧ ગામોની ૨ લાખ ૧૮ હજાર ૮૯૭ હેક્ટર, ભરુચ જિલ્લાના ૨૮૧ ગામોની ૧ લાખ ૬૫ હજાર ૮૮૮ હેક્ટર અને પંચમહાલ જિલ્લાના ૧૭ ગામોની ૩,૭૨૫ હેક્ટર પિયત વિસ્તારનો સમાવેશ થાય છે.ચોમાસુ પૂરું થાયઅને ઊનાળા સુધી દરેકને એવું હોય કે નર્મદાનું પાણી સતત ચાલુ રહે અને નર્મદાના પાણીથી ખેડૂતો પાક લઇ શકે. દરેક સિઝન લઇ શકે અને એની આવકમાં વધારો થાય.ભારતીય જનતા પાર્ટીની આ સરકાર જે રીતે નર્મદાના પ્રોજેક્ટને આગળ વધારી રહી છે અને છેક સૌરાષ્ટ્ર અને કચ્છ સુધી દરેક ખેડૂતને એનો લાભ મળી રહ્યો છે ત્યારે આ પ્રસંગે સરકારના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને શ્રી નીતિનભાઇ પટેલને અભિનંદન આપું છું. સાથોસાથ સરદાર સરોવર નર્મદા યોજના તબક્કા–૧ હેઠળ નર્મદા મુખ્ય નહેર સાંકળ–૦૦ થી ૧૪૪.૫૦ કિ.મિ. વચ્ચે કુલ ૧૪ શાખા નહેરો નીકળે છે. આ શાખા નહેરોમાંથી ૧૧ નહેરો ઉદ્ભવે છે અને આ શાખા નહેરો અને પેટા શાખા નહેરોમાંથી કુલ ૨૦૩ વિશાખા નહેરો અને ૧૨૧૦ જેટલી માઇનોર નહેરો અને ૮૦૮૦ સબ માઇનોર નહેરો ઉદભવે છે. નહેરોના માળખાના કામોની કામગીરીનો ખૂબ મોટો વ્યાપ હોવા છતાં રાજ્ય સરકાર દ્વારાસમયસર શ્રેણીબધ્ધ પગલાં લેવાના કારણે ફેબ્રુઆરી–૨૧ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજના તબક્કા–૧ના વિસ્તારમાં નહેર માળખાના કામો મહદઅંશે પૂર્ણ થયેલ છે.જેમાં મુખ્ય નહેર અને શાખા નહેરો અને વિશાખા નહેરોના તમામ કામો પૂર્ણ થયેલ છે. જ્યારે પ્રશાખા નહેર અને પ્રપ્રશાખા નહેરોના કામો પૂર્ણ થવાના આરે છે. ટકાવારીની દ્રષ્ટિએ પ્રશાખા નહેર અને પ્રપ્રશાખા નહેરોના ૯૯ ટકા કામો પૂર્ણ થયેલ છે. આનો લાભ પિયત વિસ્તારના ખેડૂતોને મળી રહ્યો છે. સરદાર સરોવર નર્મદા યોજના તબક્કા–૧ હેઠળ કુલ ૪ લાખ ૪૬ હજાર ૯૦૧ હેક્ટર વિસ્તાર પૈકી ૪ લાખ ૩૩ હજાર ૨૦૦ હેક્ટર વિસ્તાર માઇનોર નહેર સુધી અને સબ માઇનોર નહેર સુધી ૩ લાખ ૪૫ હજાર ૧૮૭ હેક્ટર વિસ્તાર વિકસિત થયેલ છે.વિકસિત થયેલ વિસ્તારમાં ઉત્તરોત્તર વધારો થયેલ છે.જેના લીધે લાભાર્થી ખેડૂતોના વાર્ષિક ઉત્પાદનમાં અને આવકમાં વધારો થતાં જીવન ધોરણમાં પણ સુધારો થઇ રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક વાત કહું કે નર્મદાની વાત કરીએ ત્યારે આ જળસંપત્તિની માગણીની વાત છે ત્યારે હું પણ એક માગણી કરી લઉં. તારીખ ૧૫મી માર્ચથી નર્મદાનું પાણી બંધ થતું હોય છે. ગુજરાતની આ ભારતીય જનતા પાર્ટીની સરકાર ખેડૂતોના હિતની કાયમ કાળજી રાખતી સરકાર આ વખતે પણ મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને મારી રજૂઆત છે કે ૧૫મી માર્ચ પછી પણ ખેડૂતોને પાણી મળે અને સમયસર ખેડૂતો એનો લાભ લઇ શકે એવી મારી વિનંતી છે. સાથે સાથે બીજી એક વસ્તુ એ છે કે જ્યારે કામ ચાલુ થાય છે ત્યારેપાણી ચાલુ હોય છે એ સમયે સરકાર ખૂબ ચિંતત હોય છે કે ખેડૂતોને પાણી મળે. જે વખતે કામ થતા હોય ત્યારે ટેન્ડરિંગની પ્રક્રિયા અધિકારીઓ કરતા હોય છે ત્યારે કાળજી એવી રાખવાની છે કે પાણી સિઝનની અંદર જ ખેડૂતોને મળે, તે વખતે કાંપ સાફ કરવાના કામ ના ચાલે અને પાણીના સમયની એટલા માટે પૂરેપૂરી કાળજી રાખવાની જરૂર છે. પાણી સમયસર મળે તો જ ખેડૂતોને કામનું છે જો સમયસર પાણી ના મળે તો એ પાણી કામનું નથી. આ એક મારી વિનંતી અને મારું સૂચન છે. જોડે જોડે એક વસ્તુ એ પણ કહુ કે જ્યારે નર્મદાની વાત આવે છે ત્યારે આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને અગાઉની સરકારોથી આ પ્રોજેક્ટ ચાલતો આવ્યો છે. ત્યાર બાદ વિજયભાઇ રૂપાણી સાહેબ અને નીતિનભાઇ પટેલ સાહેબની સરકારને હું ચોક્કસપણે એટલું કહી શકીશ કે પ્રત્યેક ખેડૂતોને એટલો વિશ્વાસ છે કે આ ભારતીય જનતા પાર્ટીની સરકારની અંદર ખેડૂતનું હિત જળવાશે. ખેડૂતને પાણીથી માંડીને દરેક વસ્તુની સુવિધાઓ મળશે અને ખેડૂત પોતે પણ વિચારે છે કે આજે એમને ટેકના ભાવ મળે છે. દરેક વસ્તુ માટે લોકો માગણી કરતા હતા અને વિચાર્યુ ના હતું એવું અત્યારે આ સરકાર ખેડૂતો પ્રત્યે પૂરેપૂરો અમલ કરી રહી છે અને આ પ્રસંગે હું સરકારને દીલથી, હ્રદયપૂર્વક ટેકો આપીને ગુજરાતની જનતા વતી આભાર માનું છું અને અભિનંદન આપું છું અને નર્મદાના આપણા સૌના નાયબ મુખ્યમંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે ત્યારે કોંગ્રેસ અને વિપક્ષના સભ્યોને પણ કહુ છું કે તમે ખેડૂત હિતની વાત કાયમ કરો જ છો પણ જો સાચા દીલથી કરતા હોય તો આ માગણીઓને સ્વીકારીને તમે કાપ દરખાસ્ત પાછી ખેંચીને પૂરેપૂરું સમર્થ આપીને આપણે આ માગણીઓનો સ્વીકાર કરીએ એટલું જ કહીને મારી વાણીને વિરામ આપું છું.

નીતિનભાઇ ૨. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૧–૨૨નું સામાન્ય બજેટ જે મેં નાણામંત્રી તરીકે આ સન્માનનીય સભાગૃહમાં રજૂ કર્યું એના ઉપર જે ચર્ચાઓ થઇ. એ ચર્ચાઓમાં મને આનંદ છે કે લગભગ ૮૫ જેટલા માનનીય ધારાસભ્યશ્રીઓએ પોતાના ખૂબ ઉપયોગી, અગત્યના, સ્થાનિક, રાજકીય, સમગ્ર રાજ્યને આવરી લેતા, દરેક વર્ગ, દરેક પ્રવૃત્તિને આવરી લેતા સૂચનો કર્યા છે અને લગભગ મેં અથવા મારા સાથીમંત્રી માનનીય ફળદુ સાહેબે આ ૮૫ એ ૮૫ ધારાસભ્યોશ્રીઓએ જે સૂચનો કર્યા એમાં અગત્યના જરૂરી સૂચનોની અમે નોંધ કરી છે. અહીંયા દીર્ઘામાં જે અમારા જુદા જુદા વિભાગના અધિકારીઓ બેઠા છે એ અધિકારીશ્રીઓએ પણ ધારાસભ્યશ્રીઓના સૂચનોની નોંધ કરી છે અને એના ઉપર જે જરૂરી કાર્યવાહી કરવાની થતી હશે એ અમારા મુખ્યમંત્રી સહિતનું સમગ્ર મંત્રીમંડળ પોતપોતાના વિભાગોને લગતી બાબતોમાં પૂરેપૂરી ચકાસણી કરી જેટલા વાજબી અને જરૂરી હશે એ કોઇ પણ જાતના પક્ષ કે રાજકીય રીતે ભેદભાવ રાખ્યા સિવાય ગુજરાતની ૬ કરોડ ૩૦ લાખની જનતાના આપણે સૌ પ્રતિનિધિઓ છીએ એને ધ્યાનમાં રાખીને જેટલું શક્ય, વાજબી અને સમયોચિત હશે એટલું અમે કરવાનો પ્રયત્ન કરીશું એની હું સન્માનનીય સભાગૃહના સૌને નાણામંત્રી તરીકે ખાતરી આપું છું.

## ફાલ્ગુન ૨૫, ૧૯૪૨ શાકે

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, જે ચર્ચા થઇ એમાં સ્વાભાવિક છે કે અમારા મંત્રીશ્રીઓએ પણ જુદા જુદા દિવસોએ પ્રવચનમાં ભાગ લીધો છે. માનનીય મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા, માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહજી જાડેજા, માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ ખૂબ અનુભવી મંત્રીશ્રીઓ છે. આમ, તો માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજીને પણ આ પ્રવચનમાં ભાગ લેવાનો હતો સિનિયર મંત્રી તરીકે પરંતુ આપણે જાણીએ છીએ કે એમના માતુશ્રીનું નિધન થવાને કારણે તેઓ ગૃહમાં આવી શકયા નહોતા અને એમના પ્રવચનનો લાભ આપણને મળી શકયો નથી એટલે એની પણ આપણે નોંધ લઇએ. બધા જ ધારાસભ્યશ્રીઓ સ્વાભાવિક છે પોતપોતાના વિસ્તારનો વિકાસ થાય, પ્રજાને સંતોષ થાય, પ્રજાની સગવડ વધે, જરૂરિયાતો પૂર્ણ થાય. પીવાનું પાણી, રસ્તા, આરોગ્ય, શિક્ષણ, આંગણવાડી, પ્રાથમિક શાળાના રૂમ, રસ્તા વગેરે પ્રાથમિક જરૂરિયાતો સંતોષાય એવી માગણી બધા કરતા હોય છે અને કરવી જોઇએ અને એના માટે જ આપણને ૧૮૨ને એમાં મુખ્યમંત્રીશ્રી પણ આવી ગયા, હું પણ આવી ગયો અને મંત્રીશ્રીઓ પણ આવી ગયા. આપણા વિસ્તારની કાળજી રાખવી, આપણા નાગરિકોની કાળજી રાખવી અને ૧૮૨ ભેગા થાય એટલે સ્વાભાવિક છે ૧૮૨ની જનતા એટલે ૬,૩૦,૦૦,૦૦૦ની જનતા પછી એ નાનામાં નાનું આદિવાસી ગામ હોય કે અમદાવાદ મહાનગર હોય બધાનો પડઘો આ સન્માનનીય ગૃહમાં આપણે બધાએ પાડયો છે ત્યારે સ્વાભાવિક છે કે વિરોધ પક્ષ પોતાની રીતે ટીકા પણ કરી શકે અને ટીકા કરવા માટે જ વિરોધ પક્ષ હોવો જોઇએ અને હોય છે. સરકારને જયાં જરૂર પડે ત્યાં ધ્યાન દોરવું, સરકારને કોઇ બાબતમાં ખૂટતું હોય તો પુરવા માટેની જરૂરિયાત સમજાવવી, ભૂલ થતી હોય તો પણ સમજાવવી, તંત્ર કામ ન કરતું હોય, અહીં બેઠેલા અમે બધા કામ કરીએ જ છીએ. આ બધા મંત્રીશ્રીઓ રાતદિવસ ૧૮–૧૮ કલાક કામ કરે છે. કોઇ પોતાના સગાને ત્યાં લગ્નમાં નથી જઇ શકતા. પારિવારિક પ્રસંગમાં નથી જઇ શકતા પણ આપણે બધા નકકી કર્યા પછી કામ તો પાંચ, સાડાપાંચ લાખ જે કર્મચારીઓ છે એ તંત્ર પાસે કામ કરાવવાનું છે. નાનામાં નાના ગામડાં સુધી તંત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, મુખ્ય સચિવથી માંડી, સચિવોથી માંડી કલેકટરો, ડી.ડી.ઓ., ડી.એસ.પી. પોલીસ, આરોગ્ય કર્મચારી, શિક્ષકો, ગ્રામસેવકો, તલાટીઓ બધું માળખું છે. એ માળખા દ્વારા જયારે કામ કરાવવાનું હોય ત્યારે શકય છે કે પાંચેય આંગળીઓ જેમ સરખી નથી હોતી એમ બધા અધિકારીઓ, બધા કર્મચારીઓ પૂરેપૂરી ફરજનિષ્ઠાથી કામ કરે, સમય કરતા વધુ કામ કરે, ઘણા, મોટાભાગના તો સમય કરતા વધુ કામ કરે જ છે. હું કર્મચારીઓ/અધિકારીઓને પણ બિરાદાવું છું અને અભિનંદન આપું છું કે કોરોનાની મહામારી હોય, પૂર આવ્યું હોય, વાવાઝોડું આવ્યું હોય આપણે ખસી જઇએ દરિયાકિનારેથી એવી સરકાર ચેતવણી આપતી હોય ત્યારે અમારા પોલીસના અમારા કર્મચારી રેવન્યુ, પંચાયતના કે જેને લાગુ પડતુ હોય એ વાવાઝોડાની અંદર રહીને કામ કરતા હોય છે. પૂર આવે ત્યારે લોકોને ખસેડી લેવાના હોય ત્યારે અમારા કર્મચારીઓ લોકોને ખસેડવાની, સલામત કરવાની કામગીરી કરતા હોય છે તો કર્મચારીઓ તો મોટાભાગના બધા કામ સારું કરે જ છે પણ કયાંક નાનીમોટી કસુર, ભુલ, સમજ, નાસમજ, આવડત, ઓછી આવડત માનવ સ્વભાવમાં બધામાં હોય છે. બધા કંઇ સરખી બુદ્ધિના અને બધા પાવરફુલ હોય તો તો દુનિયામાં કશું બાકી જ ન રહે પણ બધું શકય નથી હોતું. બધા વિદ્યાર્થીઓ પહેલો નંબર જ લાવે, બધા જ વિદ્યાર્થીઓ એમ.બી.બી.એસ.માં એડમિશન લઇ લે એ તો કદી ન બને. જે જેની શકિત, આવડત, નિષ્ઠા, એની પાછળનું ફોલોઅપ, પરિવારનો એની પાછળનો ભોગ એ પ્રમાણે કામ કરે. એમ અમે બધા મંત્રીશ્રીઓ તો સતત અમારા વિભાગોને કામ કરતા દોડતા રાખવા આ બધું મોદી સાહેબે અમને શીખવાડયું છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ હોય અમે બધા શ્રી નરેન્દ્રભાઇના રસ્તે ચાલનારા છીએ. મોદી સાહેબ જયારે મુખ્યમંત્રી હતા ત્યારે તો ફ્રી હતા એમને બીજી કોઇ ચિંતા તો કરવાની નહોતી એટલે એક જ કામ કરે કે મારા ગુજરાતની જનતાનું ભલુ, વધારેમાં વધારે કેવી રીતે સારું થાય એ માટે સતત પ્રેઝન્ટેશન, મિટીંગો, અધિકારીઓ, ધારાસભ્યો, કર્મચારીઓ, કાર્યકરો, સરપંચો જેને મળવાનું થાય એને મળીને કંઇકને કંઇક જાણવાનો એમનો ઉત્સાહ અને જાણ્યા પછી એનું નિરાકરણ કરવાનો એમનો સ્વભાવ એ સાહેબે અત્યારે દિલ્હીમાં પણ ચાલુ રાખ્યો છે. કોરોનાની મહામારીમાં પણ કેટલીયે વિડીયો કોન્ફરન્સ મોદી સાહેબે કરી. આવતીકાલે પણ રાખી છે. ૫–૬ રાજયોમાં કોરોનાના કેસ વધી રહ્યા છે. આપણા ગુજરાતમાં પણ કમનસીબે કેસ વધી રહ્યા છે. આપણે ૨૫૦ એ પહોંચેલ અને હવે ૮૦૦–૯૦૦ એ ગઇકાલે પહોંચી ગયા. એમાં કેવી રીતે શી કાર્યવાહી કરવી. આવતીકાલે મોદી સાહેબે ફરી વીડિયો કોન્ફરન્સ રાખી છે. તો આ જાગતા રહેવું અને જાગતા રાખવું એ પણ અગત્યનું કામ છે અને એ કામ અમારા ધારાસભ્યો, અમારા સંસદસભ્યો, અમારા પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ, અમારા લાખો કાર્યકરો, હોદ્દા ઉપર હોય કે ન હોય એ અમને મદદ કરતા હોય છે. અમને માહિતી આપતા હોય છે અને તમે પણ માહિતી આપો છો. વિરોધ પક્ષના ધારાસભ્યો પણ વિધાનસભામાં, પત્રો દ્વારા, અમારી ઓફિસમાં આવીને કે જે રીતે શકય હોય તે રીતે આપતા હોય છે. અહીયા સોશિયલ મીડિયાનો ઉપયોગ વધી ગયો છે. હવે તો કોઇ મળવાની વાત કરતું નથી. જાણે ચા નો ઓર્ડર આપતા હોય એમ રૂપિયા ૫૦ કરોડનો પુલ માગવો હોય તો વોટ્સઅપ કરી દે કે મારો પુલ મંજૂર કરી દો. હવે તો બહેનો પણ કરે છે કે ઘરે દૂધની થેલી મંગાવવી હોય તો વોટ્સઅપમાં ૫ અમૂલની દૂધની થેલી મોકલી દો. તો એવું હવે ધારાસભ્યો કરતા થઇ ગયા છે. મેં મેસેજ મોકલ્યો હતો અને તમને ખબર નથી ? અમે મેસેજ જોઇએ કે અમારા મૂળ કામમાં જોઇએ! એટલે મારી તો બધાને વિનંતી છે કે, તમારા સ્થાનિક લોકોને જાગૃત રાખવા ભલે મેસેજ કરો, સોશિયલ મીડિયાનો ઉપયોગ કરો, જે લખવું હોય તે લખો, પણ અધિકૃત રીતે સરકાર રેકર્ડ ઉપર ચાલે છે. તમે અમને પત્ર લખો. ધારાસભ્યના લેટર પેડ ઉપર લખો, વિગતવાર લખો, તો મંત્રીઓ અમે એના ઉપર શેરો મારીએ, માહિતી મંગાવીએ, વિભાગમાં ઉપરથી ગાંધીનગરથી માહિતી આવે, જિલ્લામાંથી માહિતી

આવે અને તાલુકાથી પણ માહિતી મંગાવવી પડે. આ માહિતી ફરતી ફરતી અમારી પાસે પહોંચે. અને વ્યાજબી, જરૂરી માગણી હોય તો એનો યોગ્ય નિર્ણય અમે કરી શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા ધારાસભ્યોને હું અગાઉ પણ વિનંતી કરી ચૂક્યો છું. આ સત્રમાં પણ મેં જોયું. હજી તો સત્રની શરૂઆત છે. હજુ તો વિભાગોની ચર્ચા બાકી છે. ઘણું બાકી છે. અહીંયા બધું કહે કે મારે ત્યાં આ નથી, તે નથી, ફલાણું નથી, ઢીકણું નથી. પણ એ ધારાસભ્યને મારી વિનંતી છે કે હું હુકમ તો તમને કરી શકતો નથી, પણ મારી વિનંતી છે તમને કે તમારે અહીયા બોલવું હોય તો ભલે બોલો. રેકર્ડ ઉપર લાવવા બોલો. તમારા વિસ્તારની જનતાને તમે કંઇક સૂચન કર્યું, કંઇક રજૂઆત કરી એવું બતાવવા બોલવું પડે. મારે પણ બોલવું પડે. એની હું ના નથી કહેતો, પણ અમને અધિકૃત રીતે ઓફિશિયલ તમારે રજૂઆત કરવી પડે. અમે મંત્રીઓ શેરો મારીએ તો વિભાગ દ્વારા માહિતી અમારી પાસે આવે. તમે એમ કહી દો કે મેં તમને વોટ્સએપ કર્યો હતો, મેં મેસેજ કર્યો હતો તો એ અધિકૃત નહિ ગણાય. અમે એને એ રીતે ગંભીરતાથી નહિ લઇએ. હું કોઇ વ્યક્તિની વાત નથી કરતો. મહેરબાની કરીને કોઇ માથે ના લઇ લેશો. પાઘડી પહેરવાનો જમાનો જતો રહ્યો છે, પણ બંધબેસતી પાઘડી પહેરશો નહીં. આ હું સરકારની પદ્ધતિ સમજાવું છું. મારે ફળદુ સાહેબને કે શ્રી ભૂપેન્દ્રસિંહજીને અમે ત્રણેય મંત્રીશ્રીઓ છીએ. મારે કોઇ માગણી શ્રી ભૂપેન્દ્રસિંહજી પાસે કરવી હોય, આમની પાસે કરવી હોય કે બીજા કોઇ મંત્રીશ્રી પાસે કરવી હોય, તો હું નાયબ મુખ્યમંત્રી હોવા છતાં મારે ઓફિશિયલ આ મંત્રીઓને પત્ર લખવો પડે કે મારા મહેસાણામાં, મારા જિલ્લામાં મારી પાસે આ રજૂઆત આવી છે તો આવું આવું કરવા વિનંતી છે, માગણી છે, ભલામણ છે. એમ મારેય લખવું પડે. અમે મળીએ અને શ્રી ફળદુ સાહેબને અહીં બેઠા બેઠા કહી દઉં કે સાહેબ આવું જોઇ લેજો. શ્રી ભૂપેન્દ્રસિંહજીને આવું કહી દઉં કે સાહેબ આવું કરી દેજો, શ્રી સૌરભભાઇને કહું કે આ સબસ્ટેશન કરી દેજો, શ્રી કૌશિકભાઇને કહું કે આ કરી આપજો તો તેવી રીતે ના થાય. અમારે પણ ઓફિશિયલ પત્રો લખવા પડે. વિધાનસભાની આ પ્રક્રિયા છે કંઇ પણ હોય તો વિધાનસભાને લેખિત આપવું પડે છે. અધ્યક્ષશ્રીને કહી આવીએ કે મેં આમ કર્યું હતું અને અહીં કહો કે સાહેબ હું તમને ઓફિસમાં મળ્યો હતો. એમ ના ચાલે. એટલે મારી આ વિનંતી છે. બહુ ટીકાઓ નથી થઇ એનો મને આનંદ છે. હું તો વર્ષ ૧૯૯૦થી આ સન્માનનીય ગૃહનો સભ્ય છું. ૫ વર્ષ વિરોધપક્ષમાં પણ રહી ચૂક્યો છું. બાકીના વર્ષોમાં પણ ઘણું જોયું છે. ઘણું સાંભળ્યું છે. પણ અમારી સરકારની કામગીરી, અમારી સરકાર ઉપર, અમારા ભારતીય જનતા પક્ષ પર પ્રજાનો સતત વધતો જતો પ્રેમ, વિશ્વાસ અને અમારી પ્રજા પ્રત્યને નિષ્ઠા છે એના કારણે અહીયા પણ હાઉસમાં આક્રમકતા ઘટતી જાય છે. હવે કઇ ટીકા કરવાનું કઇ બાકી જ રહેતું નથી. પેલી ઘાસની ગંજીમાંથી સોય શોધવી પડે, એવું હવે સાહેબ શોધવું પડે છે કે શું બાકી રહી ગયું? કયો રોડ બાકી રહી ગયો? કયુ પી.એચ.સી. બાકી રહી ગયું? અત્યારે કોઇ મહેરબાની કરીને વચ્ચે ના બોલશો. માનનીય જોષીયારાજી, વચ્ચમાં બોલશો એ મને નહિ ગમે. પછી મને મળી શકો. પ્રશ્ન પૂછવાની સાહેબ તમને તક આપશે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં થોડો ભૂતકાળ કઢાવ્યો. આમ તો હું જનરલ બોલું છું. મને એમ થયું કે, હું પણ નાનો છું અને વર્ષ ૧૯૬૦માં તો ચાર વર્ષનો હતો. વર્ષ ૧૯૫૬માં મારો જન્મ થયો. આપણે બધા પ્રાથમિક શાળાના બાળકો હતા. એટલે મેં થોડોક ભૂતકાળ કઢાવડાવ્યો. અહીંયાં માનનીય શૈલેષભાઇએ કે કોઇએ એમ કહ્યું કે, દેવું તો તમારા વખતમાં ચાલું થયું. તમે બધા પૈસા લેવાનું શરૂ કર્યું. અમારી સરકારો તો છનાછન ચાલતી હતી. તેમાં છનાછન હતી કે તિજોરી કેવી ભરેલી હતી તે જાણવાનો મેં અમારા નાણા વિભાગના જૂના સરકારી રેકર્ડ કાઢીને પ્રયત્ન કર્યો. મેં નાણાં વિભાગના અધિકારીઓને કહ્યું કે, થોડીક માહિતી કાઢો. વર્ષ ૧૯૬૦–૬૧માં જ્યારે ગુજરાત રાજ્યની સ્થાપના થઇ ત્યારે રાજ્યની જી.એસ.ડી.પી.ની કુલ આવક, આજે હું એ પણ સમજાવવાનો છું. આજે હું થોડો પ્રોફેસરનો, શિક્ષકનો રોલ અદા કરવા ઇચ્છું છું. કારણ કે આપણે બધા જી.એસ.ડી.પી., જી.એસ.ડી.પી. બોલીએ છીએ પણ જી.એસ.ડી.પી. શું?કેવી રીતે? તે ઘણાને ખબર પણ ન હોય, શક્ય છે ખબર ન હોય. હું આરોગ્ય મંત્રી છું એટલે કોઇ ડોકટર એમ કહે કે આ દર્દીને ફલાણો રોગ થયો છે તો મને ખબર પણ ન હોય. મારે પૂછવું પડે કે આ મને સમજાવો કે આ કયું દર્દ કહેવાય અને તેનો ઉપાય શું ? આપણે બધા નિષ્ણાત હોઇએ એ જરૂરી નથી. પણ સમજવાનો પ્રયત્ન તો આખી જિંદગી આપણે બધાએ કરવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, એટલે વર્ષ ૧૯૬૦–૬૧માં ફક્ત ૭૩૮ કરોડ રૂપિયા આ રાજ્યની જી.એસ.ડી.પી.ની આવક હતી. તે જમાનામાં ગુજરાતની જે વસતિ હોય તેની માથાદીઠ આવક ૩૬૨ રૂપિયા હતી. ફકત ૩૬૨ રૂપિયા હતી. ધીમે ધીમે તે આવક વધતી ગઇ. આજે મને જણાવતાં આનંદ થાય છે અને એકલો આનંદ નહીં પણ ગૌરવ થાય છે કે, અમારી ભારતીય જનતા પક્ષની સરકાર વર્ષ ૧૯૯૫થી ગુજરાતમાં આવી છે. સુશાસન, ગુડ ગવર્નન્સ જે અમને સ્વ.ભારત રત્ન વડાપ્રધાન શ્રી બાજપાઇજીએ અમને શીખવાડેલું. પ્રજાને તમે જે આપો તે પણ તે સારા વહીવટથી આપો તે સુશાસનથી અમારી સરકાર કામ કરી રહી છે તેના કારણે વર્ષ ૧૯૬૦–૬૧માં ૭૩૮ કરોડ રૂપિયા ગુજરાતનું ઘરગથ્થું ઉત્પાદન હતું અને ૩૬૨ રૂપિયા માથાદીઠ આવક હતી તે આજે વધીને અમારી ભાજપની સરકારના વર્ષ ૨૦૧૯–૨૦ના આંકડા મારી પાસે છે તે જણાવું તો તે વધીને ગુજરાતનું ઘરગથ્થુંઉત્પાદન ૧૬ લાખ ૪૯ હજાર ૫૦૫ કરોડ રૂપિયા વધાર્યું છે. તેવી રીતે માથાદીઠ આવક ૩૬૨ રૂપિયા હતી તે વર્ષ ૨૦૧૯–૨૦માં વધીને ૨ લાખ ૧૬ હજાર ૩૨૯ રૂપિયા એક–એક ગુજરાતીની આવક થઇ છે. ભારત સરકાર અને દુનિયાની જે ફાઇનાન્સિયલ ઇન્સ્ટિટ્યૂટો છે તેની ફોર્મ્યુલા પ્રમાણે, તેની પદ્ધતિ પ્રમાણે ગણેલી અને આખા દેશમાં વપરાતી સિસ્ટમ પ્રમાણે આ ગણતરી કરવામાં આવી છે. આપણે ઘરગથ્થું ઉત્પાદન તો કહી દીધું પણ ઘરગથ્થું ઉત્પાદન એટલે શું? ઘરગથ્થું

ઉત્પાદનમાં ગુજરાત રાજ્યમાં ખેડૂતો હોય, નાના કારખાનાવાળા હોય, મોટા કારખાનાવાળા હોય, નાના ગૃહઉદ્યોગવાળા હોય, બહેનો કોઇ સેવા કરી કે મંડળી ચલાવીને કામ કરતી હોય, કોઇપણ રીતે કોઇ ઉત્પાદન જે રીતે થતું હોય એટલે કે ટાંકણીથી માંડી દુનિયાભરના મોટા મશીનો, દુનિયાભરની મોંઘામાં મોઘી મોટરો, દુનિયાભરની મોંઘામાં મોંઘી મશીનરી, સસ્તામાં સસ્તા ચપ્પલો, સ્લીપરો, પ્લાસ્ટિકની ડોલ કે જે સસ્તુ આવતું હોય, ઘરગથ્થું વપરાશની કોઇપણ વસ્તુ આવતી હોય તે બધાનું જે ઉત્પાદન થાય તેનો સરવાળો કરવામાં આવે છે. મને આનંદ છે કે ખેડૂતોની વાત આપણે અહીં કરીએ છીએ. ખેડૂતોના આંકડા આ સન્માનનીય ગૃહને આજે મારે આપવા છે. ગયા વર્ષનું ચોમાસું જે પૂરું થયું તેમાં ગુજરાતના મહેનતું ખેડૂતો અને તેનો શ્રેય પહેલાં હું ખેડૂતોને આપીશ. ખેત મજૂરોને આપીશ, કૃષિ વૈજ્ઞાનિકોને આપીશ અને પછી અમારી ગુજરાત સરકારની યુનિવર્સિટીઓ, અમારા વૈજ્ઞાનિકોને આપીશ. ગુજરાતના ખેડૂતોની મહેનત, ગુજરાત સરકારની સિંચાઇની વ્યવસ્થા, નર્મદા સહિતની વ્યવસ્થા, ઊર્જા વિભાગની ખેડૂતોને લાખો કનેકશન આપવાની વ્યવસ્થા, સિંચાઇની વ્યવસ્થા વધારવાની, જળ સંચય દ્વારા સુજલામ્ સુફલામ્ યોજના દ્વારા, તળાવો ઉંડા કરવા, ચેકડેમ બનાવવા, પાણીના ટીંપેટીંપાંનો સંગ્રહ કરવો, દરિયાઇ ખારાશને ફળદ્રુપ જમીનમાં આવતી અટકાવવી. જમીનો ખારી થતી અટકાવવી, બાગ-બગીચા, ફળ-ફળાદી, શાકભાજી, નવી વેરાયટી આ બધું જે વધ્યું એના કારણે હું અભિનંદન આપીશ ફળદુ સાહેબ અને એમના નેતૃત્વને, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇના માર્ગદર્શનને કે ગયા વર્ષે ૧.૭૩ લાખ કરોડ રૂપિયાનું ઉત્પાદન ગુજરાતના ખેડૂતોએ કર્યું.

માનનીય અધ્યક્ષશ્રી, એક જમાનામાં ઘરમાં કોઇ માંદુ પડે તો મોસંબી આવતી હતી. કોઇ લારીએથી કે દુકાનેથી મોસંબી ખરીદે તો પહેલા પૂછતા હતા કે શું ઘરમાં કોઇ માંદુ છે? આજે મને આનંદ છે અને હું કચ્છના, બનાસકાંઠાના, દક્ષિણ ગુજરાતના, સૌરાષ્ટ્રના અને આખા ગુજરાતના બાગાયતી પાક પકવતા ખેડૂતોને લાખ લાખ અભિનંદન આપું છું કે, જે ગુજરાત કદી કશું પકવતું ન હતું, કેળા અને કેરી સિવાય કશું પકવતા ન હતા, આજે કોઇ ફળ-ફળાદીનું નામ એવું બાકી નથી કે ગુજરાતના ખેડૂતો એ પકવતા ન હોય અને પરદેશ નિકાસ ન કરતા હોય. આજે કરોડો રૂપિયાની વિદેશી હુંડિયામણની આવક ગુજરાતના ખેડૂતો આ ફળફળાદીની નિકાસ કરીને કરે છે. જીરું, વરિયાળી, મગફળી, એરંડા, ડાંગર, ઘઉં, તેલિબિયા હોય કે કોઇ શાકભાજી હોય, આજે છાપામાં ફોટા શું આવે છે? ભલે કોઇ રાજકીય વિરોધ કરે, એમને અધિકાર છે કરવાનો. દર અઠવાડિયે હું છાપામાં સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત આખા ગુજરાતના છાપાઓમાં માર્કેટ યાર્ડોના હું ફોટાઓ જોઉં છું અને માર્કેટ યાર્ડોની જાહેર ખબર જોઉં છું કે, અમારું માર્કેટયાર્ડ ખેડૂતોના માલથી ભરપૂર ભરાઇ ગયું છે માલ નાંખવાની જગ્યા નથી, ચણા ઉતારવાની જગ્યા નથી, કઠોળ સંગ્રહ કરવાની જગ્યા નથી. કપાસ, મગફળી, રાયડો, એરંડા ઉતારવાની જગ્યા નથી. એક જમાનો એવો હતો જૂના જમાનામાં કોંગ્રેસના સમયમાં માર્કેટ યાર્ડોમાં કાગડા ઉડતા હતા આજે ત્યાં ખેડૂતોને માલ નાંખવાની જગ્યા આ માર્કેટ યાર્ડોમાં મળતી નથી. ગુજરાત સરકારે જે આ ખેડૂતોને મદદ કરી આધુનિક બિયારણ, આધુનિક ખાતર, પ્રાકૃત્તિક ખેતી, ગાય આધારીત ખેતી એવી બધી આજે સગવડો આપી અને ખાસ કરીને સિંચાઇની વ્યવસ્થા મળી, નર્મદા યોજનાનો સૌથી મોટો યશ આપણને અહીં બેઠેલાં સૌ સન્માનનીય સભ્યશ્રીઓને જાય છે, બધા જ પૂર્વ ધારાસભ્યશ્રીઓને જાય છે, પૂર્વ મંત્રીશ્રીઓને અને મુખ્યમંત્રીશ્રીઓને જાય છે. આપણી જે જરૂરિયાત હતી, આજે ૧૮ લાખ હેક્ટરમાં નર્મદાનું પાણી પહોંચે એ કામ આપણે ઇચ્છતા હતા સરદાર વલ્લભભાઇનું સ્વપ્નું પૂરું કરવું એ આપણે ઇચ્છતા હતા અને હું કોઇ ટીક્કા નથી કરતો અને મારે રાજકીય વાત પણ નથી કરવી અને એમાં સમય પણ મારે વ્યતિત નથી કરવો પણ જે સંજોગો ઉભા થયા, વર્ષ ૧૯૬૦માં જે યોજનાનું ખાતમૂહુર્ત થયું હતું, આજે ગુજરાતની પ્રજાના નસીબના દ્વારા ખુલી ગયા માનનીય નરેન્દ્રભાઇ મોદી વડાપ્રધાન પદે આવ્યા અને ૧૭ દિવસમાં નર્મદા યોજનાની બધી જ મંજૂરીઓ મળી ગઇ, દરવાજા બેસી ગયા, પાણી ભરવાની મંજૂરી મળી ગઇ અને આજે અહીંયા શ્રી કેતનભાઇએ કહ્યું, બીજા ધારાસભ્યશ્રીઓએ કહ્યું અને બનાસકાંઠાના ધારાસભ્યો, ઉત્તર ગુજરાતના ધારાસભ્યો, સૌરાષ્ટ્રના ધારાસભ્યો એ બધાએ વાત કરી કે અમારા વિસ્તારમાં બધા ડેમો પાણીથી ભરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુફલામ સુજલામ હોય, સૌની હોય પાઇપલાઇન યોજના હોય, આ ચેકડેમો ભરવાની યોજના હોય એ બધામાં પાણી ક્યાંથી આવ્યું? પહેલા તો વરસાદ પડે ત્યારે આ બધું પાણી આવતું હતું પણ નર્મદા મૈયાની કૃપા, મોદી સાહેબના આશીર્વાદ, મોદી સાહેબની દીર્ઘદ્રષ્ટિ અને આપણી ગુજરાતની જનતાનું નસીબ કે નર્મદા મૈયાનું પાણી આપણને મળ્યું. વર્ષ ૧૯૬૦થી શરૂ થયેલી આ ગંગા મૈયા જેમ શિવજીની જટામાં સમાવીને શિવજીએ ઉતારી અને પછી આખા દેશમાં વહેતી કરી એમ નર્મદા યોજના પણ વહેતી થઇ એના કારણે આ ગુજરાતની સુખ-સમૃદ્ધિ, ખેડૂતોની પ્રગત્તિ આજે આપણને ઉડીને આંખે વળગે છે અને હજુ તો હું કહું નર્મદા મંત્રી તરીકે મને ખાતરી છે કે હજુ તો શરૂઆત છે પણ જેમ જેમ પાણી વધારે સંગ્રહ થશે, વીજળી ઉત્પન્ન થશે, કેનાલોના નાના મોટા કામો પૂરા થશે, એક ચોખવટ હું કરી લઉં કે કેનાલોનું મોટા ભાગનું કામ પૂરું થયું છે અને મારી પાસે આંકડા છે પણ સમય મર્દાયા છે એટલે અત્યારે નહીં આપું પણ નર્મદાના બજેટ વખતે આપીશ. કેમ ખેડૂતો જમીન નથી આપતા? એલાઇમેન્ટ બદલવાની માગણી કરે છે. ફેર આવે છે એના કારણે અટક્યું છે. હમણાં ભારત સરકારે કાયદો સુધાર્યો કે ખેડૂતોને વધારે વળતર આપો. હું અભિનંદન આપીશ અમારા નર્મદા વિભાગને, અમારા મુખ્યમંત્રીશ્રીને કે અમે નિર્ણય કર્યો નર્મદા નિગમમાં, મહેસૂલ વિભાગે અમને સલાહ આપી કે નવા કાયદા પ્રમાણે ખેડૂતોને વધારાનું વળતર ચૂકવવું પડે તો પણ ચૂકવો. હમણાં અમારા કચ્છના ધારાસભ્યશ્રીઓએ ગઇકાલે જ માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે કચ્છમાં નર્મદા યોજનાનું કામ પૂરું કરવા બ્રિફીંગ રાખ્યું હતું, કચ્છ સુધી પાણી પૂરેપૂરું પહોંચી જાય, આ હવે એક વરસનું વહાણું બાકી છે, ગુજરાતનો કોઇ ખૂણો એવો બાકી નહિ રહે કે નર્મદામૈયાના પવિત્ર પાણી આપણી પવિત્ર ધરતીને એ નવપલ્લવિત ન કરે. આ બધું જ્યારે ચાલી રહ્યું છે ત્યારે ખેડૂતોની આવક વધે તે જરૂરી છે.

## તા. ૧૬મી માર્ચ ૨૦૨૧

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, અર્થતંત્રનું સર્કલ એ ગામડાથી શરૂ થાય છે. પૂજ્ય મહાત્મા ગાંધીજીએ કહેલું જ છે કે ભારત એ ગામડાનો બનેલો દેશ છે, ખેડૂતોનો બનેલો દેશ છે. ખેડૂત સુધી તો ગામડું સુખી. ગામડાના ખેડૂતના હાથમાં માર્કેટયાર્ડમાં માલ વેચી પૈસા આવશે તો એ બજારમાં જઇને કંઇક ખરીદશે, બજારના વેપારીના વકરો થશે તો એ હોલસેલના વેપારી પાસે ખરીદ કરશે, હોલસેલના વેપારીનો માલ વેચાશે તો એ ફેક્ટરીવાળાને માલનો ઓર્ડર આપશે, ફેક્ટરીવાળાને ઓર્ડર મળશે તો કારખાના ચાલશે તો એમ સાહેબ પાયામાં ગામડું છે, પશુપાલક છે, ખેડૂત છે, દૂધનું ઉત્પાદન એ ગુજરાતમાં એટલું બધું વધ્યું છે તે માટે હું બધી દૂધ સહકારી મંડળીઓ-દૂધ સંઘોને અભિનંદન આપું છું. આખા ગુજરાતના ખેડૂતોને, પશુપાલકોને દર મહિને કરોડો રૂપિયા, દૂધના બિલની જે ચૂકવણી થાય છે તેમાંથી થાય છે. ગુજરાતમાં એકલું દૂધ નથી વેચાતું, હવે વેલ્યુ એડીશન થાય છે, આઇસક્રીમ, ચીઝ, પનીર, બટર, ચોકલેટ બધું કેટલું કેટલું બને છે. બધું જ એમાંથી બને છે. કદાચ મને તો એવુંલાગે છે કે રાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને પરદેશથી આવતા મહેમાન એ આપણા ગુજરાતના દૂધમાંથી ચા, નાસ્તો, બ્રેડ બટર અને ભોજન દિલ્હીમાં લેતા હશે. ફાઇવ સ્ટાર હોટેલોમાં પણ આપણું ગુજરાતનું દૂધ જાય છે, ગામડાની ગરીબ ખેડૂત બહેનો સવારે પાંચ વાગે ઉઠી, છાણ વાસીદુંકરી, દૂધ બેડીઓમાં ભરીને લઇ જાય છે એ દૂધ હવે દુનિયાભરમાં પહોંચી ગયું છે. અમારી સંવેદનશીલ સરકાર જુઓ. ઇન્ટરનેશનલ દૂધના પાઉડરના ભાવ ઘટ્યા, અમારા બધા જ ચેરમેનો અમારી પાસે આવ્યા અને માગણી કરી કે અમને સબસિડી દૂધના પાઉડરના નિકાસ માટે, ગયા વરસે પણ અમે મંજૂરી આપી સબસિડી આપી, આ વરસે પણ મંજૂરી આપી અને બજેટ ફાળવ્યું,સાહેબ, ફાયદો શું થયો? એકલા ગુજરાતને નહિ, ખાલી ઇન્ટરનેશનલ માર્કેટમાં આ વાત પહોંચી કે ગુજરાત સરકારે દૂધની પાઉડરની સબસિડી આપવાનું નક્કી કર્યું છે, વેપારીઓની વૃત્તિ હોય છે કોઇક ટેકો મળે એટલે બજાર ઉછળે. આખી દુનિયામાં એમને એમ ગુજરાતના નિર્ણયથી પાઉડરના ભાવ વધી ગયા એટલે આપણા ગુજરાતને તો ફાયદો થયો પણ મહારાષ્ટ્ર, કર્ણાટક, બીજા રાજ્યોમાં જે ખેડૂત દૂધ ઉત્પાદકો છે એમના દૂધના પાઉડરના ભાવ ઘટી ગયા હતા એમને પણ ફાયદો થયો. ગુજરાત, ગુજરાતનું તો ભલું કરે જછે પણ આખા દેશનું ભલું કરે છે ત્યારે મને આનંદ છે કે, આ બજેટ અમે જે લાવ્યા છીએ તે સર્વાંગી વિકાસવાળું બજેટ છે. મારે બે બાબત ઉપર ધ્યાન દોરવું છે. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા દેવાની વાત કરી, દુનિયાનો કોઇ એવો દેશ નથી કે જે દેવું કરતો ન હોય. અમેરિકાના આંકડા જુઓ, ઇંગ્લેન્ડના આંકડા જુઓ, જર્મની, ચીન, ફ્રાન્સ કે બીજો કોઇ દેશ જુઓ. દરેક દેશ ક્યાંકથી ને ક્યાંકથી લોન લે જ છે. કોઇ વિશ્વ બેન્કમાંથી લે, કોઇ એશિયન ડેવલપમેન્ટ બેન્કમાંથી લે, કોઇ બ્રિક્સમાંથી લે, આ દુનિયાની પરંપરા છે. આપણે પણ લોન આજની નથી લેતા, અહીંયા માનનીય કદાચ શ્રી શૈલેષભાઇએ જ કહ્યું હતું કે અમારા વખતમાં લોન લેવામાં નહોતી આવતી, પણ મારી પાસે એ પણ વિગત છે કે વર્ષ ૧૯૬૦માં પણ તે વખતની સરકાર વખતે પણ ઓછું તો ઓછું પણ દેવું તો શરૂઆતથી જ હતું એટલે આ પરંપરા ચાલુ છે. બીજું, માનનીય શૈલેષભાઇએ કે બીજા કોઇએ એમ કહ્યું, કદાચ શ્રી પુંજાભાઇએ કહ્યું કે કોરોનામાં કોઇ ખર્ચ થયો જ નથી. આનાથી મોટું આશ્ચર્ય અથવા થોડી કડક ભાષામાં કહું. તો આનાથી કોઇ મોટો જોક ના હોઇ શકે. કોઇ ગુજરાતી એમ કહી શકે, કોઇ દુનિયામાં એમ કહી શકે કે કોરોનાના કારણે ખર્ચ નથી થયો ? આ કહેવાવાળાએ વિચારવું જોઇએ કે કેટલું થયું, ઓછું થયું, વધારે થયું એમ તમે કહી શકો પણ ગુજરાત સરકારે પણ કોરોના માટે જે ખર્ચ કર્યું છે તે લગભગ ૧૮૦૦ કરોડ રૂપિયા એ તો ફકત કોરોનાના દર્દીઓની સારવાર માટે જે જરૂર નહોતી ગયા બજેટમાં જોગવાઇ નહોતી ભગવાનને પણ ખબર નહોતી કે કોરોના આવશે, એવો કોરોના આવ્યો તેના માટે લગભગ આંકડો કોઇ પકડી ના લેતા. થોડું પ્લસ માઇનસ થઇ શકે છે, હિસાબો આવી રહ્યાં છે, ચકાસણી ચાલી રહી છે, પેમેન્ટ થઇ રહ્યું છે પણ લગભગ ૧૮૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કોરોનાની સારવાર માટે ગુજરાતની સરકારે ગુજરાતના નાગરિકો માટે કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું સ્પષ્ટતા કરી લઉં ગુજરાત સરકારને આનંદ અને ગૌરવ છે આપણાં ગુજરાતીઓનું ગૌરવ છે કે કોરોનામાં ગુજરાતમાં કોઇ પણ વ્યકિત બિમાર થયો તે સરકારી હોસ્પિટલમાં કે સરકારે જે પથારીઓ રાખેલી ખાનગી હોસ્પિટલમાં તેમા અમે દાખલ કર્યા એને એક રૂપિયાનો ખર્ચો પછી તે મર્સીડિસમાં આવ્યો હોય તો પણ અમે નથી કરવા દીધો. આ ગુજરાત સરકાર એ જીવદયાવાળી, માનવ સેવાવાળી, આ ગરીબોની, મધ્યમ વર્ગની દર્દીઓની સેવા કરવાવાળી સરકાર છે આ કોઇએ નોંધ્યુ નથી. ખરેખર તમારે અમને અભિનંદન આપવા જોઇએ પણ તમે પહેલાં આ બધુ સ્વીકારી લીધુ છે એટલે મને આનંદ છે કે તમે અમને સપોર્ટ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું દેવાની વાત કરતો હતો. વર્ષ ૧૯૮૭-૮૮ના આંકડા મેં કઢાવ્યા તે વખતે તો અમારી સરકાર નહોતી અમે તો વર્ષ ૧૯૯૫થી આવેલા છીએ. વર્ષ ૧૯૮૭-૮૮માં ગુજરાત સરકારનું દેવું રૂપિયા ૩૫૭૯ કરોડ હતું તેને ટકાવારીમાં જોવું જોઇએ. તે વખતે જે ઘરગથ્થું ઉત્પાદન હતું તેની સામે ૨૧.૯૦ ટકા એટલે લગભગ ૨૨ ટકા દેવું તે વખતે ગુજરાતની કોંગ્રેસ સરકારમાં હતું. વર્ષ ૧૯૮૮-૮૯માં તે દેવું રૂપિયા ૪૧૬૧ કરોડ, વર્ષ ૧૯૮૯-૯૦માં રૂપિયા ૪૮૯૪ કરોડ, વર્ષ ૧૯૯૦-૯૧માં રૂપિયા ૫૯૦૦ કરોડ. વર્ષ ૧૯૯૧-૯૨માં માનનીય સ્વર્ગસ્થ ચીમનભાઇ મુખ્યમંત્રી બન્યા ત્યારથી રૂપિયા ૬૯૨૦ કરોડ અને એ વખતે દેવાની ટકાવારી કેટલી ૨૨.૫૯ ટકા અને હવે મને જણાવતાં આનંદ થાય છે કે અમે ૨૫ વર્ષથી જે સુશાસન કર્યું તેના કારણે દેવાનો આંકડો ભલે મોટો દેખાય પણ ટકાવારી ઘરગથ્થું ઉત્પાદનની સામે જોઇએ તો કોંગ્રેસના સમયમાં ૨૨.૫૯ ટકા હતું તે અમારા નાણામંત્રી માનનીય વજુભાઇ, મને આનંદ છે સતત ૧૮ વખત શ્રી વજુભાઇ સાહેબે આ સન્માનનીય ગૃહમાં મોદી સાહેબ હોય, સ્વર્ગસ્થ કેશુભાઇ પટેલ મુખ્યમંત્રી હોય એમના નેતૃત્વમાં બજેટ રજૂ કર્યું. અમે બજેટમાં દેવું ઘટાડવાનો સતત પ્રયત્ન કર્યો. મારું આ નવમું બજેટ છે અને મારો પણ પ્રયત્ન છે કે દેવું ઘટતું જાય, વ્યાજ ઓછું ભરવું પડે અને અમે જે ૨૨.૫૯ ટકા કોંગ્રેસના સમયમાં જે દેવાની ટકાવારી હતી તે અમે વર્ષ ૨૦૧૯-૨૦માં ઘટાડી ૧૬.૧૯ ટકા કરી છે. એટલે ૬ ટકા દેવું ટકામાં લાગે નાનું પણ વોલ્યુમ ગણો તો રકમ મોટી થાય. ૬ ટકા દેવું ગુજરાતનું કોંગ્રેસ સરકાર વખતે હતું તેનાથી માનનીય પરેશભાઇ, માનનીય શૈલેષભાઇ, માનનીય પુંજાભાઇ અમે ઘટાડયું છે અને અમારૂં લક્ષ્ય છે હજુ તેને ઓછું

કરવું. કોઇએ અહીંયા કહ્યું મને એ નથી ગમ્યું. હું માનનીય સભ્યશ્રીનું નામ નહીં આપું પણ મારી નોંધમાં છે. કહે કે દેવું કરો છો તો દારૂ પીવા દેવું કરો છો. આ તમારા કેવા વિચારો છે? તમને કોઇ સારા વિચારો જ નથી આવતા? આ સન્માનનીય ગૃહમાં તમને દારૂ સિવાય કંઇ દેખાતું નથી? તમારા ઘરે જે કરવું હોય એ કરો પણ અહીંયા તો સારું બોલો. તમારે એમ કહેવું જોઇતું હતું કે દેવું કરો છો તો દૂધ પીવડાવવા માટે દેવું કરો છો? દેવું કરો છો તો શીરો ખાવા માટે દેવું કરો છો? દેવું કરો છો તો શું કરવા કરો છો? એવું પૂછવાનો તમને હક્ક છે. પૂજ્ય મહાત્મા ગાંધીજી, પૂજ્ય સરદાર વલ્લભભાઇનું આ ગુજરાત છે. આ સાધુ-સંતોનું, પવિત્ર આત્માઓનું ગુજરાત છે. પૂજ્ય રવિશંકર મહારાજનું ગુજરાત છે. અહીંયા દારૂ પકડાતો હશે. દારૂ પકડવો એ અમારી જવાબદારી છે. ચોરી થાય, ચોરી કરનાર ચોરી કરે પણ પોલીસનું કામ ચોરી કરનારને પકડવાનું છે. દારૂ ગાળનારા, રાજસ્થાનથી દારૂ લાવનાર જે હોય તે પણ અમારા શ્રી પ્રદિપસિંહનો વિભાગ, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇનો ગૃહ વિભાગ છે. એમાં અમે ડી.એસ.પી.ની બદલી કરી નાંખી, આઇ.જી.પી.ની બદલી કરી નાંખી. હમણાં પી.આઇ.ની બદલી કરી. કેમ કે પોલીસ સ્ટેશન નજીક દારૂ બનતો હોય, જુગારનો અડ્ડો ચાલતો હોય એને પકડવાની વૃત્તિ હોવી જોઇએ. તમારે અમારી વૃત્તિ અને અમારી નૈતિકતા જોવાની. અમે દારૂડિયાને જતો કરીએ, અમે બુટલેગરને જતો કરીએ તો તમે અમારી ટીકા કરો પણ અમે પકડીએ તો પણ અમારી ટીકા કરો છો. આ તમારો કૉંગ્રેસનો કેવો સિદ્ધાંત છે? એ હું સમજી શકતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પ્લાન સાઇઝ વર્ષ ૧૯૯૫-૯૬માં ૧૦૮૭૩ કરોડ રૂપિયા હતી. આ વખતે વધીને રૂપિયા ૨,૨૭,૦૩૯ કરોડ થઇ. અમારી ભાજપની સરકાર દ્વારા અમારા સૌ માનનીય સભ્યશ્રીઓના સહકારથી આ રૂપિયા ૨,૨૭,૦૩૯ કરોડનું બજેટ રજૂ કર્યું. તમે વિકાસ ખર્ચની વાત કરો છો. વિકાસ ખર્ચ એટલે શું? રોડ બનાવવા એ વિકાસ નથી? પી.એચ.સી., સી.એચ.સી., દવાખાના, મેડિકલ કૉલેજ, નર્મદા વગેરે વિકાસ નથી. નર્મદામાં પહેલાં રૂપિયા પથી ૬ હજાર કરોડનો ખર્ચ થયો હતો. કારણ કે, તમારા વખતમાં સ્ટે હતો. બધું પડ્યું હતું કોઇ રણીધણી નહોતું. કોઇ જોનાર ન હતું. અમે કામ ઉપાડ્યું. સ્વર્ગસ્થ કેશુભાઇએ કામ ઉપાડ્યું. માનનીય નરેન્દ્રભાઇએ કામ ઉપાડ્યું. માનનીય નરેન્દ્રભાઇએ મંજૂરી આપી. નર્મદા યોજના માટે લગભગ રૂપિયા ૬૫,૦૦૦ કરોડથી વધુનો ખર્ચ આ સરકારે કરી દીધો છે. એના માટે લોન લેવી પડે તો લઇશું. ૪ કરોડ ગુજરાતીઓને પીવાનું પાણી આપવા માટે, લાખો પશુઓને પીવાનું પાણી આપવા દેવું કરવું પડે તો જે દેવું કરવું પડશે એ કરવા અમે તૈયાર છીએ. તમારે જે ટીકા કરવી હોય એ કરજો પણ ગુજરાતનો વિકાસ અમે અટકવા નહિ દઇએ. રાજ્યનો ડેવલપમેન્ટ ખર્ચ રૂપિયા ૧૯૯૫-૯૬માં રૂપિયા ૭૬૬૨ કરોડ હતો. એ વર્ષ ૨૦૨૧-૨૨માં રૂપિયા ૧,૩૨,૧૫૦ કરોડ થયો. આ તમે બધા કહો છો કે અમારા રોડ બનાવી આપો, ચેકડેમ બનાવી આપો, પુલ બનાવી આપો. આ પુલ પહેલાં નહોતા જોઇતા? આ નદીઓ ધરતીકંપ થયા પછી ઉગી છે. નવી નદીઓ આવી? નવા કોતરો આવ્યા? આ બનાસકાંઠા પહેલાં રેતાળ નહોતું. પહેલાં બનાસકાંઠામાં બાગ-બગીચા હતા? હવે રેતી થઇ ગઇ? બધું જ હતું પણ અમારું વિઝન છે, અમારી નિષ્ઠા છે. અમારી સરકાર પ્રગતિવાળી છે એટલે અમે આ બધું કરીએ છીએ. મને દુ:ખ છે કે કૉંગ્રેસના સભ્યોએ આદિવાસી ધારાસભ્યોની નોંધ ના લીધી. અમારા મુખ્યમંત્રીશ્રીએ ખૂબ રસ લઇને વનબંધુ વિકાસ યોજના મંજૂર કરી. આદિવાસીના પૂર્વ પટ્ટીના જે જિલ્લાઓ, તાલુકાઓ અને લગભગ એક કરોડ જેટલાં આદિવાસી સમાજના ભાઇઓ તથા બહેનોનનો શિક્ષણ, આરોગ્ય, રસ્તા, વીજળી, પાણી વગેરે તમામ પ્રકારનો વિકાસ થાય, આદિવાસી પણ ગુજરાતની વિકાસ યાત્રામાં સહભાગી થાય એ માટે શ્રી મોદી સાહેબે જે પહેલા નંબરની યોજના અગાઉ જાહેર કરી હતી એને માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ અને માનનીય મંત્રીશ્રી ગણપતભાઈએ આગળ વધારી અને અમારા નાણાં વિભાગે ઉદારતાથી એમાં બજેટ મંજૂર કર્યું. આ વિશે ના શ્રી જોષીયારા બોલ્યાં, ના શ્રી અનંતભાઈ બોલ્યા, કોઈ બોલ્યા નહિ. આદિવાસીઓના સાચા વિકાસમાં કોઈને રસ નથી. નાની મોટી, ખાલી ખાલી કહેવા પૂરતી બે-ચાર ટીકા કરી અને તમે વાત પૂરી કરી. એવી રીતે સાગરખેડૂ યોજના વિશે પણ કહેવા માગું છું. ગુજરાતનો ૧૬૦૦ કિ.મી.નો દરિયાકિનારો, હજારો પરિવારો, આ વિસ્તારમાં રહેતાં લાખો લોકોનો પણ વિકાસ કરવા માટે શ્રી મોદી સાહેબે યોજના શરૂ કરેલી. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ આગળ વધારી. આ વર્ષે ફેઝ-2 ચાલુ કર્યો. અમારા ધારાસભ્યએ તો એને ખૂબ અભિનંદન અને આવકાર આપ્યો પણ તમારામાં જો કે કોઈ બચ્યું પણ નથી. કોઈ દરિયા કિનારાનું છે? આ બાજુમાં શ્રી પુંજાભાઈને આ બધા છે થોડાં. એમને તો પેલા રૂપિયા છ કરોડનું શું થયું? પેલાંનું શું થયું? આ ઝાડ કાપી નાંખ્યા એનું શું થયું? અમે ઝાડ ઉગાડીએ છીએ, વિકાસનું ઝાડ ઉગાડીએ છીએ એની વાત કરોને ભાઈ. અમે તો પ્રગતિ કરીએ છીએ. શ્રી પુંજાભાઈ, ભલે ટાઈમ ન મળ્યો. હું તમને અભ્યાસુ માનું છું. હજુ તક છે આ ગૃહમાં આ વિભાગની ચર્ચા આવે ત્યારે અભ્યાસ કરી લેજો. આદિવાસી ધારસભ્યો અને સાગરખેડૂ વિસ્તારના ધારાસભ્યો પણ કરી લેજો. એક ધારાસભ્યએ કહ્યું કે, માછીમારોને અને ખેડૂતોને સબસિડી આપવી જોઈએ. શ્રી વિરજીભાઈએ કહ્યું કે, ખેડૂતોને ડિઝલની સબસિડી આપવી જોઈએ. અમારી ભાજપ સરકાર જુઓ. ખેડતોને અમે સબસિડી આપીએ છીએ. હું ટીકા નથી કરતો પરંતુ શ્રી અમરસિંહભાઈ ચૌધરી મારા વડીલ હતા, ખૂબ સજ્જન અને સન્માનનીય મુખ્યમંત્રી હતા. એમણે ન હતું કર્યું પણ શ્રી અમરસિંહભાઈને બદનામ કરવા ઈચ્છતાં કૉંગ્રેસના એ વખતના જૂથવાદે, કિસાન સંઘે જે આંદોલન કર્યું, એ વખતે જે ગોળીબાર કરાવી અને નિર્દોષ ખેડૂતોને કૉંગ્રેસની સરકારે ગોળીએ માર્યા હતા. તમે એ વખતે ખેડૂતોને કોઈ લોન સહાય, વ્યાજ સહાય કે અકસ્માત વીમા સહાય આપતા ન હતા. ઉપરથી તમે તો લઠ્ઠો પીને મરી જાય એના પૈસા આપતાં હતાં. અમે લઠ્ઠો પીનારને દંડ કર્યો. ખેડૂતનું અકસ્માતે મૃત્યુ થાય તો અમે સહાય ચાલુ કરી. ખેડૂતોને ઝીરો ટકા વ્યાજે ૩૨ હજાર કરોડ રૂપિયા ગુજરાતની અને કેન્દ્રની અમારી ભાજપ સરકાર શુન્ય ટકા વ્યાજે અમે લોન આપીએ છીએ એની તમે કેમ ચર્ચા નથી કરતાં! દર વર્ષે ખેડૂતોને લગભગ ૮ હજાર કરોડ રૂપિયા અમારી ગુજરાત સરકાર વીજળીમાં સબસિડી આપે છે એની તમે કેમ ચર્ચા ન કરી. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીદર વર્ષે ખેડૂત સન્માન નિધિ દ્વારા ખેડૂતોના ખાતામાં સીધેસીધાં બે-બે હજાર રૂપિયા જમા થઈ જાય એને કેમ તમે આવકાર ન આપ્યો? જે સારુ છે એને આવકાર આપો અને ખોટું છે એની ટીકા કરો. અમારી ભૂલ હશે તો અમે સુધારીશું પણ વન વે ન ચાલે. આ બધું યોગ્ય નથી. અમારા બધાં જ સભ્યશ્રીઓ જેમણે બજેટને સમર્થન આપ્યું છે એમનો હું ખૂબ ખૂબ આભાર માનું છું અને વિપક્ષને પણ વિનંતી કરું છું કે આ સર્વાંગી વિકાસનું બજેટ સર્વાનુમતે મંજૂર કરે એવી સૌને મારી વિનંતી છે.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૨.૨૯વાગ્યે પૂરું થતાં સભાગૃહ સભાપતિશ્રીના આદેશાનુસાર બપોરના ૩-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૧૬મી માર્ચ ૨૦૨૧

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**મંગળવાર, તા. ૧૬મી માર્ચ, ૨૦૨૧**

**ફાલ્ગુન ૨૫, ૧૯૪૨ શાકે**

**(બીજી બેઠક)**

**સભાગૃહ બપોરના ૦૩-૩૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

**ભાવનગર જિલ્લામાં હક્ક પત્રક નોંધો**

* ૩૪૮૪૧ **શ્રી ભીખાભાઇ બારૈયા**(પાલીતાણા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇ-ધરા કેન્દ્રોમાં કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૬૨૬૪ |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) ઉક્ત બાકી નોંધોનો નિયત સમય મર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |

શ્રી ભીખાભાઇ ર. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, હક્કપત્રકની કાર્યપદ્ધતિમાં ઝડપ લાવવા માટે સરકારે શું કાર્યવાહી કરી.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત ખાતેદારનો મુખ્ય અને પાયાના જે ત્રણ દસ્તાવેજો છે, ૭/૧૨, ૬ અને ૮ જયારે ખેતીની મિલકતમાં તબદીલી થાય અથવા કોઇ અરજદારનો હકક ઉત્પન્ન થાય ત્યારે હકકપત્રક નમૂના નં. ૬માં એની નોંધ કરવામાં આવે છે. માનનીય ધારાસભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે એ મુજબ ભૂતકાળમાં આ હાઉસમાં અને આખા ગુજરાતમાંહક્કપત્રક નોંધો જલદીથી પડે એ માટે વારંવાર રજૂઆતો આવતી હતી. અમારી સરકારે આમાં ઝડપ આવે એ માટે આયોરા (IORA) ની સિસ્ટમથી, આખી સિસ્ટમ હક્કપત્રક જલદી નોંધાય એના માટે આખી એક પદ્ધતિ ઉત્પન્ન કરી છે. હક્કપત્રક -૬ માં નોંધણીની ૯૦ દિવસની કાયદેસર જોગવાઇ છે, આજની તારીખેજે પ્રશ્ન પૂછાયો છે, એમાં ૯૦ દિવસ ઉપર એકપણ નોંધ કરવાની બાકી નથી. કુલ ૬૨૬૪ હતી, એમાં ૬૨૫૨, ૯૦ દિવસની અંદર છે એટલે સમયમર્યાદામાં છે. એટલે ૧૨ તકરારી છે, એટલે તકરારી નોંધોમાં પાર્ટીઓ વચ્ચે તકરારો ચાલતી હોય છે. પહેલા આ તકરારો મામલતદાર સોલ્વ કરતા હતા, અમારી સરકારે શ્રી વિજયભાઇના નેતૃત્વમાં આ આખા પાવર લઇ અને પ્રાંતને આપ્યા છે. એટલે લોકોને ન્યાય આપવાનું એક સ્ટેજ ઘટી જાય, પ્રાંત લેવલે પૂરતી ચકાસણી થાય અને ન્યાય મળે એટલા માટે આખી સિસ્ટમ અમોએ વર્ષ ૨૦૧૮માં પ્રાંતને સોંપી દીધી છે. આજની તારીખે ૬૨૫૨ માંથી ૧૨ તકરારીમાં ૪ તકરારી પણ સોલ્વ કરી દીધી છે એટલે ૮ બાકી રહે છે. જે ૬૨૫૨ છે, એમાંથી પણ આજની તારીખે ૩૮૯૭ બાકી રહે છે. એ પણ ૯૦ દિવસની સમયમર્યાદાની અંદર રહે છે. આ હકકપત્રકમાં નોંધો થાય એ માટે રાજય સરકારે જે બે-ત્રણ નિર્ણયો લીધા છે, એક તો પ્રાંતને સત્તા આપી દીધી છે, ૯૦ દિવસની સમય મર્યાદામાં એમનું કામ પુરું થઇ જાય છે. પછી આદિવાસી ક્ષેત્રોમાં જે કંઇ પ્રશ્નો આવે છે, એ અમે મામલતદારને સોંપ્યા છે અને જનરલ કેસો આવ્યા છે, એ અમે ડેપ્યુટીમામલતદારનેઆપ્યા છે. એટલે બે વિભાગમાં અરજીઓનો નિકાલ થાય, એવી પણ વ્યવસ્થા કરી છે. પછી ખાસ પ્રકારની કુલ ૧૭ જેટલી હકકપત્રકમાં નોંધો થાય છે, એમાં ખાસ પ્રકારની ચાર કે પાંચ નોંધો એમાં પણ અમે વિચારી રહ્યા છીએ કે, ૧૩૫-ડી. નો ૩૦ દિવસનો જે નોટિસ સમય છે, એને પણ ઓછો કરવાનો અમારા વિભાગમાં એક પ્લાનિંગ ચાલે છે એટલે આવનારા સમયની અંદર હજુ વધુ ઝડપથી હકકપત્રકનો નિકાલ થાય એવી વ્યવસ્થા અમે ગોઠવી છે. જે અમને ભાવનગરનો તાલુકાવાર પ્રશ્ન પૂછયો છે એની અંદર આજની તારીખે જે કામગીરી થયેલી છે એ સમયમર્યાદાની અંદર કરવામાં આવી છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે કે તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી હક્ક પત્ર નોંધોનો નિકાલ બાકી છે તેના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવેલ છે કે ૬૨૬૪ નોંધોનો નિકાલ બાકી છે,તો એ બે વર્ષ કરતા આગલા વર્ષની કુલ કેટલી અરજીઓ એમાં છે અને બીજો મુદ્દો એ કે નિયત સમય મર્યાદા ૯૦ દિવસની નક્કી કરવામાં આવેલ છે તો આ ૬૨૬૪ છે એમાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ૩૦૫૨ અરજીઓની નોંધો પાડવામાં આવી છે તો જે નોંધો પાડવામાં આવી છે તેમાં ૯૦ દિવસ કરતા વધારે સમયની કેટલી અરજીઓની નોંધો પાડવામાં આવી છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમનો પ્રશ્ન સ્પષ્ટ છે, છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ બાકી છે, એનો મેં જવાબ આપ્યો ૬૨૬૪, એટલે બે વર્ષની ભેગી આપી છે. એમણે અલગ અલગ વર્ષ માગ્યા એ નીકળી શકે પણ જવાબ અપાયો છે તેમાં બે વર્ષની ભેગી આપી છે. એમાં આજે જે બાકી રહે છે એ ૯૦ દિવસનો કાયદાકીય જોગવાઇનો સમય અમારી પાસે છે. અને એ સમય પહેલા એ થઇ જશે. તેમ છતાં પણ મેં જે વાત કરી એમ આજની તારીખે ૩૮૯૭, એટલે પ્રશ્ન પૂછાયા

પછી પણ એ રેગ્યુલર કામમાં આ બધી અરજીઓનો નિકાલ એડવાન્સમાં કરેલો છે. તકરારીની મેં વાત કરી, ૧૨ તકરારી હતી તે હજુ સમય મર્યાદામાં જ છે, તેમ છતાં એમાંથી ૪ તકરારીનો પણ નિકાલ થઇ ગયો છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે ૯૦ દિવસની સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે, કોઇ અરજદાર હક્ક પત્રકમાં નોંધ પાડવા માટે ઇ–ધરામાં અરજી કરે તો ૯૦ દિવસમાં એ નોંધ પાડી દેવી એવી જોગવાઇ છે. તો કેટલી નોંધો એવી છે કે જે ૯૦ દિવસ કરતા વધારે પડતર હતી. માનનીય મંત્રીશ્રી સ્વીકારે છે કે આ પ્રશ્ન આવ્યા પછી પાડવામાં આવી છે. એનો અર્થ એવો થાય કે અગાઉ પાડવામાં આવી નથી. એટલે જયારે પ્રશ્ન પૂછવામાં આવે ત્યારે જ વહીવટી તંત્રએ કામ કરવાનું એવો અર્થ થાય. મારો સવાલ સ્પષ્ટ છે.

અધ્યક્ષશ્રી : ફરી સ્પષ્ટ કરો, કેમ કે પહેલા તો મંત્રીશ્રીએ કહ્યું કે તમારો સવાલ સ્પષ્ટ છે. પણ સ્પષ્ટતા થતી નથી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : મારો સવાલ બહુ સ્પષ્ટ છે કે સમય મર્યાદા ૯૦ દિવસની છે, હું અરજદાર તરીકે ઇ–ધરામાં હકક પત્રકમાં નોંધ પાડવાની અરજી જે તારીખે કરું તેના ૯૦ દિવસમાં નોંધ પાડવાની જોગવાઇ છે એમ મંત્રીશ્રીએ જણાવ્યું. તો જે અરજીઓ આવી છે એમાં જે નોંધો પાડી છે એમાં ૯૦ દિવસ કરતા વધુ સમય પછી કેટલી નોંધો પાડવામાં આવી છે એની સ્પષ્ટતા કરે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમને હું સ્પષ્ટ જવાબ આપવા માગું છું. બે વર્ષમાં કેટલી બાકી છે, આ જે બાકી છે એમાં હજુ સમય મર્યાદા પહોંચે છે, અમે જે કામ કર્યું તે ૯૦ દિવસ પહેલા પૂરું કર્યું અને આજે ૩૮૦૦ જેટલી બાકી છે. એટલે એડવાન્સમાં કામ થયું છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનો જવાબ તો આપ્યો. (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ એટલો જ છે કે નિકાલ કર્યો છે એમાં ૯૦ દિવસ કરતા વધુ સમયની કેટલી અરજીઓ છે, મંત્રીશ્રીએ જવાબ આપ્યો ૩૮૦૦ બાકી છે, એમાં ૯૦ દિવસ કરતા વધુ સમયની કેટલી બાકી છે?

અધ્યક્ષશ્રી : આપને આંકડો જોઇએ છે? આ આંકડાની પળોજણમાં છો? આપો જવાબ.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે પ્રશ્નમાં પૂછયું જ છે છેલ્લા બે વર્ષમાં કેટલી, આ મેં ટોટલ આપી છે. એક વર્ષની પણ આપી શકાય, પણ સમય મર્યાદામાં એ હજુ પહોંચે છે ૯૦ દિવસમાં, એટલી જ બાકી છે. હજુ સમય મર્યાદા અમારી પાસે છે ૯૦ દિવસની છે એટલે એ સમય મર્યાદામાં હજુ કામગીરી કરીશું. બીજું જે વધારાનું કર્યું છે એ સમય મર્યાદા કરતા પણ એડવાન્સમાં કર્યું છે. જે કેસોમાં કોઇ કોમ્પ્લીકેશન ન હોય અને સરળતાથી થઇ ગયું હોય તે કામ પણ અગાઉ અમે કરવાનું ચાલુ કરી દીધું છે.

અધ્યક્ષશ્રી : તમારો આ પ્રશ્ન છે અને એમનો આ જવાબ છે. માનનીય નાકરાણી.

કેશુભાઇ હી. નાકરાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે સામાન્ય રીતે કેટલા પ્રકારની નોંધો હોય છે?

અધ્યક્ષશ્રી : કેટલા પ્રકારની નોંધો હોય છે? પાંચ, સાત, પંદર?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : સામાન્ય રીતે ૧૭ પ્રકારના ફેરફારની નોંધો હક્કપત્રકમાં કરવામાં આવે છે.

શ્રી આર.સી. મકવાણા : હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે વારસાઇના અનુસંધાને પેઢીનામુંબનાવવાની જોગવાઇ શું છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વારસાઇના અનુસંધાને પેઢીનામું બનાવવાની જોગવાઇમાં એક તો હક્કપત્રક એ ખાતેદારની વારસાઇના કિસ્સામાં સીધી લિટીના વારસોની હયાતીના હક્ક દાખલના કિસ્સામાં તથા કૌટુંબિક વહેંચણીના કિસ્સામાં પેઢીનામાની જરૂરિયાત રહે છે. ગ્રામ્ય વિસ્તારમાં પંચાયત વિભાગ હેઠળના તલાટી કમ મંત્રી તેમજ શહેરી વિસ્તારમાં સિટી અથવા તો કસબા તલાટી દ્વારા પેઢીનામું બનાવી આપવાની કાર્યવાહી કરવામાં આવે છે. અરજદાર દ્વારા ગામના પ્રતિષ્ઠિત વ્યકિતઓની રૂબરૂમાં લખાવ્યા અનુસાર પેઢીનામું તૈયાર કરવાનું હોય છે. તેમજ સમાવવા પાત્ર નામો પૈકી કાયદેસરના વારસદારનું નામ રહી ન જાય અને કાયદાકીય પ્રશ્નો ઉપસ્થિત ન થાય તે ધ્યાને રાખીને અરજદાર દ્વારા નિયત નમુનામાં સક્ષમ અધિકારી સમક્ષ કરેલ સોંગદનામું રજૂ કરવાનું રહે છે.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે નોંધ પાડતા સમયે ૯૦ દિવસની અંદર ટોટલ ડોકયુમેન્ટ પૂરા પાડ્યા છતાં પણ નોંધ કેન્સલ કરવામાં આવે છે આવું ધ્યાન ઉપર આવ્યું છે કે કેમ? એનો દાખલો જોઇતો હોય તો મારા વિસ્તારમાં નોંધ પાડવામાં ટોટલ ડોકયુમેન્ટ આપ્યા છતાં નોંધ કેન્સલ કરે છે અને પ્રાંત ઓફિસમાં જવા માટે ખેડૂતોને મજબૂર કરે છે માટે આમાં કંઇક રંધાતુ લાગે છે તો આ બાબતે આપ શું કરવા માગો છો?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ચોક્કસ કિસ્સો આપશે તો તપાસ કરાવીશું. આજનો પ્રશ્ન ભાવનગરનો છે કેટલી નોંધ બાકી છે અને કેટલી કલીયર કરી. સ્પેસિફિક આપશે તો અમે તપાસ કરાવીશું.

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, પેઢીનામા દરમિયાન ગુજરાતમાં આપણા કોઇપણ જિલ્લાનો ખેડૂત ખાતેદાર હોય એનું મૃત્યુ ગુજરાત બહાર કોઇપણ શહેરમાં કોઇ પણ ગામમાં થયું હોય તો પેઢીનામું તે જે સ્થળે મરણના સ્થળે બનાવવું જોઇએ કે પેઢીનામું જયાં રહેતા હોય ત્યાં બનાવવું જોઇએ એની સ્પષ્ટતા કરવા વિનંતી છે.

તા. ૧૬મી માર્ચ ૨૦૨૧

તારાંકિત પ્રશ્નો

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જુદી નોટિસનો પ્રશ્ન છે એની આખી પ્રોસિઝર કરવાની હોય છે. પ્રોસિઝર પ્રમાણે કરે તો પછી હક્કપત્રકમાં આવે છે.

**ભિલોડા અને મેઘરજ તાલુકામાં એસ.કે–૪, ૧ અને ૨ યોજના**

* ૩૪૬૫૨ **ડો. અનિલ જોષીયારા**(ભિલોડા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં પીવાના પાણી માટેની એસ.કે–૪, ૧ અને ૨ યોજના દ્વારા ક્યા ગામોને પીવાનું પાણી આપવા માટેનું આયોજન હતું, | (૧) પરિશિષ્ટ મુજબ |
| (૨) આ યોજના ક્યારથી શરૂ કરવામાં આવી હતી અને તે માટે કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૨) એસકે–૪ ભાગ–૧ યોજના માહે ૧૧/૨૦૧૧માં અને ભાગ–૨ યોજના માહે ૧૨/૨૦૧૪માં શરૂ કરવામાં આવેલ. જે માટે કુલ રૂ. ૧૦૦.૮૪ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજના થકી ક્યા ગામોને પીવાનું પાણી આપવામાં આવે છે? | (૩) પરિશિષ્ટ મુજબ |

**પરિશિષ્ટ**

**એસકે–૪ ભાગ–૧ અને ભાગ–૨ યોજનાના ગામોની વિગત**

| **અનુ** | **તાલુકો** | **ગામનું નામ** |
| --- | --- | --- |
| **(અ) યોજનાથી પાણી મેળવતાં ગામો** | | |
| ૧ | ભિલોડા | ભવાનપુર |
| ૨ | ભિલોડા | ધંબોલીયા |
| ૩ | ભિલોડા | ગડાદર |
| ૪ | ભિલોડા | ગઢીયા |
| ૫ | ભિલોડા | ઘાંટી |
| ૬ | ભિલોડા | હિમતપુર |
| ૭ | ભિલોડા | જેસીગપુર |
| ૮ | ભિલોડા | ઝુમસર છાપરા |
| ૯ | ભિલોડા | કાગડા મહુડા |
| ૧૦ | ભિલોડા | ખારી |
| ૧૧ | ભિલોડા | કુડોલ – દહેગામડા |
| ૧૨ | ભિલોડા | કુશ્કી |
| ૧૩ | ભિલોડા | લક્ષ્મણપુરા |
| ૧૪ | ભિલોડા | લુસડીયા |
| ૧૫ | ભિલોડા | મલાસા |
| ૧૬ | ભિલોડા | મઉ નવલપુર |
| ૧૭ | ભિલોડા | મોટા સામેરા |
| ૧૮ | ભિલોડા | નાના કંથારીયા |
| ૧૯ | ભિલોડા | રાયપુર |
| ૨૦ | ભિલોડા | રૂદરડી |
| ૨૧ | ભિલોડા | સરકી લીમડી |
| ૨૨ | ભિલોડા | શામળાજી |
| ૨૩ | ભિલોડા | સોડપુર |
| ૨૪ | ભિલોડા | સુનોખ |
| ૨૫ | ભિલોડા | વાગોદર |
| ૨૬ | ભિલોડા | વજાપુર |
| ૨૭ | મેઘરજ | અંતોલી |
| ૨૮ | મેઘરજ | છીટાદરા |
| ૨૯ | મેઘરજ | ગેડ |

| અનુ | તાલુકો | ગામનું નામ |
|---|---|---|
| ૩૦ | મેઘરજ | ઘોરવાડા |
| ૩૧ | મેઘરજ | ઇસરી |
| ૩૨ | મેઘરજ | કંટાલુ |
| ૩૩ | મેઘરજ | ખાખરીયા |
| ૩૪ | મેઘરજ | મોટા મઠ |
| ૩૫ | મેઘરજ | નવાગામ (ઇસરી) |
| ૩૬ | મેઘરજ | પટેલના છાપરા |
| ૩૭ | મેઘરજ | પટેલના ઢુંઢા |
| ૩૮ | મેઘરજ | પુજપુર |
| ૩૯ | મેઘરજ | રખાપુર |
| ૪૦ | મેઘરજ | તરકવાડીયા |
| ૪૧ | મેઘરજ | વાંકાટીબા |
| **(બ) સ્થાનિક સોર્સ આધારીત યોજનાથી પાણી મેળવતાં ગામો** | | |
| ૪૨ | ભિલોડા | અભાપુર |
| ૪૩ | ભિલોડા | અઢેરા |
| ૪૪ | ભિલોડા | અસાલ |
| ૪૫ | ભિલોડા | બેચરપુરા |
| ૪૬ | ભિલોડા | ભટેલા |
| ૪૭ | ભિલોડા | ભેટાલી |
| ૪૮ | ભિલોડા | ભિલોડા |
| ૪૯ | ભિલોડા | બ્રહમપૂરી |
| ૫૦ | ભિલોડા | છાપરા – કુશ્કી |
| ૫૧ | ભિલોડા | ચિભડીયાઆંટા |
| ૫૨ | ભિલોડા | દહેગામડા |
| ૫૩ | ભિલોડા | ઘઘાસણ |
| ૫૪ | ભિલોડા | ધુલેટા–પાલ્લા |
| ૫૫ | ભિલોડા | દોલતપુર |
| ૫૬ | ભિલોડા | ગલી સેમરો |
| ૫૭ | ભિલોડા | ગોઢ કુશ્કી |
| ૫૮ | ભિલોડા | હરદાસપુર |
| ૫૯ | ભિલોડા | હાથીયા |
| ૬૦ | ભિલોડા | જાલીયા |
| ૬૧ | ભિલોડા | જનાલી |
| ૬૨ | ભિલોડા | જશવંતપુરા |
| ૬૩ | ભિલોડા | કડવઠ |
| ૬૪ | ભિલોડા | કલ્લેકા |
| ૬૫ | ભિલોડા | કરણપુર |
| ૬૬ | ભિલોડા | કારછા |
| ૬૭ | ભિલોડા | ખેરાડી |
| ૬૮ | ભિલોડા | ખેરંચા |
| ૬૯ | ભિલોડા | ખિલોડા |
| ૭૦ | ભિલોડા | ખોડંબા |
| ૭૧ | ભિલોડા | માંધરી |
| ૭૨ | ભિલોડા | મેરાવાડા |
| ૭૩ | ભિલોડા | મેરૂ ભેટાલી |
| ૭૪ | ભિલોડા | મોટાકંથારીયા |
| ૭૫ | ભિલોડા | મોટી બેબાર |
| ૭૬ | ભિલોડા | મુનાઇ |
| ૭૭ | ભિલોડા | નાંદોજ |

તા. ૧૬મી માર્ચ ૨૦૨૧

તારાંકિત પ્રશ્નો

| અનુ | તાલુકો | ગામનું નામ |
|---|---|---|
| ૭૮ | ભિલોડા | નાપડા – જાગીર |
| ૭૯ | ભિલોડા | નાપડા–ખાલસા |
| ૮૦ | ભિલોડા | નવા ભેટાલી |
| ૮૧ | ભિલોડા | ઓઢા–પહાડીયા |
| ૮૨ | ભિલોડા | પહાડીયા |
| ૮૩ | ભિલોડા | પાલ્લા |
| ૮૪ | ભિલોડા | રામેળા |
| ૮૫ | ભિલોડા | રંગપુર |
| ૮૬ | ભિલોડા | રાવતાવાડા |
| ૮૭ | ભિલોડા | રૂદરાલ |
| ૮૮ | ભિલોડા | સાબરણ |
| ૮૯ | ભિલોડા | શામળપુર |
| ૯૦ | ભિલોડા | શોભાયડા |
| ૯૧ | ભિલોડા | સુનસર |
| ૯૨ | ભિલોડા | ટાંકાટુકા |
| ૯૩ | ભિલોડા | વાઘપુર |
| ૯૪ | ભિલોડા | વજાપુર–ખેરંચા |
| ૯૫ | ભિલોડા | વક્તાપુર |
| ૯૬ | ભિલોડા | વાંદીયોલ |
| ૯૭ | ભિલોડા | વાંકાટીબા |
| ૯૮ | ભિલોડા | વાંકાનેર |
| ૯૯ | ભિલોડા | વાંસેરા |
| ૧૦૦ | ભિલોડા | વણઝર |
| ૧૦૧ | ભિલોડા | વસઇ |
| ૧૦૨ | મેઘરજ | ઘરોલા |
| ૧૦૩ | મેઘરજ | નારણપુર |
| ૧૦૪ | મેઘરજ | રાજપુર (ઇસરી) |
| ૧૦૫ | ભિલોડા | અજીતપુરા |
| ૧૦૬ | ભિલોડા | આંબાબાર |
| ૧૦૭ | ભિલોડા | અંધારી |
| ૧૦૮ | ભિલોડા | અણસોલ |
| ૧૦૯ | ભિલોડા | બાવલીયા પાલ |
| ૧૧૦ | ભિલોડા | બાવલીયા ટોરડા |
| ૧૧૧ | ભિલોડા | બેડાસણ |
| ૧૧૨ | ભિલોડા | ભાણમેર |
| ૧૧૩ | ભિલોડા | ભુતાવડ |
| ૧૧૪ | ભિલોડા | બોલુન્દ્રા |
| ૧૧૫ | ભિલોડા | બોરનાલા |
| ૧૧૬ | ભિલોડા | બુધરાસણ |
| ૧૧૭ | ભિલોડા | બુઢેલી |
| ૧૧૮ | ભિલોડા | ચિબોડા |
| ૧૧૯ | ભિલોડા | ચિતરીયા |
| ૧૨૦ | ભિલોડા | ચોરીમાલા |
| ૧૨૧ | ભિલોડા | ધંનસોર |
| ૧૨૨ | ભિલોડા | ધરાસણ |
| ૧૨૩ | ભિલોડા | ધોલવાણી |
| ૧૨૪ | ભિલોડા | ડોડીસરા મોટા |
| ૧૨૫ | ભિલોડા | ડોડીસરા નાના |
| ૧૨૬ | ભિલોડા | ઇન્દ્રપુરા |

| અનુ | તાલુકો | ગામનું નામ |
|---|---|---|
| ૧૨૭ | ભિલોડા | જામબુડી |
| ૧૨૮ | ભિલોડા | જાયલા |
| ૧૨૯ | ભિલોડા | જીજોડી |
| ૧૩૦ | ભિલોડા | કલ્યાણપુર |
| ૧૩૧ | ભિલોડા | ખલવાડ |
| ૧૩૨ | ભિલોડા | ખુમાપુર |
| ૧૩૩ | ભિલોડા | કિશનગઢ |
| ૧૩૪ | ભિલોડા | કુડોલ પાલ |
| ૧૩૫ | ભિલોડા | લાલપુર |
| ૧૩૬ | ભિલોડા | લીલછા |
| ૧૩૭ | ભિલોડા | મલેકપુર |
| ૧૩૮ | ભિલોડા | મઠ બોલુન્દ્રા |
| ૧૩૯ | ભિલોડા | માંકરોડા |
| ૧૪૦ | ભિલોડા | નાના સામેરા |
| ૧૪૧ | ભિલોડા | નારણપુર |
| ૧૪૨ | ભિલોડા | નારસોલી |
| ૧૪૩ | ભિલોડા | નવા વેણપુર |
| ૧૪૪ | ભિલોડા | ઓડ |
| ૧૪૫ | ભિલોડા | પાદરડી |
| ૧૪૬ | ભિલોડા | પહાડા |
| ૧૪૭ | ભિલોડા | પાંચ મહુડી |
| ૧૪૮ | ભિલોડા | પાટીયા કુવા |
| ૧૪૯ | ભિલોડા | રાયસીંગપુર |
| ૧૫૦ | ભિલોડા | રામપુર-મોરી |
| ૧૫૧ | ભિલોડા | રામપૂરી |
| ૧૫૨ | ભિલોડા | રીટોડા |
| ૧૫૩ | ભિલોડા | શિલાદ્રી |
| ૧૫૪ | ભિલોડા | શિલાસણ |
| ૧૫૫ | ભિલોડા | સોનાસણ |
| ૧૫૬ | ભિલોડા | ટોરડા જેતપુર |
| ૧૫૭ | ભિલોડા | ઉબસલ |
| ૧૫૮ | ભિલોડા | વાઘેશ્વરી |
| ૧૫૯ | ભિલોડા | વાંસળી |
| ૧૬૦ | ભિલોડા | વેજપુર |
| ૧૬૧ | ભિલોડા | વેણપુર |
| ૧૬૨ | ભિલોડા | વીરપુર |
| ૧૬૩ | મેઘરજ | જામલપુર |
| ૧૬૪ | મેઘરજ | મહુડી |
| ૧૬૫ | મેઘરજ | ઓઢા પાણીબાર |
| ૧૬૬ | ભિલોડા | દેસણ (બિન વસવાટી) |

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, આ ઘરે ઘરે નળથી પાણી આપવાની તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનની યોજના હતી. દસ મુદ્દા આદિવાસી વિસ્તારમાં પાણી આપવાની યોજના હતી. આજે દસ વર્ષ પૂર્ણ થઇ ગયા અને જે આદિવાસી વિસ્તાર મેઘરજ અને મોડાસા એના માટે એસ.કે. ૪, ૧ અને ૨ ની યોજના હતી. આજની તારીખમાં સરકારે ફક્ત ૪૧ ગામોને કવર કર્યા છે એમ કહે છે. ૧૨૫ ગામોને આજની તારીખમાં પાણી મળતું નથી. આ યોજના ફક્ત આદિવાસીઓ માટેની હતી પણ આદિવાસી ગામો બધા જ રહી ગયા છે. આ યોજનાનો લાભ ન મળ્યો દર વખતે જિલ્લા સંકલન સમિતિમાં કલેકટર સમક્ષ આ મારી રજૂઆત હોય છે. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આમાં તપાસ કરીને આ જે ગામો રહી ગયા છે એ ગામોને કયાં સુધીમાં પાણી આપવા માગો છો ? આ ગ્રાન્ટ કયા હેડની હતી અને પાણી આપવાનું બાકી છે એમાં ટાંકા બનાવી દીધા છે એ દસ દસ વર્ષના થઇ ગયા એમાં હવે તિરાડો પડી ગઇ છે એ ફેઇલ જશે તો આ ટાંકાઓનું શું કરવા માગો છો ફરી બનાવવા માગો છો કે કેમ, કેવી રીતે પાણી આપશો એનો મંત્રીશ્રી જવાબ આપે. (અંતરાય)

## તા. ૧૬મી માર્ચ ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : નવો પ્રશ્ન આવે એટલે નવેસરથી જવાબ આપવો પડે. આ એમના જિલ્લાનો પ્રશ્ન છે. આ પ્રશ્ન પહેલા આવી ગયો છે? માનનીય મંત્રીશ્રી કયા હેડ નીચેની ગ્રાન્ટ હતી, કયાં સુધી કામો થશે અને ટાંકામાં તિરાડ પડી એનું શું કરશો એટલો જવાબ આપો.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કહે છે તે પ્રમાણે એક તોબજેટમાં અત્યારે કોઇ કમી નથી. પીવાના પાણી માટેની પૂરતી જોગવાઇ અગાઉ પણ હતી અને ચાલુ વર્ષમાં પણ બજેટની પૂરતી જોગવાઇ થઇ છે. પાણી પુરવઠા વિભાગના ખર્ચની તેમણે જે વાત કરી છે એ ટ્રાઇબલ સદર હેઠળની આ જોગવાઇઓમાંથી કામ કરેલું છે. તેમનો બીજો પ્રશ્ન એ હતો કે ખાસ કરીને જે વિસ્તારના ગામડાં રહી ગયા છે તેમાં પાણી ક્યાં સુધીમાં પહોંચાડશો? ભૂતકાળમાં જે યોજના બની હતી તેની વાત તેમના ધ્યાન ઉપર મૂકું કે અગાઉ જે યોજના બની હતી તેમાં જે મુશ્કેલીવાળા ૬૧ જેટલા ગામડાં છે તે હાથમતી જૂથ યોજના જે ૩૦ ગામ માટે વર્ષ ૧૯૯૮માં આ યોજના બનેલી. એક વ્યક્તિદીઠ ૫૫ લિટર પાણી આપવાની આ યોજના બનેલી. વર્ષ ૨૦૦૫માં લુસડીયા જૂથ યોજના છે તે ૧૦ ગામ માટેની બનેલી. મેશ્વો જૂથ યોજના ૨૩ ગામ માટે બનેલી. વર્ષ ૧૯૯૨માં ૪૦ લિટર લેખે આ યોજના બનેલી. ભૂતકાળમાં યોજના બન્યા પછી બન્ને યોજના બનાવવા જઇ રહ્યા છીએ. એસ.કે-૧ અને ભાગ-૨. તેમાં જે યોજના બની છે તે આની સાથે લીંકઅપ કરી હતી.

અધ્યક્ષશ્રી : ક્યાં સુધીમાં તૈયાર થશે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, એ તો આવતા દિવસોમાં અમે આયોજન કર્યું છે. આવતા ડિસેમ્બર સુધીમાં જે ૬૧ ગામડાં બાકી છે તેને જોડવા માટેની ટેન્ડર વગેરે પ્રક્રિયા કરી દીધી છે. આગામી દિવસોમાં ડિસેમ્બર પહેલાં ૬૧ તાંત્રિક મુશ્કેલીવાળા ગામડાં છે તેને જોડવા માટેનું આયોજન છે અને આ ડિસેમ્બર પહેલાં અમે કામ પૂર્ણ કરીશું.

અધ્યક્ષશ્રી : ટાંકામાં તિરાડો પડી છે તેનું શું કરશો? સભ્યશ્રી ઉભા થઇને પૂછે તેના કરતા મેં લખી રાખ્યું છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, ત્યાં પાણી નહોતું પહોંચ્યું, એવા કોઇ ટાંકાઓ હતા કે એકાદ-બે ટાંકામાં તિરાડ પડી હોય, જે લાંબા સમય સુધી પડતર રહેલા. યોજના બની હતી પછી પડતર રહ્યા. એ યોજનાને કારણે અમુક ટાંકાઓ તૂટ્યા હતા. તેને પણ આ નવી યોજનામાં ડિસેમ્બર પહેલાં કરવાનું અમારું આયોજન છે.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, આ ટાંકા ૭-૮ વર્ષ થઇ ગયા છે અને પાણી નથી ભર્યું તેના લીધે તિરાડો પડી ગઇ છે. પાણી નહીં આપો તો ચાલશે પણ કમસેકમ ટાંકો ભરી રાખ્યો હોત તો આવી મુશ્કેલી ન થાત. હવે શું કરવા માગો છો ? નવેસરથી બનાવશો કે શું કરશો ? પાણી આપવા માટે તો કંઇક વ્યવસ્થા કરવી પડશે.

અધ્યક્ષશ્રી : જરૂરી કાર્યવાહી કરશે એવું કહ્યું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ તેમના જવાબમાં જણાવ્યું. પ્રશ્નમાં એસ.કે.-૪ ભાગ-૧. ૧૧-૨૦૧૧માં યોજના શરૂ થઇ અને ભાગ-૨. ૧૨-૨૦૧૪માં શરૂ થઇ. રૂપિયા ૧૮૪ કરોડનો ખર્ચ થયો. માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે એમના પત્રકના જવાબમાં જણાવ્યું છે કે એસ.કે.-૪ ભાગ- ૧ અને ૨ યોજના મુજબ હવે જે ૬૧ ગામો બાકી છે તેમાં સરકાર દ્વારા કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ ૬૧ ગામો બાકી છે તેના માટેનું અમે આયોજન કરી લીધું છે. તેમાં ખાસ કરીને હાથમતી રીમોડલીંગનું જે કામ કરવાનું છે તેના ટેન્ડર થઇ ગયા છે. રુ. ૧૩.૫૮ કરોડમાં, તેની સામે એસ.કે.-૪ ફળિયા કનેક્ટિવીટીનો કાર્યક્રમ છે. તેની હેઠળ જે ખર્ચ થવાનો ૪.૦૫ કરોડ રૂપિયા. એસ.કે.-૪ કનેક્ટિવીટીનો જે પ્રોગ્રામ છે તેનો ખર્ચ થવાનો છે ૧.૨૦ કરોડ રૂપિયા. આગામી દિવસોમાં જે ટાંકા અને સેક્શનની કામગીરી કરવાની બાકી રહે છે તેના માટેના ટેન્ડરની પ્રક્રિયા પણ ચાલે છે. તેનો ખર્ચછે ૩૧.૪ લાખ રૂપિયા. તેની સાથે એસ.કે. અંતર્ગત બાકીનું જે કામ બાકી રહેશે તેના માટેની પણ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ સાથે અથવા તો અમારી મરામત અને નિભાવણી જે પાણી પુરવઠા બોર્ડ મારફતે થાય છે તેના માધ્યમથી બાકીની કામગીરી અમે લગભગ આ ડિસેમ્બર-૨૦૨૧ પહેલાં પૂરું કરીશું.

શ્રી અજમલજી વ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે એસ.કે.-૪. ભાગ-૧-૨ જૂથ પાણી પુરવઠા યોજનામાં સમાવિષ્ટ પાણી પુરવઠો શરૂ ન કરાયેલ ગામોને પાણી પુરવઠો શરૂ કરવાનું શું આયોજન છે અને પાણી પુરવઠો ક્યારે શરૂ કરવામાં આવશે ?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, એસ.કે.-૪, ભાગ-૧ એની અંદર કુલ ૫૯ ગામોનો સમાવેશ થયેલો એમાંથી પાણી લેતા ૫ ગામ છે અને સ્વૈચ્છિક પાણી ન લેતા-૧૦ ગામ છે.તાંત્રિક જે ખામીવાળા ૪૩ ગામ આ એસે.કે. ભાગ-૧માં અને એસ.કે.ભાગ-૨માં ભિલોડા તાલુકાના ૮૬ ગામ છે અને મેઘરજ તાલુકાના ૨૧ ગામોનો સમાવશે છે એમાંથી પાણી લેતા જે ગામો છે એ ભિલોડા તાલુકામાં ૨૧ અને મેઘરજમાં ૧૫, સ્વૈચ્છિક પાણી ન લેતા હોય એવા ભિલોડાના ૫૦ ગામ અને મેઘરજના ૩ ગામ અને તાંત્રિક ખામીવાળા જે ગામો છે કે જયાં પાણી પહોંચાડી શકયા નથી અને જે નલ સે જલ યોજનામાં લેવાના છીએ એવા ભિલોડાના ૧૫ અને મેઘરજના ૩, એમ કુલ-૧૮, આ બધા ગામોની અંદર અમે આગામી ડિસેમ્બર પહેલા પીવાનું પાણી ત્યાં પૂરતું મળે એ માટે નલ સે જલ યોજના અંતર્ગત અમારી કામગીરી પ્રગતિમાં છે.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે એસ.કે-૪ ભાગ-૧ અને ભાગ-૨ આ જે ઘરે ઘરે નળ પહોંચાડવા માટેની સરકારશ્રીની યોજના છે પણ આની અંદર એવું થયું છે કે ફકત ટાંકીઓ જ

બનાવવામાં આવી છે અને ટાંકીઓ અત્યાર સુધી ક્યારેય ભરવામાં પણ નથી આવી તો આવી કેટલી ટાંકીઓ બનાવવામાં આવી અને કેટલી ટાંકીઓમાં પાણી નથી ભરવામાં આવ્યું, અને કેટલી ટાંકીઓ બનાવી છે પણ પાઇપલાઇન ટાંકી સુધી નાખવામાં નથી આવી એવી કેટલી યોજનાઓ છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે અગાઉ વર્ષ ૨૦૦૦ અને આગળના વર્ષમાં જે યોજનાઓ બની હતી, એ યોજનાઓની થોડીક ખામીઓને કારણે એટલે કે સન ૧૯૯૮, ૨૦૦૫, ૧૯૯૨, આ ત્રણેય અલગ અલગ યોજનાઓ બનેલી એમાં જે ટાંકીઓ હતી એમાં પાઇપલાઇનની ક્ષતિઓને કારણે ત્યાં ટાંકા સુધી પાણી પહોંચાડી શકયા નહોતા પણ એને અમે આગામી દિવસમાં નલ સે જલ યોજનામાં લઇને જે રીમોડલીંગ કરી રહ્યા છીએ એમાં અમે ટાંકીઓને પાઇપથી જોડીને જે પાણી ભરવાલાયક હશે એમાં પાણી ભરીશું, બાકીની દૂર કરીને આ યોજના હેઠળ નવી ટાંકીઓ સાથે ૬૧-૬૧ ગામનું તાંત્રિક સુધારણાનું કામ કરીને પીવાનું પાણી ડિસેમ્બર સુધીમાં એ ટાંકીઓમાં નંખાય એ રીતનું અમારું આયોજન છે.ટેન્ડર થઇ ગયા છે અને કામગીરી ચાલુ છે.

**જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં 'નલ સે જલ' યોજના**

* ૩૪૨૭૦ **શ્રી બાબુભાઇ વાજા** (માંગરોળ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર 'નલ સે જલ' યોજના અંતર્ગત કેટલા કનેક્શનો આપવામાં આવ્યા, અને

(૧)

| **જિલ્લો** | **આપવામાં આવેલ નળ કનેક્શનો** | |
|---|---|---|
| | **વર્ષ ૨૦૧૯** | **વર્ષ ૨૦૨૦** |
| જૂનાગઢ | ૯૪ | ૨૦૬૭ |
| ભાવનગર | ૪૮૯૪ | ૨૦૩૬૪ |

(૨) આ કનેક્શનો આપવા માટે કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

(૨)

| **જિલ્લો** | **કરવામાં આવેલ કુલ ખર્ચ (રૂ. લાખમાં)** |
|---|---|
| જૂનાગઢ | ૧૫૨૧.૫૫ |
| ભાવનગર | ૫૭૩૦.૩૫ |
| **કુલ** | **૭૨૫૧.૯૦** |

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પાણી પુરવઠા વિભાગ દ્વારા નાખવામાં આવતી પાઇપ લાઇન કેટલી ઉંડાઇએ નાખવામાં આવે છે? મારો બીજો પ્રશ્ન એ છે કે જૂનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં એટલે કે સને ૨૦૧૯ અને ૨૦૨૦માં કેટલા ગામોને નળ જોડાણ આપવામાં આવ્યા છે? એની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? મારા વિધાનસભા વિસ્તારમાં માળીયાના કેટલા ગામોને નળ કનેકશન આપવામાં આવ્યા છે? અમારો માંગરોળ વિસ્તાર એ ઓજી વિસ્તાર છે અને એ નથી સીટીમાં આવતો કે નથી તાલુકામાં આવતો તો આ ઓજી વિસ્તારમાં પાણી પુરવઠાની લાઇન આપવા માગો છો કે કેમ?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પહેલો પ્રશ્ન, કેટલી ઉંડાઇમાં પાઇપ લાઇન નાખવામાં આવે છે? સામાન્ય રીતે જે પાઇપ લાઇન હોય છે એ જેટલો ડાયામીટરહોય છે એના ઉપર આધારીત હોય, પાઇપ લાઇન નાખ્યાના ટોપ ઉપરથી ઉંચાઇ ઉપરથી ઉપરના ભાગથી એક મિટરની ઉંડાઇ સુધી હોય છે. પાઇપ લાઇનનોવધારે મોટો ડાયામીટર હોય ....

અધ્યક્ષશ્રી : ઇજનેરી સલાહ મુજબ એમ કહો. પાઇપના માપ થોડા કાઢવાના હોય? આપણે પ્લમ્બર થોડા છીએ ?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : પાઇપની ટોપ ઉપરથી એક મીટર સુધી...

અધ્યક્ષશ્રી : એમ કહો કે જરૂરિયાત મુજબ.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા :પણ એમાં કહું કે જયાં પથરાળ સખત ...

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિસ્તારમાં પથરાળ જમીન છે એટલે એની પૂરતી ઉંડાઇના હોય તો પછી આ લોકો સીધા જ પથ્થર નાંખી દે એટલે એ લાઇન તૂટી જાય કે દબાઇ જાય એટલે નલ સે જલ नहीं आता है साब.

અધ્યક્ષશ્રી:તમે એ સૂચન કરોને એટલે માનનીય મંત્રીશ્રી એ સૂચનને સ્વીકારશે. ભૂલી ગયા?ફરીથી પૂછો, જવાબ આપે.

શ્રી બાબુભાઇ કા. વાજા : સાહેબ, વાંધો નથીને?

અધ્યક્ષશ્રી : મને વાંધો નથી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માંગરોળ વિસ્તારમાં ઓ.જી. વિસ્તાર છે.

અધ્યક્ષશ્રી : ખર્ચ કેટલો? એવું પુછેલું.

શ્રી બાબુભાઇ કા. વાજા : એ અગાઉનો છે.

અધ્યક્ષશ્રી : જવાબ ક્યાં આવ્યો છે?

શ્રી બાબુભાઇ કા. વાજા : જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૦ બે વર્ષમાં કેટલા કનેકશનો આપેલા છે અને કેટલો ખર્ચ થયેલ છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૯માં તાલુકાવાર જોઇએ તો વિસાવદરમાં ૩ ગામો માટે ૯૪ નળ કનેકશનો આપવામાં આવેલા અને એની સામે રૂપિયા ૬૪૨.૬૪ લાખ ખર્ચ થયેલો. વર્ષ ૨૦૨૦માં ભેંસાણ તાલુકામાં ૧ ગામમાં ૧૦ નળના જોડાણ, જૂનાગઢ તાલુકામાં ૫ ગામમાં ૭૭૧, કેશોદમાં ૨ ગામમાં ૧૧૫ મહોલ્લા અને ૨ ગામમાં ૩૫૨, મેંદરડામાં ૨ ગામમાં ૨૦, વિસાવદરમાં ૭ ગામમાં ૭૬૩ એમ કુલ ૧૯ ગામોમાં ૨૦૬૭ નળ કનેકશન આપવામાં આવેલા અને એની સામે રૂપિયા ૮૭૮.૯૧ લાખનો ખર્ચ કરવામાં આવેલો. ઓ.જી. વિસ્તારમાં પણ વસતિને ધ્યાને લઇ પાણી આપવા માટેનો માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇએ નિર્ણય કર્યો છે.

શ્રી બાબુભાઇ કા. વાજા : માળિયા તાલુકામાં ક્યાં સુધીમાં પૂર્ણ કરશો?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, ૨ ગામો માટે શક્ય એટલું વહેલું, એટલે કે વર્ષ ૨૦૨૨ પહેલા તમામ ગામડાને ૧૦૦ ટકા નળ જોડાણ આપવાના છીએ.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ નલ સે જલ યોજનામાં ૩ હજારથી ઓછી વસતિ ધરાવતા ગામમાં ઉંચી ટાંકીની યોજનાનો લાભ મળતો નથી. તો મારો પ્રશ્ન છે કે ૩ હજારથી ઓછી વસતિ ધરાવતા ગામમાં ઉંચી ટાંકી માટે લોકફાળો આપી શકાય કે કેમ? બીજું કે, ઘણા ગામમાં લોકફાળામાં ટાંકી બની છે પણ જર્જરિત છે પણ એની જગ્યાએ નવી ટાંકી આપતા નથી તો એ આપવા માગો છો કે કેમ? ત્રીજો પ્રશ્ન છે કે નાનું ગામ હોય ત્યારે નાના ગામમાં માણસોની વસતિ કરતાં પશુઓની વસતિ વધારે હોય છે. આવા ગામમાં આ યોજનાનો લાભ મળે તો ફોર્સથી પાણી આવે અને લોકોને અને પશુઓને પૂરતું પાણી મળી રહે.ધારાસભ્યની ગ્રાન્ટમાંથી ૧૦ ટકા લોક ફાળો આ પાણી પુરવઠાની યોજનામાં આપી શકાય કે કેમ?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે ગયા વર્ષે નિર્ણય લીધો છે. ૧૫૦૦ જેટલી વસતિ હશે તો આપણે એ ગામમાં ઉંચી ટાંકી આપવાનો નિર્ણય કરી લીધો છે. એ પ્રમાણે આપણે આપીએ છીએ. બીજું કે ગામના પશુઓની સંખ્યાને ધ્યાનમાં રાખીને એના માટે અત્યાર સુધી વ્યક્તિ દીઠ ૭૦ લિટર આપતા હતા એના બદલે ૧૦૦ લિટર આપવાની યોજના બની રહી છે. દરેક યોજનામાં ૧૦૦ લિટર લેખે કરીએ છીએ. જેથી કરીને પીવાના પાણી માટે કે પશુઓ માટે મુશ્કેલી ન પડે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, જર્જરિત થઇ ગઇ હોય ત્યાં નવી ટાંકી કરવી હોય તો આ યોજનાનો લાભ આપીએ છીએ?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, જર્જરિત ટાંકી હશે એને નલ સે જલ યોજના હેઠળ લઇ નવી આપવા માટેની જોગવાઇ છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને બધાના મત વિસ્તારમાં ૧૦–૧૫ વર્ષ જૂની પાણીની ટાંકીઓ બનાવેલ છે પણ પાણીનો સોર્સ નહતો. જે બોર કર્યા પણ પાણી નથી નીકળ્યું એવી ઘણી બધી આખા ગુજરાતમાં ટાંકીઓ છે અને ક્યારેક રહેણાક વિસ્તારમાંઅકસ્માત પણ થાય છે તો એવી ટાંકીઓ દૂર કરવા માગો છો કે કેમ? અને એના બદલામાં શું વ્યવસ્થા કરવા માગો છો?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, એના માટે પણ અમે છેલ્લે એક નિર્ણય કરાવ્યો છે કે વાસ્મોના માધ્યમથી જે ગામોની અંદર પાણી સમિતિ મારફત કામ થતું હોય એ ગામની અંદર આવી જર્જરિત ટાંકીઓ અકસ્માત થાય તેવી હોય તો એ ગ્રામ પંચાયત દૂર કરી શકતી નથી. એટલે અમે વાસ્મોના માધ્યમથી દૂર કરવા સમાવેશ કરી એની જગ્યાએ બીજી ટાંકી આપવી એવો નિર્ણય અમારા વિભાગમાં લીધો છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની લાગણી ખૂબ સ્પષ્ટ હતી કે એમના ઓજી સહિતના વિસ્તારમાં પીવાનું પાણી (અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી બાબુભાઇના સંદર્ભમાં પૂછો છો?

શ્રી પરેશ ધાનાણી : હા, શ્રી બાબુભાઇના સંદર્ભમાં, માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જે જવાબ આપ્યો છે જૂનાગઢમાં કુલ ૨૧૬૧ કનેકશન નળથી જળ પહોંચાડ્યું. સરેરાશ ૧.૪૧ લાખ રૂપિયા કનેકશનદીઠ ખર્ચ થયો. ભાવનગર જિલ્લામાં ૨૫૨૫૮ ઘરને નળથી જળ કનેકશન પહોંચાડ્યાં. સરેરાશ ૦.૨૨ લાખ રૂપિયા ખર્ચ થયો. કુલ ૨૭૪૧૯ કનેકશન બે વર્ષની અંદર આપ્યા અને સરેરાશ ૨૬,૪૪૮ રૂપિયા પ્રતિ કનેકશન ખર્ચ થયો છે. એટલે માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે માનનીય ગૃહના નેતાએ પણ કીધું હતું કે ૧૭ લાખ કરતા વધુ પરિવારો નળથી જોડાયેલા નથી અને વર્ષ ૨૦૨૨ પહેલા આવા બધા જ પરિવારોને આપણે ''નળથી

જળ'' કનેકશનથી જોડવામાં આવશે. એટલે સરેરાશ ૧૭ લાખ અને ૧૭ મહિના. મહિને એક લાખ કનેકશન આપીએ તો ૧૭ મહિનામાં ૧૭ લાખ કનેકશન પૂરા થાય. આ છેલ્લા બે વર્ષની કામગીરી છે. બે વર્ષમાં સરેરાશ વાર્ષિક સાડા તેર હજાર કનેકશનની એવરેજથી આ બે જિલ્લામાં કનેકશન આપ્યા. કુલ ૨૭૪૧૯ કનેકશન જ આપ્યા. એટલે મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં કુલ કેટલા કનેકશન છે? કેટલા કનેકશનો ''નળથી જળ'' યોજના અંતર્ગત જોડવાના બાકી છે? અને એ અંગે કુલ કેટલો સરેરાશ ખર્ચ થવાની શક્યતા છે?

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ જે બધા જૂનાગઢ–ભાવનગરના ફિગરોની ચર્ચા થઇ એ રૂટિનમાં જે ચાલતું હતું એ વાત છે. ''નલ સે જલ'' કાર્યક્રમ આપણે છેલ્લા વર્ષમાં ઉપાડ્યો છે. પ્રધાનમંત્રીશ્રીએ જ્યારે લાલ કિલ્લા પરથી ઘોષણા કરી કે, ભારત ભરમાં તમામ ઘરોને ''નલથી જળ'' ''હર ઘર, હર ઘર કો નલ.'' અને સરફેઇશ વોટરથી પાણી આપવું જેથી કરીને રોગચાળો ઊભો ના થાય. સાહેબ, ગુજરાતે આ એક વર્ષમાં ૧૦,૩૦,૦૦૦ કનેકશન રાજ્ય વ્યાપી આપ્યા છે અને જે મેં અગાઉ કીધું હતું કે ટોટલ લગભગ ૯૫–૯૬ લાખ કનેકશનો ઘર ઘર સુધી પહોંચાડવા માટે, આ ફક્ત હું વાત કરું છું ગ્રામ્યની શહેરી અલગ છે. શહેરી વિકાસ વિભાગ અલગથી પ્રયત્ન કરે છે અને ગ્રામ્યનો આ ફિગર છે. ૧૭ લાખ ગ્રામ્યના બાકી છે. સાહેબ, અમે ટાર્ગેટ સાથે ચાલીએ છીએ કે એક મહિનામાં એક લાખ કનેકશન. એટલે શું થાય કે એક જિલ્લામાં આખી ઝુંબેશના સ્વરૂપમાં કાર્યક્રમ થાય અને ત્યાં બધા ઘર કવર થઇ જાય. જે જિલ્લો ન આવ્યો હોય તો ત્યાં છૂટક થયું હોય. કોઇક અરજી આવી અને કનેકશન આપ્યું એટલે ત્યાં ન દેખાય. એટલે અમે એક એક જિલ્લા અને સાહેબ, અત્યાર સુધીમાં પાંચ જિલ્લા એવા છે કે જેમાં ૧૦૦ ટકા ''નલથી જલ''ની કામગીરી અમે પૂરી કરી દીધી છે. બાકીના જિલ્લામાં અમે તબક્કાવાર કરતા જઇએ છીએ અને એના માટે જે કાંઇ ખર્ચ કરવાનો છે એમાં ભારત સરકાર કન્ટ્રીબ્યુટ કરે છે, રાજ્ય સરકારે પણ કર્યો છે અને આપણે વર્ષ ૨૦૨૨ના અંત પહેલા તમામ કામ પૂરું કરી દઇશું. પાંચ જિલ્લામાં મને યાદ છે ત્યાં સુધી પોરબંદર, બોટાદ, ગાંધીનગર, મહેસાણા અને આણંદ છે. જે સરેરાશ ખર્ચની વાત છે તો પાણી એમને એમ નથી પહોંચતું. પાણીનો સ્ત્રોત પણ નક્કી કરવો પડે. દા.ત. બનાસકાંઠામાં જે રીતે વાત થઇ કે અમુક તાલુકાઓમાં આજે પાણીના સોર્સના પ્રશ્નો છે તો ત્યાં નર્મદાથી દૂરથી લાઇન લાવવી પડે એટલે બલ્ક લાઇનનો જ મોટો ખર્ચો હોય. એ આવ્યા પછી ઇએસઆર, જીએસઆર એટલે નીચે ટાંકો કરવો પડે, ઉપર ટાંકો કરવો પડે પછી પાઇપ લાઇન બિછાવવી પડે અને ઘરે ઘરે કનેકશન આપવા પડે. એટલે ખર્ચ છે એ કયો વિસ્તાર, કયા સોર્સમાંથી છે નજીકનો હોય તો ઓછો ખર્ચ આવે છે. દૂરથી હોય તો વધારે ખર્ચ આવે છે.

અધ્યક્ષશ્રી : આટલો સારો વિગતવાર જવાબ આપ્યા પછી હું માનું છું હવે પ્રશ્ન નથી રહ્યા. આપણે રાજકીય રીતે ન લઇએ. આ સંકલ્પ રાજ્ય સરકારનો જયારે આખા ગુજરાતમાં બધે પાણી આપવાનો હોય તો કોઇ પ્રશ્ન હોય તો ચોકકસ પણ મારી વિનંતી છે કે રાજકીય અવલોકન કોઇ ન કરશો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મુખ્યમંત્રીની વાત સાથે સંમત છું. એ ગામડાંમાં નલ સે જલ યોજનાની વાત કરે છે. હું એને આવકારું છું. પ્રશ્ન એટલો છે ગામડાંમાં આપવાની વાત કરે છે. હું અમદાવાદ શહેરનો ધારાસભ્ય છું સાહેબ. મારી વિધાનસભા વિસ્તારના બહેરામપુરા વોર્ડમાં આજે પણ ૩૦ ટકા લોકો પાણીથી વંચિત છે. સરકારશ્રીની યોજના ગામડાં સુધી પહોંચે છે પણ જેને આપણે અમદાવાદ મેટ્રો સિટી કહીએ છીએ એ મેટ્રો સિટીમાં મારા વિસ્તારમાં પ્રોબ્લેમ છે સાહેબ.

અધ્યક્ષશ્રી : જવાબ આવી ગયો છે ઝુંબેશરૂપે બધે કરવાના છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપનું ધ્યાન દોરવા કહું છું અનેક પત્રો લખ્યા છે પણ આમાં કોઇ રિઝલ્ટ નથી આવતું.

અધ્યક્ષશ્રી : હવે ઝુંબેશરૂપે કરવાના છે. જવાબ આવી ગયો છે. માનનીય જીજ્ઞેશભાઇ,

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારના જલ જીવન મિશન દ્વારા ગયા વર્ષે આપણા પાણી પુરવઠા વિભાગમાં પત્ર વ્યવહાર થયો અને એમણે એવું કહ્યું કે ૧૧.૧૫ લાખ પાણીના કનેકશન જે એસ.સી. એસ.ટી.ને આપવાની સામે તમે ફકત ૬૨૦૪૩ લોકોને જ કનેકશન આપવાની તૈયારી બતાવી છે એમાં ફેરવિચારણા કરો. માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ફેરવિચારણા કરી? જો હા, તો ફેરવિચારણાના અંતે હવે ૬૨૦૦૦ને બદલે ૧૧ લાખની જરૂરિયાત છે. ૬૨૦૦૦ની તૈયારી બતાવી એના બદલે હવે આપણે કેટલા કનેકશન આપવા માગીએ છીએ? અને કેટલા સમયમાં?

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે ભૂતકાળમાં વાત થઇ કે ગુજરાતમાં સાડા છ કરોડ લોકોનો વિકાસ એટલે સાડા છ કરોડ લોકોની ચિંતા. એમ આ નલથી જલ બધા ઘરે આપવાના છીએ એમાં એસ.સી., એસ.ટી. કે પછી કોઇપણ અને કોઇપણ ગામડું કે કોઇપણ શહેર એમાં કોઇના અલગ વિચારની આવશ્યકતા જ નથી. ઘર હશે ત્યાં નળ હશે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક – ૪, આપણે આગળ વધીએ તો સારું.

શ્રી પરેશ ધાનાણી : નાની એવી જ વાત છે અને આખા ગુજરાતને અસર કરે છે.

અધ્યક્ષશ્રી : ઝડપથી, પ્લીઝ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે હકારાત્મક અભિગમ દાખવ્યો એ આવકારું છું પણ ગૃહના નેતાએ ચિંતા વ્યકત કરી ખર્ચ અંગે, સ્ત્રોત આધારિત કામ ઉપર ખર્ચ નિર્ભર છે. હું કાલે સોશિયો ઇકોનોમીક સરવે

૨૦૨૦–૨૧ વાંચતો હતો ગૃહના નેતાશ્રીનું ધ્યાન દોરવા માગું છું સેન્સેકસ–૧૧ મુજબ ગુજરાતની અંદર ૩૫.૫૪ લાખ લોકો નળ દ્વારા અશુદ્ધ પાણી પી રહ્યા હતા. ૨.૮૯ લાખ લોકો ઢાંકેલા કૂવાથી, ૫.૮૩ લાખ પરિવાર ખુલ્લા કૂવાથી, ૧૪.૧૫ લાખ પરિવાર ડંકીથી, ૧૧.૬૯ લાખ લોકો પાતાળકૂવાથી, ૦.૧૧ લાખ ઝરણાથી, ૦.૪૧ લાખ નદીનાળાથી, ૦.૨૭ લાખ તળાવ આધારિત પીવાના પાણીના સ્ત્રોત ઉપર નિર્ભર છે એટલે માનનીય મુખ્યમંત્રીશ્રીને હું વિનંતી કરવા માગું છું કે આ નળથી જળની યોજનાનો આપણે સંકલ્પ કર્યો છે તો એમાં અશુદ્ધ પીવાનું પાણી દરેકના ઘર સુધી પહોંચશે તો એના સ્વાસ્થ્યની પણ ચિંતા થશે એટલે આજે ૩૫ લાખ કરતા વધુ પરિવારો નળમાં અશુદ્ધ પીવાના સ્ત્રોતથી પાણી પી રહ્યા છે. તો આ અંગે સરકારે કોઇ આયોજન કર્યું છે કે કેમ? અને કર્યું હોય તો શું છે? અને કયા તબક્કે પૂર્ણ કરવાનો સંકલ્પ છે?

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, મૂળ વાત આ જ છે. અત્યાર સુધી પાતાળ કૂવા, બોર, કોઇ ઝરણામાંથી, કોઇ તળાવમાંથી પાણી ભરીને પીતું હશે. એ ફિલ્ટર વોટર ન હોવાના કારણે આ બધી સમસ્યા હશે, એટલે જ વડાપ્રધાનશ્રીએ સમગ્ર દેશમાં નલ સે જલ શુદ્ધ સરફેસ વોટર એટલે પાઇપલાઇન દ્વારા પાણી પહોંચે. પછી એવું બને કે કયાંક સ્ટેન્ડપોસ્ટ હોય અને એના આધાર ઉપર એ ફિલ્ટર વોટર આવે અને આજુબાજુના લોકો એક સાથે નાના નાના રૂમ હોય એ લોકો પાણી ભરીને લઇ જાય અને પાણી પીવે, પણ શુદ્ધ પાણી પીવે. એટલે આ નલ સે જલ યોજના દ્વારા શુદ્ધ પીવાનું પાણી લોકોને પ્રાપ્ત થાય એ પ્રકારની આખી વ્યવસ્થા હશે.

**ભુજ ખાતે નોંધાયેલ રોજગારવાંચ્છુઓ**

* ૩૪૭૭૦ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, ભુજ ખાતે કેટલા રોજગારવાંચ્છુઓ નોંધાયેલ છે, અને | (૧) ૧૩૮૨૧ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી આપવામાં આવી? | (૨) ૨૦૫૨૪ |

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી,આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા. ૩૧–૧૨–૨૦૨૦ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં જ્ઞાતિવાર કેટલા બેરોજગારો નોંધાયેલા છે અને બેરોજગારોને રોજગારી પૂરી પાડવા માટે શા પ્રયત્નો કરવામાં આવે છે?

અધ્યક્ષશ્રી : આખા કચ્છનું પૂછ્યું ?

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ : જી. સર કચ્છનું.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે માહિતી માગી છે.

અધ્યક્ષશ્રી : એમણે ખાલી આંકડો માગ્યો છે.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : જ્ઞાતિવાર કેટલા નોંધાયેલા છે તે માહિતી માગી છે.

અધ્યક્ષશ્રી : જ્ઞાતિવાર નહિ. એ પછી ટેબલ ઉપર મૂકજો. બહુ લાંબું લિસ્ટ થઇ જશે. કુલ આંકડો આપો?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : કચ્છ જિલ્લાની અંદર ૯,૩૯૩ પૂરુંષો નોંધાયેલા છે. ૪,૪૨૮ સ્ત્રીઓ નોંધાયેલ છે. આમ, તા.૩૧–૧૨–૨૦૨૦ ની સ્થિતિએ ૧૩,૮૨૧ અમારા લાઇવ રજિસ્ટર પ્રમાણે બેરોજગારો નોંધાયેલા છે. આ બેરોજગારોને રોજગારી આપવા માટે અમે રોજગાર મેળા કરીએ છીએ. એનું આયોજન કરી લશ્કરી ભરતી મેળાનું આયોજન કરતા હોઇએ છએ. એ રીતે રોજગારી પૂરી પાડવા માટેના પ્રયાસો કરવામાં આવતા હોય છે.

ડો. નીમાબેન ભા. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં આ રોજગાર ભરતી મેળાનું આયોજન થયું. રાજ્ય સરકારે વાઇબ્રન્ટ ગુજરાત કરીને અનેક ઉદ્યોગો આવ્યા. કચ્છની અંદર ૪,૦૦૦થી વધારે ઉદ્યોગો આવ્યા. એની અંદર યુવાનોને રોજગારી મળે એ રીતનું આયોજન રાજ્ય સરકારે આ રોજગાર ભરતી મેળાનું.

અધ્યક્ષશ્રી :જવાબ છે કે પ્રશ્ન છે?

ડો. નીમાબેન ભા. આચાર્ય : પ્રશ્ન આપું છું. આ રોજગાર ભરતી મેળા કરવામાં આવ્યા, એનાથી ઉમેદવારોની લાયકાત? કોને કોને રોજગાર ભરતી મેળામાં બોલાવવામાં આવે છે અને આ ભરતી મેળાનો હેતુ શું છે? એનાથી શું ફાયદો થાય છે? કઇ રીતે આ રોજગાર મેળાનું આયોજન..

અધ્યક્ષશ્રી : હેતુ હોય એ જ ફાયદો હોય, એટલે જુદો જવાબ ન આપતા.

ડો. નીમાબેન ભા. આચાર્ય : આનું આયોજન શું કરવામાં આવે છે? નોકરી દાતાઓ અને રોજગારી માટે યુવાનો આવે છે. આ બંને માટે શું વ્યવસ્થા રાજ્ય સરકાર કરે છે? રાજ્ય સરકારને અભિનંદન આપું છું કે દર દર ભટકતો યુવાન આજે એક જ જગ્યાએથી માન સન્માનથી નોકરી પ્રાપ્ત કરે છે.

અધ્યક્ષશ્રી : મેં કચ્છમાં જાતે જઇને જોયું છે.

તારાંકિત પ્રશ્નો

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ખૂબ સારી વિગતો માગી છે તો મારે તેમને કહેવાનું કે, રાજ્યની અંદર જે નવયુવાનો નોંધાય છે તેમને કેવી રીતે વધુમાં વધુ રોજગારી મળી શકે તેના માટે અનેક પ્રકારના પ્રયાસ કરવામાં આવતા હોય છે. પહેલાં તો માનનીય સભ્યશ્રીએ કહ્યું કે, આ રાજ્યની અંદર ઉદ્યોગો ખૂબ સ્થાપવામાં આવી રહ્યા છે તે બિલકુલ સાચી વાત છે. માનનીય મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી આ રાજ્યની અંદર વધારે યુવાનોને રોજગાળી મળે તે માટેના નવા ઉદ્યોગો સ્થાપીને આપણે તેના નવા સ્ત્રોત શોધી રહ્યા છીએ. જે રીતે રોજગાર કચેરીની અંદર રોજગારી મેળવનાર લોકોની નોંધણી કરવામાં આવે છે તેમાં અર્ધ–શિક્ષિત હોય અને શિક્ષિત પણ હોય છે. દસ ધોરણથી ઓછું ભણેલાને અર્ધ શિક્ષિત બેરોજગાર ગણવામાં આવે છે અને દસ ધોરણથી વધારે ભણેલા હોય તેમને શિક્ષિત બેરોજગાર ગણવામાં આવે છે. તેમની લાયકાતના આધારે જે રીતે આ રાજ્યમાં જે તે જિલ્લામાં ઉદ્યોગો સ્થપાતા હોય તેમને કેવા પ્રકારનું માનવબળ જોઇએ છે તે અમારી રોજગાર કચેરી મારફત મેળવવામાં આવે છે. અમારી પાસે કેટલી લાયકાતવાળા કેટલા લોકો નોંધાયેલા છે તેની માહિતી અમે રાખતા હોઇએ છીએ. આ માહિતીનું સંકલન કરીને અમે રોજગાર મેળા કરતા હોઇએ છીએ. રોજગાર મેળાની અંદર રોજગારી મેળવનાર અને રોજગારી આપનાર કંપનીઓને બોલાવતા હોઇએ છીએ. તેમને બેસવા માટેની વ્યવસ્થા કરીએ છીએ, મંડપની વ્યવસ્થા કરીએ છીએ. તેમને કેવા પ્રકારનું માનવબળ મળી રહે તેના પ્રયાસ તરીકે અલગ અલગ ઇન્ટરવ્યું રાખવા માટેની વ્યવસ્થા કરીએ છીએ. રોજગારી મેળવવા માટે જે લોકો આવતા હોય છે તેવા લોકોને અમે એસ.ટી.ની મફત કુપન આપીએ છીએ. એટલે તેમને ઘરનો ખર્ચ કરીને આવવું ન પડે તેના માટે અમે એસ.ટી.ની કુપન આપીએ છીએ. આવી રીતે વધુને વધુ રોજગાર મળે તેના માટેના પ્રયાસ કરવામાં આવતા હોય છે.

અધ્યક્ષશ્રી : ડો.સી.જે.ચાવડા., મેં તમારા કચ્છના વખાણ તો કર્યા. આપ રાજી એટલે બધા રાજી.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે, ભૂજ ખાતે ૧૩૮૨૧ રજિસ્ટર થયેલા નોકરીવાંચ્છુઓ છે. એક વર્ષમાં નોકરી ૨૦૫૨૪ લોકોને આપી છે. એટલે નોંધાયેલા કરતા વધારે લોકોને નોકરી આપી છે. તો આ વધારે લોકોને નોકરી આપી છે તે વગર નોંધાયેલા લોકો હતા કે બીજા જિલ્લામાંથી નોકરી માટે આવ્યા છે કે કેમ? તેની માનનીય મંત્રીશ્રી સ્પષ્ટતા કરે.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, રોજગાર કચેરીમાં જે લોકોની નોંધણી થતી હોય ત્યાં અમારું લાઇવ રજીસ્ટર હોય છે. જેને રોજગારી મળે તે તેમાંથી બાકાત થતા જાય અને નવા ઉમેરાતા જાય છે.

અધ્યક્ષશ્રી : જવાબ આપ્યો ત્યારે બદલાયું હોય.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે સરકારે જવાબ આપ્યો છે તેમાં નોંધાયેલા કેટલા? તેમાં એક વર્ષનો કે બે વર્ષનો નહીં છેલ્લો આંકડો તા.૩૧–૧૨–૨૦૨૦નો છે તેમાં ૧૩૮૨૧ નોંધાયા છે. તેની સામે છેલ્લા એક વર્ષમાં ૨૦૫૨૪ લોકોને નોકરી આપવામાં આવી છે. તેનો મતલબ એવો થયો છે કે, આમાં ૬૭૦૦ લોકોને વધારે નોકરી આપી છે. તેમનો સવાલ એવો છે કે, ૧૩૮૨૧ નોંધાયા છે તો તેની સામે ૬૭૦૦ વધારાના લોકોને કેવી રીતે સરકારે નોકરી આપી છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં જ કહ્યું છે કે, આ બધા અમારી પાસે નોંધાતા હોય છે. જે નોંધાતા હોય તેમને રોજગારી આપીએ છીએ. શૈલેષભાઇ શાંતિ રાખો. અમે જે રોજગારી આપી તેને આમાંથી બાકાત કરવામાં આવે છે. હાલ તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ આ ૧૩૮૨૧ લાઇવ રજિસ્ટર પ્રમાણે નોંધાયેલા છે. તેમને એટલા માટે કન્ફયુઝન ઉભું થયું કે, ૨૦૫૨૪ લોકોને રોજગારી આપી છે. અમે નોંધાયેલા પૈકી આપી એટલે તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષની અંદર જિલ્લામાં ૫૪ ભરતી મેળા કર્યા છે. તેના મારફત ૬૯૬૧ લોકોને ભરતી મેળા મારફતે રોજગારી આપી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કેટલા બાકી રહ્યા તે કહો તમે.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂરો જવાબ આપી લઉ પછી તમે બોલો. તમારું કન્ફયુઝન દૂર કરવા માટે હું ઉભો થયો છું. તમને મારે પૂરો જવાબ આપવાનો છે. ૬૯૬૧ લોકોને અમે ભરતી મેળામાં રોજગારી આપી છે. અમારી રોજગાર કચેરીમાં જે ઔદ્યોગિક એકમો સ્થપાયેલા છે તે લોકો પણ ડિમાન્ડ કરતા હોય છે કે અમારે આવા પ્રકારના માણસોની જરૂરિયાત છે.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી, ટૂંકમાં એમને એવું સમજાવી દો કે રોજગારવાંચ્છુ અને રોજગારી માટે નોંધાયેલા બેનો ફરક છે. માનનીય પુંજાભાઇ.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે...

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી, આવી ગયું, આવી ગયું. રોજગારવાંચ્છુ એટલે બીજા જે લોકો આવ્યા તેમને રોજગારી મળે એટલે આ રોજગારીનો આંકડો વધ્યો છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં એટલો જ સવાલ પૂછ્યો છે કે હવે કેટલા બાકી છે?

અધ્યક્ષશ્રી : કોઇ બાકી છે એમ પૂછે છે માનનીય મંત્રીશ્રી?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, નવા આવ્યા હોય એ બાકી એમ મેં જવાબ જ આપ્યો છે. ૩૧.૧૨ની સ્થિતિએ ૧૩૮૨૧ નોંધાયેલા છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો સવાલ એટલો જ છે કે કેટલા બાકી છે?

## તા. ૧૬મી માર્ચ ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આમાં તો નવા નવા ઉમેરાતા જ જવાના અને જેને રોજગારી મળે એ બાદ થવાના અને જે રહ્યા એ બાકી છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, ભુજ ખાતે રોજગાર વિનિમય કચેરીમાં જે શિક્ષિત બેરોજગારોની નોંધણી થઇ છે માનનીય મંત્રીશ્રીએ જે જણાવ્યું છે એ પ્રમાણે તો જે રોજગાર વિનિમય કચેરીમાં નોંધણી થઇ છે એ પૈકી કેટલા લોકોને સરકારી નોકરી આપવામાં આવી છે? બીજો મારો સવાલ એ છે કે, કચ્છમાં જે ઔદ્યોગિક એકમો છે એમાં આપના વિભાગના પરિપત્ર મુજબ ૮૫ ટકા સ્થાનિક લોકોને રોજગારી આપવાની જોગવાઇ છે એનો કેટલા ઉદ્યોગો અમલ કરે છે અને, નથી અમલ કર્યો તો કેટલાને નોટીસ આપીને આપના વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, સ્થાનિક રોજગારી આપવા માટેના જે પ્રયાસ થાય છે, ભરતી મેળાઓના કારણે સ્થાનિક રોજગારી આપણે આપી શકતા હોઇએ છીએ. માનનીય પુંજાભાઇએ કહ્યું કે કચ્છમાં આવા કેટલા લોકોને સ્થાનિક રોજગારી આપી? આમાં ૨૦૫૨૪ લોકોને જે રોજગારી આપી એ ખાનગી યુનિટોમાં રોજગારી આપી છે, સરકારી નોકરી આની અંદર એક પણ આપવામાં આવેલી નથી આ મારો સ્પષ્ટ જવાબ છે. માનનીય અધ્યક્ષશ્રી, સરકારી નોકરી છે એ જી.એ.ડી. મારફત વિવિધ વિભાગોમાં ભરતી થતી હોય છે અને એ આમાંથી અમે કોઇ નામ મોકલ્યું હોય અને જો નોકરી મળે તો જ અમારી પાસે એની માહિતી હોય. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ આપની પાસે એનો જવાબ ન હોય સ્વાભાવિક છે. (અંતરાય) એમની પાસે કેવી રીતે હોઇ? સરકારી નોકરીની વાત છે. એ કોઇ નામ કમી કરાવે તો જ ખબર પડે. મારી વાત સાંભળો..(અંતરાય) તમે સરકારીનું પૂછો છો એ કેવી રીતે એમાં આવે?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એ આવી જાય એમાં એનો હિસ્સો છે.

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, સવાલના પર્યુમાં કોઇ સરકારી કે બિન–સરકારીની વાત જ નથી. કચ્છ જિલ્લામાં રોજગાર કચેરી દ્વારા કેટલાને રોજગારી આપવામાં આવી? આ સવાલ છે. એટલે આ જે માનનીય સભ્યશ્રી પૂછે છે એ પ્રશ્ન સ્કોપ બહારનો છે. બીજું શું છે કે, જી.પી.એસ.સી. ભરતી કરે છે, ગૌણ સેવા ભરતી કરે છે, પંચાયત પસંદગી ભરતી કરે છે અને અલગ અલગ અર્ધ સરકારી નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ, બોર્ડ–કોરપોરેશનો વગેરે ભરતી કરતા હોય છે. એક સ્પેસિફિક અમને જો નોટીસ મળે તો એના આધાર ઉપર અમે જવાબ આપી શકીએ અત્યારે એ જવાબ ન મળી શકે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, સીધો પ્રશ્ન પૂછો પ્લીઝ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે, એમણે જવાબ આપ્યો એ મુજબ તા.૩૧.૧૨.૨૦૨૦ની સ્થિતિએ ૧૩૨૮૧ લોકો નોંધાયેલા હતા. આજ સ્થિતિએ એક વર્ષ દરમ્યાન ૨૦૫૨૪ લોકોને નોકરી–રોજગાર આપવામાં આવ્યો. તો મારો પ્રશ્ન એ છે કે, તા.૩૧.૧૨.૨૦૧૯ની સ્થિતિએ ૩૪૦૭૫ બેરોજગાર લોકો રોજગાર કચેરીએ નોંધાયેલા હતા એ વાત ખરી કે કેમ? અને બીજો પ્રશ્ન એ છે કે, ૨૦૫૨૪ લોકોને જે રોજગારી આપવામાં આવી તો આ ૨૦૫૨૪ લોકોને વાર્ષિક સરેરાશ કેટલા દિવસ રોજગાર પ્રાપ્ત થયો છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, વિવિધ કંપનીઓની જે માગણીઓ હોય એ પ્રમાણે અમે રોજગારી આપવામાં આગળ વધતા હોઇએ છીએ. આ ૧૩૮૨૧ જે અમારે ત્યાં ૩૧.૧૨ની સ્થિતિએ નોંધાયેલા છે એમાંથી જેટલા લોકોને રોજગારી મળી એ બાદ કરીને છેલ્લો લેટેસ્ટ આંકડો મેં ૩૧.૧૨નો આપ્યો છે અને ૬૯૦૦ અમે મેળાઓ મારફત આપ્યા અને ૧૩૫૬૩ અમે મેળા સિવાય પણ લોકોને રોજગારી આપી છે.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી એ ૨૦૧૯ની માહિતી પૂછે છે.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : એક વરસની માહિતી મારી પાસે માગી હતી એ એક વરસની માહિતી મારી પાસે છે.

અધ્યક્ષશ્રી : ચાલો પ્રશ્ન ક્રમાંક–૬, હવે ઘણું થઇ ગયું.

શ્રી પરેશ ધાનાણી : જે ૨૦૫૨૪ લોકોને સરકારે મેળાવડા કરીને રોજગારી ...

અધ્યક્ષશ્રી : ૨૫૪ નહિ પણ ૫૨૪ છે.

શ્રી પરેશ ધાનાણી : ૨૦૫૨૪ લોકોને રોજગારી આપી તો એને આજ પર્યંત વાર્ષિક સરેરાશ કેટલા દિવસ રોજગારી પ્રાપ્ત થઇ ?

અધ્યક્ષશ્રી : આ તો નવો પ્રશ્ન આવ્યો?

શ્રી પરેશ ધાનાણી : આ લોકોને જે રોજગારી આપી તો સરેરાશ કેટલા દિવસ રોજગારી પ્રાપ્ત થઇ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ, ચોળી ચોળીને ચીકણું કરવાનો પ્રયત્ન કરે છે.

શ્રી પરેશ ધાનાણી : ચીકણું કરવાની વાત નથી, આ તમારો જવાબ છે, પ્રશ્નોત્તરીમાં જવાબ આપેલો છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાંભળો,

શ્રી પરેશ ધાનાણી : ખાલી ગૃહમાં ભાષણ કર્યે બેરોજગારી ન જાય.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મારી વાત તો સાંભળો,

અધ્યક્ષશ્રી : પહેલા બધાનું માઇક બંધ કરો. પહેલા મારા સિવાય બધાના માઇક બંધ કરો. આવી રીતે તો સવાલ જવાબ નહિ થાય, પણ શાંતિથી પૂછીએને હું તમને પૂછવા દઉં છું પણ તમે ભાષણો જ બધા કરવા બેસી જાઓ તો કેવી રીતે ચાલશે? પ્લીઝ, પ્લીઝ.

શ્રી ભીખાભાઇ ગ. જોષી :સાહેબ, આ આંકડા આપતા નથી તો રોજગારી તો ક્યાંથી આપશે?

અધ્યક્ષશ્રી : શ્રી જોષીકાકા, શ્રી જોષીકાકા તમારું નોંધાઇ ગયું, નામ નોંધાઇ ગયું, નામ નોંધાઇ ગયું.

અતારાંકિત પ્રશ્નો

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર એ નોકરી આપનારને અને નોકરી લેનાર એ બન્નેને આ લાભાર્થી મેળા યોજી અને એમને પસંદગી કરવાની તક આપે છે. એક ફેક્ટરીમાં સમજો કે આઇ.ટી.આઇ.નો કારીગર જોઇતો હોય, ઇલેક્ટ્રીશીયન જોઇતો હોય, પ્લમ્બર જોઇતો હોય, મિકેનીકલ જોઇતો હોય તો એ પસંદગી કરાવી એમને ભેગા કરે આપે એમને નોકરી આપે હવે શ્રી પરેશભાઇ એવો પ્રશ્ન પુછે છે કે, જેને પસંદ કર્યા તેણે એને ત્યાં કેટલા દિવસ નોકરી કરી એનું સરકાર કંઇ લિસ્ટ ના રાખે. આ વજૂદ વગરનો પ્રશ્ન છે. મારે થોડુંક ગમ્મતમાં કહેવું છે કે જે લગ્ન કરાવી આપે, એ દીકરા દીકરીને ભેગા કરાવી આપે,

અધ્યક્ષશ્રી : પછી કેટલા દિવસ સાથે રહ્યા એની ગોર મહારાજને ક્યાંથી ખબર હોય?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : લગ્ન પછી એના ઘરે જઇને શું કર્યું એ લગ્ન બ્યૂરોવાળો તપાસ ન કરે. અમે તો ભેગા કરી આપીએ, આ લગ્ન બ્યૂરો જેવું છે. અમે તો ભેગા કરી આપીએ. પછી એમને ચલાવવાનું છે.

અધ્યક્ષશ્રી : આવી ગયું, નેકસ્ટ પ્રશ્ન ક્રમાંક–૬, હવે આવી ગયું, ઘણું આવી ગયું.

**સાબરકાંઠા જિલ્લામાં હક્ક પત્રક નોંધો**

* ૩૪૭૬૫ **શ્રી હિતુ કનોડીયા** (ઇડર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૪૬૩૩ |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) આ બાકી નોંધોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |

શ્રી હિતુ કનોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પુછવા માગું છું કે, હક્ક પત્રક એટલે શું અને તે અંગેની કાર્યવાહી કેવી રીતે થાય છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : જે રીતે ભાવનગર જિલ્લાનો જવાબ આપ્યો એ રીતે સાબરકાંઠા જિલ્લાની અંદર હક્કપત્રકની નોંધોનો નિકાલ બાબતે વાત કરું તો સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ૪૬૩૩ હક્કપત્રકની નોંધો નિકાલ કરવાની બાકીમાં હતી. હક્કપત્રક ૬ નંબરમાં નોંધવાની સમયમર્યાદા ૯૦ દિવસની છે. એટલે ૯૦ દિવસની અંદર એનો નિકાલ કરવાનો હોય છે. જે પ્રશ્ન પુછ્યો છે એના જવાબમાં ૪૬૦૨ હક્કપત્રકની નોંધો ત્રણ મહિનાની અંદરની છે એટલે એની પ્રોસેસ ચાલુ છે. ૧૭ પ્રકારની નોંધો કરવાનો હોય છે. કેટલીક નોંધો કોમ્પ્લીકેટેડ હોય છે, કેટલીક નોંધો સરળ હોય છે કેટલીક નોંધોમાં પાર્ટીઓ પણ અલગ અલગ હોય છે. ૯૦ દિવસમાં અમારે કલીયર કરવાની હોય છે એ અમારી સમયમર્યાદા છે એ ૯૦ દિવસની અંદર અમારે નિર્ણય કરી લેવાનો હોય છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે નેકસ્ટ.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**ગાંધીનગર જિલ્લામાં ઘરથાળના મફત પ્લોટ**

૩૩૨૦૯ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર ઘરથાળના કેટલા પ્લોટ ફાળવવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ફાળવેલ પ્લોટઃ–

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ફાળવેલ પ્લોટની સંખ્યા** | |
|---|---|---|---|
| | | **તા. ૦૧–૦૧–૨૦૧૯ થી તા. ૩૧–૧૨–૨૦૧૯** | **તા. ૦૧–૦૧–૨૦૨૦ થી તા. ૩૧–૧૨–૨૦૨૦** |
| ૧ | દહેગામ | ૮ | ૨૭ |
| ૨ | ગાંધીનગર | ૦ | ૦ |
| ૩ | કલોલ | ૦ | ૫૯ |
| ૪ | માણસા | ૫ | ૬ |

(૨) ઉક્ત સ્થિતિએ મંજૂર થયેલ પ્લોટ પૈકી કેટલા મકાન બનાવવામાં આવ્યા, અને

(૨) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂર થયેલ પ્લોટ પૈકી બનાવેલ મકાનોઃ–

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ફાળવેલ પ્લોટ પૈકી બનાવેલ મકાનની સંખ્યા** | |
|---|---|---|---|
| | | **તા. ૦૧–૦૧–૨૦૧૯ થી તા. ૩૧–૧૨–૨૦૧૯** | **તા. ૦૧–૦૧–૨૦૨૦ થી તા. ૩૧–૧૨–૨૦૨૦** |
| ૧ | દહેગામ | ૦ | ૦ |

| | | | |
|---|---|---|---|
| ૨ | ગાંધીનગર | ૦ | ૦ |
| ૩ | કલોલ | ૦ | ૫૯ (પાયા સ્ટેજે) |
| ૪ | માણસા | ૫ | ૬ |

(૩) ઉક્ત સ્થિતિએ ગામતળ ઉપલબ્ધ ન હોવાના કારણે કેટલી અરજીઓ તાલુકાવાર નામંજૂર કરવામાં આવી?

(૩) ગામતળ ઉપલબ્ધ ન હોવાના કારણે તાલુકાવાર નામંજૂર કરેલ અરજીઓઃ-

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૦૧-૦૧-૨૦૧૯ થી તા. ૩૧-૧૨-૨૦૧૯ | તા. ૦૧-૦૧-૨૦૨૦ થી તા. ૩૧-૧૨-૨૦૨૦ |
|---|---|---|---|
| ૧ | દહેગામ | ૦ | ૦ |
| ૨ | ગાંધીનગર | ૦ | ૦ |
| ૩ | કલોલ | ૦ | ૦ |
| ૪ | માણસા | ૦ | ૦ |

---------

**કઠલાલ તાલુકામાં આઇ.ટી.આઇ**

૩૪૩૦૪ **શ્રી કાળાભાઇ ડાભી**(કપડવંજ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ખેડા જિલ્લાના કપડવંજ અને કઠલાલ તાલુકામાં તાલુકાવાર કેટલી સરકારી અને ખાનગી આઇ.ટી.આઇ. કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી નવી સરકારી કે ખાનગી આઇ.ટી.આઇ. બનાવવામાં આવી, અને

(૩) જો ઉક્ત તાલુકાઓમાં એકપણ સરકારી કે ખાનગી આઇ.ટી.આઇ. ન હોય તો નવી આઇ.ટી.આઇ. બનાવવાનું કોઇ આયોજન છે કે કેમ?

**જવાબ**

(૧)

| જિલ્લાનું નામ | તાલુકાનું નામ | સરકારી આઇ.ટી.આઇ. | ખાનગી આઇ.ટી.આઇ. | | કુલ |
|---|---|---|---|---|---|
| | | | ગ્રાન્ટ-ઇન-એઇડ | સ્વ-નિર્ભર | |
| ખેડા | કપડવંજ | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૪ |
| | કઠલાલ | ૦૧ | ૦૨ | ૦૧ | ૦૪ |

(૨) ''શૂન્ય''

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ખેડા અને આણંદ જિલ્લામાં યાત્રાધામ વિકાસ હેઠળ ધાર્મિક સ્થળોની પસંદગી**

૩૩૦૧૭ **શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર**(મહુધા) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં યાત્રાધામ વિકાસ હેઠળ ક્યા મંદિરો અથવા ધાર્મિક સ્થળોની પસંદગી કરવામાં આવી, અને

(૨) આ ધાર્મિક સ્થળોની પસંદગી પછી ક્યા સ્થળ પાછળ કેટલી નાણાકીય રકમોની ફાળવણી કરવામાં આવી?

**જવાબ**

(૧)અને(૨) પત્રક મુજબ

**પત્રક**

**ખેડા અને આણંદ જિલ્લામાં યાત્રાધામ વિકાસ હેઠળ સ્થળ**

| ક્રમ | જિલ્લો | તાલુકો | પસંદગી કરવામાં આવેલ યાત્રાધામની વિગત | થયેલ ફાળવણીની રકમ રૂપિયા |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | પેટલાદ | શ્રી અંબાજી મંદીર, મુ.ધર્મજ ખાતે ૧૦ કિ.વો. સોલાર રૂફટોપની કામગીરી | ૫,૧૯,૭૫૦/- |
| ૨ | આણંદ | પેટલાદ | શ્રી જલારામ સતસંગ સેવા મંડળ, મુ.ધર્મજ ખાતે ૧૦ કિ.વો. સોલાર રૂફટોપની કામગીરી | ૫,૧૯,૭૫૦/- |
| ૩ | ખેડા | ઠાસરા | શ્રી ત્રિકમરાયજીનું મંદિર, મુ.ડાકોર ખાતે ૧૦ કિ.વો. સોલાર રૂફટોપની કામગીરી | ૫,૧૯,૭૫૦/- |
| (તા. ૦૧-૦૨-૨૦૨૦ થી તા. ૩૧-૦૧-૨૦૨૧) | | | | |

અતારાંકિત પ્રશ્નો

| ક્રમ | જિલ્લો | તાલુકો | પસંદગી કરવામાં આવેલ યાત્રાધામની વિગત | થયેલ ફાળવણીની રકમ રૂપિયા |
|---|---|---|---|---|
| ૧ | ખેડા | ખેડા | શ્રી સ્વામિનારાયણ પરમધામ, મુ.વાસદ ખાતે ૧૦ કિ.વો. સોલાર રૂફટોપની કામગીરી | ૪,૨૩,૬૨૦/- |
| ૨ | ખેડા | કપડવંજ | શ્રી ઉત્કંઠેશ્વર મહાદેવ, મુ.વાઘજીપુર ખાતે ૧૦ કિ.વો. સોલાર રૂફટોપની કામગીરી | ૪,૨૩,૬૨૦/- |
| ૩ | ખેડા | કપડવંજ | શ્રી બી.એ.પી.એસ. મંદિર, મુ.તોરણા ખાતે ૧૦ કિ.વો. સોલાર રૂફટોપની કામગીરી | ૪,૨૩,૬૨૦/- |
| ૪ | ખેડા | કપડવંજ | બી.એ.પી.એસ. મંદિર, મુ.રાઘુ ખાતે ૬ કિ.વો. સોલાર રૂફટોપની કામગીરી | ૨,૬૩,૯૬૪/- |
| ૫ | ખેડા | નડીયાદ | શ્રી સ્વામિનારાયણ મંદિર, મુ. વડતાલ ખાતે ૬૦ કિ.વો. સોલાર રૂફટોપની કામગીરી | ૨૧,૩૫,૪૫૦/- |
| ૬ | ખેડા | નડીયાદ | શ્રી સંતરામ સમાધિસ્થાન, મુ.નડીયાદ, ખાતે ૨૦ કિ.વો. સોલાર રૂફટોપની કામગીરી | ૭,૦૮,૭૦૦/- |
| ૭ | ખેડા | નડીયાદ | શ્રી મોટાકુંભનાથ (કામનાથ) મહાદેવ મુ.નડીયાદ ખાતે ૧૦ કિ.વો. સોલાર રૂફટોપની કામગીરી | ૪,૨૩,૬૨૦/- |
| ૮ | ખેડા | નડીયાદ | શ્રી સંતરામ દેરી, મુ.નડિયાદ ખાતે ૧૦ કિ.વો. સોલાર રૂફટોપની કામગીરી | ૪,૨૩,૬૨૦/- |
| ૯ | ખેડા | ડાકોર | શ્રી રણછોડરાયજી મંદિર, મુ.ડાકોર ખાતે હાઇડ્રોલીક લિફ્ટ મુકવાની કામગીરી | ૧૦,૬૦,૩૪૯/- |
| ૧૦ | ખેડા | ડાકોર | શ્રી રણછોડરાયજી મંદીર (વિશ્રાંતી ગૃહ), મુ.ડાકોર ખાતે હાઇડ્રોલીક લિફ્ટ મુકવાની કામગીરી | ૧૩,૮૫,૮૪૯/- |
| ૧૧ | આણંદ | પેટલાદ | બી.એ.પી.એસ. શ્રી સ્વામીનારાયણ મંદિર, મુ.ડેમોલ ખાતે ૧૦ કિ.વો. સોલાર રૂફટોપની કામગીરી | ૪,૨૩,૬૨૦/- |
| ૧૨ | આણંદ | આણંદ | શ્રી દ્વારકાધિશ બેઠક મંદિર, મુ.ગામડી વડ ખાતે ૧૦ કિ.વો. સોલાર રૂફટોપની કામગીરી | ૪,૨૩,૬૨૦/- |
| ૧૩ | આણંદ | બોરસદ | શ્રી ભદ્રકાળી માતાજી મંદિર, મુ.ભાદરણ ખાતે ૧૦ કિ.વો. સોલાર રૂફટોપની કામગીરી | ૪,૨૩,૬૨૦/- |
| ૧૪ | આણંદ | આણંદ | શ્રી નિત્યાનંદ સેવા ટ્રસ્ટ, મુ.રાહતલાવ ખાતે ૧૦ કિ.વો. સોલાર રૂફટોપની કામગીરી | ૪,૨૩,૬૨૦/- |
| ૧૫ | આણંદ | ખંભાત | શ્રી સ્વામિનારાયણ મંદિર, મુ.ખંભાત, ખાતે ૨૦ કિ.વો. સોલાર રૂફટોપની કામગીરી | ૭,૦૮,૭૦૦/- |
| ૧૬ | આણંદ | ઉમરેઠ | શ્રી સ્વામિનારાયણ મંદિર, મુ.ઉમરેઠ, ખાતે ૨૦ કિ.વો. સોલાર રૂફટોપની કામગીરી | ૭,૦૮,૭૦૦/- |

| ક્રમ | જિલ્લો | તાલુકો | પસંદગી કરવામાં આવેલ યાત્રાધામની વિગત | થયેલ ફાળવણીની રકમ રૂપિયા |
|---|---|---|---|---|
| ૧૭ | આણંદ | આણંદ | શ્રી કરૂણાસાગર સેવા સમાજ ટ્રસ્ટ, મુ.વાસદ ખાતે ૬ કિ.વો. સોલાર રૂફટોપની કામગીરી | ૨,૬૩,૯૬૪/- |

---------

**ગોધરા ખાતે નોંધાયેલ રોજગારવાંચ્છુઓ**

૩૪૯૧૨ **શ્રી વિનોદભાઇ મોરડિયા** (કતારગામ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, ગોધરા ખાતે કેટલા રોજગારવાંચ્છુઓ નોંધાયેલ છે, અને | (૧) ૧૨૮૬૫ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી આપવામાં આવી? | (૨) ૧૩૭૧૩ |

---------

**બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં અકસ્માતને કારણે શ્રમજીવીઓના મૃત્યુ**

૩૪૨૦૫ **શ્રી શીવાભાઇ ભુરીયા**(દિયોદર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર ઔદ્યોગિક એકમોમાં બેદરકારી કે અકસ્માતને કારણે શ્રમજીવીના મૃત્યુ નોંધાયા છે તે હકીકત સાચી છે, | (૧) હા જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર ક્યા એકમોમાં આવા બનાવો નોંધાયા અને તેમાં કેટલા શ્રમજીવીઓના મૃત્યુ થયા, | (૨) પરિશિષ્ટ - ૧ મુજબ |
| (૩) ઉક્ત મૃત્યુ પામેલ શ્રમજીવીઓના પરિવારજનોને કેટલુ વળતર ક્યારે અપાયું, અને | (૩) સરકારશ્રી દ્વારા કોઇ વળતર ચૂકવવામાં આવતું નથી પરંતુ અકસ્માતના કિસ્સામાં મૃત્યુ પામનાર શ્રમિકોના વારસદારોને વળતર ESIC ACT 1948 ની જોગવાઇઓ લાગુ પડતી હોય ત્યાં ESIC ACT 1948 હેઠળ વળતર ચૂકવવામાં આવે છે અથવા જ્યાં ESIC ACT નોટીફાઇડ એરીયા ન હોય ત્યાં કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩ હેઠળ વર્કમેન કમ્પેન્સેશન ઓથોરીટી નામદાર લેબર કોર્ટ દ્વારા વળતર ચૂકવવામાં આવે છે. |
| (૪) ઉક્ત ઔદ્યોગિક એકમોની બેદરકારી અન્વયે શા પગલા લેવામાં આવ્યા? | ઔદ્યોગિક એકમોમાં કારખાના ધારા, ૧૯૪૮ તથા તે હેઠળના ગુજરાત કારખાના નિયમો, ૧૯૬૩ ની વિવિધ જોગવાઇઓના ભંગ બદલ કુલ-૦૭ ઔદ્યોગિક એકમો સામે કુલ ૧૩ ફોજદારી કેસો નામદાર કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે. |

**પરિશિષ્ટ-૧**

| જિલ્લાનું નામ | વર્ષ | ક્રમ. નં. | કારખાનાનું નામ અને સરનામું | મૃતક શ્રમિકોની સંખ્યા |
|---|---|---|---|---|
| બનાસકાંઠા | તા. ૦૧-૦૧-૨૦૧૯ થી તા. ૩૧-૧૨-૨૦૧૯ | -- | -- | ૦૦ |
| | તા. ૦૧-૦૧-૨૦૨૦ થી તા. ૩૧-૧૨-૨૦૨૦ | ૧ | ગજાનંદ એગ્રો ઇન્ડસ્ટ્રીઝ, મુ.સામરવાડા, તા. ધાનેરા, જિ.બનાસકાંઠા | ૦૧ |

| જિલ્લાનું નામ | વર્ષ | ક્રમ. નં. | કારખાનાનું નામ અને સરનામું | મૃતક શ્રમિકોની સંખ્યા |
|---|---|---|---|---|
| પંચમહાલ | તા. ૦૧-૦૧-૨૦૧૯ થી તા. ૩૧-૧૨-૨૦૧૯ | ૧ | ક્યુબમાઇન્સ એન્ડ મિનરલ્સ પ્રા.લી. તા.હાલોલ, જી. પંચમહાલ | ૦૧ |
| | | ૨ | સ્ટેમ્પશ્ચ્યુલ એન્ડ સોમપ્પા સ્પ્રિંગ પ્રા.લી. તા. હાલોલ, જી. પંચમહાલ | ૦૧ |
| | | ૩ | ઇનોવેટીવટાયર એન્ડ ટ્યુબ્સ લી. તા. હાલોલ, જી.પંચમહાલ | ૦૧ |
| | | ૪ | રાજપૂતનાં સ્ટેઇનલેસ તા.હાલોલ, જી. પંચમહાલ | ૦૧ |
| | | ૫ | રાજપૂતનાં સ્ટેઇનલેસ તા.હાલોલ, જી. પંચમહાલ | ૦૧ |
| | | ૬ | ગ્રાસીમ ઇન્ડસ્ટ્રીઝ લી. યુનિટ- (આદિત્ય બિરલા ઇન્સ્યુલેટર્સ) તા. હાલોલ, જી. પંચમહાલ | ૦૧ |
| | તા. ૦૧-૦૧-૨૦૨૦ થી તા. ૩૧-૧૨-૨૦૨૦ | ૧ | રાજપૂતનાંસ્ટેઇનલેસ તા.હાલોલ, જી. પંચમહાલ | ૦૧ |
| | | ૨ | લોહાણા સ્ટિલ પ્રા.લિ. તા. હાલોલ, જી. પંચમહાલ | ૦૧ |
| | | **કુલ** | **૦૭** | **૦૯** |

---------

**રાજકોટ જિલ્લામાં એઇમ્સ માટે જમીન ફાળવણી**

૩૪૮૧૬ **શ્રી અરવિંદભાઈ રૈયાણી**(રાજકોટ પૂર્વ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિશ્વસ્તરીય આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવાના હેતુસર એઇમ્સની સ્થાપના હેતુ જમીન ફાળવવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા તો ઉક્ત સ્થિતિએ કેટલી જમીન ફાળવવામાં આવેલ છે ? | (૨) કુલ ૮૧૩૪૪૨ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ છે. |

---------

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં 'નલ સે જલ' યોજના**

૩૪૨૫૩ **શ્રી લલીત વસોયા**(ધોરાજી) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજકોટ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર 'નલ સે જલ' યોજના અંતર્ગત કેટલા કનેક્શનો આપવામાં આવ્યા, અને

(૨) આ કનેક્શનો આપવા માટે કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧)

| જિલ્લો | આપવામાં આવેલ નળ કનેક્શનો | |
|---|---|---|
| | વર્ષ ૨૦૧૯ | વર્ષ ૨૦૨૦ |
| રાજકોટ | ૦ | ૬૫૧૩ |

(૨)

| જિલ્લો | કરવામાં આવેલ કુલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| રાજકોટ | ૧૫૧૩.૪૪ |
| પોરબંદર | ૨૦૧૩.૦૮ |
| **કુલ** | **૩૫૨૬.૫૨** |

---------

તા. ૧૬મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**મહેસાણા જિલ્લામાં ચાફકટર ખરીદી યોજના**

૩૪૭૫૧ **શ્રી અજમલજી ઠાકોર**(ખેરાલુ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન મહેસાણા જિલ્લામાં પાવર ડ્રીવન ચાફકટર ખરીદી સહાય યોજના હેઠળ સામાન્ય જાતિ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓની કુલ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) સામાન્ય જાતિ–૧૭૪<br>અનુસૂચિત જાતિ–૨૧<br>અનુસૂચિત જનજાતિ–૦૦<br>**કુલ–૧૯૫** |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટેગરી વાઇઝ કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૨) જનરલ કેટેગરી– રૂ.૧૨,૭૫,૦૦૦/–<br>અનુસૂચિત જાતિ– રૂ. ૨,૫૮,૦૦૦/–<br>અનુસૂચિત જનજાતિ–૦૦<br>**કુલ– રૂ.૧૫,૩૩,૦૦૦/–** |

---------

**વડોદરા જિલ્લામાં ગામતળ નીમ કરવા બાબત**

૩૪૮૭૬ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગામતળ નીમ કરવાની કેટલી દરખાસ્તો મળી, | (૧) ૨૮ |
| (૨) તે પૈકી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને | (૨) ૯ |
| (૩) તે અન્વયે કેટલું ગામતળ નીમ કરવામાં આવેલ છે? | (૩) હે.૪૩–૫૪–૭૦ ચો.મી. |

---------

**સાબરકાંઠા જિલ્લામાં હક્ક પત્રક નોંધો**

૩૪૭૬૦ **શ્રી રમણભાઈ પટેલ**(વિજાપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૪૬૩૩ |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) આ બાકી નોંધોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |

---------

**જોડીયા અને લાલપુર તાલુકામાં મીઠાના એકમો**

૩૪૨૭૭ **શ્રી પુંજાભાઈ વંશ**(ઉના) : ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં તા.૨૪–૦૭–૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૧૭૧૭૪ (અગ્રતા–૨૧૫)ના અનુસંધાને **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉક્ત સ્થિતિએ જામનગર જિલ્લાના જોડીયા, જામનગર અને લાલપુર તાલુકામાં આવેલ મીઠાના એકમોની લીઝની મુદ્દત પૂરી થઈ ગઈ હોવા છતાં મીઠાનું ઉત્પાદન ચાલુ હતુ તેવા એકમોનો ભાડાપટ્ટો રિન્યુ કરવાની કાર્યવાહી ચાલુ હતી તે પૈકી કયા લીઝધારકની લીઝની મુદ્દત ક્યારે પૂર્ણ થતી હતી, | (૧) અને (૨) પત્રક મુજબ |
| (૨) ઉક્ત લીઝ ધારકે ક્યારે લીઝ રીન્યુ કરવા માટે અરજી/માંગણી કરી, | |
| (૩) લીઝની મુદ્દત પૂર્ણ થઈ ગયા બાદ અરજી કરેલ હોઈ તેવા કયા લીઝધારકો સામે તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ કોઇ પગલાં લીધા છે કે કેમ, અને | (૩) લીઝ રીન્યુઅલ અંગેની અરજીઓ સમયમર્યાદામાં આવેલ હોય પગલાં લેવાનો પ્રશ્ન રહેતો નથી. |
| (૪) જો હા, તો કયા લીઝધારક સામે શા પગલાં | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

લીધાં?

**પત્રક**

| ક્રમ | અરજદારનું નામ | જિલ્લો | તાલુકો | ગામ | રીન્યુઅલ ભાડાપટ્ટો પૂર્ણ થયા તારીખ | ભાડાપટ્ટો પુરો થયો હોય તો રિન્યુઅલની અરજીની તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | બિલ્ટ કેમીકલ્સ (હાલઃ-ગ્રાસીમ ઈન્ડસ્ટ્રીઝ લી.) | જામનગર | લાલપુર | સીગચ | ૩૧/૭/૨૦૦૨ | ૩૧/૧૨/૨૦૦૧ | – |
| ૨ | સોલ્ટ એન્ડ એલાઈડ ઈન્ડસ્ટ્રીઝ (હાલઃ-સૌરાષ્ટ્ર કેમીકલ્સ લી.) | જામનગર | જામનગર | ખીજડીયા | ૩૦/૩/૧૯૮૭ | ૨૧/૧૦/૧૯૮૫ | – |
| ૩ | સૌરાષ્ટ્ર કેમીકલ્સ લી. | જામનગર | જામનગર | ગાગવા | ૩૧/૮/૨૦૦૨ | ૨૫/૨/૨૦૦૨ | – |
| | | જામનગર | જામનગર | બેડી | ૩૧/૫/૨૦૦૩ | ૨૫/૧૧/૨૦૦૨ | – |
| ૪ | સિક્કા સોલ્ટ વર્કસ | જામનગર | જામનગર | સિક્કા | ૩૧/૮/૧૯૮૩ | ૨૨/૮/૧૯૮૩ | – |
| | | | | | ૨૭/૪/૧૯૮૭ | ૨૭/૨/૧૯૮૭ | – |
| | | | | | ૧૯૯૭ | ૨૩/૬/૧૯૭૭ | – |
| ૫ | હાલાર સોલ્ટ વર્કસ | જામનગર | જામનગર | બેડીબંદર | ૧૮/૪/૨૦૪૬ | – | ભાડાપટ્ટો પૂર્ણ થયેલ નથી |
| ૬ | સેન્ચ્યુરી કેમીકલ્સ | જામનગર | જામનગર | નવાનાગના | ૩૧/૧૨/૨૦૧૪ | ૧૯/૬/૨૦૧૪ | – |
| | | | | | ૩૧/૮/૨૦૧૫ | ૧૯/૬/૨૦૧૪ | |
| ૭ | કામદાર સોલ્ટ વર્કસ | જામનગર | જામનગર | રોઝી | ૧૨/૧/૧૯૯૮ | | તા.૦૧/૦૫/૨૦૦૫ થી ભાડાપટો સમાપ્ત કરી કબ્જો વન વિભાગને સોંપવામાં આવેલ છે. |
| ૮ | ચૌગ્લે એન્ડ કંપની | જામનગર | જોડીયા | રણજીતપર | ૩/૮/૨૦૩૭ | – | ભાડાપટ્ટો પૂર્ણ થયેલ નથી |
| ૯ | સરવેશ સોલ્ટ એન્ડ કેમીકલ્સ પ્રા.લી. | જામનગર | જોડીયા | હડીયાણા | ૧૮/૬/૨૦૦૩ | ૨૧/૧૨/૨૦૦૨ | – |
| ૧૦ | અજમેરા સોલ્ટ વર્કસ | જામનગર | જોડીયા | હડીયાણા | ૧૬/૧૦/૧૯૯૮ | ૩/૧/૧૯૯૮ | ભાડાપટ્ટો સમાપ્ત કરવામાં આવેલ છે. |
| ૧૧ | લક્ષ્મી સોલ્ટ વર્કસ | જામનગર | જોડીયા | હડીયાણા | ૧૭/૬/૨૦૦૪ | | શરતભંગ બદલ જમીન ખાલસા કરવામાં આવેલ છે. રીન્યુ કરવાનો પ્રશ્ન રહેતો નથી. |
| ૧૨ | મારૂતિ સોલ્ટ વર્કસ | જામનગર | જોડીયા | હડીયાણા | ૩૦/૪/૨૦૦૪ | ૩૦/૧૦/૨૦૦૩ | – |
| ૧૩ | પરફેક્ટ સોલ્ટ ઈન્ડસ્ટ્રીઝ | જામનગર | જોડીયા | હડીયાણા | ૦૮/૪/૨૦૦૭ | | એકમ હાલ બંધ છે. રીન્યુ કરવાનો પ્રશ્ન રહેતો નથી. |
| ૧૪ | ડાયમંડ સોલ્ટ વર્કસ | જામનગર | જોડીયા | હડીયાણા | ૦૮/૦૫/૨૦૦૭ | ૭/૪/૨૦૦૭ | ભાડાપટ્ટો સમાપ્ત કરવામાં આવેલ છે. |
| ૧૫ | સૂર્યોદય સોલ્ટ એન્ડ કેમીકલ્સ પ્રા.લી. | જામનગર | જોડીયા | કેશીયા | ૨૩/૧૨/૨૦૦૭ | ૨૨/૧૦/૨૦૦૭ | – |
| ૧૬ | તારાબાઈ લાલજી સોલ્ટ વર્કસ | જામનગર | જોડીયા | રણજીતપર | ૩૧/૭/૧૯૮૩ | | લીઝ રદ કરેલ છે. વન વિભાગને કબ્જો સુપ્રત કરેલ છે. |
| ૧૭ | આરએસપીએલ લી. | જામનગર | જોડીયા | રણજીતપર/ જામસર/ માણામોરા | ૦૫/૦૪/૨૦૪૮ | – | ભાડાપટ્ટો પૂર્ણ થયેલ નથી |

---------

**પાટણ જિલ્લામાં લેન્ડ ગ્રેબિંગની ઘટનાઓ**

૩૫૮૩૪ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૨૦ની વર્ષમાં પાટણ જિલ્લામાં લેન્ડ | (૧) ૦૧ |

ગ્રેબિંગની કેટલી ઘટનાઓ નોંધાયેલી છે, અને

(૨) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ આવા ઇસમો સામે ધી ગુજરાત લેન્ડ ગ્રેબિંગ એક્ટ-૨૦૨૦ અન્વયે કેટલી ઘટનામાં શી કાર્યવાહી કરવામાં આવી?

(૨) ૦૧ એક અરજીમાં જમીન પચાવી પાડનાર પાસેથી કબજો મેળવી અરજદારશ્રીને કબજો સુપ્રત કરેલ છે.

---------

**સાબરકાંઠા જિલ્લામાં હક્ક પત્રક નોંધો**

૩૪૭૬૭ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ-ધરા કેન્દ્રોમાં કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૪૬૩૩ |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) આ બાકી નોંધોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |

---------

**રાજ્યમાં એનિમલ વેલ્ફેર બોર્ડની રચના**

૩૪૧૯૬ **શ્રી ગુલાબસિંહ રાજપૂત**(થરાદ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં એનિમલ વેલ્ફેર બોર્ડની રચના ક્યારે કરવામાં આવી, | (૧) રાજ્યમાં કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંકઃ એએચએસ/૧૦૨૦૧૩/૩૧૧૭/પી૧, તા.૩૦-૧૧-૨૦૧૩ થી રાજ્યમાં સ્ટેટ એનિમલ વેલ્ફેર બોર્ડની રચના કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તેના સભ્યો કોણ કોણ છે, અને | (૨) સામેલ પત્રક મુજબ |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોર્ડની મીટીંગ ક્યારે મળી? | (૩) તા.૨૨-૦૧-૨૦૨૦ અને તા.૨૦-૦૩-૨૦૨૦ના રોજ |

**પત્રક**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૧૮-૧૨-૨૦૧૮ ના ઠરાવ મુજબ**

**ગુજરાત રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડના સભ્યોની વિગત**

| અનુ. નં. | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | માન. મંત્રીશ્રી પશુપાલન, ગુજરાત રાજ્ય (Ex Officio member) | ચેરમેનશ્રી |
| ૨ | માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી પશુપાલન, ગુજરાત રાજ્ય (Ex Officio member) | વાઇસ ચેરમેનશ્રી |
| ૩ | ડો. નીમાબેન આચાર્ય, માનનીય ધારાસભ્યશ્રી, ભૂજ (૦૩) | સભ્યશ્રી |
| ૪ | શ્રી હર્ષ સંઘવી, માનનીય ધારાસભ્યશ્રી, મજુરા (સુરત) (૧૬૫) | સભ્યશ્રી |
| ૫ | પશુપાલન નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, (Ex Officio member) | સચિવશ્રી |
| ૬ | મુખ્ય વન સંરક્ષક શ્રી, ગુજરાત રાજ્ય, (Ex Officio member) | સભ્યશ્રી |
| ૭ | મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, રાજકોટ, (Ex Officio member) | સભ્યશ્રી |
| ૮ | મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, વડોદરા, (Ex Officio member) | સભ્યશ્રી |
| ૯ | પોલીસ મહાનિર્દેશકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, (Ex Officio member) | સભ્યશ્રી |
| ૧૦ | જિલ્લા કલેક્ટરશ્રી, બનાસકાંઠા, (Ex Officio member) | સભ્યશ્રી |
| ૧૧ | શ્રી દિલીપ શાહ (એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઇન્ડીયાના પ્રતિનિધિ) | સભ્યશ્રી |
| ૧૨ | શ્રી વસનજી સોની, લુણી(કચ્છ) | સભ્યશ્રી |
| ૧૩ | શ્રી ચીનુભાઈ શિવલાલ શાહ, થરા (બનાસકાંઠા) | સભ્યશ્રી |
| ૧૪ | શ્રી પંકજભાઈ બુચ, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૧૫ | શ્રી માધવપ્રકાશ સ્વામીજી, પેથાપુર (ગાંધીગનર) | સભ્યશ્રી |
| ૧૬ | શ્રી નારાયણ લલ્લુભાઈ પટેલ, ઊંઝા (મહેસાણા) | સભ્યશ્રી |
| ૧૭ | શ્રી વિમલભાઈ શાહ, મહેસાણા | સભ્યશ્રી |
| ૧૮ | શ્રી પૃથ્વીરાજ પટેલ, ઈડર (સાબરકાંઠા) | સભ્યશ્રી |

અતારાંકિત પ્રશ્નો

| અનુ. નં. | નામ | હોદ્દો |
| --- | --- | --- |
| ૧૯ | શ્રી કિશોરભાઈ શાહ, જેતપુર | સભ્યશ્રી |
| ૨૦ | શ્રી રતિભાઈ મહેતા, ધારી (અમરેલી) | સભ્યશ્રી |
| ૨૧ | શ્રી જયદીપ સોમૈયા, રાજુલા (અમરેલી) | સભ્યશ્રી |
| ૨૨ | શ્રી નયન નવીનચંદ્ર ભરતીયા, સુરત | સભ્યશ્રી |
| ૨૩ | શ્રી સંજયભાઈ કોઠારી, અમદાવાદ | સભ્યશ્રી |
| ૨૪ | શ્રી અરુણ ઓઝા, અમદાવાદ | સભ્યશ્રી |
| ૨૫ | સુશ્રી પૂર્વી રાહુલ શાહ, અમદાવાદ | સભ્યશ્રી |
| ૨૬ | શ્રી મિત્તલ ખેતાણી, રાજકોટ | સભ્યશ્રી |
| ૨૭ | શ્રી રાજેન્દ્રભાઈ શાહ, રાજકોટ | સભ્યશ્રી |
| ૨૮ | શ્રીબળવંતભાઈ આચાર્ય, મહેસાણા | સભ્યશ્રી |
| ૨૯ | શ્રી ગુલાબસિંહ દાનુંભાઈ જાડેજા, ભાવનગર | સભ્યશ્રી |
| ૩૦ | શ્રી કૌશીકભાઈ મહેતા, ભુજ | સભ્યશ્રી |
| **નોંધઃ** | **અ.નં. ૧૨ ના માન. સભ્યશ્રી વસનજી સોનીનું તાજેતરમાં અવસાન થતા હાલ જગ્યા ખાલી છે.** | |

---------

**હિંમતનગર ખાતે નોંધાયેલ રોજગારવાંચ્છુઓ**

૩૪૭૭૩ **શ્રી કનુભાઈ પટેલ**(સાણંદ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, સાબરકાંઠા જિલ્લામા હિંમતનગર ખાતે કેટલા રોજગારવાંચ્છુઓ નોંધાયેલ છે, અને | (૧) ૧૧૦૩૫ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી આપવામાં આવી? | (૨) ૨૧૫૫ |

---------

**તાપી અને સુરત જિલ્લામાં ખેડૂતોની વસિયતનામા આધારિત નોંધો**

૩૪૩૪૦ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી અને સુરત જિલ્લામાં જિલ્લાવાર કેટલા ખેડૂતોની વસીયતનામા આધારિત નોંધો પાડવામાં આવી છે,

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લો | નોંધોની સંખ્યા |
| --- | --- | --- |
| ૧ | તાપી | ૭૭ |
| ૨ | સુરત | ૭૭૩ |

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૨) તે પૈકી કેટલા કિસ્સામાં ખાતેદાર ખેડૂત ના હોય છતાં નોંધો પાડવામાં આવી છે, અને | (૨) આવી કોઈ નોંધ પાડવામાં આવેલ નથી. |
| (૩) ખાતેદાર ખેડૂત ના હોય છતાં વસિયતનામાના આધારે નોંધો પાડી હોય તેવા કિસ્સાઓમાં સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સુરત જિલ્લામાં ઘાસચારા વિકાસ યોજના કાર્યક્રમ**

૩૪૭૨૩ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઘાસચારા વિકાસ કાર્યક્રમ યોજના હેઠળ સુરત જિલ્લામાં કુલ કેટલી બિયારણ કીટ વિતરણ કરવામાં આવી, અને | (૧) ૯૮૯૫ |
| (૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂ. ૫૬,૧૦,૬૦૮/- |

---------

તા. ૧૬મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**બનાસકાંઠા જિલ્લામાં જમીન રીમાપણીમાં ક્ષતિઓ**

૩૫૮૨૮ **શ્રી મહેશકુમાર પટેલ**(પાલનપુર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૨૮-૦૨-૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ- ૨૪૪૨૨ (અગ્રતા-૨૧)ના અનુસંધાને **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ખેતીની જમીનની રીમાપણી કરવાની કામગીરીમાં રહેલ ક્ષતિઓ સુધારવા માટે મળેલ ફરિયાદો પૈકી ૪૦૪૫ ફરિયાદોનો નિકાલ કરવાનો બાકી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત ફરિયાદો પૈકી કેટલી ફરિયાદોનો તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ નિકાલ કરવામાં આવ્યો, અને | (૨) ઉક્ત ફરિયાદો પૈકી તમામ ફરિયાદોનો માપણી કરી નિકાલ કરવામાં આવ્યો છે. |
| (૩) ઉક્ત પૈકી બાકી રહેલ ફરિયાદોનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ જિલ્લામાં જમીન સરકાર હસ્તક કરવા બાબત**

૩૭૨૮૬ **શ્રી ઈમરાન ખેડાવાલા**(જમાલપુર-ખાડિયા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાંથી ખાનગી માલિકીની કેટલી જમીનો સરકાર હસ્તક કરી,

(૨) ઉક્ત પૈકી કયા વિસ્તારની કેટલી જમીનો સરકાર હસ્તક કરવામાં આવી, અને

(૩) ઉક્ત ખાનગી માલિકીની જમીનો સરકાર હસ્તક કરવાના મુખ્ય કારણો શાં છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાંથી ખાનગી માલિકીની ૧૧,૫૪,૯૦૭ ચો.મી. જમીનો સરકાર હસ્તક કરી છે.

(૨)

| વિસ્તાર | ક્ષેત્રફળ (ચો.મી. માં) |
|---|---|
| સીડીસી (પશ્ચિમ) | ૧૬,૦૦૦ |
| દશક્રોઈ | ૧,૦૬,૧૯૯ |
| વટવા | ૩૩,૯૯૪ |
| સાણંદ | ૯,૮૭,૩૮૫ |
| ધોળકા | ૧૧,૩૨૯ |
| **કુલઃ-** | **૧૧,૫૪,૯૦૭** |

(૩) ગણોતધારાની કલમ-૪૩ અને ૬૩ તથા જમીન મહેસૂલ કાયદાની કલમ-૭૯(એ) હેઠળના શરતભંગના કારણો બદલ સદર જમીનો સરકાર હસ્તક કરવામાં આવેલ છે.

---------

**સુરત અને ભરૂચ જિલ્લામાં સ્થાનિકોને રોજગારી**

૩૪૩૧૬ **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા**(ગરબાડા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ સુરત અને ભરૂચ જિલ્લામાં આવેલ રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી., ગંધાર કોમ્પ્લેક્ષ દહેજ સરકારી જોગવાઇ મુજબ સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન કરતા હોવાની હકીકત સાચી છે, અને

**જવાબ**

(૧) શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧/૦૩/૧૯૯૫ ના ઠરાવની જોગવાઇ અન્વયે દર છ માસે જૂન અંતિત અને ડિસેમ્બર અંતિત સ્થાનિક રોજગારીની માહિતી એકત્ર કરવામાં આવતી હોઇ, તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએઃ

- સુરત જિલ્લામાં આવેલ રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ., ફેઝ-૧ અને ફેઝ-૨, હજીરા તરફથી મળેલ માહિતી અનુસાર ૮૫% સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી જળવાય છે.

- ભરૂચ જિલ્લામાં આવેલ રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ., દહેજ તરફથી મળેલ માહિતી અનુસાર કંપનીમાં ૮૫% સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી જળવાતી નથી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધાં ?

(૨) ભરૂચ જિલ્લામાં આવેલ રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ., દહેજમાં સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જળવાવા અંગે નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવી.

- સંબંધિત એકમને શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧/૦૩/૧૯૯૫ના ઠરાવ અનુસાર સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા અંગેની જોગવાઈઓનું ધ્યાન દોરતા પત્રો પાઠવેલ છે.
- ઠરાવનો ભંગ કરતા એકમો સાથે નાયબ નિયામક (રોજગાર), સુરત દ્વારા બેઠક યોજી ઠરાવની જોગવાઈનું પાલન વધુ સુચારુ રીતે થઈ શકે તે માટે તેઓને ઉંડાણપૂર્વક સમજ આપવામાં આવેલ છે.
- સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમોની યાદી જિલ્લા કક્ષાએથી રોજગાર કચેરી દ્વારા સંબંધિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા રાજ્ય વેરા કચેરીને જરૂરી કાર્યવાહી સારૂ મોકલવામાં આવેલ છે.
- રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા છેલ્લા બે વર્ષમાં (વર્ષ–૨૦૧૯ અને વર્ષ–૨૦૨૦) રાજ્યમાં સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમોની જૂન–૨૦૧૯ અંતિતની યાદી અત્રેની કચેરીના તા.૧૧/૧૦/૧૯ ના પત્રથી, ડિસેમ્બર–૨૦૧૯ અંતિતની યાદી તા.૧૯/૦૨/૨૦૨૦ના પત્રથી, જૂન–૨૦૨૦ અંતિતની યાદી તા.૦૯/૧૦/૨૦૨૦ના પત્રથી અને ડિસેમ્બર–૨૦૨૦ અંતિતની યાદી તા.૧૯/૦૨/૨૦૨૧ ના પત્રથી યાદીમાં સમાવિષ્ટ એકમો સામે જરૂરી કાર્યવાહી સારૂ ઉદ્યોગ કમિશનરની કચેરી, ગાંધીનગરને મોકલી આપવામાં આવેલ છે.
- સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે રોજગાર ભરતીમેળાનું આયોજન કરી સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

---------

## માંડવી તાલુકામાં આંતરિક પેયજળ યોજના

૩૪૭૮૮ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય પાણી પૂરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં માંડવી તાલુકામાં જલ જીવન કાર્યક્રમ અંતર્ગત રાજપર ગ્રામ્ય આંતરિક પેયજળ યોજનાનું કોઈ આયોજન છે કે કેમ,

**જવાબ**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં માંડવી તાલુકામાં જલ જીવન કાર્યક્રમ અંતર્ગત રાજપર ગ્રામ્ય આંતરિક પેયજળ યોજનાનું કોઈ આયોજન કરવામાં આવેલ નથી. વર્ષ ૨૦૧૯માં યોજના

મંજૂર કરવામાં આવેલ હતી. વર્ષ ૨૦૨૦માં આ યોજના પૂર્ણ કરેલ છે, તમામ ઘરોમાં નળ જોડાણ દ્વારા પાણી મળે છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ યોજનાની તાંત્રિક, વહીવટી અને સૈધ્ધાંતિક મંજૂરી ક્યારે આપવામાં આવેલ, અને

(૨) તાંત્રિક મંજૂરી – તા.૧૮–૦૨–૨૦૧૯
વહીવટી મંજૂરી – તા.૦૩–૦૬–૨૦૧૯

(૩) આ યોજનાની કામગીરી કયા તબક્કે છે?

(૩) યોજના પૂર્ણ કરી કાર્યાન્વિત કરી પાણી સમિતિને તા.૨૧–૦૫–૨૦૨૦ના રોજ લોકાર્પણ કરવામાં આવેલ છે.

---------

**કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં 'નલ સે જલ' યોજના**

૩૪૧૯૦ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા**(રાપર) : **માનનીય પાણી પૂરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં જિલ્લાવાર 'નલ સે જલ' યોજના અંતર્ગત કેટલા કનેક્શનો આપવામાં આવ્યા, અને

(૧)

| **જિલ્લો** | **આપવામાં આવેલ નળ કનેક્શનો** | |
|---|---|---|
| | **વર્ષ ૨૦૧૯** | **વર્ષ ૨૦૨૦** |
| કચ્છ | ૦ | ૬૩૬૪ |
| બનાસકાંઠા | ૬૫૦૭ | ૪૨૫૧૫ |

(૨) આ કનેક્શનો આપવા માટે કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

(૨)

| **જિલ્લો** | **કરવામાં આવેલ કુલ ખર્ચ (રૂ. લાખમાં)** |
|---|---|
| કચ્છ | ૨૭૧૦૧.૭૦ |
| બનાસકાંઠા | ૧૩૪૨૮.૩૧ |
| **કુલ** | **૪૦૫૩૦.૦૧** |

---------

**મહેસાણા જિલ્લામાં ચાફકટર ખરીદી યોજના**

૩૪૭૫૩ **ડો. આશાબેન પટેલ**(ઊંઝા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન મહેસાણા જિલ્લામાં પાવર ડ્રીવન ચાફકટર ખરીદી સહાય યોજના હેઠળ સામાન્ય જાતિ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓની કુલ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૧) સામાન્ય જાતિ–૧૭૪
અનુસૂચિત જાતિ–૨૧
અનુસૂચિત જનજાતિ–૦૦
**કુલ–૧૯૫**

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટેગરી વાઇઝ કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી?

(૨) જનરલ કેટેગરી– રૂ.૧૨,૭૫,૦૦૦/–
અનુસૂચિત જાતિ– રૂ. ૨,૫૮,૦૦૦/–
અનુસૂચિત જનજાતિ– ૦૦
**કુલ– રૂ.૧૫,૩૩,૦૦૦/–**

---------

**ભાવનગર અને બોટાદ જિલ્લામાં સરકારી આઈ.ટી.આઈ.માં મંજૂર મહેકમ**

૩૪૨૮૬ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ભાવનગર અને બોટાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી આઈ.ટી.આઈ. આવેલી છે,

(૧) પત્રકઃ ૧ સામેલ છે.

(૨) ઉક્ત આઈ.ટી.આઈ.માં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) પત્રકઃ ૨ સામેલ છે.

(૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી અને કેટલી ભરેલી છે, અને

(૩) પત્રકઃ ૩ સામેલ છે.

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૪) વહીવટી અનુકૂળતા મુજબ બનતી ત્વરાએ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

(પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ગાંધીનગર અને ભરૂચ જિલ્લામાં સરકારી આઈ.ટી.આઈ.માં મંજૂર મહેકમ**

૩૪૨૨૭ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ગાંધીનગર અને ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી આઈ.ટી.આઈ. આવેલી છે, | (૧) પત્રકઃ ૧ સામેલ છે. |
| (૨) ઉક્ત આઈ.ટી.આઈ.માં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૨) પત્રકઃ ૨ સામેલ છે. |
| (૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી અને કેટલી ભરેલી છે, અને | (૩) પત્રકઃ ૩ સામેલ છે. |
| (૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૪) વહીવટી અનુકૂળતા મુજબ બનતી ત્વરાએ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. |

(પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ભાવનગર જિલ્લામાં હક્ક પત્રક નોંધો**

૩૪૮૩૯ **શ્રી કેશુભાઈ નાકરાણી** (ગારીયાધાર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૬૨૬૪ |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) ઉક્ત બાકી નોંધોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |

---------

**અમરેલી જિલ્લામાં મીઠું પાણી બનાવવાનો પ્રોજેક્ટ**

૩૪૨૮૩ **શ્રી અંબરીષભાઈભાઈ ડેર** (રાજુલા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં તા.૧૭–૦૭–૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૧૭૯૦૦ (અગ્રતા–૮૧)ના અનુસંધાને **માનનીય પાણી પૂરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના પીપાવાવના રામપરા ખાતે દૈનિક ૨૦ એમ.એલ.ડી. ક્ષમતાના દરિયાના ખારા પાણીને ડીસેલીનેશન દ્વારા મીઠું પાણી બનાવવાનો પ્રોજેક્ટની કામગીરી તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) અમરેલી જિલ્લાના પીપાવાવના રામપરા ખાતે દૈનિક ૨૦ એમ.એલ.ડી. ક્ષમતાના દરિયાના ખારા પાણીને ડી સેલીનેશન દ્વારા મીઠું પાણી બનાવવાના પ્રોજેક્ટની કામગીરી તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ આ કામોના ટેન્ડર રદ કરવામાં આવેલ હોવાથી હાથ ધરવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત કામગીરી કઈ એજન્સીને આપવામાં આવેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને મીઠું પાણી બનાવવાનો પ્રોજેક્ટ કાર્યાન્વિત કરવામાં આવનાર છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ અને મહિસાગર જિલ્લામાં અકસ્માતને કારણે શ્રમજીવીઓના મૃત્યુ**

| ૨૧ | સજાનંદ કેમીકલ્સ પ્લોટ નં. ૭૨૫, જીઆઈડીસી અંકલેશ્વર | ૦૧ |
| ૨૨ | વાકસન કેમીકલ ઈન્ડસ્ટ્રીઝ લી. પ્લોટ નં. ૫૧૮, જીઆઈડીસી પાનોલી | ૦૧ |
| **કુલ** | **૨૨** | **૪૦** |

---------

**બનાસકાંઠા જિલ્લામાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓ અંગે સહાય**

૩૪૭૫૦ **શ્રી કિર્તીસિંહ વાઘેલા** (કાંકરેજ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં શુધ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના પશુપાલકો માટે પ્રોત્સાહન આપવાની યોજના હેઠળ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવેલ, અને | (૧) ૯૮૨ |
| (૨) તેમાં કુલ કેટલી સહાય આપવામાં આવી? | (૨) રૂ. ૨૯,૪૬,૦૦૦/– |

---------

**ભુજ ખાતે નોંધાયેલ રોજગારવાંચ્છુઓ**

૩૪૭૪૩ **માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, ભુજ ખાતે કેટલા રોજગારવાંચ્છુઓ નોંધાયેલ છે, અને | (૧) ૧૩૮૨૧ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી આપવામાં આવી? | (૨) ૨૦૫૨૪ |

---------

**વડોદરા ખાતે નોંધાયેલ રોજગારવાંચ્છુઓ**

૩૪૮૮૪ **શ્રીમતી મનીષા વકીલ** (વડોદરા શહેર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ જિલ્લા | (૧) ૨૭૩૬૨ |

રોજગાર કચેરી, વડોદરા ખાતે કેટલા રોજગારવાંચ્છુઓ નોંધાયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી આપવામાં આવી?

(૨) ૨૨૩૯૭

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અકસ્માતને કારણે શ્રમજીવીઓના મૃત્યુ**

૩૪૨૬૧ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર ઔદ્યોગિક એકમોમાં બેદરકારી કે અકસ્માતને કારણે શ્રમજીવીના મૃત્યુ નોંધાયા છે તે હકીકત સાચી છે,

(૧) જામનગર જિલ્લામાં નોંધાયેલ છે.
દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નોંધાયેલ નથી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કયા એકમોમાં આવા બનાવો નોંધાયા અને તેમાં કેટલા શ્રમજીવીઓના મૃત્યુ થયા,

(૨) પરિશિષ્ટ – ૧ મુજબ.

(૩) ઉક્ત મૃત્યુ પામેલ શ્રમજીવીઓના પરિવારજનોને કેટલું વળતર ક્યારે અપાયું, અને

(૩) સરકારશ્રી દ્વારા કોઇ વળતર ચૂકવવામાં આવતું નથી પરંતુ અકસ્માતના કિસ્સામાં મૃત્યુ પામનાર શ્રમિકોના વારસદારોને વળતર ESIC ACT 1948 ની જોગવાઈઓ લાગુ પડતી હોય ત્યાં ESIC ACT 1948 હેઠળ વળતર ચૂકવવામાં આવે છે અથવા જ્યાં ESIC ACT નોટીફાઇડ એરીયા ન હોય ત્યાં કામદાર વળતર અધિનિયમ, ૧૯૨૩ હેઠળ વર્કમેન કમ્પેન્સેશન ઓથોરીટી નામદાર લેબર કોર્ટ દ્વારા વળતર ચૂકવવામાં આવે છે.

(૪) ઉક્ત ઔદ્યોગિક એકમોની બેદરકારી અન્વયે શા પગલા લેવામાં આવ્યા?

(૪) ઔદ્યોગિક એકમોમાં કારખાના ધારા, ૧૯૪૮ તથા તે હેઠળના ગુજરાત કારખાના નિયમો, ૧૯૬૩ ની વિવિધ જોગવાઈઓના ભંગ બદલ કુલ–૦૨ ઔદ્યોગિક એકમો સામે કુલ ૦૩ ફોજદારી કેસો નામદાર કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે. તથા ૦૧ ઔદ્યોગિક એકમોમાં કાયદાભંગ જણાયેલ નથી.

**પરિશિષ્ટ – ૧**

| જિલ્લાનું નામ | વર્ષ | ક્રમ નં. | કારખાનાનું નામ અને સરનામું | મૃતક શ્રમિકોની સંખ્યા |
|---|---|---|---|---|
| જાનમગર | તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯ | ૧ | શ્રધ્ધા બ્રાસ પ્રોડક્ટ્સ, પ્લોટ નં.૨૦૧, ૨૦૨, ફેસ–૨, દરેડ, જામનગર | ૦૨ |
| | તા.૦૧–૦૧–૨૦૨૦ થી તા.૩૧–૧૨–૨૦૨૦ | ૧ | સાવન ઈન્ડિયા ઓવરસીઝ, ખટીયા બેવરેજ પાટીયા, જામનગર | ૦૧ |
| | | ૨ | રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી., મોટી ખાવડી, જામનગર | ૦૧ |
| દેવભુમિ દ્વારકા | તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯ | ૦૦ | | |
| | તા.૦૧–૦૧–૨૦૨૦ થી તા.૩૧–૧૨–૨૦૨૦ | ૦૦ | | |
| | **કુલ** | | | **૦૪** |

---------

**સુરેન્દ્રનગર અને દેવભૂમિદ્વારકા જિલ્લામાં ઔદ્યોગિક હેતુ માટે પ્રમાણપત્ર**

૩૪૨૪૯ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

## તા. ૧૬મી માર્ચ ૨૦૨૧
## અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને દેવભૂમિદ્વારકા જિલ્લામાં જિલ્લાવાર ઔદ્યોગિક હેતુ માટે જમીનનો ઉપયોગ શરૂ કરવા પ્રમાણપત્ર કાઢી આપેલ હોય પરંતુ તેના પાંચ વર્ષની મુદતમાં ઔદ્યોગિક પ્રવૃત્તિ અથવા માલનું ઉત્પાદન અથવા સેવા પૂરી પાડવાનું શરૂ કરેલ ન હોય તેવા કેટલા કિસ્સા છે,

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લો | કિસ્સા |
|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર | ૩૦ |
| ૨ | દેવભૂમિ દ્વારકા | શુન્ય |

(૨) ઉક્ત જિલ્લાવાર, ઉક્ત કિસ્સાવાર આવી જમીનનું કુલ ક્ષેત્રફળ કેટલું છે, અને

(૨)

| ક્રમ | જિલ્લો | ક્ષેત્રફળ |
|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર | ૫૦-૪૪-૫૦ ચો.મી. (કિસ્સાવાર આ સાથે પત્રક સામેલ છે.) |
| ૨ | દેવભૂમિદ્વારકા | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૩) ઉક્ત કિસ્સામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, વર્ષવાર, જિલ્લાવાર, શા પગલાં લીધાં?

(૩)

| ક્રમ | જિલ્લો | |
|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર | મુદ્દા નં.૧ મુજબના કિસ્સામાં નિયત સમયમર્યાદામાં ઔદ્યોગિક પ્રવૃત્તિ અથવા માલનું ઉત્પાદન અથવા સેવા પૂરી પાડવાનું શરૂ કરેલ ન હોય કે બિનખેતી પરવાની મેળવવા મુદત વધારાની અરજી અરજદારશ્રી/કંપની દ્વારા કરવામાં આવેલ ન હોય જેથી ઉક્ત તમામ કિસ્સામાં સૌરાષ્ટ્ર ઘરખેડ અધિનિયમની જોગવાઈઓ અનુસાર કાર્યવાહી કરવાની થાય છે. |
| ૨ | દેવભૂમિદ્વારકા | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પત્રક**

| ક્રમ | સર્વે નંબર | ગામ | તાલુકો | ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|---|---|---|
| ૧ | ૧૨૬ | પરબડી | ચોટીલા | ૧૨૧૪૦ |
| ૨ | ૧૨૬/પૈકી.૧/પૈકી.૨ | પરબડી | ચોટીલા | ૮૭૦૧ |
| ૩ | ૧૨૬/પૈકી.૧/પૈકી.૧ | પરબડી | ચોટીલા | ૩૨૩૭૫ |
| ૪ | ૨૪૪ | કઠાડા | દસાડા | ૨૫૫૯૭ |
| ૫ | ૨૫૯ | કઠાડા | દસાડા | ૧૦૮૨૫ |
| ૬ | ૨૩૦/૧ | કઠાડા | દસાડા | ૧૬૩૯૦ |
| ૭ | ૨૨૭/૧ | કઠાડા | દસાડા | ૧૩૬૫૮ |
| ૮ | ૨૬૮/૧ | કઠાડા | દસાડા | ૨૪૬૮૬ |
| ૯ | ૪૯૮ | સાવડા | દસાડા | ૩૨૬૭૯ |
| ૧૦ | ૪૦૪/૧/પૈકી.૧૫ | કામલપુર | દસાડા | ૧૪૩૬૬ |
| ૧૧ | ૪૯/પૈકી.૩ | વિઠ્ઠલાપરા | લખતર | ૧૨૯૫૦ |
| ૧૨ | ૫૬૪ | જનશાળી | લીંબડી | ૧૬૭૯૫ |
| ૧૩ | ૫૩૧ | જનશાળી | લીંબડી | ૧૪૧૬૪ |
| ૧૪ | ૫૩૪ | જનશાળી | લીંબડી | ૭૧૮૩ |
| ૧૫ | ૫૬૩/પૈકી.૧ | જનશાળી | લીંબડી | ૧૬૧૮૮ |

| ક્રમ | સર્વે નંબર | ગામ | તાલુકો | ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|---|---|---|
| ૧૬ | ૩૧૭/૧<br>૩૫૨ | દુધઈ | મુળી | ૬૧૫૧૨ |
| ૧૭ | ૩૬૨ | દુધઈ | મુળી | ૧૦૭૨૪ |
| ૧૮ | ૩૬૩ | દુધઈ | મુળી | ૯૧૦૫ |
| ૧૯ | ૩૬૪ | દુધઈ | મુળી | ૩૮૪૫ |
| ૨૦ | ૩૭૫ | દુધઈ | મુળી | ૮૯૦૩ |
| ૨૧ | ૨૮૭ | દુધઈ | મુળી | ૭૪૮૭ |
| ૨૨ | ૨૮૮ | દુધઈ | મુળી | ૧૫૦૭૪ |
| ૨૩ | ૨૮૯ | દુધઈ | મુળી | ૨૯૯૪૭ |
| ૨૪ | ૨૯૦ | દુધઈ | મુળી | ૧૬૩૯૦ |
| ૨૫ | ૨૯૧ | દુધઈ | મુળી | ૧૭૮૦૬ |
| ૨૬ | ૩૧૫ | દુધઈ | મુળી | ૨૦૪૩૭ |
| ૨૭ | ૮૮૫/૫૮/૧/૨ | સરલા | મુળી | ૮૦૯૪ |
| ૨૮ | ૮૮૫/૫૭, ૫૮ | સરલા | મુળી | ૧૬૧૯૪ |
| ૨૯ | ૮૮૫/૫૮/૧/૧ | સરલા | મુળી | ૮૦૯૪ |
| ૩૦ | ૮૫/પૈકી.૧ | સુજાનગઢ | મુળી | ૧૨૧૪૧ |
| | | | **કુલ** | **૫૦૪૪૫૦** |

---------

**અમરેલી અને ડાંગ જિલ્લામાં ઔદ્યોગિક હેતુ માટે પ્રમાણપત્ર**

૩૪૨૮૨ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ અમરેલી અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર ઔદ્યોગિક હેતુ માટે જમીનનો ઉપયોગ શરૂ કરવા પ્રમાણપત્ર કાઢી આપેલ હોય પરંતુ તેના પાંચ વર્ષની મુદતમાં ઔદ્યોગિક પ્રવૃત્તિ અથવા માલનું ઉત્પાદન અથવા સેવા પૂરી પાડવાનું શરૂ કરેલ ન હોય તેવા કેટલા કિસ્સા છે,

(૨) ઉક્ત જિલ્લાવાર, ઉક્ત કિસ્સાવાર આવી જમીનનું કુલ ક્ષેત્રફળ કેટલું છે, અને

(૩) ઉક્ત કિસ્સામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, વર્ષવાર, જિલ્લાવાર, શા પગલાં લીધાં?

**જવાબ**

(૧)

| જિલ્લો | કિસ્સા |
|---|---|
| અમરેલી | ૫ |
| ડાંગ | ૦ |

(૨)

| જિલ્લો | કિસ્સા | ક્ષેત્રફળ (ચો.મી. માં) |
|---|---|---|
| અમરેલી | ૫ | (૧) ૭,૨૮૪<br>(૨) ૮,૦૯૪<br>(૩) ૧૨,૯૫૦<br>(૪) ૧૦,૧૧૮<br>(૫) ૧૦,૧૧૭<br>**કુલ– ૪૮,૫૬૩** |
| ડાંગ | ૦ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૩) ડાંગ જિલ્લામાં કોઈ કિસ્સા ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અમરેલી જિલ્લાના પાંચ કિસ્સાઓમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર લીધેલ પગલાની વિગત નીચે મુજબ છેઃ

| ૨૦૧૯ | ૨૦૨૦ |
|---|---|
| ૧(એક) કિસ્સામાં શરતભંગ બદલ જમીન સરકારશ્રી હસ્તક લેવામાં | ૧(એક) કિસ્સામાં પ્રમાણપત્રની મુદત વધારી આપવામાં આવેલ છે.<br>૩(ત્રણ) કિસ્સાઓમાં પાંચ વર્ષથી વધુ સમય થયેલ છે પરંતુ, ૭ વર્ષથી વધુ સમય થયેલ ન હોઈ |

| | |
|---|---|
| આવેલ છે. | કલેક્ટરશ્રીના અધિકાર પરત્વે કાર્યવાહી અર્થે દરખાસ્ત મોકલવા સંબંધિત પ્રાંત અધિકારીશ્રીઓને સૂચના આપેલ છે. |

---------

**પશુપાલન પ્રભાગમાં મંજૂર મહેકમ**

૩૪૧૯૫**ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ અંતર્ગત પશુપાલન પ્રભાગમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) મંજૂર થયેલ મહેકમ પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કરાર આધારીત, આઉટ સોર્સીંગ અને કેટલી જગ્યાઓ ફિક્સ પગારથી ભરાયેલ છે, અને

(૧), (૨) અને (૩)

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નિયમોનુસારની કાર્યવાહી કરી જગ્યાઓ ભરવામાં આવે છે.

| **સંવર્ગ** | **મંજૂર જગ્યા** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** | **ભરાયેલ જગ્યાઓ પૈકી** | | |
|---|---|---|---|---|---|---|
| | | | | **કરાર આધારિતથી ભરાયેલ** | **આઉટ સોર્સીંગથી ભરાયેલ** | **ફીક્સ પગારથી ભરાયેલ** |
| સચિવ (પશુપાલન ગૌ સંવર્ધન, મત્સ્યદ્યોગ અને સહકાર) | ૦૧ | ૦૧ | ૦૦ | –– | –– | –– |
| નાયબ સચિવ | ૦૧ | ૦૧ | ૦૦ | –– | –– | –– |
| ઉપસચિવ | ૦૧ | ૦૧ | ૦૦ | –– | –– | –– |
| અગ્ર રહસ્ય સચિવ/રહસ્ય સચિવ | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૧ | –– | –– |
| સેકશન અધિકારી | ૦૨ | ૦૧ | ૦૧ | –– | –– | –– |
| નાયબ સેક્શન અધિકારી | ૧૦ | ૦૫ | ૦૫ | –– | –– | –૫ |
| ઓફીસ આસિસ્ટન્ટ | ૦૩ | ૦૩ | ૦૦ | –– | ૦૧ | ૦૧ |
| ડ્રાઈવર | ૦૧ | ૦૦ | ૦૧ | | | |
| પટાવાળા | ૦૪ | ૦૪ | ૦૦ | –– | ૦૩ | –– |
| **કુલ** | **૨૬** | **૧૮** | **૦૮** | **૦૧** | **૦૪** | **૦૬** |
| | નોંધઃ– (૧) સચિવ (પશુપાલન, ગૌ સંવર્ધન, મત્સ્યોદ્યોગ અને સહકાર)ની એક જ જગ્યા છે. (૨) નાયબ સચિવ (પશુપાલન ગૌ સંવર્ધન, મત્સ્યોદ્યોગ)ની એક જ જગ્યા છે. | | | | | |

---------

**ભુજ ખાતે નોંધાયેલ રોજગારવાંચ્છુઓ**

૩૪૭૫૯ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, ભુજ ખાતે કેટલા રોજગારવાંચ્છુઓ નોંધાયેલ છે, અને

(૧) ૧૩૮૨૧

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી આપવામાં આવી ?

(૨) ૨૦૫૨૪

અતારાંકિત પ્રશ્નો

---------

**રાજ્યકક્ષા તથા જિલ્લા કક્ષાની ભૂદાન સમિતિની રચના**

૩૪૨૪૦ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) ભૂદાન યજ્ઞ ચળવળમાં અપાયેલ જમીનો તથા વણવહેંચાયેલ ભૂદાનની જમીનોની રેકર્ડ પરથી ચકાસણી કરી તેનો ડેટાબેઝ તૈયાર કરવા માટે તથા ભૂદાનની જમીનો બાબતે નીતિ ઘડવા માટે મહેસૂલ વિભાગના તા.૧૭-૦૨-૨૦૧૭ ના ઠરાવથી રાજ્ય કક્ષા તથા જિલ્લા કક્ષાની ભૂદાન સમિતિઓની રચના કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યકક્ષાની ભૂદાન સમિતિના ચેરમેન અને સભ્યો કોણ છે,

(૨)

| અ.નં. | સમિતિના સભ્યો | હોદ્દો |
|---|---|---|
| ૧ | મુખ્ય સચિવશ્રી | અધ્યક્ષ |
| ૨ | અધિક મુખ્ય સચિવશ્રી (શ.વિ.શ.ગૃ.નિ.) | સભ્ય |
| ૩ | અધિક મુખ્ય સચિવશ્રી (મ.વિ.) | |
| ૪ | સચિવશ્રી (કા.વિ.) | સભ્ય |
| ૫ | મુખ્ય નગર નિયોજકશ્રી | સભ્ય |
| ૬ | ગુજરાત સર્વોદય મંડળના પ્રતિનિધિ | સભ્ય |

(૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં રાજ્યકક્ષાની ભૂદાન સમિતિની બેઠકો ક્યારે-ક્યારે મળેલ છે, અને

(૩) બેઠક મળેલ નથી.

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત નીતિ ઘડવાની કામગીરી કયા તબક્કે છે ?

(૪) સર્વે જિલ્લા કેલકટરશ્રીઓ પાસેથી ભૂદાનની જમીનનો ડેટાબેઝ/માહિતી મેળવવાની કાર્યવાહી ચાલુમાં છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓ અંગે સહાય**

૩૪૭૪૭ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં શુધ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના પશુપાલકો માટે પ્રોત્સાહન આપવાની યોજના હેઠળ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવેલ, અને

(૧) ૯૮૨

(૨) તેમાં કુલ કેટલી સહાય આપવામાં આવી?

(૨) રૂ. ૨૯,૪૬,૦૦૦/-

---------

**વડોદરા ખાતે નોંધાયેલ રોજગારવાંચ્છુઓ**

૩૪૮૫૪ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, વડોદરા ખાતે કેટલા રોજગારવાંચ્છુઓ નોંધાયેલ છે, અને

(૧) ૨૭૩૬૨

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી આપવામાં આવી?

(૨) ૨૨૩૯૭

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં ખેડૂતોની વસિયતનામાં આધારિત નોંધો**

૩૪૨૬૭ **શ્રી ભીખાભાઈ જોષી** (જૂનાગઢ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર કેટલા

(૧)

| ક્રમ | જિલ્લો | નોંધોની સંખ્યા |
|---|---|---|

ખેડૂતોની વસીયતનામા આધારિત નોંધો પાડવામાં આવી છે,

| | | |
|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૩૦ |
| ૨ | પોરબંદર | ૧૧ |

(૨) તે પૈકી કેટલા કિસ્સામાં ખાતેદાર ખેડૂત ના હોય છતાં નોંધો પાડવામાં આવી છે, અને

(૨) આવી કોઈ નોંધ પાડવામાં આવેલ નથી.

(૩) ખાતેદાર ખેડૂત ના હોય છતાં વસિયતનામાના આધારે નોંધો પાડી હોય તેવા કિસ્સાઓમાં સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**આણંદ અને પંચમહાલ જિલ્લામાં ઔદ્યોગિક હેતુ માટે પ્રમાણપત્ર**

૩૪૨૯૧ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ આણંદ અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર ઔદ્યોગિક હેતુ માટે જમીનનો ઉપયોગ શરૂ કરવા પ્રમાણપત્ર કાઢી આપેલ હોય પરંતુ તેના પાંચ વર્ષની મુદતમાં ઔદ્યોગિક પ્રવૃત્તિ અથવા માલનું ઉત્પાદન અથવા સેવા પૂરી પાડવાનું શરૂ કરેલ ન હોય તેવા કેટલા કિસ્સા છે,

(૧)

| **જિલ્લો** | **કિસ્સા** |
|---|---|
| આણંદ | શૂન્ય |
| પંચમહાલ | શૂન્ય |

(૨) ઉક્ત જિલ્લાવાર, ઉક્ત કિસ્સાવાર આવી જમીનનું કુલ ક્ષેત્રફળ કેટલું છે, અને

(૨)

| **જિલ્લો** | **ક્ષેત્રફળ** |
|---|---|
| આણંદ | એક પણ કેસ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| પંચમહાલ | એક પણ કેસ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |

(૩) ઉક્ત કિસ્સામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, વર્ષવાર, જિલ્લાવાર શા પગલાં લીધા?

(૩)

| **જિલ્લો** | **લીધેલ પગલા** |
|---|---|
| આણંદ | એક પણ કેસ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |
| પંચમહાલ | એક પણ કેસ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |

---------

અધ્યક્ષશ્રીની જાહેરાત

**અધ્યક્ષશ્રીના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ બાબત અંગે**

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે કે, રાજકીય જીવનમાં રોજે રોજ કંઇક નવુ અને કંઇક જૂનું શીખવાનું અને જાણવાનું હોય છે. આજરોજ માનનીય સભ્યશ્રી જીગ્નેશકુમાર મેવાણીએ સભાગૃહમાં તેમના પ્રવચનમાં ગુજરાત વિધાનસભાની બિલ્ડીંગમાં કામ કરતા રોજમદાર, સફાઇ કર્મચારીઓ, લિફ્ટમેન અને પટાવાળા પૈકી રોજમદાર પટાવાળાનો ઉલ્લેખ કરેલો હતો.

આ બાબત ગુજરાત વિધાનસભા સચિવાલયના કાર્યક્ષેત્રની છે આ તમામ ધારાસભ્યશ્રીઓએ જાણવા જેવું છે એટલા માટે આ વિશેષ નોંધ લીધી છે અને તે અંગે મારા પૂર્વ અધ્યક્ષશ્રીઓએ ઘણા નિર્ણય આપેલા છે કે, અધ્યક્ષશ્રીના ક્ષેત્રાધિકારની બાબત અંગે ગૃહમાં કોઇ ઉલ્લેખ કરીને કોઇ પ્રશ્ન પૂછી શકાતો હોતો નથી તથા પ્રસ્થાપિત પ્રણાલિ મુજબ, વિધાનસભા સચિવાલયની કામગીરી અંગે કોઇ મુદ્દો હોય તો તે સંબંધમાં મારી ચેમ્બરમાં મળીને રજૂઆત કરવાની રહે છે. આ પ્રમાણે ઉલ્લેખો કરવા દેવામાં આવે તો જાણ્યે-અજાણ્યે પણ અધ્યક્ષની કામગીરી અંગે સીધા અથવા આડકતરા આક્ષેપો થવાનો ભય રહે છે. આવી જાતના ઉલ્લેખો જો જાણ્યે-અજાણ્યે ચાલુ થઇ ગયા હોય તો આવા ઉલ્લેખો સભાગૃહની કાર્યવાહીની નોંધ ઉપર ચાલુ રાખી શકાય નહીં અને તે સભાગૃહના ગૌરવને અનુરૂપ થશે નહીં. તેથી માનનીય સભ્યશ્રી જીગ્નેશભાઇ મેવાણીએ કરેલા ઉલ્લેખો રેકર્ડ પરથી દૂર કરવાનું ઠરાવું છું અને સભાગૃહના તમામ માનનીય સભ્યશ્રીઓને જણાવું છું કે, ચર્ચા દરમિયાન ઉકત બાબત ધ્યાનમાં રાખશે તેવી અપેક્ષા છે માનનીય વિમલભાઇ આપનો આભાર.

**સભ્યશ્રીઓની ધરપકડ બાદ છૂટકારો**

મારે એક બીજી જાહેરાત કરવાની છે કે, ઇન્ચાર્જ નાયબ પોલીસ કમિશનર ઝોન-૭ અમદાવાદ શહેરે મને તેમના તારીખઃ૧૨-૩-૨૦૨૧ના પત્રથી જાણ કરેલ છે કે સભ્યશ્રી અમિતભાઇ ચાવડા(૧૧૦ આંકલાવ) તથા શ્રી ઋત્વિકભાઇ મકવાણા (૬૩ ચોટીલા), શ્રી રાજેશકુમાર ગોહેલ(૫૯ ધંધુકા), શ્રી પુંજાભાઇ વંશ(૯૩ ઊના), શ્રી ઇમરાન ખેડાવાલા(૫૨ જમાલપુર ખાડિયા), શ્રી પરેશભાઇ ધાનાણી(૯૫ અમરેલી) શ્રી લાખાભાઇ ભરવાડ(૩૯ વિરમગામ)એ તારીખઃ૧૨-૩-૨૦૨૧ના રોજ દાંડીયાત્રાના દિવસ નિમિત્તે પરવાનગી વગર તેમના કાર્યકર્તાઓ સાથે રેલી કાઢતાં પ્રિતમનગર ઢાળ પાસેથી સર્વેની ગુજરાત પોલીસ એક્ટ અન્વયે તારીખઃ૧૨-૩-૨૦૨૧ના રોજ ૧૪-૩૦ કલાકે અટકાયત કરીને સર્વેને તે દિવસે ગુજરાત પોલીસ એક્ટની કલમ-૬૯ અન્વયે ૧૭-૧૫ વાગ્યે મુકત કરવામાં આવ્યા હતા.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું અભિનંદન આપવા માટે ઉભો થયો છું. અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો હું વાંચતો હતો. હું ગૃહમાં નહોતો વાંચતો, ગૃહમાં વંચાય પણ નહીં.

અધ્યક્ષશ્રી : વંચાય, ગૃહમાં વાંચી શકાય. ગૃહની અંદર ગૃહના નિયમોની ચોપડી વાંચી શકાય અને તેનું સાહિત્ય પણ વાંચી શકાય.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ, નવી પહેલ માટે જે લગભગ ૨૪ મુદ્દાઓના જે નિર્ણયો તેની જે નોંધ છે ખરેખર આપને અમારા બધા સભ્યો વતી અમે અભિનંદન આપીએ છીએ. વર્ષ ૧૯૬૦થી ૨૦૨૦ સુધીના અધ્યક્ષોના નિર્ણયો સાહેબ વર્ષ ૨૦૧૨થી આપના કાર્યકાળ દરમિયાન વર્ષ ૨૦૨૦ સુધી હોય તો સમજયા પણ વર્ષ ૧૯૬૦થી ચાર ચોપડીને આપે ભેગી કરીને એક ચોપડી બનાવી છે અને તેના માટે દરેક સભ્યશ્રીને આ અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો તેમાંથી આપણને જે ફળશ્રુતિ થાય છે તેના માટે હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

અધ્યક્ષશ્રી : આભાર. આપ સમય લેવાના છો ?

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : હું તારાંકિત પ્રશ્નોના ડ્રો માટે ઘણી વખત ઉપર ગયો છું. લગભગ ત્રણ-ચાર વખત ગયો છું. તે વખતે તારાંકિત પ્રશ્નોમાં પ્લાસ્ટિકની ટિકડી નીચે સુધી જતી પણ નહોતી. આજે આપે સારામાં સારી મહેનત કરીને મોટું સ્ટીલનું પાત્ર બનાવ્યું છે. એ જેવી તેવી વાત નથી. એના લીધે પ્રશ્નો બહુ સારી રીતે આપણે બહાર કાઢી શકીશું. બીજું કે, આપને અમારા સભ્યોની થોડી નારાજગી પણ છે. તે નારાજગી રજૂ કરવાનો હક્ક પણ છે એટલે કહું છું. ભારતમાં પહેલીવાર અધ્યક્ષશ્રી કોઇ સર્વપક્ષીય ડેલિગેટ લઇ ગયા હોય એવું ગુજરાતમાં બન્યું છે. એમાં અમે બાકી છીએ. અમને હજી સુધી એનો લાભ નથી મળ્યો. આવા અનેક મુદ્દાઓ છે. આપને ફરી ખૂબ-ખૂબ અભિનંદન આપું છું. આજે અમારા પ્રદેશ અધ્યક્ષ અમારા આદરણીય શ્રી સી.આર.પાટીલનો જન્મદિવસ છે અને ગુજરાતમાં સેવાયજ્ઞ તરીકે એમનો જન્મદિવસ ઉજવી રહ્યા છે ત્યારે એમને પણ અમે ખૂબ – ખૂબ શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

**નાણાકીય સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી**

**નાણાકીય સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણીનો કાર્યક્રમ**

**અધ્યક્ષશ્રી:** મારે એક જાહેરાત કરવાની છે. ગુજરાત વિધાનસભાની સન ૨૦૨૧-૨૨ના વર્ષ માટેની અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિ ઉપર ૧૫-૧૫ સભ્યોની ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર કરેલ હતો. પરંતુ માનનીય મુખ્યદંડકશ્રી તથા માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના નામ નિર્દેશન પત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ લંબાવવાની રજૂઆતના સંબંધમાં હવે હું નીચે મુજબનો કાર્યક્રમ ઠરાવું છું.

| | તારીખ અને સમય | સ્થળ |
|---|---|---|
| નામ નિર્દેશન પત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય | તા.૨૨/૩/૨૦૨૧, સોમવાર સાંજના ૫:૦૦ વાગ્યા સુધી | – |
| નિર્દેશન પત્રો ચકાસણીની તારીખ અને સમય | ૨૩/૩/૨૦૨૧, મંગળવાર બપોરના ૩:૦૦ વાગ્યે | નાયબ સચિવ શ્રીમતી રીટાબેન મહેતાની ચેમ્બરમાં |
| નામનિર્દેશન પત્રો પાછા ખેંચી લેવાની તારીખ અને સમય | ૨૬/૩/૨૦૨૧, શુક્રવાર બપોરના ૩:૦૦ વાગ્યા સુધી | – |

મતદાન જો જરૂરી બને તો તારીખ, સમય અને સ્થળ પાછળથી જાહેર કરવામાં આવશે. ધન્યવાદ.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

ગુજ-ટુર ડેવલપમેન્ટ કંપની લિમિટેડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ

**શ્રી જવાહરભાઇ ચાવડા ( પ્રવાસન મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજ-ટુર ડેવલપમેન્ટ કંપની લિમિટેડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ

**શ્રી સૌરભપટેલ(ઊર્જા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ

તા. ૧૬મી માર્ચ ૨૦૨૧

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**શ્રી સૌરભપટેલ( ઊર્જા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા( રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી ) :**માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ

**શ્રી બચુભાઇ મ. ખાબડ( રાજ્યકક્ષાના પશુપાલન મંત્રીશ્રી ) :**માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ

**શ્રી વાસણભાઇ ગો. આહિર( રાજ્યકક્ષાના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ મંત્રીશ્રી ) :**માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજનિગમનીકામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક અહેવાલ

**શ્રી રમણભાઇ ના. પાટકર( રાજ્યકક્ષાના આદિજાતિ વિકાસ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના સન ૨૦૧૯–૨૦ના વાર્ષિક અહેવાલ અને હિસાબ

**શ્રી સૌરભપટેલ( ઊર્જા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના સન ૨૦૧૯–૨૦ના વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ અને હિસાબ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૧૯–૨૦ના વાર્ષિક હિસાબો અને ઓડીટ અહેવાલ

**શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા( પાણી પુરવઠા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૧૯–૨૦ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત અન્ન આયોગનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ

**શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (રાજ્યકક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય અન્ન આયોગનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના સન ૨૦૧૯–૨૦ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના સન ૨૦૧૯–૨૦ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ અન્વયેના અન્ન**,** નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના વિભાગના જાહેરનામા

**શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા(રાજ્યકક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૩ના રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ અન્વયેના અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના વિભાગના તા.૨૯/૧૦/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક–જીટીએચ/૨૦૨૦/ ૧૫/પીડીએસ/ ૧૦૨૦૧૭/૯૩/ ક–૧ તથા જીટીએચ/૨૦૨૦/૧૬/પીડીએસ/૧૦૨૦૨૦/૧૯૮/ક–૧ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન**

સન ૨૦૧૨-૧૩ના વર્ષ માટેના વધારાના ખર્ચની માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન

અધ્યક્ષશ્રી : આજે સન ૨૦૧૨-૨૦૧૩ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન છે. આ માગણીઓ સભાગૃહ સમક્ષ રજૂ થાય તે પહેલાં મારે સભાગૃહના ધ્યાન ઉપર મૂકવાનું કે, વિધાનસભાના નિયમોના નિયમ-૨૩૩(૪)ની જોગવાઈ મુજબ વધારાના ખર્ચની માગણીઓની બાબતમાં અંદાજપત્રમાંની માગણીઓની બાબતમાં જે કાર્યરીતિ અનુસરવામાં આવે છે તે જ કાર્યરીતિ, અધ્યક્ષ તેમાં ફેરફાર કરે, તે સિવાય અનુસરવામાં આવે છે.

વિધાનસભાએ મંજૂર કરેલા નાણાં કરતાં કોઈ વર્ષમાં વધારે ખર્ચ થઈ ગયો હોય તેવા કિસ્સાઓમાં ઊંડી તપાસ કરીને તે ખર્ચને નિયમિત કરવા માટે જાહેર હિસાબ સમિતિ ગૃહને ભલામણ કરે છે. આ ભલામણ પછી ગૃહે મંજૂર કરેલા ખર્ચ કરતાં થયેલ વધારાના ખર્ચને નિયમિત કરવા સારું આ વધારાની માગણીઓ ગૃહ સમક્ષ રજૂ કરવામાં આવે છે.

આમ, આ ખર્ચ તો ક્યારનો થઈ જ ગયો છે. ઉપરાંત વધારાના ખર્ચ સંબંધમાં જાહેર હિસાબ સમિતિએ વિગતવાર તપાસ કરીને તેનો અહેવાલ પણ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો હોવાથી હવે તો બંધારણીય જોગવાઈ પ્રમાણે આ ખર્ચ નિયમિત કરવો જરૂરી છે. તેથી સરકાર સભાગૃહ પાસે આવી છે. આથી જાહેર હિસાબ સમિતિએ થયેલ વધારાના ખર્ચ સંબંધે ઊંડાણપૂર્વક તપાસ કરી હોવાથી પ્રસ્થાપિત પરંપરા અનુસાર વધારાના ખર્ચની માગણીઓ પર સભાગૃહમાં ચર્ચા કરવામાં આવતી નથી. તેથી હું નાણામંત્રીશ્રીને વધારાના ખર્ચની માગણીઓ ગૃહના મત માટે રજૂ કરવા વિનંતી કરું છું.

શ્રી નીતિનભાઇ પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૨-૧૩ના વર્ષ માટેના વધારાના *ખર્ચની માગણીઓ ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવું છું.

શ્રી નીતિનભાઇ પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હવે હું સન ૨૦૧૨-૧૩ના વધારાના ખર્ચની માગણીઓ ક્રમવાર એક પછી એક રજૂ કરું છું. વધારાના ખર્ચની માગણી ક્રમાંક- ૯, ૧૨, ૧૮, ૨૬, ૭૩, ૮૧, ૮૬ અને ૮૮ રજૂ કરું છું.

**વધારાના ખર્ચની માગણીઓ ક્રમાંક- ૯, ૧૨, ૧૮, ૨૬, ૭૩, ૮૧, ૮૬ અને ૮૮ રજૂ કરવામાં આવી.**

**વધારાના ખર્ચની માગણી ક્રમાંક- ૯, ૧૨, ૧૮, ૨૬, ૭૩, ૮૧, ૮૬ અને ૮૮ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.**

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

શ્રી નીતિનભાઈ ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સને ૨૦૨૧-૨૨ના વર્ષના અંદાજપત્રમાં સમાવિષ્ટ અનુદાનો માટેની *માંગણીઓ માટેની વિચારણા કરવા અંગે માનનીય રાજયપાલશ્રીની ભલામણ વાંચી સંભળાવીશ. ભારતના બંધારણની કલમ ૨૦૩, પેટા કલમ-૩ સાથે વાંચતા તેની કલમ-૨૦૨ મુજબ પોતાને અપાયેલી સત્તાની રૂએ ગુજરાતના રાજયપાલશ્રીએ આ સાથે સામેલ અનુસૂચિમાં દર્શાવેલ સને ૨૦૨૧-૨૨ના વર્ષના અંદાજપત્રમાં સમાવેશ ગ્રાન્ટ અંગેની માંગણીઓની વિચારણા કરવા ગુજરાત વિધાનસભાને ભલામણ કરેલ છે.

વન અને પર્યાવરણ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ

**વન અને પર્યાવરણ વિભાગ**

**માગણી ક્રમાંક-૨૬**

શ્રી ગણપતસિંહ વે. વસાવા( વન અને પર્યાવરણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું વન સેવાને લગતી વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૭,૭૬,૮૦,૩૬,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૫,૫૮,૬૦,૬૯,૦૦૦/-નીમાગણી ક્રમાંક- ૨૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૨૬ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરું છું.

---

* સન ૨૦૧૨-૧૩ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલા નાણામંત્રીશ્રીએ વધારાના અનુદાન માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

* પહેલા દિવસની માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલા નાણા મંત્રીશ્રીએ સન ૨૦૨૧-૨૨ના વર્ષ માટેની અનુદાન માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૪ રજૂ કરવામાં આવી.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૭ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૮રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૮ રજૂ કરવામાં આવી.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૯રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૯ રજૂ કરવામાં આવી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૦રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૩ રજૂ કરવામાં આવી.

ડો. સી. જે. ચાવડા :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી જશુભાઇ શી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૬ રજૂ કરવામાં આવી.

**આદિજાતિ વિકાસ વિભાગ**

**માગણી ક્રમાંક–૯૩**

શ્રી ગણપતસિંહ વે. વસાવા(આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ સેવાને લગતી આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેનીરૂ.૫,૯૭,૫૧,૧૨,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૬૭,૨૦,૦૨,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૯૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૯૩ રજૂ કરવામાં આવી.**

શ્રી આનંદભાઇમો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૯ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી કાળાભાઇ ર. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૮ રજૂ કરવામાં આવી.

ફાલ્ગુન ૨૫, ૧૯૪૨ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી નથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી કનુભાઇ બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી અજીતસિંહ ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી શીવાભાઇ ભુરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૭ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંગભાઇ પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૮ રજૂ કરવામાં આવી

**મહિલા અને બાળ વિકાસ વિભાગ**

**માગણી ક્રમાંક–૧૦૫**

શ્રી ગણપતસિંહ વે. વસાવા ( મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું મહિલા અને બાળ વિકાસની સેવાને લગતી મહિલા અને બાળ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૪,૮૨,૯૦,૦૦૦ની માગણી ક્રમાંક–૧૦૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૧૦૫ રજૂ કરવામાં આવી.**

શ્રી ઋત્વિકભાઇ મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૦ રજૂ કરવામાં આવી

શ્રીમતી ગેનીબેન ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૧ રજૂ કરવામાં આવી

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૨ રજૂ કરવામાં આવી

શ્રી અંબરીષભાઇભાઇ ડેર: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૩ રજૂ કરવામાં આવી

શ્રી હર્ષદકુમાર રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૫ રજૂ કરવામાં આવી

શ્રી રાજેશકુમાર ગોહીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૭ રજૂ કરવામાં આવી

શ્રી ગુલાબસિંહ રાજપૂત:માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૮ રજૂ કરવામાં આવી

શ્રી હિંમતસિંહ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૯ રજૂ કરવામાં આવી

**કાપ દરખાસ્તોની એકત્રિત યાદી**

| અ. નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **વન અને પર્યાવરણ વિભાગ**<br>**માગણી નં. ૨૬** | | |
| *૧ | ૨૪૦૬–વન.... જીવન<br>૦૧– વન નિર્માણ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૨,૮૧,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૮, | ૧૦૦ | રાજ્યમાં વધતી જતી દિપડાની વસ્તીને નિયંત્રણમાં રાખવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તિભાઇ પરમાર |

| | | | | |
|---|---|---|---|---|
| | પાના નં. ૧૨ અને ૧૩ | | | |
| ૨ | _ _ " _ _ | ૧૦૦ | ગીર પશ્ચિમ વિસ્તાર હેઠળ આવેલ વન્ય વિસ્તારમાં ખેડૂતોને જંગલી પ્રાણીઓના રક્ષણ માટે આપવામાં આવતા માંચડામાં કરોડો રૂપિયાની ગેરરીતિઓ કરનાર જવાબદારો સામે સખ્તાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનમભાઈ પરમાર |
| ૩ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યમાં સિંહોના સંરક્ષણમાં વૈજ્ઞાનિક ધારાધોરણો વિના પહેરાવવામાં આવતાં રેડિયો કોલરને કારણે થતા સિંહોના અપમૃત્યુને નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુંજાભાઈ વંશ |
| ૪ | _ _ " _ _ | ૧૦૦ | ગીરના સંરક્ષણ માટે દાયકાઓ જૂની આયોજન નીતિ છોડી નવી વાઈલ્ડ લાઈફ મેનેજમેન્ટ પોલિસી બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ વાજા |
| *૫ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યમાં વધતી જતી સિંહોની વસ્તી માટે વન વિભાગ અને રાજ્ય સરકાર દ્વારા નવા આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભગાભાઈ બારડ |
| *૬ | _ _ " _ _ | ૧૦૦ | ગીર આસપાસના ગામ, ખેતર કે શહેરોમાં સિંહો આવી જવા કે સિંહોના મૃતદેહો મળવા જેવી ઘટનાઓ અંગે આમજનતાને શિક્ષણ અને સમજૂતી આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ચિરાગભાઈ કાલરીયા |
| ૭ | _ _ " _ _ | ૧૦૦ | સિંહોની વસ્તી ગણતરી પુન:અવલોકન પધ્ધતિના બદલે વૈજ્ઞાનિક ઢબે કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભીખાભાઈ જોષી |
| ૮ | _ _ " _ _ | ૧૦૦ | વન્ય જીવોની વસ્તી વધતા તેમના રહેઠાણોમાં વધારો અને પર્યાપ્ત ખોરાકની વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૯ | ૨૪૦૬–વન.... જીવન<br>૦૧– વન નિર્માણ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>રૂ.૨,૮,૧,૦૦,૦,૦,૦૦૦<br>અં.પ્ર.નં.૮<br>પાના નં. ૧૨ અને ૧૩ | ૧૦૦ | વન વિભાગની હાઈ કમિટિના રિપોર્ટ અનુસાર વન્ય કચેરીઓમાં પશુ ચિકિત્સકની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કીરીટકુમાર પટેલ |
| ૧૦ | _ _ " _ _ | ૧૦૦ | ગીરના સિંહોના મૃત્યુ કેનાઈન ડીસ્ટેમ્પર વાઈરસના કારણે થાય છે કે કેમ તેની હકીકતલક્ષી માહિતી આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિરજીભાઈ ઠુમ્મર |
| ૧૧ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યમાં દિપડાઓનો વધતો જતો ત્રાસ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિમલભાઈ ચુડાસમા |
| ૧૨ | _ _ " _ _ | ૧૦૦ | પશુ ચિકિત્સકના અભાવે સિંહોને રસી આપવાનુ કામ ફોરેસ્ટ ગાર્ડ કે ટ્રેકર દ્વારા કરાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લલીત વસોયા (શ્રી ઈમરાન ખેડાવાલા) |
| ૧૩ | _ _ " _ _ | ૧૦૦ | વન્ય જીવોના સંરક્ષણ માટે નવી માર્ગદર્શિકાઓ બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નૌશાદ સોલંકી (શ્રી લલીતભાઈ કગથરા) |
| ૧૪ | _ _ " _ _ | ૧૦૦ | એશિયાઈ સિંહો ઉપર નજર રાખવા માટે લગાડેલ માઈક્રો ચીપ્સના કારણે મોટા ભાગના સિંહો પોતાનુ અસ્તિત્વ ગુમાવી બેઠા છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | ડો. સી.જે.ચાવડા (શ્રી મોહનલાલ વાળા) |
| ૧૫ | _ _ " _ _ | ૧૦૦ | ગેરકાયદેસર લાયન્સ શો યોજતા ઈસમો સામે ભારે સજાકેદંડની જોગવાઈકરતા નિયમો બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જશુભાઈ પટેલ (શ્રી લાખાભાઈ ભરવાડ) |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬ | _ _ " _ _ | ૧૦૦ | વન વિભાગમાં ખાણ માફીયા, લાકડાની ચોરી તેમજ વન્ય જીવોની હત્યા કરનારાઓની સંખ્યા વધતી જતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ (શ્રી નિરંજન પટેલ, શ્રી રઘુભાઈ દેસાઈ) |
| **આદિજાતિ વિકાસ વિભાગ**<br>**માગણી નં. ૯૩** | | | | |
| ૧૭ | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૧– પ્રારંભિક શિક્ષણ<br>૮૦૦– અન્ય ખર્ચ<br>૦૧–EDN- ૪૭...<br>જોગવાઈરૂ.૨,૩૩,૮૩,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (ભાગ–૩)<br>પાના નં. ૬ | ૧૦૦ | આદિવાસી વિસ્તારોમાંથી બીજા શહેરોમાં રોજી રોટી માટે જતા આદિજાતિ પરિવારના બાળકોને જરૂરી પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા ઉભી કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી આનંદભાઈ ચૌધરી |
| ૧૮ | _ _ " _ _ | ૧૦૦ | આદિવાસી વિસ્તારોમાં વધુ નવી પ્રાથમિક શાળાઓ ખોલવા અને હયાત શાળાઓમાં શિક્ષકોની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઈ ગામીત |
| ૧૯ | ૨૨૨૫–અનુ...કલ્યાણ<br>૦૨––અનુ...કલ્યાણ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧–વીકેવાય–૫૩...<br>બનાવવું<br>રૂ ૩,૧૦,૧૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૩)<br>પાના નં. ૧૨ | ૧૦૦ | છોટાઉદેપુર જિલ્લામાં વન અધિનિયમ–૨૦૦૬ હેઠળ જમીન મેળવનાર આદિવાસીઓને મળવાપાત્ર લાભો આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સુખરામભાઈ રાઠવા |
| ૨૦ | _ _ " _ _ | ૧૦૦ | જંગલોમાં વસતા આદિવાસીઓને વન વિભાગ દ્વારા કરાતી કનડગતો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | ડો. અનિલ જોષિયારા |
| ૨૧ | ૨૨૨૫–અનુ...કલ્યાણ<br>૦૨––અનુ...કલ્યાણ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧–વીકેવાય–૫૩...<br>બનાવવું<br>રૂ ૩,૧૦,૧૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૩)<br>પાના નં. ૧૨ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારની સીમા ઉપરના ગામોને પીવાના પાણીની સગવડતા પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| ૨૨ | _ _ " _ _ | ૧૦૦ | આદિજાતિ વિભાગના કથળેલા વહીવટને સંગીન બનાવી આદિવાસીઓનો ઝડપી વિકાસ થાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રેમસિંહભાઈ વસાવા |
| ૨૩ | _ _ " _ _ | ૧૦૦ | આદિજાતિને ફાળવવામાં આવતી ગ્રાન્ટ પૂરતી ન વાપરનાર જવાબદારો સામે પગલા ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિનભાઈ કોટવાલ |
| ૨૪ | _ _ " _ _ | ૧૦૦ | આદિજાતિ વિભાગને ફાળવેલ ગ્રાન્ટ અંતર્ગત છેલ્લા બે વર્ષમાં વિકાસના કામોની રકમની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઈ ખરાડી |
| *૨૫ | _ _ " _ _ | ૧૦૦ | ગીચ આદિજાતિ વસ્તી ધરાવતાં વિસ્તારમાં નવી આશ્રમ શાળાઓ ખોલવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રવિણભાઈ મુસડીયા |
| *૨૬ | ૨૨૩૦–શ્રમ...વિકાસ<br>૦૧–શ્રમ<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૦૧–EMP-૪૧...જોગવાઈ<br>રૂ. ૨૧,૨૧,૦૦૦<br>અંપ્ર.નં ૨૪ (ભાગ–૩)<br>પાના નં.૩૩ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાંથી રોજી રોટી માટે સ્થળાંતર કરતા આદિજાતિ શ્રમિકો માટે રહેવાની સગવડતાઓ ઉભી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭ | _ _ " _ _ _ | ૧૦૦ | આદિવાસીઓને સ્થાનિક કક્ષાએ રોજગારી આપવા માટે કરેલ કાર્યવાહીની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૨૮ | _ _ " _ _ | ૧૦૦ | લોકડાઉન દરમ્યાન આદિજાતિના શ્રમિકોની રોજી-રોટી બંધ થતા તેના વળતર સ્વરૂપે યોગ્ય પેકેજ આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાળાભાઈ ડાભી |
| ૨૯ | _ _ " _ _ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાંથી બીજા જિલ્લાઓમાં જતા શ્રમિકોની નોંધણી કરી મળવાપાત્ર લાભો આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર |
| ૩૦ | _ _ " _ _ | ૧૦૦ | આદિવાસી વિદ્યાર્થીઓને મળવાપાત્ર તમામ સુવિધાઓ પ્રાપ્ત કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નથાભાઈ પટેલ |
| ૩૧ | _ _ " _ _ | ૧૦૦ | આદિજાતિ વિભાગને ફાળવેલ રકમમાંથી કરેલ ખર્ચ તેમજ અન્ય વિભાગોને ફાળવેલ રકમની વિગતો પ્રસિધ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કનુભાઈ બારૈયા |
| *૩૨ | _ _ " _ _ | ૧૦૦ | આદિજાતિ વિભાગ અને તેના હસ્તકની કચેરીઓમાં ખાલી પડેલી જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિક્રમભાઈ માડમ |
| ૩૩ | _ _ " _ _ | ૧૦૦ | આદિજાતિ વિભાગની નબળી કામગીરીને કારણે ફાળવેલ રકમનો ખર્ચ વિકાસના કામોમાં કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશપાલસિંહ પઢિયાર (મહેશકુમાર પટેલ) |
| **માંગણી નં. ૯૬** | | | | |
| ૩૪ | ૨૨૦૨- સામાન્ય શિક્ષણ<br>૦૨- માધ્યમિક શિક્ષણ<br>૭૯૬- આદિજાતિ...<br>યોજના<br>૦૫-END- ૧૯<br>સરકારી...વિકાસરૂ.૪૬,૨૫,<br>૧૫,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (ભાગ-૪)<br>પાના નં. ૨૫ થી ૨૭ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં આવેલ સરકારી માધ્યમિક શાળાઓમાં વિષયવાર શિક્ષકોની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અજીતસિંહ ચૌહાણ |
| *૩૫ | _ _ " _ _ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં વધુ પ્રમાણમાં સરકારી માધ્યમિક શાળાઓ ખોલવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સુનિલભાઈ ગામીત |
| *૩૬ | ૨૨૦૨- સામાન્ય શિક્ષણ<br>૦૩- યુનિ...શિક્ષણ<br>૭૯૬- આદિજાતિ...<br>યોજના<br>૦૪-END- ૨૮...<br>વિકાસરૂ.૭૩,૦૯,૧૪,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (ભાગ-૪)<br>પાના નં. ૩૧ અને ૩૨ | ૧૦૦ | આદિજાતિવિસ્તારોમાં આવેલ સરકારી વિજ્ઞાન કોલેજોની સંખ્યા વધારી પૂરતાં સ્ટાફની ભરતી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિત ચાવડા |
| ૩૭ | _ _ " _ _ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં સરકારી કોલેજોનો વ્યાપ વધારવાને બદલે ખાનગી સંસ્થાઓને કોલેજ ખોલવાની મંજૂરીઓ અપાતા ગરીબ બાળકોને અભ્યાસમાં પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શીવાભાઈ ભુરીયા (શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા) |
| ૩૮ | ૨૨૧૦- તબીબી...<br>આરોગ્ય<br>૦૧- શહેરી... એલોપથી<br>૭૯૬- આદિજાતિ...<br>યોજના | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોના સરકારી દવાખાનાઓમાં અદ્યતન મશીનો તેમજ તમામ રોગોના નિષ્ણાંત ડોક્ટરોની નિમણૂકો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગભાઇ પણદા |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૧–HLT-31...બનાવવી<br>રૂ.૧,૩૫,૭૦,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (ભાગ–૪)<br>પાના નં. ૫૨ અને ૫૩ | | | |
| **મહિલા અને બાળ વિકાસ વિભાગ**<br>**માગણી નં. ૧૦૫** | | | | |
| *૩૯ | ૨૨૫૧–<br>સચિવાલય...સેવાઓ<br>૦૯૦– સચિવાલય<br>૦૧– મહિલા... વિભાગ<br>રૂ.૪,૬૭,૯૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૭<br>પાના નં. ૩૪ | ૧૦૦ | કોરોના મહામારીમાં આંગણવાડીઓ બંધ રહેતાં, બાળકોને યોગ્ય પોષણયુક્ત આહાર પૂરો પાડવા માટે આગોતરુ આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચંદનજી ઠાકોર |
| ૪૦ | _ _ " _ _ | ૧૦૦ | નારી સંરક્ષણ કેન્દ્રોમાં પડતી મુશ્કેલીઓ અંગે જવાબદાર અધિકારીઓને લેખિતમાં જાણ કરવા છતા સમયસર યોગ્ય પગલા લેવડાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઋત્વિકભાઈ મકવાણા |
| ૪૧ | _ _ " _ _ | ૧૦૦ | કુપોષિત બાળકોનું કુપોષણ અટકાવવા માટે કરેલ ખર્ચથીકેટલા બાળકો કુપોષણમાંથી બહાર આવ્યા તેની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| ૪૨ | _ _ " _ _ | ૧૦૦ | કુપોષિત બાળકોની વધતી જતી સંખ્યા ઘટાડવામાંતંત્રની નિષ્ફળતા. | શ્રી કાંતિભાઈ સોઢાપરમાર |
| ૪૩ | ૨૨૫૧–<br>સચિવાલય...સેવાઓ<br>૦૯૦– સચિવાલય<br>૦૧– મહિલા... વિભાગ<br>રૂ.૪,૬૭,૯૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૭<br>પાના નં. ૩૪ | ૧૦૦ | રાજ્યમાં નારી સંરક્ષણ કેન્દ્રોમાં નારીની સુરક્ષા જાળવવામાં બેદરકારી દાખવતાં જવાબદારો સામે પગલાં ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અંબરીષભાઈભાઈ ડેર |
| *૪૪ | _ _ " _ _ | ૧૦૦ | મહિલાઓને લગતા આત્મહત્યા અને બળાત્કાર જેવા કેસોની તપાસ અને થયેલ કાર્યવાહીની વિગતો જાહેર કરવામાંતંત્રનીનિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર |
| ૪૫ | _ _ " _ _ | ૧૦૦ | મહિલા આયોગમાં મહિલાઓ ઉપરના બળાત્કારના કેટલા કેસોમાં આયોગે જાત તપાસ કરી અને તે પાછળ થયેલ ટી.એ. બીલના વાર્ષિક ખર્ચની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| *૪૬ | _ _ " _ _ | ૧૦૦ | બળાત્કારના કેસોમાં મહિલા આયોગની સદંતર નિષ્ફળ કામગીરી માટે જવાબદારો સામે જરૂરી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભરતજી ઠાકોર |
| ૪૭ | _ _ " _ _ | ૧૦૦ | કુપોષિત બાળકોને જરૂરિયાત મુજબનો પૌષ્ટિક ખોરાક પૂરો પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેશકુમાર ગોહીલ |
| ૪૮ | _ _ " _ _ | ૧૦૦ | બાળ વિકાસ સંકલન કચેરીઓ દ્વારા આંગણવાડી કેન્દ્રોના વર્કર અને તેડાગરની ભરતી પ્રક્રિયામાં થયેલ કૌભાંડ અંગેની વ્યાપક ફરિયાદો છતાં પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ રાજપૂત |
| ૪૯ | _ _ " _ _ | ૧૦૦ | આંગણવાડી કેન્દ્રોમાં મેઈન્ટેનન્સના અભાવે અગ્નિશામક સાધનોનો જરૂરિયાતના સમયે યોગ્ય ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હિંમતસિંહ પટેલ |

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

## તા. ૧૬મી માર્ચ ૨૦૨૧

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

ડૉ. અનિલ જોષિયારા(ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વન અને આદિજાતિ વિકાસ વિભાગના મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા સમયથી મારી માગણી રહી છે કે, આદિવાસી વિકાસ વિભાગનું બજેટ જે આદિવાસીની વસતિ છે એ વસતિના પ્રમાણે અને જે કેન્દ્રીય આયોજન પંચની ભલામણ છે તે અનુસાર ૧૭.૫૭ ટકા હોવું જોઇએ. પરંતુ રાજય સરકારે અત્યારે જે બજેટ ફાળવ્યું છે રૂપિયા ૧૪૪૫૭ કરોડ ૮૨ લાખ અને ૭૨ હજાર. એ ૬.૩૬ ટકા જ થાય છે. ગયા વર્ષે જે બજેટ ફાળવ્યું હતું તે ૭.૧ ટકા ફાળવ્યું હતું. એટલે બજેટમાં પણ ઘટાડો કર્યો છે અને આ એટલા માટે મારી માગણી છે કે આદિવાસી વિસ્તારની શું જરૂરિયાત છે અને વસતિની શું જરૂરિયાત છે તે પ્રમાણે કોઇ આયોજન થતું નથી અને એના લીધે આ આદિવાસી વિસ્તારનો વિકાસ થઇ શકતો નથી. એનું મેઇન જો કારણ હોય તો આ જે બજેટ છે એ જુદા જુદા વિભાગોમાં ડાયરેકટ ફાળવી દેવામાં આવે છે. હવે પરિસ્થિતિ એ થઇ છે કે આદિજાતિ વિકાસ વિભાગના અધિકારીની નીચેના અધિકારી જે હોય છે એને ખબર જ નથી કે આ અમારું બજેટ છે. અમે કાપ દરખાસ્ત મોકલીએ તો કહે કે આ અમારું બજેટ નથી. એટલે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે, માનનીય નીતિનભાઇ બેઠા છે ત્યારે અમારા વિભાગનું બજેટ છે એ અમારા હસ્તક જ મૂકો. કારણ કે અત્યારે અમારી પાસે ન્યુ ગુજરાત પેટર્ન સિવાય કંઇ જ નથી એ સિવાય કર્મચારીઓનો પગાર અને સ્કોલરશીપ સિવાય કશું જ નથી. આદિવાસી વિભાગનું જો આયોજન કરશો એની નીચેના તંત્રનું આયોજન કરશો તો અમારું બજેટ યોગ્ય રીતે વપરાશે. અત્યારે જે બજેટ વપરાય છે એ નોન ટ્રાયબલમાં વધારે વપરાય છે એમને જે બજેટ મળે છે એ વસતિના ધોરણે મળે છે. આ રીતે બજેટ વપરાય જશે તો કયારેય અમારો વિકાસ થઇ શકશે નહિ. તત્કાલિન મુખ્યમંત્રીશ્રીએ દસ મુદ્દાની વાત કરી હતી એ ખૂબ જ સરસ વાત હતી. દરેકને રસ્તા, પીવાનું પાણી, શિક્ષણની આધુનિક સુવિધાની વાત કરી હતી પણ છેલ્લા ૧૩ વર્ષથી ૯૩ હજાર કરોડ રૂપિયા વપરાય ગયા પરંતુ આજે અમે ઠેરના ઠેર છીએ, અમે વિકાસથી વંચિત છીએ.બજેટ વપરાય છે અને જે આયોજન કરવામાં આવે છે એમાં પણ ૧૫૦૦ કરોડ રૂપિયા વણવપરાયેલા રહે છે. સન ૨૦૧૭-૧૮માં ૧૨૧૭૮ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી એમાંથી ૧૫૧૩ કરોડ રૂપિયા વણવપરાયેલા રહ્યા હતા. એ જ રીતે સન ૨૦૧૮-૧૯ના વર્ષ માટે રૂપિયા ૧૨૭૮૯ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી એમાંથી રૂપિયા ૧૫૦૨ કરોડ વણવપરાયેલા રહ્યા હતા. સન ૨૦૧૯-૨૦માં ૧૯૪૧ કરોડ રૂપિયા વણવપરાયેલા રહ્યા હતા. એ જ રીતે સન ૨૦૨૦-૨૧માં સુધારેલો અંદાજ મૂકયો એમાં રૂપિયા ૧૪૨૧ કરોડ ઓછા મૂકયા એ કદાચ કોરાનાના કારણે આપણે સમજી શકીએ. પરંતુ વિભાગનું બજેટ છે એ કમસેકમ આયોજન વગર બજેટ વપરાતું નથી એટલે ફરી મારી હાથ જોડીને વિનંતી છે કે અમારા વિભાગ હસ્તક મૂકો જેથી ચોક્કસ આયોજન થાય. અમારા વિભાગમાં અધિકારીઓ છે પ્રાયોઝના વહીવટદારએ બધાની ટીમ છે જે કોઇ મંત્રીઓ આવ્યા પહેલા શ્રી મોહનસિંહભાઇ હતા, માનનીય મંગુભાઇ પણ હતા અને વચ્ચે હું પણ હતો મેં પણ આ વિભાગનો હવાલો સંભાળ્યો છે. એ એમના વિભાગ હસ્તક રહ્યું હતું અત્યારે એ જુદા જુદા વિભાગોસંભાળે છે એટલે એ વિભાગોને ખ્યાલ નથી એટલે એ વપરાતું નથી.

આ વરસે વસતિ ગણતરી થવાની છે ત્યારે આદિવાસીઓની વસતિ ગણતરી અલગથી થાય અને એના માટે અલગ ધર્મકોડની માગણી કરું છું એના માટે રાજય સરકારે જે કરવું પડે તે કેન્દ્ર સરકારને રજૂઆત કરવાની થાય તો તે કરે તેવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા સમયથી ખોટા આદિવાસી સર્ટિફિકેટ લઇને શિક્ષણમાં અને રોજગારી કે નોકરીઓ મેળવી લે છે. તમે આના માટે સન ૨૦૧૮માં કાયદો બનાવ્યો પરંતુ એનો અમલ થયો નથી. હજી પણ નોકરીઓમાં અને શિક્ષણમાં એડમિશન લઇ લે છે એમને કાઢવામાં આવ્યા નથી. મારી વિનંતી છે કે રાજય સરકાર આર.બી.સી.ને આદિવાસીમાં ગણવામાં આવ્યા છે તેઓ બે બાજુ લાભ લે છે. ઓ.બી.સી.નો લાભ મળે છે. વર્ષ ૧૯૭૮માં ઓ.બી.સી.માં ગણવામાં આવ્યા છે ત્યારે કેન્દ્ર સરકારમાં અને રાષ્ટ્રપતિને ભલામણ કરી વહેલામાં વહેલી તકે ભલામણ કરો તેવી મારી વિનંતી છે. એમને આદિવાસીમાંથી દૂર કરવા મારી માગણી છે.

આખું વિશ્વ ૯મી ઓગસ્ટ આદિવાસી દિવસ તરીકે ઉજવે છે. ઘણા નાના નાના સમાજો છે એમના માટે એક દિવસની રજા હોય છે. જયારે અમારો દિવસ ઉજવીએ ત્યારે રજા હોતી નથી. એટલે માનનીય મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી છે કે ૯મી ઓગસ્ટે જાહેર રજા રાખવામાં આવે. કારણ કે અમારી ૧૫ ટકા વસતિ છે એને ધ્યાને રાખીને રજા જાહેર કરે તેવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર આદિવાસી વિસ્તાર શેડયુલ વિસ્તાર છે એને બંધારણીય વિશિષ્ટ જોગવાઇ અને વિશિષ્ટ અધિકારો આપેલા છે. બંધારણની કલમ ૧૩(૩)(ક) રૂઢીગત ગ્રામસભાને એના અધિકારો આપ્યા છે. અમારા જુદા જુદા વિસ્તારોના વિકાસના નામે પછી એ કેવડિયા હોય કે અંબાજી હોયકે જુદા જુદા વિસ્તારો એવા છે જયાં વિકાસના નામે અમારી જમીનો લઇ લેવામાં આવે છે. તેમાં નવા હક્કો દાખલ કરવામાં આવે છે અને આ રીતે અમારી જમીનો જતી રહે છે. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આ ન કરો. કારણ કે અમારા માણસો ક્યાં જશે? આ એક ચિંતાનો વિષય છે. એટલે આ પ્રમાણે પ્રવૃત્તિ ન થાય એવી અમારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક માગણી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી હમણાં થઇ. સરકારે બંધારણની વિરુદ્ધમાં જઇને રોટેશન પ્રથા દાખલ કરી અને આદિવાસી વિસ્તારમાં ઓપન સીટ રાખી અને ઓપન વિસ્તારમાં આદિવાસી સીટ ફાળવી. બન્ને સમાજોને નુકસાન થયું. તેના લીધે પરિસ્થિતિ એ થઇ કે આજે બિન આદિવાસી જેમણે એવા સર્ટિફિકેટો લઇ અને ચૂંટણીમાં ભાગ લીધો છે. ઘણા ચૂંટાયા છે. ઘણા હારી ગયા છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ જે માણસો છે તેના સર્ટિફિકેટ એક મહિનાની અંદર તમે તપાસો અને જે ખોટા સર્ટિફિકેટ હોય એમને દૂર કરો.

માનનીય અધ્યક્ષશ્રી, રસ્તાઓ માટે માનનીય નીતિનભાઇ હમણાં કહેતા હતા. અમારે હાથમતી નદીમાં પુલ એટલે પહેલાં ડીપ હતા. પાંચ વર્ષથી તૂટી ગયા. આવા પુલ હાથમતીમાં કંથાડીયા પાસે અને બોલુન્દ્રા પાસે બન્ને જગ્યાએ તૂટી ગયા છે. વિનંતી એ છે કે તમે અમારા વિસ્તારમાં થોડું ઘ્યાન આપો અને અમને થોડી ગ્રાન્ટ ફાળવી આપો. સિંચાઇ માટે અમારા વિસ્તારમાં ખૂબ જ મોટી મુશ્કેલી છે. સરકાર નોન શેડ્યુલ વિસ્તારમાં યોજના બનાવે છે. તેના લીધે અમારા વિસ્તારમાં કોઇ યોજના બની નથી. તેના લીધે અમારો જે દુષ્કાળગ્રસ્ત વિસ્તાર છે એ સિંચાઇની સુવિધા વગરનો છે. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે એ વિસ્તારને સિંચાઇની સુવિધા મળે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા ટ્રાઇબલમાંથી શિક્ષણમાં દર વર્ષે ૧૧૦૦ કરોડ રૂપિયા વપરાય છે. પણ અમે ઘણાં સમયથી માગણી કરીએ છીએ કે કમસેકમ એક કોલેજ આપો. અત્યારે એક પ્રાઇવેટ કોલેજ છે તેમાં ગુજરાતી અને ઇતિહાસ જ ભણાવાય છે અને એ પ્રાઇવેટવાળાને કોઇ રસ નથી. એટલે મારી વિનંતી છે કે એક સરકારી આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજ આપો તો આ વિસ્તારને થોડો ફાયદો થશે. બીજી મારી વિનંતી છે કે વન અધિકાર નિયમ છે તેમાં ૧,૮૦,૦૦૦ જેટલી અરજીઓ આવી હતી. તેમાંથી ૯૧,૮૮૪ દાવા આપે મંજૂર કર્યા પણ જમીન જે ફાળવી એ બહુ જ ઓછી ૧૫ ગૂંઠા–૨૦ ગૂંઠા જ ફાળવી. સરકારના અધિકારીઓ નક્કી કરીને આવતા હતા કે તમારી પાંચ ગૂંઠા છે, દસ ગૂંઠા છે. જે ખેડૂતો છે તેના કબજા પ્રમાણે માપવાની જરૂર હતી. એ કામગીરી નથી કરી. એટલે મારી વિનંતી છે કે આપ એ પ્રમાણે કરો. જે સામૂહિક દાવાઓ છે એ બહુ ઓછા છે પણ જે જમીન ફાળવી છે એ ખૂબ મોટી ૧૧,૬૫,૫૬૮ એકર એટલે એક જો ગણીએ તો અઢીસો એકર થાય. આવી કોઇ જોગવાઇ નથી. આવી રીતે જમીન ન આપી શકાય. ફોરેસ્ટની જમીન કેવી રીતે આપી શકો? એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આમાં તપાસ કરો. કાયદામાં તો ૧૦ એકરથી વધુ જમીન આપી શકાતી નથી.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી નરેશભાઇ મ. પટેલ(ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા આદિજાતિ વિભાગ સંભાળતા મંત્રીશ્રી આદરણીય ગણપતભાઇ વસાવા અમારા આદિવાસી વિભાગની ઉમરગામથી અંબાજી સુધીનો પટ્ટો છે તેની ચિંતા કરીને જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને લાગે છે કે આ બજેટ પછી પહેલી અમારી આદિવાસીઓની માગણીઓ શરૂ થઇ છે. એટલા માટે હું ગણપતભાઇ વસાવા સાહેબને તેમજ આદરણીય વિજયભાઇ રૂપાણી સાહેબને અને આદરણીય નીતિનભાઇ સાહેબને અભિનંદન આપું છું. અમારો આદિવાસી પટ્ટો છે. ૧૪ જિલ્લા, ૫૩ તાલુકા અને ૫,૮૮૪ જેટલા ગામો થાય છે અને તેમાં આવતી વસતિ અત્યારની ગણતરી કરીએ તો લગભગ કરોડથી પણ વધારે વસતિ થવા જશે એમ કહું તો ખોટું નથી. આજે મને કહેતા આનંદ થાય છે કે ૧૩ વર્ષની અંદર, વર્ષ ૨૦૦૭માં હું પણ ધારાસભ્ય હતો. વર્ષ ૨૦૦૭માં જ્યારે આ સમગ્ર આદિવાસી વિસ્તાર માટે જે સર્વાંગી વિકાસ થાય, તેનું કલ્યાણ થાય તેને ઘ્યાનમાં રાખીને આપણાં તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને આજે મારે અભિનંદન આપવા છે. ભૂતકાળની સરકારની સમગ્ર રીતે સરખામણી કરીને એમણે એક વિચાર કર્યો કે જો આદિવાસી વિસ્તારનો વિકાસ કરવો હોય તો એમના માટે સારું બજેટ ફાળવવું પડે અને એ બજેટની જોગવાઇ કરીને મને કહેતા આનંદ થાય છે કે ૧૩ વર્ષ સુધીમાં ૯૬ હજાર કરોડ રૂપિયા અમારા આદિવાસી પટ્ટામાં વપરાયા. પરંતુ આજે અમારી નિર્ણાયક સરકાર, ગતીશીલ સરકાર અને પ્રમાણિકતા સાથે ચાલતી સરકાર માનનીય વિજયભાઇ અને શ્રી નીતિનભાઇને આજે મારે અભિનંદન આપવા છે કે આ વખતે જે આ આદિવાસી પટ્ટો છે એમાં પાર્ટ–રમાં જે રીતે સર્વાંગી વિકાસ થયો એના ફળ જોયા છે, આ બધું ઘ્યાનમાં રાખીને જયારે ૫ વર્ષ માટે અમે એક લાખ કરોડ રૂપિયા ફાળવ્યા. મને કહેતા આનંદ થાય કે આવી કોરોના મહામારી જેવી પરિસ્થિતિ છે એમાં અમે અમારા ટ્રાયબલ બજેટ માટેચિંતા કરતા હતા કે આ વખતનું બજેટ કેવું હશે, પરંતુ પાંચ વર્ષ માટે જયારે એક લાખ કરોડ રૂપિયા વપરાવાના છે ત્યારે હું ચોકકસ રીતે અમારા આદિજાતી વિભાગ સંભાળતા માનનીય ગણપતભાઇ, માનનીય વિજયભાઇ અને માનનીય નીતિનભાઇને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે અમારા સિનિયર સભ્ય મારા મિત્ર ડો. જોષીયારાભાઇ વાત કહેતા હતા પણ હું જયારે પણ ડો. જોષીયારાભાઇની વાત સાંભળું એટલે એકની એક વાત હોય, એમની કોઇપણ વાતમાં બીજો બદલાવ આવ્યો નથી. ખાલી એટલી વાત કરું કે જો આદિવાસી વિસ્તારમાં પરિણામ જ ના આવ્યા હોય, જો આદિવાસી વિસ્તારમાં કોઇ કામ કર્યું ન હોય, જો આદિવાસી વિસ્તારમાં સારો વિકાસ જ ના થયો હોય તો અત્યારે તાજેતરમાં પરિણામ આવ્યાં, ૧૪–૧૪ જિલ્લા પંચાયત ભા.જ.પ.ની, ૫૩માંથી ૫૧ તાલુકા પંચાયત ભા.જ.પ.ની., એમાં આવતી નગરપાલિકાઓ ભા.જ.પ.ની, એમનેમ તો થોડા કોઇ મત આપતા હોય? કોઇ એમનેમ તો મત આપી દેવાના નથી. આજે અમારો આ ડાંગ જેવો વિસ્તાર છે કે જયાં માનનીય વિજયભાઇ ૬૧ હજાર મતથી જીતે એ નાનીસૂની વાત છે? કપરાડા જેવો ઉંડાણનો વિસ્તાર છે કે જે મહારાષ્ટ્રની બોર્ડર ઉપર આવેલો વિસ્તાર છે અને ત્યાં માનનીય જીતુભાઇ ૪૮હજાર મતથી જીતે. ત્યાંના આદિવાસીઓ સમજી ગયા, તેઓ વિચાર

કરે છે, એ વિકાસના ફળ ચાખીને એ મત આપે છે, અમે તો એ લોકોને વર્ષોથી સાંભળતા આવ્યા છીએ. બહાર જુદી વાત કરે અને અંદર જુદી વાત કરે. બહાર જુદી વાત કરે કે વિકાસ કઇ રીતે થઇ શકે? આજે મારે માનનીય જોષીયારાસાહેબને કહેવું છે કે એક સમય હતો આદિવાસી વિસ્તારનો, ભલે ૨૪ કલાક જયોતિગ્રામ યોજના શરૂ કરી, પરંતુ કયાંક ૩ ઘર હોય, કયાંક ૨ ઘર હોય, કયાંક ૫ ઘર હોય, ત્યાં લાઇટ આપવી એ નાનીસૂની વાત ન હતી. પરંતુ એને કયાંક ૧૦ પોલ નાખવા પડે, કયાંક ૧૫ પોલ નાખવા પડે, એને મફત વીજળી આપવાનું કામ અમારી સરકારે કર્યું છે. એમને અંધારામાં નથી રાખ્યા.ડુંગરાળ પહાડી પ્રદેશ, કોતરો, નદીઓથી ઘેરાયેલો વિસ્તાર એમાં મોટો લોડબેરીંગવાળો પુલ બનાવવો, ગ્રામ્ય રસ્તાઓ બનાવવા આ નાની સુની વાત ન હતી પરંતુ મારે માનનીય નીતિનભાઇસાહેબને અભિનંદન આપવા છે કે આજે અમે બધા જ મોટા રસ્તાઓ એ પછી એમ.ડી.આર. હોય કે સ્ટેટના રસ્તા હોય એ મુખ્યમંત્રી સડક યોજના દ્વારા અમે ગરીબ લોકોના ખેડૂતોના, અન્ય લોકોના આશીર્વાદ લીધા છે એટલે ૨૫ વર્ષથી અહીં સત્તામાં બેઠા છીએ. એમનેમ નથી બેઠા.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની વાતો થાય, મને બરાબર ખ્યાલ છે કે હું વર્ષ ૨૦૦૭માં ધારાસભ્ય હતો ત્યારે મારી ચીખલી તાલુકાની વિધાનસભા હતી. આપણને આનંદ થશે કે ત્યારે મારી વિધાનસભામાં સાત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હતા. આજે બે તાલુકા ભલે થયા પણ મારી મૂળ વિધાનસભા ચીખલીની છે, ૧૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે અને તે સમયે એક સામૂહિક આરોગ્ય કેન્દ્ર હતું, આજે ચાર છે. તમે એમાં સ્ટાફ ગણો, ડોકટરો, નીચેનો સ્ટાફ કરો, એક બાજુ રોજગારીની વાતો કરે છે, એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ઓછામાં ઓછો ૩૫ જેટલો સ્ટાફ હોય છે એ રીતે દરેક ક્ષેત્રની અંદર અમારા વિસ્તારમાં જે રીતે કામ થઇ રહ્યું છે એ કયારેય ભૂલી શકાય એમ નથી. જયારે અહીં પેસા એકટની પણ વાત થઇ, રુડી પ્રથાની વાત કરે છે તો એ લોકો આદિવાસીઓ છે તો શું અમે આદિવાસી નથી? શું અમારી સંસ્કૃતિ સચવાય એની અમને ચિંતા નથી? શું તમે જ એક સંસ્કૃતિ સાચવવાની ચિંતા કરો છો? પણ એને ગેરમાર્ગે તમે લઇ જાવ છો. સાહેબ, રૂડી પ્રથા કયારે આવી? આ દેશ આઝાદ થયા પછી આટલા વખતે તમને વિચાર આવ્યો? ચૂંટણી આવે ત્યારે જ તમને આ વિચાર આવ્યો? આ વસ્તુ ખોટી છે. અમે અમારા સમાજમાંથી આવીએ છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય નરેશભાઇ, આપણે ડો. જોષિયારાજી શું બોલ્યા એ જવા દો અનેઆપ આપની વાત કહો.આપને મારે એક વિનંતી કરવાની છે કે આપ ખૂબ ઝડપથી બોલી રહ્યા છો, થોડું શાંતથી બોલો તો અમને પણ સાંભળવાની મજા આવશે.. પ્લીઝ..

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે તાલુકા જિલ્લા પંચાયતની ચૂંટણીઓ ગઇ. આદિવાસી વિસ્તારનો વિકાસ કરવો હોય તો આ સામેના પક્ષના ધારાસભ્યશ્રીઓએ સહકાર આપવો જોઇએ કે નહીં? અમારા ઊર્જા મંત્રી અહીંયા બેઠા બેઠા એમ કહેતા હોય કે અમારા શ્રી અનંતભાઇના વિસ્તારમાં ટ્રાયબલમાં એક સબ સ્ટેશન આપવું પડે. અમારો આદિવાસી વિસ્તાર ૧૦ કિ.મિ.થી અંદર એક ફિડર હોવું જોઇએ અને એને પુરા વોલ્ટેજનો પાવર મળવો જોઇએ એવું અહીં બેઠા બેઠા ઊર્જા મંત્રી નક્કી કરે છે. દરેક આદિવાસી વિસ્તારમાં સબ સ્ટશેન આપે એ નાની સુની વાત નથી. અત્યારે અંદાજપત્ર ઉપર અમારા શ્રી અનંતભાઇ બ્લડ બેન્ક અંગે બોલતા હતા. (અંતરાય) શું સાચી વાત કરવી એ અમારો ગુનો છે? બ્લડ બેન્કની વાત કરી ત્યારે મારે શ્રી ગણપતભાઇને અભિનંદન આપવા છે. ડાંગમાં આજે દોઢ કરોડ રૂપિયા આપીને બ્લડ બેન્ક શરૂ થઇ છે. વાંસદામાં સ્ટૉરેજ રૂમ છે. (અંતરાય) યુનિટ બચે છે.

માનનીય અધ્યક્ષશ્રી, તમે સંચિત બહાર પાડ્યું, તમને અભિનંદન આપીશ. ભલે એ લોકો કદર ન કરે પણ એ લોકો બોલી ગયા એ ફોટા સાથે લીધું છે. આપણે બધાની કદર કરીએ છીએ. પરંતુ સામેની વ્યક્તિ કદર ન કરે તો શું કરીએ? હું શ્રી નીતિનભાઇ સાહેબને કહું છું તમે આગળ વધો, અમારો આદિવાસી સમાજ તમારી સાથે છે. જયારે અમારી સરકારનું લક્ષ મોટું હોય ત્યારે જો હસનારા ન હોયને ત્યારે ચોક્કસ અમને અહેસાસ થશે કે અમારું લક્ષ નાનું છે. જો અમારું મોટું લક્ષ હશે તો મજાક કરનારા નીકળે, વિરોધ કરનારા નીકળે, ગાળો બોલનારા નીકળે, ગેરસમજ ફેલાવનારા નીકળે, અમારા પણ અને તમારા પણ. પરંતુ અમારી સરકાર એની બિલકુલ પરવા કર્યા વગર આદિવાસી સમાજની ચિંતા કરીને અનેક પ્રકારના આયોજનો કરીને એ સમાજ કેવી રીતે આગળ આવી શકે એ દિશામાં પ્રયત્નો કરે છે. એટલા માટે અમારા મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને સમર્થન આપું છું, અભિનંદન આપું છું. આ તબક્કે મોદી સાહેબનો આભાર માનું છું. કારણ કે તેમણે કરેલ વનબંધુ યોજના આજે વેગવંતી થઇ છે. આશા રાખું છું કે અમારો આદિવાસી સમાજ ભારતીય જનતા પાર્ટીને કદી ભુલશે નહીં એ વાત સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના માનનીય મંત્રીશ્રી પોતાની માગણીઓ લઇને આવ્યા છે એના પર મારા વિચારો અને સૂચનો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કલ્યાણ રાજમાં રાજયમાં વસતિ પ્રજાનું કલ્યાણ કરવાની ફરજ અને અધિકાર એ રાજય સરકારનો હોય છે. આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે ગુજરાત રાજયની સ્થાપના થઇ ત્યારથી અત્યાર સુધીમાં ઘણી બધી યોજનાઓ આવી છે.૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે વાત કરું તો ગુજરાતની વસતિ ૬ કરોડ ઉપર છે. અનુસૂચિત આદિજાતિની વસ્તી ૯૦ લાખ એટલે કે લગભગ એક કરોડની આસપાસ પહોંચવાની તૈયારીમાં છે. આમ, જોવા જઇએ તો કુલ વસ્તીના ૧૫ ટકા વસ્તી આદિવાસીઓની છે તો એ પ્રમાણે અનેકેન્દ્રીય આયોગની ૧૭ ટકા સમર્થીંગ જે ભલામણ છે એ નોર્મ્સ

પ્રમાણે નાણા ફાળવવામાં આવે તો મને લાગે છે કે આદિવાસીઓના વિસ્તારનો વિકાસ જે ઝડપે તમે અને આપણે બધા કરવા માગીએ છીએ એમાં ચોક્કસ આપણે પરિણામ મેળવી શકીશું પણ મારે એ દુ:ખ સાથે કહેવું પડશે કે ૨૦૧૧ની સેશન્સ મુજબ આદિવાસીઓમાં સામાન્ય શિક્ષણનું પ્રમાણ લગભગ ૫૯ પોઇન્ટ છે તો હજુ લગભગ ૪૦ ટકા આદિવાસીઓ શિક્ષણથી વંચિત છે એમ કહેવાય તો આના માટે બજેટમાં આપણે જોગવાઇ કરી નથી એવું મને લાગે છે. ખાસ કરીને આદિવાસી વિસ્તારના જિલ્લાઓનું શિક્ષણનું સ્તર આપણે જોઇએ તો અત્યારે પણ ઘણું નીચું છે. આપણે અઘરા વિષયો જેવા કે ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી માટે વધારાના ક્લાસો ચલાવીએ છીએ છતાં પણ મેં જે જોયું છે કે માધ્યમિક ધોરણ ૧૨, ધોરણ ૧૦નું રિઝલ્ટ જોઇએ એ તો આદિવાસી વિસ્તારનું ખૂબ નીચું છે તો આના માટે ક્યા પરિબળો જવાબદાર છે તે પણ આપણે વિચારવું અને જાણવું જોઇએ, એના ઊંડાણમાં જવું જોઇએ. જો શિક્ષણ દિવસે ને દિવસે ઘટતું જશે અથવા તો પરિણામે ઓછા આવશે તો મને લાગે છે કે આદિવાસી વિસ્તારમાં જે વિદ્યાર્થીઓ છે એમાં ચોક્કસ હતાશા આવશે. મારા મંત્રીશ્રી સક્ષમ છે ત્યારે જે અમારું આદિવાસીઓનું બજેટ છે અત્યારે જે તમારી પાસે છે એ અમારા આદિજાતિ વિકાસ મંત્રી પાસે જાય તો અમારે જે કાંઇ જરૂરિયાત અને સગવડો એજ્યુકેશન માટે જોઇએ છીએ તે અમને સારી રીતે મળશે તો મારી ફરી ફરીને વિનંતી એટલી જ છે કે એ જે આદિવાસી વિકાસનું બજેટ છે એ મંત્રીશ્રી પાસે જાય અને મંત્રીશ્રીને સોંપાય તો અમારો વિકાસ ઝડપી અને વધારે વ્યાપ વધારવાવાળો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક બીજી વાત કરવી છે કે આપણી સ્કૂલોમાં જે આદિવાસી વિદ્યાર્થીઓ ભણે છે એને પ્રિએસ.એસ.સી.માં લગભગ ૧થી ૧૦ સુધી ભણતા આદિવાસી વિદ્યાર્થીઓને આપણે હાલમાં વાર્ષિક લગભગ ૫૦ સ્કોલરશીપ આપીએ છીએ એની જગ્યાએ વધારો કરીને ૭૦૦ રૂપિયા આપવામાં આવે. ધોરણ ૯ થી ૧૦ સુધી વાર્ષિક સ્કોલરશીપ લગભગ ૭૫૦ રૂપિયા આપવામાં આવે છે તો એમાં પણ વધારો કરીને રૂપિયા ૯૦૦ કરવા જોઇએ. એ જ રીતે કોલેજોમાં છાત્રાલયો છે એમાં હાલમાં ફૂડ બિલ પેટે લગભગ ૧૨૦૦ રૂપિયા આપવામાં આવે છે એની જગ્યાએ ૧૫૦૦ રૂપિયા કરવામાં આવે એવી પણ મારી આદિવાસી વિકાસ મંત્રીશ્રીને ભલામણ અને વિનંતી છે. સાથે સાથે જે ગાંધી આઇડોલોજીને વરેલી આશ્રમશાળાઓ છે એ ખાસ કરીને જંગલના ઊંડાણના વિસ્તારોમાં આવેલી છે કે જ્યાં અત્યારે તો ઠીક છે પણ વર્ષ ૧૯૫૦ પહેલાની વાત કરું તો ત્યાં માર્ગ વ્યવહારની સગવડ ન હતી, બીજી પણ સગવડો ન હતી છતાં પણ એ વિસ્તારમાં એ વખતે કે જયાં હું પણ ભણ્યો છું. માનનીય અમારા આદિજાતિ વિકાસ મંત્રી પણ ભણ્યા છે એ આશ્રમશાળાઓમાં આજે એટલી બધી આર્થિક રીતે નબળી પડી છે તો આ આશ્રમશાળાઓને સદ્ધર કરવા માટે, એના મકાન બાંધવા માટે, શિક્ષણ અને રમત ગમતના સાધનો માટે, કમ્પાઉન્ડ વોલ બનવા માટે પણ સરકાર આદિજાતિ વિકાસ વિભાગમાંથી થોડી સહાય કરશે તો એ વર્ષો જૂની પરંપરાગત આશ્રમશાળાઓ છે એનો ચોક્કસ વિકાસ થશે. આદિવાસી બાળકો અને વિદ્યાર્થીઓ સારી રીતે શિક્ષણ લેશે એવી મારી આદિજાતિ વિકાસ મંત્રીશ્રીને ભલામણ અને સૂચન પણ છે કે, જે મેં આગળ વાત કરી તેમ કે આદિવાસીમાં શિક્ષણનું પ્રમાણ દિવસે દિવસે ઘટતું જાય છે અને ડ્રોપ આઉટ રેશિયો વધતો જાય છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વિભાવરીબેન દવે મહિલા અને બાળ વિકાસ માટેની માગણી નં. ૧૦૫ લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપીને મારા વિચારો રજૂ કરવાની અનુમતિ લઉં છું.

અમારી સરકાર તંદુરસ્ત સમાજ, સશકત અને મજબૂત સમાજના નિર્માણ તેમજ વિકાસ પથ ઉપર હંમેશા અગ્રેસર રહે તે માટે સતત પ્રયત્નશીલ છે. સુપોષિત ગુજરાતના સ્વપ્નને સાર્થક કરવા માટે, પોષણના સ્તરને ઉંચુ લાવવા માટે જુદાજુદા નવતર પ્રયોગ હાથ ઉપર લેવામાં આવ્યા છે. જયારે હું મહિલા માટે વાત કરતી હોઉં તો મહિલાની એક સ્થિતિ છે, જે એનું સ્તર છે એના માટે મારે કંઇક કહેવું છે. સ્ત્રી વિનાના ઘરની કે સ્ત્રી વિનાના સમાજની કલ્પના થઇ શકે નહીં. પરિવાર, સમાજ કે દેશની જયારે જયારે ઉન્નતિ કે પ્રગતિ થાય છે ત્યારે તેના પાયામાં સ્ત્રી જ રહેલી છે. હકીકત એ છે કે આપણે માત્ર શિખર ઉપર જોવા ટેવાયેલા છીએ. પાયાના પથ્થરના યોગદાન, તેના બલિદાન પ્રત્યે આપણી ભાગ્યેજ નજર જતી હોય છે એટલે જ જયારે પરિવાર, સમાજ કે દેશમાં કોઇની વાહવાહ થાય એની પાછળ સ્ત્રી જ હોય છે એટલે જ કહેવાય છે એ શક્તિ પણ છે અને સહનશક્તિ પણ છે. ઇશ્વરની એ સાચી અભિવ્યક્તિ પણ છે. એ એક નારી નથી એ એક નારાયણી પણ છે. કોરોના જેવી મહામારી દરમિયાન આ સમયમાં નારી શક્તિ એટલે કે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારાકરવામાં આવેલી ઉમદા કામગીરી માટે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલ સાહેબને અને મહિલા અને બાળ વિકાસના મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવેને હું ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું. સાથે સાથે હાલમાં કોરોના મહામારીમાં આખું વિશ્વ આજે કપરી પરિસ્થિતિનો સામનો કરી રહ્યું છે. કોરોના મહામારીમાં આંગણવાડી બહેનો અને હેલ્પર બહેનોએ અડગ અને અડીખમ ઉભા રહીને પોષણ અને વોરિયર તરીકે ખૂબ મહત્ત્વની બેવડી ભૂમિકા ભજવી રહ્યા છે ત્યારે એક આંગણવાડીની કાર્યકર્તા બહેન છે એ કોરોના મહામારી દરમિયાન પણ ઘરેઘરે જઇને લોકોને સમજાવતા હતા કે કેવી રીતે કોરોનાના જે નીતિનિયમ છે એનું પાલન કરવું જોઇએ અને કેવી રીતે આપણે પોતે પણ સાવધાનીથી વર્તવું જોઇએ. જયારે કોરોના વોરિયર તરીકે એક આંગણવાડીના કાર્યકર હોય કે હેલ્પર બહેન હોય એ પોતે જયારે લોકો ડરતા હતા બહાર જવા માટે ત્યારે એ બહેનો ગલીગલીમાં ફરતા હતા. સોસાયટી, સોસાયટીમાં ફરીને લોકોને સાવધાનીપૂર્વક વર્તણૂંક કરવા માટે અને કોરોનાની ગાઇડલાઇનનું પાલન કરવા માટે સમજાવતા હતા, અવગત કરતા હતા ત્યારે એમની સુરક્ષાની પણ અમારા આ વિભાગ દ્વારા

ચિંતા કરવામાં આવી છે અને એમને માટે માસ્ક, સેનીટાઇઝર હોય કે પછી એમને પી.પી.ઇ. કીટ કે પછી ગ્લોઝ હોય એને સંક્રમણ ન થાય એ માટેના જરૂરી પગલાં આ વિભાગ દ્વારા ભરવામાં આવ્યા છે અને આજે મને કહેતા આનંદ થાય છે કે આવા કપરા સમયમાં પણ એક આંગણવાડીની બહેન છે એ બાળકો, સગર્ભા, ધાત્રીમાતાઓ અને કિશોરીઓના પોષણ સ્તરને જાળવી રાખવા માટે આંગણવાડીના કાર્યકર અને તેડાગર બહેનો ખૂબ જ સજાગ રહી હતી. ૫૫ લાખથી વધુ લાભાર્થીઓને ઘેરઘેર લોકડાઉનના પહેલા દિવસથી નિયમિત રીતે પોષણ પૂરું પાડવામાં આવેલ છે. જેથી તમામ સગર્ભા, ધાત્રી, કિશોરીઓ અને પાંચ વર્ષથી નાના બાળકોના પોષણસ્તરમાં સુધારો લાવી શકયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડી મારફત અનેક બાળકોને હોય કે પછી ધાત્રી માતાઓને હોય કે કિશોરીઓને જે ટીકડી આપે છે, દવાઓ આપે છે કે ખાવાની વસ્તુ આપે છે એ આંગણવાડીની કાર્યકર બહેનો અને હેલ્પર બહેનો પોતે ઘેરઘેર જઇને આપતા હતા અને અમારી સરકાર દ્વારા કોરોનાની આ વિકટ પરિસ્થિતિ દરમિયાન રચનાત્મક અને સમય પસાર કરવા માટે અનેક વિવિધલક્ષી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું અને જ્યારે આ લોકડાઉન દરમ્યાન આંગણવાડી બંધ હતી. તે ડિજિટલ કેવી રીતે શરૂ કરી શકીએ, એના માટે બાળકો, કિશોરીઓ, સગર્ભા, ધાત્રી માતા હોય એમને માટે જુદા જુદા ચિત્રકામ, ગીત, ગરબા, રંગોલી, નિબંધ સ્પર્ધા, બાળગીત, લોકગીત, એકપાત્રી અભિનય જેવી સર્જનાત્મક પ્રવૃત્તિના ૩ રાઉન્ડ યોજવામાં આવેલ હતા. જેમાં ૨ રાઉન્ડમાં ૧૩,૫૦૦ જેટલી રચનાઓ રજૂ કરી હતી. જેમાં ડિઝિટલ પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યા હતા. આંગણવાડી હોય અને આપણે ત્યાં જઇને ભણાવી શકીએ એવી રીતનું ચિત્ર સામે આવતું હોય છે, પણ આ સરકાર ડિજિટલ છે. એકવીસમી સદી તરફ આપણે આગળ વધી રહ્યા છીએ, ત્યારે આંગણવાડીના બાળકોને અમેને પણ ધાત્રી માતાઓને પણ ઓનલાઇન ડિજિટલ તરફે વાળીને આ બધું શિક્ષણ આપ્યું હતું. આ બધી પ્રવૃત્તિથી માહિતગાર કર્યા હતા. એમનું પોતાનું સ્વાસ્થ્ય સારું રહે, મન સારું રહે એના માટે પ્રેરિત કર્યા હતા. આજે મને કહેતા આનંદ થાય છે કે અમારી પારદર્શક અને સંવેદનશીલ સરકારના નેજા હેઠળ મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા બાળકો, કિશોરીઓ અને સગર્ભા બહેનો, ધાત્રી માતાઓને ગુણવત્તાવાળું પોષણક્ષમ અનાજ મળી રહે એના માટે પણ ધ્યાન આપવામાં આવ્યું છે. આખા દેશમાં કોરોનાની મહામારી જ્યારે હતી અને લોકો બહાર નીકળવા માટે ડરતા હતા, ત્યારે મને કહેતા આનંદ થાય છે કે એક મહિલા પોતે ડોક્ટર, નર્સ હોય કે આંગણવાડીના કાર્યકર્તા હોય, હેલ્પર બહેન હોય એ ગૃહલક્ષ્મી હોય દરેક મહિલા હોય.. હું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(જેતપુર-પાવી) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના આદિજાતિ મંત્રી એમના વિભાગોની માગણી લઇને આવ્યા છે, ત્યારે મને આજે આનંદ એટલા માટે થાય છે કે આજે હું આ છેલ્લે વિધાનસભા ગૃહમાં વર્ષ ૧૯૮૫થી ૨૦૦૨ અને વર્ષ ૨૦૧૭થી અત્યારે રનિંગ છું. પહેલી જ વખત આદિવાસીની માગણી પહેલા દિવસે આવી છે. પહેલા દિવસે લાવવા માટેનો પ્રયત્ન કર્યો છે, એટલે તમને અભિનંદન આપું છું. ઘણા બધા મિત્રોને થતું હશે કે શ્રી સુખરામભાઇ આજે લાલ પાઘડીમાં કેમ? આ લાલ પાઘડી અમારા આદિવાસીની ઓળખ છે. એ ઓળખને કામય રાખવા માટે, આદિવાસીઓનું આદિવાસીપણું સાબિત કરવા માટે, લગ્નના રીત-રિવાજો કે સામાજિક પ્રસંગ હોય ત્યાં તમામ આદિવાસીઓ પોતાના ટ્રેડિશનલ ડ્રેસમાં આવતા હોય છે. એટલે મને પણ એમ લાગ્યું કે અમારા આદિવાસી મંત્રી તેમના વિભાગની માગણીઓ લઇને આવ્યા હોય ત્યારે મારે આદિવાસીપણું બતાવવું પડે, એટલા માટે છોટા ઉદેપુર જિલ્લાના રાઠવાને જાણે અજાણ્યે આ સરકાર જે તે વખતની સરકારોની ભૂલ કહીએ તો ભૂલ અથવા રેવન્યુ વિભાગની ભૂલના કારણે આદિવાસી ગણતા નથી. વર્ષ ૧૯૫૦ પહેલાનું રેવન્યુ રેકર્ડ લખાયું હશે. પછીનું પણ લખાયું હશે. તે વખતે આદિવાસી કોઇ ભણેલા હતા જ નહીં. એના કારણે સમાજ માટે જે શબ્દ વપરાવવો જોઇએ એ વપરાયો નહિ. એની ભૂલનો ભોગ અમારા છોટા ઉદેપુર, નસવાડી, કવાંટ ખાસ કરીને અનુસૂચિ-૫માં આવે છે. ભારત સરકારે જાહેર કરેલા તાલુકા છે. ત્યાંના વસતા અમારા આદિવાસીને જાતિના દાખલા લેવા માટે તકલીફ પડી રહી છે. હવે થોડીક સરળતા થઇ છે. તેમ છતા જે અગવડતા ઉભી થઇ છે તેને દૂર કરવા માટે વખતો વખત સરકારશ્રીમાં રજૂઆત કરેલી છે. સરકારશ્રી પોતે પોઝિટિવ થઇને એમણે ભારત સરકારના વિભાગને મોકલી આપ્યું છે, ત્યારે એનું નિરાકરણ વહેલી તકે આવે. અમારા આદિવાસીને પડતી હેરાનગતિ દૂર થાય તેવી અપેક્ષા રાખીએ. કેવડિયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી અત્યારે થઇ. સરદાર પટેલ આપણા સૌના સરદાર છે. એમના માટે આદિવાસીને પણ માન છે, પણ ત્યાં કેવડિયા સત્તાવાળા આજુબાજુના..

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. સભાગૃહ ૬-૦૦ વાગ્યે ફરી મળશે. માનનીય સુખરામભાઇ આપનુંપ્રવચન વિરામ પછી ચાલુ રહેશે.

**( વિરામ સાંજના ૫-૩૦થી ૬-૦૦ )**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : ઓર્ડર ઓર્ડર, માનનીય સુખરામભાઇ.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, જય જૌહર. હું સરદાર સાહેબના સ્ટેચ્યુની વાત કરતો હતો. સરદાર સાહેબ માટે આદિવાસીઓને પણ ગૌરવ છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીના વિકાસ માટે આજુબાજુના ગામડાની જમીન સરકાર

આદિવાસીઓની સંમતિ વગર એકવાયર કરીને ડેવલપ કરી રહી છે તેમાં અમારા આદિવાસીઓનું હિત જોખમાયું છે. આદિવાસીઓ ઘર વગરના થઇ જવાના છે. હું ભૂલતો ન હોઉં તો ગઇ વખતે પણ મેં કહ્યું હતું કે, તે વિસ્તારમાં જે હોટલ ઉદ્યોગો અને અન્ય બીજો ઉદ્યોગ હોય તેમાં જે મૂળ માલિકની જમીન જતી હોય, તે જમીનમાં જે ઉદ્યોગ સ્થપાય તો તેમાં મૂળ માલિકને તેમાંથી હિસ્સો મળે તો આપણે તેને વળતર આપ્યું તેમ કહી શકીએ. આદિવાસીઓમાં સરકારે આદિવાસી કહ્યા, મૂળ જંગલમાં વસતા આદિવાસી હતા, પાછળથી આવીને વસવાટ કર્યો તેને વનવાસી કહ્યા, છેલ્લે છેલ્લે સરકારે વનબંધુ પણ કહ્યા. આવા હુલામણા નામ આપીને આદિવાસી પ્રજા સાથે જે ન્યાય થઇ રહ્યો નથી. તેમાં ભારતના બંધારણમાં અમને જે હક્કો આપેલા છે તેના ઉપર ચાહે રાજ્ય સરકાર હોય કે કેન્દ્ર સરકાર હોય તેમાં ધીમે ધીમે તરાપ વાગી રહી છે. તે બાબતે સરકારના મંત્રીશ્રી જાગૃત રહીને આદિવાસીઓનું રક્ષણ કરે તેવી મારી આ તબક્કે માગણી છે. વન અધિનિયમ હેઠળ આદિવાસીઓને જે જમીનો આપી છે તેમાંઆ જમીનો આપ્યા પછી આદિવાસીઓ માટે સ્પેશિયલ પેકેજ બનાવવું જોઇએ. તેના ડેવલપમેન્ટ માટે, તે જમીનની અંદર કૂવા માટે અથવા તો તે જમીનની ફરતે તાર ફેન્સિંગ કરવા માટે સ્પેશિયલ પેકેજ બનાવીને તેને સારી ફળદ્રુપ બનાવવાની યોજના માટે અલાયદુ ફંડ સરકાર ફાળવે તેવી મારી માગણી છે. મારા અગાઉના પ્રવક્તા ડો.જોષીયારાજીએ થોડોક ઉલ્લેખ કર્યો. આખા દેશમાં આદિવાસીઓ પોતાની ઓળખ માટે ઝઝૂમી રહ્યા છે. હું મારી વાતને દોહરાવું છું કે, વસતિ ગણતરીમાં આદિવાસીઓને જે ધર્મકોડ મળવો જોઇએ. તે ધર્મકોડ મળવા માટે આ ગુજરાતની વિધાનસભા ભારત સરકારને ભલામણ કરે તેવી અપેક્ષા રાખું છું. આ ધર્મકોડ મળશે તો આદિવાસીઓ પોતાનું આદિવાસીપણું સાબિત કરી શકશે, નહીં તો આદિવાસીઓને બિનઆદિવાસી ગણીને તેને હિન્દુ ગણીને, આદિવાસીઓ હિન્દુ ધર્મ પાળે છે. હિન્દુ નથી. આદિવાસી આદિવાસી છે.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, પ્લીઝ.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી તે મૂળ આદિવાસી છે. આ દેશના મૂળ વતની છે. આદિવાસીની ઓળખ ભૂંસાઇ ન જાય તેની કાળજી આ સરકાર રાખે. મારે છેલ્લે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે, આદિવાસી વિસ્તાર માટે ટ્રાયબલ સબ પ્લાનની યોજનાઓ હોય છે. આ ટ્રાયબલ સબ પ્લાનની યોજનાની અંદર ધારાસભ્યોનો અવાજ થોડો રહે, જેમ આયોજન મંડળમાં પોતાના વિસ્તારના વિકાસ માટે...

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટ. આદિવાસીઓને આદિવાસી બજેટમાંથી ત્યાંના સ્થાનિક રસ્તાઓ, પીવાના પાણી જેવા કામો માટે સ્પેશિયલ જોગવાઇ માનનીય આદિજાતિ મંત્રી કરે અને તેના થકી આદિવાસી વિસ્તારના એક ગામથી બીજા ગામને જોડતા રસ્તાઓ છે અને તેની વચ્ચે કોઇ કોતર આવતા હોય તો તેને બાંધવા માટે લિમિટેડ ફંડ આપીને લોકોને સગવડતા ઉભી કરે તેવી મારી અપેક્ષા છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આદિજાતિ વિકાસ વિભાગના માનનીય મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા સાહેબ માગણી ક્રમાંક–૨૬, ૯૩, ૯૬ અને ૧૦૫ લઇને આવ્યા છે એમાં હું સમર્થન આપવા માટે અને મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજથી ૨૦ વરસ પહેલા સમગ્ર આદિવાસી વિસ્તારમાં ઉમરગામથી લઇને અંબાજી વિસ્તારમાં જે પરિસ્થિતિ હતી અને ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા બાદ આદિવાસી વિસ્તારના લોકોમાં જે પરિવર્તન આવ્યું છે એમાં પછી શિક્ષણ હોય, રસ્તાઓ હોય કે બીજા બધા વિકાસના કામો હોય એનો ખૂબ વિકાસ થયો છે. કારણ કે મને યાદ છે વર્ષ ૧૯૭૪–૭૫માં મારા ગામથી મોટા પોંડા સુધી ચારથી પાંચ કિલો મીટર દૂર ભણવા જવું પડતું હતું અને એ સમયને સંજોગો હતા અને ત્યારે કાચા રસ્તા હતા પણ ત્યાર બાદ ધીમે ધીમે વિકાસ થતો ગયો પણ આજના આપણા દેશના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી બન્યા ત્યાર બાદ આદિવાસી વિસ્તારો તરફ જે ધ્યાન આપવામાં આવ્યું અને આદિવાસી વિસ્તારમાં ખાસ કરીને વિકાસની જેને પારાશીશી કહેવાય એવા રસ્તા, શિક્ષણ, પાણી, આરોગ્ય અને બીજી બે ચાર બાબત એવી છે કે એના થકી આદિવાસી વિસ્તારની અંદર જે કાંઇ કામો થઇ રહ્યા છે આપણી ભારતીય જનતા પાર્ટીની સરકારમાં એ ખૂબ જ સરાહનીય છે. (અંતરાય) મારા મિત્રો, હું પહેલા કોંગ્રેસમાં હતો એટલે સ્વાભાવિક ટકોર કરવાના જ છે એમાં કાંઇ ના નથી. હું કબૂલ કરું છું મને ચાર વખત પાર્ટીએ ટીકીટ આપી એ પણ હું કબૂલ કરું છું. પણ આજે મેં ભારતીય જનતા પાર્ટી સાથે જોડાઇને અમે જે કામો એ વિસ્તારના કર્યા છે એમાં કપરાડા વિધાનસભા વિસ્તારની વાત કરું તો કપરાડાનો મારો વિસ્તાર બિલકૂલ મહારાષ્ટ્રની બોર્ડર પર આવેલો વિસ્તાર છે ત્યારે એ વિસ્તારમાં કામો કરવા માટે સરકારે મને જે કાંઇ પ્રોત્સાહન આપ્યું અને એ વિસ્તારમાં છેલ્લા ૬ મહિનામાં રૂપિયા ૧૦૦થી ૧૨૫ કરોડના રસ્તાના કામો જે બાકી હતા અને ખરેખર અમારા વિસ્તારની પ્રજાની જે અપેક્ષા હતી એ અમારી સરકારે પૂરી કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ પ્રમાણે આદિવાસી વિસ્તારમાં વર્ષ ૨૦૧૩માં આપણા હાલના આદરણીય વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રીએ અસ્ટુલ પાણી પુરવઠા યોજના માટે મેં રજૂઆત કરી હતી. ત્યાર બાદ એનો બેથી ત્રણ વર્ષ સર્વે થયો અને સર્વે થયા બાદ સરકારે એની બજેટમાં જોગવાઇ કરી અને અસ્ટુલ યોજના દ્વારા સમગ્ર કપરાડા તાલાકાના ૧૨૯ ગામોનો સમાવેશ કર્યો અને એની સાથે ધરમપુરના ગામડાઓનો પણ સમાવેશ કર્યો. એ જ રીતે દમણગંગા–મધુવન ડેમ આયોજીત પારડી વિસ્તારમાં પણ યોજના બની, વલસાડ વિસ્તારની પણ યોજના બની અને વાપી વિસ્તારની પણ યોજના

બની. કપરાડા છે એને આપણે ગુજરાતનું ચેરાપુંજી કહીએ છીએ અને એ વિસ્તારમાં ખૂબ વરસાદ પડે છે ૧૨૫ થી ૧૫૦ ઇંચ જેવો વરસાદ પડે છે અને વર્ષ ૧૯૭૨ના દાયકામાં તો ૨૦૦ ઇંચ વરસાદ પડતો હતો. પણ ધીમે ધીમે ગ્લોબલ વોર્મિંગને કારણે વરસાદ ઓછો થતો ગયો અને અત્યારે પણ ૧૨૫થી ૧૫૦ ઇંચ વરસાદ થાય છે પણ એ વિસ્તારમાં પાણીની જે સમસ્યા છે રીચાર્જીંગ નથી થતું એના કારણે ખૂબ વરસાદ પડે છતાં પાણી દરિયામાં વહી જાય છે અને એપ્રિલ–મેં મહિનામાં દર વર્ષે ટેન્કર દોડાવવાની જરૂરિયાત પડતી હતી એ હવે આવતા ૬ મહિનામાં યોજના પૂર્ણ થતાં સમગ્ર કપરાડા વિસ્તારમાં જે પાણીની જરૂરિયાત છે એ પૂરી થવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એક જ દાખલો આપવા માગું છું કે, વર્ષ ૨૦૦૪માં વલસાડ જિલ્લામાં રાજય કક્ષાનો કાર્યક્રમ હતો એ વખતે શ્રીમતી આનંદીબેન પટેલ આપણા શિક્ષણમંત્રી હતા તેઓ કપરાડા તાલુકાના નાના પોંડા પ્રોગ્રામમાં આવેલા અને અમે એમને એક જ વાત કરી કે, કપરાડા તાલુકામાં ૧૧–૧૨ સાયન્સ સ્કૂલ નથી તો એ જ વર્ષે કપરાડા તાલુકામાં સાયન્સ સ્કૂલ મંજૂર કરી આપી હતી. એની સાથે કપરાડા વિધાનસભા મત વિસ્તારમાં હું જ્યારે વર્ષ ૨૦૦૨માં પહેલીવાર ધારાસભ્ય થયો ત્યારે ૨૮ ગામડાઓમાં લાઇટની સુવિધા નહોતી એ સમગ્ર ૨૮ ગામડાઓમાં સરકારની અનેક યોજનાઓ થકી ધીમે ધીમે કરીને લાઇટની સુવિધા મળી. કોઇપણ કાર્ય એક સાથે પૂરું નથી થતું. એ રીતે ધીમે ધીમે કરીને સંપૂર્ણ ગામડાઓની અંદર લાઇટની સુવિધા પૂરી થઇ. ત્યારબાદ વર્ષ ૨૦૦૭માં જ્યોતિગ્રામ યોજના જે.જે.વાય. દાખલ થઇ એ યોજના શરૂ થઇ એટલે એના થકી સમગ્ર ગામડાઓમાં લાઇટની સુવિધા થઇ, ખાલી લાઇટની સુવિધા ન થઇ ત્યારબાદ ૬૬ કે.વી. સબ સ્ટેશન ઉભા થયા.સમગ્ર કપરાડા વિધાનસભા મત વિસ્તારની અંદર આજે ૧૮ થી ૧૯ જેટલા સબ સ્ટેશન થયા છે.સાત, આઠ કે દસ ગામ વચ્ચે એક એક સબ સ્ટેશન આપણને મળેલા છે. આમ, માનનીય મંત્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને સમર્થન આપું છું.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી આદિજાતિની જે માગણી નંબર–૯૩ અને મહિલા બાળવિકાસની માગણી નંબર–૧૦૫ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉભી થઇ છું. ડો. બાબાસાહેબ આંબેડકરના બંધારણને કારણે દેશના અને રાજ્યના બજેટમાં જે આદિજાતિ વિસ્તાર અને આદિજાતિ લોકો છે તેમના માટે વસતિના પ્રમાણે જે જોગવાઇ કરવા બંધારણમાં હક્કો આપવામાં આવ્યા છે તેના માટે હું ડોકટર બાબાસાહેબ આંબેડકરને પ્રણામ કરું છું. આ બંધારણીય જોગવાઇના કારણે આદિજાતિ વિસ્તાર અને આદિજાતિ લોકો માટે ભારતમાં જ્યારે કોંગ્રેસ અને યુ.પી.એ. ની સરકાર હતી ત્યારે કોંગ્રેસની સરકાર ગુજરાતમાં રહી ત્યાં સુધી આદિવાસી લોકોના સુખાકારી માટે વિવિધ યોજનાઓ અમલમાં લાવી. ૨૫ વરસથી ગુજરાતમાં ભા.જ.પ.ની સરકાર છે પરંતુ એકપણ નવીન યોજના આદિવાસી લોકો માટે મૂકી નથી. ફક્ત બધી જ યોજનાઓમાં એક વનબંધુ યોજના એવું નામ આપી આદિવાસીઓને *(xxx) કામ કર્યું છે.

અધ્યક્ષશ્રી : આ *(xxx) શબ્દ કાઢી નાંખવામાં આવે છે.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, ફક્ત નામ બદલવાનું કામ કર્યું છે પણ નક્કર કોઇ કામગીરી કરેલ નથી. આદિવાસી વિસ્તારમાં ગ્રાન્ટેડ શાળાઓ, ગ્રાન્ટેડ માધ્યમિક ઉચ્ચતર શાળાઓ, ગ્રાન્ટેડ કોલેજો બંધારણીય હક્ક હોવા છતાં શરૂ કરવામાં આવતી નથી અને ઉલ્ટાનું બંધ કરવામાં આવે છે. કોંગ્રેસની સરકારમાં આદિજાતિ વિસ્તારોમાં દર વરસે વીસ જેટલા પી.એચ.સી. અને સી.એચ.સી. નવીન દવાખાનાઓ શરૂ થતાં હતા. હાલમાં જે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ડોકટરો નથી, તે દિવસે મારા પ્રશ્ન સમયે આદિવાસી ડોકટરો, આદિવાસી જિલ્લામાં નોકરી કરતા નથી પણ અમારા આદિવાસી એકલા તાલુકામાં નોકરી ના કરી શકે એમને પણ કંઇક મોટા થવું હોય છે એટલા માટે હું કહેવા માગું છું કે, આદિવાસી વિસ્તારમાં જે ભારતીય જનતા પાર્ટીએ વિકાસ કર્યોજ નથી, શ્રીનરેશભાઇ હમણાં કહેતા હતા કે શ્રી નીતિનભાઇ, આગળ વધો અમે તમારી સાથે છીએ, પણ એમાં અમારા આદિવાસીઓનું અપમાન કર્યું છે. આપ ગળે બાંધીને જાઓને આપના કુટુંબની જોડે! અમે પણ આદિવાસીઓ છીએ. કેમ બધા આદિવાસીઓને કહો છો અને અમે જીતી ગયા, જીતવાના જ છીએ. અમે તો હિંમત હાર્યા નથી.

અધ્યક્ષશ્રી : માનનીય ચંદ્રિકાબેન મને કહો.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : તમે જીતો અમને કોઇ વાંધો જ નથી, અમે પણ ફરી જીતવાના જ છીએ અને અમે હિંમત હાર્યા નથી. વર્ષ ૨૦૨૨માં અમે જીતવાના જ છીએ. એટલા માટે હું આ સરકારને કહેવા માગું છું કે, આગળ જે અમારી કોંગ્રેસની સરકાર ચાલતી હતી ત્યારે અમારે આદિવાસીઓના આઇ.એ.એસ. આઇ.પી.એસ., અધિકારીઓના પાટીયા હતા એ ખખડી ગયા છે. કયા આદિવાસીઓને તમે બેસાડ્યા? કયા આદિવાસીઓને તમે નોકરી લગાડ્યા? બે વરસમાં દાહોદ જિલ્લામાં એક પણ સરકારી નોકરી આપી નથી. આ ભા.જ.પ.ના રાજમાં આદિવાસીઓ, આદિવાસીઓ કરીને અમારા આદિવાસીઓ જે દાહોદ જિલ્લાના છે એ બીજા જિલ્લામાં મજૂરી કરવા આવે છે તો એમને રોકોને. રોજગારી આપોને. ઘરે પાણી આપોને. પાંચ વરસની યોજના. અમારે ત્યાં હાંફેશ્વરની યોજના, કડાણાની યોજના હજી ચાલુ થઇ નથી તો ક્યારે પાણી આપવાના છો?હું ૧૫ વર્ષથી આ ગૃહમાં કહું છું મારા પોતાના ગામમાં પાણી નથી હું પોતે ટેન્કર નંખાવું છું. દરરોજ ટેન્કર નંખાવુ છું અને હમણાં પણ અમારા વિસ્તારમાં પાણી નથી. લોકો તળાવ તરફ ખોદીને ત્યાંથી પાણી લાવે છે. કારણ કે હેન્ડપંપ કે બોર કરીએ તો તેમાં

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પાણી ખારૂં આવે છે. એટલા માટે હું કહેવા માગું છું કે આ યોજના કરી છે તો આદિવાસીઓને જલ્દીથી પાણી આપો અને જે ખેડૂતોને પાણી આપવાના છો એ પાણી પણ જલ્દીથી આપો એટલે મારા આદિવાસી ભાઇ-બહેનો ઘર આંગણે ખેતી કરશે અને તેમના છોકરાંઓને ભણાવશે અને તો તે ડોકટર થશે. મારા આદિવાસી બહેનોને ભણ્યાં વગર કોઇ નોકરી આપતું નથી. બાર માળના ધાબાઓ ભરવા માટે અમારા આદિવાસીઓને પાછળ રાખો છો ? અમારા આદિવાસી ભણી-ગણીને મોટા થાય તો આપના કામ કોણ કરશે એટલા માટે અમારા આદિવાસીઓને તમે પછાત સમજો છો. (અંતરાય) ભાઇ, વધારે ના બોલો આપ પ્રોફેસર છો અને કોંગ્રેસની સરકારમાં ભણ્યાં છો એટલે વધારે ના બોલો.

અધ્યક્ષશ્રી : માનનીય ચંદ્રિકાબહેન મને કહો.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે મને દુઃખ થાય છે કે, મારો આદિવાસી ભાઇ-બહેન જે મજૂરી કરવા અર્થે જાય છે અને રસ્તાની આજુબાજુ, તેની પટ્ટી પર મારી બહેનો છોકરાંઓ લઇને ઉંઘે છે ત્યારે મને દુઃખ થાય છે, એક મહિલા તરીકે દુઃખ થાય છે. હું ૧૫ વર્ષથી કહું છું કે અમારા આદિવાસી માટે રેન બસેરા બનાવો તો ત્યાં મારી બહેન ઉંઘે અને છોકરાંને ધાવણ આપે, ખાવાનું આપે. આજે રાજસ્થાનનો આખો પરિવાર અહીંયા મજૂરી કરવા અર્થે આવ્યા હતા અને બધા કચડાઇને મરી ગયા છે તેનું શું થયુ ? આદિવાસી માટે કઇ સરકાર ઉભી થઇ ? અને આદિવાસીઓની વાત કરો છો. એટલા માટે ખાસ કરીને અમારા જે હક્કો ગુજરાતના આદિવાસીઓ માટે સરકારી યોજનાઓ એનો લાભ લેવા માટે રૂપિયા ૨.૫ લાખ સુધીની આવક મર્યાદા છે. આ દેશના મૂળ માલિક એવા અમે આદિવાસી છીએ માટે કોઇ પણ યોજના માટે આવક મર્યાદા સદંતર નાબૂદ કરવી જોઇએ. શ્રી નરેશભાઇને કહું છું,

અધ્યક્ષશ્રી : માનનીય ચંદ્રિકાબહેન, શ્રી ગણપતભાઇને કહો ચાલશે.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે, મારો આદિવાસી જિલ્લો એમ.પી.ની બોર્ડરમાં છે, રાજસ્થાનની બોર્ડરમાં છે અહીંયા મહારાષ્ટ્રની બોર્ડરમાં છે ત્યારે મારા ધાનપુર તાલુકાનું રતનમહાલ જે રીંછ અભ્યારણ્ય છે તે જમીન પણ આપ લઇ લેવાના છો તો મારો આદિવાસી જશે કયાં ? બીજી નરેગાની વાત કરું તો મારા આદિવાસી જિલ્લામાં નરેગાની રોજગારી મળે છે પણ દાહોદ જિલ્લામાં તો એવુ થાય છે નરેગાની રોજગારી મળતી જ નથી. અમુક મોટા મોટા માથાઓમાં રૂપિયા ૨-૨ કરોડ, ૧૦ કરોડ, ૫૦ કરોડ અમારા જે સરવે નંબર હોય તેમાં બારોબાર કૂવા બોલે, ચેકડેમ બોલે સાહેબ, શું કરવું ? સાહેબ,, એટલા માટે આ દુઃખ સાથે તમને કહેવા માગું છું. બીજું, માનનીય મંત્રીશ્રીને એ કહેવા માગું છું કે, મારો આદિવાસી જિલ્લો છે તેમા સાયન્સ કોલેજ આપો. કારણ કે આદિવાસીની છોકરીઓ ભણવા માટે કયાં જાય ? મારી અંગત માગણી છે અને તમારે આપવી જ પડશે, બજેટમાં લીધી નથી પણ આપવી જ પડશે. આપના જવાબમાં કહેશો એટલા માટે ખાસ વિનંતી કરું છું. આપની અનુમતિથી અમારા આદિવાસીમાં એક ગીત ગાય છે એક લીટી ગીત ગાવું છે.

**"લડી લેવી પડહે ભાયા લડી લેવી પડહે,**
**આપણી હક્કવાળી લડાઇ લડી લેવી પડહે."**

અધ્યક્ષશ્રી : તેનો અર્થ પણ સમજાવો શું થાય ?

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, આનો હાર્દ એવો છે કે અમારા આદિવાસીના જે હક્ક છે તે આ સરકારે * (xxx) છે તે હક્ક મેળવવા માટે અમે બધા આદિવાસીઓ અમારી લડાઇ લડવાના છીએ.

અધ્યક્ષશ્રી : આ *(xxx) શબ્દ કાઢી નાંખવામાં આવે છે. તમારો અવાજ દિવાળીબેન ભીલ જેવો છે.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, દિવાળીબેન ભીલ અમારા આદિવાસીના નેતા હતા.

અધ્યક્ષશ્રી : એટલા માટે તો મેં એમને યાદ કર્યા. તમારો અવાજ પણ સારો છે. તમે પણ પ્રયાસ કરો.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, એક દિવસ નાણામંત્રી સાહેબે અમને એવું કહ્યું હતું કે, અમારા શ્રી અમરસિંહ ચૌધરી સાહેબ મુખ્યમંત્રી હતા ત્યારે એમણે ''આદિવાસીઓને ખાલી નાચતા શીખવાડ્યું.'' પણ નાચવા-ગાવાની અમારી સંસ્કૃતિ છે. અમે ગીતો ગાઇને પણ કમાણી કરીએ છીએ. અમે નાચીને પણ કમાણી કરીએ છીએ. આજે સાહેબ નથી નહિ તો મારે એમને કહેવું હતું.

અધ્યક્ષશ્રી : કાંઇ વાંધો નહિ, આ વાત એમના સુધી પહોંચી જશે.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, વડાપ્રધાન સાહેબ આવે, મુખ્યમંત્રી સાહેબ આવે કે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ આવે ત્યારે અમારા આદિવાસીઓની જરૂર પડે છે. કારણ કે, અમારા આદિવાસી લોકો જ નાચી શકે છે. અમારી આદિવાસી બહેનો જ સિમેન્ટની થેલી માથા પર લઇને બાર માળ ચડે છે એનો મને ગર્વ છે.

શ્રી અરવિંદ છો. પટેલ(ધરમપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ સન્માનનીય સભાગૃહમાં હાથ ધરાનાર સન ૨૦૨૧-૨૨ના વર્ષના અનુદાનની માગણીઓ માટેની માગણી નં - ૯૬, આદિજાતિ વિસ્તાર પેટા યોજનાના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના સર્વાંગી વિકાસ માટે દરેક વિસ્તાર અને દરેક સમાજનો એક સરખો વિકાસ થવો જરૂરી છે. આદિવાસી વિસ્તારમાં આદિજાતિ સમાજના સર્વાંગી કલ્યાણ માટે અને વિકાસ માટે અમારી ભારતીય જનતા પાર્ટીની

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સરકાર દ્વારા અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. આદિવાસી વિસ્તારમાં અનેક સમસ્યાઓ ઉપસ્થિત થયેલી છે અને એ સમસ્યાઓના ઉકેલ માટે બજેટમાં જે જોગવાઈ કરવી જોઈએ એ ખૂબ મોટી જોગવાઈ કરવાની જરૂર હતી. એ માટે આપણા હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે ચીંધેલા વિકાસના પથ પર અવિરત વિકાસ યાત્રા કરી રહ્યા છે. આપણા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ સાહેબ અને આદિજાતિ મંત્રીશ્રી ગણપતભાઈ વસાવા સાહેબના નેતૃત્ત્વ હેઠળ આદિજાતિ વિકાસની મજબૂત ઈમારત આકાર લઈ રહી છે. આગામી સમયમાં આદિજાતિ વિસ્તારોનો વિકાસ ઉત્તમથી સર્વોત્તમ તરફ કૂચ કરી ભવ્ય અને દિવ્ય ગુજરાતના નિર્માણ તરફ જઈ રહ્યો છે. આદિવાસીના સર્વાંગી વિકાસ માટે પાયામાં શિક્ષણ રહેલું છે અને તે માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા રાજ્યમાં ૫૭૮ જેટલી આશ્રમશાળાઓ, ૭૪ જેટલી આદર્શ નિવાસી શાળાઓ એમ કુલ મળીને ૬૫૨ શાળાઓ મારફત ૧ લાખ કરતાં વધુ બાળકોને આ તમામ આશ્રમશાળાઓમાં રહેવા, જમવાની ઉચ્ચ ગુણવત્તાવાળી સુવિધા આપવામાં આવે છે. આ રાજ્યમાં આદિવાસી બાળકો માટે ૩૪ એકલવ્ય મૉડેલ સ્કૂલ, ૪૩ જી.એલ.આર. સ્કૂલ, ૧૨ મૉડેલ સ્કૂલ, ૨ સૈનિક સ્કૂલ, ૫ એકલવ્ય મૉડેલ સ્કૂલ એમ કુલ મળીને ૧૦૧ શાળાઓ મારફત ૩૩,૬૭૩ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આજે શાળાઓ જવાહર નવોદય વિદ્યાલયની પદ્ધતિના માધ્યમથી ચલાવવામાં આવે છે. જેમાં મફત પુસ્તકો, સ્ટેશનરી, યુનિફોર્મ, રમતગમતના સાધનો અને કોમ્પ્યુટરની સુવિધા સભર શાળાઓ ચલાવવામાં આવે છે. વર્ષ ૨૦૨૦–૨૧માં સમરસ હોસ્ટેલ, સરકારી હોસ્ટેલ, ગ્રાન્ટ ઈન છાત્રાલયો એમ કુલ મળી ૧૦૮૩ હોસ્ટેલમાં ૬૯ હજાર જેટલાં બાળકોને રહેવા તથા જમવાની સગવડો આપવામાં આવે છે. આદિવાસી બાળકોની તંદુરસ્તી માટે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ચિંતા કરી છે. જો તંદુરસ્ત બાળક હોય તો તંદુરસ્ત શિક્ષણ મેળવી શકે. આ માટે આદિજાતિ વિસ્તારની શાળાઓમાં દૂધ સંજીવની યોજના શરૂ કરવામાં આવી છે.

શ્રી પુનાભાઈ ઢે. ગામિત(વ્યારા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વન અને પર્યાવરણ વિભાગ તેમજ આદિજાતિ વિકાસ વિભાગોની માંગણી ક્રમાંકઃ ૨૬, ૯૩ અને ૯૬ લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર અને માનનીય મંત્રીશ્રીની ફરજમાં આવે છે કે ગ્રામ્ય વિસ્તારોમાં અને વન વિસ્તારોમાં રહેતાં તમામ લોકોને સુખ અને સગવડની સુવિધા પૂરી પાડવી જોઈએ. હું ખાસ નમ્ર વિનંતી સાથે તેઓની કેટલી સમસ્યાઓની રજૂઆત કરવા માગું છું. આખા રાજ્યની વાત નથી કરતો અમારા બે ડોલવણ અને વ્યારા તાલુકા વચ્ચે પૂર્ણા નદી આંબાપાણી ગામમાંથી પસાર થાય છે. આંબાપાણી ગામમાં ઈકો ટુરિઝમ છે. ઘણાં બધાં પ્રવાસીઓ આવે છે. તેમને જવા માટે ૧૩ કિ.મી. વાયા ડાંગ થઈને જવું પડે છે અને જો સીધા જવું હોય તો ફક્ત ૧ કિ.મી.ના અંતરે ત્યાં પહોંચી જવાય. ઘણા બાળકો તણાયાં છે, ઘણા લોકો પુલ ક્રોસ કરવામાં પડી પણ ગયા છે. જો ત્યાં પુલની જોગવાઈ થાય અને ડુબાવ પુલ પણ થાય તો ઈકો ટુરિઝમ જેવી સ્થાપના કરેલી છે અને માનનીય ગણપતભાઈ અને પ્રવાસન મંત્રીશ્રીએ ત્યાં ખૂબ સારું બધું વિકસાવ્યું પણ છે. વાયા ૧૪ કિ.મી. ન જવું પડે એના માટે એમના બજેટમાં જે જોગવાઈ કરવામાં આવેલી છે તેમાંથી બજેટમાં પુલની જોગવાઈ કરે અને સાથે બીજું પણ એ કહું છું કે, પૂર્ણા નદીમાંથી ડોલવણ અને વ્યારા તાલુકામાં પાણી મળી રહે એવી સિંચાઈની પણ સુવિધા કરવા માટે બજેટમાં જોગવાઈ કરવી જોઈએ એવી મારી એમની પાસે માંગણી છે. સિંચાઈની ઘણી બધી વાતો થઈ છે અને એમ કહે છે કે તાપી જિલ્લામાં ઘણું બધું કર્યું છે અને આપ્યું છે. હજુ પણ ૩૪ જેટલાં ગામડાઓ વ્યારા અને ડોલવણ તાલુકામાં આજે બિનપિયત ગામડાઓ છે. પીવાના પાણીની પણ સમસ્યા ઊભી થાય છે. મારા ખૂબ નજીકના માણસ છે એટલે કાયમી ધોરણે અમે બધાં એમની સાથે લડતાં જ રહીએ છીએ. દૂરના માણસ હોય તો નહિ લડે. માનનીય મંત્રીશ્રીને મારે ખાસ વિનંતી છે કે આવી બધી જે સમસ્યાઓ છે એમાં શિક્ષણ અને આરોગ્યની સુવિધા પૂરી પાડવામાં આવે. માનનીય નરેશભાઈ મારા મિત્ર છે. એમણે કહ્યું કે ડાંગમાં બ્લડ બેંકની જરૂર હતી એ કરી નાંખી છે. માનનીય મંત્રીશ્રીને મારે એ પણ કહેવું છે કે છેલ્લાં કેટલાંક વર્ષોથી મારી રજૂઆત પણ રહી છે કે વ્યારાની જનરલ હોસ્પિટલમાં સીટી સ્કેન અને એમ.આર.આઈ. જેવા મશીનોની સમસ્યાના હલ માટે પણ આદિજાતિ વિકાસ વિભાગના બજેટમાં જોગવાઈ કરીને વ્યવસ્થા કરવી જોઈએ. કારણ કે જ્યારે એક્સિડન્ટ થતાં હોય ત્યારે સુરત જવા સિવાય બીજો કોઈ આરો નથી. સુરત જવા માટે ૬૫ થી ૭૦ કિ.મી. જવું પડે છે. જ્યારે એક્સિડન્ટ થાય છે ત્યારે સુરત લઈ જતાં રસ્તામાંમાણસ મરી પણ ગયા છે. ત્યારે એ સમસ્યા દૂર કરવા માટે પણ મારે ખાસ મંત્રીશ્રી ગણપતભાઈને વિનંતી છે કે, આ સમસ્યાને દૂર કરવાનું પણ તમારા હાથમાં છે, તમારી પાસે પૂરતી બજેટમાં જોગવાઈ પણ છે. આ આદિવાસી વિસ્તારમાં જે જિલ્લો આવેલો છે, એ વિસ્તારના તમામ લોકોને સુખ મળે, સગવડતા મળે અને માણસો મરતો બંધ થાય એ માટે મારી ખાસ વિનંતી પણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે ઉચ્ચછલ અને સાંગડ તાલુકામાં ખેતીના માટે જે પાઈપ લાઈન નાખવામાં આવેલ છે અને ઝાંખરી નદીમાં પાણી નાંખવાની જે વાત કરી છે, ત્યાંથી પછી બીજા ૩૪ ગામડાં અમારા ડોલાણા અને વ્યારા તાલુકાના ત્યાંથી પણ પાણી આપી શકાય, હાલ પણ પાણી આપી શકાય તેવું ત્યાં ઝાંખરી નદીમાં પાણી છે ત્યારે ત્યાંથી પાઈપ લાઈન કરીને સિંચાઈની વ્યવસ્થા માટે આદિજાતી વિભાગમાંથી જોગવાઈ થાય એવી મારી ખાસ માંગણી અને લાગણી છે. હું કંઈ ટીકા ટીપ્પણી કરતો નથી, પણ પ્રજાની જે માંગણી છે, પ્રજાની સમસ્યા છે, એ સમસ્યા દૂર થાય એટલા માટેમારી આ લાગણી અને માંગણીની મેં માનનીય મંત્રીશ્રીને રજૂઆત કરી છે. મારે એ પણ કહેવું છે કે, જયારે જયારે ખેડૂતોને મુશ્કેલી પડે છે, જયારે

આકાશી આફત પડી છે તે વખતે પણ જેને વળતર મળ્યું નથી ત્યારે બજેટમાંથી પણ એવા ખેડૂતોને કંઇક વળતર મળે એ દિશામાં માનનીય મંત્રીશ્રી વિચારે અને કરે અને એની પણ જોગવાઇ કરે એવી મારી ખાસ લાગણી છે.આભાર.

અધ્યક્ષશ્રી : હજુ તમારી પાસે દોઢ મિનિટ છે, પેલી વાત ફરી રિપીટ કરી દો, વાંધો નહી, તમારી માંગણી હોય તો રિપીટ કરી દો.

શ્રી પુનાભાઇ ઢે. ગામિત : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની વાત આવી છે, શિક્ષણ જગતમાં અત્યારે જે વર્ગો બંધથઇ રહ્યા છે, અહીંયા મંત્રી સાહેબ પણ બેઠા જ છે, જયારે એમાં પણ આદિવાસી પટ્ટામાં જે વર્ગશાળાઓ બંધ થવાના આરે છે, એ વર્ગ શાળાઓ પણ પુનર્જીવિત રહે અને શરૂ રહે, એવી મારી માનનીય મંત્રીશ્રી પાસે ખાસ માંગણી છે. એમાં પણ માનનીય મંત્રીશ્રી ગણપતભાઇ સાહેબને મારી ખાસ નમ્ર વિનંતી છે કે, જંગલ વિસ્તારમાં જે કોતરો છે, એ કોતરોને નદી નાળા પણ બની શકે, એને સગવડતા મળે એ માટે એમને મારી ખાસ નમ્ર વિનંતી છે અને બીજું કે, જયારે જયારે આવા કોઇ કિસ્સાઓ બને છે, અકસ્માતો થાય છે, એક્સિડન્ટલી અકસ્માતો થયા છે. એવા સંજોગોમાં પણ જયારે બીજા લોકોને સહાય ચૂકવવામાં આવે છે, અમારા લોકો જે એકસપાયર્ડ થઇ જાય છે એવાને એક્સિડન્ટલી કેસમાં ખાસ કિસ્સામાં જે જોગવાઇ થતી નથી, એ માટે પણ સગવડતા થાય એવી મારી લાગણી છે.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરુ થાય છે. માનનીય મનિષાબેન વકીલ,

શ્રીમતી મનીષા વકીલ(વડોદરા શહેર) : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ વિકાસના મંત્રીશ્રી જે માંગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા બાળ વિકાસની વાત હોય ત્યારે ખાસ કહીશ કે ગૃહથી લઇને ગ્લેમર સુધી, ખેતરથી લઇને ખેલજગત સુધી, શિક્ષણથી લઇને સૈન્ય સુધી, ઓટોમોબાઇલથી લઇને અંતરિક્ષ સુધી આજે બહેનો સર્વ ક્ષેત્રે પ્રગતિ કરી રહી છે. સમાજ જીવનમાં ૫૦ ટકા હિસ્સેદારીમહિલાઓની છે. મને આજે કહેતા ખૂબગર્વ થાય છે કે, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળ ભાજપની જે સરકાર છે, બહેનોના સશકિતકરણ માટે, બહેનો સ્વનિર્ભર બને, એમનું ગૌરવ વધે એ માટે થઇને દિનપ્રતિદિન અનેક યોજનાઓ સરકાર લાવી રહી છે. જયારે આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે મહિલા અને બાળ વિકાસનો વિભાગ જ ન હતો તેમના નેતૃત્વમાં આ વિભાગની રચના થઇ અને અનેક યોજનાઓનો લાભ ગુજરાતની બહેનોને મળ્યો છે. મારે વાત કરવી છે આંગણવાડીની તેડાગર બહેનોની, આ આંગણવાડીની બહેનો એટલે કે તેની પાસે જે નાનું બાળક ભણવા આવે એ બાળકને શિક્ષણ અને સંસ્કાર પૂરવાનું પાયારૂપી કામ કરતી એટલે આંગણવાડીની કાર્યકર અને તેડાગર બહેનો. જેમ કૃષ્ણ ભગવાનને જન્મ આપનાર માતા દેવકી હતા અને તેઓનો ઉછેર કરનાર માતા યશોદા એવી જ રીતે આ આંગણવાડીમાં આવતા બાળકોનો ઉછેર માતા યશોદાના સ્વરૂપે આ આંગણવાડીની બહેનો કરતી હોય છે. આમ આ આંગણવાડી બહેનો માતા યશોદાનું કામ કરે છે. તેથી જ આ બહેનોને રાજય સરકાર દ્વારા માતા યશોદા એવોર્ડથી સન્માનીત કરવામાં આવે છે. અને સન્માન પણ કેવું? કોઇ કલેકટરે શ્રેષ્ઠ કામગીરી કરી હોય, કોઇ ડી.ડી.ઓ. એ રાજય સ્તરે શ્રેષ્ઠ કામગીરી કરી હોય તેને જે રકમ મળે તેનાથી પણ વિશેષ રકમથી આ બહેનોને નવાજવામાં આવે છે. વર્ષ ૨૦૧૮-૧૯ની માહિતી પ્રમાણે રૂપિયા ૧ કરોડ ૭૫ લાખના ખર્ચેલગભગ ૧૦૭૭ જેટલી બહેનોને આ માતા યશોદા એવોર્ડ આપવામાં આવ્યા છે.

મારે આજે વાત કરવી છે કુપોષણની, ગુજરાતને કુપોષણથી મુક્ત કરવા માટે સરકાર બાળકોને ખાસ કરીને તબીબો પાસે લઇ જાય, ડોકટર એમની દેખરેખ રાખીને સારવાર આપે છે અને આ અભિયાન માટે રૂપિયા ૯૩૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મને કહેતા આનંદ થાય છે કે ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યો, ખાસ કરીને અમારી મહિલા ધારાસભ્યો પોતાના વિસ્તારમાં કુપોષિત બાળકોનું ધ્યાન રાખીને આયોજનબદ્ધ આ બાળકોને કેવી રીતે લાભ મળે તેની ચિંતા કરતી હોય છે. મારે વિપક્ષમાં બેઠેલા સભ્યશ્રીઓને કહેવું છે કે જયારે તેઓ કુપોષણની વાતો કરતા હોય ત્યારે મારે એટલું જ કહેવું છે કે ''પ્રારબ્ધને અહીં ગાંઠે છે કોણ, હું પડકાર ઝીલનારો માણસ છું, તેજ ઉછીનું લઇને નહીં, જાતે બળતું ફાનસ છું''. કહેવાનો મતલબ એ છે કે આપણા વિસ્તારમાં આવા બાળકો હોય, જો આપણા જાણીતા હોય, ઓળખતા હોઇએ તો એ બાળકોને આવા સેવા કેન્દ્ર સુધી ન લઇ જવાય? શું એ કામ ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યોનું જ છે? શું કોંગ્રેસના ધારાસભ્યો આ બાળકોનું સ્વાસ્થ્ય વિચારીને શું એમને આ સેવા કેન્દ્ર સુધી ન લઇ જઇ શકે?

મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા મહિલાઓના કલ્યાણની સાથે સુરક્ષા પર પણ વિશેષ ભાર આપવામાં આવ્યો છે. મારે ''અભયમ્'' ૧૮૧ મહિલા હેલ્પ લાઇનની વાત કરવી છે. રાજયની મહિલાઓની સુરક્ષા એ અમારી પ્રાથમિકતા હોવાથી વર્ષ ૨૦૧૫થી આ હેલ્પ લાઇન શરૂ કરવામાં આવી, 24x7 રાત દિવસ આ હેલ્પલાઇન કાર્યરત છે, જેના કારણે રાજયની કિશોરી, યુવતિઓ અને મહિલાઓ નિર્ભય બન્યા છે, સાથે જ આધુનિક સમયમાં ટેલીફોનથી થતી છેડતીને અટકાવવામાં પણ આ હેલ્પફૂલ રહે છે. અત્યાર સુધીમાં લગભગ ૮ લાખ ૨૫ હજાર મહિલાઓએ આનો લાભ લીધો છે. અને તાત્કાલિક ૧ લાખ ૬૬ હજાર બહેનોને બચાવી લેવામાં આવી છે અને ૧ લાખથી વધુ મહિલાઓ-યુવતિઓએ આ એપ્લિકેશનનો ઉપયોગ કરેલો છે. મારે વાત કરવી છે સખી સેન્ટરોની, રાજયની મહિલા કે જેને કોઇ તરછોડી દે, તેનો કોઇ આધાર ન હોય, તેના આધાર તરીકે આપણી સરકારે શરૂ કરેલા સખી સેન્ટરો રાત દિવસ તેના આધાર સ્તંભ બનીને આશ્રય, સારવાર, કાનૂની મદદ નિઃસ્વાર્થ ભાવે કરે છે. તમામ જિલ્લાઓમાં આ કેન્દ્રો રાત દિવસ સેવા આપે છે. જેના દ્વારા લગભગ

૧૧૫૦૦ મહિલાઓને વિવિધ સેવાઓ આપવામાં આવી છે. આપ સૌને જણાવતા આનંદ થાય છે કે લોકડાઉનમાં પણ આ કેન્દ્રો અવિરત કાર્યરત રહીને ઘરથી વિખૂટી થયેલી, આશ્રય વગરની બહેનોને મદદ કરેલી છે. મારે નારી અદાલત વિશે પણ વાત કરવી છે. ગુજરાત રાજયની આ એક આગવી પહેલ છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રીમતી મનીષા વકીલ : માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

શ્રી વિજયભાઇ ર. પટેલ(ડાંગ):માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા સાહેબ માગણી નંબર ૯૩ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું. આજે આ રાજય સરકાર માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણા મંત્રીશ્રીને ખૂબ અભિનંદન આપવા પડે એટલા માટે કે અમારા આદિવાસી સમાજના ઉત્થાન માટે સૌ પ્રથમવાર એક લાખ કરોડ રૂપિયાની જોગવાઇ પંચવર્ષીય કરી છે એના માટે ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

આજે માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને યાદ કરવા પડે. કારણ કે આજના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જયારથી આ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા ત્યારથી તેમને આદિવાસી વિસ્તારનો સર્વાંગી વિકાસ થાય એના માટે વનબંધુ કલ્યાણ યોજના અમલમાં લાવ્યા. અને આ વનબંધુ યોજનાની અંદર દસ જેટલા મુદ્દા આવરી લેવામાં આવ્યા અને એના કારણે આ અમારા આદિવાસી વિસ્તારની અંદર રસ્તા હોય, પાણી હોય, વીજળી હોય, આરોગ્યહોય કે શિક્ષણ હોય દરેક ક્ષેત્રની અંદર આજે સર્વાંગી વિકાસ થયો છે. ભૂતકાળમાં અમારા આદિવાસી વિસ્તારમાં અમે એના સાક્ષી છીએ કે અમારા ગામોમાં પીવાના પાણી માટે બે–બે કિલોમીટર સુધી ચાલતા જવું પડતું હતું અને લાલ ટેન્કરો અમારા આદિવાસી વિસ્તારમાં ચાલતા હતા. પરંતુ જયારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી આદિવાસી વિસ્તારની અંદર જે ગામો આવેલા છે એની અંદર પીવાના પાણી માટે પાઇપ લાઇન અને નળથી પીવાનું પાણી આપવામાં આવે છે.અમારી આ સરકારે અનેક યોજનાઓ મંજૂર કરી છે. અને આદિવાસી પેટાપરા હેઠળ અમારા આદિવાસી વિસ્તારમાં ૨,૮૪૧ ગામોના પ્રગતિ હેઠળના કામો તથા ૧,૯૪૧ ગામોના મંજૂર થયેલા પાણી પુરવઠાના કામો માટે રૂપિયા ૧ હજાર કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સરફેસ વરસાદ આધારિત જૂથ પાણી પુરવઠા યોજના મારફતે વડોદરા, દાહોદ, મહીસાગર, છોટાઉદેપુર, પંચમહાલ, સુરત, નવસારી અને વલસાડ જિલ્લામાં બલ્ક પાઇપ લાઇન યોજનાના કામો માટે રૂપિયા ૯૬૮ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. આવા તો અનેક કામો આ અમારા આદિવાસી વિસ્તારની અંદર થયા છે અને આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી જ અમારા આદિવાસી સમાજની અંદર એક વિકાસનો સૂરજ ઉગ્યો છે એવું કહેવાય તો કંઇ ખોટું નથી. આજે આદિવાસી વિસ્તારની અંદર છોટાઉદેપુર હોય, ભરૂચ હોય, નર્મદા હોય, સુરત હોય કે પંચમહાલ હોય કે અરવલ્લી હોય તાપી હોય કે ડાંગ જેવા વિસ્તારની અંદર આજે ૧૨૭૮ ગામોની અંદર રૂપિયા ૧,૬૫૧.૨૮ કરોડની યોજનાઓ પૂર્ણ કરવામાં આવી છે. એનાથી આગળ જઇને હું વાત કરું તો અમારા આદિવાસી વિસ્તારની અંદર જે ભારતીય જનતા પાર્ટીની સરકારે સિંચાઇની વ્યવસ્થા કરી છે એના કારણે આજે આદિવાસી ખેડૂત રોકડીયા પાક કરીને શાકભાજી, ફળફળાદી કરીને વાડીઓ કરીને, શેરડી કરીને કે ભીંડાની ખેતી કરીને કારેલાની ખેતી કરીને આજે રોકડીયા પાક મેળવતો થયો છે અને એના કારણે એમના જીવન ધોરણમાં ખૂબ બદલાવ આવ્યો છે એના કારણે જે માઇગ્રેશન થતું હતું એ માઇગ્રેશનમાં ઘટાડો થયો છે અને અમારા આદિવાસી સમાજના બાળકોને એના કારણે સારું શિક્ષણ મળી રહ્યું છે.

આ રાજય સરકારે આદિવાસી વિસ્તારની અંદર સિંચાઇની યોજના કરીને ખેડૂતોને વધારે લાભ મળે એના માટે ઉકાઇ જળાશય આધારિત સોનગઢ, ઉચ્છલ, નિઝર માટે ઉદ્વહન સિંચાઇ યોજના માટે ૯૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. દાહોદ જિલ્લાની કડાણા જળાશય આધારિત યોજના માટે ૧૧૦૦ કરોડ રૂપિયા, નર્મદા જિલ્લાના ડેડીયાપાડા અને સુરત જિલ્લાના ઉંમરપાડા તાલુકા માટે તાપી કરજણ લીંક પાઇપ લાઇન સિંચાઇ યોજના માટે ૭૫૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. પંચમહાલ જિલ્લાની પાનમ યોજના માટે ૨૪૯ કરોડ રૂપિયા, દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લાની કાકરાપાર ગોધરા સિંચાઇ યોજના માટે રૂપિયા ૫૧૧ કરોડ, કરજણ જળાશય આધારિત નેત્રંગ, વાલીયા, ઝઘડીયા, માંગરોળ યોજના માટે ૪૧૮ કરોડ રૂપિયા. નવસારી જિલ્લાનો મારા મિત્ર નરેશભાઇ છે એમના વિસ્તારની અંદર પણ રીચાર્જ યોજના માટે ૩૬૦ કરોડ રૂપિયા. ઉકાઇ, પૂર્ણા હાઇ લેવલ કેનાલ તથા માઇનોર કેનાલ માટે ૯ કરોડ રૂપિયા આમ રાજયના આદિવાસી વિસ્તારની અંદર સિંચાઇ માટે ૧૭૦ જેવા નાના ચેકડેમો, ૧૦૦ જેવા મોટા ચેકડેમો અને ૧૮૦ જેવા તળાવોના કામો કરીને આદિવાસી વિસ્તારની અંદર આજે ખૂબ મોટું કામ કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળ જાણો છો. ત્યારે વીજળી આવતી હતી, લાઇટ આવતી હતી, એ કયારે આવે અને કયારે જતી રહે અને જતી રહે તો પાછી કયારે આવશે એની કોઇ ગેરન્ટી નહોતી આપતા. ભૂતકાળની સરકારમાં જતી રહેતી તો અમારા આદિવાસી વિસ્તારના દરેકના ઘરે ફાનસ હતા, દીવા હતી, ચીમની હતી, જેવી લાઇટ જાય તો અમે તરત કહેતા કે ચાલો ભાઇ ફાનસ સળગાવો, ચીમની સળગાવો અને એના આધારે રહેતા હતા. કારણ કે લાઇટની ગેરન્ટી નહોતી આપતા. પણ જયારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી મને ખૂબ આનંદ થાય છે કે આ જયોતિગ્રામ યોજનાની શરૂઆત માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે અમારા જેવા આદિવાસી વિસ્તાર ડાંગ જિલ્લાથી શરૂઆત કરીને આજે કદાચ આવી કોઇ જગ્યાએ લાઇટ જાય તો તરત જ બધા કહે કે પાંચ મિનિટ થોભી જાવ, પાંચ દસ મિનિટમાં લાઇટ આવી જશે. આ એક

પરિવર્તન છે અને આ એક વિકાસ છે એ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપેલ છે. હું ડાંગ જેવા વિસ્તારમાંથી આવું છું, એ જંગલ વિસ્તાર છે. માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી(દાંતા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નં. ૨૬, ૯૩, ૯૬ અને ૧૦૫ લઇને આવ્યા છે ત્યારે મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું ટ્રાઇબલ વિસ્તારમાંથી આવું છું. આદિવાસી અંગેની માગણી નં. ૯૩ ઉપર ચર્ચા થતી હોય ત્યારે હું એવા વિસ્તારમાંથી આવું છું. આ ગૃહમાં બેઠેલાં સર્વે ધારાસભ્યશ્રીઓને ખબર હશે કે અંબાજી આજુબાજુનો વિસ્તાર ૬૦થી ૭૦ ટકા આદિવાસી છે. મેં હમણાં બહુ સાંભળ્યું કે આદિવાસીઓના નામે ટ્રાઇબલની જે ગ્રાન્ટ આવે છે તે ગ્રાન્ટ હું ચોખ્ખે ચોખ્ખું એમ કહી શકું છું, આંકડાની માયાજાળમાં હું ચોખ્ખું નથી કહી શકતો અને હું પડવા પણ નથી માગતો, એટલા માટે કે મારો દાંતા અને અમીરગઢ તાલુકો ટ્રાઇબલ હોવા છતાં પણ ટી.એસ.પી.માં લેવામાં આવ્યો નથી. હું મંત્રીશ્રીને એ વિનંતી કરું છું કે આ બન્ને તાલુકા ટી.એસ.પી.માં સમાવેશ કરે. આ આદિવાસી વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ જોતાં આ વિસ્તાર છૂટોછવાયો છે. સૌથી પહેલાં નીતિનભાઇને વિનંતી કરું. આદિવાસી તરીકે વારેઘડીએ કદાચ અમે એ બાજુ ટકોર કરતા હોઇએ પણ અમને ગમે તેમ ટકોર કરીને કમજોર કરવામાં આવે એવું લાગી રહ્યું છે.મેં અગાઉ એક ચર્ચામાં વાત કરી હતી, મારા વિસ્તારની અંદર મોટા ભાગે રસ્તાઓ નથી પણ સાથે સાથે એ પણ અત્યારે કહી શકું છું કે કદાચ અહીં બેઠે મામા–માસીનો વહીવટ તો નથી ચાલતો ને, એ એટલા માટે કહેવા માગું છું. આ ગૃહમાં બેઠલાં ધારાસભ્યો ધારાસભ્ય તરીકે રૂપિયા ૨૦૦–૨૦૦ કરોડના રસ્તા માગી શકતા હોય તો આ ગૃહના એક ધારાસભ્ય તરીકે મારી પણ ફરજ છે, મારો અધિકાર છે, હું રસ્તાઓ માગી શકું છું. મને ગયા વર્ષે રસ્તાઓ નહોતા આપ્યા. આ વર્ષે પણ રસ્તાઓ આપવામાં આવ્યા નથી અને કદાચ દાંતા વિધાનસભામાં જો ગ્રાન્ટ વધારે આપી હોય તો માં અંબાજીના યાત્રાધામને લીધે કદાચ વધારે ગ્રાન્ટ આપી હશે, એ આપની નૈતિક ફરજ છે. એનાથી અલગ મારા વિસ્તારમાં વધારે ગ્રાન્ટ આપે એવી અપેક્ષા રાખું છું. સાથે સાથે વિનંતી પણ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, તેના સિવાય આદિવાસીઓની જ્યારે વાત કરું છું ત્યારે મારા પ્રવચનમાં અગાઉ કહી દીધું છે કે આદિવાસીઓને જે જમીનના હક્ક આપવાના છે એ એમની માગણી પ્રમાણે અને એમનો જે કબજો છે એ પ્રમાણે અમારા ટ્રાઇબલ વિભાગના મંત્રીશ્રી પાસેથી ફરીથી અપેક્ષા રાખું છું. ઉત્તર ગુજરાતની અંદર ધારાસભ્યો મારા પહેલાં કહી ચૂક્યા કે કદાચ ઉત્તર ગુજરાતનું નામ નહોતું આવ્યું તો એવું લાગે કે ટ્રાઇબલની સૌથી વધારે ગ્રાન્ટ કદાચ દક્ષિણમાં તો નથી જતી ને? હું એ વિનંતી કરવા માગું છું કે કદાચ નછૂટકે એવું થયું હોય તો ઉત્તર ગુજરાતમાં ધ્યાન આપે એવી વિનંતી કરું છું અને ઉત્તર ગુજરાતને વધારે ગ્રાન્ટ આપે એવી અપેક્ષા રાખું છું. જંગલ વિભાગમાં અંબાજીની આજુબાજુના વિસ્તારમાં જે અંબાજી બજાર છે તેને અડીને ૨૦૦ મીટરની આજુબાજુ આદિવાસીઓ રહેતા હતા. માનનીય મંત્રીશ્રી સાહેબને એ વિનંતી કરું છું કે આપ આદિવાસી વિભાગ લઇને બેઠા છો ત્યારે આદિવાસી પ્રત્યે લાગણી રાખીને જે સત્ય હોય એ બહાર લાવવા માટે વિનંતી કરું છું. ૨૦૦ મીટરથી વધારે બાજુમાં જે આદિવાસીઓ હતા એ આજની તારીખમાં ૫–૫ કિલોમિટર દૂર જતા રહ્યા છે એનું આપ ઉંડા ઉતરીને કારણ જોજો કે ૭૩–AA ની અંદર મંજૂરી લીધા વગર એ વિસ્તારના ક્યાંકને ક્યાંક ફોલ્ડરીયા તો નથી કહેતો પણ ત્યાં કોઇક દલાલો મારફતે આદિવાસીઓની જમીન ૧૦૦ વર્ષના ભાડા પેટે દસ્તાવેજ કરીને આદિવાસીઓની જમીન હડપ કરી જાય. તો સૌથી પહેલા આપને એ વિનંતી કરું કે આ આદિવાસીઓની જમીન જઇ રહી છે એ આપ રોકો એવી વિનંતી કરું છું. એ વિસ્તારમાં સિંચાઇ બાબતમાં જે ખૂણા ખાંચરડા છે એમાં સૌથી પહેલા આપણી ટ્રાયબલની ગ્રાન્ટ અથવા તો ગમે તે યોજના બનાવી સિંચાઇના ચેકડેમો બનાવીને જમીનો અને તળાવમાં પાણી નાખે એવી વિનંતી કરું છું. સાથે સાથે દક્ષિણ ગુજરાતની અને સૌરાષ્ટ્રની વાતો થાય ત્યારે ઉત્તર ગુજરાતની જનતા આપણી પાસે અપેક્ષા રાખીને બેઠી છે કે નર્મદાનું પાણી ક્યારે ઉત્તર ગુજરાત અને બનાસકાંઠા જિલ્લામાં આવે. બનાસકાંઠા જિલ્લાના દક્ષિણ ભાગની અંદર પાણી આવે છે, કહેવાય છે કે અમે બનાસકાંઠા જિલ્લાના દક્ષિણ ભાગને અમે પાણી આપીએ છીએ પણ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના પાલનપુર, વડગામ, દાંતા, અમીરગઢની અંદર પાણી નથી મળતું. હું આપના પાસે એ અપેક્ષા રાખું છું કે એમને પીવા માટે પાણી અને ખેતી માટે પાણી આપો. ટ્રાયબલ તાલુકો હોવા છતાં એ વિસ્તારમાંથી વિદ્યાર્થીઓને બીજા જિલ્લાની અંદર ભણવા માટે જવું પડતું હતું તો માનનીય મત્રીશ્રી પાસેથી એ અપેક્ષા રાખું છું કે ઉત્તર ગુજરાતના બનાસકાંઠાના અમીરગઢ, દાંતા તાલુકાની અંદર આદિવાસી વિદ્યાર્થીઓ અને બહેનો માટે એક સાયન્સ કોલેજ આપે એવી વિનંતી કરું છું.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર(સંતરામપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબર –૯૩ અને ૯૬ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી સમાજના વિકાસની વાત અને એમના શિક્ષણની વાત મિત્રો, વર્ષોથી આ ગૃહમાં થાય છે અને માનનીય વિપક્ષના નેતાઓ એને વાગોળે પણ છે અને સાથે સાથે મને કહેવામાં આવ્યું કે તમે કોંગ્રેસની સરકારમાં ભણ્યા. હું જરૂર કોંગ્રેસની સરકારમાં ભણ્યો પણ નોકરી મને ભા.જ.પ.ની સરકારમાં મળી છે. મેરીટના ધોરણે નોકરી આપવાનું કામ ભા.જ.પ.ની સરકારે મિત્રો કર્યું.કોંગ્રેસની સરકારમાં **अपनेवालों को सेट करो और दूसरे को फीट करो ।** એવી નીતિ ચાલતી હતી. ૮૦ ટકાવાળો ઘરે ફરતો હોય અને ૫૦ ટકાવાળો રૂપિયા ૫ લાખ આપીને નોકરી કરતો હોય. એમાંથી મુકિત આપવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. મિત્રો, હું એક શેર કહીને શરૂઆત કરું

છું, **रफीकों से रकीब अच्छे है, जो जलकर नाम लेते हैं, गुलों से खार अच्छे है, जो दामन थाम लेते हैं ।**માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ મનુષ્યની જીવનની સમસ્યાનું નિદાન જો કોઇ હોય તો એએજયુકેશન છે. Education is the chief defense of Nation. આ રાષ્ટ્રની સંપત્તિ એ એજયુકેશન છે. જો માણસને એજયુકેશન આપવામાં આવે તો એની તમામ સમસ્યાઓનું નિદાન મિત્રો થાય પણ નસીબજોગે આ ગુજરાતમાં ૪૫–૪૫ વર્ષ સુધી કોંગ્રેસનું શાસન રહ્યું, દેશમાં ૬૦–૬૦ વર્ષ સુધી શાસન રહ્યું, પણ કોંગ્રેસના મિત્રોએ અમારા આદિવાસી સમાજને સૂત્ર આપ્યું હતું કે ''**सूखी रोटी खायेंगे, कॉगेस को लायेंगे।**'' અમારા વડવાઓને બીજું એક સૂત્ર આપ્યું હતું, ''ગરીબો હટાવો'' આ સૂત્રો અમને કોંગ્રેસના મિત્રોએ આપ્યા હતા. સાથે સાથે અમને બીજું એક એ સૂત્ર પણ આપ્યું હતું કે ''**आधी रोटी खायेंगे और इंदिरा को लायेंगे ।**'' તમે તો અડધી રોટલી ખાવાની વાત અમારા વડીલોને કરી હતી. પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ એ તબક્કા ઉપર આગળ વધીને અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે આખા ગુજરાતમાં એજયુકેશન ઉપર ધ્યાન આપ્યું અને આપણા દેશના વડાપ્રધાનશ્રી સન્માનનીય નરેન્દ્રભાઇ મોદીસાહેબે જયારે દેશમાં વર્ષ ૨૦૦૧માં સરવે કર્યો ત્યારે સાચા અર્થમાં ધ્યાન આપ્યું કે અમારા આદિવાસી વિસ્તારમાં ૧૦૦ વ્યકિતએ માત્ર ૪૭ લોકો ભણેલા હતા અને મહિલાઓમાં ૧૦૦ બહેનોમાંથી માત્ર ૩૨ બહેનો ભણેલી હતી.દેશની આઝાદી પછી દેશની સ્થિતિ વર્ષ ૨૦૦૧માં આ હતી. દેશના વડાપ્રધાન સાહેબે સૌ પ્રથમ કન્યા કેળવણી મહોત્સવ અને ગામડે ગામડે કન્યા કેળવણી રથોની શરૂઆત કરીને અમારા આદિવાસી સમાજને ભણાવવાનનું કામ કર્યું. એના ભાગરૂપે વર્ષ ૨૦૦૧માં આદિવાસી સાક્ષરતા દર ૪૭.૭ હતો. જે વર્ષ ૨૦૧૧માં સુધરીને આગળ વધ્યો અને આજે ૭૯ ટકા પર પહોંચ્યો છે. ડ્રોપ આઉટ રેશિયો એ સમયે માત્ર ભૂતિયા વર્ગો, ભૂતિયા સ્કૂલો, ભૂતિયા શિક્ષકો, ભૂતિયા વિદ્યાર્થીઓ ચાલતા હતા. આજે આઇ.ડી. નંબર આપીને સાચા અર્થમાં શિક્ષણમાં આમુલચૂર પરિવર્તન લાવવાનું કામ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. મને કહેતા આનંદ થાય છે કે અમારા આદિવાસી સમાજને શુટ અને બુટ પહેરાવવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. એકલવ્ય મૉડેલ સ્કૂલો હોય, લો–લિટરસી ગર્લ્સ સ્કૂલો હોય, અમારી સાયન્સ સ્કૂલો હોય, જેમાં વિદ્યાર્થીઓને શુટ અને બુટ પહેરાવવાનું કામ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગામડામાં સ્લેટથી નેટ સુધીનું શિક્ષણ આપવાનું કામ કર્યું છે. કે.જી. થી પી.જી. સુધીનું શિક્ષણ અમારા આદિવાસી સમાજને આપવાનું કામ કર્યું છે. વર્ષ ૨૦૦૭–૦૮માં ૯ લાખ વિદ્યાર્થીઓને ૩૮.૯૭ કરોડની પ્રિ–મેટ્રિક અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી હતી અને ૨૦૧૯–૨૦માં ગુજરાતમાં આદિવાસી સમાજના ૧૬ લાખ વિદ્યાર્થીઓને ૪૬૪.૮૦ કરોડની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી છે.ઘણીવાર મિત્રો કહે છે કે શિક્ષણનું બજેટ ક્યાં જાય છે? આ એના આંકડા છે. આદિવાસી વિસ્તારમાં ૮૦૩૫ પ્રાથમિક શાળાઓ, ૧૦૬૪ સેકન્ડરી શાળાઓ, ૫૦૯ ઉચ્ચ શિક્ષણની શાળાઓ સાયન્સ સાથેની શરૂ કરવામાં આવી. આજની સ્થિતિએ આદિજાતિ વિસ્તારોમાં ૪૭ એકલવ્ય મૉડેલ સ્કૂલ, રેસિડેન્શિયલ મૉડેલ સ્કૂલ ૪૩, સાક્ષરતા નિવાસી શાળાઓ, ૧૨ મૉડેલ ડે સ્કૂલ, ૫૭૮ આશ્રમશાળાઓ, ૭૪ આદર્શ નિવાસી શાળાઓ, ૭૧ કસ્તુરબા ગાંધી કન્યા વિદ્યાલયો, અમારા આદિજાતિ વસ્તારમાં છેલ્લા ૧૫ વર્ષમાં ૧૧ સાયન્સ કોલેજો આપી. ૨૩ કોમર્સ કોલેજો, ૪૫ આર્ટસ કોલેજો, ૨૦૫ છાત્રાલય શરૂ કરવામાં આવ્યા. એના પરિણામ સ્વરૂપ આદિવાસી સમાજના યુવાનો ભણતા થયા છે. મને કહેતા આનંદ થાય છે કે અમારા આદિવાસી સમાજના વિદ્યાર્થીઓને ઘર આંગણે ઉચ્ચ શિક્ષણ મળી રહે એના માટે રાજ્ય સરકારે બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીની સ્થાપના, દેશમાં પહેલીવાર કોઇ આદિવાસી સમાજના આગેવાનના નામે કરી હોય તો ગુજરાત સરકારે કરી છે.જપીપળા ખાતે રૂપિયા ૩૪૧ કરોડના ખર્ચે આજે યુનિવર્સિટી નિર્માણ થઇ રહી છે. પહેલીવાર આખા દેશમાં કોઇપણ યુનિવર્સિટીમાં વાઇસ ચાન્સેલરની નિમણૂક આદિવાસી સમાજના આગેવાન તરીકે આદિવાસી સમાજના નાગરિકની કરવામાં આવી છે.સાથે સાથે દેશને આઝાદી અપાવવા માટે માનગઢની ઘરતી પરથી લડ્યા હતા એવા ગુરુ ગોવિંદસિંહની યાદમાં ગુરુ ગોવિંદસિંહ યુનિવર્સિટીની સ્થાપના કરી. આના માધ્યમથી આજે અમારા વિદ્યાર્થીઓ ભણ્યા એમાં પી.જી. મેડિકલમાં ૨૨૧૮ વિદ્યાર્થીઓને રાજ્ય સરકારે ૨૨ કરોડ જેટલી ફ્રી આપી છે. આજે ૨૨૫૦ આદિવાસી વિદ્યાર્થીઓ મેડિકલનો અભ્યાસ કરી રહ્યા છે. માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે ત્યારે માગણી નં. ૯૬ જે આદિજાતિ પેટા યોજના અંગેની છે તેના પર મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આદિજાતિ વિસ્તાર ઉમરગામથી અંબાજી સુધી પટ્ટો લાગેલો છે ત્યારે ૧૪ જિલ્લાના ૫૩ તાલુકાઓ અને ૫૮૮૪ ગામોમાં ૯૦ લાખ જેટલી વસતિ ધરાવતો આદિવાસી વિસ્તાર આવેલો છે. જ્યારે હું ગૃહમાં બધાને સાંભળતો હતો ત્યારે અમુક સભ્યશ્રીઓ પોતાના મંતવ્યો રજૂ કરતા હતા અને પોતાના વિસ્તારના સૂચનો પણ કરતા હતા. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર અને અમારા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, અમારા દાહોદ જિલ્લાને હર હંમેશ એમના વકતવ્યમાં, એમના હૃદયમાં, એમના હૈયે દાહોદ જિલ્લો, ગમે ત્યાં વકતવ્ય હોય ત્યારે શ્રી મોદી સાહેબને દાહોદ જિલ્લો યાદ આવતો હોય ત્યારે તેમણે કડાણા જળાશય આધારિત નેવાનું પાણી મોભે ચડાવ્યું.કડાણાથી જળાશય આધારિત

પાણી, નેવાનું પાણી મોભાડે ચઢાવ્યું. દાહોદ જિલ્લો ઊંચાણમાં આવે અને કડાણા નીચે આવે. એ પાણી પાઇપ નાંખીને આખા દાહોદ જિલ્લાને ખેતીલાયક પાણી આપ્યું અને બેન ઉદ્ઘાટનમાં આવ્યા નહીં. આપણા દેશના વડાપ્રધાન મોદી સાહેબ જ્યારે આને જન્મની ભેટરૂપે લીમખેડા ખાતે ભૂમિપૂજન કરવા આવ્યા હતા ત્યારે આખા દાહોદ જિલ્લાને ખેતીલાયક પાણી તળાવમાં અને નહેરમાં પાણી નાખ્યું અને એ પાણી નાખવાથી વહેતા થયા. અમારા મુખ્યમંત્રી સાહેબ ઝાલોદખાતે આવીને એમના હાથથી ઉદ્ઘાટન કર્યું ત્યારે એમાં લોકોના ટોળેટોળા પાણી દેખવા આવ્યા અને સ્વાગત કરવા લાગ્યા. આજે ગંગાજળ ઘર આંગણે આવ્યું એટલે દીવો કરીને પાણીના વધામણા પણ કર્યા. આ પાણી વહેતું થવાથી કુવાના તળ ઊંચા આવ્યા. તે વખતે અમારી બહેનો કાંખમાં છોકરું અને માથા પર બેડું લાવીને એક–બે કિલોમિટર દૂરથી પાણી લાવતી હતી આજે અમારી બહેનોને પૂછો બે કિલોમિટર દૂર નથી જાવું પડતું. ઘર આંગણે હેડપંમ્પ, મોટર, કુવો, તળાવ બધે અમારી સરકારમાં પાણી મળી શકે છે. મારું કહેવાનું એ છે કે આ આદિવાસી અનાદિમાંથી પેદા થયેલા છે અને સૃષ્ટીના, ધરતીના માલિક કહેવાય છે ત્યારે આપણને કોડ નંબર શેનો જોઇએ? ધરતીનો મૂળ માલિક જન્મનાર વ્યક્તિ ઊઠે તો રામ, જાગે તો રામ, સૂવે તો રામ, આવો તો રામ, જાય તો રામ રામ. ખાતી વખતે રામ રામ, કોઇ ઘરમાં આવે તો રામ રામ, જાય તો રામ રામ પછી શેનો કોડ નંબર જોઇએ. ભગવાન જાતે જ કોડ આપી ગયા છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હમણાં જ મેં કવિતા લખી રામ રામ કીધું એટલે આપને ૬ લીટી નથી સંભળાવતો ખાલી છેલ્લી બે લીટી સંભાળવું છું. ગૃહ ત્યાગ કરો છો ત્યારની વાત છે.

**''વિરોધના વંટોળે અમને ત્યજીને જશો ક્યાં મિત્રો અમને રામ રામ કરીને?''**

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે અમારો આદિવાસી ખેડૂત ખેતી કરતો હોય ત્યારે જે અનાજ પાકે ત્યારે એ અનાજ ઘરની અંદર વાપરી નથી શકતો. પહેલા માતાજીને ડૂંડા ચઢાવવા જાય પાવાગઢ જાય અને અંબાજી પગપાળા ચાલતા જાય. રણુજા જાય, ત્રિપુરા જાય ગમે ત્યાં સંસ્કૃત્તિ અને પરંપરા પ્રમાણે અમારા આદિવાસી અનાજ ચઢાવીને પછી જ ઘરની અંદર ઉપયોગ કરતા હોય છે. ગામના કોઇ પણ છેડે આવેલા આદિવાસી ખેડૂત પહેલા અનાજ ચઢાવ્યા પછી જ ખાય. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આદિવાસી વનબંધુ કલ્યાણ યોજનાથી અમારા સમાજમાં જે બેન કહેતા હતા કે કોંગ્રેસના રાજમાં આશ્રમશાળાઓ, છાત્રાલયો બધું ખૂબ ચાલતું હતું પણ અમારા મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા સાહેબે ઠક્કર બાપાને યાદમાં રાખીને જે જૂની વર્ષોથી ચાલતી આશ્રમશાળાઓના સંચાલક કોંગ્રેસના હતા પણ હમણાં તે ભાજપના થઇ ગયા અને આપણી સાથે જ છે અને હમણાં તાલુકા–જિલ્લા પંચાયતની ચૂંટણીમાં મદદ કરી છે. આશ્રમશાળાઓના નવીનીકરણ અને મરામત માટે આ વખતે બજેટમાં રૂપિયા ૩૦ કરોડની જોગવાઇ કરી છે એટલે ચિંતા કરવા જેવું નથી. અમારી ભાજપની સરકાર ખૂબ પ્રગતિશીલ છે અને પ્રગતિશીલ રહેશે એનો અમને પણ વિશ્વાસ છે કે આદિવાસી વિસ્તારમાં સો ટકા કામ થશે અને આદિવાસી વિસ્તારમાં જે દવાખાના, રોડ-રસ્તા ખૂબ થઇ રહ્યાં છે. (અંતરાય) અમારા વિસ્તારના બંને તાલુકા સંજેલી અને ફતેપુરા તાલુકા આવે છે ત્યારે રેસ્ટ હાઉસ માટે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને થોડુંક સૂચન છે અને એટલા માટે આ બજેટની માગણીઓને સમર્થન કરું છું.

શ્રી અનંતકુમાર હ. પટેલ(વાંસદા) : આદિજાતિ વિકાસ મંત્રી માગણી નંબર ૯૩ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું. આદિવાસી વિસ્તારની પૂર્વ પટ્ટીમાં ૧૪ જેટલા જિલ્લામાં ૧૫ ટકા જેટલી વસ્તી ગુજરાતમાં ઘણી બધી જગ્યાએ છૂટાછવાયા છે. ભારતના બંધારણ પ્રમાણે અમને મૂળ નિવાસી કહેવામાં આવ્યા છે અને અમને ઘણી બધી જગ્યાએ અનુસૂચિ ૫ અને અનુસૂચિ ૬ મુજબ ઓટોનોમસનો દરજ્જો પણ આપ્યો છે. અનુસૂચિત વિસ્તાર ઘોષિત પણ કરવામાં આવ્યો છે ત્યારે ઘણી બધી જગ્યાએ અમને મજૂરો, દાડીયા જેવા નામોથી ઓળખે છે અને જાણે છે. આજે ગુજરાતમાં અને દેશમાં એવું કોઇપણ કામ અથવા એવા કોઇપણ રસ્તાઓ, એવા કોઇપણ વિધાનસભાગૃહ હોય, સંસદસભાના ગૃહ હોય કે કોઇ ડેમ હોય કે ચેકડેમ હોય, અમારો મજૂર અથવા અમારો આદિવાસી સમાજ છે એના વગર કોઇ બનાવવાનું વિચારી પણ ન શકે અને એના સિવાય કોઇપણ રીતે કામ ન કરી શકે. આદિવાસી સમાજ પૂર્વપટ્ટીમાં અરવલ્લી, સાતપૂડા, સહ્યાદ્રી જેવી પ્રાચીન ગિરિમાળાઓમાં ગીરના સિંહોની સાથેનેસમાં વસવાટ ધરાવે છે. નળસરોવરની આજુબાજુના કિનારા ઉપર રહે છે ત્યારે ઉચ્ચ શિક્ષણથી વંચિત રહી જવાની મને ચિંતા સતાવે છે. કારણ કે ઉચ્ચ શિક્ષણમાં ગુજરાતની પૂર્વપટ્ટીમાં યુનિવર્સિટીઓ સ્થાપવી જોઇએ અને એ આખા વિસ્તારમાં ટ્રાયબલ યુનિવર્સિટીઓ સ્થાપવી જોઇએ. રાજપીપળામાં યુનિવર્સિટીઓની સ્થાપના થાય છે પરંતુ મારે આદરણીય મંત્રીને પણ કહેવું છે કે સાબરકાંઠાના ભિલોડા, મેઘરજ વિસ્તારમાં તાપીમાં ઉચ્છલ, નિઝર વિસ્તારમાં, નવસારીમાં વાંસદા, વલસાડ, ઉમરગામમાં ટ્રાયબલ યુનિવર્સિટીઓ સ્થાપવી જોઇએ. હાલમાં મેડિકલ પ્રવેશ માટે વર્ષ ૨૦૧૮માં એડમિશનમાં કેટલાક ખોટા બિન આદિવાસીઓ આદિવાસીઓના પ્રમાણપત્ર લઇને આવી ગયા અને તેની બાબતમાં અમે ઘણીવાર રજૂઆત પણ કરી પરંતુ આજ સુધી અમારી રજૂઆતને સાંભળી નથી કે ત્યાં મેડિકલમાં ખોટા પ્રમાણપત્રો થકી જેમણે એડમિશન લીધું છે એમના અત્યાર સુધીમાં પ્રમાણપત્રો રદ કરવામાં આવ્યા નથી અથવા તો અત્યાર સુધીમાં એમના પ્રમાણપત્રોની ચકાસણી કરવામાં નથી આવી. ત્યારે મારે આદિજાતિ મંત્રીશ્રીને કહેવું છે કે જે સાચું છે તે સાચું અને જે ખોટું છે તે ખોટું કરો. અમારા લોકો સાથે જે * (xxx) ન્યાય થતો નથી. આપણા લોકો સાથે જે * (xxx) ન્યાય થતો નથી. તો ન્યાય

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દોમાં ફેરફાર કરવામાં આવ્યો.

કરો. તાજેતરમાં જ તબીબી શિક્ષણમાં તબીબી શિક્ષકોને ૧૧ મહિનાના કરાર પર લેવામાં આવ્યા છે ત્યારે એમાં રોસ્ટર ક્રમાંક નીકળી જાય છે, રોસ્ટર નીકળી જાય છે અને અમારા આદિવાસી સમાજના જેટલા પણ ભણેલા છે જે તબીબી શિક્ષણમાં જવા માંગે છે એમને ત્યાં નોકરી આપો અને એમને ફીકસ કરો.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી વખત માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું છે કે ડોકટરો આદિવાસી વિસ્તારમાં કામ કરતા નથી. આદિવાસી સમાજના ડોકટરોને પણ મારે કહેવું છે કે ઘણા બધા ડોકટરો આદિવાસી વિસ્તારમાં કામ કરે છે. માત્ર એક વિસ્તાર એવો છે દાહોદ કે જયાં ડોકટર જતા નથી. કારણ કે ત્યાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. આખા વિસ્તારમાં જુઓ નવસારી, સાબરકાંઠા, નર્મદા બધા જ વિસ્તારોમાં આદિવાસી ડોકટરો જ છે અને એ પણ કરે છે. ઘણીવાર એવું થાય છે કે સ્ટાફ નર્સ, ડોકટરોને, પી.જી. ડોકટરોને પોતાના વિસ્તારમાં કામ કરતા પણ નોકરીમાં બીજા વિસ્તારમાં લઈ જવામાં આવે છે એના કારણે એ નોકરી છોડી દેવા તૈયાર થાય છે તો મારી આ તબકકે નમ્ર વિનંતી પણ છે કે ૪૦૦-૪૦૦ કિલોમીટર દૂર મારા આદિવાસી સમાજનો ભણેલો ગણેલો તબીબ જો ત્યાં જઇને નોકરી કરીને બધું છોડે એના કરતા પોતાના જ વિસ્તારમાં એને નોકરી આપવામાં આવે તો એ સારી રીતે આદિવાસી સમાજના લોકોના કામ કરી શકશે. જાતિના પ્રમાણપત્રોની વાત કરું તો એટલું મોટું આંદોલન કરવામાં આવ્યું. ૨૨-૨૪ દિવસ આંદોલન કર્યું પરંતુ આંદોલનમાં જે આદિવાસી પ્રમાણપત્રોની ખરાઇ કરવાની હતી એ ખરાઇ આજ દિન સુધી થઇ નથી. મને એવું લાગે છે કે ઝોનવાઇઝ જે કાયદો બનાવ્યો, બહુ સરસ કાયદો બનાવ્યો પરંતુ ઝોનવાઇઝ જે વિશ્લેષણ સમિતિ બનાવવી જોઇએ તો ઝોનવાઇઝ કાયદાની અમલવારી કરવાની તક ચૂકી ગયા છીએ અથવા એમાં વિલંબ થાય છે ત્યારે મારે આ તબકકે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે એમાં થોડી ઉતાવળ રાખો. જેના થકી આપણા આદિવાસી સમાજને અન્યાય ન થાય.

માનનીય અધ્યક્ષશ્રી, રોસ્ટરની વાત કરીએ આદિવાસી સમાજનું જિલ્લા કક્ષાનું રોસ્ટર પણ ઇ.ડબલ્યુ.એસ.ને કારણે એસ.ટી. અનામત પોઇન્ટ પાછળ થાય છે અને જેને કારણે એસ.ટી.ની સીટો ઓછી થઇ ગઇ છે અને મારા નવા મિત્રોને, મારા આદિવાસી સમાજના યુવાનોને નોકરી મેળવવામાં વિલંબ થાય છે અને નોકરી મળતી નથી. મારે એ પણ કહેવું છે કે આદિવાસી અસ્મિતાની વાત કરીએ છીએ ત્યારે આદિવાસી વિસ્તારમાં આદિવાસીની સંસ્કૃતિ સાથે રહીએ છીએ તે જ તેવી જ રીતે ૧૩(૩)(ક) ભારતના બંધારણ મુજબ અમે આદિવાસી સંસ્કૃતિ રૂઢિ પ્રથા ગ્રામસભાઓ, રૂઢિ પ્રથા ગામના લોકો સાથે રહીએ છીએ. વાજિંત્રોની હરિફાઇ રાખીએ છીએ અને અમારી બોલી અને પરંપરાગત રીતિ રિવાજો મુજબ, અમારા દેવોની પરંપરા મુજબ પ્રકૃતિની પૂજા કરીને રહીએ છીએ ત્યારે પણ અમને કનડગત કરવામાં આવે. અમે જો ખોટા હોઇએ તો અમને તમે જણાવો કે રૂઢિ પ્રથા ગ્રામસભા મુજબ ૧૩(૩)(ક) મુજબ તમે નથી કરી શકતા પરંતુ અમે જયારે કરવા જતા હોઇએ છીએ, પરંપરા મુજબ પૂજા કરવા જતા હોઇએ છીએ. અમારા વાજિંત્રો લઇને જતા હોય, અમારી વાનગી લઇને જતા હોઇએ છીએ ત્યારે અમને કનડગત કરવામાં આવે છે. અમારા પહેલા ત્યાં ઘણી બધી મોટી સંખ્યામાં પોલીસો પહોંચી જાય છે, ત્યારે મારે આ તબક્કે એ પણ કહેવું છે જો અમે ખોટા હોય તો તમે કહો કે અમે ખોટા છીએ અને જો અમે સાચા હોઇએ તો અમને અમારી રીતે અમારી સંસ્કૃતિ સાથે રહેવા દો.

માનનીય અધ્યક્ષશ્રી, કેવડિયાની જેવી રીતે હાલત થાય છે, કેવડિયામાં આદિવાસીઓની હાલત થાય છે તેવી જ રીતે ધાર્મિક આસ્થાની રીતે અંબાજીમાં પણ નોટિફાઇડ એરિયો બનાવ્યો છે, તેવી રીતે મને હવે ભય છે, મને હવે બીક છે મને હવે એવી ચિંતા છે દાહોદ વિસ્તારના રતનમહાલમાં પણ રીંછ અભ્યારણ્ય આવવાનું. એવી જ રીતે વઘઇમાં પણ લેપર્ડ સફારી પાર્ક આવવાનું. એવી જ રીતે દાહોદ વિસ્તારમાં દિલ્હી-મુંબઇ કોરીડોર આવવાનું. તો અમારી અસ્મિતાઓ, અમારા જે ધાર્મિક સ્થળો છે તે ત્યાંથી નીકળી જવાની ચિંતા છે. અમારા વિસ્તારની જળ, જંગલ, જમીન સાચવવાનું કામ પણ અમારા આદિજાતિ મંત્રીનું છે. આપણા સૌનું છે ત્યારે મારે આ તબક્કે એમને પણ વિનંતી કરવી છે કે અમારી આસ્થાને કોઇ ઠેંસ ન પહોંચે, અમારી સંસ્કૃતિને કોઇ ઠેંસ ન પહોંચે એવું અમારી સાથે કામ કરો. અમારા મિત્રો જે રીતે ઉચ્ચ શિક્ષણની વાતો કરતા હતા ત્યારે મારે તેમને કહેવું છે કે વાંસદા, ચીખલી, ગણદેવી, નવસારી વિસ્તારમાં કોલેજના પ્રાધ્યાપકોની ઉચ્ચ શિક્ષણમાં પૂરતી સંખ્યા નથી અને એની ચિંતા થાય છે. ૧૬૮ની જગ્યા હોય એની સામે ૧૨૧ જગ્યાઓ ખાલી છે, ત્યારે મારો આદિવાસી સમાજનો યુવાન કેવી રીતે ઉચ્ચ શિક્ષણ મેળવશે અને કેવી રીતે ભણશે? જંગલ, જમીનની વાત કરીએ તો ગઇ વખતે પણ સાહેબને રજૂઆત કરી હતી જે વાંસદા વિસ્તારના ગામો છે નેશનલ પાર્કની નજીકમાં સરા, સાદર દેવી, વાટી, કાળા આંબા, ખરજઇ, નાની વઘઇ, મહુવાસ અને આંબાપાણી જેવા વિસ્તારમાં જંગલની જમીન ઉપર કબજો છે. ત્યાંના આદિવાસી સમાજના લોકો ખેતી કરે છે. એમને અવાર-નવાર રંજાડવામાં આવે છે. અથવા ઘણી બધી વખત ઘર્ષણો થાય છે. આ અંગે અમે જંગલ ખાતાના મિત્રો સાથે ચર્ચા કરીએ છીએ. જંગલ ખાતાના ઓફિસરો સાથે પણ ચર્ચા કરીએ છીએ કે એની વાતનો નિકાલ લાવો. આ અંગેની ઘણી બધી દરખાસ્તો કરવા છતાં પણ અત્યાર સુધી અમને સનદો આપવામાં આવી નથી. એમને સનદો આપવા દો. એ નાનું નાનું કરીને ખાય છે, તેમાં એમને મદદરૂપ થાઓ તો પણ ઘણું સારું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ તબક્કે અંતમાં એ પણ કહેવું છે કે ૯૩,૦૦૦ કરોડ રૂપિયાની આદિજાતિ વિભાગની બજેટની અંદર ફાળવણી કરવામાં આવી છે, ત્યારે ચિંતા સાથે કહેવું છે કે ફાળવણી અમારા આદિજાતિ મંત્રીના હસ્તક આપો. એ ફાળવણી એમના હસ્તક નહિ આપવાના કારણે મારા જ વિધાનસભા મત ક્ષેત્રના વિસ્તારના ૨૨૦ જેટલા કાચા ડામરના

રસ્તાઓ બન્યા નથી. ઘણા બધા પુલ અને નાણાં ડુબાવ છે, જેના કારણે પાણી જ્યાંથી પસાર થાય છે, તો ઘણી વખત પાણી પસાર થવાના કારણેઅકસ્માતો થાય છે. ઘણી વખત જાનહાનિ પણ થાય છે. અમારા વિસ્તારમાં શાળાઓની હાલત એવી છે. જો એમને ગ્રાન્ટ આપવામાં આવશે તો શાળાના ઓરડા સારા બનશે. શિક્ષણ પણ સારું બનશે. મારા વિસ્તારમાં ઘણા બધા નવા આદિવાસી સમાજના લોકોને અંગ્રેજી શિક્ષણ ભણવાનો શોખ છે, પરંતુ અમારા વિસ્તારમાં અંગ્રેજીની શાળા જે હોવી જોઇએ એ શાળા નથી. અમારા વિસ્તારમાં જે આદિજાતિની ગ્રાન્ટ છે તે ડાયવર્ટ ન થાય અને આદિજાતિ મંત્રીને આપવામાં આવે તો અમે આદિવાસી સમાજને કયાં પ્રોબ્લેમ છે, કયાં મુશ્કેલી છે એ આદિજાતિ મંત્રી જાણે છે, તો તેઓ મુશ્કેલીનું નિવારણ કરી શકે. વધુમાં નહિ કહેતા જ્યારે જ્યારે જંગલની જમીન અને પાણીની વાત આવે છે, ત્યારે અમારા આદિવાસી વિસ્તાર સાથે * (xxx) ન્યાય થતો નથી ત્યારે કોઇને કોઇ રીતે અમારી જમીનો લૂંટી લેવાની વાત થાય છે, કોઇને કોઇ રીતે અમારા જંગલો લઇ લેવાની વાત થાય છે. પાણીના ડેમો અમારા વિસ્તારમાં બને છે. સ્થળાંતર અમારા આદિવાસી સમાજના લોકો કરે છે, ત્યારે પાણી માત્રને માત્ર જોવાનું મળે છે. પાણી વાપરવાનું મળતું નથી, સિંચાઇનું પાણી મળતું નથી. પીવાના પાણી માટે અમારા બોર્ડર વિલેજ વાંગન છે, માનપુનિયા છે, કણઘા જેવા વિસ્તારોમાં પીવાના પાણીની હોળી પછીની હાલત ખરાબ થાય છે. આદિજાતિ મંત્રીને કહેવું છે કે અમારી જળ, જંગલ, જમીનને રહેવા દો. આપણે બધા જ જંગલની નજીક અને જંગલને સાચવનારા છીએ, ત્યારે જો જંગલની બહાર અમને કાઢવામાં આવશે એ વિસ્તારથી જો અમને દૂર કરવામાં આવશે તો અમારી સંસ્કૃતિઓ, દેવ-દેવીઓ, અમારી પ્રકૃતિઓ, પૂંજાઓ એ ખતમ થઇ જશે એની અમને ચિંતા છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. આપના પ્રવચનમાં આપે જ્યાં જ્યાં *(xxx) એવા શબ્દો વાપર્યા છે, તેને બદલે ન્યાય થતો નથી તેવા શબ્દોમાં ફેરફાર કરવામાં આવે છે. માનનીય અભેસિંહભાઇ તડવી. માનનીય અભેસિંહભાઇ ચાર લીટીની એક નાની કવિતા સાંભળો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આદિકાળથી જેમનું અસ્તિત્વ છે તેવા આદિવાસી ભાઇઓના કલ્યાણ માટે આ ગૃહમાં માગણીઓ ચર્ચાઇ રહી છે અને ગૃહના સભ્યો જે રીતે પોતાની લાગણી વ્યક્ત કરી રહ્યા છે તેમાં કેવડિયા, અંબાજી અને રતનમહાલ સહિતના વિસ્તારોમાં આદિકાળના જે અધિકારો છે તેના ઉપર કયાંય અતિક્રમણ કે આક્રમણ તો નથી થઇ રહ્યું તે આ ગૃહની ચિંતા છે. એટલે આપે આજે કવિતા કહી તો હું તમારા શબ્દોથી તે વાતને મેં આગળ વધારી છે.

" માતૃત્વના ભાવ કાજે, બાપુજીના વચન કાજે, શબરીના સ્વપ્ન કાજે, આદિવાસીના અધિકાર કાજે, આદિ સંસ્કૃતિના રક્ષણ કાજે, અન્યાય વિરુદ્ધ અવાજ કાજે, જરૂર કહીશું રામ રામ આજે, જરૂર કહીશું રામ રામ આજે."

શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા આદિજાતિ મંત્રી માગણી નં.૯૩ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ ભગવાન રામનો જન્મ થયો હતો ત્યાં અયોધ્યામાં ભગવાન શ્રી રામના ભવ્ય મંદિરનું બાંધકામ પૂર્ણ થયા પછી માતા શબરીના વંશજ તરીકે અમો લાખો આદિવાસી ભગવાન રામના અયોધ્યા મંદિરે દર્શન કરવા જવાના છીએ. અમે હિન્દુ છીએ. ૧૫ વર્ષની વનબંધુ કલ્યાણ યોજનામાં રૂપિયા ૯૬ હજાર કરોડ આદિવાસીઓના વિકાસ માટે વપરાયા છે. અંબાજીથી ઉમરગામ સુધી ૧૫ જિલ્લા આવે છે, ૫૮૦૦ ગામડાં આવે છે. માનનીય મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને અમારે અભિનંદન આપવા પડે કે, તેના બીજા ફેઇઝના પાંચ વર્ષ માટે ૧ લાખ કરોડ રૂપિયા વપરાયા છે. આમાં દસ મુદ્દાનો કાર્યક્રમ છે. રસ્તા, પાણી, વીજળી આ બધું થવાનું છે. પહેલાં કોંગ્રેસના વખતમાં ૪૫ વર્ષ થઇ ગયા તેમાં પહેલાં પાણી પણ ન્હોતા આપતા. રસ્તા પણ મળ્યા નથી. સ્કૂલો પણ મળ્યા નથી. બહેનને મારે સમજાવવું છે અને કહેવું છે કે,પહેલાં પાણી ન્હોતું મળતું. હમણાં નળમાં પાણી મળે છે. અત્યારે ચેકડેમ થયા છે, બધુ થયું છે. આ ભાજપની સરકારમાં છેલ્લા ૨૫ વર્ષમાં આપણો આદિવાસી સમાજ આગળ આવ્યો છે. ભગવાનને યાદ કરીને છાતી પર હાથ મૂકીને સાચી વાત સ્વીકારવી જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય અભેસિંહભાઇ, આ જે વાક્ય આપ બોલ્યા છો તેમાં હું સુધારો કરી લઇશ.

શ્રી અભેસિંહ મો. તડવી : હા, જી સાહેબ. અમારા આદિવાસીઓનો સર્વાંગી વિકાસ થાય તથા આદિવાસી કુટુંબોને ગરીબી રેખામાંથી બહાર લાવવાના હેતુથી સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ અમલી બનાવવામાં આવ્યો છે. ૨૦૦૭-૦૮થી અત્યાર સુધીમાં વાસણોની કીટ, ટ્રાન્સપોર્ટેશન, પશુ વીમો, પશુ સારવાર, પશુદાણ તથા લાભાર્થીઓને તાલીમ આપવામાંઆવે છે. આ યોજનામાંગુજરાતના ૧૪ આદિવાસી જિલ્લા જોઇએ તો તેમાં સાબરકાંઠા, બનાસકાંઠા, પંચમહાલ, દાહોદ, વડોદરા, સુરત, તાપી, નવસારી, ભરૂચ, ડાંગ અને નર્મદામાં વર્ષ ૨૦૦૭-૦૮થી વર્ષ ૨૦૧૯-૨૦ માર્ચ અંતિત ૧ લાખ ૪૨ હજાર ૨૫૦ પશુઓનું વિતરણ આદિવાસી લાભાર્થીઓને કરવામાં આવ્યું છે. સાત ડેરીઓ મારફતે મહિલાઓનો વિકાસ થાય, નબળા ઢોરની જગ્યાએ જાતવાન ઓલાદોનો વિકાસ કરવામાં આવે છે અને આમાં એક ઢોરની રૂપિયા ૫૪ હજાર જેટલી યુનિટ કોસ્ટ રાખવામાં આવેલી છે. પહેલાં આવું કંઇ આપતા ન હતા, પણ શ્રી નરેન્દ્ર મોદી સાહેબનું ભલુ થજો અને તેમના લીધે વનબંધુ કલ્યાણ યોજના આવી. આદિવાસીઓનો સર્વાંગી વિકાસ થાય તે માટેની યોજના તેમણે અમલમાં મૂકી છે. આમાં અમલીકરણ એજન્સીઓમાં જોઇએ તો બનાસકાંઠા જિલ્લા દૂધ સહકારી સંઘ, સાબરકાંઠા જિલ્લા દૂધ સહકારી સંઘ, પંચમહાલ જિલ્લા દૂધ સહકારી સંઘ તથા બરોડા જિલ્લા દૂધ સહકારી સંઘ. આમ, સાત ડેરીઓમાં પોતાના પશુઓનુંએકત્ર કરેલ દૂધ મોકલીને

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી ફેરફાર કરવામાં આવ્યા.

પોતાનુંજીવન નિર્વાહ ચલાવે છે. તેના છોકરાંને ભણાવવા માટે, તેનું ગુજરાન ચલાવવા માટેનો આ વિષય સરકારે આપ્યો છે. એટલે હું અમારા શ્રી ગણપતભાઇ સાહેબને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આભાર.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું, ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી કૃષિ વહીવટીય યોજના માટે ૭૬૭૦૦ આદિજાતિ ખેડૂતોને સુધારેલા બિયારણ, ખાતર, કૃષિ તાલિમ માટે સહયોગ કરવા માટે જેનો અંદાજિત ખર્ચ ૩૫ કરોડ રૂપિયા અને આદિજાતિ વિસ્તારમાં વાડી યોજના થકી આદિજાતિ ખેડૂતોને ૧૮૫ હેકટરમાં લાભ આપવાનું આયોજન છે. દક્ષિણ ગુજરાતના ૧૩૦૦૦ આદિજાતિ ખેડૂત લાભાર્થીઓને ફાળવ રોપાઓનો લાભ આપવામાં આવ્યો છે અને કુલ ૨૦૫૪૮ લાભાર્થીને લાભ આપવાનું આયોજન છે. આદિજાતિ વિસ્તારમાં મધના ઉત્પાદન માટે ૧૪૧૫ લાભાર્થીઓને કીટ આપવા અંગેનું આયોજન છે, આદિજાતિ વિસ્તારમાં આદિવાસી મહિલાઓને રોજગારી પૂરી પાડવાના હેતુ માટે દૂધાળા પશુઓ આપવા અંગેનું આયોજન છે. ૬૩૯૬ આદિવાસી યુવક યુવતીઓને તાલીમ આપવા માટેનું આયોજન છે. મારી એક માગણી છે કે, આગ અકસ્માતમાં મકાનો સળગી જાય છે ત્યારે માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે, જેનું મકાન સળગી જાય છે ત્યારે એને વેઇટીંગમાં બેસવું પડે છે તો એના માટેની જે સરકારી યોજના છે એમાં એને તાત્કાલીક મકાન મળે એવી મારી વિનંતી છે. બીજું આ મકાનો સળગી જાય છે ત્યારે એને માટે આદિજાતિના બજેટમાંથી એ.પી.એમ.સી. ખાતે ફાયર ફાઇટરની વ્યવસ્થા પણ થાય એવી પણ મારી માગણી છે. બીજું, સંખેડા તાલુકામાં અસરગ્રસ્ત વિસ્તારમાં જેણે જમીન આપી છે એવા લોકો માટે ત્યાં એકલવ્ય મોડેલ શાળા બને અને એમના દીકરા દીકરીઓને માટે રસ્તા, પાણી બધું સરસ આપ્યું છે પણ એના અભ્યાસ માટે એકલવ્ય મોડેલ શાળાઓ બને અને આશ્રમ શાળાઓ બને એવી મારી લાગણી છે. અમારા શ્રી સુખરામભાઇ ચાલ્યા ગયા, તેઓ આજે આદિવાસીની પાઘડી પહેરીને આવ્યા હતા, કૃષ્ણ ભગવાનની પાઘડી પહેરીને આવ્યા હતા અને તેઓ કહે છે કે અમે હિન્દુ નથી. સાહેબ, અમારે એમને શું સમજાવવા? આદિવાસી સમાજ માટે આ અમારા માનનીય વિજયભાઇની સરકારે એક લાખ કરોડ રૂપિયા આપ્યા છે, પહેલા રૂપિયા ૯૬ કરોડ આપ્યા હતા રસ્તા, પાણી, વીજળી, પુલ, શિક્ષણની સારી સંસ્થાઓ અને મેડિકલ કોલેજો પણ આપી. મેડિકલની જગ્યાઓ પહેલા ભરાતી ન હતી પણ અમારા માનનીય ગણપતભાઇએ કરેલી ટીચીંગ કલાસની સારી વ્યવસ્થાને કારણે આજે અમારા આદિવાસીનો દીકરો ડોકટર બની શક્યો છે, મામલતદાર બની શક્યો છે અને હમણા તો અમારા આદિવાસી સમાજની દીકરીઓ પણ ડી.વાય.એસ.પી. બની છે, આ વિકાસનું પ્રતિબિંબ છે. તમે સારું કામ કરો, હજુ પણ સમય છે સારું કામ કરો, અમારી સાથે જોડાઇ જાવ અને આદિવાસીઓના વિકાસની અંદર સારી ભાવના કેળવો આટાલા શબ્દો સાથે આ માગણીઓને હું સમર્થન કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય સુખરામભાઇએ જે વાક્ય કહ્યું એ એવું કહ્યું છે કે અમે હિન્દુ નથી પણ અમે હિન્દુ ધર્મ પાળીએ છીએ એવું એમણે કીધું છે એટલે જે ધર્મ પાળે તેના કહેવાય.

શ્રી આર.સી. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, આજ કાલ હાઉસમાં સરસ મજાની પંક્તિઓ આવે છે એટલે મને પણ કહેવાનું મન થાય છે એટલે હું થોડી પંક્તિઓ કહેવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને દેશની સરહદે સવા સો કરોડ દેશવાસીઓની સુરક્ષા માટે જે લોકો તાઢ, તડકો, વરસાદ સહન કરી રહ્યા છે એના હૃદયમાંથી જે ઉદ્ગારો નીકળી રહ્યા છે એ બે ચાર શબ્દો યાદ આવે છે.

"જેના દિલમાં દેશની દાઝ નથી નિજ દેશ વિશે અભિમાન નથી,
જેને દેશના માનનું ભાન નથી એને ભારત ભૌમમાં સ્થાન નથી એ ભારતનું સંતાન નથી.
હર મંદિર–પર્વત પૂજ્ય નથી હર નદી જેને માં તુલ્ય નથી,
દેશની ધૂળ જેને પવિત્ર નથી એને ભારત ભૌમમાં સ્થાન નથી એ ભારતનું સંતાન નથી."

માનનીય અધ્યક્ષશ્રી, વીર સાવરકરે એના જીવનના કિંમતી દિવસો રાષ્ટ્ર દેવડીના ચરણે અર્પણ કરી દીધા અને આંદામાનની જેલમાં જેમણે જીવન ખપાવી દીધું એમને યાદ કરીને સરહદે ઉભેલો જવાન શું કહે છે?

‘‘દેશહિત ભલે આ શરીર પડો જીવનભર રીબાવું પડે
આવી ફરજતણું જેને ભાન નથી એને ભારત ભોમમાં સ્થાન નથી
એ ભારતનું સંતાન નથી.’’

અધ્યક્ષશ્રી : કવિતા તો આપણે બધા વધાવી શકીએ એમાં કંઇ વાંધો નહિ.

શ્રી ગણપતસિંહ વે. વસાવા (વન, આદિજાતિ કલ્યાણ, મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારા હસ્તકના વિભાગો જેવા કે આદિજાતિ વિભાગ, વન અનેમહિલા, બાળકલ્યાણ આમ ત્રણેય વિભાગોની માગણી ઉપર આજે વિપક્ષના સભ્યશ્રીઓ જોષીયારાજી, શ્રી સુખરામભાઇ, શ્રીમતી ચંદ્રિકાબેન, શ્રી પુનાજીભાઇ, શ્રી કાંતિભાઇ, શ્રી પી.ડી. વસાવાજી, શ્રી અનંતભાઇ અને અમારા ભારતીય જનતા પાર્ટીના પણ શાસક પક્ષના સભ્યશ્રીઓ શ્રી નરેશભાઇ, શ્રી જીતુભાઇ, શ્રી અરવિંદભાઇ, શ્રી મતસ સંગીતાબેન, શ્રીમતી મનિષાબેન, શ્રી વિજયભાઇ, પ્રોફેસર કુબેરભાઇ, શ્રી રમેશભાઇ, શ્રી અભેસિંહભાઇ આ તમામ લોકોએ ખૂબ ચર્ચાઓ કરી છે અને જેમાં એમના જે રચનાત્મક સૂચનો છે એને હું આવકારું પણ છું અને આદિજાતિ વિભાગની માગણી નંબર–૯૩ અને ૯૬ ઉપર ચર્ચા કરવા માટે કેટલાક મુદ્દાઓ હું આ ગૃહમાં લઇને આવ્યો છું.

એમાં વિશેષ કરીને કોંગ્રેસના મિત્રોએ જે ગૃહમાં પ્રવચનો કર્યા છે તેનો સાચો અને સચોટ જવાબ મારે સૌ પહેલાં ગૃહ સમક્ષ મૂકવો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડો. જોષીયારાજીના પ્રવચનમાં બે મહત્ત્વના મુદ્દાઓની એમણે વાત કરી અને એ ગૃહ સમક્ષ મૂક્યા છે. એક તો આર.બી.સી. એટલે ચારણ, ભરવાડ, રબારીને આદિવાસીમાં સમાવવા બાબત, પણ આ સમગ્ર ભારત સરકારના અંડરમાં આવતી બાબત છે અને ડો. જોષીયારાજી કદાચ ભૂલી ગયા હશે કે વર્ષ ૧૯૫૬માં કેન્દ્રમાં આપની સરકાર હતી અને એ સરકારમાં આ ચારણ, ભરવાડ અને રબારીને આદિવાસી સમાજમાં સમાવેશ કરવામાં આવ્યા છે.

બીજી એમણે વાત કરી છે વસતિ ગણતરીમાં આદિવાસી સમાજને અલગ ધર્મકોડની. ભારતીય સમાજને જાતિ અને ધર્મના આધારે વિભાજીત કરવાનું, આઝાદી પહેલાં અંગ્રેજોના સમયે કાવતરુ હતું કે ભાઇ ભાગલા પાડો અને રાજ કરો. ભારતમાં જ્યારે અંગ્રેજો શાસન કરતા હતા ત્યારે જાતિ અને ધર્મના આધારે ભારતમાં વસતિ ગણતરી કરવાનું નક્કી થયું અને વર્ષ ૧૯૦૧થી ૧૯૪૧ સુધી સાત જેટલા બ્રિટિશ સરકારના એમના જ વસતિ ગણતરી કરતા ઓફિસરોએ એમ કહ્યું છે અને વસતિ ગણતરીના પ્રકાશનની પ્રાથમિક ભૂમિકામાં જ એમણે લખ્યું છે કે, જનજાતિઓ પ્રકૃતિના ઉપાસકો છે જે હિંદુ સમાજના જ છે તેઓને હિંદુ ધર્મથી અલગ કરી શકાય નહિ. આ આઝાદી પહેલાં અંગ્રેજો જે વસતિ ગણતરી કરતા હતા એમણે લખ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ પ્રકારે મને જે માહિતી મળી છે એના આધારે હું કહી શકું છું કે આજ પ્રકારના પ્રયત્નો ભૂતકાળમાં પણ થયા હતા અને એ વખતે પણ અમારી સરકારો નહોતી, કોંગ્રેસની સરકારો હતી, ત્યારે પણ આદિવાસીને અલગ ધર્મકોડ આપવાની વાત શ્રી જવાહરલાલ નહેરૂજીએ પણ ભૂતકાળમાં નકારી કાઢી હતી અને એ જ પ્રકારે વરસો જૂની વાત નથી. હાલના થોડા વરસો પહેલાં જ ફરીથી માનનીય મનમોહનસિંહજી જ્યારે વડાપ્રધાન હતા ત્યારે પણ આ દરખાસ્ત એમની પાસે ગઇ, એમણે પણ આ વાતને નકારી કાઢી હતી એટલે આવા ષડયંત્રનો ભોગ કમસેકમ ગૃહના સભ્યશ્રીઓએ તો ના જ બનવું જોઇએ. અમારો આદિવાસી સમાજ માટે કહું તો અમે શબરીમાતાના વંશજો છીએ અને ઉઠતા, જાગતા, બેસતા, જ્યાં હોય ત્યાં અમને 'રામ રામ' કહેવાની સંસ્કૃતિમાં જે અમને વરદાન મળ્યું છે એટલે અમારે અંગ્રેજોની પાછી ગુલામી કરવી નથી. માનનીય સુખરામભાઇ અત્યારે ગૃહમાં હાજર નથી અને એમણે રાઠવા સમાજની વાત કરી છે. વર્ષ ૧૯૫૦માં રાઠવા સમાજને ભારત સરકારે આદિવાસી તરીકે જાહેર કર્યા છે. પરંતુ વર્ષ ૧૯૭૮માં જયારે ગુજરાતમાં કોંગ્રેસની સરકારો હતી ત્યારે રાઠવા કોળીને ફરી ઓબીસીમાં જાહેર કર્યા. એટલે જયારે જાહેર કર્યા ત્યારે પણ ભાજપની સરકાર નહોતી કોંગ્રેસની સરકાર હતી અને તેમને ઓબીસી જાહેર કર્યા ત્યારે પણ અમારી સરકાર નહોતી કોંગ્રેસની જ સરકારો હતી અને તેમને આ પ્રશ્ન હલ કરવો હોત તો શ્રી મોહનસિંહભાઇ પણ ઘણા વર્ષ મંત્રી રહી ચૂકયા છે, ડો.જોષીયારાજી પણ ઘણા વર્ષ મંત્રી રહી ચૂકયા છે અને એક વખત તો શ્રી અમરસિંહભાઇ ચૌધરી આદિવાસી મુખ્યમંત્રી રહી ચૂકયા છે ત્યારે પણ તેમણે આ સમાજના પ્રશ્નનો ઉકેલ કરવા માટે કોઇ કષ્ટ લીધું હોય એવું અમારા ધ્યાનમાં આવેલ નથી. શ્રી સુખરામભાઇ આવી ગયા છે તેમનું હું આપનાવતી સ્વાગત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, છતાં પણ સાચા જે રાઠવા છે તેને ભારતીય જનતા પાર્ટીની સરકાર કોઇને પણ અન્યાય કરશે નહીં આ ગૃહમાં હું વચન આપુ છું અને ખોટો એક પણ આદિવાસીનો દાખલો ન લઇ જાય તેની પણ સરકાર તરીકે અમે જવાબદારી લઇએ છીએ. અમારા શ્રી અનંતભાઇ અને અમારા મહિલા ધારાસભ્ય શ્રીમતી ચંદ્રિકાબહેને રીંછ અભ્યારણ્યની વાત કરી છે. એક પણ અભ્યારણ્યમાંથી એક પણ આદિવાસીને બહાર કાઢવા માટેની કોઇ કાર્યવાહી ગુજરાત સરકારમાંથી કરી નથી, કરવાના પણ નથી માત્ર અને માત્ર ચૂંટણીઓ જીતવા માટે કેટલાક લોકો આ પ્રકારની અફવા ફેલાવીને અમારા આદિવાસી સમાજને જે ગેરમાર્ગે દોરે છે તે ખરેખર બંધ થવું જોઇએ. શ્રી આનંદભાઇએ વાત કરી નેશનલ પાર્ક વાંસદામાં આદિવાસીઓ જે જંગલની જમીનો ખેડે છે સાહેબ, અત્યારે ત્રણ મહિના પહેલાં જ હું પોતે ત્યાં ગયો છું અને ૧૦૦ કરતા વધારે મારા આદિવાસી ભાઇ–બહેનોને જંગલની જમીનના અધિકારપત્રો નેશનલ પાર્કમાં તે જમીનો આવતી હોવા છતાં પણ મેં જાતે આપી છે અને આજે ગૃહમાં ખાતરી આપું છું કે આવનારા દિવસોમાં પણ અમે સામૂહિક દાવા હોય, વ્યકિતગત દાવા હોય, માળખાકીય સુવિધા હોય અત્યાર સુધી ૧૩ લાખ એકર કરતા વધારે જંગલની જમીનો આ ભાજપની સરકારે આદિવાસીઓને આપી છે અને હજુ સાચા લાભાર્થી બાકી હશે તો એ આપવાનું કામ અમે કરવાના છીએ. અમારું ધ્યાન દોરજો જયાં પણ આ પ્રકારના બાકી હશે તેમને ચોક્કસ અમે અપાવીશું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી આનંદભાઇએ જે બોર્ડર વિલેજના એમના કેટલાક ગામોના પણ નામ લીધા છે એવા આંબાપાણી ગામ, બિલખેડા ગામ, વાંગડ ગામ, મોરવાડ ગામ, નિરપણ ગામ, માનકુનીયા ગામ. એમાં ગુજરાત સરકાર તરફથી હાલમાં રસ્તા, પાણી અને શિક્ષણ માટે રૂપિયા ૫ કરોડ કરતા પણ વધારે રકમ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે ફાળવી છે અને બીજા કંઇક બાકી હશે તો ભારતીય જનતા પાર્ટીની સરકાર તે આદિવાસી સમાજનો સર્વાંગી વિકાસ કરવા માગે છે અમારા ધ્યાને મૂકજો અમે ચોક્કસ તે બાબતને ધ્યાને લઇશું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જે સમાજનું હું બજેટ લઇને આવ્યો છે તે આદિ–અનાદિકાળથી તેની સંસ્કૃતિ, પ્રકૃતિ અને પર્યાવરણની કોઇએ જો જાળવણી કરી હોય તો આદિવાસી સમાજે કરી છે અને અગાઉ પણ આ ગૃહમાં એક વખત મેં વાત કરી હતી કે પરમ પૂજય પ્રમુખ સ્વામી મહારાજ આદિવાસીમાં પ્રવાસ પૂરો થાય પછી એમ કહેતા કે આદિવાસી સમાજમાં મને ભગવાનના દર્શન થાય છે એવો આ આદિવાસી સમાજ છે. ભગવાન શ્રીરામ તે શબરીમાતા જેવા આદિવાસીના ઘરે એંઠા બોર ખાવા માટે ગયા હતા એવા આ આદિવાસી સમાજની હું માગણી લઇને આવ્યો છું ત્યારે આ આદિવાસી સમાજ તે લડાયક

સમાજ છે અને આઝાદીની લડાઇમાં પણ અનેક દેશના ભૂ-ભાગની અંદર અનેક રાજયોમાં જયાં જયાં પણ આઝાદી માટે લડવુ પડયુ છે તેમા આ સમાજે મોટું બલિદાન આપ્યું છે, ખૂબ મોટું યોગદાન આપ્યું છે પણ ભૂતકાળની જે કોઇ સરકારો હતી તે સરકારોએ આ આદિવાસી સમાજને આઝાદી પછી જે ધ્યાન આપવું જોઇએ તે ધ્યાન આપ્યું નથી. એના કારણે આદિવાસી સમાજ એ મુખ્ય ધારાથી વિખૂટો પડ્યો, ઉપેક્ષિત થયો અને ભૂતકાળની સરકારોએ એનો માત્રને માત્ર વૉટબેંક તરીકે ઉપયોગ કર્યો. આજે ગૃહને જણાવું છું કે ગુજરાત રાજ્ય જ્યારે મહારાષ્ટ્રથી અલગ થયું ત્યારે વર્ષ ૧૯૬૧માં આદિજાતિ વિભાગ અને સમાજ કલ્યાણ ખાતાનું બજેટ માત્ર ૫૮ કરોડ રૂપિયા હતું. સમગ્ર આદિવાસી સમાજ એ નસીબદાર એટલા માટે છે કે ગુજરાતમાં શ્રી નરેન્દ્ર મોદી જેવા આદિવાસી સમાજના સર્વાંગી વિકાસની ચિંતા કરનાર મુખ્યમંત્રી આવ્યા અને વર્ષ ૨૦૦૭માં આ જ વિધાનસભાના નિયમ – ૪૪ હેઠળ વનબંધુ કલ્યાણ યોજનાની જાહેરાત કરી અને આ વનબંધુ કલ્યાણ યોજના થકી આજે આદિવાસી વિસ્તારમાં રસ્તાઓ, સિંચાઇ, શિક્ષણ, આરોગ્ય, પીવાના પાણીની સગવડો ઊભી થઇ અને ૧૩ વર્ષમાં અમે ૯૭,૦૦૦ કરોડ રૂપિયાના વિકાસના કામો અંબાજીથી લઇ ઉમરગામ સુધીના વિસ્તારમાં કરવામાં સફળ થયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ પ્રકારે અમારા શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને શ્રી નીતિનભાઇ પટેલ સાહેબ પણ શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના આદિવાસી વિસ્તારના વિકાસના કામોને આગળ વધાર્યા છે અને આગામી પાંચ વર્ષમાં આદિવાસી વિસ્તારમાં જે કામો હજી કરવાના બાકી છે એના માટે આ બજેટમાં ૧ લાખ કરોડ રૂપિયાની જાહેરાત કરી છે ત્યારે હું અંબાજીથી ઉમરગામ સુધીના સમગ્ર આદિવાસી સમાજ તરફથી શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને શ્રી નીતિનભાઇ પટેલ સાહેબનો ખૂબ-ખૂબ આભાર માનું છું. હવે આવનાર વનબંધુ કલ્યાણ યોજના – ૨માં અમે જંગલની જમીનનો વિકાસ કરવાની જે ચિંતા શ્રી સુખરામભાઇએ કરી છે એનો સમાવેશ પણ કરી લીધો છે. જે આદિવાસી ભાઇ-બહેનોને એફ.આર.એ. હેઠળ જગ્યા મળી છે એને પણ અને સામૂહિક દાવાઓની જમીન પણ વિકસિત થાય એ અમે ચોક્કસ ધ્યાનમાં લઇશું. એ જ પ્રકારે અહીંયા વાત થઇ કે આદિવાસી સમાજ માટે આઝાદી પહેલાં ગાંધીવાદી સંસ્થાઓએ ગામડાંમા સ્કૂલો શરૂ કરી હતી એ સ્કૂલો અત્યારે બિલકુલ જર્જરિત થઇ ગઇ હોય એવી સ્કૂલોનું આવતા વર્ષોમાં નવીનીકરણ કરવા માટે ગયા વર્ષના બજેટમાં રૂપિયા ૫૦ કરોડ અને આ વર્ષના બજેટમાં રૂપિયા ૩૦ કરોડની જોગવાઇ કરી છે. અમારા શ્રી ભૂપેન્દ્રસિંહ બાપુ અહીંયા બેઠા છે અને એ અમારા આદિવાસી સમાજના શિક્ષણની ચિંતા કરે છે. અમે દરેક આદિવાસી તાલુકામાં વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરીશું. અંગ્રેજી માધ્યમની શાળાઓ પણ ખોલવામાં આવશે. દરેક આદિવાસી તાલુકામાં એકલવ્ય નવોદય જેવી નિવાસી શાળાઓ ખોલવામાં આવશે અને એક નવો કોન્સેપ્ટ અમારા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને શ્રી ભૂપેન્દ્રસિંહ બાપુ લઇને આવ્યા છે. એ એવો છે કે આદિવાસી જિલ્લાઓમાં સ્કૂલ ઓફ એક્સિલેન્સના નિર્માણ થકી આદિવાસી વિદ્યાર્થીઓને રહેવા જમવાની સુવિધા સાથે ખૂબ મોટા શૈક્ષણિક સંકુલ અમે ઊભા કરવાના છીએ અને આવનાર દિવસોમાં આદિજાતિ વિસ્તારોમાં ૨ હજારથી પણ વધારે પ્રાથમિક શાળા માટે ઓરડાઓ બનાવવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, દરેક આદિજાતિ જિલ્લાઓમાં યથા સંભવ મેડિકલ કૉલેજ ખોલવાની શરૂઆત તો કરી જ છે અને બાકી જિલ્લાઓમાં પણ અમે પ્રયત્ન કરીશું. એન્જિનિયર કૉલેજ, મેડિકલ કૉલેજ, પોલિટેકનિક કૉલેજ, નર્સીંગ કૉલેજ, આઇ.ટી.આઇ. જેવા શ્રેષ્ઠ શૈક્ષણિક એકમો આદિવાસી વિસ્તારમાં સ્થાપિત કરવાનો વનબંધુ કલ્યાણ યોજના – ૨માં અમારો સંકલ્પ છે. આદિવાસી વિસ્તારમાં હાલમાં જ અમે ડાંગ જિલ્લામાં ગુજરાતના ઇતિહાસમાં પહેલીવાર અમારા શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. ગુજરાત સરકારના પ્રયત્નોથી ડાંગના આદિવાસી ભાઇ-બહેનોને આ રાજ્ય સરકારની ગ્રાન્ટમાંથી ૧૧ ટાવર ઊભા કરવા માટે ગુજરાત સરકારે ગ્રાન્ટ ફાળવી અને આ વાત સમગ્ર આદિવાસી જિલ્લાઓમાં ખબર પડવાની સાથે જ તમામ જિલ્લાઓમાંથી માગણી આવવાની શરૂ થઇ ગઇ. વલસાડ, તાપી, નર્મદા, છોટા ઉદેપુર, દાહોદ, સાબરકાંઠા અને બનાસકાંઠા વગેરે બધાં જ જિલ્લાઓમાં આવનારા દિવસોમાં ગુજરાત સરકાર દ્વારા ટાવર ઊભા કરીશું અને ચાલુ વર્ષે ટોકન સ્વરૂપે રૂપિયા ૧૦ કરોડની જોગવાઈ પણ કરીશું. આદિવાસી બહેનોને રોજગારી મળે એના માટે ૬૦ જેટલાં મુખ્યમંત્રી નારી કેન્દ્રો પણ અમે વનબંધુ કલ્યાણ યોજના-૨માં શરૂ કરવાના છીએ. આદિવાસી વિસ્તારોમાં જે હાટ ભરાય છે તેમાં ૨૦ કરતાં વધારે હાટ બજારો તાલુકા મથકે ઊભા કરીશું અને આદિવાસી વિસ્તારોમાં ૧૦૦ જેટલાં વેજીટેબલ કનેક્શન પમ્પ ગ્રેડિંગ સેન્ટરો ઊભા કરવા માટેનું આયોજન છે. આદિવાસી વિસ્તારોની APMCને આધુનિક કરવા માટે પણ અમારો સંકલ્પ છે અને આદિવાસી વિસ્તારમાં જંગલનો પહાડી વિસ્તાર હોવાના કારણે ટુરિઝમ ખૂબ વિકાસ પામે એવું છે ત્યારે ઈકો ટુરિઝમના સેન્ટર, હોમ સ્ટેની સુવિધાને પણ અમે પ્રોત્સાહિત કરવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારમાં ૨૪ કલાક ચાલે એવાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, નવા PHC, નવા CHC પણ વનબંધુ કલ્યાણ યોજના-૨ માં અમે શરૂ કરવાના છીએ. વેલનેસ સેન્ટરો અમે શરૂ કરવા જઈ રહ્યા છીએ અને આદિવાસી સમાજ માટે દર વર્ષે આરોગ્ય ચકાસણી અભિયાન પણ અમે શરૂ કરવાના છીએ. હાલમાં જ અમે ડાંગમાં આઝાદીના આટલાં વર્ષો પછી બ્લડ બેંક ઊભી કરી. હવે આદિવાસી જિલ્લાઓના જે કોઈ પણ ટ્રાયબલ વિસ્તારમાં જ્યાં બ્લડ બેંક ઊભી કરવાની જરૂર હશે ત્યાં અમે બ્લડ બેંક ઊભી કરીશું. આગામી પાંચ વર્ષમાં અંબાજીથી ઉમરગામ સુધી પાત્રતા ધરાવતાં અમારા આદિવાસી કુટુંબોના ભાઈ-બહેનોને પોતાનું ઘર આપવા માટેની અમે ચિંતા કરી છે. એમાં પહેલાં હળપતિ અને આદિમજૂથને પ્રાધાન્ય આપીશું. લગભગ બે વર્ષમાં અઢી લાખ કરતાં વધારે આદિવાસી ભાઈ-બહેનોને એમનું ઘર આપવાનો અમારો સંકલ્પ

છે. ૧૦૦ ટકા પરિવારોને નલ સે જલ આપવાનું શ્રી નરેન્દ્રભાઈનું સપનું પણ અમે સાકાર કરવાના છીએ. આદિવાસી વિસ્તારમાં કોંગ્રેસના સમયમાં માત્ર મોટા મોટા ડેમ બન્યા, આદિવાસી વિસ્થાપિત થયા પણ એમને સિંચાઈનું કે પીવાનું પાણી નહતું આપ્યું. અમે સિંચાઈ પર ભાર મૂકીને પાણીની સગવડો ઊભી કરી છે. આવનારા વર્ષોમાં અમે અનેક મોટી સિંચાઈની યોજનાઓ આદિવાસી વિસ્તારમાં શરૂ કરવા જઈ રહ્યાં છીએ. નદીઓ પર વીયર અને બેરેજ બનાવીશું અને એના આધારે અમે લિફ્ટ ઈરિગેશન યોજના પણ શરૂ કરવા જઈ રહ્યાં છીએ. અમારા શ્રી જીતુભાઈ અને બધાની લાગણી હતી તે પ્રમાણે આદિવાસી વિસ્તારમાં ચેકડેમ, પાજર તળાવોનું નિર્માણ આવનારા દિવસોમાં અમે કરીશું. વનબંધુ કલ્યાણ યોજના–૧માં અમે અઢીસોની વસ્તીવાળા ગામડાઓનો સર્વે કરીને અભિયાન ચલાવ્યું. ૩૬૧ જેટલાં ફળિયાઓને પાકા રસ્તાથી જોડવાના કામ પૂરા કર્યાં છે. હવે અમે વનબંધુ કલ્યાણ યોજના–૨ માં આગળ વધીને હવે ૧૦૦ની વસ્તી ધરાવતાં આદિવાસી સમાજના જે ગામના ફળિયા હશે એને પણ પાકા રસ્તા અને બારમાસી રસ્તા આપવા માટેનું અમે વિચાર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ પ્રકારે આદિવાસી વિસ્તારમાંથી સુરત, વડોદરા, અમદાવાદ, વલસાડ અને વાપી જેવાં શહેરી વિસ્તારોમાં મજૂરી કામ માટે જે આદિવાસી મજૂરો આવે છે એમના માટે ઔદ્યોગિક હોસ્ટેલ પણ આવનારા દિવસોમાં અમે વનબંધુ કલ્યાણ યોજનામાંથી બનાવીશું. આગામી પાંચ વર્ષમાં તમામ આદિવાસી તાલુકાઓના મુખ્ય મથકને બ્રોડબેન્ડથી જોડીને ડિઝિટલ કનેક્ટિવિટીથી જોડવાનું પ્લાનિંગ કરીએ છીએ. આદિવાસી સમાજને પરંપરાગત રીતે રમતગમત ક્ષેત્રે કુદરતી દેન છે. આદિવાસી યુવાનો અને દીકરીઓ રમતગમત ક્ષેત્રમાં ખૂબ આગળ વધતાં હોય છે. અમારા સરિતા ગાયકવાડને આ ગુજરાતની સરકારે ડાયરેક્ટ ડી.વાય.એસ.પી.માં નિમણૂક આપી છે ત્યારે અમારા આદિવાસી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે જે રમતગમત ક્ષેત્રે સારું કામ કરી નામ કાઢશે એવી જે દીકરીઓ હશે તો એમને શબરી પુરસ્કારથી અમે સન્માનિત કરીશું.અને દીકરાઓ હશે તો એમને બિરસા મુંડા પુરસ્કાર આપીને પણ સન્માનિત કરવાનું આવનારા બજેટમાં અમે પ્લાનિંગ કર્યું છે. એ જ પ્રકારે આદિવાસી સમાજની સંસ્કૃતિ, એની પરંપરાઓ એના વારસાનું જતન થાય, એના માટે પરંપરાગત મેળાઓ યોજવાનું પણ વન બંધુ કલ્યાણ યોજના – ૨માં અમે લોકોએ આયોજન કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી બાળકોની તંદુરસ્તીની ચિંતા કરીને આંગણવાડીની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા ૨૨ લાખ બાળકોને દૂધ સંજીવની યોજનામાં દૂધ પહોંચાડવા માટે આ બજેટમાં રૂપિયા ૩૦૬ કરોડની જોગવાઈ કરી છે. એ જ પ્રકારે પ્રિ–પીએસસી અને પોસ્ટ મેટ્રિક જેવી લગભગ ૧૭ લાખ જેટલા અમારા આદિવાસી વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ ચૂકવવા માટે આ વર્ષે ૫૭૪ કરોડ રૂપિયાની બજેટમાં જોગવાઈ કરી છે અને આદિવાસી સમાજ શિક્ષિત બને, સંસ્કારી બને, એના માટે અમે ૬૧૩ જેટલી ઉત્તર બુનીયાદી આશ્રમશાળાઓ ચલાવી છીએ, જેમાં લગભગ ૯૩ હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આદર્શ નિવાસી શાળાઓ ૭૪ ચલાવીએ છીએ, એમાં ૧૦ હજાર આદિવાસી વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. એકલવ્ય શાળાઓ, રેસિડેન્શિયલ શાળાઓ, મોડલ શાળાઓ ૯૯ જેટલી ચલાવીએ છીએ, એમાં ૩૩ હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. સૈનિક શાળાઓ પણ અમે શરૂ કરી છે, એમાં પણ ૬૦૦કરતાં વધારે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને સમરેસહોસ્ટેલમાં પણ અમારા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને આદિવાસી સમાજ માટે ગૌરવ કહી શકાય તેવું ગુજરાતના ઇતિહાસમાં પહેલીવાર બિરશા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી ૩ હજાર વિદ્યાર્થીઓ ભણી શકે એના માટે રૂપિયા ૩૫૦ કરોડનું આ બનાવવા માટેનું કામ ચાલી રહયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી મહત્ત્વની વાત એ છે કે, આ સમાજ એ સ્વતંત્રતાની લડાઇમાં ખૂબ મોટુ યોગદાન આપ્યું છતાં પણ ભૂતકાળની સરકારોએ એના ઇતિહાસને ઉજાગર કરવાને બદલે એના ઇતિહાસને ભૂલાવી દેવાના પ્રયત્નો થયા પણ આજે અમને ગૌરવ થાય કે, ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ૧૫મી ઓગસ્ટે દિલ્હીના લાલ કિલ્લા ઉપરથી અમને યાદ કર્યા અને ૧૨મી માર્ચે અમૃત મહોત્સવમાં પણ અમને યાદ કર્યા અને આ આદિવાસીઓના બલિદાન ભૂલાઇ ન જાય એ માટે ૧૦૩ કરોડ રૂપિયાના ખર્ચે રાષ્ટ્રીય કક્ષાનું સંગ્રહાલય આજે કેવડીયામાં નિર્માણ પામી રહ્યું છે. ૬૦ ટકા જેટલું કામ પૂરુ થયું છે. આ વર્ષે પણ ૨૫ કરોડની જોગવાઇ કરી છે. પેસા એક્ટની અમલવારી કરવાના કારણે આ ગુજરાતમાં આદિવાસી વિસ્તારમાં ૧૫૫ જેટલી જગ્યાએ રેતી અને બ્લેક ટ્રેપની લીઝો આદિવાસીઓને આપવામાં આવી છે. એ જ પ્રમાણે પેસા એકટનો અમલ થવાના કારણે વાંસ હોય, ટીમરૂ પાન હોય, મધ હોય, ડોડી હોય એના બધા અધિકારો આદિવાસી સમાજને મળ્યા એના કારણે છેલ્લા ત્રણ વર્ષમાં રૂપિયા ૪૩ કરોડની રોજીરોટી આદિવાસી સમાજને મળી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ કલ્યાણની પણ હું વાત કરી લઉં તો આ વખતે ગુજરાતમાં બહેનોની સંખ્યા જયારે ૫૦ ટકા જેટલી હોય તો એને પણ બજેટમાં મહત્ત્વ આપવું જોઇએ અને એટલા માટે રૂ.૩૫૧૧ કરોડની માંગણી નંબર ૧૦૫ લઇને આવ્યો છું અને સૌથી પહેલા તો ગૃહને જણાવતાં મને આનંદ થશે કે, કોગ્રેંસના રાજયમાં વર્ષ ૨૦૧૧માં શ્રી નરેન્દ્રભાઇ સાહેબ મુખ્યમંત્રી બન્યા ત્યાં સુધી મહિલા અને બાળ કલ્યાણ અલગથી બનાવાયો ન હતો. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ મહિલા અને બાળ કલ્યાણ અલગથી બનાવ્યો. મહિલાઓને સશકત કરવા માટે ૫૦ ટકા સ્થાનિક સ્વરાજયમાં એમને અનામત આપી, સરકારી નોકરીઓમાં ૩૩ ટકા અનામત આપ્યું. આ સરકારે જેન્ડર બજેટ બનાવ્યું છે. ૮૬૭ જેટલી યોજનાઓ છે, એમાં ૧૮૯ યોજનાઓ માત્ર અને માત્ર મહિલાઓ માટે છે અને રૂપિયા ૫૧૧૨ કરોડની જોગવાઇ આ બહેનો માટે રાખેલ છે. દીકરીઓની જનસંખ્યા આજે ઘટી રહી છે, એ આપણા સૌના માટે એક ચિંતાનો વિષય છે. અને એટલા માટે વ્હાલી દીકરી યોજના રાજય સરકાર લઇ આવી અને બહુ સફળ થઇ છે. અત્યાર સુધીમાં ૩૯૪૩૨ દીકરીઓને આ યોજનામાં લાભના હુકમો આપ્યા છે અને આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે હાલમાં માનનીય મુખ્યમંત્રી સાહેબે મારી હાજરીમાં ૨૦ કરોડ

રૂપિયાનો ચેક એલ.આઇ.સી. કંપનીને આપ્યો છે. એ જ પ્રકારે આપણને બધાને ખ્યાલ છે કે વિધવા બહેનોનું દુ:ખ શું હોઇ શકે. અમારા સંવેદનશીલ મુખ્યમંત્રી સાહેબે ૨૧ વર્ષના દીકરાની શરત હતી તે દૂર કરી. એ વખતે દોઢ લાખ બહેનો જ લાભ લેતી હતી પણ આ શરત દૂર કરવાથી અને એમાં રકમમાં પણ એક હજારને બદલે બારસો પચાસ કર્યા, અને આજે ૮ લાખથી વધુ બહેનો આનો લાભ મેળવતી થઇ છે. એના માટે આ વખતે બજેટમાં ૭૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે અને કોઇ પણ વચેટીયા વગર હવે ડાયરેક્ટ ડી.બી.ટી.ના માધ્યમથી એમના ખાતામાં આ રકમ જમા કરાવાશે. અને આ વિધવા બહેનો કોઇ પુન: લગ્ન કરવા ઇચ્છતી હોય તો પણ અમારા મુખ્યમંત્રી સાહેબે યોજના બનાવી છે કે એમને ૫૦ હજાર રૂપિયાની મદદ કરવામાં આવશે. એના માટે ૩ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. એ જ પ્રકારે બાળકો, કિશોરીઓ ધાત્રી માતાઓ માટે ટી. એચ. આર. માટે ૫૦૦ કરોડની જોગવાઇ કરી છે. પૂર્ણા યોજનામાં ૧૫થી ૧૮ વર્ષની કિશોરીઓ માટે રૂપિયા ૨૯૯ કરોડની યોજના કરી છે અને મહિલાઓ માટે મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા અત્યાર સુધીમાં રૂપિયા ૯ કરોડની લોન પણ બહેનોને આપી છે અને ૩ કરોડ રૂપિયાની સબસિડી પણ ચૂકવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી વન વિભાગની જે માગણી છે એ માગણી નંબર ૨૬, એમાં પણ આ વખતે બજેટમાં વધારો કરીને ૧૭૮૪ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. ત્યારે પર્યાવરણની સુરક્ષા એ આજે સૌથી મહત્ત્વની જરૂરિયાત છે. અને આપણે સૌ પર્યાવરણની ચિંતા કરીએ જ છીએ અને ગુજરાત સતત પ્રયત્નશીલ છે કે ગુજરાતમાં વૃક્ષો વધે, લોકભાગીદારીથી વનો બને, સૃષ્ટિનું રક્ષણ થાય, અને આજિવીકામાં પણ વધારો થાય એના માટે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. વૃક્ષ અને વનોના લાભોથી આપણે બધા માહિતગાર છીએ. વૃક્ષ અને વનો માનવીને ઘણું બધું આપે છે છતાં બદલામાં કોઇ અપેક્ષા રાખતું નથી. એક વફાદાર મિત્ર તરીકે વૃક્ષ આપણું કામ કરે છે ત્યારે આ વન બહારના વિસ્તારોમાં પણ દિલ્હી અને ગોવા પછી ગુજરાત ત્રીજા નંબરે છે સાહેબ. ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયાનો વર્ષ ૨૦૧૯નો રિપોર્ટ કહે છે કે ગુજરાતમાં બધા જ લોકોના સહીયારા પ્રયાસથી સો ચોરસ કિલોમીટર જેટલો વનમાં પણ વધારો થયો છે. એ જ પ્રકારે ચેરના વૃક્ષોમાં પણ, આપણને સોળસો કિલોમીટર દરિયા કિનારો મળ્યો છે તેનો આપણે સદ્ઉપયોગ કર્યો છે, પશ્ચિમ બંગાળ પછી ચેરના વૃક્ષોમાં બીજા નંબરે છીએ અને અમારા મુખ્યમંત્રી સાહેબ ઉતરાયણના સમયે જે કરૂણા અભિયાન ચલાવે છે તેમાં અત્યાર સુધી ૫૫૧૪૫ ઘવાયેલા પક્ષીઓને સારવાર આપીને ૫૦૯૦૦ પક્ષીઓને બચાવીને પાછા મુકત કરવામાં આવ્યા છે. ગુજરાતની ઓળખ એટલે સિંહ ગણાય છે. સિંહ આપણું ગૌરવ છે, એનું સંરક્ષણ થાય અને સંવર્ધન થાય તેના માટે અમારા મુખ્યમંત્રી સાહેબ ખૂબ ધ્યાન આપે છે, જયારે વર્ષ ૨૦૧૫માં સિંહોની ગણતરી થઇ ત્યારે ૫૨૩ સિંહો હતા, વર્ષ ૨૦૨૦માં પુન: અવલોકન થયું ત્યારે એની વસતિ ૬૭૪ જેટલી થઇ. એટલે ૨૯ ટકા જેટલો સિંહોમાં પણ વધારો થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ અમારા ૩ વિભાગની માગણી અંગે હું એટલું જ કહીશ કે, આ બજેટ ગરીબો માટે છે, આદિવાસીઓ માટે છે અને વન વિભાગનું બજેટ એ પશુ પક્ષી અને પ્રાણીઓ માટે છે. મહિલાઓ માટેનું બજેટ એ બાળકો અને મહિલાઓ માટેનું છે, વનની સમૃદ્ધિ માટેનું છે. ત્યારે આપ સૌને મારી વિનંતી છે કે આપ સૌ મારી માગણીઓ સર્વાનુમતે મંજૂર કરવામાં આવે તેવી વિનંતી છે.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે ૨૫૦ની વસતિ ધરાવતા તમામ ગામ ફળીયાઓને બારમાસી પાકા રસ્તાથી જોડી દેવામાં આવ્યા છે. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે અમારે ત્યાંથી ૫૦૦થી અને હજારની વસતિ ધરાવતા ગામોને પણ ડામર રસ્તો નથી મળ્યો તો આ તમે ૨૫૦ની વસતિવાળા ગામ ફળિયા છે એનો સરવે કયારે કર્યો? કારણ કે મારી જાણ મુજબ વર્ષ ૧૯૯૩ પછી કયારેક કરવામાં આવ્યો નથી. બીજી એક વાત છે કે આપણું ટ્રાયબલ વિભાગનું બજેટ આદિજાતિ વિકાસ વિભાગ હસ્તક મૂકવા માગો છો કે કેમ અને એનું આયોજન આદિજાતિ વિકાસવિભાગ મારફત કરવા માગો છો કે કેમ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય ધારાસભ્ય ડો.અનિલભાઇ જોશીયારાજીનું બજેટ અંગેનું સૂચન છે. ૨૫૦ની વસતિવાળા ગામોમાં રસ્તા બન્યા છે એ માર્ગ અને મકાન વિભાગ દ્વારા અમને જિલ્લાવાર યાદી આપવામાં આવી છે એટલા માટે મેં ગૃહને માહિતગાર કર્યું છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણીઓ લઇને આવ્યા છે ત્યારે આપની મારફત સીધા ત્રણ સવાલો પૂછવા છે. સમગ્ર સભાગૃહ અને રાજયના આદિવાસી સમાજની ચિંતા કરીએ છીએ. આદિકાળથી એને જે અધિકારો મળ્યા છે એ અધિકારો જળવાય એ માટે હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે * (xxx) જમીન ઝૂંટવવા માટે સરકારી તંત્ર દ્વારા મા બહેન દીકરીઓ ઉપર * (xxx)

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, *(xxx) શબ્દો કાઢી નાખવામાં આવે છે. ફકત પ્રશ્ન પૂછો. આ બધું પહેલા કહી શકયા હોત.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી પરેશ ધાનાણી : એ જે બનાવ છે એની ન્યાયીક તપાસ અને જવાબદારો સામે શિક્ષાત્મક પગલાં ભરવા માગો છો કે નહિ?મારો બીજો પ્રશ્ન છે કે અંબાજી પવિત્ર યાત્રાધામ ખાતે આદિવાસીભાઇઓની જમીન કયાંય પાણીના ભાવે છીનવી લેવામાં આવી રહી છે કે સંપાદન કરવામાં આવી રહી છે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, ટાઇમ થઇ ગયો છે. મુખ્ય દંડક પણ ટાઇમ વધારવા માટે ના પાડે છે એટલે હું આપનો પ્રશ્ન એલાવ કરતો નથી.

કાપ દરખાસ્તો ક્રમાંક– ૨, ૩, ૪, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૩, ૩૪, ૩૭, ૩૮, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૫, ૪૭, ૪૮ અને ૪૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

**માગણી ક્રમાંક ૨૬, ૯૩, ૯૬ અને ૧૦૫ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

અધ્યક્ષશ્રી : આજે હું મજબુર છું એ વાતની નોંધ લેવા માટે કે માનનીય ભૂપેન્દ્રસિંહજી અને માનનીય મોહનસિંહજી ઉપરથી સત્તાપક્ષ અને વિપક્ષના તમામ ધારાસભ્યશ્રીઓ બોધ લે કે તમે ધારાસભ્ય તરીકે લોકોની સેવા માટે ચૂંટાયા છો. સમગ્ર સમય દરમિયાન આ બંને માનનીય ધારાસભ્યશ્રીઓ સતત એમની હાજરી સવારથી સાંજ સુધી રહે છે. ઉંમર અને સંજોગો બંને વિપરીત હોવા છતાં બંને માનનીય ધારાસભ્યશ્રીઓ સિનિયર ધારાસભ્યશ્રીઓ જેઓ નિયમિત હાજર રહે છે અને આથી એમને શ્રેષ્ઠ ધારાસભ્યનો પ્રતિષ્ઠિત એવોર્ડ પણ આપણે આપ્યો છે. હું એમને પુનઃઅભિનંદન આપું છું અને આના ઉપરથી તમામ ધારાસભ્યશ્રીઓએ ઘડો લેવો જોઇએ કે એ લોકો આખા દિવસ દરમિયાનમાં કલાકો સુધી બહાર રહે છે. મને ચિંતા છે એ વાતની કે આપણી આ પાર્લામેન્ટરી સિસ્ટમને મંજૂર કરવી હશે તો સત્તાપક્ષ કે વિપક્ષ બંનેએ સમયસર હાજર રહેવું જોઇએ. તમે બે, પાંચ કે દસ મિનિટના કામ માટે જઇ શકો પરંતુ સતત ગેરહાજર રહવું એ કોઇપણ ધારાસભ્યશ્રીઓ માટે યોગ્ય નથી.

**સભાગૃહનું કામકાજ રાત્રીના ૮–૦૦ કલાકે પૂરું થતા સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૧૭મી માર્ચ, ૨૦૨૧ના રોજ બપોરના ૧૨–૦૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૧૭મી માર્ચ ૨૦૨૧
તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા. ૧૭મી માર્ચ, ૨૦૨૧**
**ફાલ્ગુન ૨૬, ૧૯૪૨ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

તારાંકિત પ્રશ્નો
**વડોદરા મધ્યસ્થ જેલમાં કેદીઓને સલાહ અને સહાય**

*૩૭૪૪૫ **શ્રી મધુભાઇ શ્રીવાસ્તવ**(વાઘોડીયા) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યના કેદીઓને કાયદાકીય સલાહ અને સહાય આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા મધ્યસ્થ જેલના કેટલા કેદીઓને કાનૂની સલાહ અને સહાય આપવામાં આવેલ છે? | (૨) |

| કાનૂની સલાહ | કાનૂની સહાય |
|---|---|
| ૧૩૦૪ | ૫૩૮ |

શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં બે વર્ષમાં વડોદરા મધ્યસ્થ જેલમાં કેટલા કાચા કામના કેદીઓ, કેટલા પાકા કામના કેદીઓ અને કેટલા મહિલા કેદીઓને આવી કાયદાકીય સલાહ અને સહાય આપવામાં આવી? આવી કાયદાકીય સલાહ અને સહાયના કારણે કેટલા કેદીઓ જામીન મુક્ત અને કેટલા કેદીઓ નિર્દોષ જેલમુક્ત થયા છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે કોઈ પણ કેદી જેલમાં હોય છે ત્યારે પોતાની આર્થિક પરિસ્થિતિ અથવા પોતાને કોઈ પણ પ્રકારની માહિતી ન હોવાને કારણે એને મળતી કાયદાકીય સલાહ અથવા એના પોતાના જુદા-જુદા અધિકારોથી વંચિત રહી જતો હોય છે. આથી આવા સંજોગોમાં આ કાયદાકીય સલાહ અને સહાય તેઓને ઉપયોગી થતી હોય છે. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એમાં છેલ્લાં બે વર્ષમાં વડોદરા મધ્યસ્થ જેલ ખાતે કાચા કામના ૭૭૪ પુરૂષો અને ૩૭૧ સ્ત્રીઓ એમ કુલ-૧૧૪૫ અને પાકા કામના ૯૦ પુરૂષો અને ૬૯ સ્ત્રીઓ એમ કુલ ૧૫૯ કેદીઓને કાયદાકીય સલાહ આપવામાં આવી છે. કાયદાકીય સલાહ અને સહાયના કારણે આ કેદીઓએ પોતાના અધિકારો માટે એનો ઉપયોગ કર્યો અને એના કારણે એક કેદી જામીનમુક્ત બન્યા અને આ પૈકીના બે કેદીઓ નિર્દોષ જેલમુક્ત થયા છે. જો આ સલાહ કે સહાય ન મળી હોત તો એ અકારણ જેલમાં ખોટી રીતે દંડાતા હોત. એવા સંજોગોમાં આ સલાહ અને સહાય તેઓને ઉપયોગી થઈ છે.

શ્રીમતી મનીષા વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજ્યની જેલોમાં કેદીઓને કાયદાકીય સલાહ અને સહાય ઉપરાંત કેદીઓના કલ્યાણ માટે બીજાં શાં પગલાં લેવામાં આવ્યાં છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે, કોઈ વ્યક્તિ જન્મજાત અપરાધી નથી હોતો. પરંતુ સંજોગવશાત્ તેનાથી જે અપરાધ થાય છે એના કારણે એને સજા થતી હોય છે અને સજા થયા પછી જેલમુક્ત થયા બાદ એક સારા નાગરિક તરીકે પ્રસ્થાપિત થાય એના માટે જેલમાં આ પ્રકારનું આયોજન કરવામાં આવે છે. ઘણી વખત જેલમાં આ લોકોને રોજગારલક્ષી જુદી-જુદી તાલીમ આપવામાં આવે છે અને માત્ર તાલીમ નહિ તેઓને અપાતી રોજગારલક્ષી તાલીમમાં ભથ્થું પણ આપવામાં આવે છે. આ ઉપરાંત આઈ.ટી.આઈ., ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા અને જુદી જુદી સ્વૈચ્છિક સંસ્થાઓમાં ઈલેક્ટ્રિશિયન અને જુદા જુદા ટેકનિકલ નાના નાના ઉદ્યોગો જેલમાંથી છૂટ્યા પછી સ્વયં શરૂ કરી શકે. વેજીટેબલ નર્સરી, પેપર કવર બેગ, ફાઈલ બનાવવી એમ અનેક રીતે પ્રશિક્ષિત કરી એનામાં રહેલ કૌશલ્યમાં વધારો થાય અને એ સારી જિંદગી જીવી શકે. ઘણી વખત અભ્યાસમાં રૂચિ દાખવતા હોય તેવા લોકોને ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી અને ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માધ્યમથી ડિગ્રીના સર્ટિફિકેટ આપવામાં આવે છે. જેલમાં આવેલી ઓડિયો લાયબ્રેરીના માધ્યમથી એ પોતે પોતાના જ્ઞાનમાં વધારો કરી શકે છે. આમ, એના જેલના કાલખંડમાં એ કેદીમાંથી સારો માણસ બને એ માટેની અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : અમને તો જેલની બહાર ભજીયાં મળે છે એ ખબર છે. અત્યારે કોરોનામાં ખબર નથી, પણ વર્ષોથી જે લોકોને જમવાનું બનાવવાનું સારું આવડતું હોય એ લોકો ભજીયાં બનાવીને વેચે. આખું વડોદરા ત્યાં ખાવા માટે જાય. માનનીય જીતુભાઇ સુખડિયા,

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરામાં હાલની સેન્ટ્રલ જેલ ઉપરાંત જેના ભજીયાં ફેમસ છે, એ આપ કહો છો, એક ઓપન જેલ પણ બનાવી હતી, એની સ્થિતિ આજે શું છે? અને ત્યાં કઇ સગવડો ઉભી કરવામાં આવી છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપની વાત સાચી છે. વડોદરાની જેમ અમદાવાદના પણ જેલના ભજિયાં એ અમદાવાદના લોકો માટે એક અત્યંત સ્વાદ એનો હોય છે અને સુભાષબ્રિજના છેડે જયાં જેલ આવેલી છે, એની અંદર એ જેલના એ ભજીયાં એટલા માટે વખણાય છે કે, એની અંદર જે મેથી કે અન્ય વપરાય છે એ બધું ઓર્ગેનિક અને જેલની પ્રિમાઇસીસની અંદર બનેલું હોવાના કારણે એનો ટેસ્ટ પણ વિશિષ્ટ હોય છે. માનનીય ધારાસભ્યશ્રી, જીતુભાઇ સુખડીયા દ્વારા જે વાત કરવામાં આવી, હા, એમની વાત સાચી છે. વડોદરા ખાતે નવી દંતેશ્વર ઓપન જેલ રૂપિયા૧૧.૧૭ કરોડના ખર્ચે કરવામાં આવી છે. ઓપન જેલની અંદર અદ્યતન ગૌશાળા, મેડીટેશન હોલ, લાઇબ્રેરી, વ્યવસાયલક્ષી તાલીમનું સેન્ટર, પ્રાયમરી હેલ્થ સેન્ટર, ઇન્ડોર ગેમ્સ હોલ, યોગા હોલ, કીચન, કલોથીંગ સેન્ટર, લોન્ડ્રી, ઓફિસ બિલ્ડિંગ, આમ ખેતીવાડી સહીત, ૮૦ એકર જેટલા વિસ્તારમાં એની અંદર ડાંગર, ઘઉં, શાકભાજી વગેરેનું પણ ઉત્પાદન કરે છે, પરંતુ એમાં નિયત ધોરણો હોય છે, એ નિયત ધોરણોમાંથી જે હોય એને જ આપણે આ દંતેશ્વરની ઓપન જેલની અંદર પ્રવેશ આપીએ છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય સીમાબેન,

શ્રીમતી સીમાબેન અ. મોહીલે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વડોદરા મધ્યસ્થ જેલના કેદીઓને કાનૂની સલાહ અને સહાય આપવામાં આવે છે, પરંતુ કોરોનાના સંક્રમણ દરમિયાન બહાર વકીલો મળતા ન હતા, ત્યારે આવા કેદીઓને કાનૂની સલાહ અને સહાય આપવામાં શું કામગીરી કરી અને આ કેદીઓને કોરોનાના સંક્રમણથી બચાવવા શું શું પગલાં લેવામાં આવ્યાં?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, જેલનો કેદી એ જયારે જેલમાં હોય ત્યારે લગભગ પરિવારથી વિખૂટો પડેલો, નિરાધાર હોય છે અને એમાં પણ કોરોનાના કાર્યકાળની અંદર આ લોકોની સ્થિતિ અત્યંત ખરાબ સ્થિતિ હતી. એવા સંજોગોમાં સુપ્રીમ કોર્ટે આપણને જે ડાયરેકશન આપ્યું એના હેઠળ ચેરમેન, લીગલ સર્વિસ ઓથોરિટી, એ.સી.એસ. (હોમ) અને ડી.જી. (જેલ)એની એક હાઇ પાવર કમિટી બનાવવામાં આવી. એના માધ્યમથી લીગલ સર્વિસ ઓથોરિટીની પેનલ ઉપર જે એડવોકેટસ્ હોય એ એડવોકેટસની મદદના માધ્યમથી આ લોકોને જેલમાંથી મુકત કરવા માટે કાર્યવાહી કરી અને હું માનું છું કે, કોરોનાના કાર્યકાળમાં આના કારણે વડોદરા મધ્યસ્થ જેલમાં વચગાળાના ૫૬, પેરોલના ૨૬૭, ફર્લોના ૧૯૫ એમ ૫૧૮ લોકો આનો લાભ લઇ શકયા.

અધ્યક્ષશ્રી : કોગ્રેંસને જેલના પ્રશ્નોમાં રસ નથી, કોઇનો નહીં. પ્રશ્ન ક્રમાંક-૨, પ્રશ્નમાં રસ, પ્રશ્નમાં રસ નથી એમ મેં કીધું. મારાથી કશું કહેવાય એવું નથી.

**ભાવનગર અને અમરેલી જિલ્લામાં ઘન કચરા તથા વ્યવસ્થાપનની કામગીરી**

*૩૪૪૯૩ **શ્રી કનુભાઇ બારૈયા**(તળાજા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ઘન કચરા નિકાલ વ્યવસ્થાપન નિયમ-૨૦૧૬ અંતર્ગત દર ત્રણ માસે એક વખત કલેક્ટર દ્વારા નગરપાલિકા તરફથી થતા ઘન કચરા તથા વ્યવસ્થાપનની કામગીરીનું પુનરાવલોકન કરવાનું હોય છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર અને અમરેલી જિલ્લામાં આવેલ નગરપાલિકાવાર કલેક્ટરશ્રી દ્વારા કામગીરીનું પુનરાવલોકન કરવામાં આવેલ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો ના, તો તેના કારણો શા છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ભાવનગર અને અમરેલી જિલ્લામાં આવેલ નગરપાલિકામાં કંઇ કંઇ તારીખે કલેકટર દ્વારા ઘનકચરા તથા વ્યવસ્થાપનની કામગીરીનું પુનરાવલોકન કરવામાં આવ્યું છે? મારો બીજો પ્રશ્ન અને કંઇ ક્ષતિઓ જણાઇ? મને જવાબ એવો આપ્યો છે કે, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. મારા મત વિસ્તારમાં તળાજા નગરપાલિકા આવે છે.ખેડૂતોના ખેતર અને વાડીઓને અડીને ઘન કચરો નાખવામાં આવે છે એના લીધે ખેડૂતોને ખૂબ મોટું નુકસાન થાય છેએના ફોટા પણ મારી પાસે સામેલ છે ત્યારે એના માટે આપ કંઇ કરવા માગો છો કે કેમ?આ ફોટા અને વિડિયો રેકોર્ડિંગ મારી પાસે સામેલ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કનુભાઇએ જે પ્રશ્ન પૂછ્યો છે એમાં કલેકટર દ્વારા નગરપાલિકાના ઘન કચરાનું વ્યવસ્થાપન કામગીરીનું પુનરાવલોકન કરવાનું હોય છે એ હકીકત સાચી છે. આપણને સૌને આનંદ થાય કે આઝાદીના દાયકાઓ પછી દેશની જનતા સ્વચ્છતા અને સ્વચ્છતાની સાથે સાથે તંદુરસ્તી, નિરોગી જીવન એક સિક્કાની બે બાજુ છે. સ્વચ્છતા હોય ત્યાં તંદુરસ્તીઅને જયાં ગંદકીહોય ત્યાં રોગચાળો હોય. દાયકાઓ સુધી આ બાબતમાં ધ્યાન ન અપાયું. પરંતુ આપણને આનંદ છે કે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ જયારે અહીંયા કામગીરી કરતા હતા તે વખતે વર્ષ ૨૦૦૭માં નિર્મળ ગુજરાતની શરૂઆત કરી અને ગુજરાતમાં સ્વચ્છતા અભિયાન જુદી જુદી

રીતે જેવા કે નગરપાલિકાઓને સાધન સહાયની સાથે સાથે બીજી બધી વ્યવસ્થા, માર્ગદર્શન, પ્રોત્સાહન, ઇનામો વગેરે આપીને નગરપાલિકાઓને સ્વચ્છતા માટે પ્રોત્સાહિત કરી. દેશના સદનસીબે માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ વડાપ્રધાન બન્યા પછી તરત મોટું પહેલું કામ કર્યું. એમાં મહાત્મા ગાંધીજીની દાંડીયાત્રા ગુજરાતમાં ચાલી રહી છે એ દાંડીયાત્રાની જેમ ઐતિહાસિક કામ કરવા માટે મોદી સાહેબે સમગ્ર દેશમાં પૂજય મહાત્મા ગાંધીજી જેને ખૂબ અગત્યનું કામ ગણતા હતા અને તેઓએ એક સૂત્ર પણ આપ્યું હતુંકે સ્વચ્છતા ત્યાં પ્રભુતા. જયાં સ્વચ્છતા છે ત્યાં ભગવાન વાસ કરે છે. એટલે એવી કામગીરી આગળ વધારીને મહાત્મા ગાંધીજીના નામની સાથે તા. ૨૫-૨-૨૦૧૪ના રોજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સમગ્ર ભારતમાં મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશનની શુભ શરૂઆત કરી અને આખા દેશમાં એનો અમલ ચાલુ કર્યો. એના માટે ભારત સરકારે કાયદો પણ બનાવ્યો અને એ કાયદામાં કલેકટરોને પણ જોડ્યા. મારો કહેવાનો ભાવાર્થ તમે સમજો. સ્વચ્છતાને ગાંધીજીના આદર્શો, ગાંધીજીના સિદ્ધાંતોને, ગાંધીજીના નામનો ઉપયોગ કરીને લોકોએ બહુ મજા કરી. પરંતુ ગાંધીજીના કામના સિદ્ધાંતને ખરેખર અમલમાં મૂકવાનું કામ માનનીય નરેન્દ્રભાઇ મોદીએ કર્યું એ આપણા દેશની એક મોટી ઐતિહાસિક ક્રાંતિ છે. એમણે સ્વચ્છતા મિશનનો કાયદો બનાવ્યો. એણે ભારત સરકારે અને રાજયોએ મહત્વ આપ્યું એમાં દરેક કલેકટરોને પણ આવરી લીધા છે. દરેક કલેકટરે પોતે કેટલી વખત પુનરાવલોકન કર્યું. કલેકટર પુનરાવલોકન કરે એ માટે કાયદામાં જોગવાઇ કરી અને દરેક જિલ્લા કલેકટરોએ પોતાના જિલ્લાની નગરપાલિકાઓ સ્વચ્છતાની કામગીરી કેવી રીતે કરે છે ઘન કચરાનો કેવી રીતે નિકાલ કરે છે. તેનું ચીફ ઓફિસરો ઉપર નિયંત્રણ રાખવા નિયમ-૧૨ પ્રમાણે કલેક્ટરોને સત્તા આપીને જવાબદારી પણ સોંપી કે તમારે આખા જિલ્લાની નગરપાલિકાઓની કામગીરીનું ઓછામાં ઓછું ત્રણ મહિને એક વખત રિવ્યુ કરવું અને રિવ્યુ કરવાનું કામ આખા રાજ્યમાં કલેક્ટરો કરી રહ્યા છે. એટલે મોદી સાહેબે કલેક્ટરોને પણ આ કામમાં જોડ્યા છે. મહાત્મા ગાંધીજીના સ્વચ્છતાના મિશનને અમારી સરકારે આગળ વધાર્યું છે.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન બાકી છે.

અધ્યક્ષશ્રી : શું બાકી રહ્યું? આ વિસ્તૃત જવાબ આપ્યો છે.

શ્રી કનુભાઇ મ. બારૈયા : મારા પ્રશ્નનો જવાબ નથી એ વર્ણન કર્યું છે. મેં પ્રશ્ન પૂછ્યો છે ભાવનગર અને અમરેલી જિલ્લાનો. તળાજામાં નગરપાલિકાનો કચરો સાકડાસર ગામની સીમમાં નાંખવામાં આવે છે, ત્યાં આજુબાજુના ખેડૂતોને નુકસાન થયાનું મારી પાસે પ્રુફ છે. ફોટા બતાવું છું. તેના માટે આપ કંઇ કરવા માગો છો કે કેમ? એ મારો પ્રશ્ન છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હજુ હું કહીશ તો..

અધ્યક્ષશ્રી : આ ટૂંકો પ્રશ્ન છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મારો જવાબ પણ બિલકુલ સરળ છે. તેમણે કલેક્ટરોએ કેટલી વખત મિટિંગ કરી? રિવ્યુ કેટલી વખત કર્યો? એ પ્રશ્ન પૂછ્યો છે. એમણે આ જે સંબંધિત ગામનું નામ દીધું કે સાકડાસર ગામે કચરો ભેગો થાય છે તેના અંગે શું કર્યું એવો પ્રશ્ન નથી પૂછ્યો, એવું પૂછ્યું હોત તો હું એનો જવાબ આપત. આપ પ્રશ્ન જોઇ લો સાહેબ. એ જે વર્ણન કરે છે એમાંનું માનનીય સભ્યશ્રીએ કશું પૂછ્યું જ નથી. એમણે તો એટલું જ પૂછ્યું છે કે કલેક્ટરોએ કેટલી વખત રિવ્યુ મિટિંગ કરી એની માહિતી મેં આપી છે. શ્રી કનુભાઇ, આપને પ્રશ્ન હોય તો આપ ફોટા અને બધું લઇને કલેક્ટરશ્રીને મળી શકો છો.(અંતરાય)

અધ્યક્ષશ્રી : આવી ગયું. મંત્રીશ્રીએ જવાબ આપી દીધો છે. તમે જે ઇચ્છો એ જવાબ આપે એવું ન હોય.

શ્રીમતી ગીતાબા જ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે ભાવનગર જિલ્લામાં અત્યાર સુધી આ કમિટીની કેટલી બેઠક યોજાઇ છે અને અંતિમ બેઠકની તારીખ શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કાયદામાં જોગવાઇ છે એ પ્રમાણે દર ત્રણ મહિને કલેક્ટરોને આની મિટિંગ બોલાવવાની હોય છે. આ કમિટીની અંદર દરેક નગરપાલિકના ચીફ ઓફિસરે, એ જિલ્લામાં જો કોર્પોરેશન આવ્યું હોય તો તેના નાયબ કમિશનર એ બધાએ ઉપસ્થિત રહેવાનું હોય છે. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના જિલ્લાના અધિકારી હોય એમણે પણ ઉપસ્થિત રહેવાનું હોય છે અને આ અંગે ભાવનગર જિલ્લાના કલેક્ટરે જે મિટિંગો બોલાવી એ મિટિંગો જુદી જુદી તારીખે બોલાવવામાં આવી છે એ બધી જ મિટિંગો સમયસર બોલાવવામાં આવી છે. ફક્ત કોરોના સમય દરમ્યાન આ મિટિંગ બોલાવવામાં આવી નથી.

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા ઇચ્છું છું કે ગુજરાતની અંદર બ, ક અને ડ પ્રકારની જે નગરપાલિકાઓ છે તેમાં ફરજિયાત સ્વરૂપે સેગ્રીગેશન કચરો થાય એના માટે વેસ્ટ કમ્પોઝરની સુવિધાઓ આપવા ઇચ્છો છો કે કેમ? મારો બીજો પ્રશ્ન છે કે આખા ગુજરાતમાં તમામ પાલિકાઓમાં જે સફાઇ કામદારો કામ કરી રહ્યા છે એની એક વખત નોકરી પૂરી થાય ત્યારે તેમના વારસોને લેવા ઇચ્છો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન આમાં લાગુ નહીં પડે.

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી બીજો પ્રશ્ન કે જે સફાઇ કામદારો કામ કરે છે, હવે એને કોન્ટ્રાક્ટ બેઝ ઉપર જ લેવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : એ પ્રશ્ન પણ લાગુ નહીં પડે. પહેલો પ્રશ્ન પૂછ્યો તેનો જવાબ માનનીય મંત્રીશ્રી આપો.

તારાંકિત પ્રશ્નો

શ્રી અમરીષભાઇ જી. ડેર : હું ફરીવાર કહી દઉં કે બ, ક અને ડ પ્રકારની જે નગરપાલિકાઓ છે ત્યાં ફરજિયાત સ્વરૂપે વેસ્ટ કમ્પોઝના સાધનો લાગે તેના માટે કોઇ યોજના લાવવા ઇચ્છો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકાર અમારા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ, જેમના હસ્તક શહેરી વિકાસ વિભાગની કામગીરી પણ આવે છે. અમે ફકત કાયદા નથી બનાવતા. કાયદાનો અમલ કરવા માટે નાની નાની નગરપાલિકાઓ ‘‘અ ’’ કક્ષાની નગરપાલિકા તો મોટી કહેવાય પણ ‘‘બ, ક, ડ ’’એ તો નાની નગરપાલિકા કહેવાય, એના આર્થિક આવકનાં સાધનો પણ મર્યાદિત હોય, પણ અમારી સરકાર આ મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશનને સફળ બનાવવા, રાજ્યને સ્વચ્છ, સુંદર, ભવ્ય, નિર્મળ બનાવવા નગરપાલિકાઓને સાધન સહાય પણ આપે છે જે પ્રશ્ન પૂછવામાં આવ્યો એ પ્રમાણે સેગ્રીગેશન કરવું હોય, ગામના કચરા ઘરે ઘરેથી એકત્ર કરી, જેને આપણે અંગ્રેજીમાં ડોર ટુ ડોર કલેકશન કહીએ છીએ, એ એકત્રિત કર્યા પછી ભીનો કચરો, સૂકો કચરો એ જૂદો પાડવાનો અને સેગ્રીગેશન સાઇટ ઉપર લઇ જઇ એનું નિરાકરણ કરવાનું એટલે કે એને જૂદી રીતે છૂટો પાડી જે વસ્તુ રિઇકલિંગ થઇ શકતી હોય એ રિસાઇકલિંગમાં જાય, ભીનો કચરો હોય એ કંમ્પોઝ ખાતરમાં વપરાય એ પ્રમાણેની વ્યવસ્થા છે અને એના માટે સરકાર તરફથી જમીન પણ ફાળવી આપવામાં આવે છે અને સાથે સાથે ડી.પી.આર. જે મંજૂર કરીએ છીએ, દા.ત. મહુવા નગરપાલિકા તો એને પણ ગુજરાત સરકારે આ સાધનો વસાવવા જેવા કે ટ્રેકટર, ઘરે ઘરેથી કચરો એકત્ર કરવાની રીક્ષા વસાવવી પછી એ સિટી હોય, એની જેવી જરૂરિયાત હોય એ પ્રમાણેનાં સાધનો અમે ૫૦–૫૦ લાખ રૂપિયાની કિંમતના નગરપાલિકાને અંદાજે, ગામની વસ્તી પ્રમાણે અમે ફાળવી આપીએ છીએ. એમાં મહુવા, પાલીતાણા, ગારીયાધાર, શિહોર, તળાજા, વલભીપુર, આ બધી નગરપાલિકાને જે ડી.પી.આર. બન્યા તેમાં આ કચરાને સેગ્રીગેશન કરવાનો, એને છૂટો પાડી એનું રૂપાંતર કરવાનો એના માટે જે સાધન જોઇએ, સાદી ભાષામાં કહું તો એના માટે જે ચારણા જોઇએ એ બધું વસાવવા માટે સરકાર તરફથી મદદ પણ કરવામાં આવે છે અને દર વર્ષે નગરપાલિકાઓને ટ્રેકટર, રીક્ષાઓ, ટેમ્પો આ બધું પણ અમારો શહેરી વિકાસ વિભાગ વિનામૂલ્યે દરેક નગરપાલિકાને અમદાવાદથી માંડીને નાનામાં નાની ‘‘ડ’’ વર્ગની નગરપાલિકા હોય, દર વર્ષે કરોડો રૂપિયાનાં સાધનો ગુજરાતને સ્વચ્છ, સુંદર રાખવા માટેગુજરાતની ભારતીય જનતા પક્ષની સરકાર દ્વારા ફાળવવામાં આવે છે.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીએ બહુ સારી વાત કરી, સફાઇની વાત કરી, કચરો ઉઠાવીને બીજે એને જુદો પાડે છે, લઇ જાય છે, ડોર ટુ ડોર ઉઘરાવીને લઇ જાય છે, ઘણો કચરો અહીંથી સાફ થઇ ગયો છે, એ સાથે સંમત છું. સવાલ માત્ર એ છે કે થીમ સારી છે, બધાને ગમે છે, ખર્ચો સરકાર કરે છે પણ અમુક નગરપાલિકા પાસે કચરો નાખવાનું સાધન છે પણ જગ્યાઓ નથી અને એની પાસે જગ્યા નથી એટલે એ ગમે તે જગ્યાએ ખાડામાં કચરો નાંખી દે છે, દા.ત. અમારી કરમસદ નગરપાલિકા છે, કરમસદની અંદર સરદાર પટેલનું ખૂબ નામ છે, ત્યાં સંદેસર રોડની આજુબાજુ ખાડામાં કચરો નાંખે છે અને કચરો બાળે પણ છે. એનાથી પર્યાવરણ પણ બગડે છે અને ગંદકી ફેલાય છે. ત્રણ મહિને કલેકટરની વિઝિટની વાત કરી. કલેકટર જિલ્લામાં જયારે મુલાકાતે નીકળે ત્યારે ત્યાંથી પસાર થાય છે, અધિકારીઓ ત્યાંથી પસાર થાય છે, ઉદ્ઘાટનમાં મિનિસ્ટર આવે એ ત્યાંથી પસાર થાય છે, પણ એ કચરા નાખવાનું સ્થળ નક્કી નથી થતું. તો આ પ્રમાણે જે નગરપાલિકાઓ પાસે સ્થળ નથી એમને સ્પેશિયલ કેસમાં સ્થળ આપવા સરકાર માગે છે કે કેમ? કારણ કે આ જે કચરાનો ખર્ચો કરીએ છીએ એ એક જગ્યાએથી ઉઠાવીને બીજે મૂકે છે ત્યાં ફેલાય છે, તો એવી કોઇ સિસ્ટમ ઇમ્પ્લિમેન્ટ કરવા માગીએ છીએ કે જેનાથી ફાયદો થાય?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી નિરંજનભાઇની વાત ઘણી સાચી છે.એક તો નાની નગરપાલિકાઓ, મધ્યમ કક્ષાની ‘‘બ કે ક’’ વર્ગની નગરપાલિકાઓ ગામનો કચરો એકત્ર કરી, નિકાલ કરવો એ મહત્વનું કામ છે, સાફસૂફ તો થાય છે, ઘરે ઘરેથી એકત્રીકરણ પણ થાય છે, પછી એને સાઇટ ઉપર નાખવા, જે જગ્યા કલેકટર સરકારી ખરાબો તરીકે ફાળવી આપે તો બાજુમાં કોઇના ખેતરો આવતા હોય, કોઇ ગામ નજીક આવતું હોય તો ઘણી જગ્યાએ આ પ્રશ્નો સરકારના ધ્યાન ઉપર પણ આવ્યા છે કે જયાં આગળ સોલીડ વેસ્ટનો કચરો ઠાલવવા માટે સરકાર કલેકટર જગ્યા ફાળવી આપે ત્યાં આજુ બાજુના લોકો વિરોધ કરતા હોય છે એ વાત સાચી છે. પણ હવે અમે એવું મોટું કામ હાથ ઉપર લીધું છે. જેમ શ્રી નિરંજનભાઇએ કહ્યું કે આવતા જતા જોતા હશો કે અમદાવાદથી હાઇ–વે ઉપર જતા હશે એ જોતા હતા કે એક જમાનામાં અમદાવાદ કોર્પોરેશનનો મોટો કચરાનો ઢગલો હાથીજણ રોડ ઉપર હતો. પર્વત જેવો લાગતો હતો. હું અભિનંદન આપીશ અમારા શહેરી વિકાસ વિભાગને, અમારા કોર્પોરેશનને, અમારા અમદાવાદના ચૂંટાયેલા પ્રતિનિધિઓને કે ૫ વર્ષથી જે ઝુંબેશ ઉપાડી એ ઢગલાનું સેગ્રીગેશન કરી, જુદો પાડી કપચી, લોખંડ, માટી, ધૂળ, પ્લાસ્ટિક, વગેરે જુદા પાડી એનો જુદો જુદો ઉપયોગ કરી, રિસાઇકલિંગ કરી, કાટમાળ તરીકે, ભંગાર તરીકે, પ્લાસ્ટિક હોય તો રિસાયકલિંગ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો. મને લાગે છે કે નામદાર સુપ્રીમ કોર્ટે પણ ટકોર કરી હતી કે આનું નિરાકરણ કરો. ગ્રીન ટ્રિબ્યુનલે પણ ટકોર કરી હતી. ક્યાંય જગ્યા બચી ન હતી એ બધું સાફ કરી આજે લગભગ તળિયાઝાટક કરી નાખ્યું. માનનીય શૈલેષભાઇ અને અમદાવાદના ધારાસભ્યશ્રીઓ જોતા હશે કે લગભગ સાફ કરી દીધું. એ જ પ્રમાણે હવે દરેક નગરપાલિકામાં કચરો ભેગો નથી કરવાનો. કચરો ભેગો કરવાની એક જગ્યા નક્કી થાય પછી એનું સેગ્રીગેશન કરીને જુદા જુદા ભાગોને છૂટા પાડીને જે ઉપયોગ થતો હોય એ રીતે નિકાલ કરવાનો છે. રાખી મૂકવાનો નથી. આ બધું આપણે વૈજ્ઞાનિક પદ્ધતિએ કરી રહ્યા છીએ. બીજું, આગ લાગવાની વાત

કરી. કારણ કે કચરામાં કોઇ કાંઇ નાખી દે તો પડ્યા પડ્યા આગ લાગતી હોય છે. એ પણ બનતું હોય છે. ભૂતકાળમાં આપણે આ દૂષણ દાયકાઓ સુધી ચલાવ્યું છે, પણ હવે મોદી સાહેબે આ ઝુંબેશ હાથ ઉપર લીધી છે અને બધાને ખબર છે કે મોદી સાહેબ જે ઝુંબેશ હાથ ઉપર લે એ સફળ થાય જ.એટલે બધા કચરાનો અમે નિકાલ કરવાના છીએ.

શ્રી આત્મારામ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ઘન કચરો અને નિકાલ વ્યવસ્થાપન નિયમ ૨૦૧૬ હેઠળ જિલ્લાના વડાની આગેવાની હેઠળ ઘન કચરા વ્યવસ્થાપન સમિતિનું અવલોકન અને તપાસ થાય છે.સરકારે બહુ ગંભીરતાથી કચરો સાફ કરવાના પ્રયત્નો કર્યા છે. સરકારની ગંભીરતાને લોકોએ જાણીને પિછાણીને આખી પાર્ટી સાફ કરી દીધી છે. મારો પ્રશ્ન એ છે કે ભાવનગર જિલ્લાની જે નગરપાલિકાઓ છે તેમાં કેટલો ઘન કચરો ઉપસ્થિત થયો અને એ પૈકી ડોર ટુ ડોર પદ્ધતિથી કેટલો કચરો ઉઘરાવ્યો અને એમાંથી કેટલો કચરો ઘન કચરા તરીકે પ્રોસેસ થયો આ વિગતો મારે આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આત્મારામભાઇનો પ્રશ્ન અગત્યનો છે. ઘેર ઘેરથી કચરો ઉઘરાવવો એક કામ છે. પણ બજારમાં, જાહેર રોડ ઉપર, બસ સ્ટેશનો ઉપર, હોસ્પિટલોમાં એ પણ કચરો આપણી જૂની આદતો છે એ ઝડપથી જતી નથી, એટલે ગમે ત્યાં પાનની પિચકારી મારી દઇએ, કાગળ નાખી દઇએ, બીજો કચરો નાખી દઇએ. અમારા સફાઇ કામદારો શહેરની પદ્ધતિ પ્રમાણે કચરો વાળે અને ભેગો કરે છે. એ બધો કચરો ગામની વસતિ અને વિસ્તાર પ્રમાણે જુદો જુદો હોય છે. મહુવામાં ૨૫ ટન કચરો અંદાજે નીકળે છે. પાલિતાણામાં ૨૪–૨૫ ટન નીકળે છે. ગારિયાધાર નાનું શહેર છે એમાં ૬ થી ૭ ટન કચરો નીકળે છે. શિહોરમાં ૧૮ ટન, તળાજામાં ૧૮ ટન, વલભીપુર નાનું શહેર છે ત્યાં ૩ ટન કચરો નીકળે છે. આ બધો કચરો જુદી જુદી રીતે પ્રોસેસિંગ સાઇડ ઉપર લઇ જવો, એનું રિસાઇકલિંગ કરવું, એને નાબૂદ કરવો, એનો નિકાલ કરવાની પ્રોસેસ બધું નગરપાલિકાઓમાં સરકારી સાધનો દ્વારા સરકારની સહાયથી કર્મચારીઓ દ્વારા કરવામાં આવે છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કનુભાઇની લાગણી હતી કે ઘન કચરાના નિકાલ માટે ડમ્પિંગ ઝોન નક્કી કરીએ છીએ એનાથી જે પ્રદૂષણ ઊભું થાય છે. માનનીય નીતિનભાઇએ ખૂબ વિસ્તૃત વાત કરી. સ્વચ્છતા માટે સમગ્ર રાષ્ટ્રનો પાયો ગાંધીના ગુજરાતે નાંખ્યો હતો. આજે જળ પ્રદૂષણ, વાયુ પ્રદૂષણ, જમીનનું પ્રદૂષણ અને ક્યાંક માનસિક પ્રદૂષણ વધ્યું છે ત્યારે મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ માનસિક પ્રદૂષણમાંથી બહાર આવીને જે ગામની ગલીઓમાં ગંદકીના ગંજ ખડકાણા છે એ ઘન કચરાનો નિકાલ કરવા ડમ્પિંગ ઝોનની જગ્યાના પ્રશ્નો ઊભા થયા છે. મારે માનનીય અધ્યક્ષશ્રી રાજકીય અવલોકન નથી કરવું. ખેડૂતનો દીકરો છું એટલે ખેતીની સમજ છે. મારા બાપ–દાદાઓ ખેતી સમૃદ્ધ કરવા માટે ઉથરેટિયું બનાવતા હતા. એટલે આ ડમ્પિંગ ઝોનમાં રોજબરોજનો કચરો છે એને ચાયણો મારીને નાશવંત કચરો અને બિનનાશવંત કચરાનું બાયફરગેશન કરીએ. મારો પોતાનો અમરેલીનો અનુભવ છે આ જે ખાતર બને છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પર આવી જાવને.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ખાતર સાથે ખેતીને જોડી દઇએ તો આ ઘન કચરાના કાયમી નિકાલની વ્યવસ્થા સમગ્ર ગુજરાતમાં થઇ શકે. એટલે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે અ-વર્ગ, બ–વર્ગ, ક–વર્ગ, ડ–વર્ગની જેટલી પણ નગરપાલિકાઓ છે. એ નગરપાલિકાના ડમ્પિંગ ઝોન છે એ ડમ્પિંગ ઝોનમાં સીધો કચરો નાખીને એનું ફિલ્ટર થાય. પ્લાસ્ટિક છે અને બાકીના બધા જે નાશવંત નથી એવા કચરાના નિકાલ અને રિસાઇકલની વ્યવસ્થા કરીએ અને જે બાકીનો કચરો વધે છે એનું ખાતર ખેડૂતને સીધું જ ખેતર સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરાવીએ તો આખા ગુજરાતમાં આ પ્રશ્નનું સમાધાન થઇ જાય. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આવી ગયું. પ્રશ્ન ક્રમાંક –૩. માનનીય અરવિંદભાઇ પટેલ (અંતરાય)આપના સૂચન સારા છે એની નોંધ માનનીય મંત્રીશ્રીએ લીધી છે.

**નવસારી જિલ્લામાં માઇક્રો સ્મોલ મીડિયમ એન્ટરપ્રાઇઝ એકમોની મંજૂર અરજીઓ**

*૩૫૭૭૧ **શ્રી અરવિંદ પટેલ**(ધરમપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત કેપીટલ સહાય યોજના હેઠળ નવસારી જિલ્લામાં MSME (માઇક્રો સ્મોલ મીડિયમ એન્ટરપ્રાઇઝસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૦૮ અરજીઓ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૨) ૧૦૫ એકમોને રૂ. ૧૧૪૩.૩૪ લાખની સહાય. |

શ્રી અરવિંદ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માઇક્રો, સ્મોલ તથા મીડિયમ એન્ટરપ્રાઇઝ કોને કહેવાય? અને ગુજરાત રાજ્યમાં એમ.એસ.એમ.ઇ. સેકટર માટે કઇ કઇ પ્રોત્સાહક યોજના અમલમાં છે? બીજો પ્રશ્ન, એમ.એસ.એમ.ઇ. એકમની કેપિટલ સબસિડી યોજના શું છે? અને આ યોજનામાં કેટલી રકમની સબસિડી ચૂકવવામાં આવે છે?

તારાંકિત પ્રશ્નો

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માઇક્રો, સ્મોલ એમ.એસ.એમ.ઇ. ખૂબ મોટી રોજગારી આપે છે અને એના કારણે માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ એમ.એસ.એમ.ઇ.ની ડેફિનેશન હમણાં બદલી. ૨જી ઓક્ટોબર, ૨૦૦૬થી ૩૦મી જૂન, ૨૦૨૦ સુધી જે ડેફિનેશન હતી એ આટલા વર્ષો ચાલી. હમણાં ડેફિનેશનમાં બદલાવ લાવ્યા અને માઇક્રો એન્ટરપ્રાઇઝમાં પ્લાન્ટ અને મશીનરીમાં એક કરોડ રૂપિયા સુધી મૂડી રોકાણ કરે અને એનું ટર્ન ઓવર પાંચ કરોડ રૂપિયા હોય એને માઇક્રો એન્ટરપ્રાઇઝ તરીકેની ઓળખ આપી. પછી સ્મોલ એટલે કે એક કરોડ રૂપિયાથી દસ કરોડ રૂપિયા સુધી મૂડીરોકાણ કરે અને એનું ટર્ન ઓવર રૂપિયા પચાસ કરોડ હોય એને સ્મોલ એન્ટરપ્રાઇઝની ડેફિનેશન આપી અને મિડિયમ એન્ટરપ્રાઇઝ કે જેમાં દસ કરોડથી પચાસ કરોડ રૂપિયા સુધીનું રોકાણ હોય અને વાર્ષિક રૂપિયા અઢી સો કરોડનું ટર્નઓવર કરે એને મિડિયમ એન્ટરપ્રાઇઝની વ્યાખ્યાની અંદર મૂકી છે.

આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્ત્વમાં ઉદ્યોગ વિભાગે આ વખતે પોલિસી બદલી એની અંદર અનેક લાભો એમ.એસ.એમ.ઇ.ને આપવામાં આવે છે. એમાં મુખ્ય લાભ કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ સબસિડીના લાભ આપવામાં આવે છે. ઇન્ટરેસ્ટ સબસિડીના લાભો આપવામાં આવે છે. ક્વોલિટી પ્રોડકટ બનાવે એમાં ક્વોલિટી સર્ટીફીકેશનના લાભો આપવામાં આવે છે. ટેકનોલોજીકલ ઇક્વિઝિશન એટલે નવી ટેકનોલોજી કોઇ બહારથી લાવે એના માટે લાભો આપવામાં આવે છે. નવી પ્રોડક્ટ બનાવે એના માટે કોઇ પેટન્ટ રજિસ્ટર કરાવે તો એનું પેટન્ટ રજિસ્ટર કેવી રીતે કરવું એના લાભો આપવામાં આવે છે. પછી એનર્જી અને વોટર કન્ઝમ્પશનમાં ઘટાડો કરવા માટે કેવી રીતે મશીનરી લાવવી એના માટે લાભો આપવામાં આવે છે. આ ઉપરાંત ડો.બાબાસાહેબ આંબેડકર યોજનામાં એસ.સી. એસ.ટી.ના લોકો એન્ટરપ્રાઇઝ નાખે એને લાભો આપવામાં આવે છે. માર્કેટ ડેવલપમેન્ટ આસિસ્ટન્સને લાભ આપવામાંઆવે છે. પ્રાઇવેટ ઉદ્યોગો દ્વારા નવા શેડ અને પ્લોટ બનાવે, એ લોકો એક્ષ્ચેન્જ બનાવે એમાં લાભ આપવામાં આવે છે. એન્વાયર્મેન્ટ પ્રોટેકશન માટે લાભ આપવામાં આવે છે. આ ઉપરાંત જે યોજનાઓ છે, જે પ્લાસ્ટિક ઉદ્યોગની આસિસ્ટન્સ હોય, લેબર ઇન્ટેન્સિવ ઉદ્યોગો માટે પોલિસી હોય, એપરલ અને ગાર્મેન્ટની પોલિસી હોય, ટેક્ષ્ટાઇલ પોલિસી હોય, એરોસ્પેસ અને ડિફેન્સ પોલિસી હોય આની અંદર એમ.એસ.એમ.ઇ. ઉદ્યોગોને લાભ મળે છે.પણ કોઇપણ એક જ પોલિસીની અંદર એને લાભ લેવો પડે. જુદીજુદી પોલિસીમાં એને બધી જગ્યાએ લાભ ન મળે. બીજો પ્રશ્ન એમણે પૂછ્યો છે કેપિટલ સબસિડીનો. કેપિટલ સબસિડીની અંદર આજની તારીખમાં વિધિન મ્યુનિસિપલ કોર્પોરેશન અને આઉટસાઇડ મ્યુનિસિપલ કોર્પોરેશનની અંદર આ જૂની પોલિસીની અંદર હતું. ૫૦ લાખ રૂપિયા સુધી એમને ૧૫ ટકા, વધુમાં વધુ રૂપિયા ૧૫ લાખ. રૂપિયા ૫૦ લાખથી બે કરોડમાં બાર ટકા લેખે વધુમાં વધુ રૂપિયા ૧૫ લાખ અને રૂપિયા બે કરોડથી ૧૦ કરોડમાં ૧૦ ટકા કેપિટલ જે રોકે. એમાં વધુમાં વધુ ૧૫ લાખ આમ કોર્પોરેશનની અંદર અને કોર્પોરેશનની બહાર હોય તો ૫૦ લાખ સુધી ૨૦ ટકા, વધુમાં વધુ રૂપિયા ૨૫ લાખ, રૂપિયા ૫૦ લાખથી બે કરોડનું મૂડી રોકાણ કરે તો ૧૭ ટકા અને વધુમાં વધુ રૂપિયા ૨૫ લાખ, રૂપિયા ૨ કરોડથી ૧૦ કરોડમાં, ૧૫ ટકામાં વધુમાં વધુ ૨૫ લાખ રૂપિયા સુધી એને લાભ આપવામાં આવે છે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે એમના જવાબમાં નવસારી જિલ્લામાં ૧૦૮ જેટલી અરજી આવી છે એમાંથી ૧૦૫ એકમો મંજૂર થયા છે. જે ૩ અરજી અથવા ૩ એકમોની અરજી નામંજૂર થઇ છે એના કારણો, બીજો પ્રશ્ન છે, આ સહાય અમારા મત વિસ્તારમાં વાંસદા, ચીખલી અને ખેરગામમાં પણ મળી છે તો મંજૂરી મળી તો કેટલા એકમોને મળી અને અરજી આવી હોય તો આ વિસ્તારમાંથી કેટલી અરજી આવી છે એની માહિતી આપો?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ચીખલીની અંદર માઇક્રો, સ્મોલ અને મીડિયમ આ ૩ ભેગા થઇને ૧૬ અરજીઓ વર્ષ ૨૦૧૯માં રિસીવ થઇ છે. વર્ષ ૨૦૨૦માં ૧૪ અરજીઓ રિસીવ થઇ છે. ગણદેવીમાં વર્ષ ૨૦૧૯માં ૧૦ અને ૨૦૨૦માં ૧૪, જલાલપુરમાં વર્ષ ૨૦૧૯માં ૮, ૨૦૨૦માં ૨, નવસારીની અંદર વર્ષ ૨૦૧૯માં ૨૩ અને ૨૦૨૦માં ૨૧. એમ કુલ મળીને ૫૮ અરજીઓ વર્ષ ૨૦૧૯માં થઇ છે અને ૨૦૨૦ની અંદર ૨૧ અરજીઓ થઇ છે. જે અરજીઓ થઇ છે એની અંદર વર્ષ ૨૦૧૯માં ૫૮ અરજીઓ સેંક્શન થઇ છે અને ૨૦૨૦માં ૫૦ અરજીઓ સેંકશન કરવામાં આવી અને જે પૂછ્યું કે મંજૂર ન થવાનાં કારણો શું હશે? તો એની અંદર જે રિજેકટ થાય છે એના મૂળ કારણો માહિતી પૂરી આપી ન હોય, માહિતી ન આપવાને કારણે રિજેકટ થતી હોય છે, ટર્મ લોન સેંક્શન કરાવવાની હોય એ ટર્મલોન સેંક્શનની સમયમર્યાદાની બહાર હોય તો એ પ્રમાણે થાય છે, એક્ષ્પાન્શન તરીકે બતાવે પણ એક્ષ્પાન્શનના ક્રાઇટેરિયામાં કુલફીલ ન થાય, ઘણી વખત એમ.એસ.એમ.ઇ.નું સ્ટેટસ ન હોય અને લોનનું ડિસ્પોસમેન્ટ ન હોય.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, નામંજૂર કરવાનાં કારણો નથી પૂછયા. ત્રણ અરજી નામંજૂર કરવાનાં કયા કારણો એટલું જ પૂછ્યું છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક પણ અરજી વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૦ની અંદર નામંજૂર કરવામાં આવી નથી.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે એમ.એસ.એમ.ઇ. એકમોમાં આ વખતે આત્મનિર્ભર ભારતના પેકેજમાં કેન્દ્ર સરકારના આદરણીય નરેન્દ્રભાઇના નેતૃત્વમાં અને ગુજરાતમાં આદરણીય વિજયભાઇ અને નીતિનભાઇના નેતૃત્વમાં ખૂબ સારામાં સારા પેકેજની ઘોષણા પણ કરી છે. મને

જવાબ તો મળી ગયો છે કે બે વર્ષમાં કેટલી અરજીઓ આવી અને કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને તેના કેટલા નાણાં ચૂકવવામાં આવ્યાં. પરંતુ મારા નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં એમ.એસ.એમ.ઇ. એકમો દ્વારા કેટલી રોજગારી આપવામાં આવી એ મને જણાવવામાં આવે?

અધ્યક્ષશ્રી : રોજગારીનો પ્રશ્ન એમની પાસે નહીં આવે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ છે.

અધ્યક્ષશ્રી : પણ આ પ્રશ્ન લાગુ પડતો નથી એટલે હું એલાઉ નથી કરતો. ના જી.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ સભ્યોની અરજી નામંજૂર નથી થઇ કેરીફોરવર્ડ થઇ છે.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે આપના મારફત એ જાણવું છે કે એમ.એસ.એમ.ઇ. જે સેકટર છે એ અમારા એસ.સી. અને એસ.ટી. પણ આ એકમો ઉભા કરે છે.
જે કેપીટલ સબસિડી છે. કદાચ અમારા એસ.સી., એસ.ટી. એકમ ઊભું કરે તો સબસિડીમાં એસ.સી., એસ.ટી. માટે કોઇ તફાવત છે કે કેમ? વધારે આપવામાં આવે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ચોક્કસપણે. મહિલાઓથી માંડીને દરેક વ્યક્તિઓને થોડો વધારે લાભ આપવામાં આવે છે. મારી પાસે એક્ઝેટ જે આપવામાં આવે છે તેની માહિતી નથી. સભ્યશ્રીને હું ચોક્કસપણે માહિતી આપીશ કે મહિલાઓથી માંડીને કોને કેટલું વધારે આપવામાં આવે છે એનું સબમિશન આપીશ.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે એમ.એસ.એમ.ઇ. માટે રાજ્ય સરકારે જે પરિપત્ર કરેલો છે. એ પરિપત્રની અંદર એવી જોગવાઇ કરી છે કે એમ.એસ.એમ.ઇ. સ્ટાર્ટ કરવું હોય તો ૩ વર્ષ સુધી જમીન એન.એ. કરાવવી પડશે નહીં. રાજ્ય સરકારની બીજી કોઇ એન.ઓ.સી. લેવાની જરૂર પડશે નહીં. પરિપત્રમાં ઉલ્લેખ છે. આમ છતા કેટલીક કચેરીઓ મારા પાર્ટનરની વાત કરું તો જી.ઇ.બી. હોય કે માઇન્સ જીયોલોજિસ્ટ હોય,આ બધા એવું કહે છે કે આ પરિપત્ર અમને લાગુ પડતો નથી. તો આ પરિપત્ર દરેક વિભાગમાં લાગુ પડે અને લોકોને લાભ મળે એના માટે આપ સૂચના આપવા માગો છો કે નહીં?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખમાં આ સવાલની અંદર આ પ્રશ્ન આવતો નથી. પણ સભ્યશ્રી કહે છે તો અમે કાયદાની અંદર ઝડપથી યુનિટ બને તે માટે આ કાયદો લાવ્યા છીએ અને ડિફાઇન કર્યું છે કે કોઇપણ ઉદ્યોગકાર પોતાની જમીન એન.એ. કર્યા વગર ફાસ્ટ પ્રોસિજરની અંદર મેન્યુફેકચરિંગની અંદર પ્લોટ નાંખવો હોય તો નાંખી શકે. એમની પાસે કોઇ સ્પેસીફિક આવા ઉદ્યોગોનાં નામ હોય અને જેને નાંખવાની મંજૂરી મળતી નથી તો મારી પાસે લાવે હું ચોક્કસ એમને મદદ કરીશ.

**મોરબી જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન-રહેણાકના મકાનો**

*૩૭૪૨૭ **શ્રી પરસોત્તમ સાબરીયા**(ધ્રાંગધ્રા) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન-રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને | (૧) ૦૧ |
| (૨) ઉક્ત સ્થિતિએ આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) ૦૧ મકાનનું રૂ. ૩૫૪.૦૭ લાખના ખર્ચે બાંધકામ હાથ ધરેલ છે. જે હાલમાં પ્રગતિમાં છે. |

શ્રી પરસોત્તમ ઉ.સાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ મકાન રૂપિયા ૩.૫૪ કરોડના ખર્ચે બની રહ્યું છે, તો તે મકાન કયા ઉપયોગમાં આવનાર છે? અને કયારે પૂર્ણ થનાર છે? આ સિવાય મોરબી જિલ્લામાં કયા રહેણાક અને બિન રહેણાક મકાનો પ્રગતિહેઠળ છે?અમારા જિલ્લામાં કોઇ પોલીસ સ્ટેશનને પોતાનું મકાન બાકી છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :માનનીય અધ્યક્ષશ્રી, મોરબી નવો જિલ્લો બન્યો. નવો જિલ્લો બને એટલે સ્વાભાવિક છે કે આનુષંગિક વ્યવસ્થા ઊભી કરવી પડે. એમાં પોલીસ ડિપાર્ટમેન્ટની અંદર એક મોટર ટ્રાન્સપોર્ટ વિભાગ હોય છે. રૂપિયા ૩.૫૪ કરોડના ખર્ચે આ મોટર ટ્રાન્સપોર્ટ વિભાગ માટેનું મકાન બને છે. આ મોટર ટ્રાન્સપોર્ટ વિભાગ એટલે એમ.ટી. સેક્શનમાં ફરજ બજાવતા સબ ઇન્સ્પેક્ટર, ડ્રાઇવર, ડ્યૂટી ઇન્ચાર્જ, મિકેનિક વગેરેને બેસવા માટેની ઓફિસ, ઉપરાંત વાહનના મરામત માટેના જરૂરી સ્પેર-પાર્ટસ, ટાયર-ટ્યૂબ, બેટરી રાખવા માટેના રૂમ, કન્ડમ માલસામાન માટેનો સ્ટોર રૂમ, વાહનોના રિપેરિંગ તેમજ વોશિંગ માટેના જરૂરી શેડ અને એના રેમ્પ બનાવવામાં આવે છે. ઇલેક્ટ્રિક રૂમ અને ટ્રેનિંગ રૂમ બનાવવામાં આવે છે. આમ કોન્ફોરન્સ રૂમ સાથેની આખી એમ.ટી. સેક્શનમાં વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ પ્રમાણે મોરબી જિલ્લામાં જુદા જુદા તાલુકાઓ પૈકી વાંકાનેર ખાતે બી કક્ષાના ૩૨ મકાનો રૂપિયા ૫.૬૮ કરોડના ખર્ચે અને પોલીસ હેડ ક્વાર્ટર મકરસર ખાતે બી કક્ષાના ૧૬૮ મકાનો રૂપિયા ૩૨ કરોડના ખર્ચે અને આ ઉપરાંત એક નવું હેડ ક્વાર્ટર બનાવવામાં આવે છે. અને આ હેડ ક્વાર્ટર રૂપિયા ૧૫.૯૫ કરોડના ખર્ચે બનાવામાં આવે છે. આમ, રૂપિયા ૫૫.૯૫ કરોડના ખર્ચે વિવિધ સુવિધાઓ મોરબી જિલ્લા

પોલીસ પ્રશાસન બનાવવા માટેનું આયોજન પ્રગતિમાં છે. એમને ત્યાં ૯ પોલીસ સ્ટેશનો છે. આ ૯-૯ પોલીસ સ્ટેશન એપોતાના મકાનમાં બેસે છે. એકેય મકાન ભાડાના મકાનમાં બેસતું નથી.

**છોટાઉદેપુર જિલ્લામાં મહિલા અને સગીર કન્યાઓને ભગાડી જવાના બનાવો**

*૩૪૫૨૫ **શ્રી મોહનસિંહ રાઠવા**(છોટા ઉદેપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૦૧-૦૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં મહિલાઓ અને સગીર કન્યાઓને ભગાડી જવાના કેટલા બનાવો બન્યા, | (૧) મહિલાઓને ભગાડી જવાના ૦૩ અને સગીર કન્યાઓને ભગાડી જવાના ૬૪ બનાવો બન્યા. |
| (૨) ઉક્ત બનાવો પૈકી કેટલા કિસ્સામાં એફ.આઇ.આર. નોંધવામાં આવી અને કેટલા કિસ્સામાં પોસ્કો હેઠળ કાર્યવાહી કરવામાં આવી, | (૨) ૬૭ કિસ્સામાં એફ.આઇ.આર. નોંધવામાં આવી અને ૪૪ કિસ્સામાં પોસ્કો હેઠળ કાર્યવાહી કરવામાં આવી. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા ગુનેગારો પકડાયા અને કેટલા પકડવાના બાકી છે, અને | (૩) ૫૯ ગુનેગારો પકડાયા અને ૨૮ પકડવાના બાકી છે. |
| (૪) તેના કારણો શા છે? | (૪) આરોપીના રહેણાક તથા સંભવિત સ્થળે તપાસ કરાવેલ છે, પરંતુ તેઓની હાજરી મળી ન આવતા તેઓને પકડી શકાયેલ નથી. |

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ જાણવું છે કે, છોટા ઉદેપુર જિલ્લામાં ૯ જેટલી મહિલાઓને ભગાડવા માટે અને ૯૨ જેટલી કન્યાઓને ભગાડવા માટે જે કાર્યવાહી થઇ છે...

અધ્યક્ષશ્રી : આ ૯ અને ૯૨ ક્યાંથી લાવ્યા?

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, અંદર જવાબમાં લખેલું જ છે.

અધ્યક્ષશ્રી : મારામાં સ્લીપ નથી. કંઇ વાંધો નહીં. સચિવશ્રી, મારામાં સ્લીપ નથી, એટલે મારું તો ધ્યાન જાય ને? સારું હવે પૂછો સાહેબ.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારી એટલી લાગણી છે કે, ૧૦૧ જેટલા કિસ્સામાં એફ.આઇ.આર. નોંધવામાં આવી અને ૭૩ જેટલા કિસ્સામાં પોસ્કો હેઠળ કાર્યવાહી કરવાની છે. તો પોસ્કો હેઠળ કેવા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી છે? મારી એટલી લાગણી છે કે, છોટા ઉદેપુર જિલ્લા પોલીસ સ્ટેશનનું કેટલું મહેકમ મંજૂર થયેલ છે અને તે પૂરેપૂરું ભરેલું છે કે કેમ?

અધ્યક્ષશ્રી : આમાં મહેકમ કેવી રીતે આવશે? ના ના, આ મહેકમનો પ્રશ્ન નથી. આ પ્રશ્ન જુદો છે. પછી શું થશે, એકવાર એલાઉ કરીશ અને મેં હમણાં માનનીય પીયૂષભાઇનો સવાલ એટલા માટે જ એલાઉ નથી કર્યો. ભલે જવાબ હતો. પછી બધા જ અનુકૂળ પ્રશ્ન હોય ને જવાબ આપે. માનનીય મોહનસિંહજી આપ બીજો કોઇ પ્રશ્ન પૂછો. આપ સજેશન કરી શકો છો, સૂચન કરી શકો.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં બે વર્ષથી આ બીના બનેલી છે પણ તે પકડાતા નથી. હજુ ૨૨ પકડવાના બાકી છે. એટલે મહેકમ પૂરું નથી.

અધ્યક્ષશ્રી : તમારું સૂચન છે ને? મહેકમ પૂરેપૂરું નથી, માટે નથી પકડાતા.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, પોસ્કો હેઠળ જે કાર્યવાહી કરવાની છે તે કેવા પ્રકારની હોય છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સિનિયર ધારાસભ્યશ્રી મોહનસિંહભાઇ રાઠવાએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો તેમાં મારેએવું કહેવું છે કે, આખા રાજ્યના સાપેક્ષમાં છોટા ઉદેપુર જિલ્લાનો વિચાર કરીએ તો મારી પાસે જે એસ.સી.આર.બી.ના આંકડા છે તેમાં આખા રાજ્યની અંદર ૨૭.૦૧ ટકાની સામે મહિલાઓ ઉપરના ગુના તે છોટા ઉદેપુરમાં ૫.૦૧ ટકા જેટલા છે. મારા જવાબમાં જે પ્રમાણેના ઉલ્લેખ છે તેમાં શ્રી મોહનસિંહભાઇ, મેં સ્પષ્ટ ઉંડાણથી આમાં તપાસ કરી છે. આની અંદર ૧૦૧ કિસ્સાઓ બન્યા છેતે કિસ્સાઓનુંમેં એનાલિસિસ કરાવ્યું છે. તે એનાલિસિસમાં બહુ સ્પષ્ટ આવ્યું કે ૧૨ થી ૧૪ વર્ષની ઉંમરની ૮ દીકરીઓ, ૧૪થી ૧૮ વર્ષની ઉંમરની ૬૪ દીકરીઓ અને લગ્ન કરવા માટે ૯ કિસ્સામાં તેને પત્ની તરીકે રાખવાના ઇરાદાથી ભગાડી ગયેલા છે. આમ, ૯૨ જેટલા કિસ્સાઓમાં ઉંમર વધવાની સાથે યુવાન અને યુવતી પોતે લગ્ન કરવાના આશયથી જયારે આ રીતે જાય છે ત્યારે કેટલાય કિસ્સાઓમાં તેમની ઉંમર ઓછી હોવાના કારણે આપણે પોસ્કો હેઠળ ગુના નોંધીએ છીએ. પોસ્કો હેઠળ ગુનો નોંધાયા પછી આપણો જે એમેન્ડેડ એકટ છે તે એકટ હેઠળ આની આખી કાર્યવાહી થાય છે. તે કાર્યવાહી થવાના કારણે રાજયના એડિશનલ ચીફ સેક્રેટરી (હોમ) કક્ષાએ તેનો રિવ્યુ થાય છે. ફોરેન્સિકની અંદર, ફાસ્ટટ્રેકની અંદર તેને ઝડપથી મેડિકલ સર્ટિફિકેટ મળે છે અને સ્પેશિયલ કોર્ટની અંદર આ કેસની તાત્કાલિક સુનાવણી થાય તેના માટે સ્પેશિયલ પી.પી. પણ આપતા હોઇએ છીએ અને બીજા ઓફિસર પણ આપતા હોઇએ છીએ. એટલે લગ્ન કરવાના

ઇરાદા માટે ગયા હોય અને નાની ઉંમરના હોય અને જેમાં પોસ્કો લગાડેલ હોય તેમાં આ પ્રમાણે અલગ પ્રકારથી કાર્યવાહી કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : માનનીય મોહનસિંહજીનું કહેવું છે અને સૂચન એટલું જ છે કે, મહેકમ ઓછું છે એટલે આ પકડાયા નથી, માટે તે સૂચનને ધ્યાનમાં લેજો. માનનીય સંગીતાબેન.

શ્રીમતી સંગીતાબેનરા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, સગીરાઓને ભગાડીને જે ગુના કરવામાં આવે છે તેનું મોનિટરીંગ કરવા માટે પોલીસ વિભાગ તરફથી કઇ કાર્યવાહી કરવામાં આવે છે અને તેની વ્યવસ્થા છે કે કેમ**?**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારે મહિલાઓ અને બાળકોની ઉપર થતા ગુનાઓનું સતત મોનિટરીંગ થાય એના માટે ઇન્વેસ્ટિગેશન ટ્રેકિંગ સિસ્ટમ ફોર સેક્સ્યુઅલ ઓફેન્સ એ પોર્ટલની અંદર પણ આ પ્રકારના તમામ ગુનાઓ એમાં એડ કરીને જોવામાં આવે છે અને મેં કહ્યું તેમ એડિશનલ ચીફ સેક્રેટરી (હોમ), સેક્રેટરી (હોમ), સેક્રેટરી (લો), ડી.જી.પી., ડાયરેકટર ઓફ પ્રોસિક્યુશન અને ડી.જી. સી.આઇ.ડી. ક્રાઇમ એન્ડ રેલવેની કમિટી બનેલી છે અને આ જે ફરિયાદ નોંધાય છે એ ફરિયાદમાં એફ.એસ.એલ. ઝડપથી ચાર્જશીટ સમયસર થાય, પેરવી ઓફિસર પી.પી. સ્પેશિયલ ફાસ્ટટ્રેક કોર્ટ દ્વારા ખૂબ જ ઝડપથી કાર્યવાહી થાય છે અને ફાસ્ટટ્રેક બોર્ડની અંદર ચિંતા કરવામાં આવે છે અને એટલું જ નહીં કોર્ટની અંદર પણ સ્પેશિયલ ફાસ્ટટ્રેક કોર્ટમાં હોવાથી આજે ગુજરાતભરમાં જયારે કોઇ પણ આ પ્રકારના ગુનાઓ બને એમાં ઝડપથી કન્વિકશન થાય એના માટે રાજય કક્ષાએ કાયદા વિભાગ દ્વારા મોનિટરિંગ કરવામાં આવે છે અને સુરતમાં અને રાજયમાં બીજી અનેક જગ્યાએ જે ઘટનાઓ બની છે એમાં ફાંસી સુધીના ચુકાદાઓ પણ નામદાર કોર્ટ દ્વારા આપણને ઉપલબ્ધ થયા છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, લગ્ન કરવાના ઇરાદે સગીરા પોતાની સ્વૈચ્છિક રીતે ગઇ હોય તો પછી એને ભગાડી ગયાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અમારા આદિવાસી વિસ્તારમાં (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સુખરામભાઇ, સગીર હોય એટલે એની સંમતિ એ સ્વૈચ્છિક ગણાય જ નહીં.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે એમના જવાબમાં કહ્યું છે એટલે વાત કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, હું કાયદાની વાત કરું છું કે આ કાયદો છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : આપ કાયદાની વાત કરો છો પણ હું સમાજની વાત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, છોટાઉદેપુર અને રાજયના આદિવાસી વિસ્તારોમાં ઘણા બધા આવા બનાવો બનતા હોય છે. છોકરીના બાપને અથવા તો છોકરાનાં મા–બાપને ન ગમતું હોય તો પણ છોકરાઓ ભાગી જતા હોય છે અને એને કારણે આવા બનાવો બને છે ત્યારે મારે જાણવું છે કે, સગીર વયની જે કન્યાઓને ભગાડી ગયા અને ફરિયાદના આધારે પોલીસ ખાતાએ એને પકડયા પણ ખરા. આવી કન્યાઓને નારી સંરક્ષણ ગૃહમાં કેટલી બહેનોને મૂકી? સમજાવટથી કેટલી દીકરીઓને એનાં મા–બાપને સોંપવામાં આવી? અને જો આંતર–જ્ઞાતિય લગ્ન કર્યું હોય તો આમાં આવા આંતર–જ્ઞાતિય લગ્ન કરનારને સરકારે કોઇ પ્રોત્સાહન આપ્યું છે કે કેમ?

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, એવા લગ્ન જ ગેરકાયદેસ કહેવાય.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મને લાગે છે કે, આ એમના પ્રશ્નનો જવાબ આ પૂછાયેલા પ્રશ્ન સાથે સુસંગત નથી. નહીં તો હું ચોક્કસ જવાબ આપત.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારો એક સવાલનો જવાબ રહી ગયો છે. સગીરાઓ હતી એને તમે નારી સંરક્ષણ ગૃહમાં મૂકેલી કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ સગીરા અથવા કોઇ પણ આ પ્રકારના ગુનામાં જ્યારે પકડાય છે, ત્યારે એનાં માતા–પિતાને એને મળવા માટેનો સમય આપવામાં આવે છે અને આવશ્યકતા પડે તો નારી–સદનમાં મોકલવામાં આવે છે. અત્યારેમારી પાસે જે માહિતી છે એ તમામ પરત મળેલ સગીરા પોતાના ઘરમાં જ છે અને એ સમજાવટના કારણે આજે એ પોતાના ઘરમાં જ છે.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, જ્યારે કોઇ મહિલા પુખ્તવયની હોય એટલે કે ૧૮ વર્ષ પૂર્ણ થઇ ગયા હોય અને એવા કિસ્સામાં એ ભાગી ગઇ હોય અને એનાં માતા–પિતાને જાણ હોતી નથી, ત્યારે એનાં માતા–પિતા પોલીસ સ્ટેશનમાં એની ફરિયાદ લઇને જાય છે, ત્યારે મોટા ભાગના કિસ્સાઓમાં પોલીસ સ્ટેશનમાં આની એફ.આઇ.આર. લેવામાં આવતી નથી, પણ માત્ર જાણવાજોગ અરજી લેવામાં આવે છે અને મહિનાઓ સુધી એનાં માતા–પિતા પોલીસ સ્ટેશને રઝળપાટ કરતા હોવા છતાં એની એફ.આઇ.આર. થતી નથી તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે શું આપણે આવા કિસ્સામાં જ્યાં મહિલા પુખ્તવયની હોય ૧૮ કે ૧૯ વર્ષની હોય અને એ ક્યાંક કોઇકના ભોળપણમાં આવી ગઇ હોય, કોઇ એને ફોસલાવીને લઇ ગયા હોય, લગ્નની લાલચ આપીને લઇ ગયા હોય અને એનું અપહરણ થયું હોય તો આવા કિસ્સામાં આપ પોલીસ સ્ટેશનોને અને આપના વિભાગને એફ.આઇ.આર. ફાડવાની સૂચના આપવા માગો છો કે કેમ?

## ફાલ્ગુન ૨૬, ૧૯૪૨ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ ગુનો બને એટલે શરૂઆતમાં જાણવાજોગ જ લેવાય અને ત્યારબાદ જ્યારે એની નક્કર માહિતી આપણને ઉપલબ્ધ થયા પછી એ જાણવાજોગને આપણે એફ.આઇ.આર.ના સ્વરૂપે લેતા હોઇએ છીએ અને કોઇની પણ દીકરી ક્યારેય પણ એનું પોતાનું ઘર છોડીને જ્યારે જતી હોય છે ત્યારે અમારા પોલીસ સ્ટેશનની અંદર એ મહિલાઓ માટે અલગથી વ્યવસ્થા કરવામાં આવેલી હોય છે અને એમાં લાંબા સમય સુધીના પણ એ કિસ્સાઓ હોય તો પણ અમારી સ્પેશ્યલ ટીમો બનાવી એની પાછળને પાછળ અમે પડેલા હોઇએ છીએ.

શ્રી નૌશાદ ભ. સોલંકી : વારંવાર મળવા છતાં પણ એફ.આઇ.આર.ના કિસ્સા થતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, એવા ઘણા બધા કિસ્સાઓ મારા ધ્યાનમાં છે.

અધ્યક્ષશ્રી : ના, ના, એમ નહિ, તમારો પ્રશ્ન શું છે? શું બાકી રહ્યું એ કહો?

શ્રી નૌશાદ ભ. સોલંકી : મારે સ્પષ્ટતા એટલી જ જોઇએ છે કે, દસ પંદર દિવસની કોઇ સમય મર્યાદા બાંધી પછી એની એફ.આઇ.આર. કરી દેવાની સૂચના આપવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : એવી કોઇ સૂચના હોય જ નહિ, સૂચના એવી છે કે ગુનો બને એટલે, આ તો સામાન્ય જાણકારીની વાત કહું છું.

શ્રી નૌશાદ ભ. સોલંકી : મહિનાઓ સુધી, બે બે, ત્રણ ત્રણ મહિનાઓ સુધી એફ.આઇ.આર. થતી નથી અને દીકરીનાં મા બાપ બિચારા રઝળપાટ કરતા હોય છે, આખો દિવસ પોલીસ સ્ટેશને બેસતા હોય છે..

અધ્યક્ષશ્રી : ગુન્હો બને એટલે એફ.આઇ.આર. નોંધતા જ હોય છે.

શ્રી નૌશાદ ભ. સોલંકી : આપણી દીકરીઓનો પ્રશ્ન છે એટલા માટે ખાસ આગ્રહ રાખું છું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, તમારા પ્રશ્નનો જવાબ આપશે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : સ્વેચ્છાએ ૧૮ વર્ષથી ઉપરની મહિલા જાય તો એફ.આઇ.આર. થતી નથી. જો જબરજસ્તીથી અપહરણ થાય તો અપહરણનો ગુન્હો દાખલ થાય છે.

શ્રીમતી સુમનબેન પ્ર. ચૌહાણ : આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છોટા ઉદેપુર જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં સગીરાઓને ભગાડી જવાની બનેલ ઘટનાઓમાં નહિ પકડાયેલા આરોપીઓને પકડવા માટે કેવા પ્રયત્નો સરકાર દ્વારા કરવામાં આવ્યા છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : પકડવાના બાકી હોય એવા આરોપીઓને પકડવા માટેની ડ્રાઇવ ચાલતી હોય છે અને આ ઉપરાંત પોલીસ ઇન્સ્પેક્શન, એલ.સી.બી., પેરોલ, ફર્લો સ્કવોર્ડ, એસ.ઓ.જી., સી.પી.આઇ. તમામ થાણા ઇન્ચાર્જોને પણ આ અંગે આનુષંગિક સૂચનાઓ અપાતી હોય છે. આરોપીના રહેણાક તથા સંભવિત સ્થળે તપાસ કરાવેલ હોય. પરંતુ એમની હાજરી ઉપલબ્ધ નથી થતી છતાં પણ સી.સી.ટી.વી.ના ફૂટેજના આધારે, મોબાઇલ નંબર સી.ડી.આર.ના આધારે એના સગા વ્હાલા અને મિત્રો તેમજ સી.આર.પી. સી. ની કલમ–૭૦, ૮૨ અને ૮૩ મુજબની પણ કાર્યવાહી કરવામાં આવે છે. આ પકડવાના ૨૨ હતા એ પૈકી આજની તારીખે ૨૧ છે. એક આરોપીને ગઇકાલે જ પોલીસે આમાં પકડ્યો છે એટલે હવે પકડવાની સંખ્યા ૨૧ થઇ છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ પરિવારની સગીર દીકરીને કોઇ ભગાડી જાય, કાં તો નાસમજમાં ઘર છોડી જાય એ વખતે પરિવારની સ્થિતિ સામાજિક અને માનસિક રીતે ખૂબ ખરાબ હોય છે. એવા સંજોગોમાં અહીંયા જે જવાબ આપ્યો છે કે, ૨૨ જેટલા આરોપી પકડવાના બાકી છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આ ૨૨ પૈકી પોસ્કો હેઠળ નોંધાયેલ ફરિયાદ પૈકીના કેટલા આરોપીઓ પકડવાના બાકી છે અને ખાસ કરીને બધાના ધ્યાનમાં છે કે જનરલ પોલીસ સ્ટેશનમાં અનેક જાતના ગુન્હાઓ નોંધાતા હોય અને અનેક રીતે પોલીસ સ્ટેશનના અધિકારીઓ બીઝી હોય છે, વ્યસ્ત હોય છે ત્યારે આવા સગીરાના ભગાડવાના કિસ્સામાં જેમાં પોસ્કો લાગી હોય એ માટે પી.આઇ.થી ઉપરની કક્ષાના કોઇ અધિકારીઓને સ્પેશિયલ તપાસ માટેની જવાબદારી સોંપવા માટેના કોઇ આદેશ સરકાર કરવા માગે છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી,આનું તમામ સુપરવિઝન જિલ્લાના એસ.પી. દ્વારા થતું હોય છે અને જે ડી.વાય.એસ.પી. વખતોવખત એસ.ટી. પી.ઓ. એ થાણાની મુલાકાતે એના સુપરવિઝન, ઇન્સ્પેક્શનમાં જતા હોય ત્યારે પણ થતું હોય છે. એટલે આ ઘટના જે બને ત્યાં માત્ર એક પોલીસ સ્ટેશન પૂરતું જ સિમિત નથી હોતું એનું સુપરવિઝન ઉપરની કક્ષાએ થાય છેઅને આપે જે પ્રશ્ન પુછ્યો કે જેના ઉપર પોસ્કો લગાડેલો છે એવા ૩ આરોપી બાકી છે.

અધ્યક્ષશ્રી : આ વિઝિટેબલ ઓફેન્સ છે ને એટલે આમાં બધા જ વિઝિટેશન્સ ઓફિસર્સ તપાસમાં જતા જ હોય છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારનો જ આજ સવારનો દાખલો આપું કે આવી સગીરાની પોલીસ ફરિયાદ થયે ૧૦ દિવસ કરતાં વધારે સમય થયો છે પણ સ્થાનિક પોલીસ સ્ટેશન છે એના અધિકારીઓ એમની વ્યસ્તતાના કારણે સમય ફાળવી શકતા નથી.

અધ્યક્ષશ્રીઃ પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

તા. ૧૭મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**રાજ્યમાં ઈથાઈલ આલ્કોહોલને ડી–કંટ્રોલ કરવાનો નિર્ણય**

૩૭૪૧૫ **શ્રી બલરાજસિંહ ચૌહાણ**(દહેગામ) : **માનનીય નશાબંધી આબકારી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં નશાબંધી અને આબકારી ખાતા, ગાંધીનગર દ્વારા ઈથાઈલ આલ્કોહોલને ડી–કંટ્રોલ કરવાનો નિર્ણય લીધો હતો તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત નિર્ણય ક્યારે અને ક્યા કારણોસર લેવામાં આવ્યો હતો? | (૨) – તા. ૨૩–૦૩–૨૦૨૦ થી.<br>– કોરોનાની મહામારીના સંક્રમણને અટકાવવા હેન્ડ સેનેટાઇઝર કોઇપણ તંગી વગર વાજબી ભાવે ઉપલબ્ધ થઇ શકે તે હેતુથી. |

---------

**રાજ્યમાં પોલીસ વિભાગ માટે રહેણાકના મકાનોમાં સુવિધા વધારવા બાબત**

૩૭૪૫૭ **શ્રી જે.વી.કાકડીયા** (ધારી) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રાજ્યના પોલીસ અધિકારી/કર્મચારીઓના રહેણાકની સુવિધાઓમાં કોઇ ફેરફાર કરી વધારો કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુધારો કરાયેલ સુવિધાની વિગતો શી છે? | (૨) પત્રક ૧ મુજબ |

**પત્રક–૧**

(૧) પોલીસ અધિકારી / કર્મચારીઓના રહેણાકના મકાનોની કક્ષા A થી E ના કાર્પેટ એરિયાના ક્ષેત્રફળમાં વધારો કરવામાં આવેલ છે.

(૨) રહેણાકના મકાનોની માળખાગત સુવિધામાં સુધારા વધારા કરવામાં આવેલ છે.

---------

**ખેડા જિલ્લામાં માઇક્રો સ્મોલ મીડિયમ એન્ટરપ્રાઇઝ એકમોની મંજૂર અરજીઓ**

૩૫૭૭૩ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત કેપીટલ સહાય યોજના હેઠળ ખેડા જિલ્લામાં MSME (માઇક્રો સ્મોલ મીડિયમ એન્ટરપ્રાઇઝસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૨૩ અરજીઓ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૨) ૬૬ એકમોને<br>રૂ. ૭૯૫.૨૭ લાખની સહાય. |

---------

**ભરૂચ જિલ્લામાં માઇક્રો સ્મોલ મીડિયમ એન્ટરપ્રાઇઝ એકમોની મંજૂર અરજીઓ**

૩૫૮૬૯ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત કેપીટલ સહાય યોજના હેઠળ ભરૂચ જિલ્લામાં MSME (માઇક્રો સ્મોલ | (૧) ૨૨૬ અરજીઓ |

| | |
|---|---|
| મીડિયમ એન્ટરપ્રાઇઝસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૨) ૧૭૫ એકમોને રૂ. ૨૧૮૪.૮૪ લાખની સહાય. |

---------

**ગુજરાત જમીન વિકાસ નિગમના કર્મચારી/અધિકારી વિરૂધ્ધ કેસો**

૩૭૫૨૧ **શ્રી કીરીટકુમાર પટેલ**(પાટણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત જમીન વિકાસ નિગમમાં ફરજ બજાવતાં અને નિવૃત અધિકારી/કર્મચારીઓ સામે અપ્રમાણસર સંપત્તિના લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો દ્વારા કેટલા કેસો દાખલ કરવામાં આવ્યા, | (૧) ૧૨ |
| (૨) ઉક્ત પૈકી કેટલા અધિકારી/કર્મચારી પાસેથી અપ્રમાણસર મિલકત માલુમ પડેલ હતી, | (૨) ૧૨ |
| (૩) તે પૈકી કેટલા આરોપી અધિકારી/કર્મચારીની ધરપકડ કરવામાં આવી છે, અને | (૩) ૦૫ |
| (૪) બાકીના આરોપીઓની ક્યાં સુધીમાં ધરપકડ કરવામાં આવનાર છે? | (૪) ૦૩ આરોપીઓ વિરૂધ્ધ તપાસ ચાલુ છે. ૦૨ આરોપી વિરૂધ્ધ આગોતરા જામીન રદ કરાવવા નામદાર હાઇકોર્ટમાં અપીલ પેન્ડીંગ છે. ૦૨ આરોપીઓની ધરપકડ કરવા ઉપર નામદાર હાઇકોર્ટે સ્ટે આપેલ છે. |

---------

**ખેડા જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન-રહેણાકના મકાનો**

૩૭૩૯૫ **શ્રી બલરામ થાવાણી**(નરોડા) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન-રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને | (૧) કુલ-૦૬ |
| (૨) ઉક્ત સ્થિતિએ આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ-૦૬ મકાનોનું રૂ.૯૦૫.૯૦ લાખના ખર્ચે બાંધકામ હાથ ધરેલ છે. જે હાલમાં વિવિધ તબક્કે પ્રગતિમાં છે. |

---------

**ગાંધીનગર અને અરવલ્લી જિલ્લામાં ઘન કચરા તથા વ્યવસ્થાપનની કામગીરી**

૩૪૪૩૪ **શ્રી સુરેશકુમાર પટેલ**(માણસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઘન કચરા નિકાલ વ્યવસ્થાપન નિયમ-૨૦૧૬ અંતર્ગત દર ત્રણ માસે એક વખત કલેકટર દ્વારા નગરપાલિકા તરફથી થતા ઘન કચરા તથા વ્યવસ્થાપનની કામગીરીનું પુનરાવલોકન કરવાનું હોય છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને અરવલ્લી જિલ્લામાં આવેલ નગરપાલિકાવાર કલેકટરશ્રી દ્વારા કામગીરીનું પુનરાવલોકન કરવામાં આવેલ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો ના, તો તેના કારણો શા છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

તા. ૧૭મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**આણંદ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન–રહેણાકના મકાનો**

૩૭૪૩૧ **શ્રી વલ્લભભાઈ કાકડીયા**(ઠક્કરબાપાનગર) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન–રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને | (૧) કુલ–૦૪ |
| (૨) ઉક્ત સ્થિતિએ આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ–૦૪ મકાનોનું રૂ.૩૭૭.૬૪ લાખના ખર્ચે બાંધકામ હાથ ધરેલ છે. જે હાલમાં વિવિધ તબક્કે પ્રગતિમાં છે. |

---------

**સુરત મહાનગરપાલિકાને આંતરમાળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ**

૩૫૭૯૮ **શ્રીમતી સંગીતાબેન પાટીલ**(લીંબાયત) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ સુરત મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતરમાળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૧૯–૨૦ અને ૨૦૨૦–૨૧માં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ સુરત મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતરમાળખાકીય સુવિધાના ઘટકહેઠળ.<br>• વર્ષ ૨૦૧૯–૨૦માં રૂ.૪૦૦.૫૧ કરોડ તથા<br>• વર્ષ ૨૦૨૦–૨૧માંરૂ.૪૭૫.૧૧ કરોડની ગ્રાન્ટ મળી કુલ ૮૭૫.૬૨ કરોડ ફાળવવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે, | (૨) ઉક્ત સ્થિતિએ..<br>• વર્ષ ૨૦૧૯–૨૦માં રૂ.૪૦૦.૫૧ કરોડ તથા<br>• વર્ષ ૨૦૨૦–૨૧માંરૂ.૨૩૯.૯૨ કરોડ મળી કુલ રૂ.૬૪૦.૪૩ કરોડ ચૂકવવામાં આવેલ છે. |
| (૩) તે પરત્વે કેટલા કામો મંજૂર થયેલ છે, અને | (૩) તે પરત્વે કુલ<br>• વર્ષ ૨૦૧૯–૨૦માં ૪૯ કામો તથા<br>• વર્ષ ૨૦૨૦–૨૧માં૭૧ કામો મંજૂર થયેલ છે. આમ કુલ ૧૨૦ કામો મંજૂર થયેલ છે. |
| (૪) કેટલા કામો પૂર્ણ થયેલ છે ? | (૪) વર્ષ ૨૦૧૯–૨૦માં૧૨ કામો કામો પૂર્ણ થયેલ છે તથા<br>• વર્ષ ૨૦૨૦–૨૧ના મંજૂરી હેઠળના કામો પ્રગતિમાં છે. |

---------

**મહેસાણા જિલ્લામાં માઈક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝ એકમોની મંજૂર અરજીઓ**

૩૫૭૯૦ **ડો.આશાબેન પટેલ**(ઊંઝા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત કેપીટલ સહાય યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં MSME (માઈક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૩૩૮ અરજીઓ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૩૦૪ એકમોને રૂ.૩૬૪૨.૨૯ લાખની સહાય. |

---------

અતારાંકિત પ્રશ્નો

**ભરૂચ જિલ્લામાં માઈક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝ એકમોની મંજૂર અરજીઓ**

૩૫૭૬૭ **શ્રી મુકેશભાઈ પટેલ** (ઓલપાડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત કેપીટલ સહાય યોજના હેઠળ ભરૂચ જિલ્લામાં MSME (માઈક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૨૨૬ અરજીઓ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૧૭૫ એકમોને રૂ.૨૧૮૪.૮૪ લાખની સહાય. |

---------

**રાજ્યમાં એલ.પી.જી. ટર્મિનલ વિકસાવવાની કામગીરી**

૩૫૮૪૬ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા**(માંડવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ એલ.પી.જી. કાર્ગો વહન કરવા માટે ક્યા બંદરો ઉપર સુવિધા ઉપલબ્ધ છે, અને | (૧) ૧. મુંદ્રા<br>૨. પીપાવાવ<br>૩. દહેજ<br>૪. પોરબંદર<br>૫. સિક્કા |
| (૨) નવા એલ.પી.જી. ટર્મિનલ વિકસાવવાનું શું આયોજન છે ? | (૨) (અ) ઓખા ખાતે નવું એલ.પી.જી. ટર્મિનલ સ્થાપવા માટે મંજૂરી આપવામાં આવેલ છે.<br>(બ) છારા ખાતે નવું એલ.પી.જી. ટર્મિનલ સ્થાપવા અંગેની દરખાસ્ત મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે. |

---------

**અમરેલી જિલ્લામાં ધાતરવાડી–૨ ની ડાબા અને જમણા કાંઠાની કાર્યરત સિંચાઈ યોજના**

૩૪૪૯૦ **શ્રી અંબરીષભાઇ ડેર** (રાજુલા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રની તા.૦૩–૦૭–૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫૦૪૩ (અગ્રતા–૩૩૪)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં આવેલ ધાતરવાડી–૨ ની ડાબા અને જમણા કાંઠાની સિંચાઈ યોજનાની કામગીરી માર્ચ–૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરવાની હતી તે કામગીરી તા.૩૧–૧૨–૨૦૨૦ ની સ્થિતિએ ક્યાં તબક્કે છે, | (૧) ધાતરવાડી–૨ સિંચાઈ યોજનાની ડાબા કાંઠા કેનાલની કુલ લંબાઈ ૮૮૫૦ મી. પૈકી ૬૪૫૦ મી.લંબાઈમાં નહેર કાર્યરત છે.બાકી રહેલ ૨૪૦૦ મી. કટીંગ કેનાલની કામગીરી વિભાગની મશીનરી દ્વારા પૂર્ણ થયેલ છે. અને તેની લાઈનીંગની કામગીરી બાકી છે.<br>• જમણા કાંઠા કેનાલની કુલ લંબાઈ ૯૨૧૦ મી. પૈકી ૮૮૧૦ મી. લંબાઈમાં કામગીરી પૂર્ણ થયેલ છે બાકીની ૪૦૦ મી. લંબાઈમાં પાઈપ કેનાલ કરવાનું કામ બાકી છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી પૂર્ણ ન થઈ હોઈ તો તેના કારણો શા છે, અને | (૨) ઉક્ત બાકી રહેલ કામો કોવીડ–૧૯ના લોકડાઉન તેમજ ચોમાસા–૨૦૨૦ અંતર્ગત અતિભારે વરસાદના કારણે સર્વેની કામગીરીમાં વિલંબ થયેલ છે. |
| (૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) બાકી કામ ડિસેમ્બર–૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**વડોદરા મધ્યસ્થ જેલમાં કેદીઓને સલાહ અને સહાય**

૩૭૪૪૪ **શ્રી શૈલેષભાઈ મહેતા**(ડભોઈ) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યના કેદીઓને કાયદાકીય સલાહ અને સહાય આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા મધ્યસ્થ જેલના કેટલા કેદીઓને કાનૂની સલાહ અને સહાય આપવામાં આવેલ છે?

(૨)

| કાનૂની સલાહ | કાનૂની સહાય |
|---|---|
| ૧૩૦૪ | ૫૩૮ |

---------

**દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં કેનાલોના મરામત બાબત**

૩૪૫૧૮ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર સિંચાઈ માટેની કેટલી કેનાલોના રીપેરીંગ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૧)

| **જિલ્લો** | **કેનાલની સંખ્યા** | | **થયેલ ખર્ચની વિગત (રૂ.લાખમાં)** | |
|---|---|---|---|---|
| | **વર્ષ ૨૦૧૯** | **વર્ષ ૨૦૨૦** | **વર્ષ ૨૦૧૯** | **વર્ષ ૨૦૨૦** |
| દાહોદ | ૯૩ | ૧૦૪ | ૫૨૨.૧૦ | ૭૦૪.૪૬ |

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલી કેનાલોનું રીપેરીંગ કામ બાકી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર જરૂરિયાત અનુસાર રીપેરીંગ કામ બાકી હોય તેવી કેનાલ નીચે મુજબ છે.
દાહોદ જિલ્લો-૩૯ કેનાલો
છોટાઉદેપુર જિલ્લો-૧૫ કેનાલો

(૩) ઉક્ત બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૩) ઉક્ત બાકી કામો બજેટની જોગવાઈને આધીન હાથ ધરવામાં આવશે.

---------

**અમદાવાદ શહેરમાં મંજૂર થયેલ ડ્રાફ્ટ ટી.પી. બાબત**

૩૪૪૪૨ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં ડ્રાફ્ટ ટી.પી. મંજૂર થયા બાદ લાંબા સમય સુધી ફાઈનલ ટી.પી. થતી નથી તે હકીકતથી સરકાર વાકેફ છે, કે કેમ

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડ્રાફ્ટ ટી.પી. ચોક્કસ સમયગાળામાં ફાઈનલ થાય તે માટે શા પગલાં લીધાં, અને

(૨) ૧. પ્રારંભિક નગર રચના યોજનાની દરખાસ્ત ઘડવા માટે રીસર્વેની વિગતો ધ્યાને ન લેવા બાબતે મુખ્ય નગર નિયોજક અને સેટલમેન્ટ કમિશનરે કરેલ પરામર્શ અન્વયે, સેટલમેન્ટ કમિશનરે તા.૦૧.૦૭.૨૦૨૦ના રોજ સુચના પરિપત્રિત કરેલ છે.
૨.નગર રચના અધિકારી દ્વારા બોર્ડ ઓફ અપીલ સાથે સંકલનમાં રહી, લાંબા સમયથી પડતર અપીલોના નિકાલ કરવામાં આવેલ છે અને પડતર અપીલોનો ઝડપથી નિકાલ કરવામાં આવી રહેલ છે.

(૩)ઉક્ત સ્થિતિએ અમદાવાદ શહેરની ડ્રાફ્ટ ટી.પી. મંજૂર થયેલ કેટલી ટી.પી. ફાઈનલ કરવાની બાકી છે?

(૩) ૧૨૧

---------

**પાટણ અને મહેસાણા જિલ્લામાં માસ્ક પહેરવાના નિયમનો ભંગ**

૩૪૪૧૬ **શ્રી રઘુભાઈ દેસાઈ** (રાધનપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર પોલીસ દ્વારા માસ્ક પહેરવાના નિયમનો ભંગ કરનાર કેટલા વ્યક્તિઓ પાસેથી કેટલી રકમનો દંડ વસૂલવામાં આવ્યો, અને

(૨) ઉક્ત જિલ્લાવાર સ્થળ પર દંડ ન ભરનાર કેટલા વ્યક્તિઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧)

| જિલ્લો | વ્યક્તિ | દંડની રકમ |
|---|---|---|
| પાટણ | ૬૧૩૯૮ | રૂ.૨,૨૬,૮૯,૭૦૦/- |
| મહેસાણા | ૯૪૯૮૯ | રૂ.૫,૦૫,૪૫,૨૦૦/- |

(૨) પાટણ જિલ્લામાં ૨૨૬૧ વ્યક્તિ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

મહેસાણા જિલ્લામાં 'શૂન્ય' વ્યક્તિ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**આણંદ જિલ્લામાં માઈક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝસ એકમોની મંજૂર અરજીઓ**

૩૭૪૮૫ **શ્રી સુરેશભાઈ પટેલ**(મણિનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત કેપીટલ સહાય યોજના હેઠળ આણંદ જિલ્લામાં MSME (માઈક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) ૧૦૪ અરજીઓ

(૨) ૯૧ એકમોને રૂ. ૮૯૬.૦૧ લાખની સહાય.

---------

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં ઘન કચરા તથા વ્યવસ્થાપનની કામગીરી**

૩૪૪૦૩ **શ્રી ગુલાબસિંહ રાજપૂત**(થરાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઘન કચરા નિકાલ વ્યવસ્થાપન નિયમ-૨૦૧૬ અંતર્ગત દર ત્રણ માસે એક વખત કલેક્ટર દ્વારા નગરપાલિકા તરફથી થતા ઘન કચરા તથા વ્યવસ્થાપનની કામગીરીનું પુનરાવલોકન કરવાનું હોય છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં આવેલ નગરપાલિકાવાર કલેક્ટરશ્રી દ્વારા કામગીરીનું પુનરાવલોકન કરવામાં આવેલ છે કે કેમ, અને

(૩) જો ના, તો તેના કારણો શા છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) હા, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સાબરકાંઠા જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત**

૩૫૭૯૬ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુજલામ સુફલામ જળ અભિયાન યોજના હેઠળ સાબરકાંઠા જિલ્લામાં કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧)

| જિલ્લો સાબરકાંઠા વર્ષ | સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઉંડા કરાયેલ તળાવોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૯ | ૨૦૩ |
| ૨૦૨૦ | ૨૨૦ |

(૨) તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ થયો?

(૨)

| જિલ્લો સાબરકાંઠા વર્ષ | સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઉંડા કરાયેલ તળાવોનું ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૯ | ૩૪૧.૯૧ |
| ૨૦૨૦ | ૪૬૨.૨૧ |

---------

**વલસાડ જિલ્લાના નારગોલ ખાતે ખાનગી ક્ષેત્રે નવું બંદર વિકસાવવાની કામગીરી**

૩૪૫૪૪ **શ્રી સુનિલભાઈ ગામીત**(નિઝર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ વલસાડ જિલ્લાના નારગોલ ખાતે ખાનગી ક્ષેત્રે નવું બંદર વિકસાવવાનું હતું તે કામગીરી કયા તબક્કે છે, | (૧) નારગોલ બંદરના વિકાસ માટે નવેસરથી વિકાસકાર નક્કી કરવા બિડીંગ પ્રક્રિયા હાથ ધરવા માટે તજજ્ઞની નિમણૂંક કરવામાં આવેલ છે. |
૩૫૭૭૭ **શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ**(ઘાટલોડીયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત કેપીટલ સહાય યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં MSME (માઇક્રો સ્મોલ મીડિયમ એન્ટરપ્રાઈઝસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૩૨૮૬ અરજીઓ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૬૬૦૬ એકમોને રૂ.૧૮૨૧૬.૪૫ લાખની સહાય. |

---------

### કચ્છ અને પાટણ જિલ્લામાં લીઝની એન.ઓ.સી. બાબત

૩૪૩૯૭ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા**(રાપર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ કચ્છ અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર કયા પ્રકારની કેટલી લીઝ આવેલી છે,

**જવાબ**

(૧)

| ખનિજ | લીઝની સંખ્યા | |
|---|---|---|
| | કચ્છ | પાટણ |
| મુખ્ય ખનિજ | ૨૪ | શૂન્ય |
| ગૌણ ખનિજ | ૯૨૫ | ૬૧ |
| **કુલ** | **૯૪૯** | **૬૧** |

(૨) ઉક્ત જિલ્લાવાર કેટલા લીઝધારકો પર્યાવરણની એન.ઓ.સી. ધરાવે છે અને કેટલા લીઝધારકો એન.ઓ.સી. ધરાવતા નથી, અને

(૨)

| ખનિજ | કચ્છ | | પાટણ | |
|---|---|---|---|---|
| | એન.ઓ.સી. મેળવેલ લીઝોની સંખ્યા | એન.ઓ.સી. ન મેળવેલ લીઝોની સંખ્યા | એન.ઓ.સી. મેળવેલ લીઝોની સંખ્યા | એન.ઓ.સી. ન મેળવેલ લીઝોની સંખ્યા |
| મુખ્ય ખનિજ | ૧૬ | ૦૮ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | |
| ગૌણ ખનિજ | ૪૮૮ | ૪૩૭ | ૫૦ | ૧૧ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત એન.ઓ.સી. ન ધરાવતા હોય તેવી લીઝો બંધ કરવા શું કાર્યવાહી કરવામાં આવી?

(૩) **કચ્છઃ** ઈ.સી. ન હોવાને કારણે કુલ ૧૮૭ લીઝોના એ.ટી.આર. બંધ કરવામાં આવેલ છે તથા ૦૯ લીઝોના એ.ટી.આર. બંધ કરવાની કાર્યવાહી ચાલુમાં છે. ૧૪ લીઝો રદ્દ કરવાની દરખાસ્ત કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૨૫૬ લીઝધારકોની ઈ.સી. મેળવવા માટેની બાબત પ્રક્રિયા હેઠળ છે. ઉપરોક્ત પૈકી ૫૨(બાવન) લીઝ હોલ્ડર દ્વારા વ્યક્તિગત રીતે ઈ.સી. અરજી કરેલ છે.

**પાટણઃ** પર્યાવરણની એન.ઓ.સી. ધરાવતા ન હોય તેવી લીઝો બંધ કરવા લીઝધારકોના ઓનલાઈન રોયલ્ટીપાસ એકાઉન્ટ બંધ કરવામાં આવેલ છે.

---------

## અમદાવાદ અને સુરત શહેરમાં ઝોનફેર કરવાની મંજૂરી

૩૪૫૩૮ **શ્રી આનંદભાઈ ચૌધરી**(માંડવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા) અને સુરત શહેરી વિકાસ સત્તામંડળ (સુડા) માં સમાવેશ થતા વિસ્તારમાં કેટલી જમીનોમાં ઝોન ફેર કરવાની માંગણીઓ સરકારને મળી, | (૧) અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ – ૦૪<br>સુરત શહેરી વિકાસ સત્તામંડળ – ૦૦ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જમીનોમાં ઝોન ફેર કરવા મંજૂરી આપવામાં આવી, અને | (૨) અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ – ૦૦<br>સુરત શહેરી વિકાસ સત્તામંડળ – ૦૦ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી સ્કીમોમાં (જમીનોમાં) એફ.એસ.આઈ વધારી આપવામાં આવી ? | (૩) અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ – ૦૨<br>સુરત શહેરી વિકાસ સત્તામંડળ – ૦૦ |

---------

## અમદાવાદ અને કચ્છ જિલ્લામાં કસ્ટોડીયલ ડેથના બનાવો

૩૭૨૮૮ **શ્રી ઈમરાન ખેડાવાલા**(જમાલપુર ખાડિયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને કચ્છ જિલ્લામાં કસ્ટોડીયલ ડેથના કેટલા કિસ્સા બન્યા છે, અને

(૧) ૪૮ (અડતાલીસ)

(૨) તે અંગે જવાબદારો સામે શી કાર્યવાહી કરી ?

(૨)

જવાબદાર પોલીસ અધિકારી/કર્મચારી સામે નીચે મુજબના પગલાં લીધેલ છે.

❖ **અમદાવાદઃ–**

- ૦૧–એ.એસ.આઈ ને ફરજ મોકુફ કરેલ છે.
- ખાનપુર ઝોનલ ઓબ્ઝર્વેશન હોમના ૦૪–અધિકારી/ કર્મચારી તથા ૦૧–પોલીસ કોન્સ્ટેબલ વિરૂદ્ધ આઈ.પી.સી. એક્ટની કલમઃ

| | |
|---|---|
| | ૩૦૨, ૩૨૩, ૧૧૪, જી.પી.એક્ટની કલમઃ ૧૩૫(૧), એટ્રોસીટી એક્ટની કલમઃ૩(૨)(૫) તથા જુવેનાઈલ જસ્ટીસ એક્ટની કલમઃ ૭૫, ૮૨ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે. |
| | ❖ **કચ્છઃ–**<br>➢ ૦૧–પોલીસ સબ ઈન્સ્પેક્ટર તથા ૦૧–પોલીસ કોન્સ્ટેબલ સામે ખાતાકીય તપાસ ચાલુ છે.<br>➢ ૦૧–પોલીસ સબ ઈન્સ્પેક્ટરને ફરજ મોકુફ કરવામાં આવેલ છે.<br>➢ ૦૧–પોલીસ ઈન્સ્પેક્ટર, ૦૩–હેડ કોન્સ્ટેબલ, ૦૨–પોલીસ કોન્સ્ટેબલ, ૦૨ જી.આર.ડી. તથા ૦૨–અન્ય ખાનગી વ્યક્તિઓ વિરૂદ્ધ આઈ.પી.સી. એક્ટની કલમઃ ૩૦૨ મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલ છે. |

---------

**જામનગર જિલ્લામાં સરકારી જમીનમાં ગેરકાયદેસર ખનન**

૩૪૪૬૯ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના મોટીગોપ ગામે સરકારી પડતર અને ખરાબાની જમીનમાં ડી.સી.સી. કંપની દ્વારા ગેરકાયદેસર ખનન કર્યા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) મળેલ ફરિયાદો અન્વયે ઉક્ત સ્થિતિએ કંપની સામે શું કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| સમયગાળો | મળેલ ફરિયાદોની સંખ્યા |
|---|---|
| તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯ | શૂન્ય |
| તા.૦૧–૦૧–૨૦૨૦ થી તા.૩૧–૧૨–૨૦૨૦ | ૧ |

(૨) મળેલ ફરિયાદો અન્વયે વિવાદીત વિસ્તારની તા.૧૦–૧૧–૨૦૨૦ના રોજ સ્થળ તપાસ હાથ ધરતા કોઈ ગેરરીતિ આચરેલ જોવા ન મળતાં રજૂઆત પરત્વે વિવાદીત વિસ્તારમાં થયેલ રજૂઆતને લગત કોઈ બનાવ ન બને તે માટે કંપનીને સૂચનાઓ આપવામાં આવેલ તથા ઉક્ત તપાસ અન્વયે સ્થળ રોજકામ કરેલ તેમજ આ વિસ્તારમાં અવારનવાર સ્થળ તપાસ તેમજ ચેકીંગની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

---------

**પાલનપુર શહેરમાં ભૂગર્ભ ગટરના કામો**

૩૭૫૨૯ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના પાલનપુર શહેરમાં પાણી પુરવઠા અને ભૂગર્ભ ગટર કામોમાં નાણાકીય ગેરરીતિ થયાની હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો કેવા પ્રકારની અને કેટલી રકમની આવી ગેરરીતિ કોના દ્વારા આચરવામાં આવ્યાની ફરિયાદ કરવામાં આવેલ છે, અને

(૩) જવાબદારો સામે શાં પગલાં લેવાયા છે?

**જવાબ**

(૧), (૨) અને (૩) છેલ્લા બે વર્ષમાં પાલનપુર શહેરમાં ચાલી રહેલ ભૂગર્ભ ગટર યોજના અને પાણી પુરવઠાના કામોમાં કોઈપણ પ્રકારની નાણાંકીય ગેરરીતિ થયાની કોઈ ફરિયાદ મળેલ નથી. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## અતારાંકિત પ્રશ્નો

### જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઘન કચરા તથા વ્યવસ્થાપનની કામગીરી

૩૪૪૬૩ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા**(કાલાવડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઘન કચરા નિકાલ વ્યવસ્થાપન નિયમ–૨૦૧૬ અંતર્ગત દર ત્રણ માસે એક વખત કલેક્ટર દ્વારા નગરપાલિકા તરફથી થતા ઘન કચરા તથા વ્યવસ્થાપનની કામગીરીનું પુનરાવલોકન કરવાનું હોય છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ નગરપાલિકાવાર કલેક્ટરશ્રી દ્વારા કામગીરીનું પુનરાવલોકન કરવામાં આવેલ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો ના, તો તેના કારણો શા છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### તાપી નર્મદા લીંકમાંથી મહારાષ્ટ્ર સરકાર પાણી ન લેતી હોવા બાબત

૩૪૪૫૧ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : તેરમી ગુજરાત વિધાનસભાના સાતમા સત્રમાં તા.૨૭–૦૮–૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન–૧૯૭૭૯ (અગ્રતા–૧૬૩)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ પાર–તાપી લીંક યોજના અંગેનો ડીટેઈલ્ડ પ્રોજેક્ટ રીપોર્ટની કાર્યવાહી ભારત સરકારની રાષ્ટ્રીય જળ વિકાસ એજન્સી હેઠળ પ્રગતિમાં હતી તે અંગે રાજ્ય સરકારને કોઈ પ્રોજેક્ટ રીપોર્ટ મળેલ છે કે કેમ, | (૧) હા, મળેલ છે. |
| (૨) જો હા, તો ઉક્ત રીપોર્ટ મુજબ પાર–તાપી નર્મદા લીંકમાંથી દરીયામાં વહી જતું કેટલું પાણી ગુજરાતને મળશે, | (૨), (૩) અને (૪) આ લીંક થકી પ્રાપ્ત થનાર પાણીનું વિતરણ ભારત સરકારની મદદથી ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે કરવા અંગેના અભ્યાસો ચકાસણીઓના તબક્કે છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દરીયામાં વહી જતું પાણી ગુજરાતને મળે તે માટે રાજ્ય સરકારને ભારત સરકાર, મહારાષ્ટ્ર સરકાર કે અન્ય કોઈ કક્ષાએ રજૂઆત કરી છે કે કેમ, અને | |
| (૪) જો હા, તો ઉક્ત રજૂઆત અન્વયે ક્યારે શા પ્રતિભાવ મળ્યો? | |

---------

### માંગરોળ શહેરમાં પાણીની પાઈપ લાઈન

૩૪૨૬૮ **શ્રી બાબુભાઈ વાજા**(માંગરોળ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માંગરોળ શહેરના ઓજી વિસ્તારમાં પીવાના પાણીની પાઈપ લાઈન નાંખવા અંગેની કાર્યવાહી કયા તબક્કે છે, અને | (૧) આવી કોઈ દરખાસ્ત મળેલ નથી. |
| (૨)ઉક્ત કાર્યવાહી ક્યાં સુધીમાં કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં લીઝની એન.ઓ.સી. બાબત

૩૪૪૨૭ **શ્રી જશુભાઈ પટેલ**(બાયડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ અરવલ્લી | (૧) |

અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર કયા પ્રકારની કેટલી લીઝ આવેલી છે,

| ખનિજ | લીઝની સંખ્યા | |
|---|---|---|
| | અરવલ્લી | સાબરકાંઠા |
| મુખ્ય ખનિજ | ૦૪ | ૦૨ |
| ગૌણ ખનિજ | ૨૫૯ | ૨૭૨ |
| **કુલ** | **૨૬૩** | **૨૭૪** |

(૨) ઉક્ત જિલ્લાવાર કેટલા લીઝધારકો પર્યાવરણની એન.ઓ.સી. ધરાવે છે અને કેટલા લીઝધારકો એન.ઓ.સી. ધરાવતા નથી, અને

(૨)

| ખનિજ | અરવલ્લી | | સાબરકાંઠા | |
|---|---|---|---|---|
| | એન.ઓ.સી. મેળવેલ લીઝોની સંખ્યા | એન.ઓ.સી. ન મેળવેલ લીઝોની સંખ્યા | એન.ઓ.સી. મેળવેલ લીઝોની સંખ્યા | એન.ઓ.સી. ન મેળવેલ લીઝોની સંખ્યા |
| મુખ્ય ખનિજ | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૧ |
| ગૌણ ખનિજ | ૨૧૧ | ૪૮ | ૨૪૫ | ૨૭ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત એન.ઓ.સી. ન ધરાવતા હોય તેવી લીઝો બંધ કરવા શું કાર્યવાહી કરવામાં આવી?

(૩) **અરવલ્લીઃ** પર્યાવરણની એન.ઓ.સી. ધરાવતા ન હોય તેવા ૫૧ લીઝધારકો પૈકી ૩૭ લીઝધારકોએ પર્યાવરણની એન.ઓ.સી. મેળવવા અરજી કરેલ ન હોય તેઓના એકાઉન્ટ લોક (ATR) કરવામાં આવેલ છે. જ્યારે બાકી ૧૪ લીઝ ધારકોને કારણદર્શક નોટિસ આપવામાં આવેલ છે.

**સાબરકાંઠાઃ** પર્યાવરણ પ્રમાણપત્ર ન ધરાવતા હોય તેવી ૨૦ લીઝધારકોના ઓનલાઈન રોયલ્ટી પાસ/ખાણકામ બંધ કરવામાં આવેલ છે અને ૦૮ લીઝધારકોની પર્યાવરણ પ્રમાણપત્ર મેળવવાની પ્રક્રિયા કાર્યવાહી હેઠળ છે.

---------

**સ્માર્ટ સીટી યોજના અન્વયે વડોદરા શહેર દ્વારા બસ સર્વિસ**

૩૫૮૦૨ **શ્રીમતી સીમાબેન મોહીલે** (અકોટા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્માર્ટ સિટી યોજના અંતર્ગત વડોદરા શહેર દ્વારા અર્બન મોબિલીટી સિટી બસ સર્વિસના કેટલી રકમ માટે મંજૂરી આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ મંજૂર થયેલ યોજનાના કામો ક્યા તબક્કે છે, અને

(૩) યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા માટેનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) સ્માર્ટ સિટી યોજના અંતર્ગત વડોદરા શહેર અર્બન મોબિલીટી અંતર્ગત સિટી બસ સર્વિસ સંચાલનનો ઈજારો વાયેબીલીટી ગેપ ફંડ આધારે તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ ૫ વર્ષ માટે રૂ.૮૪/– કરોડની રકમ માટે મંજૂર થયેલ છે.

(૨) અને (૩) હાલ ઈજારો ચાલુ છે. ઈજારા અંતર્ગત હાલ તમામ બસો કાર્યરત છે.

---------

**અમરેલી જિલ્લામાં એગ્રોહ ઈન્ફ્રા. પ્રા. લિ. કંપની દ્વારા ખનિજની ચોરી**

૩૪૪૮૭ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાંથી એગ્રોહ ઈન્ફ્રા. પ્રા. લિ. કંપની દ્વારા ક્યા પ્રકારની કેટલા જથ્થાની ખનિજ ચોરી કરવાના બનાવો બન્યા,

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર કેટલી રકમનો દંડ કરવામાં આવ્યો,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાંથી એગ્રોહ ઈન્ફ્રા. પ્રા. લિ. કંપની દ્વારા ખનન/વહન પ્રકારની ૨૧,૭૨૭ મે.ટન જથ્થાની ખનિજ ચોરી કરવાના બનાવો બન્યા.

(૨)

| પ્રકાર | ૨૦૧૯ | ૨૦૨૦ |
|---|---|---|
| ખનન | શૂન્ય | ૫૫.૬૬ |
| વહન | શૂન્ય | ૨.૦૦ |

| સંગ્રહ | શૂન્ય | શૂન્ય |
|---|---|---|

(૩) કરવામાં આવેલ દંડ પૈકી કેટલી રકમ વસૂલવામાં આવી અને કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩) કરવામાં આવેલ દંડ પૈકી કોઈપણ રકમ વસૂલ કરવામાં આવેલ નથી. અને ૫૭.૬૬ લાખની રકમ વસૂલ કરવાની બાકી છે.

(૪) ઉક્ત બાકી રકમ વસૂલવા શા પગલાં લેવામાં આવ્યા અને બાકી રકમ ક્યાં સુધીમાં વસૂલવામાં આવશે ?

(૪) ઉક્ત બાકી રકમ વસૂલવા ગુજરાત ખનિજ (ગેરકાયદેસર ખનન, વહન અને સંગ્રહ) નિવારણ નિયમો ૨૦૧૭ હેઠળ નોટીસ આપવામાં આવેલ છે અને પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે તે અન્વયે દંડકીય રકમની વસૂલાત કરવાની થાય છે.

---------

**જંબુસર શહેરનો પાણી પુરવઠા યોજના**

૩૪૩૩૧ **શ્રી સંજયભાઇ સોલંકી**(જંબુસર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના જંબુસર શહેરમાં પાણી પુરવઠા યોજનામાં ક્યારે સમાવેશ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રોજેક્ટની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૩) ક્યાં સુધીમાં કાર્યવાહી પૂર્ણ કરી પ્રોજેક્ટ કાર્યરત કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના જંબુસર શહેરની પાણી પુરવઠા યોજનાને સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ તા. ૩૧–૦૩–૨૦૧૩ ના રોજ વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રોજેક્ટ ૮૨ ટકા પૂર્ણ થયેલ છે.

(૩) તા. ૩૦–૦૬–૨૦૨૧ સુધીમાં કાર્યવાહી પૂર્ણ કરી પ્રોજેક્ટ કાર્યરત કરવાનું આયોજન છે.

---------

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં માસ્ક પહેરવાના નિયમનો ભંગ**

૩૪૪૬૦ **શ્રી લલીત વસોયા**(ધોરાજી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર પોલીસ દ્વારા માસ્ક પહેરવાના નિયમનો ભંગ કરનાર કેટલા વ્યક્તિઓ પાસેથી કેટલી રકમનો દંડ વસૂલવામાં આવ્યો, અને

(૨) ઉક્ત જિલ્લાવાર સ્થળ પર દંડ ન ભરનાર કેટલા વ્યક્તિઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧)

| જિલ્લો | વ્યક્તિ | દંડની રકમ |
|---|---|---|
| રાજકોટ શહેર | ૧૬૭૫૯ | રૂ.૪૬,૭૯,૧૦૦/– |
| રાજકોટ ગ્રામ્ય | ૬૩૫૪૭ | રૂ. ૨,૩૩,૧૨,૫૦૦/– |
| પોરબંદર | ૨૩૮૨૪ | રૂ.૧,૨૭,૧૩,૨૦૦/– |

(૨) રાજકોટ જિલ્લામાં ૬૧ વ્યક્તિ,
પોરબંદર જિલ્લામાં ૦૯ વ્યક્તિ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

**જૂનાગઢ શહેરમાં રેલ્વે ઓવર બ્રિજની કામગીરી**

૩૩૫૦૯ **શ્રી ભીખાભાઇ જોષી**(જૂનાગઢ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ ની સ્થિતિએ જૂનાગઢ શહેરમાં રેલ્વે ઓવર બ્રિજની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) સરકારશ્રી દ્વારા જૂનાગઢ શહેરમાં આવતા એલ.સી.નં. ૮૧–બી પર રેલ્વે ઓવરબ્રિજ બનાવવા અંગે અગાઉ સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે. પરંતુ રેલ્વે દ્વારા એલ.સી.નં. ૮૧–બી અને એલ.સી.નં.૮૨–બી પર સંયુક્ત રેલ્વે ઓવરબ્રિજનું સૂચન થતા જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા તે અન્વયે સુધારેલ સૈદ્ધાંતિક મંજૂરી

મેળવવાની પ્રક્રીયા હાથ ધરેલ છે. જે બાબતે યોગ્ય નિર્ણય થયે કામ હાથ ધરવાની કાર્યવાહી કરવામાં આવશે.

---------

**રાજ્યમાં એલ.પી.જી. ટર્મિનલ વિકસાવવાની કામગીરી**

૩૫૮૪૮ **શ્રી ભીખાભાઈ બારૈયા**(પાલીતાણા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ એલ.પી.જી. કાર્ગો વહન કરવા માટે ક્યા બંદરો ઉપર સુવિધા ઉપલબ્ધ છે, અને | (૧) ૧. મુંદ્રા<br>૨. પીપાવાવ<br>૩. દહેજ<br>૪. પોરબંદર<br>૫. સિક્કા |
| (૨) નવા એલ.પી.જી. ટર્મિનલ વિકસાવવાનું શું આયોજન છે? | (૨) (અ) ઓખા ખાતે નવું એલ.પી.જી. ટર્મિનલ સ્થાપવા માટે મંજૂરી આપવામાં આવેલ છે.<br>(બ) છારા ખાતે નવું એલ.પી.જી. ટર્મિનલ સ્થાપવા અંગેની દરખાસ્ત મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે. |

---------

**દાંતીવાડ તાલુકામાં ચેકડેમ બનાવવાની કામગીરી**

૩૪૪૦૬ **શ્રી નથાભાઇ પટેલ**(ધાનેરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકામાં સાતસણ ગામે ભુરા બાવાની જગ્યા પાસે, ગાંગુવાડા તળાવ તથા રાણોલ અને રાણીટાંક ચેકડેમ બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને | (૧) (અ) સાતસણ ગામે ભુરાબાવાની જગ્યા પાસે સલામત ડૂબ વિસ્તાર મેળવવા ૩ મીટર ઉંચાઇનો ચેકડેમ બનાવવો તાંત્રિક રીતે શક્ય છે. પરંતુ ગામ લોકોની માંગણી ૫ મીટર ઉંચો ચેકડેમ બનાવવાની હોઇ ચેકડેમની ગાઇડ લાઇન તથા સ્થળ-સ્થિતિ અનુસાર ૩ મીટરથી ઉંચો ડેમ બનાવવો તાંત્રિક રીતે યોગ્ય જણાતો નથી.<br>(બ) ગાંગુવાળા તળાવવાળી જગ્યાએ તાંત્રિક રીતે યોગ્ય સ્થળ-સ્થિતિ ઉપલબ્ધ નથી.<br>(ક) રાણોલ અને રાણીટૂંક ખાતે જૂદા-જૂદા સ્થળોની તપાસ કરતાં ચેકડેમ બનાવવાની જગ્યાથી ઉપરવાસમાં અને નીચેવાસમાં જરૂરી એવો ૩૦૦ મીટર સુધીનો સીધો વહેળો ઉપલબ્ધ નથી. |
| (૨) ઉક્ત કાર્યવાહી ક્યાં સુધીમાં કેટલા ખર્ચે પૂર્ણ કરી ચેકડેમ કાર્યરત કરવામાં આવશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સુરત અને અમદાવાદ શહેરમાં એફ.એસ.આઇ. વધારવા દરખાસ્તો**

૩૪૪૪૦ **શ્રી હિંમતસિંહ પટેલ**(બાપુનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ સુરત અને અમદાવાદ શહેરમાં શહેરવાર ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ કાયદો-૧૯૭૬ની કલમ ૨૯/૧ હેઠળ જુદી-જુદી નગરરચનાઓમાં એફ.એસ.આઇ.વધારી વધુ માળ બાંધવા માટેની છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી દરખાસ્તો મળી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર ક્યા શહેરની કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી,

(૩) ઉક્ત મંજૂરી આપવામાં આવેલ કેસ/દરખાસ્તવાર કેટલા ચો.મી. વધારાનું બાંધકામ થઇ

**જવાબ**

(૧)

| વર્ષ | સુરત શહેર | અમદાવાદ શહેર |
|---|---|---|
| વર્ષ ૨૦૧૯ | શૂન્ય | શૂન્ય |
| વર્ષ ૨૦૨૦ | શૂન્ય | શૂન્ય |

(૨),(૩)અને(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શકશે, અને

(૪) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી દરખાસ્તો ક્યારથી પડતર છે અને ઉક્ત દરખાસ્તો પડતર રહેવાના કારણો શા છે?

---------

**અરવલ્લી જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન-રહેણાકના મકાનો**

૩૭૪૨૯ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા**(હિંમતનગર) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન-રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને | (૧) કુલ-૦૭ |
| (૨) ઉક્ત સ્થિતિએ આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) રૂ. ૧૯૪૪.૪૮ લાખના ખર્ચે કુલ-૦૭ બિન-રહેણાક મકાનો બનાવવાનું બાંધકામ પ્રગતિમાં છે. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં માઈક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝ એકમોની મંજૂર અરજીઓ**

૩૫૭૮૯ **માલતી મહેશ્વરી**(ગાંધીધામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત કેપીટલ સહાય યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં MSME (માઈક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૨૮ અરજીઓ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૧૪૭ એકમોને રૂ.૧૭૮૧.૮૪ લાખની સહાય. |

---------

**આણંદ જિલ્લામાં માઈક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝ એકમોની મંજૂર અરજીઓ**

૩૫૭૬૧ **શ્રી મહેશકુમાર રાવલ**(ખંભાત) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત કેપીટલ સહાય યોજના હેઠળ આણંદ જિલ્લામાં MSME (માઈક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૦૪ અરજીઓ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૯૧ એકમોને રૂ.૮૯૬.૦૧ લાખની સહાય. |

---------

**ખેડા અને પંચમહાલ જિલ્લામાં માસ્ક પહેરવાના નિયમનો ભંગ**

૩૪૫૦૭ **શ્રી કાન્તિભાઇ પરમાર** (ઠાસરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર પોલીસ દ્વારા માસ્ક પહેરવાના નિયમનો ભંગ કરનાર કેટલા વ્યક્તિઓ પાસેથી કેટલી રકમનો દંડ વસૂલવામાં આવ્યો, અને

(૨) ઉક્ત જિલ્લાવાર સ્થળ પર દંડ ન ભરનાર

**જવાબ**

(૧)

| જિલ્લો | વ્યક્તિ | દંડની રકમ |
|---|---|---|
| ખેડા | ૧૫૧૦૭૭ | રૂ. ૮,૭૮,૫૯,૬૦૦/- |
| પંચમહાલ | ૩૫૯૧૬ | રૂ.૨,૦૪,૬૩,૮૦૦/- |

(૨) ખેડા જિલ્લામાં ૫૭ વ્યક્તિ,

કેટલા વ્યકિતઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી? | પંચમહાલ જિલ્લામાં ૧૨ વ્યકિત વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

**અમદાવાદ અને સુરત જિલ્લામાં રેગ્યુલેટેડ/રજીસ્ટર્ડ કતલખાના**

૩૪૫૧૦ **શ્રી કાળાભાઇ ડાભી**(કપડવંજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદ અને સુરત જિલ્લામાં જિલ્લાવાર કેટલા રેગ્યુલેટેડ/રજિસ્ટર્ડ કતલખાનાઓ છે,

(૧) અમદાવાદ જિલ્લો - ૦૧ (એક)
સુરત જિલ્લો - ૦૨ (બે)

(૨) ઉક્ત સ્થિતિએ કતલ માટે કતલખાનાવાર કેટલો ક્વોટા માન્ય કરેલ છે,

(૨) કતલ માટે કતલખાનાવાર અઠવાડિક ક્વોટા (ભેંસ/પાડા)

| **અમદાવાદ** | **સુરત** | |
|---|---|---|
| | **સલાબતપુરા** | **રાંદેર** |
| ૨૧૨ | ૧૦૦ | ૦૧ |

(૩) ઉક્ત ક્વોટા ક્યારથી અમલમાં છે અને તેમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવેલ છે, અને

(૩) તા.૧૬-૧૧-૨૦૦૫થી અમલમાં છે અને આજદિન સુધી તેમાં કોઇ વધારો કરવામાં આવેલ નથી.

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત કતલખાનાવાર કેટલા પશુઓની કતલ કરવામાં આવી?

(૪)

| **વર્ષ** | **અમદાવાદ** | **સુરત** | | **કુલ** |
|---|---|---|---|---|
| | | **સલાબતપુરા** | **રાંદેર** | |
| ૨૦૧૯ | ૪૩૫૬૬ | ૧૭૨૬ | ૦ | ૪૫૨૯૨ |
| ૨૦૨૦ | ૧૯૪૯૮ | ૪૩૪ | ૦ | ૧૯૯૩૨ |

---------

**રાજ્યમાં મહિલાઓની સુરક્ષા માટે ૧૮૧ ‘‘અભયમ’’ ની સુવિધા**

૩૭૪૧૦ **શ્રી જીતેન્દ્ર સુખડીઆ** (સયાજીગંજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં મહિલાઓની સુરક્ષા માટે ડાયલ ૧૮૧ ‘‘અભયમ’’ ની વ્યવસ્થા કરવામાં આવી છે તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત શહેર અને વડોદરા શહેરમાં કેટલા નાગરિકોએ ઉક્ત સેવાનો લાભ લીધો છે?

(૨) ૭૨૮૦

---------

**રાજકોટ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન-રહેણાકના મકાનો**

૩૭૩૯૯ **શ્રી વિનોદભાઇ મોરડીયા**(કતારગામ) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન-રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને

(૧) કુલ-૦૨

(૨) ઉક્ત સ્થિતિએ આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

(૨) કુલ-૦૨ મકાનોનું રૂ. ૬૪૨.૩૯ લાખના ખર્ચે બાંધકામ હાથ ધરેલ છે. જે હાલમાં વિવિધ તબક્કે પ્રગતિમાં છે.

---------

**રાજ્યમાં મહિલાઓની સુરક્ષા માટે ૧૮૧ ‘‘અભયમ’’ ની સુવિધા**

૩૭૪૧૧ **શ્રીમતી મનિષાબેન વકીલ**(વડોદરા શહેર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં મહિલાઓની સુરક્ષા માટે ડાયલ ૧૮૧ ''અભયમ'' ની વ્યવસ્થા કરવામાં આવી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત શહેર અને વડોદરા શહેરમાં કેટલા નાગરિકોએ ઉક્ત સેવાનો લાભ લીધો છે? | (૨) ૭૨૮૦ |

---------

**રાજ્યમાં બ્રેથ એનેલાઇઝર મશીનની ઉપલબ્ધતા**

૩૪૪૧૨ **શ્રી શીવાભાઇ ભુરીયા**(દિયોદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં દારુનું સેવન કરીને વાહન ચલાવતાં લોકોને શોધી કાઢવા કેટલા બ્રેથ એનેલાઇઝર મશીનો ઉપલબ્ધ છે, | (૧) ૩૪૮૬ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા મશીનો કઇ એજન્સી પાસેથી ખરીદવામાં આવ્યા, અને | (૨) ૫૮ નંગ બ્રેથ એનેલાઇઝર મશીનો M/s. Experio Tech Pvt. Ltd., New Delhi પાસેથી ખરીદવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત મશીનોના નિભાવ અને જાળવણી ખર્ચ પેટે છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૩) કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી. |

---------

**સુરેન્દ્રનગર શહેરમાં સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ**

૩૫૮૦૦ **શ્રી ધનજીભાઇ પટેલ**(વઢવાણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ અમૃત યોજના અંતર્ગત સુરેન્દ્રનગર શહેરના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP)ના કામને કેટલી રકમ માટે મંજૂરી આપવામાં આવેલ છે, | (૧) અમૃત યોજના અંતર્ગત સુરેન્દ્રનગર શહેરમાં સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP)ના કામને રૂ.૩૮.૧૭ કરોડની મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ મંજૂર થયેલ યોજનાના કામો કયા તબક્કે છે, અને | (૨) અને (૩) કામગીરી પૂર્ણ થયેલ છે. |
| (૩) યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા માટેનું શું આયોજન છે? | |

---------

**દાહોદ અને પંચમહાલ જિલ્લામાં ઘન કચરા તથા વ્યવસ્થાપનની કામગીરી**

૩૪૫૧૬ **શ્રી ભાવેશભાઇ કટારા** (ઝાલોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઘન કચરા નિકાલ વ્યવસ્થાપન નિયમ-૨૦૧૬ અંતર્ગત દર ત્રણ માસે એક વખત કલેક્ટર દ્વારા નગરપાલિકા તરફથી થતા ઘન કચરા તથા વ્યવસ્થાપનની કામગીરીનું પુનરાવલોકન કરવાનું હોય છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ અને પંચમહાલ જિલ્લામાં આવેલ નગરપાલિકાવાર કલેક્ટરશ્રી દ્વારા કામગીરીનું પુનરાવલોકન કરવામાંઆવેલ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો ના, તો તેના કારણો શા છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

તા. ૧૭મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**મહેસાણા જિલ્લામાં નવીન પોલીસ સ્ટેશન બનાવવાની કામગીરી**

૩૪૪૨૧ **શ્રી ભરતજી ઠાકોર**(બેચરાજી) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી (**રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં જોટાણા ખાતે નવીન પોલીસ સ્ટેશન બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત કાર્યવાહી ક્યાં સુધી કેટલા ખર્ચે પૂર્ણ કરી નવીન પોલીસ સ્ટેશન કાર્યરત કરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) જોટાણા ખાતે પોલીસ સ્ટેશન મંજૂર થયેલ ન હોઈ નવીન પોલીસ સ્ટેશન બનાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––––

**આણંદ જિલ્લામાં માઈક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઇઝ એકમોની મંજૂર અરજીઓ**

૩૫૭૯૧ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત કેપીટલ સહાય યોજના હેઠળ આણંદ જિલ્લામાં MSME (માઇક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઇઝસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) ૧૦૪ અરજીઓ

(૨) ૯૧ એકમોને
રૂ. ૮૯૬.૦૧ લાખની સહાય

–––––––––

**ભરૂચ જિલ્લા જેલમાં કેદીઓને સલાહ અને સહાય**

૩૭૪૩૯ **શ્રી અરૂણસિંહ રણા**(વાગરા) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યના કેદીઓને કાયદાકીય સલાહ અને સહાય આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લા જેલના કેટલા કેદીઓને કાનૂની સલાહ અને સહાય આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| કાનૂની સલાહ | કાનૂની સહાય |
|---|---|
| ૧૧૬૫ | ૨૨૨ |

–––––––––

**પાટણ જિલ્લામાં રેતી અને કંકર પેટે વસૂલ કરેલ રોયલ્ટી**

૩૭૫૨૨ **શ્રી કીરીટકુમાર પટેલ**(પાટણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ પાટણ જિલ્લામાં સને ૨૦૧૮–૧૯ અને ૨૦૧૯–૨૦ના વર્ષમાં રેતી અને કંકર પેટે સરકારે વસૂલ કરેલ રોયલ્ટીમાંથી હિસ્સા પેટેની કેટલી રકમ ચૂકવવાની થતી હતી,

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાને કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ પાટણ જિલ્લામાં સને ૨૦૧૮–૧૯ અને ૨૦૧૯–૨૦ના વર્ષમાં રેતી અને કંકર પેટે સરકારે વસૂલ કરેલ રોયલ્ટીમાંથી હિસ્સા પેટે નીચે મુજબની રકમ ચૂકવવાની થતી હતી.

| ક્રમ | વર્ષ | રકમ રૂ. લાખમાં |
|---|---|---|
| ૧. | ૨૦૧૮–૨૦૧૯ | ૪૩૦.૧૬ |
| ૨. | ૨૦૧૯–૨૦૨૦ | ૩૧૪.૪૪ |
| | **કુલ** | **૭૪૪.૬૦** |

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાને તા.૧૩–૦૩–૨૦૨૦ તથા તા.૦૮–૧૨–૨૦૨૦થી નીચે મુજબ રકમ ચૂકવવામાં આવેલ છે.

| ક્રમ | ગ્રાન્ટ ફાળવણી વર્ષ | રકમ રૂ. લાખમાં |
|---|---|---|
| ૧. | ૨૦૧૯–૨૦૨૦ | ૪૩૦.૧૬ |

| | | |
|---|---|---|
| ૨. | ૨૦૨૦-૨૦૨૧ | ૩૧૪.૪૪ |
| | **કુલ** | **૭૪૪.૬૦** |

(૩) બાકીની રકમ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ખેડા જિલ્લામાં માઈક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝસ એકમોની મંજૂર અરજીઓ**

૩૭૫૦૮ **શ્રી બલરામ થાવાણી**(નરોડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત કેપીટલ સહાય યોજના હેઠળ ખેડા જિલ્લામાં MSME (માઈક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૧) ૧૨૩ અરજીઓ.

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૨) ૬૬ એકમોને
રૂ.૭૯૫.૨૭ લાખની સહાય.

---------

**ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં લીઝની એન.ઓ.સી. બાબત**

૩૪૪૩૫ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં જિલ્લાવાર કયા પ્રકારની લીઝ આવેલી છે,

(૧)

| **ખનિજ** | **લીઝની સંખ્યા** | |
|---|---|---|
| | **ગાંધીનગર** | **અમદાવાદ** |
| મુખ્ય ખનિજ | શૂન્ય | શૂન્ય |
| ગૌણ ખનિજ | ૧૫૦ | ૬૯ |

(૨) ઉક્ત જિલ્લાવાર કેટલા લીઝધારકો પર્યાવરણની એનઓસી ધરાવે છે અને કેટલા લીઝધારકો એનઓસી ધરાવતા નથી, અને

(૨)

| **ખનિજ** | **ગાંધીનગર** | | **અમદાવાદ** | |
|---|---|---|---|---|
| | **એન.ઓ.સી. મેળવેલ લીઝોની સંખ્યા** | **એન.ઓ.સી. ન મેળવેલ લીઝોની સંખ્યા** | **એન.ઓ.સી. મેળવેલ લીઝોની સંખ્યા** | **એન.ઓ.સી. ન મેળવેલ લીઝોની સંખ્યા** |
| મુખ્ય ખનિજ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | |
| ગૌણ ખનિજ | ૧૪૪ | ૦૬ | ૬૯ | શૂન્ય |
| **કુલ** | **૧૪૪** | **૦૬** | **૬૯** | **શૂન્ય** |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત એનઓસી ન ધરાવતા હોય તેવી લીઝો બંધ કરવા શું કાર્યવાહી કરવામાં આવી?

(૩) **ગાંધીનગરઃ** ઉક્ત ૦૬ લીઝધારકોના ઈ.સી. ૨૦૧૯ માં રદ્દ થતા કુલ ૦૬ લીઝધારકોનું ઓનલાઈન એ.ટી.આર. એકાઉન્ટ લોક કરવામાં આવેલ છે. જે પૈકી ૦૫ લીઝધારકો દ્વારા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ (NGT), ન્યુ દિલ્હીમાં અપીલ દાખલ કરવામાં આવેલ જેના તા.૧૫-૦૧-૨૦૨૦ ના ઓર્ડર મુજબ ઉક્ત ૦૫ લીઝધારકો સામે આગળની સુનાવણી સુધી કોઈ પગલા/કાર્યવાહી ન કરવા ઓર્ડર કરવામાં આવેલ જે મુજબ ઉક્ત ૦૫ લીઝધારકોના એ.ટી.આર. એકાઉન્ટ ચાલુ કરવામાં આવેલ. ત્યારબાદ નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ (NGT)ની તા.૩૦-૦૯-૨૦૨૦ ના સુનાવણીના ઓર્ડર મુજબ સદર અપીલ કેસ SEIAAને રિમાન્ડ કરવામાં આવેલ. સદર લીઝધારકોને ઈ.સી. રજૂ કરવા નોટિસ પાઠવવામાં આવેલ છે.

**અમદાવાદઃ** પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તા. ૧૭મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**પાટણ જિલ્લામાં માઈક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝ એકમોની મંજૂર અરજીઓ**

૩૭૪૮૭ **શ્રી વલ્લભભાઈ કાકડીયા**(ઠક્કરબાપાનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત કેપીટલ સહાય યોજના હેઠળ પાટણ જિલ્લામાં MSME (માઈક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૫૨ અરજીઓ. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૩૫ એકમોને રૂ.૩૮૧.૩૧ લાખની સહાય. |

---------

**લાજપોર મધ્યસ્થ જેલમાં કેદીઓને સલાહ અને સહાય**

૩૭૪૪૨ **શ્રીમતી સંગીતાબેન પાટીલ**(લીંબાયત) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યના કેદીઓને કાયદાકીય સલાહ અને સહાય આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અનો | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લાજપોર મધ્યસ્થ જેલના કેટલા કેદીઓને કાનૂની સલાહ અને સહાય આપવામાં આવેલ છે ? | (૨) |

| કાનૂની સલાહ | કાનૂની સહાય |
|---|---|
| ૧૫૮૮૯ | ૧૪૦૪ |

---------

**રાજ્યમાં મહિલાઓની સુરક્ષા માટે ૧૮૧ ''અભયમ'' ની સુવિધા**

૩૭૪૦૯ **ડો. આશાબેન પટેલ**(ઊંઝા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં મહિલાઓની સુરક્ષા માટે ડાયલ ૧૮૧ "અભયમ" ની વ્યવસ્થા કરવામાં આવી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને વડોદરા શહેરમાં કેટલા નાગરિકોએ ઉક્ત સેવાનો લાભ લીધો છે? | (૨) ૫૮૨૪૯ |

---------

**રાજ્યમાં એલ.પી.જી. ટર્મિનલ વિકસાવવાની કામગીરી**

૩૫૮૪૯ **શ્રી મુકેશભાઈ પટેલ** (ઓલપાડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ એલ.પી.જી. કાર્ગો વહન કરવા માટે ક્યા બંદરો ઉપર સુવિધા ઉપલબ્ધ છે, અને | (૧) ૧. મુંદ્રા<br>૨. પીપાવાવ<br>૩. દહેજ<br>૪. પોરબંદર<br>૫. સિક્કા |
| (૨) નવા એલ.પી.જી. ટર્મિનલ વિકસાવવાનું શું આયોજન છે? | (૨) (અ) ઓખા ખાતે નવું એલ.પી.જી. ટર્મિનલ સ્થાપવા માટે મંજૂરી આપવામાં આવેલ છે.<br>(બ) છારા ખાતે નવું એલ.પી.જી. ટર્મિનલ સ્થાપવા અંગેની દરખાસ્ત મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે. |

---------

**ગૃહ રક્ષક દળના જવાનો માટે વેલ્ફેર ફંડની રચના**

૩૭૪૭૯ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ગૃહ રક્ષક દળના જવાનો માટે વેલ્ફેર ફંડની રચના કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૧) હા

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગૃહ રક્ષક દળ વેલ્ફેર ફંડમાં સરકાર તરફથી કેટલી રકમ ફાળવવામાં આવી?

(૨) ૧૭૬.૭૯ (લાખ)

---------

**અમરેલી જિલ્લામાં કાર્યરત સિંચાઈ યોજના**

૩૪૪૯૧ **શ્રી અંબરીષભાઇ ડેર**(રાજુલા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં જાફરાબાદ, રાજુલા અને ખાંભા તાલુકામાં કેટલી સિંચાઈ યોજના આવેલી છે,

(૧)

| **જિલ્લો** | **સિંચાઈ યોજનાની સંખ્યા** |
|---|---|
| જાફરાબાદ | ૧ |
| રાજુલા | ૩ |
| ખાંભા | ૮ |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી સિંચાઈ યોજનાઓ ક્યારથી કાર્યરત છે,

(૨)

| **અ.નં.** | **જિલ્લો** | **સિંચાઈ યોજનાનું નામ** | **યોજના કાર્યરત થયાનું વર્ષ** |
|---|---|---|---|
| ૧ | જાફરાબાદ | એભલવડ | ૧૯૭૫ |
| ૨ | રાજુલા | ધાતરવાડી-૧ | ૧૯૭૫ |
| ૩ | રાજુલા | ઝોલાપુરી | ૧૯૫૦ |
| ૪ | ખાંભા | ધાતરવાડી-૨ | ૨૦૦૨ |
| ૫ | ખાંભા | રાયડી | ૧૯૮૮ |
| ૬ | ખાંભા | કંટાળા | ૧૯૭૬ |
| ૭ | ખાંભા | મોભનેસ | ૧૯૭૬ |
| ૮ | ખાંભા | કોડીયા | ૧૯૮૧ |
| ૯ | ખાંભા | સરાકડીયા | ૧૯૮૧ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી યોજનાઓ કેટલા સમયથી કયા કારણોસર બંધ છે, અને

(૩) ત્રણ નાની સિંચાઈ યોજનામાં પાણી ભરાય છે અને ભૂગર્ભ જળ રીચાર્જ થાય છે. સંગ્રહશક્તિ ખૂબ જ ઓછી છે અને પાણી માટે ખેડૂતોની માંગણી આવતી ન હોઈ કેનાલ સીસ્ટમ બંધ છે.

(૪) ઉક્ત બંધ યોજનાઓ ક્યા સુધીમાં ચાલુ કરવામાં આવશે?

(૪) ઉપરોક્ત કારણોસર યોજના ચાલુ કરવાનું કોઈ આયોજન નથી.

---------

**દાહોદ અને મહીસાગર જિલ્લામાં માસ્ક પહેરવાના નિયમનો ભંગ**

૩૪૫૧૯ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ અને મહીસાગર જિલ્લામાં જિલ્લાવાર પોલીસ દ્વારા માસ્ક પહેરવાના નિયમનો ભંગ કરનાર કેટલા વ્યક્તિઓ પાસેથી કેટલી રકમનો દંડ વસૂલવામાં આવ્યો, અને

(૧)

| **જિલ્લો** | **વ્યક્તિ** | **દંડની રકમ** |
|---|---|---|
| દાહોદ | ૧૮૨૪૧ | રૂ.૮૦,૮૫,૫૦૦/- |
| મહીસાગર | ૨૩૨૮૫ | રૂ.૯૨,૦૨,૨૦૦/- |

(૨) ઉક્ત જિલ્લાવાર સ્થળ પર દંડ ન ભરનાર કેટલા વ્યક્તિઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી?

(૨) દાહોદ જિલ્લામાં 'શૂન્ય' વ્યક્તિ, મહીસાગર જિલ્લામાં 'શૂન્ય' વ્યક્તિ હોઈ, કાયદેસરની કાર્યવાહીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પાટણ અને મહેસાણા જિલ્લામાં ઘન કચરા તથા વ્યવસ્થાપનની કામગીરી**

૩૪૪૧૭ **શ્રી રઘુભાઇ દેસાઇ**(રાધનપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઘન કચરા નિકાલ વ્યવસ્થાપન નિયમ–૨૦૧૬ અંતર્ગત દર ત્રણ માસે એક વખત કલેક્ટર દ્વારા નગરપાલિકા તરફથી થતા ઘન કચરા તથા વ્યવસ્થાપનની કામગીરીનું પુનરાવલોકન કરવાનું હોય છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ અને મહેસાણા જિલ્લામાં આવેલ નગરપાલિકાવાર કલેક્ટરશ્રી દ્વારા કામગીરીનું પુનરાવલોકન કરવામાં આવેલ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો ના, તો તેના કારણો શા છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**પાટણ જિલ્લામાં માઇક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઇઝસ એકમોની મંજૂર અરજીઓ**

૩૭૪૮૬ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર**(પ્રાંતિજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત કેપીટલ સહાય યોજના હેઠળ પાટણ જિલ્લામાં MSME (માઇક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઇઝસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૫૨ અરજીઓ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૨) ૩૫ એકમોને રૂ. ૩૮૧.૩૧ લાખની સહાય |

---------

**તાપી અને સુરત જિલ્લામાં ઘન કચરા તથા વ્યવસ્થાપનની કામગીરી**

૩૪૫૪૫ **શ્રી સુનિલભાઇ ગામીત**(નિઝર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઘન કચરા નિકાલ વ્યવસ્થાપન નિયમ–૨૦૧૬ અંતર્ગત દર ત્રણ માસે એક વખત કલેક્ટર દ્વારા નગરપાલિકા તરફથી થતા ઘન કચરા તથા વ્યવસ્થાપનની કામગીરીનું પુનરાવલોકન કરવાનું હોય છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી અને સુરત જિલ્લામાં આવેલ નગરપાલિકાવાર કલેક્ટરશ્રી દ્વારા કામગીરીનું પુનરાવલોકન કરવામાં આવેલ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો ના, તો તેના કારણો શા છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં માઇક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઇઝસ એકમોની મંજૂર અરજીઓ**

૩૭૪૮૮ **શ્રી કિશોર ચૌહાણ**(વેજલપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત કેપીટલ સહાય યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં MSME (માઇક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઇઝસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૨૮ અરજીઓ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૨) ૧૪૭ એકમોને રૂ. ૧૭૮૧.૮૪ લાખની સહાય |

---------

અતારાંકિત પ્રશ્નો

**રાજ્યમાં કમાન્ડોને ખલાલ (જિ.ખેડા) ખાતે આપેલ તાલીમ**

૩૭૪૦૪ **શ્રી જિગ્નેશકુમાર સેવક**(લુણાવાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના કમાન્ડો તાલીમ કેન્દ્ર, ખલાલ (જિલ્લો ખેડા) ખાતે ક્યા પ્રકારની તાલીમ આપવામાં આવી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા અધિકારી/કર્મચારીઓએ તાલીમ લીધી?

**જવાબ**

(૧) નીચે મુજબની તાલીમ આપવામાં આવી છે.

(૧) બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ રીફ્રેશર તાલીમ

(૨) બી.ડી.ડી.એસ. (બોમ્બ ડીટેક્શન એન્ડ ડીસ્પોઝલ સ્કવોડ) બેઝીક તાલીમ (પોલીસ કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ, આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર અને પોલીસ સબ ઈન્સ્પેક્ટર માટે)

(૩) હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટરની રીફ્રેશર તાલીમ

(૪) હથિયારી હેડ કોન્સ્ટેબલ/આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર રીફ્રેશર તાલીમ

(૫) બિન હથિયારી મહિલા લોકરક્ષકની બેઝીક તાલીમ

(૨) ૧૯૨૯

---------

**ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં લીઝની એન.ઓ.સી. બાબત**

૩૪૪૮૩ **શ્રી ભગાભાઇ બારડ** (તાલાલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર કયા પ્રકારની કેટલી લીઝ આવેલી છે,

(૨) ઉક્ત જિલ્લાવાર કેટલા લીઝધારકો પર્યાવરણની એનઓસી ધરાવે છે અને કેટલા લીઝધારકો એનઓસી ધરાવતા નથી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત એનઓસી ન ધરાવતા હોય તેવી લીઝો બંધ કરવા શું કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧)

| **ખનિજ** | **લીઝની સંખ્યા** | |
|---|---|---|
| | **ગીર સોમનાથ** | **જૂનાગઢ** |
| મુખ્ય ખનિજ | ૭૦ | ૧૬ |
| ગૌણ ખનિજ | ૨૩૨ | ૨૭૭ |

(૨)

| **ખનિજ** | **ગીર સોમનાથ** | | **જૂનાગઢ** | |
|---|---|---|---|---|
| | **એન.ઓ.સી. મેળવેલ લીઝોની સંખ્યા** | **એન.ઓ.સી. ન મેળવેલ લીઝોની સંખ્યા** | **એન.ઓ.સી. મેળવેલ લીઝોની સંખ્યા** | **એન.ઓ.સી. ન મેળવેલ લીઝોની સંખ્યા** |
| મુખ્ય ખનિજ | ૩૫ | ૩૫ | ૯ | ૭ |
| ગૌણ ખનિજ | ૧૮૮ | ૪૪ | ૨૭૪ | ૩ |

(૩) **ગીર સોમનાથઃ** ઉક્ત સ્થિતિએ એન.ઓ.સી. ન ધરાવતા હોય તેવા લીઝધારકોના ઓનલાઇન વર્ચ્યુઅલ એકાઉન્ટ લોક કરવામાં આવેલ છે. તેમજ લીઝધારકોને ઇસી મેળવી લેવા માટે નોટિસ આપવામાં આવેલ છે.

**જૂનાગઢઃ** એન.ઓ.સી. (EC) ન ધરાવતા ૧૦ લીઝધારકોની લીઝોના વર્ચ્યુઅલ એકાઉન્ટ બંધ કરવામાં આવેલ છે.

**એફ.એસ.એલ. દ્વારા સાયકોલોજીકલ પરિક્ષણોને આધારે ગુનાઓના ઉકેલ**

૩૭૪૬૮ **શ્રી ઋષિકેશ પટેલ**(વિસનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં એફ.એસ.એલ. દ્વારા સાયકોલોજીકલ પરિક્ષણોને આધારે ગુનાઓનો ઉકેલ લાવવા માટેની ટેકનોલોજી ઉપલબ્ધ છે તે

**જવાબ**

(૧) હા, જી

હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્તસ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત પદ્ધતિથી એફ.એસ.એલ. દ્વારા કેટલા કેસોનો ઉકેલ લાવવામાં આવેલ છે?

(૨) ૫૨૧

---------

**વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં ઘન કચરા તથા વ્યવસ્થાપનની કામગીરી**

૩૪૫૩૦ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ઘન કચરા નિકાલ વ્યવસ્થાપન નિયમ–૨૦૧૬ અંતર્ગત દર ત્રણ માસે એક વખત કલેક્ટર દ્વારા નગરપાલિકા તરફથી થતા ઘન કચરા તથા વ્યવસ્થાપનની કામગીરીનું પુનરાવલોકન કરવાનું હોય છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં આવેલ નગરપાલિકાવાર કલેક્ટરશ્રી દ્વારા કામગીરીનું પુનરાવલોકન કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) જો ના, તો તેના કારણો શા છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**તાપી અને વલસાડ જિલ્લામાં માસ્ક પહેરવાના નિયમનો ભંગ**

૩૪૫૪૨ **શ્રી પુનાભાઈ ગામીત**(વ્યારા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર પોલીસ દ્વારા માસ્ક પહેરવાના નિયમનો ભંગ કરનાર કેટલા વ્યક્તિઓ પાસેથી કેટલી રકમનો દંડ વસૂલવામાં આવ્યો, અને

(૧)

| **જિલ્લો** | **વ્યક્તિ** | **દંડની રકમ** |
|---|---|---|
| તાપી | ૧૨૧૫૪ | રૂ.૯૩,૬૮,૫૦૦/– |
| વલસાડ | ૬૧૯૯૭ | રૂ.૨,૨૮,૨૫,૪૦૦/– |

(૨) ઉક્ત જિલ્લાવાર સ્થળ પર દંડ ન ભરનાર કેટલા વ્યક્તિઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી?

(૨) તાપી જિલ્લો 'શૂન્ય' વ્યક્તિ, વલસાડ જિલ્લો 'શૂન્ય' વ્યક્તિ આથી, કાયદેસરની કાર્યવાહીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અરવલ્લી જિલ્લામાં ખનિજ ચોરીના બનાવો**

૩૪૪૨૫ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર**(મોડાસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર ખનિજ ચોરીના કેટલા બનાવો નોંધાયા,

(૧)

| **વર્ષ** / **તાલુકો** | **તા. ૦૧–૦૨–૨૦૧૯ થી તા. ૩૧–૦૧–૨૦૨૦** | **તા. ૦૧–૦૨–૨૦૨૦ થી તા. ૩૧–૦૧–૨૦૨૧** | **કુલ** |
|---|---|---|---|
| મોડાસા | ૪૪ | ૨૬ | ૭૦ |
| ધનસુરા | ૧૧ | ૦૭ | ૧૮ |
| માલપુર | ૦૪ | ૦૬ | ૧૦ |
| બાયડ | ૦૯ | ૧૦ | ૧૯ |
| ભિલોડા | ૨૪ | ૧૭ | ૪૧ |
| મેઘરજ | ૦૪ | ૦૪ | ૦૮ |
| **કુલ** | **૯૬** | **૭૦** | **૧૬૬** |

(૨) ઉક્ત કિસ્સાઓમાં ઉક્ત સ્થિતિએ વર્ષવાર ક્યા પ્રકારના ખનિજનો કેટલી કિંમતનો જથ્થો પકડાયો, અને

(૨)

| **વર્ષ** | **તા. ૦૧–૦૨–૨૦૧૯ થી તા. ૩૧–૦૧–૨૦૨૦** | **તા. ૦૧–૦૨–૨૦૨૦ થી તા. ૩૧–૦૧–૨૦૨૧** | **કુલ** |
|---|---|---|---|
| **ખનિજ** | **કિંમત (રૂ. લાખમાં)** | **કિંમત (રૂ. લાખમાં)** | |
| સાદી રેતી | ૭૩.૬૭ | ૬૦.૨૩ | ૧૩૩.૯૦ |

| | | | |
|---|---|---|---|
| સાદી માટી | ૩.૬૫ | ૨૦.૫૫ | ૨૪.૨૦ |
| મુરમ | ૨.૫૭ | શૂન્ય | ૨.૫૭ |
| બ્લેકટ્રેપ | ૧૩.૧૯ | ૪.૧૦ | ૧૭.૨૯ |
| કવાટર્ઝ | ૦.૩૫ | શૂન્ય | ૦.૩૫ |
| કવાટર્ઝાઇટ | ૧૬.૯૦ | ૬.૯૫ | ૨૩.૮૫ |
| ગ્રેવલ | ૨.૮૦ | ૩.૮૨ | ૬.૬૨ |
| **કુલ** | **૧૧૩.૧૩** | **૯૫.૬૫** | **૨૦૮.૭૮** |

(૩) ઉક્ત કિસ્સાઓમાં ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા ઇસમો સામે શું કાર્યવાહી કરી?

(૩)

| વર્ષ | કસુરદાર ઇસમોની સંખ્યા | કરેલ કાર્યવાહીની વિગત | |
|---|---|---|---|
| | | દંડકીય વસૂલાત | નોટીસ |
| **તા. ૦૧-૦૨-૨૦૧૯ થી તા. ૩૧-૦૧-૨૦૨૦** | ૯૪ | ૮૦ ઇસમો પાસેથી રૂ. ૯૧.૪૨ લાખની વસૂલાત કરવામાં આવેલ છે. | ૧૪ ઇસમોના સ્ટોક રજીસ્ટ્રેશનના ઓનલાઇન ATR કોડ બંધ કરવામાં આવેલ છે અને રૂ. ૨૧.૭૧ લાખની દંડકીય રકમ વસૂલવા નોટીસ આપવાની બાબત કાર્યવાહી હેઠળ છે. |
| **તા. ૦૧-૦૨-૨૦૨૦ થી તા. ૩૧-૦૧-૨૦૨૧** | ૭૦ | ૭૦ ઇસમો પાસેથી રૂ. ૯૫.૬૫ લાખની વસૂલાત કરવામાં | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમરેલી જિલ્લામાં રેતી અને કંકર પેટે વસૂલ કરેલ રોયલ્ટી**

૩૭૫૨૪ **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં સને ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ના વર્ષમાં રેતી અને કંકર પેટે સરકારે વસૂલ કરેલ રોયલ્ટીમાંથી હિસ્સા પેટેની કેટલી રકમ ચૂકવવાની થતી હતી,

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં સને ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ના વર્ષમાં રેતી અને કંકર પેટે સરકારે વસૂલ કરેલ રોયલ્ટીમાંથી હિસ્સા પેટે નીચે મુજબની રકમ ચૂકવવાની થતી હતી.

| ક્રમ | વર્ષ | રકમ રૂ. લાખમાં |
|---|---|---|
| ૧ | ૨૦૧૮-૧૯ | ૧૦૪.૧૧ |
| ૨ | ૨૦૧૯-૨૦ | ૬૬.૫૪ |
| | **કુલ** | **૧૭૦.૬૫** |

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાને કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાને તા.૦૩-૧૨-૨૦૧૯ તથા તા.૦૮-૧૨-૨૦૨૦થી નીચે મુજબ રકમ ચૂકવવામાં આવેલ છે.

| ક્રમ | ગ્રાન્ટ ફાળવણી વર્ષ | રકમ રૂ. લાખમાં |
|---|---|---|
| ૧ | ૨૦૧૯-૨૦ | ૧૦૪.૧૧ |
| ૨ | ૨૦૨૦-૨૧ | ૬૬.૫૪ |
| | **કુલ** | **૧૭૦.૬૫** |

(૩) બાકીની રકમ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**એફ.એસ.એલ. દ્વારા બ્રેઇન ઇલેક્ટ્રીકલ ઓસીલેશન સીગ્નેચર પ્રોફાઇલીંગ પધ્ધતિથી કેસોનું પૃથ્થકરણ**

૩૭૪૬૫ **શ્રી પ્રદિપભાઈ પરમાર**(અસારવા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં

(૧) હા, જી.

એફ.એસ.એલ. દ્વારા બ્રેઇન ઇલેક્ટ્રીકલ ઓસીલેશન સીગ્નેચર પ્રોફાઈલીંગ પદ્ધતિથી કેસો/નમુનાઓનું પૃથ્થકરણ કરવામાં આવે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત પદ્ધતિથી એફ.એસ.એલ. દ્વારા કેટલા કેસો/નમુનાઓનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે?

(૨) કુલ–૩૯ કેસોમાં ૬૯ વ્યક્તિઓનું

---------

**નર્મદા અને ભરૂચ જિલ્લામાં નહેરોનું નવીનીકરણ**

૩૫૭૯૪ **શ્રી દુષ્યંતભાઈ પટેલ**(ભરૂચ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન નર્મદા અને ભરૂચ જિલ્લા સ્થિત કરજણ જળાશય યોજનાની નહેરોની નવીનીકરણ કરવા સંદર્ભે શી કામગીરી કરવામાં આવી, અને

**જવાબ**

(૧) **નર્મદા જિલ્લોઃ**

- કરજણ ડાબા કાંઠા મુખ્ય નહેરની સાંકળ ૦ થી ૨૧૧૫૦ મી.ના નવીનીકરણના રૂ. ૧૯૦૨.૦૦ લાખના કામો પૂર્ણ કરવામાં આવેલ છે.
- કરજણ જમણા કાંઠા મુખ્ય નહેરની સાંકળ ૦ થી ૧૨૬૦૦ મી.ના નવીનીકરણના રૂ. ૪૮૬.૩૨ લાખના કામો પ્રગતિમાં છે.
- કરજણ જમણા કાંઠા મુખ્ય નહેરમાંથી નીકળતી વિવિધ ૪ ડિસ્ટ્રીબ્યુટરીઓના નવીનીકરણના રૂ.૩૩૪૬.૯૧ લાખના કામો ટેન્ડર તબક્કે છે.
- કરજણ ડાબા કાંઠા મુખ્ય નહેરમાંથી નીકળતી બ્રાન્ચ અને ડિસ્ટ્રીબ્યુટરીઓના નવીનીકરણના રૂ.૧૨૮૬.૭૬ લાખના કામો તાંત્રિક મંજૂરીના તબક્કે છે.

**ભરૂચ જિલ્લોઃ**

- કરજણ ડાબા કાંઠા મુખ્ય નહેરની સાંકળ ૨૧૧૫૦ થી ૨૯૩૧૫ મી.નીનહેરોના નવીનીકરણની કામગીરી રૂ. ૮૯૦.૨૮ લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.
- કરજણ ડાબા કાંઠા મુખ્ય નહેરમાંથી નીકળતી ડિસ્ટ્રીબ્યુટરીના નવીનીકરણનીરૂ. ૨૩૯૩.૦૭ લાખની વહીવટી મંજૂરી મળેલ છે. જેની તાંત્રિક મંજૂરીની કાર્યવાહી પ્રગતિમાં છે.

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયેલ છે?

(૨) રૂ. ૨૭૨૮.૦૦ લાખ

---------

**મોરબી અને રાજકોટ જિલ્લામાં ઘન કચરા તથા વ્યવસ્થાપનની કામગીરી**

૩૪૪૫૮ **શ્રી લલીતભાઇ કગથરા**(ટંકારા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ઘન કચરા નિકાલ વ્યવસ્થાપન નિયમ–૨૦૧૬ અંતર્ગત દર ત્રણ માસે એક વખત કલેક્ટર દ્વારા નગરપાલિકા તરફથી થતા ઘન કચરા તથા વ્યવસ્થાપનની કામગીરીનું પુનરાવલોકન કરવાનું હોય છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી અને રાજકોટ જિલ્લામાં આવેલ નગરપાલિકાવાર કલેક્ટરશ્રી દ્વારા કામગીરીનું પુનરાવલોકન કરવામાંઆવેલ છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) હા, જી.

(૩) જો ના, તો તેના કારણો શા છે? (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં લીઝની એન.ઓ.સી. બાબત**

૩૪૪૫૫ **શ્રી ઋત્વિકભાઇ મકવાણા** (ચોટીલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર કયા પ્રકારની કેટલી લીઝ આવેલી છે,

(૧)

| **ખનિજ** | **લીઝની સંખ્યા** | |
|---|---|---|
| | **સુરેન્દ્રનગર** | **બોટાદ** |
| મુખ્ય ખનિજ | શૂન્ય | શૂન્ય |
| ગૌણ ખનિજ | ૩૮૮ | ૧૦૬ |

(૨) ઉક્ત જિલ્લાવાર કેટલા લીઝધારકો પર્યાવરણની એનઓસી ધરાવે છે અને કેટલા લીઝધારકો એનઓસી ધરાવતા નથી, અને

(૨)

| **ખનિજ** | **સુરેન્દ્રનગર** | | **બોટાદ** | |
|---|---|---|---|---|
| | **એન.ઓ.સી. મેળવેલ લીઝોની સંખ્યા** | **એન.ઓ.સી. ન મેળવેલ લીઝોની સંખ્યા** | **એન.ઓ.સી. મેળવેલ લીઝોની સંખ્યા** | **એન.ઓ.સી. ન મેળવેલ લીઝોની સંખ્યા** |
| મુખ્ય ખનિજ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | |
| ગૌણ ખનિજ | ૨૯૬ | ૯૨ | ૮૦ | ૨૬ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત એનઓસી ન ધરાવતા હોય તેવી લીઝો બંધ કરવા શું કાર્યવાહી કરવામાં આવી?

(૩) **સુરેન્દ્રનગરઃ** પર્યાવરણીય એન.ઓ. સી. ન ધરાવતા હોય તેવી લીઝોને નોટિસ આપવામાં આવેલ છે.

**બોટાદઃ** પર્યાવરણીય એન.ઓ. સી. ન ધરાવતા હોય તેવી લીઝોના ઓનલાઇન ATR બંધ કરેલ છે તથા નોટિસ પાઠવેલ છે.

---------

**આણંદ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન-રહેણાકના મકાનો**

૩૭૪૩૨ **શ્રી ગોવિંદભાઇ પરમાર**(ઉમરેઠ) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન-રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને

(૧) કુલ-૦૪

(૨) ઉક્ત સ્થિતિએ આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

(૨) રૂ. ૩૭૭.૬૪ લાખના ખર્ચે કુલ-૦૪ બિન-રહેણાક મકાનો બનાવવાનું બાંધકામ પ્રગતિમાં છે.

---------

**અરવલ્લી જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન-રહેણાકના મકાનો**

૩૭૪૨૮ **શ્રી હિતુ કનોડિયા** (ઇડર) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન-રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને

(૧) કુલ-૦૭

(૨) ઉક્ત સ્થિતિએ આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

(૨) રૂ. ૧૯૪૪.૪૮ લાખના ખર્ચે કુલ-૦૭ બિન-રહેણાક મકાનો બનાવવાનું બાંધકામ પ્રગતિમાં છે.

---------

**વાયબ્રન્ટ સમીટ ૨૦૧૯માં ઉભી થયેલ રોજગારી**

૩૪૪૪૬ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) સને ૨૦૧૯માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં સમિટવાર કુલ કેટલી રોજગારી ઉભી થવાનો અંદાજ હતો, અને

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ઉક્ત સમીટમાં અંદાજે સામે કેટલી રોજગારી ઉભી થઈ?

(૧) સને ૨૦૧૯માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં કુલ ૨૦,૯૦,૩૩૯ ની સૂચિત રોજગારી ઉભી થવાનો અંદાજ હતો.

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ઉત્પાદનમાં ગયેલ ૧૧૫૯૬ પ્રોજેક્ટસમાં ૧,૮૩,૪૮૭ ની રોજગારી ઉભી થઇ.

મોનિટરીંગ સિસ્ટમના ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન ફાઈલ કરનાર ઈન્વેસ્ટર દ્વારા રજૂ થતી માહિતીના આધારે રોજગારીની વિગતો નોડલ અધિકારી દ્વારા અપડેટ કરવામાં આવે છે અને જે તારીખે તે અપડેટ કરી હોય તે તારીખની વીગતો હોય છે. જેથી તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ જે ખરેખર રોજગારી તે સિસ્ટમમાં જોવા મળતું નથી. પરંતુ જે તારીખે માહિતી અપડેટ થયેલ હોય તે તારીખની વિગતો હોય છે. આથી કોઈ ચોક્કસ તારીખની સ્થિતિએ પ્રોજેક્ટોમાં જે રોજગારીની વિગતો ઉપલબ્ધ થતી નથી. સિસ્ટમમાં જે રોજગારીની વિગતો ઉપલબ્ધ હોય છે તેનાથી વધારે રોજગારી હોઈ શકે.

---------

**રાજ્યમાં ઝૂંપડપટ્ટી વિસ્તારના લોકોને પાકા મકાન આપવાનું આયોજન**

૩૭૭૯૧ **શ્રી જિગ્નેશકુમાર મેવાણી**(વડગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યના શહેરોમાં ઝૂંપડપટ્ટી વિસ્તારના રહેતા લોકોને પાકા મકાન આપવાનું કોઇ આયોજન છે, અને

(૨) જો હા,તો ક્યાં સુધી બધાને પાકા મકાનઆપવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) કેન્દ્ર પુરસ્કૃત પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ના ઇનસીટુ સ્લમ રીડેવલોપમેન્ટ (I.S.S.R.) ઘટક અંતર્ગત પ્રગતિ હેઠળના પ્રોજેક્ટમાં નિયમોનુસાર પાત્રતા ધરાવતા હશે તેવા લાભાર્થીઓને પાકા મકાન મળવાપાત્ર થશે.

---------

**એફ.એસ.એલ. દ્વારા ડીએનએ પધ્ધતિથી કેસોનું પૃથ્થકરણ**

૩૭૪૬૧ **શ્રી કિર્તીસિંહ વાઘેલા**(કાંકરેજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં એફ.એસ.એલ. દ્વારા ડીએનએ પધ્ધતિથી કેસોનું પૃથ્થકરણ કરવામાં આવે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એફ.એસ.એલ. દ્વારા ડીએનએ પધ્ધતિથી કેટલા કેસો/ નમૂનાઓનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કુલ-૨૭૫૭ કેસોના ૯૧૩૨ નમૂનાઓનું

---------

**નવસારી અને સુરત જિલ્લામાં કેનાલોના મરામત બાબત**

૩૪૫૪૮ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી અને સુરત જિલ્લામાં જિલ્લાવાર સિંચાઈ માટેની કેટલી કેનાલોના રીપેરીંગ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

**જવાબ**

(૧) રીપેરીંગ કરેલ કેનાલ તથા થયેલ ખર્ચ

| જિલ્લો | વર્ષ ૨૦૧૯ | | વર્ષ ૨૦૨૦ | |
|---|---|---|---|---|
| | કેનાલની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | કેનાલની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
| નવસારી | ૧ | ૩.૮૯ | ૮ | ૨૧.૦૫ |
| સુરત | ૨ | ૫.૫૪ | ૧૧ | ૯૬.૪૩ |

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલી કેનાલોનું રીપેરીંગ કામ બાકી છે, અને

(૨) રીપેરીંગ કામ બાકી હોય તેવી કેનાલોની વિગત

| જિલ્લો | કેનાલની સંખ્યા |
|---|---|
| નવસારી | ૨ |
| સુરત | ૨ |

(૩) ઉક્ત બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૩) કામો પ્રગતિ હેઠળ છે અને માહે માર્ચ-૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૪૭માં દેશ આઝાદ થયો, વર્ષ ૧૯૫૦માં ડો. બાબાસાહેબ આંબેડકરે જે બંધારણ ઘડેલું તેનો અમલ આ દેશમાં શરૂ થયો અને ત્યારથી જ અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિ માટે રાજકીય અને સામાજિક, શૈક્ષણિક અનામતની જોગવાઇના અનુસંધાનમાં આજે એક ધારાસભ્ય તરીકે આ વિધાનસભા ગૃહમાં મારા સમાજના પ્રશ્નો રજૂ કરી રહ્યો છું એ ડો. બાબાસાહેબ આંબેડકરને આધીન છે. વર્ષ ૨૦૧૦માં સુરેન્દ્રનગરજિલ્લામાં આ દેશના વડાપ્રધાન અને તે વખતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ દેશના પવિત્ર બંધારણ ગ્રંથની હાથીની અંબાડી ઉપર સંવિધાન યાત્રા કાઢી હતી. સંવિધાન યાત્રા કાઢ્યા પછી પણ બંધારણમાં રહેલી જોગવાઈઓના અનુસંધાનમાં આ ગુજરાત રાજ્યની અંદર આજે પણ હુમલા, હત્યા, ખૂન, બળાત્કાર, અપહરણ, આભડછેટના અસંખ્ય બનાવો બને છે અને અસંખ્ય બનાવના કારણે માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા કાઢેલી સંવિધાન યાત્રાની સામે પણ પ્રશ્ન ઉભો થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એક એવું રાજ્ય છે કે જે રાજ્યના જિલ્લા અને શહેરોમાં મોટા ભાગના અનુસૂચિત જાતિના, એસ.સી. સમાજના લોકોનીવસતિ છે અને આજે પણ આ સભાગૃહમાં ૭૨–૭૨ વર્ષ થયા પછી પણ આ રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીની સરકારમાં એસ.સી. સમાજ ઉપર થઇ રહેલી આભડછેટની ઘટનાઓ કે પીવાના પાણી માટે તેમના કૂવા જુદા, તેમના સ્મશાનગૃહ જુદા, તે વાળ કપાવવા જાય તો વાળ કાપી આપવામાં ન આવે. કરિયાણાની દુકાનમાં તેના પર બાન મૂકવામાં આવે. લગ્ન પ્રસંગ હોય તો ડી.જે. ન વગાડી શકે. લગ્નનો વરઘોડો કાઢવો હોય તો પોલીસની મંજૂરી જોઇએ. સામૂહિક હિજરત થાય, જાતિય સતામણી થાય. આ દેશનો, આ રાજ્યનો નાગરિક ઘોડા ઉપર ન બેસી શકે. દાઢી–મૂછ તેણે કેવી રાખવી તે નક્કી ન કરી શકે. શું ગુજરાતનું આ મોડેલ આપણે દેશને આપવા માગીએ છીએ? ગુજરાતના ગામોમાં એસ.સી. સમાજ ઉપર આભડછેટના દૂષણની સમસ્યા ટાળવી હોય તો રાજ્ય સરકાર દ્વારા હાઇકોર્ટના નિવૃત્ત જજના વડપણ હેઠળ સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમ એટલે કે સીટની રચના કરવામાં આવે તો બંધારણની કલમ–૧૭ મુજબ આભડછેટ નાબૂદીનો કડક અમલ થઇ શકે એવું હું ચોક્કસ માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર પોતાને અડીખમ ગુજરાત કહે છે ત્યારે ભારતીય જનતા પાર્ટીની આ સરકારને કહેવા માગું છું કે અડીખમ ગુજરાતને આભડછેટમુક્ત ગુજરાત આપ ક્યારે બનાવશો? ત્યારે જડો. બાબા સાહેબ આંબેડકરનું સ્વપ્ન પૂરું થશે. આ રાજ્ય સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રીથી માંડીને દરેક મંત્રીશ્રી આ રાજ્યની સરકારને સંવેદનશીલ સરકાર કહે છે. હું સરકારને પ્રશ્ન પૂછું છું કે કયા પ્રકારની સંવેદનશીલતા? મેં જે આખું લિસ્ટ ગણાવ્યું તેને આધીન આજે પણ દલિત સમાજના પરિવારો જે યાતના ભોગવી રહ્યા છે તે યાતનાના પરિણામ સ્વરૂપ બંધારણમાં લખેલી જોગાઇઓના અનુસંધાનમાં આ રાજ્યમાં એસ.સી., એસ.ટી. નિવારણ અધિનિયમ–૧૯૯૫ રાજ્ય કક્ષાની તકેદારી મોનીટરરિંગ કમિટીની રચના કરવામાં આવી છે. એ અધિનિયમ ૧૯૮૯ મુજબ, એ ૧૯૯૫ મુજબ અને ૨૦૧૬ માં નિયમ–૧૬(૨) મુજબ રાજ્ય

કક્ષાની કમિટીની નિમણૂક કરવામાં આવી છે અને આ રાજય કક્ષાની કમિટીના ચેરમેન એ રાજયના મુખ્યમંત્રીશ્રી હોય છે. આ કમિટીનું શું કામ છે તો આ કમિટી દ્વારા રાજયમાં બનતા ખૂન, એમની મહાવ્યથાઓ, બળાત્કાર, આભડછેટના બનાવો, દલિત સમાજ ઉપર વીતેલી યાતનાઓ અને અનેક ગંભીર પ્રકારના ગુનાઓ કે જેની કમિટીની અંદર ચર્ચા કરવામાં આવે છે અને કમિટીમાં ચર્ચા થયા પછી નીચલી કમિટીમાં એની કામગીરી સોંપવામાં આવે છે અને ઝડપથી આ અન્યાયોદૂર થાય એ માટે સરકાર નિર્ણય લેતી હોય છે.નિયમ એવો છે કે આ કમિટીની મિટિંગ દર છ મહિને મળવી જોઇએ, આ સરકાર દલિત સમાજ ઉપર, એસ.સી. સમાજ ઉપર થતા અત્યાચાર માટે કેટલી સંવેદનશીલ છે એનું વરવું ઉદાહરણ એના પુરાવા સાથે આપવા તૈયાર છું.

માનનીય અધ્યક્ષશ્રી, દર છ મહિને મળતી આ કમિટીની મિટિંગ તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ જોઇએ તો છેલ્લા બે વર્ષમાં આ કમિટીની મિટિંગ ૧૯, જૂન ૨૦૧૯ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીના નેજા હેઠળ મળી હતી. સન ૨૦૨૦, ૨૦૨૧નો આ માર્ચ મહિનો ચાલે છે. આપણે આ સમજી શકીએ છીએ કે માનનીય મંત્રીશ્રીનું તો સમજી શકું છું પણ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી પણ જયારે આવી રાષ્ટ્રીય કક્ષાની, રાજય કક્ષાની મોનીટરિંગ કમિટી હોય તો એમાં દલિત સમાજના પ્રશ્નોનો હલ કરવાની વાત હોય એ કમિટીની મિટિંગ પણ મળતી નથી. માટે તમે દલિત સમાજ માટે, એસ.સી. સમાજ માટે કેટલા સંવેદનશીલ છો એનો પૂરાવો આ સરકારને આપું છું. એટ્રોસિટી એકટના રાજય સરકારમાં અનેક ગુનાઓ બને છે, અનેક ગુનાઓને આધીન કેસ પણ થતા હોય છે. નેશનલ ક્રાઇમ બ્યુરોના આધારે આપણે જોઇએ તો જે ક્રાઇમમાં અગ્રેસર ટ્રેસ થાય છે એ છત્તીસગઢમાં ૧૦.૪નું પ્રમાણ છે, ઝારખંડમાં ૧૬.૩નું પ્રમાણ છે. મહારાષ્ટ્રમાં ૧૬.૨નું પ્રમાણ છે. ઉત્તર પ્રદેશ જે મોટામાં મોટું રાજય છે ત્યાં ૨૮.૬નું પ્રમાણ છે અને સમગ્ર દેશનો રેશિયો જોઇએને, એનો રેટ જોઇએને તો ભારતનો રેટ ૨૨.૮ ટકા છે. આ સંવેદનશીલ, પ્રગતિશીલ, અડીખમ, સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ જે સૂત્રો આપેલા છે એ સરકારના કાન ખોલવા માગું છું કે ગુજરાતની અંદર દલિત ઉપર થતા અત્યાચારના એટ્રોસિટી એકટની બાબતમાં ગુજરાતની અંદર ૩૪.૮ ટકા રેશિયો છે અને આ સૌથી મોટામાં મોટો રેશિયો છે એ આ સરકાર માટે ગંભીર બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદર એક માંગ ઉભી છે કે, ડો.બાબાસાહેબ આંબેડકરનું રાષ્ટ્રીય નેતાઓની યાદીમાં નામ દાખલ થાય. મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઇ પટેલ, શ્રી જવાહરલાલ નહેરુ, દેશના વડાપ્રધાન, દેશના રાષ્ટ્રપતિ આ તમામના નામનો સમાવેશ છે. તા. ૨૮–૬–૧૯૯૬ના રોજ રાજય સરકાર દ્વારા આમાં સુધારો કરવામાં આવ્યો અને સુધારાના ભાગરૂપે બીજા બે–ત્રણ મહાનુભાવોના એની અંદર નામ ઉમેરવામાં આવ્યા એની સામે અમને વાંધો નથી. હું આ સરકારને વિનંતી કરું છું કે દરેકમાં ગુજરાત પ્રથમ હોય છે, દરેકમાં ગુજરાત પહેલ કરતું હોય છે ત્યારે ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી કચેરીઓમાં ડો. બાબાસાહેબ આંબેડકરનું તૈલી ચિત્ર મૂકવામાં આવે અને એની પહેલ ગુજરાત કરે એવી હું આજે સરકાર સમક્ષ માગણી કરું છું. એવી જ રીતે વર્ષોથી અમારી માગણી છે કે દલિતો ઉપર થતા અત્યાચારો, દલિતો ઉપર થતી હાડમારી, એને બચાવવા માટે, એના રક્ષણ માટે આ રાજયમાં અને અનેક રાજયોમાં અનુસૂચિત આયોગની જે રચના કરી છે એમ ગુજરાત રાજયમાં પણ અનુસૂચિત જાતિ આયોગની રચના કરવામાં આવે એવી હું વિનંતી કરું છું. માણસનો જન્મ કયાં થાય છે એ નક્કી નથી હોતું પણ મરણ થાય ત્યારે ગુજરાતમાં દલિત સમાજના, એસ.સી. સમાજના સ્મશાનગૃહ પણ જૂદા છે એ આ સંવેદનશીલ ગુજરાતનું સૌથી મોટામાં મોટું ઉદાહરણ છે. એના સ્મશાનગૃહ જયારે જુદા છે ત્યારે જે જગ્યાએ સ્મશાનગૃહો આવેલા છે, ત્યાં કાયદાકીય લેન્ડ રેવન્યુ કોડ મુજબ આ સ્મશાનો નીમ કરવામાં આવે એવી વિનંતી કરું છું.છેલ્લે એટલું ખાસ કહેવું છે કે રાજ્ય સરકાર દ્વારા શૈક્ષણિક યોજનાઓમાં અનુસૂચિત જાતિ માટે આવક મર્યાદા રાખી છે એ આવક મર્યાદા અને બીજા બિન અનામત વર્ગ માટેની શૈક્ષણિક યોજનાઓમાં જે આવક મર્યાદા છે એમાં મોટું વેરીએશન છે. બિન અનામત વર્ગ માટે ૬ લાખ રૂપિયાની આવક મર્યાદા રાખવામાં આવી છે જ્યારે એસ.સી. સમાજની શૈક્ષણિક યોજનાઓ માટે રૂપિયા ૨.૫૦ લાખની આવક મર્યાદા રાખવામાં આવી છે.મારી વિનંતી છે કે આવક મર્યાદાના ધોરણો સમકક્ષ હોવા જોઇએ, માટે આવક મર્યાદા રૂપિયા ૬ લાખની કરવામાં આવે એવી આજના પ્રસંગે વિનંતી કરું છું.

શ્રી પૂર્ણેશ મોદી(સુરત–પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલ દ્વારા રજૂ કરવામાં આવેલ માગણી નં. ૭૮ને હું મારું સમર્થન આપું છું અને આ અંગે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રત્યેક જમીનનો પ્રકાર અને હેતુ, પ્રત્યેક જમીન પિયત છે કે બિન પિયત છે, પ્રત્યેક જમીનનું ક્ષેત્રફળ અને માપ, પ્રત્યેક જમીનની બાંધકામવાળી મિલકત કે ખેતીની મિલકત, પ્રત્યેક જમીનની માલિકી અને તે ટાઇટલ સંબંધે પછી તે જમીન માલિક ખેડૂત હોય કે જમીન માલિક ઉદ્યોગપતિ હોય કે સામાન્ય વ્યક્તિ હોય, એ જમીનના કબજા સંબંધે અને માલિકી સંબંધે રક્ષા કરવાનું, સલામતી અને સુરક્ષા આપવાનું કામ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જો કોઇ કરતું હોય તો સરકારનો મહેસૂલ વિભાગ કરે છે.જયારથી ભારતીય જનતા પાર્ટીનું ગુજરાતમાં શાસન આવ્યું ત્યારથી મહેસૂલ વિભાગમાં એક પછી એક નવા નવા વિચારો, નવા નવા એમેન્ડમેન્ટ, સુધારા કાયદા રજૂ કરતા ગયા.હું માત્ર સબ રજિસ્ટ્રાર કચેરીની વાત કરવા માગું છું. સમયનો અભાવ છે. પહેલાના વખતમાં અને આજના વખતમાં, કોંગ્રેસના શાસનમાં અને ભારતીય જનતા પાર્ટીના શાસનમાં શું શું આ સબ રજિસ્ટ્રાર કચેરીમાં તફાવત છે?પબ્લિક પ્રત્યેનું કમિટમેન્ટ છે એ ઉજાગર કરવા માગું છું. પહેલા સબ રજિસ્ટ્રાર કચેરી જિલ્લામાં માત્ર એક કચેરી હોય અને નોંધણી માટે ખૂબ તકલીફ પડતી હતી. આજે જિલ્લામાં અનેક સબ રજિસ્ટ્રાર કચેરીઓ આવેલી છે. કોંગ્રેસના વખતમાં કરોડો રૂપિયાની જમીન હોય અને દસ્તાવેજ રજિસ્ટર્ડ કરવાનો હોય પરંતુ કચેરીમાં બેસવાની

જગ્યા ઉપલબ્ધ ન હોય. આજે મોડેલ કચેરી ભારતીય જનતા પાર્ટીના શાસનમાં બનાવવામાં આવેલ છે. પહેલાના વખતમાં સબ રજિસ્ટ્રાર કચેરીમાં વેચનારની સહી માત્ર છેલ્લા પાને લઇ, ચોપડામાં એક સહી લઇ અને કોઇપણ પ્રકારના બાકીના અંગૂઠા કે સહી લેવામાં ન આવે અને આજે સબ રજિસ્ટ્રાર કચેરીમાં ખરીદનાર, વેચનાર, સાક્ષી, વકીલ આ બધાની સહીઓ લેવામાં આવે છે. જેના કારણે કોઇપણ દસ્તાવેજમાં ખોટું થતું અટકે છે.ભૂતકાળમાં તો આમાં પાના બદલાઇ જતા હતા. છેલ્લા પાને સહી હોય એટલે બાકીના પાના બદલાઇ જાય એટલે ખેડૂત કે જમીન માલિક સાથે એક પ્રકારની છેતરપિંડી થતી હતી એ આજે અટકાવી શક્યા છીએ.કોંગ્રેસના શાસનમાં સબ રજિસ્ટ્રાર કચેરીમાં અસલ દસ્તાવેજ કર્યા પછી ૨૦ વર્ષ પછી પણ આપણને અસલ વસ્તાવેજ પરત મળતો ન હતો. આજે ૨૦ મિનિટમાં ભારતીય જનતા પાર્ટીના શાસનમાં અસલ વેચાણ દસ્તાવેજ નોંધણી કરનારના હાથમાં સીધો મૂકવામાં આવે છે. પહેલાના વખતમાં ખરીદનાર, વેચનાર, વકીલ કે સાક્ષી કોઇના આઇ–કાર્ડ કે પુરાવા લેવામાં આવતા ન હતા. આજે પ્રત્યેક દસ્તાવેજમાં ખરીદનાર, વેચનાર, સાક્ષી, વકીલના પુરાવા લેવામાં આવે છે. એનું આઇ–કાર્ડ લેવામાં આવે છે, એવિડન્સ લેવામાં આવે છે એના લીધે પારદર્શક વહીવટ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં શક્ય બન્યો છે. પહેલાના વખતમાં જમીન કે મિલકતોના માલિકીના પુરાવા, ૭/૧૨ કે પોપર્ટી કાર્ડ લેવામાં આવતા ન હતા. જેના કારણે મારે આખું સુરત શહેર વેચી નાખવું હોય તો વેચી દઇ શકું. દસ્તાવેજ નોંધણી કરવી પડે એને કોઇ અટકાવી ન શકે, એનો કોઇ કાયદો નહીં. આજે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં સબ રજિસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ કરવો હોય તો માલિકીના પુરાવા આપવા પડે, ૭/૧૨, પોપર્ટી કાર્ડ આપવું પડે અને એના આધારે જ તમે વેચાણ દસ્તાવેજ રજિસ્ટર્ડ કરી શકો અને વેચી શકો. આ રીતે ખૂબ મોટું ક્રાંતિકારી કામ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં સબ–રજિસ્ટ્રાર કચેરીમાં કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાના વખતમાં દસ્તાવેજની નોંધણી કરવા માટે ૩૨–ક હેઠળ એક નોટિસ આપવામાં આવતી હતી કે ખુટતી સ્ટેમ્પ ડ્યટી ભરો એના કારણે વર્ષોના વર્ષ વીતતા હતા, દાવા ચાલતા હતા અને ગાંધીનગર સુધી અપીલ કરવામાં આવતી હતી, ત્યારે પણ એ પારદર્શકતા આવી શકતી નહતી અને દસ્તાવેજ નોંધણી પહેલા તમારે સબ–રજિસ્ટ્રાર કચેરીની અંદર સ્ટેમ્પ ડ્યૂટીનું મૂલ્યાંકન કરીને યોગ્ય સ્ટેમ્પ પેપર વાપરવો પડે આ પ્રકારની સ્ટેમ્પ ડ્યૂટીની પ્રક્રિયામાંથી લાંબા સમયમાંથી મુકિત આપવાનું કામ, સુશાસન આપવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. પહેલા વખતમાં જમીન–મિલકતના વેચાણ દસ્તાવેજની નોંધણી માટે ૧૪.૯ ટકા લેખે સ્ટેમ્પ પેપર વાપરવો પડતો હતો. આજે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં દસ્તાવેજની નોંધણી વખતે ૪.૯ ટકા લેખે સ્ટેમ્પ પેપર વાપરવો પડે એટલે ૧૦ ટકાનો ઘટાડો કરવામાં ભારતીય જનતા પાર્ટીના શાસનમાં સીધે સીધો પ્રજાને, ખેડૂતને અને જમીન માલિકોને એક પ્રકારની સીધી રાહત આપવાનું કામ કર્યું છે. પહેલાના વખતમાં જમીન માલિકની મિલકત હોય ત્યારે ખરીદનારા–વેચનારા સાક્ષીને કમ્પ્યૂટર કેમેરામાં ક્યારેય સામેલ કરવામાં આવતા નહતા. આજે પ્રત્યેક વ્યકિત ખરીદનાર–વેચનાર હોય, સાક્ષી હોય કે પછી વકીલ હોય કેમરાની સમક્ષ પોતાનો ફોટો, પોતાની ઓળખ, પોતાનો ચહેરો બતાવીને દસ્તાવેજનું ૧૦૦ ટકા કન્ફર્મેશન અને ૧૦૦ ટકા એની સલામતીના ભાગરૂપે આ કામ કરવામાં આવે છે એનાથી ખોટા દસ્તાવેજો અટકે છે, લો એન્ડ ઓર્ડર એનાથી કન્ટ્રોલમાં આવે છે, કોર્ટના દાવા આનાથી ઘટે છે એવી સંપૂર્ણ સુવિધા ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ઉપલબ્ધ કરાવવામાં આવે છે. પહેલાના વખતમાં ૭/૧૨ અથવા તો એન.એ. કે પ્રોપર્ટી કાર્ડમાં જ્યારે સીધે સીધું નામ ન ચઢતું હોય અને મિલકતના દસ્તાવેજ થઇ જાય. અરજી આપવી પડતી હોય અને અરજી આપ્યા પછી કેટલાય વર્ષો પછી ઇન્ડેકસ લઇને અરજી કરીએ ૭/૧૨ કે પ્રોપર્ટી કાર્ડમાં નામ દાખલ કરવામાં લાંબો લાંબો સમય જાય. આજે જેવો દસ્તાવેજની નોંધણી સબ રજિસ્ટ્રારમાં થાય કે તરત જ સીધે સીધી એન્ટ્રી ૭/૧૨ કે પ્રોપર્ટી કાર્ડમાં પડી જાય. સાહેબ પહેલાના વખતમાં દસ્તાવેજ ઓન લાઇન થતો નહતો. આજે ઓન લાઇન દસ્તાવેજની ઉપલબ્ધતા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાના વખતમાં કોંગ્રેસના શાસનમાં ઇન્ડેક્સ–બી શોધવા માટે મોટા મોટા ચોપડા શોધવા પડે, કચેરીમાં જવું પડે. પરંતુ આ વખતે ઇન્ટરનેટની સુવિધા આઇ.ઓ.આર.એ. પોર્ટલ પર તમામ ઇન્ડેક્સ જોઇ શકો એવી સુવિધા લોકો માટે ઉપલબ્ધ કરાવવામાં ભારતીય જનતા પાર્ટીનું શાસન કારગત નીવડ્યું છે. પહેલાના વખતમાં દસ્તાવેજની કોમ્પ્યૂટરની ઓન લાઇન સુવિધા નહતી. આજે કોમ્પ્યુટરની સુવિધા ડિઝિટલના માધ્યમથી એ ઉપલબ્ધ છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, પહેલાના વખતની વાત કરીએ તો દસ્તાવેજમાં અનેક પ્રકારના કુલમુખ્યતાર નામામાં નોંધણી નહોતી થતી, આજે ફરજિયાત નોંધણી થાય છે. આ પ્રકારની જડબેસલાક વ્યવસ્થા ભારતીય જનતા પાર્ટીના શાસનમાં કરવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે. માનનીય સી. જે. ચાવડા

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર–ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે મંત્રીશ્રી મહેસૂલની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં ખાસ કરીને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં ખૂબ બુદ્ધીજીવી માનનીય ધારાસભ્યશ્રી રજૂઆત કરી રહ્યાં હતાં કે પહેલાના વખતમાં, આ વખતમાં. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૬૮ સુધી પહેલાના વખતમાં મોઢાના કરારથી દસ્તાવેજ થતા હતા. મોઢાના કરારથી એન્ટ્રીઓ પડતી હતી. મોઢાના કરારથી વેચાણ વ્યવહારો થતા હતા. મોઢાના કોઇ લખાણ નહીં, કશો દસ્તાવેજ નહીં. વર્ષ ૧૯૬૮ સુધી મોઢાના કરારથી આ ચાલતું હતું. પહેલાના વખતમાં આવો ભ્રષ્ટાચાર નહતો. પહેલાના વખતમાં માણસો, માણસો

અને અધિકારીઓ આવું કરતા નહતા. પહેલાના વખતમાં ફક્ત ચા પીને કામ થતું હતું. એને માનનીય મુખ્યમંત્રીશ્રી રૂપાણી સાહેબે અનુમોદન આપ્યું છે. પહેલાના વખતમાં ૨૫ વર્ષ પહેલા રેવન્યુનું કંઇ કામ હોય તો ચા-પાણીમાં પતતું હતું અને આજે મહેસૂલમાં ખૂબ ભ્રષ્ટાચાર ફાલ્યો-ફૂલ્યો છે એવું માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ સ્વીકાર્યું છે એટલે પહેલાના વખતની વાત કર્યા કરતા આજના વખતમાં જે ઊભું કર્યું છે એને કેવી રીતે સંભાળવું એ પ્રમાણે સરકાર ચાલે એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ મંત્રીશ્રીએ ખૂબ સારા સુધારા કર્યો છે, જે કામ સારું કર્યું છે એ કહેવું પડશે પણ એનો લાભ પ્રજાને મળવો જોઇએ એ એના તંત્રના કારણે જે તંત્ર અત્યારે પહેલાના વખત જેવું નથી રહ્યું એના કારણે એનો લાભ પ્રજાને મળતો નથી. દા.ત. જમીનની માપણી. અત્યારે ભલે એમને નાનો પ્રશ્ન લાગતો હોય પણ જમીનની માપણીનો મુદ્દો, રિ-સરવેનો મુદ્દો સમગ્ર દેશના, સમગ્ર રાજયના તમામ લોકોને સ્પર્શે છે. મહામહિમ રાજયપાલશ્રીના પ્રવચનમાં એક બાજુ સરકાર એમ કહે છે કે રિ-સરવે પ્રોજેકટ દ્વારા માપણીની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે અને ૧૧૯૮૮ ગામોના રેકર્ડનું પ્રમોલગેશન પણ પૂર્ણ કરેલ છે અને બીજી બાજુ પ્રશ્નોત્તરીના જવાબમાં, બજેટના પ્રવચનમાં એવું કહેવામાં આવે કે ખેડૂતોના માપણીના જે પ્રશ્નો ઉભા થયા છે એ કેસો અત્યારે ચાલી રહ્યા છે અને પ્રમોલગેશન પૂર્ણ નહીં કરવામાં આવે એવી સૂચના આપવામાં આવી છે. વાસ્તવમાં પ્રમોલગેશન પૂર્ણ થવાને કારણે એકે એક ખેડૂતને પ્રાંત અધિકારીને અપીલ કરવી પડે અને અપીલ દાખલ થયા પછી ૩-૩ વર્ષે, ૨-૨ વર્ષે, ૧-૧ વર્ષે નિકાલ આવશે અને ખેડૂતો ખૂબ મુશ્કેલીમાં મૂકાશે. એના કારણે ખેડૂત ખેડૂત વચ્ચે, ભાઇ ભાઇ વચ્ચે આગામી દિવસોમાં યુદ્ધ થશે, ઝઘડા થશે, કંકાસ થશે, કોર્ટ કચેરીઓ વધશે અને પહેલાના વખતમાં કશું નહોતું એવું આ વખતમાં ઉભું થઇને રહેશે અને થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર સુધારો કરે, પ્રોજેકટ બહાર પાડે લેન્ડ ગ્રેબિંગ એકટ. લેન્ડ રેવન્યૂ કોડ તો વર્ષ ૧૮૭૯નો છે. અંગ્રેજોના શાસન વખતથી છે અને એમાં એકે એક કલમ અને જે તે વખતે જે કંઇ સુધારા જે સરકારોને લાગ્યા હોય અથવા જે કંઇ દૂષણો ઉભા થયા હોય એને ડામવા માટે કર્યા હોય. પ્રિવેન્શિયલ ઓફ એન્ટી સોશિયલ એક્ટીવિટી પાસા હેઠળ પણ આવા ગેરકાયદેસર કબજો ધરાવતા લોકોની ધરપકડ થતી હતી. પહેલાના વખતમાં અમે ભૂમાફીયા ઉભા નહોતા થવા દીધા. પહેલાના વખતમાં અને આજે કેટલાય ગણી ન શકાય એટલા ભુમાફીયા ઉભા થયા. ઉભા થવાનું કારણ શું? કોણે કર્યા? કેમ થયા?એ તમારા અણઘડ વહીવટીતંત્રને કારણે ઉભા થયા. એટલા માટે કે જીનને બોટલમાંથી બહાર કાઢયો પછી તો જીન જીન થઇ ગયો અને બોટલમાં પૂરવા માટે હવે કાયદા લાવવા પડે છે. જીનને બહાર ન કાઢયો હોત તો સારું હતું. લેન્ડ ગ્રેબિંગ એકટ લાવ્યા છે. મારે એટલું જ કહેવું છે કે જે કોઇ ઉદ્યોગપતિઓ, વેપારીઓ કે ખેડૂતોએ દબાણ કર્યું હોય એવા દબાણને નોટિસ આપીને દૂર કરવાની તક આપવી જોઇએ પહેલા તો અને તક આપ્યા પછી પણ એ ન સ્વીકારે તો એને લેન્ડ ગ્રેબિંગ એકટમાં લેવા જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો મુદ્દો એ છે કે જે વારંવાર ગુનાઓ કરે છે, જે આની સાથે સંકળાયેલા છે, જે ખરેખર ભૂમાફિયા છે, વ્યક્તિગત ભૂમાફિયા છે, ખોટા દસ્તાવેજો કરે છે, ખોટી એન્ટ્રી પડાવે છે, ખોટી એન્ટ્રી મંજૂર પણ કરાવી લે છે. આવા લોકો જે ભૂમાફિયાઓ છે એવા લોકો સામે આ કાયદા નીચે કામ લેવામાં આવે તો વાંધો નથી. પરંતુ અણસમજણમાં, ખેડૂતને ખબર ન હોય અને કયાંક બાજુમાં સરકારી પટ્ટામાં દબાણ થયું હોય તો આવા કેસોમાં આ કેસ લાગુ ન થાય એવી વિનંતી છે. બીજું, જમીનનો કાયદો એવો છે કે છેક રાજા રજવાડા વખતથી છે. ગાયકવાડ સરકારમાં પણ માપણી કરવાની, ખેડૂતોને પોતાની જમીન પ્રમાણે લોન મળે, એની જમીન પ્રમાણે એને સુખ સુવિધાઓ મળે, જમીન પ્રમાણે ખેતી કરે એના ભાવ મળે. રામરાજય લાવવું હોય તો રાજયનો અને દેશનો ખેડૂત સુખી હોય, જમીનનો માલિક સુખી હોય, પાક પકવતો વ્યક્તિ સુખી હોય તો રામરાજય આવી શકે અને રામરાજય એટલે કયું રામરાજય? જયાં શાંતિ હોય, સુખ હોય, સમન્વયતા હોય બધા જ લોકો સુખચેનથી ફરી શકતા હોય, કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહી હોય એવું સુખ જયાં મળતું હોય ત્યાં રામ રાજય આવે. આપણે એ રામરાજયની કલ્પના કરી હતી અને આપ બધા પણ કરી રહ્યા છો કે રામરાજય આવશે, અમે આવીશું તો રામરાજય લાવીશું. અમારી પણ ઇચ્છા હતી કે દશરથપુત્ર કૌશલ્યાના કુંવર રામચંદ્ર ભગવાન જેમણે વનવાસ ભોગવ્યો હતો અને પછી અયોધ્યા ઉપર રાજ કર્યું હતું એ રામરાજય આવશે. પણ *(xxx) આ રામનું રાજ આવ્યું છે એના કારણે આખા દેશના લોકો, આખા રાજયના લોકો, રાજયના ખેડૂતો જમીન સાથે સંકળાયેલા લોકો, આખું જે તંત્ર છે એ અમુક લોકોને સાચવવામાં બગડી ગયું છે. ખેડૂતોની ચિંતા રહી નથી. ખેતી કરતા લોકોની ચિંતા રહી નથી અને વિશેષ વાત ન કરતા મારે જે મુદ્દા કહેવા છે.

અધ્યક્ષશ્રી : માનનીય ચાવડાજી, કોઇએ વાંધો નથી લીધો, છતાંય હું કહું છું કે ભગવાન રામના નામની વ્યાખ્યાઆ રીતે કરો એ ઠીક નથી. એટલે એટલો પાર્ટ હું કાઢી નાખું છું. પ્લીઝ, પ્લીઝ કોઇએ એમાં બોલવાની જરૂર નથી.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી,કલમ-૬૩ (ક)(ખ)એમાં કાયદાનો સુધારો કર્યો.અને ૩ વર્ષ સુધી વ્યવસાય ન કરી શકેતો પણ ૩ વર્ષ પછી એ જમીન બીજાને આપી દઇ શકે.માલાફાઇડ ઇન્ટેન્શન હોય તો તેના ઉપર પગલાં લેવાવાં જોઇએ. બોનાફાઇડ પરચેસર હોય તો પગલાં ના લેવાવાં જોઇએ. એમાં પણ જ્યારે તેનો અમલ થવા જઇ રહ્યો છે, ત્યારેઘણી બધી મુશ્કેલીઓ ઊભી થતી હોય છે.તો એનો એક સ્વયં સ્પષ્ટ પરિપત્ર છે. ૩ વર્ષ સુધી શું? ૩થી ૫ વર્ષ સુધી શું? ૧૦ વર્ષ સુધી શું? ૧૦ વર્ષ પછી પણ ઉદ્યોગ ન કરી શકે તો શું? બોનાફાઇડ પરચેસર હોય તો શું? માલાફાઇડ પરચેસર કોને

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કહેવાય? મહેસૂલ મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આવો સ્વયં સ્પષ્ટ પરિપત્ર થાય. તો અત્યારે જે પ્રશ્નો ઊભા થઇ રહ્યા છે તે ઓછા થશે અને જે ઓનલાઇન એન્ટ્રીઓ પડે અને આપણે કહીએ છીએ કે ઓનલાઇન એન્ટ્રીઓ ૩૦ દિવસમાં પાકી થઇ જશે, ૩૫ દિવસે એનું રેકર્ડ ઉપર નામ પણ આવી જશે. આજે હજારોની સંખ્યામાં દરેક જિલ્લામાં ઓનલાઇન એન્ટ્રીઓ પેન્ડિંગ છે. આ પેન્ડિંગ એન્ટ્રીઓનો નિકાલ ઝડપથી થાય અને એની ક્વેરી પ્રાંત અધિકારીઓમાં તકરારી બનાવી દેવામાં આવે છે. એ યેનકેન પ્રકારે તકરારી બનાવીને ૩–૩ વર્ષ સુધી કેસ ચાલે છે અને આ એન્ટ્રીઓ પેન્ડિંગ રહે છે. તો કાં તો મંજૂર કાં તો નામંજૂર? એવા નિર્ણય ઉપર આવેતેવી પણ માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. આપે ઘણા બધા સુધારાઓ કર્યા છે. એમાં જ્યાં જ્યાં અમને યોગ્ય લાગશે ત્યાં સૂચનો પણ કરીશું. લેખિત પણ મોકલી આપીશું. પ્રજા હિતમાં, ખેડૂતોના હિતમાં, જમીન માલિકોના હિતમાં આપ એવા નિર્ણય કરશો તેવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી અરવિંદ શાં. રાણા(સુરત–પુર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મુખ્યમંત્રીશ્રી દ્વારા માગણી નં. ૯૨ રજૂ થઇ છે, તેને હું અનુમોદન આપું છું અને સામાજિક સુરક્ષા અને કલ્યાણ વિભાગ માટે મારા વિચારો રજૂ કરું છું.

ચાણક્ય વિષ્ણુ ગુપ્તે જ્યારે ચંદ્ર ગુપ્ત મૌર્યને રાજ્ય સત્તા સોંપી, ત્યારે રાજ્ય કેવી રીતે ચલાવવું તેનું માર્ગદર્શન આપતા તેમણે જણાવ્યું હતું કે રાજ્ય કુદરતી સિદ્ધાંતોના આધારે ચલાવવું જોઇએ. જેમ કુદરત નદી, નાળા, સાગર, મહાસાગર, સરોવર, તળાવો, કૂવા દ્વારા ક્ષમતા મુજબ પાણી મેળવીને બાષ્પીભવનથી વાદળા સ્વરૂપે સંગ્રહી રાખીને વરસાદના સ્વરૂપમાં કોઇપણ ભેદભાવ વગર તમામ જગ્યાએ અમૃતરૂપે વરસાદ વરસાવે છે, ત્યારે કોને જળ ઓછું આપ્યું? તેવાં શહેર, ખેતર, જંગલોને પણ એકસરખું પાણી વરસાવે છે. તેવી જ રીતે રાજ્યમાં ખમતીધર લોકોની પાસેથી કરના સ્વરૂપે લીધેલી રકમ જરૂરિયાતમંદ અને છેવાડાના લોકો સુધી પહોંચવી જોઇએ. આવા લોકોના જીવન ધોરણ ઊંચા લાવવા જોઇએ, એવી રીતે રાજ્ય ચલાવવું જોઇએ. અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ વી.આર. અને એન.આર.ની જોડી એ આ જ રીતે સરકાર ચલાવે છે તે બદલ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભાજપની અમારી સરકારમાં માતાના ગર્ભમાં ઉછરી રહેલ શીશુથી માંડીને માતાની સારવાર, બાળકનોજન્મ, ઉછેર, ભણતર, લગ્ન, રોજીરોટી અને આવાસથી માંડીને વૃદ્ધ થાય ત્યાં સુધી જરૂરિયાતમંદ અને છેવાડાના માનવી માટે ૩૦૦ કરતાં વધુ જુદી જુદી યોજનાઓ દ્વારા રાજ્યના તમામ વર્ગના જરૂરિયાતમંદ લોકોને આ સરકારે લાભ આપ્યો છે, એટલે જ ગુજરાતના લોકોને આ સરકાર એ પોતાની સરકાર લાગે છે. અમારા ભાજપના પ્રદેશ અધ્યક્ષ આદરણીય સી.આર.પાટીલ સાહેબે પણ કેન્દ્ર અને રાજ્ય સરકારની માનવ કલ્યાણની જુદી જુદી યોજનાઓ માટે સી.આર.પાટીલ હેલ્પલાઇન નામે એક એપ બનાવી છે. એનો વોટ્સઅપ નં. ૦૨૬૧૨૩૦૦૦૦૦ આ એપ દ્વારા ૩૦૦ કરતા વધારે અલગ અલગ યોજનાઓની માહિતી આપના ફોન ઉપર મળી આવે છે. તેઓએ એનો પ્રચાર પ્રસાર રાજ્યમાં ઠેરઠેર સરપંચોના સંમેલન બોલાવીને જરૂરિયાતમંદ હજારો લાખો લોકોને આ યોજનાનો લાભ પહોંચાડ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, તેનું પરિણામ આ ગુજરાતની પ્રજાએ હાલની ચૂંટણીમાં મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતોમાં તમામ જગ્યાએ ન ભૂતો ન ભવિષ્યતિ એવી ઐતિહાસિક જીત આપીને આ ગુજરાતની જનતાએ આશીર્વાદ આપ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે નવા વર્ષના બજેટમાં રૂપિયા ૪૩૫૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જેમાં રાજ્યમાં વયવંદના યોજના હેઠળ વૃદ્ધ પેન્શન અને નિરાધાર વૃદ્ધ યોજના માટે રૂપિયા ૧૦૩૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. તે જ રીતે ગંગા સ્વરૂપા આર્થિક સહાય અંતર્ગત વિધવા બહેનોને સહાય આપવા માટે ૭૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્યના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશ સહય આપવા માટે ૫૪૯ કરોડ, આંબેડકર અને પંડિત દિનદયાળ આવાસ યોજના હેઠળ રૂપિયા ૧૫૯ કરોડ, ધોરણ–૯માં અભ્યાસ કરતી કન્યાઓને વિના મૂલ્યે સાઇકલ વિતરણ યોજના માટે રૂપિયા ૭૧ કરોડ,દિવ્યાંગોના સશક્તિકરણ અને શિષ્યવૃત્તિ માટે અને તેઓની સ્વરોજગારી માટે એસ.ટી. બસમાં મફત મુસાફરી કરવા માટે રૂપિયા ૫૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. માનવ ગરિમા યોજના હેઠળ જુદી જુદી યોજનાઓ માટે રૂપિયા ૪૪ કરોડની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભગવાન શ્રીકૃષ્ણના મહાન ભક્ત નરસિંહ મહેતાની દીકરી કુંવરબાઇના લગ્નમાં ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં આવીને કુંવરબાઇનું મામેરું કરીને ધામધૂમથી લગ્ન કરાવ્યા હતા. તેવી જ રીતે અમારા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની સરકારમાં કુંવરબાઇના મામેરા યોજનામાં દસ હજાર રૂપિયાની સહાય કરવામાં આવતી હતી તેમાં બે હજાર રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. હવે બાર હજાર રૂપિયા કુંવરબાઇના મામેરામાં આપવામાં આવશે. આ દીકરીઓ જે સમૂહ લગ્નમાં ભાગ લે તો સાતફેરા સમૂહ લગ્ન અંતર્ગત પહેલાં દસ હજાર રૂપિયા એક દીકરીને આપવામાં આવતા હતા તેમાં પણ બે હજાર રૂપિયાનો વધારો કરીને તેને બાર હજાર રૂપિયા આપવામાં આવે છે. આમ, એક દીકરીને હવે સરકાર મારફત ચોવીસ હજાર રૂપિયાની સહાય કરવામાં આવે છે. જે દીકરીના લગ્ન માટે ખૂબ મોટી આર્થિક સહાય છે. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચનીસામાજિક સંસ્થાઓ આ રાજ્યમાં છે તેઓ પણ આવા સમૂહ લગ્નોનું આયોજન કરે છે. આ સંસ્થાઓ સામાજિક સુધારા, કુરિવાજો દૂર થાય અને લગ્નમાં ખોટા ખર્ચા અટકાવે એટલા માટે આ સરકારે સાતફેરા સમૂહ લગ્નનું આયોજન કરનાર સંસ્થાને યુગલદીઠ ત્રણ હજાર રૂપિયા અને વધુમાં વધુ પચાસ હજાર રૂપિયા સુધીની સહાય કરવામાં આવે છે. જેથી રાજ્યમાં ઘણી સામાજિક સંસ્થાઓ ઉત્સાહભેર સમૂહ લગ્નના આયોજન કરે છે.

સામાજિક સંસ્થાઓને સમાજના જરૂરિયાતમંદ લોકોને સરકારશ્રીની જુદી જુદી યોજનાઓની જાણકારી આપવા માટે શિબિર યોજવા માટે અને તે યોજનાનું પ્રોત્સાહન કરવા માટે શિબિરદીઠ રૂપિયા પંદર હજાર સુધીની સહાય ચૂકવવામાં આવે છે. જે ખૂબ અભિનંદનને પાત્ર છે. સરકારશ્રીએ બહેનોના આત્મસન્માન અને તેઓ પોતાનું જીવન સુરક્ષિત કરી શકે તે માટે ગંગાસ્વરૂપા વિધવા બહેનો પુનઃલગ્ન કરી ગૌરવપૂર્ણ જીવન નવેસરથી શરૂ કરે તેવા લાભાર્થીને રૂપિયા ૫૦ હજારની સહાય કરવાની નવી યોજના લાવીને મહિલાઓને સન્માન તેમજ ગૌરવ અપાવવાનું કામ આ સરકારે કર્યું છે તેને હું દિલથી અભિનંદન આપું છું. દિવ્યાંગ વ્યક્તિઓ માન સન્માન સાથે લગ્ન કરી જીવન જીવી શકે તેના માટે અમારી સંવેદનશીલ સરકારે દિવ્યાંગથી દિવ્યાંગ વ્યક્તિ લગ્ન કરે તો એક લાખ રૂપિયા અને દિવ્યાંગથી સામાન્ય વ્યક્તિ લગ્ન કરે તો પચાસ હજાર રૂપિયાની સહાય આપવામાં આવે છે.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિતથયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, લઘુમતીના કલ્યાણ માટે સન ૨૦૨૧-૨૨ના બજેટમાં રૂપિયા ૭૧.૬૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જ્યારે વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં રૂપિયા ૧૦૪.૩૬ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, ૩૨ કરોડ રૂપિયાનો આની અંદર આ વખતે જ ઘટાડો કરવામાં આવ્યો છે. જે બજેટ ફાળવવામાં આવે છે એ બજેટ પણ પૂરું વપરાતું નથી. રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૯-૨૦ના બજેટમાં રૂપિયા ૬૫.૧૬ કરોડની જોગવાઇ કરેલ હતી એની સામે રૂપિયા ૧૨.૯૪ કરોડ જેટલી રકમ વણવપરાયેલ રહી હતી અને વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં રૂપિયા ૧૦૪ કરોડની જોગવાઇ સામે ૭૬.૮૦ કરોડ રૂપિયા જ વપરાયા છે એટલે કે લગભગ ૪૦ ટકા જેટલી રકમ વાણવપરાયેલી પડી રહી છે. વાત થાય છે, "સબ કા સાથ સબકા વિકાસ" એક તરફ પૂરું બજેટ આપવામાં આવતું નથી અને બીજી તરફ જે બજેટ ઓછું આપવામાં આવે છે એ પણ પૂરું વપરાતું નથી. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, કમસે કમ વધારે નહીં પણ વસતિ આધારીત લઘુમતી સમાજને પણ બજેટની ફાળવણી થાય અને જે બજેટ ફાળવવામાં આવે એનો પૂરે-પૂરો ઉપયોગ થાય એવી વિનંતી હું કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિષ્યવૃત્તિ યોજનાની અંદર પણ ઘટાડો કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં રૂપિયા ૫૭૫ કરોડની જોગવાઇ હતી એની સામે અત્યારે રૂપિયા ૫૪૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મારી ખાસ બીજી બાબત છે કે, રાજયમાં મદરેસા બોર્ડની રચના કરવામાં આવે. કેમ કે આપણા સન્માનનીય પ્રધાનમંત્રીશ્રીએ પણ કહ્યું છે કે, "એક હાથમાં કુરાન, એક હાથમાં કમ્પ્યુટર." જો લોકોને આપણે શિક્ષિત કરવા માગતા હોઇએ અને આધુનિક શિક્ષણ એમને મળી રહે એ માટે સ્વેચ્છાએ જે પણ ધાર્મિક સંસ્થાઓ છે કે જે મદરેસા ચલાવનારા લોકો છે એ લોકો જો ત્યાં આધુનિક શિક્ષણ આપવા માગતા હોય તો સરકાર સિંગલ વિન્ડો સિસ્ટમ દાખલ કરીને એમની પાસે ઇન્ફ્રાસ્ટ્રક્ચર હોય છે. ત્યારે ફકત એમને ગ્રાન્ટ આપવામાં આવે તો હું માનું છું કે ધર્મની સાથે સાથે આધુનિક શિક્ષણ તેઓ મેળવી શકે અને વિકાસની અંદર એ લોકો સહભાગી થઇ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદર લઘુમતી આયોગની રચના કરવામાં આવે, માઇનોરિટી બોર્ડ છે એની ગ્રાન્ટમાં પણ વધારો કરવામાં આવે કેમ કે, શૈક્ષણિક લોન સરળતાથી મળતી નથી અને લોકોને ધક્કા ખાવા પડતા હોય છે ત્યારે માઇનોરિટી ફાઇનાન્સ કોર્પોરેશન છે. મારે ગૌરવ સાથે કહેવું છે કે, વર્ષ ૧૯૯૭માં જ્યારે માનનીય શંકરસિંહજી વાઘેલા મુખ્યમંત્રી હતા ત્યારે મારી રજૂઆત દ્વારા એ બનાવવામાં આવ્યું હતું અને એ વખતે હું ધારાસભ્ય પણ ન હતો. વકફ બોર્ડની રચના કરવાની સ્વર્ગવાસી કેશુભાઇ પટેલે જાહેરાત કરી હતી અને વકફ બોર્ડની રચના પછી એક કરોડ રૂપિયાની ગ્રાન્ટ એ વખતે મેં માનનીય શંકરસિંહ વાઘેલા સાહેબ થ્રુ અપાવી હતી. એટલે મારું કહેવું છે કે એક જ વખત રૂપિયા એક કરોડની ગ્રાન્ટ વકફ બોર્ડને આપવામાં આવી છે પણ એ પછી આપવામાં આવી નથી. જો વકફ બોર્ડને પૂરતી ગ્રાન્ટ આપવામાં આવે તો વકફ બોર્ડમાં જે નોંધાયેલા કબ્રસ્તાનો છે એની સાથે શિષ્યવૃત્તિ માટે પણ એ લોકો કામ કરતા હોય છે તો એમને બહુ મોટી એનાથી આર્થિક સંકડામણ દૂર થશે અને સારી રીતે એ કામગીરી કરી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું, પ્રિમેટ્રિક સ્કોલરશીપમાં જે આવક મર્યાદા છે એ રૂપિયા એક લાખ સુધીની હોય તો જ એમને પ્રિમેટ્રિક સ્કોલરશીપ મળી શકે. પણ શહેરોમાં રૂપિયા દોઢ લાખ અને ગ્રામ્ય વિસ્તારમાં રૂપિયા એક લાખ વીસ હજારની મર્યાદા છે. એટલે એને કારણે પ્રિમેટ્રિક સ્કોલરશીપનો લાભ પણ લઘુમતી સમાજ મેળવી શકતો નથી. તો આ બાબતે જે આવક મર્યાદા છે એને વધારવામાં આવે અથવા તો મામલતદારોને સૂચના આપવામાં આવે કે એમને રૂપિયા એક લાખની મર્યાદામાં દાખલાઓ આપવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, વડાપ્રધાનશ્રીનો ૧૫ મુદ્દાનો કાર્યક્રમ જે છે એ પ્રોગ્રામ સચ્ચર કમિટીના આધારે બનાવવામાં આવ્યો હતો. એ ૧૫ મુદ્દાનો કાર્યક્રમ જ્યારે સચ્ચર કમિટીએ એના ઓબ્જર્વેશન મૂકયા ત્યારે એમણે કહ્યું કે ભારત દેશની અંદર અને ગુજરાતમાં પણ મુસ્લિમ સમાજની સ્થિતિ છે એ દલિત સમાજ અને આદિવાસી સમાજ કરતાં પણ પછાત છે. જો એમને સક્ષમ કરવા હોય તો ૧૫ મુદ્દાનો વડાપ્રધાનશ્રીનો જે કાર્યક્રમ છે એની સંપૂર્ણ રીતે અમલવારી થાય. જિલ્લાવાઇઝ સમિતિઓ બનાવવાની એની અંદર સૂચનાઓ આપવામાં આવી છે, પરંતુ જિલ્લા સમિતિઓ ૧૫ મુદ્દાના કાર્યક્રમ માટે હજુ સુધી બની નથી. કોઇક વાર વર્ષે એકાદ વખત મિટિંગ થાય અને એ મિટિંગ પણ ચા-પાણી કરીને પુરી, એવી રીતે મળે છે અને આગળ કંઇ થતું

નથી. તો મારી આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, નિયમિત ત્રણ મહિનાનું ધોરણ છે એ ધોરણની અંદર એ સમિતિઓ મળે અને એની અંદર જે કાંઇ ભલામણો છે એની પૂરેપૂરી અમલવારી થાય એ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૫ મુદ્દાના કાર્યક્રમની અંદર ગરીબો, લઘુમતી સમાજના લોકોને એફોર્ડેબલ મકાનો મળી રહે એ માટેની પણ વાત છે. તો હું કહેવા માગું છું કે આપણે જોયું કે એફોર્ડેબલ મકાન જે આપણે બનાવીએ છીએ, વડોદરાની અંદર પણ એવી ઘટના બની. એટલી બધી સંવેદનશીલતા કે એ એફોર્ડેબલ મકાનમાં જ્યારે મુસ્લિમ સમાજના લોકો રહેવા ગયા ત્યારે એમને ત્યાં રહેવા દીધા નહિ અને એવી પરિસ્થિતિ થઇ હતી. મારી વિનંતી એ છે કે એફોર્ડેબલ મકાન ફિફ્ટીન પોઇન્ટ પ્રોગ્રામના આધારે બનાવવા માટેના એવા વિસ્તાર સિલેક્ટ કરવામાં આવે કે જેનાથી લઘુમતી–બહુમતીની અંદર કોઇ વિવાદ કે વિખવાદ ના થાય અને લઘુમતી સમાજને પણ આનો લાભ મળી રહે એવી મારી ખાસ વિનંતી છે. બીજું, જે ગુજરાતના હાજીઓ પહેલાં દિલ્હી અને મુંબઇથી જતા હતા એ માટે પણ વર્ષ ૧૯૯૭માં શ્રી શંકરસિંહ વાઘેલાને મેં રજૂઆત કરી, કેન્દ્ર સરકારમાં રજૂઆત કરી હતી અને ગુજરાતના હાજીઓ અમદાવાદથી જાય તે નિર્ણય લેવડાવ્યો હતો અને અહીંથી હાજીઓ હવે જાય છે પરંતુ આપણે હજ સમિતિઓ હજુ બનાવી નથી. ગયા વખતે તો આપણે હાજીઓ મોકલી ન શક્યા પણ એની પહેલાં પરિસ્થિતિ એવી હતી કે જ્યારે આપણે હાજીઓને મોકલીએ છીએ ત્યારે બહુ જ જેને કહેવાય કે ત્યાં એરપોર્ટ ઉપર અફડાતફડીનો માહોલ હતો. કેમ કે અધિકારીઓ એ કન્ટ્રોલ કરી શકતા નહોતા. તો મારી વિનંતી છે કે હજ સમિતિ જે છે એ તાત્કાલિક બનાવવામાં આવે અને જેના કારણે આ પ્રશ્નો જે છે એનું નિરાકરણ થાય.

શ્રી આત્મારામ પરમાર(ગઢડા) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ગ્યાસુદ્દીનભાઇના પ્રવચનની વાત કરું તે પહેલાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પુરાવું છું અને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ગ્યાસુદ્દીનભાઇએ કુરાનની વાત કરી, આજે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનું બજેટ પણ છે. એમ કહેવાય છે કે, **हिन्दु समाज, गीता पर चलता है, मुस्लिम कुरान पर चलता है और इसाई बाईबल पर चलता है ।** મારું એવું કહેવું છે કે, આ હિંદુસ્તાન આખું ડોકટર બાબાસાહેબ આંબેડકરે બનાવેલા બંધારણ પર ચાલે છે. આ બંધારણની જ્યારે વાત આવી છે ત્યારે હમણાં જ તૈલચિત્રની વાત કરી તૈલચિત્રની વાત આવી છે ત્યારે ડો. બાબાસાહેબ આંબેડકરના નામનો ઉલ્લેખ કરીને વાત કરી છે ત્યારે મારે એક વસ્તુ આપના માધ્યમથી આ હાઉસનું ધ્યાન પણ દોરવું છે કે ડોકટર બાબાસાહેબ આંબેડકરનું તૈલચિત્ર સંસદના બન્ને ગૃહોની વચ્ચે જે સેન્ટ્રલ હોલ છે ત્યાં મૂકાય એ માટેની રજૂઆત કરવા માટે એ વખતના વિપક્ષી નેતા અટલબિહારી બાજપાઇજીના નેતૃત્વ હેઠળ એક સંસદ સભ્યોનું પ્રતિનિધિ મંડળ તે વખતના વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીને મળવા ગયું હતું. એમણે કહ્યું કે **ये सेन्ट्रल होल में सबकी प्रतिमा लगी हैं, तैलचित्र लगा हैं, डॉक्टर बाबासाहेब आंबेडकर का नहीं है, प्रधानमंत्रीश्री ने उस समय कहा कि सेन्ट्रल हाल में जगह नहीं है । आदरणीय अटलबिहारी वाजपेई ने यह कहा कि मिस्टर प्राइम मिनिस्टर, सेन्ट्रल हाल में जगह है लेकिन आपके दिल और दिमाग में डॉक्टर बाबासाहेब आंबेडकर के लिए जगह नहीं है ।** અને ત્યાર પછી ડોકટર બાબાસાહેબ આંબેડકરને ભારતરત્ન એવોર્ડ આપવાની વાત હોય કે એમનું તૈલચિત્ર મૂકવાની વાત હોય એ બિનકોંગી સરકારના શાસનમાં થયું છે ત્યારે હું જ્યારે અનુસૂચિત જાતિના ..

અધ્યક્ષશ્રી : માનનીય આત્મારામભાઇ, શ્રી પુંજાભાઇ, આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે?

પોઇન્ટ ઓફ ઓર્ડર

ગૃહના સભ્ય ન હોય તેવી વ્યક્તિનો ઉલ્લેખ કરવા બાબત

શ્રી પુંજાભાઇ ભી. વંશ માનનીય આત્મારામભાઇએ જે વાત અહીંયા મૂકી છે શ્રી રાજીવ ગાંધીના નામની અને શ્રી અટલબિહારી બાજપાઇજીના નામની. જો સંસદની અંદર રેકર્ડ ઉપર હોય તો અહીંયા વિધાનસભાના રેકર્ડઉપરએની માહિતી મૂકવામાં આવે એવી મારી માગણી છે.

શ્રી આત્મારામ પરમાર: પ્રતિનિધિ મંડળ મળવા ગયેલ તેની વાત છે, સંસદની વાત નથી સાહેબ. મેં કહ્યું કે પ્રતિનિધિ મંડળ મળવા ગયેલ.

અધ્યક્ષશ્રી : આપે જે કહ્યું એનો પુરાવો રેકર્ડ ઉપર મૂકજો.

શ્રી આત્મારામ પરમાર: ઇટ્સ ફેક્ટ..

શ્રી પુંજાભાઇ ભી. વંશ : જો હોય તો વિધાનસભા ગૃહના રેકર્ડ ઉપર મૂકવામાં આવે જો ન હોય તો રેકર્ડ ઉપરથી આ શબ્દો દૂર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : રેકર્ડ ઉપર નથી એમ કહે છે.

શ્રી આત્મારામ પરમાર: એનું કોઇ રેકર્ડ હોતું નથી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : રેકર્ડ ના હોય તો આ વિધાનસભાના રેકર્ડ ઉપરથી આ શબ્દો દૂર કરવામાં આવે તેવી મારી માગણી છે.

શ્રી આત્મારામ પરમાર: ભાઇ, મારી વાત સાંભળો, સંસદમાં પ્રતિનિધિ મંડળ મળવા ગયું હોય તેનું કંઇ રેકર્ડ ના હોય.

અધ્યક્ષશ્રી : આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર હું ધ્યાનમાં લઉં છું અને એનો હું પછીથી નિર્ણય આપીશ.

શ્રી આત્મારામ પરમાર: સાહેબ, મને વધારે હેરાન કરવાની જરૂર નથી. ડોકટર બાબાસાહેબ આંબેડકરની સાથે તમે જે વ્યવહાર કર્યો છે એ વ્યવહારનો ઇતિહાસ જાણવો છે તમારે? સંવિધાન સભામાં ડોકટર બાબાસાહેબ આંબેડકર ના જાય એ માટે પણ સતત પ્રયત્નો તે વખતના કોંગ્રેસના આગેવાનોએ કર્યા હતા. મારે કહેવું પડે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, એમની પાસે વિગત હોય તો માહિતી આપે.

અધ્યક્ષશ્રી : એમણે કોઇ નામ નથી આપ્યું.

શ્રી આત્મારામ પરમાર: ડોકટર બાબાસાહેબ આંબેડકરને..

અધ્યક્ષશ્રી : હવે કોઇ નામ આપ્યું જ નથી. કોઇ નામ નથી આપ્યું.

શ્રી આત્મારામ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તે વખતના શાસકોએ ડો.બાબાસાહેબ આંબેડકર સંવિધાનસભામાં ના આવે તે માટેના પ્રયત્નો કર્યા હતા. મારે ગર્વ સાથે કહેવું પડે કે ભારતીય જનતા પક્ષ, પૂર્વ ઉત્તર જનસંઘ અને તેના હિંદુ મહાસભાના અમારા શ્યામાપ્રસાદ મુખરજીએ બંગાળમાંથી તેમને સંવિધાનસભામાં એન્ટ્રી આપી હતી. ૨૯૬ સંવિધાન સમિતમાં તેમાં ૫૦ સભ્યોની સમિતિ બની તેના વડા સંવિધાન સમિતિના સરદાર વલ્લભભાઇ પટેલ થયા પછી જે ડ્રાફ્ટિંગ કમિટી બની તેના ચેરમેન ડો.બાબાસાહેબ આંબેડકર બન્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ વાત એટલા માટે કરવી પડે છે કે ડો.બાબાસાહેબ આંબેડકર એવા મહામાનવ હતા કે તેની પ્રતિભાને લીધે તે વખતના શાસકો ઝાંખા પડતા હતા અને એટલા માટે ડો.બાબાસાહેબ આંબેડકર જીવ્યા ત્યાં સુધી તેમનું તો અપમાન કર્યું. ભારત રત્ન એવોર્ડ ૪૦-૪૦ વર્ષ સુધી ડો.બાબાસાહેબ આંબેડકરને કોંગ્રેસના શાસનમાં નહોતો આપવામાં આવ્યો તે હકીકત છે, તે ઇતિહાસમાં જોઇ લેજો. મારે એટલા માટે વાત કરવી છે (અંતરાય) ભારતીય જનતા પાર્ટી અને વિપક્ષની સરકાર વખતે આપવામાં આવ્યો હતો. મારે આ વાત એટલા માટે કહેવી પડે છે (અંતરાય) ...

અધ્યક્ષશ્રી : પ્લીઝ, શ્રી નૌશાદભાઇ, તમે જવાબ આપજો.

શ્રી આત્મારામ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે ગુજરાતની વાત કરવી છે. ગુજરાતના બજેટમાં આ વખતે માનનીય મંત્રીશ્રીએ ડો.બાબાસાહેબ આંબેડકરને માન-સન્માન અને તેમનું સન્માન વધે તે માટેની એક સરસ બજેટમાં જોગવાઇ કરીને આવ્યા છે. ડો.બાબાસાહેબ આંબેડકરના જીવનની સાથે જે કેટલાક પ્રસંગો અને સ્થળો જોડાયેલા છે તે પૈકીનું એક પ્રસંગ અને સ્થળ ગુજરાતમાં છે અને તે વડોદરામાં છે. વડોદરામાં કમાટીબાગમાં બેસીને ડો.બાબાસાહેબ આંબેડકરે સમાજની સેવાનો સંકલ્પ કર્યો હતો. એ સંકલ્પ ભૂમિના નિર્માણ માટેની જગ્યા ફળવાય. એ વખતે ૧૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી હતી અને ફરીથી આ બજેટમાં ડો.બાબાસાહેબ આંબેડકરના સંકલ્પ ભૂમિના નિર્માણ માટે બીજી ૧૨ કરોડ રૂપિયાની જોગવાઇ થઇ છે, ત્યારે હું મારા હૃદયપૂર્વકથી તેમને અભિનંદન પણ આપું છું. આ સરકારનો અભિગમ રહ્યો છે કે સમાજના છેવાડાના માણસો, વંચિતો, પીડિતો, શોષિતોની સેવા થાય અને એટલે અમે કહીએ છીએ કે, **" ચલો જલાયે દીપ વહાં જહાં અભી ભી અંધેરા હૈ."** અમે તો આ સમાજના નિર્માણને માટેના સતત પ્રયત્નો કરીએ છીએ. તેને આર્થિક રીતે પગભર કરવાના હોય, શિક્ષિત કરવાના હોય મારે અહીંયા એક વાત કરવી છે કે, આ સમાજને ૨૦-૨૦, ૨૫-૨૫ લાખ રૂપિયા જેવી રકમ આ ગુજરાતના ભારતીય જનતા પાર્ટીના શાસનમાં વિદેશ સહાય માટે આપવામાં આવે છે ત્યારે હું આ માગણીને મારું સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા(ચોટીલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માનનીય મંત્રીશ્રી જે સામાજિક ન્યાય અને કલ્યાણ માટેની માગણીઓ લઇને આવ્યા છે તેના અનુસંધાને હું મારી વાત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૧૧માં બ્રિટિશ સરકાર સમયે સ્વ.ગોપાલકૃષ્ણ ગોખલે એક કાયદો લઇને આવ્યા હતા મજૂરો અને પછાત વર્ગોના બાળકો માટે મફત અને ફરજીયાત શિક્ષણનો કાયદો. એ વખતે પણ એક વર્ગ એવો હતો કે જેણે આ કાયદાનો વિરોધ કર્યો હતો. પછાત વર્ગના બાળકો ભણે કે આગળ આવે તેની સામે તે લોકોને વાંધો હતો. આજે પણ એવો વર્ગ છે કે જે નથી ઇચ્છતો કે એક રીક્ષાવાળાનો છોકરો કે છોકરી આઇ.એ.એસ.બને. આજે પણ એક એવો વર્ગ છે કે જે નથી ઇચ્છતો કે એક સફાઇ કર્મી.નો દીકરો આઇઆઇટીમાં જાય.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિ હોય, જનજાતિ હોય, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના બાળકો હોય, વિચરતી અને વિમુકત જાતિ હોય, આર્થિક રીતે પછાત વર્ગો, લઘુમતી સંભાળ અને જરૂરિયાતવાળા બાળકો, દિવ્યાંગો અને નિરાધાર આ દરેક માટે પેન્શન, શિષ્યવૃત્તિ, આવાસ, સાઇકલ, મફત એસ.ટી.પાસ, કુંવરબાઇનું મામેરું આવી નાની મોટી કલ્યાણકારી યોજનાઓના ભરોસે તેમના ઉપર ઉપકાર કરતા હોય તે પ્રકારની વાત લઇને માનનીય મંત્રીશ્રી તો આવ્યા છે. પરંતુ એમની સક્ષમતા માટે કંઇ કર્યું હોય એવું દેખાતું નથી. માનનીય મંત્રીશ્રીએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા વિકસતી જાતિ કલ્યાણ એટલે કે બક્ષીપંચની આ રાજ્યમાં ૫૪ ટકા વસ્તી છે. જેમ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે અલગથી વિભાગ છે એ જ રીતે બક્ષીપંચ અને SEBC માટે અલગથી વિભાગની માગણી લઇને આવ્યા હોત તો સારું ગણાત. આટલી વસ્તીના પ્રમાણમાં બજેટની માગણી લઇને આવ્યા હોત તો અમને આનંદ થાત. માનનીય મંત્રીશ્રીએ

આવી કોઈ પણ પ્રકારની માગણી કરી નથી, ત્યારે આ OBC સમાજવતી હું આ સન્માનનીય ગૃહ સમક્ષ એવી માગણી કરું છું કે, SEBC માટે અલગથી વિભાગ અને વસ્તીના પ્રમાણમાં બજેટની જોગવાઈ કરવી જોઈએ. લાભાર્થી તરીકે પછાત વર્ગો માટે નાની મોટી કલ્યાણકારક યોજનાઓ તો લાવે છે પરંતુ વિભાગ તરફથી જે પાછલા બારણેથી જે અસરો આ સરકારમાં દેખાઈ રહી છે એના ઉપર બિલકુલ ધ્યાન આપવામાં આવતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ એ જ વર્ગ છે જે પાછલા બારણેથી તા.૦૧/૦૮/૨૦૧૮ જેવા ઠરાવ પસાર કરી પછાત વર્ગોને નોકરી સુધી પહોંચતા અટકાવે છે. આ એ જ વર્ગ છે જે તા.૧૨/૧૦/૨૦૧૮ની જાહેરાતથી પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા પછાત વર્ગના બેકલોગની કે અનામતની જગ્યાઓ માટેની ભરતીની તારીખો વહેલી રાખે છે અને અનામત વર્ગના બાળકોને જનરલ કેટેગરીમાં સ્પર્ધા કરવાની તકથી વંચિત રાખે છે. આ એ જ વર્ગ છે જે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની જાહેરાત ક્રમાંક–૯૦૬/૨૦૧૮–૧૯ વોર્ડ ઓફિસરની ભરતીમાં જનરલ મેરિટમાં બીજા ક્રમે આવેલા પછાત વર્ગના ઉમેદવારને પણ અનામતમાં ભરતી કરી અને પાછા જનરલ સાથે સ્પર્ધા કરવાની તકથી વંચિત રાખે છે. જે પોલીસ સબ ઈન્સપેક્ટર, વર્ગ–૨ ખાતાકીય પરીક્ષા વર્ષ ૨૦૧૫માં ગેરરીતિ થયા પછી એ ઉમેદવારો હાઈકોર્ટમાં જાય છે. હાઈકોર્ટ એમની તરફેણમાં જજમેન્ટ આપે છે અને ત્રણ અઠવાડિયામાં એના નિર્ણયની સૂચના આપેલ હોવા છતાં આજે ૧૪૭ દિવસ થવા આવ્યા છતાં વિભાગ એના ઉપર પગલા લેતો નથી. આ એ જ વર્ગ છે જે GPSC વર્ગ–૧, ૨ અને ૩ની પરીક્ષાઓમાં પણ પ્રીલિમિનરી પરીક્ષામાંથી મુખ્ય પરીક્ષા અને મુખ્ય પરીક્ષામાંથી ઈન્ટર્વ્યૂ સમયે મેરિટ લિસ્ટ તૈયાર થાય છે. તેમાં મેરિટના આધારે લિસ્ટ તૈયાર કરવાના બદલે જાતિ આધારિત મેરિટ લિસ્ટ તૈયાર કરી અને પછાત વર્ગોને ક્યાંક ને ક્યાંક નુકસાન કરી રહ્યા છે. આ એ જ વર્ગ છે જે ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી દ્વારા તા.૨૭/૧૧/૨૦૨૦ની જાહેરાતથી જે ભરતી પ્રક્રિયા થઈ રહી છે એ ભરતી પ્રક્રિયામાં UGC રેગ્યુલેશન એક્ટ ૧૮ મુજબ મેરિટથી ભરતી કરવાના બદલે ઈન્ટર્વ્યૂ આધારિત ભરતી કરી રહી છે. આવા તો અનેક દાખલાઓ છે. જેમ ગૃહમાં જમીન માફિયા, ખનીજ માફિયા, શિક્ષણ માફિયા, ડ્રગ માફિયાઓની વાત થાય છે એ જ રીતે જૂનું કલ્ચર ફરી વખત ઉપસી રહ્યું છે અને એ છે આ રાજ માફિયા. આ રાજ માફિયાઓ વહીવટી તંત્ર અને પછાત વર્ગોના ભવિષ્યને બાનમાં લઈ રહ્યું છે અને * (xxx) પછાત વર્ગોનું પ્રતિનિધિત્વ કરતાં સાથી મિત્રો અહીંયા ઘણા બેઠા છે. સરકારના અતિશય વખાણ કરે છે. ભૂતકાળમાં પણ આવું કલ્ચર હતું. જે લોકોને સત્તા સાથે ભાગીદારી કરવાનો અને સત્તાના વખાણ કરીને પોતાનાં નાનાં મોટાં કામો કરી લેવાનો શોખ હોય છે. એ જ કારણ હતું કે, અંગ્રેજો ૨૦૦ વર્ષ સુધી રાજ કરી ગયા. ૬૦ રૂપિયાના પેન્શન કે પગાર માટે અંગ્રેજોની ગુલામી અને ચાપલુસી કરતા રહ્યા. એ જ કલ્ચર આજે પણ વિધાનસભામાં *(xxx) વખાણ કરીને ચાલી રહ્યું છે.

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દો કાઢી નાંખવામાં આવે.

શ્રી ઋત્વિકભાઈ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય સરકારશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, આવા લોકોથી ચેતવા જેવું છે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. માનનીય સભ્યશ્રી, આપે આપના સંબોધનમાં અધ્યક્ષના સંબંધે કોઈ પણ વાત કહેવી હોય તો ગૃહમાં કહેવાય નહિ. એ આપ અધ્યક્ષની ચેમ્બરમાં કહી શકો, કોઈ રજૂઆત કરી શકો. આપે એ જે વાત કહી એ કાઢી નાંખવામાં આવે છે.

શ્રી કિર્તીસિંહ પ્ર. વાઘેલા(કાંકરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, મહેસૂલ વિભાગ અનુદાન માટેની ૭૯ નંબરની જે માંગણી લઈને આવ્યા છે એનેમારૂ અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણું ગુજરાત રાજયએ અવારનવાર કુદરતી આપત્તિઓ અને વિપત્તિઓને કારણે કુદરતી પ્રકોપનો ભોગ બન્યું છે. કુદરતી આપત્તિઓ, અનાવૃષ્ટિના કારણે પૂર, અનાવૃષ્ટિના કારણે દુષ્કાળ, કચ્છનો ભૂકંપ હોય કે દરિયાઇ સુનામી વાવાઝોડું હોય કે વૈશ્વિક મહામારી કોરોનાના કારણે ગુજરાતે ઘણુ બધુ નુકસાન સહન કર્યું છે. આપણા દેશના પ્રધાનમંત્રીશ્રી અને એ વખતના રાજયના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આપણને કુદરતી આપત્તિઓ અને વિપત્તિઓના સમયમાં સંઘર્ષ સાથે જીવન જીવતા શિખવ્યું છે. આપત્તિઓને અવસરમાં બદલતા શિખવ્યું છે. ગુજરાતમાં આવેલી કુદરતી આપત્તિઓ અને આફતોના કપરા કાળમાં રાજય સરકારે કરેલી બચાવ રાહત અને પુનઃનિર્માણની અદભૂત કામગીરીથી આગળ વધીને ગુજરાતના વિકાસને વેગવંતો બનાવી, ગુજરાતની જનતાનું જીવનધોરણ ગુણવત્તાસભર બનાવ્યું છે. કૃષિ ક્ષેત્રે, વેપાર ક્ષેત્રે અને ઔદ્યોગિક ક્ષેત્રેગુજરાત સુખી અને સમૃધ્ધ દેશનું નંબર ૧ મોડલ સ્ટેટ બન્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના સંવેદનશીલ મુખ્યમંત્રી આદરણીય શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રી આદરણીય નિતીનભાઇ પટેલ સાહેબની સરકાર સાચા અર્થમાં સંવેદનશીલ સરકાર છે. સને ૨૦૧૮ના વર્ષમાં ઓછા વરસાદના કારણે ૫૧ તાલુકા દુષ્કાળગ્રસ્ત અને ૪૫ તાલુકા અસરગ્રસ્ત જાહેર કરી ખેડૂત અને પશુપાલકોના પડખે સરકાર રહી, સરકારે ખેડૂતોને હેકટર દીઠ રૂ. ૬૮૦૦/– લેખે રૂ. ૧૩,૬૦૦/– પ્રમાણે કુલ રૂ. ૧,૬૩૧.૪૦ કરોડની સહાય આપી હતી. રાજયના ૧૧ જિલ્લાઓમાં અસરગ્રસ્ત તાલુકામાં ૩૦૭ ઘાસ ડેપો ખોલી, ઘાસનું વિતરણ કરી, રાજયના પશુધનને બચાવવાનું

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સરાહનીય કામ રાજય સરકારે કર્યું છે. રાજયની ગૌશાળાઓ અને પાંજળાપોળના પશુપાલકોને કુલ ૫,૭૨,૪૧૬ પશુઓને નિભાવ સહાય પેટે રાજય સરકારે સહાય કરી છે. રાજય સરકાર દ્ધારા ગૌશાળા અને પાંજરાપોળના પશુઓને કેટલ ફીડ સહાય પેટે રૂ. ૪૩૨.૧૨ કરોડની માતબર રકમની સહાય ચૂકવવામાં આવી છે. કોરોનાના કપરાકાળ દરમિયાન હવામાન વિભાગની નિસર્ગ વાવાઝોડાની સંભવિત આગાહી પ્રમાણે ૩૫૦થી ૯૫૦ કિ.મી.ની ઝડપે વાવાઝોડું ત્રાટકવાની શકયતાઓને રાજય સરકારે તાકીદના ધોરણે આયોજન કરીને, રાજયના મુખ્યમંત્રીશ્રી દ્ધારા ઝીરો કેઝયુલિટી એપ્રોચથી બચાવ અંગેની કામગીરી કરવા સમગ્ર તંત્રને સચેત રાખવામાં આવેલું. ઇશ્વરની કૃપાથી આ કુદરતી આપત્તિ આપણા ઉપરથી ટળી હતી.અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબની સરકાર દ્ધારા કુદરતી આપત્તિ અને વિપત્તિઓ અને કોરોના કાળમાં કરેલી સરકારની અદભૂત કામગીરીથી ગુજરાતની પ્રજા ખુશ થઇને એણે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીની અંદર તાલુકા પંચાયત હોય કે જિલ્લા પંચાયત હોય કે પછી નગરપાલિકા હોય કે મહાનગરપાલિકાઓ હોય એમાં ભારતીય જનતા પાર્ટીને ભવ્ય વિજય અપાવ્યો છે.

આપના માધ્યમથી સન ૨૦૧૭માં બનાસકાંઠામાં આવેલ બનાસ નદીના પૂરના સમયે સરકારશ્રીએ કરેલી સરાહનીય કામગીરી સન્માનનીય સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું. બનાસકાંઠામાં આવેલું પૂર એ મારા કાંકરેજ વિધાનસભા ક્ષેત્ર મારું ગામ ખારીયા અને હું પોતે પણ એ પૂરમાં અસરગ્રસ્ત હતો, પૂરના એપી સેન્ટરમાં હતો. એ પૂરની ગોઝારી રાતના સમયે બનાસ નદીમાં જે પૂર આવ્યું અને આ વિસ્તારના લોકોને પોતાના પરિવાર અને માલ મિલકત, ઢોરઢાંખર બચાવવા માટે કોલ આવતા હતા એ સ્થિતિને યાદ કરતાંઆજે પણ મારા શરીરમાં રૂંવાડાં ઉભા થઇ જાય છે. પૂર હોનારતની અંદર અમારા વિસ્તારના લોકોએ જે સહન કર્યું હતું.

શ્રી નૌશાદ ભ. સોલંકી**(**દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણી પ્રત્યે હું મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

જયારે પણ બજેટ આવતું હોય ત્યારે ગુજરાતના ૫૦ લાખ દલિતો વંચિતો અને પછાત સમાજની ખૂબ મોટી આશાઓ આ બજેટકરતી હોય છે. પરંતુ જે પ્રકારનું બજેટ આ વખતે આવ્યું છે ખૂબ ક્ષુલ્લક બજેટ લાગી રહ્યું છે. ગત વર્ષે કુલ બજેટની જોગવાઇ સામે બે ટકા ફાળવેલ હતું એ આ વખતે માત્ર ૧.૯ ટકા થઇ ગયું છે. બજેટમાં એવું લાગી રહ્યું છે કે જાણે દલિતો, વંચિતોના કલ્યાણ માટે સાતફેરા હોય, સાઇકલો હોય, મામેરા હોય એના દાનના જાણે ટૂકડાઓનો ઘા કરતાં હોય અને એક પ્રકારે સમાજ ઉપર ઉપકાર કરતાં હોય આ પ્રકારની ફાળવણી સિવાય કોઇ જ આ બજેટની અંદર કોઇ નવી જોગવાઇ કરવામાં આવી નથી. રૂપિયા ૪,૩૫૩ કરોડનું બજેટ છે, પરંતુ આ બજેટની અંદર ખરેખર અનુસૂચિત જાતિ માટેની વાત છે. એમાં અનુસૂચિત જાતિ વિચરતિ જાતિના બાળકો માટે સ્કોલરશીપ રૂપિયા ૫૪૯ કરોડ, આંબેડકર આવાસ યોજના અને પંડિત દીનદયાળ આવાસ યોજના માટે ૧૫૯ કરોડ રૂપિયા. નવમાં ધોરણમાં સ્કોલરશીપ માટે રૂપિયા ૧૭૧ કરોડ, માનવ ગરિમા યોજના માટે રૂપિયા ૪૪ કરોડ, સાતફેરાની યોજના માટે રૂપિયા દસ કરોડ, સ્માર્ટ કલાસ બનાવવા માટે રૂપિયા ૩ કરોડ, અનુસૂચિત જાતિના છાત્રાલય માટે રૂપિયા ૩ કરોડ, ગાંધીનગર સમરસ છાત્રાલય માટે રૂપિયા એક કરોડ અને વડોદરા સંકલ્પ ભૂમિ માટે રૂપિયા ૧૨ કરોડ. આમ, માત્ર ૮૯૨ કરોડ રૂપિયા જ આ ચાર હજાર કરોડ રૂપિયામાંથી ખરેખર કંઇક દલિત માટે વપરાતા હોય તેવું લાગી રહ્યું છે. આનો સીધો અર્થ એ થયો કે બાકીના રૂપિયા કયાંય પણ દલિતોના કલ્યાણ માટે વપરાતા નથી. એમાંય ગત વર્ષે શિષ્યવૃતિ માટે ૫૭૫ કરોડ રૂપિયા ફાળવ્યા હતા, એ ઘટીને આ વર્ષે રૂપિયા ૫૪૯ કરોડ થયા છે. સ્કોલરશીપ ઘટાડી એનો અર્થ એ થયો કે દલિતના બાળકોનું કયાંકને કયાંક શિક્ષણ છીનવાઇ ગયું છે. આમ, તો માનનીય વડાપ્રધાનશ્રીએ દેશની સૌથી મોટી પંચાયત સંસદની અંદર નવા શબ્દ કોષ આપણને આપ્યા છે. પરજીવીઓ હોય, આંદોલન જીવીઓ હોય, ત્યારે મને એ શબ્દની અંદર નવો શબ્દ ઉમેરવાનો મન થાય છે,આને જુમલાજીવી એક શબ્દ ઉમેરવો જોઇએ. જેથી કરીને દેશના ગૃહમંત્રીશ્રીને પણ થાય કે એમની વાત ઘ્યાને લેવાણી છે. અમારા ઉપનેતાશ્રીએ તકેદારી કમિટીની વાત કરી હતી. પરંતુ જે તકેદારી કમિટીમાં ૨૫ સભ્યોનું લિમિટેશન હતું એ કેન્દ્ર સરકારે હટાવી દીધું છે અને તેના કારણે તમામ દલિત સમાજના ધારાસભ્યો બાયડિફોલ્ટ આ તકેદારી સમિતિના સભ્યો બને છે, પરંતુ આજની તારીખ સુધીમાં તેનું નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું નથી અને તેની મિટિંગ પણ બોલાવવામાં આવતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સ્પેશિયલ એટ્રોસિટી કોર્ટની રચના કરવાની વાત કરવામાં આવી હતી. પછી આણંદ, પાલનપુર, ભરૂચ, ભાવનગર, ગાંધીનગર, જામનગર, જૂનાગઢ, ભૂજ, મહેસાણા, પાટણ, રાજકોટ, સુરેન્દ્રનગર આમાં કોઇ જગ્યાએ કોઇ સ્પેશિયલ કોર્ટ હોય અને માત્રને માત્ર ત્યાં એટ્રોસિટીના જ કેસ ચલાવાતા હોય એવી એક પણ કોર્ટ આજની તારીખ સુધીમાં ચલાવવામાં આવી નથી. તેના કારણે સેંકડો કેસો આજની તારીખમાં પડતર છે. દેશની અંદર જે એટ્રોસિટીનું પ્રમાણ છે એ રાષ્ટ્ર કક્ષાએ ૨૦.૩ ટકા છે, જયારે ગુજરાતની ટકાવારી ૩૬.૩ ટકા સાથે એ દેશની અંદર ચોથા નંબરનું સૌથી મોટું એટ્રોસિટી પ્રોન રાજ્ય છે. પોલીસની હાજરીમાં દલિતો ઉપર હુમલા થાય. વારંવાર રક્ષણની માગણી કરવામાં આવી હોય તેમ છતાં તેને રક્ષણ આપવામાં ન આવે અને તેની હત્યા થાય. ગત વર્ષે જે હત્યા થઇ હતી, ત્યારે રાજ્ય સરકાર દ્ધારા લેખિત બાંહેધરી આપવામાં આવી હતી કે કોઇ પણ દલિત પોતાની ઉપર જાનના હુમલાનું જોખમ કહેશે તો તેને રક્ષણ આપવામાં

આવશે. પરંતુ સણોસરામાં પોલીસની હાજરીમાં એક દલિતની હત્યા થઇ છે. આવી *(xxx) એક પ્રકારે અનામત નીતિનો જાણે છેદ ઉડી ગયો હોય, મારા સાથી ધારાસભ્યે ખૂબ કિસ્સાઓ ગણાવ્યા પણ તાજેતરનો જ કિસ્સો. તા. ૧૫-૩-૨૦૨૧ના રોજ પી.એસ.આઇ. હથિયારધારી અને પી.એસ.આઇ. બિન-હથિયારધારીની ભરતી બહાર પડી છે. તેમાં ૩૦૦ બિન હથિયારધારી પી.એસ.આઇ.માં માત્ર એક પુરુષને એસ.સી. સમાજમાંથી સીટ ફાળવવામાં આવેલ છે. જ્યારે બિન હથિયારધારી પી.એસ.આઇ.માં માત્ર બે પુરુષ, જ્યારે મહિલા એસ.સી.ને તો એક પણ સીટ ફાળવવામાં આવી નથી. આ બધી બાબતો પરથી આપણને એવું લાગી રહ્યું છે કે ક્યાંકને ક્યાંક અનુસૂચિત જાતિ સમાજ પ્રત્યે અનામતનો જેને લાભ મળવો જોઇએ એ મળતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, દલિત સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ જે વિદેશ અભ્યાસની લોન માટે એપ્લાય કરતા હોય છે તેનું પોર્ટલ જ બંધ રાખવામાં આવે છે અને કોઇ નિશ્ચિત સમય, એક મહિના માટે પોર્ટલ ખોલવામાં આવે, જ્યારે વિદેશમાં અમેરિકા, લંડન, જર્મની, રશિયામાં એડમિશનની પ્રક્રિયા જુદા જુદા મહિનાઓમાં છે. ત્યારે એ વિદ્યાર્થીને વિઝા લેવાના હોય, બીજી અનેક કાર્યવાહી કરવાની હોય તો એક મહિનામાં કઇ રીતે કરે? એ પ્રકારે વિદેશ જતા રોકીને ઉચ્ચ અભ્યાસથી રોકવામાં આવે છે. એટ્રોસિટીનો બનાવ બને ત્યારે તેને સારવાર માટે, તેને કેસના ખર્ચ માટે સહાય આપવામાં આવે છે. ગુજરાતમાં સજા માટેનો ૩ ટકા જ રેશિયો છે. જ્યારે તેમાં આરોપીઓ નિર્દોષ છૂટી જાય છે, ત્યારે એવા કિસ્સામાં બનાસકાંઠા કોર્ટે એ વળતર પાછું લેવાનો હુકમ કર્યો છે ત્યારે મને દુઃખ થાય છે કે રાજ્ય સરકારે તેની સામે ફર્સ્ટ અપીલ પણ દાખલ કરી નથી. તેને ઇજા થઇ હોય, કેસ થયો હોય તેના વળતર પેટે એ સહાય કરવામાં આવી છે. એ વળતર પાછું ખેંચવાની વાત આવે તો રાજ્ય સરકારે ફર્સ્ટ અપીલ કે હાઇકોર્ટની અંદર દાખલ કરીને તેની સામે ન્યાય મેળવવો જોઇએ. જ્યારે પણ અપરાધીઓ નિર્દોષ છૂટી જાય છે ત્યારે રાજ્યમાં એક પણ કિસ્સાની અંદર આ ભાજપની સરકાર અપીલ દાખલ કરતી નથી તેના કારણે આજે *(xxx) ઉનાની ઘટના યાદ કરીએ કે થાનગઢની ઘટના યાદ કરીએ. અનુસૂચિત જાતિની કન્યાઓની કેળવણીમાં મેડિકલ અને ઇજનેરી કોલેજોમાં લાભ આપવામાં ૨૦૦૫ સુધી આવકનું ધોરણ લાગુ પડતું નહોતું. જ્યારે આજની તારીખમાં આદિજાતિની કન્યાઓને આવકનું ધોરણ લાગુ પડતું નથી. તો શા માટે અનુસૂચિત જાતિની કન્યાઓને આ આવકનું ધોરણ લાગુ પડે છે?

માનનીય અધ્યક્ષશ્રી, ડો. આંબેડકર ફાઉન્ડેશન. રાણીપ ખાતે આવેલું છે. તત્કાલિન મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાનશ્રીએ તેનું ઉદઘાટન કરેલું અને ત્યાં આંબેડકર મ્યુઝિયમ બનાવવાની વાત કરી હતી. આજની તારીખમાં ડો. આંબેડકર ફાઉન્ડેશનમાં મ્યુઝિયમ શરૂ થયું નથી. ગાંધીનગરમાં આંબેડકર હોલ આવેલો છે. સાવ જર્જરિત અવસ્થામાં આ હોલ છે. તેનું પણ કોઇ જાતનું સમારકામ થતું નથી. મારા મત વિસ્તારમાં આંબેડકર ભવન સંપૂર્ણ બિસ્માર હાલતમાં હોવાથી મેં અનેક વખત માનનીય મંત્રીશ્રી પાસે માગણી કરી છે કે આનું નવનિર્માણ કરવામાં આવે પરંતુ એ પણ કરવામાં આવતું નથી.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરૂં થાય છે. *(xxx) એ શબ્દો કાઢી નાંખવામાં આવે છે.

**વિરામ- બપોરના ૨-૩૦થી ૩-૦૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી શંભુજી એ. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર સાહેબ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણી નંબર-૯૨ લઇને આવ્યા છે એને સમર્થન કરવા અને મારા વિચારો રજૂ કરવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર, આદરણીય વડાપ્રધાનશ્રી મોદીસાહેબનું સૂત્ર '' સૌનો સાથ સૌનો વિકાસ અને સાથે સાથે સૌનો વિશ્વાસ '' અને ભારતીય જનતા પાર્ટીએ પંડિત દીનદયાળ ઉપાધ્યાયના સિદ્ધાંતો મુજબ સમાજનો છેવાડાનો માનવી સરકારની યોજનાથી વંચિત ના રહે એના માટે સરકાર યોજનાઓ બનાવે છે અને આ યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચે એની સરકાર ચિંતા કરે છે. સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગ એ સામાજિક રીતે અને આર્થિક રીતે બન્ને રીતે પાછળ છે એની સાથે સાથે શૈક્ષણિક રીતે પણ આ સમાજ ખૂબ પાછળ છે, ત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર આ સમાજની આર્થિક પરિસ્થિતિ સુધરે, સમાજ શિક્ષણ લઇને આગળ આવે એ માટે યોજનાઓ કરે છે. એના માટે ગામડે ગામડે સેવા સેતુનો કાર્યક્રમ કર્યો અને એનો સૌથી મોટો લાભ જો કોઇને મળ્યો હોય તો સામાજિક રીતે, આર્થિક રીતે વિચરતી જ્ઞાતિને મળ્યો છે અને એ પછી એ વખતના મુખ્યમંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગરીબ કલ્યાણ મેળા કર્યા, તાલુકા કક્ષાએ ગરીબ કલ્યાણ મેળાઓ કરી અને જેમને જરૂરિયાત છે એવા માણસોને ત્યાં ભેગા કરી એક જ સ્થળે તેમને આજીવિકા માટેના સાધનોની સહાય આપવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. અમે નાના હતા ત્યારે સાંભળતા હતા, આદરણીય પ્રોફેસર કુબેરભાઇએ પણ કાલે કહ્યું કે એ વખતે સૂત્રો આ સમાજમાં બોલાતા હતા કે ''આધી રોટી ખાએંગે, કોંગ્રેસ કો લાએંગે'', આ સમાજ કોંગ્રેસ સાથે પરંપરાગત રીતે રહેલો છે, પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે કોરોનાની મહામારીમાં છેવાડાનો ગરીબ માણસ ભૂખ્યો ના સૂવે એના માટે આઠ-આઠમહિના સુધી ચોખા અને અનાજઆપવાનું કામ કર્યું છે અને આપણે એના પરિણામ જોઇ શકીએ છીએ કે મહાનગરપાલિકાઓની ચૂંટણીઓ, તાલુકા અને

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

નગરપાલિકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓમાં આ સમાજે ભારતીય જનતા પાર્ટીને પ્રથમ વખત બહુમતિ આપી ૬ મહાનગરપાલિકાઓ, ૧૯૬ જેટલી નગરપાલિકાઓ અને ૩૧-૩૧ જિલ્લા પંચાયત આ સમાજના મતોથી ભારતીય જનતા પાર્ટીને મળી છે. ગાંધીનગર વર્ષ ૧૯૬૬માં બન્યું એ પછી પ્રથમ વખત ગાંધીનગરની જિલ્લા પંચાયત ભારતીય જનતા પાર્ટીની બની છે. ૨૮માંથી ૧૯ સીટો આ ભારતીય જનતા પાર્ટીને મળી છે, ત્યારે આ સમાજના બાળકો શિક્ષણથી વંચિત ન રહે, આ સમાજ આવાસથી વંચિત ન રહે એના માટે ભારતીય જનતા પાર્ટીની સરકારે શૈક્ષણિક યોજનાઓ, એ બાળકોને ૧થી ૮ ધોરણ હોય તો એમને ગણવેશ આપવાનું કામ, આવા બાળકોને સ્કોલરશીપ આપવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. એફોર્ડેબલ હાઉસ યોજના હેઠળ શહેરમાં સારામાં સારા મકાનો, કોંગ્રેસના શાસનમાં અમે જોયા હતા. હુડકો બનાવતા હતા એ હુડકોમાં એક જ રૂમનું મકાન હોય અને એમાં કોઇ રહી શકે નહીં એવા આવાસ ગરીબોને આપતા હતા. આજે જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર એફોર્ડેબલ હાઉસ બનાવે છે ત્યારે ચાંદખેડા મુકામે જ્યારે આવા હાઉસમાં અમે ઉદઘાટન કરવા ગયા ત્યારે ત્યાં મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી પણ હાજર હતા. આપણા નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહેલું કે શ્રી શંભુજી, આ ગરીબોના આવાસો તો આપણા એલ.એલ.એ.ના મકાનો કરતાં પણ સારા મકાનો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ગરીબોને માટે આપ્યા છે. સૌથી વધારે જો લાભ મળ્યો હોય તો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગને આનો લાભ મળ્યો છે.

અધ્યક્ષશ્રી : એમ.એલ.એ. માટેના કયા મકાનો એ ખુલાસો કરજો. જે અગાઉ જમીન આપેલી એ?

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યો માટે સારા મકાનો બનાવવા માટે માનનીય અધ્યક્ષશ્રીએ સૂચન કર્યું છે. ત્યારે એના માટે સરકાર જમીન જોઇ રહી છે અને આ ધારાસભ્યોને સારા મકાનો સરકાર આપવાની છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોમાં ૧૪૫ જેટલી જ્ઞાતિઓ છે.શિક્ષણ અને સામાજિક રીતે એ લોકો આગળ આવે એવા ખૂબ પ્રયત્નો થઇ રહ્યા છે ત્યારે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

શ્રી અમરીષભાઇ જી. ડેર(રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારો વિસ્તાર એટલે રાજુલા વિસ્તાર. એ વિસ્તારમાં અંદાજે ૨૫ વર્ષ પહેલાં મારા તાલુકાના ૩ ગામો રામપરા, ઉચૈયા અને ભેરાઇમાંથી વર્ષ ૧૯૯૭-૯૮માં અંદાજે ૬૦૦ એકર ખેડૂતોની જમીન સંપાદન કરીને ૨૦૦ એકર જમીન સરકારી પડતર જે હતી એટલે કુલ ૮૦૦ એકર જમીન ઉપર ૧ હજાર મેગાવોટનું પાવર સ્ટેશન બાંધવા માટે ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડ નામની કંપનીને ૧૭૦ જેટલા ખેડૂતો પાસેથી જમીન લઇને આપી છે. કોઇપણ ઉદ્યોગ માટે સરકાર જ્યારે જમીન સંપાદન કરે ત્યારે અમુક વર્ષ સુધી જો એનું પ્રોડકશન ન થઇ શકે અથવા ઉપયોગમાં ન લેવાની હોય તો હું માનું છું કે, જે તે ખેડૂત ખાતેદારને જમીન પરત આપવી જોઇએ. આમાંના ઘણા ખેડૂત ખાતેદારો એવા હતા કે જેમણે વાંધા સાથે માનનીય કલેકટરશ્રીના ખાતામાં સીધા પૈસા જમા થયા એ આજની તારીખ સુધી પોતાની જમીનનું વળતર પણ લીધું નથી.હું માનું છું કે, આવા બધાં જ ખેડૂતોને જમીન પરત આપવી જોઇએ.અંદાજે ૨૫ વર્ષ જેટલો સમય ગયો પછી આ સરકારી કંપનીએ ખાનગી કંપની ટોરન્ટ કંપનીને આ જમીન આપી.સદભાગ્યે ત્યાં વિરોધ થયો અને મારી પાસે સમાચાર છે એ મુજબ હાઇકોર્ટમાં ટોરન્ટ પાવર હારી અને એ જમીનનો કબજો સરકાર પાસે છે. આપના માધ્યમથી મંત્રીશ્રીને વિનંતી કરી રહ્યો છું કે ક્યાં તો આ જમીન જે ખેડૂત ખાતેદારોની હતી એમને પરત આપવામાં આવે અથવા રાજ્ય સરકારે મારા વિસ્તારમાંજી.આઇ.ડી.સી. એનાઉન્સ કરી છે એને આપે.જેથી કરીને ત્યાંના લોકોમાં રોજગારીનું પ્રમાણ વધે.આજે પણ એ ૨૫ વર્ષથી જમીન પડતર પડી રહેલી છે અને અંદાજે ૧૦૦ જેટલા સિંહોનો ત્યાં વસવાટ છે અને ગુડ્ઝ ટ્રેનોમાં અને મેઇન રોડ ઉપર જ્યાં સિંહોના મૃત્યુ થાય છે એને અટકાવી શકાય એવી સ્થિતિ છે. આપના માધ્યમથી વિનંતી કરું છું કે ક્યાં તો આ જમીન ખેડૂત ખાતેદારોને પરત આપે અથવા જી.આઇ.ડી.સી. માટે આ જમીનનો ઉપયોગ થાય.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા ઇચ્છું છું કે મારા રાજુલા, જાફરાબાદ અને ખાંભાની અંદર જે ખેડૂત ખાતેદારો હક્કપત્રક ૬ ધરાવે છે એની જૂની લેખિત પ્રતો હતી એના બદલે નવી કોપી સ્કેન કરીને કોપીઓ આપવામાં આવે છે એ વંચાય એવી સ્થિતિમાં નથી. એટલા માટે ખડૂતોને વારંવાર ધક્કા ખાવા પડે છે. પૈસાનો અને સમયનો બગાડ થાય છે, એટલા માટે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરી રહ્યો છું કે, ખેડૂતના અને સામાન્ય લોકોના પૈસા અને સમયનો વ્યય ના થાય એટલા માટે ફરી વખત આવી કોપીઓ છે એને સ્કેન કરાવીને અપલોડ કરવામાં આવે તો સરકારી તંત્રને અને ગ્રાહકોને મુશ્કેલી ના પડે એવી પણ હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારની અંદર મીઠાના અગરો ઘણા બધા પ્રમાણમાં આવેલા છે. આપણે થોડા દિવસ પહેલા જ જોયું કે સવિનય કાનૂનનો ભંગ કરીને આપણા દેશના રાષ્ટ્રપિતા આદરણીય મહાત્મા ગાંધીજીએ આ ચવળવમાં ભાગ લઇને નમક માટેની વાત કરી તો હું એવું માનું છું કે આજે પણ નાના અગરિયાઓ એની એ જ સ્થિતિમાં જીવે છે ત્યારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે મારા રાજુલા, જાફરાબાદ અને ખાંભા સહિત આખાય ગુજરાતની અંદર જે નાના મીઠાના અગરો ધરાવતા બે એકરથી વીસ એકર સુધીની લીઝ ધારકોને ખોટી રીતે હેરાન કરીને નોટિસો ના આપવામાં આવે અને જે રીતે મોટી કંપનીઓને આપણે એક દિવસમાં ત્રીસ પ્રકારની મંજૂરીઓ રાત્રેને રાત્રે આપી દઇએ છીએ એની સામે અમારો વાંધો હોય તો પણ અમારું ચાલે તેમ નથી. પણ આવા લોકોને હેરાન ના કરીએ. જેથી નાના લોકો પણ પોતાના પરિવારનું ગુજરાન

ચલાવી શકે કે જેના હિસાબે આ મીઠાની વાત હતી અને માનનીય આપણા વડાપ્રધાનશ્રી પણ થોડા દિવસ પહેલા આવ્યા હતા અને સૌથી વધુ અગરિયાઓ જે ભોગવી રહ્યાં છે એ ના ભોગવે એવી વિનંતી કરું છું કે આ બાબતે યોગ્ય થાય.મારા પહેલાના વકતા સિનિયર ધારાસભ્યશ્રી કહી રહ્યાં હતા કે ''આધી રોટી ખાએગેં, કોંગ્રેસ કો બચાયેગેં'' ફરી વખત આ સ્થિતિ આવી છે. અમારું સૂત્ર એ દિવસે એવું હતું કે– ''આધી રોટી ખાએગેં, દેશ કો બચાએગેં'' હતું અને તમે જે રીતે કહો છોને સબ સે બડા દેશ એ અમારી માનસિકતા હતી. એટલે વિનંતી કરું છું કે છેવાડાના માણસને જઇને જો પૂછશોને તો ખ્યાલ આવશે કે કેટલું પ્રાપ્ત થયું હતું અને કેટલું તમે ભેગા થઇને વેચ્યું છે? એટલા માટે આવી ખોટી કોમેન્ટ ન થાય એટલા માટે વિનંતી કરું છું. વધુ વાત ના કરતા જે ત્રણ મુદ્દાની ચર્ચા કરી છે જે જે વિસ્તારોની અંદર મહેસૂલ વિભાગ હસ્તક આવી જમીનો પડી છે એ ક્યાંક ને ક્યાંક ઉપયોગમાં લેવાય તો એ વિસ્તાર માટે અને લોકો માટે પણ સારું થશે અને સરકારને પણ બેવડા ધોરણની જે નીતિઓ છે એ નહિ અપનાવવી પડે. એટલે આપના માધ્યમથી ત્રણેય વિનંતીઓ સાથે વિરમું છું. માનનીય અધ્યક્ષશ્રી, આપનો ખૂબ ખૂબ આભાર.

અધ્યક્ષશ્રી : ધન્યવાદ આપને. આપે ૧૫ સેકન્ડ બચાવી. માનનીય શ્રી પ્રદિપભાઇ.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રીશ્રી માગણી ક્રમાંક ૯૫ લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન આપીને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૪મી એપ્રિલ, ૧૮૯૧ સુબેદાર રામજી અને માતા ભીમાબાઇના ૧૪માં સંતાન તરીકે મધ્યપ્રદેશના મહુ સૈનિક છાવણીમાં જન્મેલા વિશ્વ વિભૂતિ, મહામાનવ, ભારતરત્ન ડો.આંબેડકર અને તેમના પરિવારના નામ સાથે યોજનાઓ કરવા બદલ સંવેદનશીલ સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. મારા સમાજના ભાઇ–બહેન વિદેશમાં અભ્યાસ કરવાની ઇચ્છા કરતો હોય તો આ સરકાર તેને વિદેશમાં અભ્યાસ કરવા માટેની સહાય આપે છે. એ જ રીતે કોમર્શિયલ પાયલોટની પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર જ્યારથી ગુજરાતમાં આવી છે ત્યારથી દલિત સમાજનો ભાઇ કોમર્શિયલ પાયલોટ તરીકે પણ સફળતા પ્રાપ્ત કરે છે. માનવ ગરિમા યોજનાથી નાનો ગરીબ વ્યક્તિએ આજે મોટા વેપારી સુધી હરણફાળ ભરી છે. ડો. પી.જી. સોલંકી ડોક્ટર અને વકીલ સહાયની પણ યોજનાઓ છે. દુકાન, શેડ વગેરે ખરીદવા પણ આ સરકાર લોન અને સહાયની મદદ કરે છે. સંત રવિદાસ ઉચ્ચ કૌશલ્યવર્ધક તાલીમ યોજનામાં હાઇસ્કીલ અપગ્રેડેશનમાં પણ સરકાર મદદ કરે છે. પૂજ્ય સ્વામી તેજાનંદ કર્મકાંડ તાલીમ યોજના હોય, સરસ્વતી સાધના યોજનામાં મારી બહેનદીકરીઓ દૂરના ગામડા સુધી ભણવા જાય ત્યારે સાઇકલની સહાય આપવામાં આવે છે. એ જ રીતે ડો. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્નમાં અમારી સરકાર સહાય આપે છે. માત્ર લવ જેહાદમાં અમારી સરકાર કોઇ સહાય આપતી નથી. કુંવરબાઇનું મામેરું હોય, મા–રમાબાઇ સાત ફેરા હોય એમાં પણ અમારી સરકાર ખૂબ મદદ કરતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણના વિકાસ માટે નિવાસી સગવડો, સુબેદાર રામજી આંબેડકર છાત્રાલયો, ડો. બાબાસાહેબ આંબેડકર સરકારી છાત્રાલયો, જુગતરામ દવે આશ્રમશાળાઓ, મામાસાહેબ ફડકે આદર્શ નિવાસી શાળાઓ, સ્વામિ વિવેકાનંદ સમરસ છાત્રાલય હોય એ જ રીતે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમમાં જે વાહનોની લોન સહાય આપવામાં આવે છે, એમાં મારી આપને વિનંતી છે કે અર્ટીગા ગાડી હોય, સીઆજ હોય, ડિઝાયર હોય, સ્વિફ્ટ હોય, ટાવેરા, ઇનોવા, ઇટીયોસ, સ્કોર્પિયો વગેરે ગાડી આપવાથી આ લોકો પોતાનો ધંધો રોજગાર સારા લોકો સાથે ફાઇવ સ્ટાર હોટલ કે એરપોર્ટ ઉપર કરી શકશે.કોંગ્રેસના મિત્રોએ કહ્યું છે એનો જવાબ આપવાની મારી ઇચ્છા છે. વર્ષ ૧૯૫૨માં પ્રથમવાર લોકસભામાં ચૂંટણીમાં હરાવનાર કોણ હતા? કોંગ્રેસી હતા. બાબાસાહેબને ભારત રત્નથી વંચિત રાખનાર કોણ હતા? કોંગ્રેસી હતા. વર્ષ ૧૯૫૪માં અમદાવાદ કાલુપુર રેલ્વે સ્ટેશને બાબાસાહેબને ગોબેક કહેનારા અને કાળો વાવટો બતાવનારા કોંગ્રેસી હતા. સંસદના સેન્ટ્રલ હોલમાં પૂરા કદનું તૈલચિત્ર મૂકવાનો ઇન્કાર કરનાર કોંગ્રેસી હતા. હિન્દુ કોડબિલનો વિરોધ કરી કાયદામંત્રી પદેથી રાજીનામુ આપવા માટે મજબૂર કરનાર કોંગ્રેસી હતા. ૬ ડિસેમ્બર, ૧૯૫૬ નવી દિલ્હી ખાતે અંતિમ સંસ્કારમાં સમાધિ સ્થાન માટે જમીન આપવાનો ઇન્કાર પણ આ જ કોંગ્રેસે કર્યો હતો. કેવળ નહેરૂ, ગાંધી પરિવારના સ્મારકો ઉભા કરી બાબાસાહેબના સ્મારકો ન બને એવો પ્રયાસ કોંગ્રેસે કર્યો હતો. બાબાસાહેબે બનાવેલા ગૌરવશાળી બંધારણનું અપમાન કરનારી પણ આ કોંગ્રેસ હતી. કેવળ દલિતોના મસીહા તરીકે નહીં, પણ આગવી ઓળખ ઉભી કરનારાને મહારાષ્ટ્રના ભંડારાની લોકસભાની બેઠકની પેટા ચૂંટણી હરાવનાર પણ આ કોંગ્રેસ હતી.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૪માં જસ્ટિસ રંગનાથ મિશ્રા આયોગ થકી દલિતોના અનામતનો અધિકાર ઝુંટવી લેવાનો પ્રયત્ન કરનાર કોંગ્રેસ હતી. વર્ષ ૧૯૫૩માં સૌ પ્રથમવાર રાજ્યસભામાં ચૂંટાવા બદલ મદદ કરવા માટે ભારતીય જનતા પાર્ટીના લોકો હતા. વર્ષ ૧૯૮૯માં ભારત રત્ન એવોર્ડ માટે પ્રસ્તાવ મૂકનારી અમારી પાર્ટી હતી. વર્ષ ૧૯૮૯માં સેન્ટ્રલ હોલમાં પૂરા કદનું તૈલચિત્ર મૂકવા માટે પણ અમારી પાર્ટીએ પ્રસ્તાવ મૂક્યો હતો. વર્ષ ૧૯૯૧માં ઇન્દોર મહુ ખાતે જન્મભૂમિ સ્મારક બનાવનાર અમારી પાર્ટી હતી. વર્ષ ૧૯૯૫માં મુંબઇ દાદર ખાતે ચૈત્યભૂમિ સ્મારક બનાવનાર પણ અમે હતા. વર્ષ ૨૦૦૨માં દિલ્હીમાં ૨૬, અલીપુર રોડ આંબેડકરજીએ જયાં છેલ્લા શ્વાસ લીધા હતા એ ખાનગી મકાન, બંગલાને ખરીદીને રાષ્ટ્રને અર્પણ કરનાર પણ અમારી સરકાર હતી. ૨૪ જાન્યુઆરી, ૧૯૧૦ના રોજ કાયદા મંત્રી તરીકે નિવાસસ્થાન ૧૫, જનપથ નવી દિલ્હી ખાતે રૂપિયા ૨૦૦ કરોડના ખર્ચે ડો. આંબેડકર આંતરરાષ્ટ્રીય રિસર્ચ સ્ટડી સેન્ટર ઉભું કરનાર પણ અમારી પાર્ટી હતી. ૨૪

ઓકટોબર, ૨૦૧૬ મુંબઇ ઇન્દુ મિલની રૂ. ૧૨૦૦ કરોડની સાડા તેર એકર જમીન ઉપર રૂ. ૩૫૦ કરોડના ખર્ચે ડો. આંબેડકર નેશનલ મેમોરીયલનું શિલાન્યાસ કરનારપણ અમે જ હતા. ૬ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ ૨૬ અલીપુર રોડ, દિલ્હી ખાતે રૂપિયા ૧૦૦ કરોડના ખર્ચે મહા પરિનિર્વાણ ભૂમિનું શિલાન્યાસ કરનારા પણ અમે જ હતા. એ જ રીતે વડોદરાની અંદર બાબાસાહેબની જે સંકલ્પ ભૂમિ કહે છે એના માટે પણ આ સરકારે ૧૨ કરોડ રૂપિયાની ફાળવણી કરીને ત્યાં બાબાસાહેબનું વિરાટ કદનું સ્મારક બનાવવામાં આવશે. લોકશાહીનું મંદિર સમજી સંસદના પગથિયા ઉપર માથું ટેકવનાર પણ વડાપ્રધાન હતા. લંડન સ્કૂલ ઓફ ઇકોનોમીકસ અભ્યાસ દરમિયાન જે મકાનમાં નિવાસ કરતા હતા તે રૂપિયા ૫૮ કરોડમાં ખરીદીને અર્પણ કરનાર પણ અમારી પાર્ટીહતી. આ રીતે ભારતીય જનતા પાર્ટીએ અનેક કામો કર્યાં છે. અમારી અલગ અલગ મકાનોની સ્કીમો હોય કે દલિતોને કયાંક મદદ કરવાની વાત હોય આ રીતે અનેક વસ્તુ કહી શકાય તેમ છે. પૂના પાસેની સતારા બેઠક ઉપર વિરોધ પક્ષોએ પોતાનો ઉમેદવાર ઉભો રાખીને બાબાસાહેબને હરાવવાનું ઇતિહાસનું કલંક હોય તો એ કોંગ્રેસે કર્યું છે. આ રીતે દેશ આઝાદ થયો, દેશના મોટાભાગના નેતાઓ બિનહરિફ ચૂંટાતા હતા. બાબાસાહેબ બિનહરિફ ન થાય એ માટે દાદરની સંસદીયબેઠક ઉપર બાબાસાહેબની સામે ઉમેદવાર મૂકવા માટેનું કલંક કોંગ્રેસે કર્યું હતું. આ રીતે અનેક વાતો છે પરંતુ ભારતીય જનતા પાર્ટીએ છેલ્લા ૨૫ વર્ષથી આ વિસ્તારની અંદર, ગુજરાતની અંદર ખૂબ કામો કર્યાં. આજે એના આધારે જ ગાંધીનગર વિધાનસભાની અંદર પણ દલિતોની વાત કરીએ, દલિત ધારાસભ્યોની વાત કરીએ તો સૌથી વધુ સંખ્યામાં ધારાસભ્યો હોય તો અમારી પાસે છે.

શ્રી પ્રતાપ દુધાત(સાવરકુંડલા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી પોતાના વિભાગની માગણી લઇને આવ્યા છે એમાં હું મારી વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પૂર્વ અમુક મિત્રોએ આજના મહેસૂલ વિભાગ ઉપર એવી વાતો કરી કે ટેકનોલોજી મારફત ખેડૂતને ઇ–ધારા હેઠળ જોડવાનું કામ કર્યું છે. પણ એ ટેકનોલોજી લાવવાનો શ્રેય આ કોંગ્રેસ પાર્ટીના શ્રી રાજીવ ગાંધીને એટલા માટે જાય કે શ્રી સામ પિત્રોડાને આ દેશની અંદર લાવવાનું કામ શ્રી રાજીવ ગાંધીએ કર્યું હતું અને એના મીઠા ફળ આ સરકાર ખાઇ રહી છે. મહેસૂલ વિભાગ મારફત અહીંયા જે વાતો થાય છે, તે પ્રમાણે કોંગ્રેસના સમયમાં ટોચ મર્યાદામાં ગયેલી જમીનો હોય કે ગરીબ માણસ હોય એને સાથણીની જમીન આપવાનું કામ કોંગ્રેસ પાર્ટી કરતી હતી. તેની સામે આજની વર્તમાન સરકાર લાખો વાર, લાખો હેક્ટર જમીનો એસ્સાર, અદાણી, રિલાયન્સ કંપનીને આપવાનું કામ કરે છે. આ બંને પાર્ટી વચ્ચેનો આ ફરક છે. ૨૫ વર્ષથી સત્તામાં છે. સત્તાની અંદર બેસવા છતા પણ સત્તાપ્રકાર નક્કી થતો નથી. આજે ગુજરાતની અંદર લાખો વાર જમીનો એ પ્રકારની રઝળી રહી છે કે સત્તાપ્રકાર અલગ અલગ હોય, દીવાબત્તીની જમીન હોય, કોઇ અવેડાની જમીન હોય, કોઇ કબૂતરની ચણની જમીનો હોય તો આનો સત્તાપ્રકાર આજે પણ સરકાર નક્કી નથી કરતી. માટે ઘણા બધા ખેડૂતો હોવા છતા પણ ખેડૂત નથી. ઘણા બિલ્ડરો એ જમીન લઇને બેઠા છે છતા પણ પીડા ભોગવી રહ્યા છે. દા.ત. સુરતની અંદર આ સરકાર દ્વારા ૬૫૭ ની કલમનું મૂલ્યાંકન કરવામાં ૭ વર્ષનો સમય નીકળી ગયો. એ સમયે અમુક વચેટિયા લોકોએ મધ્યસ્થી કરી ૭ વર્ષે ૬૫૭ની કલમ તો હટાવી, પણ એ વિસ્તારનો વિકાસ અટકી ગયો એની પાછળ કોઇ જવાબદાર હોય તો એ સરકાર છે. આજે આ ગૃહની અંદર બે પ્રકારની વાત થઇ રહી છે. એક બાજુ ઉદ્યોગપતિઓની વાત થાય છે. ત્યારે અમે ખેડૂતોની વાતો કરીએ છીએ. જે વિસ્તારથી અમે આવીએ છીએ, ત્યાં નદી કિનારે રહેતા ખેડૂતો હોય, અને પૂર આવે ત્યારે ઘણી બધી વિઘાઓની અંદર જમીન નથી રહી, એ જમીન જતી રહી છે. ત્યારે ખેડૂતો જમીન વિહોણા થયા છે,ત્યારે મહેસૂલ મંત્રીશ્રીને વિનંતી કરીશ કે પડતર જમીન મારફત એ ખેડૂતોને પાછા માલિક બનાવવામાં આવે અને એને ખેતી આપવામાં આવે, જેથી કરીને એનું ગુજરાન ચાલી રહે. સુરત સિટી હોય, અમદાવાદ સિટી હોય, નદીના પુરાણ કરીને ત્યાં એફ.પી. ફાળવવામાં આવે છે. એફ.પી. ફાળવ્યા પછી ઉદ્યોગપતિઓને લાભ આપવામાં આવે છે. એની સામે ગામડાની અંદર રહેતા માણસને તકલીફ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક બાજુ ટેકનોલોજીની વાત થાય છે. ટેકનોલોજીની વાત થતી હોય તો કમ્પ્યૂટરમાં શ્રી પ્રતાપ દુધાત નામ નાંખો તો એના વારસદારો અને એની વર્ષ ૧૯૫૭થી આગલી પેઢી કોણ હતી એ ખ્યાલ હોય. એની સામે ખેડૂત ખાતેદારનો દાખલો લેવો હોય તો ૨૦૦૦ રૂપિયાની ફી નક્કી કરવામાં આવી છે. ખેડૂત ખાતેદાર હોય એ જમીન માલિકનો હક્ક ધરાવતો હોય છતાં પણ એને દાખલો લેવા માટે ફી ભરવાની, એને સમયની રાહ જોવાની. એની સામે જો ટેકનોલોજીનો ઉપયોગ હોય તો ખેડૂત ખાતેદાર તરીકે એ માણસને તમે ઓનલાઇન ડાયરેક્ટ જોઇ શકો છો તો ડાયરેક્ટ દાખલાઓ આપો. એકવાર દાખલો આપ્યા પછી ફરી વખત એ ગ્રાહક બનીને જમીન લે તો ફરી વખત દાખલો કાઢાવવાનો. પહેલાના સમયમાં કોંગ્રેસ સમયની અંદર એક સૂત્ર હતું કે અમે બે અને અમારા બે. પણ આજે હું એવું સૂત્ર કહી શકું અમે બે અમારા ત્રણ. આ સરકારમાં એક ત્રીજા વ્યક્તિને સરકારી કચેરીમાં લાઇનમાં ઊભો રાખવાનું કામ આ સરકારે કર્યું છે. આ પરિસ્થિતિ નિર્માણ થઇ છે. ટેકનોલોજીની અંદર ઘણા બધા રેકર્ડ લૂપ્ત થઇ ગયા છે. એ રેકર્ડનું ફરી વખત નિર્માણ કરવામાં આવે. ઘણા ખેડૂતો પરેશાન થઇ રહ્યા છે. એક બાજુ ટેકનોલોજીની વાત થતી હોય તો ખેડૂત ઇ–ધરાની અંદર જાય. જેમ કે લિલિયા કે સાવરકુંડલામાં જઇએ તો નેટ કનેક્ટિવિટી હોતી નથી. ૨૫ વર્ષે તમે નેટ આપવામાં પણ નિષ્ફળ રહ્યા છો. ગામડાની અંદર નેટ કનેક્ટિવિટી ના હોય ત્યારે એને સાઇબર કાફેમાં જવું પડતું હોય અને એ લોકોને ૭/૧૨ ત્યાંથી કઢાવી પડતી હોય છે. પહેલા કોંગ્રેસના સમયની અંદર ખેડૂત ખેતરે જતો હોય અને પોતાની ગ્રામ પંચાયતમાંથી ૭/૧૨ કાઢી આવતો હતો. એ ખેડૂત એટલો ખુશખુશાલ હતો. આજે

તમારી ટેકનોલોજીની અંદર ખેડૂત બધી રીતે ફસાઇ પડ્યો છે, ત્યારે એક ખેડૂતને આ તકલીફમાંથી કેમ બહાર કાઢી શકાય અને ખેડૂતપોથી હતી એને ફરી વખત ચાલુ કરી શકાય એ પ્રકારની મારી માગણી છે. વાત કરવા કરતા કામ વધારે કરીએ અને ટેકનોલોજીનું માર્કેટિંગ ઓછું કરીએ અને લોકોને લાભ વધારે આપીએ એવી વિનંતી કરું છું.

શ્રી મોહનલાલ મા. વાળા(કોડીનાર) : માનનીય અધ્યક્ષશ્રી, આ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જે માગણી નં.૯૨અને ૯૫ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. આજની આ ચર્ચાની અંદર સત્તાધારીપક્ષના કેટલાક ધારાસભ્યોએ અનુસૂચિત જાતિના લોકોને મળતી સહાય અને સવલતો વિશે અને ડો.બાબાસાહેબને કોંગ્રેસે કરેલા અન્યાય વિશે ખૂબ વાતો કરી. એ લોકો ભૂલી જાય કે કોંગ્રેસનું શાસન હતું અને જે લોકો હતા કે જેમણે બાબાસાહેબને આ સમિતિના ચેરમેન બનાવ્યા હતા અને તેને સ્વીકાર્યા હતા. તેને તક આપી હતી. જયારે આજના યુગની અંદર આ સમાજના લોકોને આવી કોઇ તક આપવામાં આવતી નથી.

અધ્યક્ષશ્રી : માનનીય પ્રદીપભાઇ, આપના પ્રવચન વખતે કોઇએ આપને ડીસ્ટર્બ નથી કર્યા. પ્લીઝ, હવે ફરી નહીં બોલો.

શ્રી મોહનલાલ મા. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગની અંદર સરકારશ્રીએ બજેટમાં ઘણી જોગવાઇઓ કરી છે. શિક્ષણમાં સહાય, સ્કોલરશીપ, સમરસ સ્કૂલો અને છાત્રાલયો આવી ખૂબ વાતો કરી છે. અગાઉના દિવસોમાં જ્યારે બજેટ ટૂંકુ હતું ત્યારે પણ સરકાર અનુસૂચિત જાતિઓના વિભાગ માટે ખૂબ કામ કરતી હતી. તેના લીધે આજે હું અહીં બોલવા ઉપસ્થિત થઇ શક્યો છું તે તેનું પ્રમાણ છે. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, વિદ્યાર્થી જયારે ભણીને તૈયાર થતો હતો ત્યારે તેને રોજગારી મળતી હતી. આ સરકારમાં રોજગારી કયાં? મોટાભાગના અનુસૂચિત જાતિના લોકો શિક્ષણ લઇને બહાર નીકળે ત્યારે તેની પાસે કોઇ ઉદ્યોગો નથી હોતા કે કોઇ ખેતીવાડીના સાધનો કે ખેતીવાડી તેની પાસે હોતી નથી. તેના મા–બાપ તેને એ આશયથી અભ્યાસ કરાવે છે કે, તેને નોકરી મળી જશે, રોજગારી મળી જશે. આવા ઉદ્દેશ સાથે તે લોકો અભ્યાસ કરાવે છે. જયારે તે વિદ્યાર્થી ભણીને બહાર આવે છે ત્યારે આ સરકારમાં નોકરી નથી મળતી એટલે તેને નાછૂટકે તેને મજૂરી કરવી પડે છે. તેને કોઇ રોજગારી નથી મળતી. તેમાંય મારા પહેલાં ઘણીવખત આ વિધાનસભામાં મિત્રોએ કહ્યું કે, લાગવગ અને ભ્રષ્ટાચારના જોરે કોંગ્રેસમાં નોકરી મળતી હતી. સાહેબ મારે કહેવું છે કે, નિવૃત્ત થયેલા એવા કેટલા અનુસૂચિત જાતિના લોકો હશે કે જે કલાસ–૧ અને કલાસ–૨ ઓફિસરો તે દિવસે થઇને ગયા છે. અત્યારે તમારી પાસે કલાસ–૧ અને કલાસ–૨ કેટલા ઓફિસરો છે તેનો તો જરા હિસાબ લગાવો, પછી તમે તમારી સરકારના વખાણ કરજો અમને કંઇ વાંધે નથી. જો એમને એમ ખોટે ખોટા વખાણ કરતા રહેશો તો એક દિવસ એવો આવીને ઉભો રહેશે કે, અગિયાર માસના ધોરણે અને કોન્ટ્રેકટ બેઝ ઉપર તેની વય મર્યાદા પૂરી થઇ જશે અને એપ્રેન્ટિસશીપમાં તેની વય મર્યાદા પૂરી થઇ જશે પછી નોકરી માટે શું? માટે આ સરકારે અનુસૂચિત જાતિના લોકોની જે જગ્યાઓ ખાલી પડેલી છે, જે વિભાગોમાં અલગ અલગ જગ્યાઓ ખાલી પડેલી છે તેમાં આવા લોકોને રોજગારી માટે જાહેરાતો આપીને તેની ભરતી કરવી જોઇએ. તો હું કહીશ કે આ સરકાર સારી રીતે અનુસૂચિત જાતિના લોકો માટે કામ કરી રહી છે. માત્ર ૩૦૦ રૂપિયા સ્કોલરશીપ આપી દઇએ, વિધાનસભામાં ઉભા થઇ જઇએ અને પાટલી થપથપાવવા માંડીએ એનાથી સમાજનો કોઇ વિકાસ થતો નથી. નવમું ધોરણ ભણતી વિદ્યાર્થીની બહેનને કોઇ સાઇકલ આપવામાં આવે અને સાઇકલ લઇને ભણવા જાય એટલે તેનો કોઇ વિકાસ થતો નથી. તેને નોકરી આપવામાં આવતી હોય, ભણેલા ગણેલા લોકોને નોકરી મળતી હોય તો જ વિકાસ કહેવાય. પહેલાંના સમયમાં જયારે ભણ્યા ન હોય તેવા અનુસૂચિત જાતિ વિસ્તારના લોકોના વિકાસના કામો અલગ થતા હતા.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. માનનીય કેતનઇનામદાર

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મહેસૂલ મંત્રીશ્રી માગણી નંબર ૭૯ લઇને આવ્યા છે કુદરતી આફત અંગે રાહત માટે એમાં હું મારું અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કુદરતી આફતો એ કોઇ દિવસ કહીને આવતી નથી, જયારે પણ કોઇ વસ્તુ અચાનક થાય, કુદરતી થાય એ વખતે આપણે બધા જ એકદમ વિચારમાં હોઇએ છીએ કે હવે શું કરીશું? સરકાર અને જનભાગીદારી બંને સાથે મળીને આનો સામનો કરતા હોય ત્યારે મારે એટલું જ કહેવું છે કે, આની માગણી લઇને જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકારના મંત્રીશ્રી આવ્યા હોય ત્યારે આપણે જોયું છે કે દુષ્કાળ હોય કે કુદરતી વિપત્તિઓ હોય એવા સમયે ફકત મનુષ્યો જ નહીં, પણ પશુઓથી માંડીને બધા જ જીવો એમાં અસર પામે છે ત્યારે આ સરકાર પશુ સહાય માટે પણ રૂ.૨૪૬.૭૨ કરોડ ગૌશાળા-પાંજરાપોળ માટે જોગવાઇ લઇને આવી છે અને રૂ.૧૮૫.૪૦ કરોડ કેટલ–કેમ્પને પશુ સહાય પેટે ચૂકવવામાં આવેલ છે. આમાં કુલ ૪૩૨.૧૨ કરોડ રૂપિયા પશુ સહાય પેટે ચૂકવવામાં આવેલ છે. વધુ વરસાદ પડે કે વરસાદ ન પડે, વધુ વરસાદના સમયે જ્યારે ખેડૂતો માટે ખેતીનો સમય થઇ ગયો હોય અને વધુ વરસાદના કારણે એમનું બિયારણ ફેલ જાય, એમણે લીધેલું ખાતર ફેલ થાય અને પૈસા ખર્ચેલા માથે પડે એ વખતે સરકાર એમના ટેકામાં ઉભી રહેશે એવી આશા રાખીને ખેડૂતો બેઠા હોય છે. આપ સૌએ જોયું કે આ વખતે આપણી સરકારે ૫૧ તાલુકા અને ૧૧ જિલ્લાઓને સંપૂર્ણ અસરગ્રસ્ત જાહેર કરીને દરેક ખેડૂતને સહાય કરી છે એ બદલ હું આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટીની સરકારને હું દિલથી અભિનંદન આપું છું અને આભાર માનુ છું. મારે એક વાત એ પણ કહેવી છે કે, સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં વધુ વરસાદ પડતો હોય ત્યારે

આપણી સરકારમાંથી નક્કી થતું હોય છે કે આટલા ઇંચ વરસાદ હોય અને નુકસાની થઇ હોય તો સહાય પેટે આટલી રકમ એકર કે હેકટર પ્રમાણે એને સહાય ચૂકવતા હોઇએ છીએ. મારે મધ્ય ગુજરાતની વાત કરવી છે કે, મધ્ય ગુજરાતમાં પણ વરસાદ હોય છે પણ હું એમ માનુ છું કે, કદાચ ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર જેટલો વરસાદ એકધારો કે વધારે પડતો. આભ ફાટે એટલો વરસાદ મધ્ય ગુજરાતમાં નથી પડતો પણ સતત વરસાદને લઇને મધ્ય ગુજરાતના ખેડૂતોને પણ એ ટાઇમે નુકસાન થતું હોય છે. હું મધ્ય ગુજરાતમાંથી આવું છું, મારા વિસ્તારના ખેડૂતોની વાત આજે હું આ તકે સરકાર સમક્ષ મૂકવા માગું છું કે, હવે પછી ભગવાન ન કરે કે કોઇ દિવસ કુદરતી આપત્તિ આવે, પણ વરસાદ વધુ, ઓછો આ બધું થયા કરવાનું તો મારી પણ એક લાગણી અને માગણી છે કે, મધ્ય ગુજરાતમાં સતત ચાલુ વરસાદમાં ખેડૂતોને નુકસાન જાય છે ત્યારે આટલા ઇંચ વરસાદ હોય તોજ અને આટલા ઇંચથી વરસાદ ઓછો પડે તો નહીં, તો સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતની જેમ મધ્ય ગુજરાતના ખેડૂતોને જ્યારે નુકસાન થતું હોય ત્યારે એમની પણ ચિંતા કરીને એમને પણ સહાય મળવી જોઇએ એવી મારી લાગણી અને માગણી છે. બીજી એક વાત કહેવા માગું છું કે, હમણા જ હેકટર દીઠ વાત કરી કે ૬૮૦૦ રૂપિયાના દરે ક્રોપ સબસિડી આપવામાં આવી, આ બધી જ વસ્તુમાં ૯.૮ લાખ અરજી મળેલ એમાં ૮,૯૪,૫૯૦ ખાતેદારોને ૯૫૮.૩૩ કરોડ રૂપિયા ચૂકવ્યા છે એ પણ બહુ સારી વાત છે. બીજી એક વાત કહું તો એ વાવાઝોડાની વાત કરે છે ત્યારે એ વાયુ વાવાઝોડું વગેરે વાવાઝોડાના સમાચાર આપણે ટીવીમાં જોતા હતા અને મિડિયાના માધ્યમથી આપણને જાણકારી થઇ ત્યારે બધાના શ્વાસ અધ્ધર થઇ ગયા હતા.

સાહેબ, હું આ પ્રસંગે સરકારને અભિનંદન આપું છું, આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબને, નીતિનભાઇ પટેલ સાહેબને અને મહેસૂલ મંત્રી સાહેબને ખાસ અભિનંદન આપું છું કે, આ વખતે અડીખમ ગુજરાત અને અડીખમ સરકાર એવું સૂત્ર કહેતા આપણે ખચકાઇએ નહિ તેમ એ વખતે સરકારે કહ્યું હતું કે સહેજ પણ ચિંતા કરવાની જરૂર નથી, સરકાર સતત પ્રયત્નશીલ છે, સક્રિય છે અને કંઇપણ આફત આવશે તો એને પહોંચી વળવા માટે તૈયાર છે એ વાત આપણે તે વખતે સાંભળી હતી, ત્યારે સાડા છ કરોડ ગુજરાતની જનતાએ એક રાહતનો શ્વાસ લીધો હતો, ત્યારે એ પણ એક અભિનંદનને પાત્ર છે. બીજી એક વાત પણ કહું કે જ્યારે કોઇપણ જગ્યા પર વધુ વરસાદને કારણે પાણી ફુલ આવી જતું હોય, શહેરોની અંદર પાણી ભરાતું હોય, ગામડાની અંદર પાણી ભરાતા હોય એ વખતે સતત આપણા અધિકારી અને આપણું પ્રશાસન લોકોની વચ્ચે રહેતું હોય છે, ધારાસભ્યશ્રીઓ પણ લોકોની વચ્ચે જતા હોય છે. એ વખતે લોકો આપણી પાસે અપેક્ષા રાખતા હોય છે એ વખતે વટથી કહી શકે છે ભા.જ.પ.નો ધારાસભ્ય હોય કે કોંગ્રેસનો ધારાસભ્ય હોય. વટથી એ વખતે જઇને એવું કહી શકે છે કે તમે ચિંતા ના કરતા તમારી જોડે અમે ઉભા છીએ. એ કોંગ્રેસના ધારાસભ્ય પણ ત્યારે બોલે છે કે એમને પણ ખબર છે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર એ સતત ૬.૫ કરોડની જનતાની ચિંતા કરે છે અને તેઓ પણ રજૂઆત કરશે તો એમના વિસ્તારના લોકોને પણ મદદ મળશે એ પણ એમને ખબર છે. એ અહીંયા વિરોધ કરવા માટે કદાચ વિરોધ કરતા હોય પણ એમને પણ ખબર છે કે, અત્યારે સરકારની અંદર જે પણ માગણીઓ મૂકીએ એ માગણીઓ આપણી પૂરી થાય છે ત્યારે હું તમને એટલું ચોકકસ કહીશ કે મહેસૂલ મંત્રી જે આ માગણી લઇને આવ્યા છે તો વિરોધપક્ષના મારા સાથી સદસ્યોએ પણ ટેકો આપવો જોઇએ. હું એટલું કહીશ કે આપણે જ્યારે સત્તામાં બેઠા છીએ, ભા.જ.પ. હોય કે કોંગ્રેસ હોય ધારાસભ્ય તરીકે અહીંયા આગળ ચૂંટાઇને આવ્યા છીએ, આ ગૃહની અંદર બેઠા છીએ ત્યારે આપણે તો માત્રને માત્ર આપણા વિસ્તારના લોકોની જ ચિંતા કરવી જોઇએ, કોઇપણ પ્રસંગ આપણી પાસે જ્યારે એવો આવતો હોય ત્યારે કોંગ્રેસ–ભા.જ.પ. ચૂંટણી પૂરતું બરાબર છે, ચૂંટણીના સમયની અંદર કોંગ્રેસ–ભા.જ.પ. કરીએ તે વસ્તુ બરાબર છે પણ જ્યારે વાત કરીએ ત્યારે ૬.૫ કરોડની ગુજરાતની જનતાની ચિંતા કરવી જોઇએ અને આપણા મતદારોની ચિંતા કરવી જોઇએ એટલે મારી વિનંતી છે કે, મહેસૂલ મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને સમર્થન આપે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના મહેસૂલ મંત્રી માગણી નંબર–૭૮, ૭૯ અને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય કેતનભાઇએ જે કહ્યુંને કે સરકાર માગણી લઇને આવે છે, તો આપણે આપણી માગણી પણ મૂકવી જોઇએ એવું તમને પણ કહ્યું. શ્રી પ્રતાપભાઇ, માનનીય પ્રતાપભાઇ નિયમ એવો છે કે, આપણે બોલ્યા પછી જતા ન રહેવું જોઇએ, બેસવું પડે, બેસો, થોડીવાર રહીને જાઓ. હવે કહ્યું એટલે બેસો. ભલા માણસ બેસોને. થેન્ક યુ,

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાત અને બનાસકાંઠા જિલ્લામાં ૩૭(૨) ની જે જમીનો છે એ જમીનોના જે માલિકોને પેઢી, દરપેઢી વારસાગત જે જમીનો મળેલી હતી અને કોઇ કારણોસર એ સરકારી પડતરના નામે જે જમીનના ઉતારા નીકળતા હોય, આવી જમીનો બનાસકાંઠામાં અને એમાંય મારા મત વિસ્તારના મોટાભાગના ગામોની અંદર છે. જે તે વખતે ખેડૂતોએ એના માટેનો જે કંઇ વેરો ભરવાનો હોય, પાણી પત્રક હોય એ તમામ ડોક્યુમેન્ટસ એ આજે પણ ઉપલબ્ધ છે, પણ આવા ખેડૂતો પોતે હાલ કબજો ધરાવે છે અને જ્યારે લોન લેવાની થતી હોય કે કુદરતી આફતોનો કોઇ લાભ મળવાનો હોય તો આ જમીનો તેમના નામે નહિ હોવાથી ખેડૂતોને તે લાભ મળતો નથી. તો સરકાર મારફતે એવો પરિપત્ર આ ખેડૂતો માટે કરવામાં આવે કે ભુલથી જે કંઇ સરકારી પડતરે જમીન નોંધાઇ છે એ દસ વરસ અન્ય કોઇને ન વેચવી અને મૂળ માલિક ખેડૂતે જ રાખવી આવી શરત મૂકવી જોઇએ અને આવા ખેડૂતો–મૂળ માલિકોને જમીન આપે એવી પણ મારી વિનંતી છે. ખાસ કરીને જે ગરીબ લોકોને ગામતળમાં જમીન નથી અથવા તો પોતાની માલિકીનો પ્લોટ નથી, વસતિ વધારાના કારણે

વરસોથી સરકારી પડતર જમીનમાં રહેણાકનું મકાન બનાવીને વસવાટ કરે છે આવા પરિવારોને સરકાર રાહતભાવે જે કબજો ધરાવે એ કબજો રેગ્યુલર કરી આપે અથવા તો જે તે વિસ્તારની જંત્રીના ભાવે આ જે લોકો પોતાનું ઝુંપડું બાંધીને કે કાચુ મકાન બાંધીને રહેતા હોય એમને વારંવાર સરકાર મારફતે અને રેવન્યુ વિભાગ મારફતે નોટિસ આપવામાં આવે છે અને કાયમ આ લોકો ભયભીત રીતે જીવે છે. તો આના નિવારણ માટે થઇને સરકાર કાંઇક પોલિસી નક્કી કરીને આ સમગ્ર ગુજરાતનો પ્રશ્ન છે તે બાબતમાં માનનીય મંત્રીશ્રી કંઇક વિચારે એવી પણ મારી માગણી છે. જે વિસ્તારોમાં ચાકરીયાત, પસાયતા ધારા માટેની જે જમીન હતી તે જમીનની કમિટી છેલ્લાં બે વર્ષથી બનાવેલી છે પણ તેના માટેના જે કંઇ નિયમો નક્કી કરવા પડે, પોલિસી નક્કી કરવી પડે તે હજુ આજસુધી થઇ શકી નથી તો આ બાબતની કમિટી સત્વરે પોલિસી બનાવી અને આવા જમીન ધારકો છે તેમને મદદ કરે એવી પણ હું માગણી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને શૈક્ષણિક હેતુઓ માટેની જે જમીનો હોય તે જમીનો કોઇ સંસ્થાની હોય, કોઇ માલિકીની હોય કે જે કલેકટરશ્રીને સત્તા ના હોય અને રાજય સરકારમાં આ બાબતોની રજૂઆતો થઇ હોય અથવા તો જે તે વિભાગ મારફતે તેની માગણી કરવામાં આવેલી હોય તો વર્તમાન જે કંઇ પરિસ્થિતિ છે તેને ધ્યાનમાં લઇને શૈક્ષણિક હેતુ માટેની જે જમીનો માટેની માગણી છે તેના માટેની પોલિસી નક્કી કરીને વહેલામાં વહેલાં જે કંઇ સંસ્થાઓને કે જે કંઇ શૈક્ષણિક હેતુ માટેની જે જમીનો હોય તેમા મદદ કરે એવી પણ મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને સામાજિક બાબતોના મંત્રી જયારે એમની માગણીઓ લઇને આવ્યા છે ત્યારે અહીંયા ઘણાં બધા સિનિયર ધારાસભ્યોએ અને અમારા પક્ષના ધારાસભ્યોએ પણ ઘણી બધી આ ઓબીસી માટે, એસ.સી./ એસ.ટી. માટે વાત કરી છે અને હું પણ એમા મારો સૂર પુરાવુ છું. જયારે ઓ.બી.સી. સમાજ એ ગુજરાતની અંદર ૫૨ ટકા હોય અને ૧૪૬ જ્ઞાતિ અને ૫૨ ટકાની વસતિ ધરાવતો આવડો મોટો સમુદાય હોય ત્યારે રાજયનું જે કંઇ બજેટ છે તે બજેટ એ કુલ વસતિના જે ટકાવારી તમે સ્વીકારેલી બાબત છે. ધારો કે ૫૨ ટકા વસતિ હોય ૨૭ ટકા અનામત તે તો બંધારણીય રીતે સ્વીકારેલી બાબત છે તે પ્રમાણેનું રાજયનું બજેટ એસ.સી./એસ.ટી./ઓ.બી.સી.માટે ફાળવવામાં આવે એવી પણ હું વિનંતી કરું છું. ખાસ કરીને અહીંયા સરકારી યોજનાઓની ઘણી બધી વાતો થઇ. પંડિત દીનદયાળ આવાસ યોજના હોય, કુંવરબાઇનું મામેરૂં હોય, એસ.સી./એસ.ટી./ઓ.બી.સી. માટેની અન્ય વ્યકિતગત જે કંઇ લાભો મળે છે તેના માટેની વાત કરી હોય પણ હું આપના માધ્યમથી મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આવી જે કંઇ યોજનાઓ છે તે યોજનાની અંદર કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થાય તેની પાછળ તમે કોઇ પગલાં લો છો કે કેમ ? એક પણ યોજના એવી નથી કે જે નીચેના લેવલે જે તે ડિપાર્ટમેન્ટના એજન્ટો જે ૧૧ મહિનાના કોન્ટ્રાકટ બેઇઝ ઉપર જે કંઇ આપણાં કર્મચારીઓ રાખેલા હોય તેની *(xxx) ગરીબ લોકો પાસેથી પૈસા ઉઘરાવે છે, ગરીબ લોકો પોતાને યોજનાનો લાભ મળે એટલા માટે થઇને વ્યાજે લાવીને પણ પૈસા આપે છે અને અંતે તે લોકો લાભ મળતો નથી તો આ જે કંઇ તમે જેટલી વાહ વાહ કરો છો એટલો એ પારદર્શક વહીવટ થાય એ પણ હું આજના તબક્કે અપેક્ષા રાખું છું.

શ્રી હિતુ કનોડિયા(ઇડર) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના મંત્રીશ્રી જે માગણી ક્રમાંકઃ ૯૫ લઇને આવ્યા છે તેમા સમર્થન આપી અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા આપણાં જેટલા પણ ધારાસભ્યશ્રીઓ છે તેમને વિનંતી છે કે સામાજિક એકતા કોઇ પણ દેશનો વિકાસ આગળ ધપાવવા માગતા હોય તો સામાજિક એકતા એ ખૂબ જરૂરી હોય છે. આપણાં જેટલા ધારાસભ્યશ્રીઓ છે તે સમાજની અંદર જઇને સામાજિક એકતા વધે તેના માટે પૂર્ણ કોશિશ કરવી જોઇએ. આમ તો બોલવા માટે ઘણું બધુ છે, ઘણી બધી યોજનાઓ સારી, સુંદર, બધાને કામમા આવે એવી સુંદર મજાની યોજનાઓ છે. મારી પહેલાં મારા સાથી ધારાસભ્યશ્રી પ્રદીપભાઇ પરમારે પણ ખૂબ સુંદર એક એક પોઇન્ટ ટુ પોઇન્ટ વાત કરી છે. એટલે I do not want to waste the time of the House repeating the same things.એટલું માત્ર કહેવા માગું છું કે આપણાં બધામાં કદાચ એકતા હશે, આપણાં બધામાં બધુ બરાબર હશે પણ સામાજિક લેવલે કયાંક અને કયાંક હજુ થોડી ખોટ જે છે નાના મુદ્દા કંઇક થાય કોઇ ગામની અંદર કે કયાંય પણ તેની અંદર જઇને એક નાનકડી ચિનગારી હોય તેને વધારે મોટી કરવાની કોશિશ પોલિટિકલ લેવલે થતી હોય. પોતાને આગળ વધારવા માટે, મોટા લીડર બનવા માટે કંઇ પણ રીતે મારે પોલિટિકલ ભાષણ અહીંયા નથી કરવા. એવું થતું હોય છે, જેના લીધે સામાજિક ક્ષેત્રે ઘણી મુશ્કેલીઓ ઊભી થતી હોય છે. એટલે I would request the Police Department કે કોઈ નાનો એવો પ્રશ્ન કદાચ SC, ST સમાજમાંથી આવ્યો હોય, પોલીસ ડિપાર્ટમેન્ટ ખૂબ સરસ કામ કરે છે, પણ કદાચ એનો કેસ લેવા માટે સમજો એકાદ કલાક મોડું થઈ જાય ત્યાં સુધી બીજા બધા લોકો એ વસ્તુને ચિનગારીની જેમ ભડકે બાળવા માટે પહોંચી જાય છે. આખી વાતને અલગ રીતે પ્રસ્તુત કરવામાં આવે છે. સામાજિક રીતે એને ડિસ્ટર્બ કરવાની કોશિશો ચાલતી હોય છે અને That is what is the problem. ૫૦૦-૭૦૦ વર્ષ પહેલાં વિદેશી હુમલાખોરો આવ્યા, ભારત પર સામાજિક લેવલે બધું તોડવાની કોશિશ કરી અને એમાં પછી અંગ્રેજોએ બીડું

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ઝડપી લઇને એ લોકોએ કોશિશ કરી. The same thing is still continuing અને આ વસ્તુને અટકાવવા માટે આપણા બધાં ધારાસભ્યોને હું હાથ જોડીને વિનંતી કરું છું કે બધા સમાજો માટે સમરસતા અને એકતા માટે ખૂબ કોશિશ કરે. બધી જ સરકારો ખૂબ સારું કામ કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યની સરકાર હોય કે કેન્દ્રની સરકાર હોય બધી જ યોજનાઓ ખૂબ સરસ છે. એ બધી યોજનાઓ જેટલાં પણ SC, ST, OBC જેવાં પછાત વર્ગના લોકો હોય કે કોઈ પણ છેવાડાના લોકો સુધી બધી યોજનાઓ સારી રીતે બધાં જ લોકો મળીને આ યોજના આગળ ધપાવવાની કોશિશ કરે તો I don't think પછી એ સામાજિક લેવલે જે મુશ્કેલીઓ થઈ રહી છે એ મુશ્કેલીઓ થાય. મારા તાલુકા વડાલી તાલુકાના ભજપુરામાં unnecessary ડિસ્ટર્બ કરવાની કોશિશ કરવામાં આવી હતી. જ્યારે મારા ગામનું નામ લેવામાં આવ્યું ત્યારે હું કહેવા માટે ઊભો થયો હતો પણ unfortunately મને બોલવાનો મોકો નહતો મળ્યો. એ ગામના તમામ સમાજના લોકો વરઘોડો કાઢવા તૈયાર હતા. એ ગામે એવું નક્કી કર્યું હતું કે કોઈ સમાજના લોકોએ વરઘોડો કાઢવો નહિ. બધાએ સંયુક્ત રીતે નક્કી કર્યું હતું તે છતાં પણ ખબર નહિ કેમ ડિસ્ટર્બ કરવા માટે થઈને એ રીતે આખો ચિતાર, એક આખું પિક્ચર ઊભું કરવામાં આવ્યું કે જાણે અહીંયા દલિતો ઉપર બીજા સમાજના લોકો મળીને અત્યાચાર કરી રહ્યાં છે. એવું કાંઇ ન હતું I don't know why? કયા Political Mileage લેવા લોકો આ બધું કરી રહ્યાં છે? શા માટે કરી રહ્યાં છે. (અંતરાય) હું શું કરી રહ્યો છું? હું જ્યારે મૌન રહું છું ત્યારે મારી ઉપર મૌન રહ્યાં, મૌન રહ્યાં એવાં આક્ષેપો કરે છે. અરે ભાઈ! આ વાતમાં કંઈ જ કહેવા જેવું ન હતું. શું કહું? ખોટી રીતે લીડર બનવા માટે બધા લોકો આવું કરી રહ્યા છે. મારે લીડર બનવું નથી. મારે કાંઈ નથી જોઈતું. ધારાસભ્ય તરીકે પોતાના વિસ્તારના દરેક સમાજના કામ કરવા માટે આવ્યો છું. જ્યારે એક બાળક નાનું હોય છે ત્યારે માતા–પિતા આંગળી પકડીને ચાલતાં શીખવાડે છે. એક સમય આવે છે ત્યારે માતા–પિતા આંગળી છોડે છે. બેટા, તું તારા હિસાબે ચાલ. માતા–પિતા ત્યાં સુરક્ષા માટે ઊભા રહે છે. ક્યાં સુધી એની આંગળી પકડીને ચલાવ્યા કરશો? એ બાળકને પાંગળો કરવા માગો છો?ના, એને હિંમત અને શક્તિ આપો. ત્યાં ઊભા રહો પણ આંગળી પડકી પકડીને એને પાંગળો ના કરો. Don't make it a political issue please. બસ, આ વિનંતી કરવા માગું છું અને જે માગણી લઈને આવ્યા છે એમાં હું સમર્થન આપું છું. ખૂબ ખૂબ આભાર.

અધ્યક્ષશ્રી : મૌનમાં સત્યની તાકાત હોય છે.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા(જમાલપુર–ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણી ઉપર મારા વિચારો રજૂ કરું છું. જ્યારે આ સરકારનો મંત્ર સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ છે ત્યારે આજે આ ગૃહમાં હું સવારથી જોઈ રહ્યો છું કે, દરેક ધારાસભ્ય પોતાના સમાજની વાત કરી રહ્યાં છે કે, મારા સમાજને આ મળ્યું છે અને મારા સમાજને આ મળ્યું નથી. હું પણ લઘુમતી સમાજમાંથી આવું છું.ખાસ કરીને જયારે આ સરકાર ઉપર જે લોકો પોતાની વાત મૂકે છે, પોતાની માંગણીઓ મૂકે છે, તેવી રીતે લઘુમતી સમાજ માટે, મારા સમાજ માટે હું મારા વિચારો રજૂ કરી રહ્યો છું. ખાસ કરીને, સરકાર લઘુમતી માટે જે બજેટ અને યોજનાઓ બનાવે છે, તેનો જે અમલ થવો જોઇએ, તે અમલ થતો નથી. હું આપને સને ૨૦૧૭–૧૮,૨૦૧૮–૧૯ અને ૨૦૧૯–૨૦ આ વર્ષ એટલા માટે હું બતાવું છું કે, હજ કમિટીની સબસિડી કેન્દ્ર સરકાર અને રાજય સરકારે બંધ કરી દીધી અને આ હજ સબસિડી બંધ કરીને કે આ હજ સબસિડીમાંથી જે રકમ બચશે, જે રકમ વધશે, એ તમામ લઘુમતી સમાજની દીકરીઓ માટે વાપરવામાં આવશે. છેલ્લાં ૩ વર્ષથી જે હજ સબસિડી બંધ કરી છે તેનો એકપણ રૂપિયો લઘુમતી સમાજની દીકરીઓ પાછળ વાપરવામાં આવ્યો નથી. મારી સરકારને વિનંતી છે કે,જયારેસરકાર એક તરફ વાત કરે છે કે, લઘુમતીની દીકરીઓને આ હજ સબસિડીમાં જે મળતી તમામ સબસિડી અમે બંધ કરી દીધી છે, આ રકમ અમે લઘુમતીની દીકરીઓ પાછળ વાપરીશું પણ એકપણ રૂપિયો અત્યાર સુધી વપરાયો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, વડાપ્રધાનના ૧૫ મુદ્દાના કાર્યક્રમ અંતર્ગત માઇનોરિટી સમાજ, લઘુમતી સમાજ માટે અલગથી આવાસ યોજના બનાવવાની વાત કરવામાં આવી છે. અમદાવાદ શહેર હોય, સુરત હોય, રાજકોટ, વડોદરા હોય કોઇપણ જગ્યાએ લઘુમતી સમાજ માટે કોઇપણ યોજના બનાવવામાં આવી નથી. તે યોજના બનાવવામાં આવે, તેવી આ સરકાર પાસે મારી રજૂઆત છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને, લઘુમતી સમાજના જે યાત્રાધામો છે, તે યાત્રાધામોનો કોઇપણ જગ્યાએ વિકાસ થયો નથી. ખાસ કરીને, આ સભાગૃહમાં જયારે જયારે રજૂઆત થાય છે ત્યારે હાજીપીરની વાત થાય છે. શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ જે વિસ્તારમાં રહે છે ત્યાં પીર મહેમુદસા બુખારી ત્યાંની પણ વાત થાય છે, શાહઆલમ દરગાહની વાત થાય છે. અમદાવાદ શહેરના સ્થાપક એહમદશા બાદશાહના સ્થાપક જે છે ત્યાં પણ કોઇપણ જાતનો વિકાસ યાત્રાધામ વિકાસ તરફથી થયો નથી અને કોઇપણ ફંડ ફાળવવામાં આવ્યું નથી, ત્યાં પણ ફંડ આપવામાં આવે અને આ વિસ્તારનો વિકાસ કરવામાં આવે . ખાસ કરીને માઇનોરિટીની જે સમસ્યાઓ છે, તેના પણ અગાઉ મારા જે મુદ્દાઓ છે, એ વધારે મુદ્દાઓ છે આપનેહુંલેખિતમાં આપી દઇશ, સરકાર એનો અમલ કરે એવી આપને ખાસ વિનંતી છે. માનનીય અધ્યક્ષશ્રી, એક શેર કહીને કે

**સિતમ કરોગે તો સિતમ કરેંગે, કરમ કરોગે તો કરમ કરેંગે,**
**હમ ભી હૈ આદમી આપ કી તરહ, જો તુમ કરોંગે વહ હમ કરેંગે.**

થેંન્કયું,

## તા. ૧૭મી માર્ચ ૨૦૨૧

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

અધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ, ગાંધીજીએ જુદું કીધું છે હોં કે એ યાદ રાખજો પાછું. માનનીય મંત્રીશ્રી એક મિનિટ બેસી જાઓ, હા જી, એવું નથી હોતું પણ ચાલો બોલો.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ડો. બાબાસાહેબ આંબેડકરને લઇનેકેટલાક ઐતિહાસિક રેફરન્સીસ થયા ત્યારે એક ખાસ વાત આ ગૃહમાં મૂકવા માગું છું. સ્ત્રીઓ અને શુદ્રનુ તાડન થવું જોઇએ એવું જે મનુ સ્મૃતિમાં લખેલ છે એ મનુ સ્મૃતિને ડો.બાબાસાહેબ આંબેડકરે સળગાવી અનેપાના નંબર–૪૧૬ વોલ્યૂમ નંબર–૪ સંકલિત લખાણ વી.ડી. સાવરકરે લખ્યું છે અમને ડો.બાબાસાહેબ આંબેડકરનું નહિ, પરંતુ મનુ સ્મૃતિ ઉપર આધારિત બંધારણ જોઇએ આટલી સ્લાઇઝ ઓફ હિસ્ટ્રી સત્તાધારી પક્ષના મિત્રોના લાભાર્થે. એક કવિની પંકિત છે કે,

‘‘ઠોકરની સાથે નામ તુજ લેવાય છે ઇશ્વર, તું કેવો અકસ્માતથી સર્જાય છે ઇશ્વર,
અને જો દૂર પેલી વસતિમાં ભૂખ્યા છે ભૂલકાં, લાગે છે તને દૂરનાં ચશમાં છે ઇશ્વર.’’

કવિ કહેવા માગે છે કદાચ ઇશ્વરને પહેલા ભૂલકાં દેખાતા નથી એમ મારા મંત્રી સાહેબ ઇશ્વરભાઇ પરમારને થાનગઢના પીડિતો દેખાતા નથી. ભાનુભાઇ વણકરનું પરિવાર દેખાતું નથી અને મુખ્યમંત્રી તરીકેની કેપેસિટીમાં શ્રીમતી આનંદીબેન પટેલે ઉના જઇને જે વચનો આપેલા હતા, જે ગુજરાત સરકારના પાક્ષિક ગુજરાતમાં છપાયા હતા, એમાંના એક પણ વચનનું પાલન નથી થયું એ પણ દેખાતું નથી અને ગુજરાતમાં ગામે ગામ પ્રવર્તતી અસ્પૃશ્યતા દેખાતી નથી. એ આજે પણ જીવંત છે માથે મેલુની પ્રથા દેખાતી નથી અને દલિતોની જમીનમાં એન્ટી સોશિયલ એલીમેન્ટનો ગેરકાયદેસર કબજો છે એ પણ દેખાતો નથી. વાત કરુંભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના સાણોદર ગામે ૩ તારીખે દલિત સમાજના અમરાભાઇ બોરીચાની હત્યા થઇ. આજે કેટલા દિવસ થયા? આરોપી પી.એસ.આઇ.ની ધરપકડ થતી નથી. કેટલા ગણવેશના લાભ આપો છો? કેટલા પેવર બ્લોક નાંખ્યા? કેટલા બાંકડા મૂકયા? એ વેલ્ફેરની વાત નથી કરતો! સામાજિક ન્યાયનો વિષય છે. સામાજિક ન્યાયની માગણી માટે સત્તાધારી પક્ષ પાસે માગણી કરું છું કે પી.એસ.આઇ.ની ધરપકડ કેમ નથી થતી? આ મારો સીધો સવાલ છે. માનનીય ઇશ્વરભાઇ આનો જવાબ આપશે એવી આશા રાખું છું. સવાલ નંબર–૨ માનનીય ગૃહમંત્રી સાહેબ એકથી વધારે વખત પોતાના વિશે કહે છે કે હું કોઇપણ ચમરબંધીને છોડતો નથી અને *(xxx) તો હે મારા ચમરબંધી એકસપર્ટ ગૃહમંત્રી સાહેબ આ તમારી *(xxx) પેલા પી.એસ.આઇ.ની કયારે ધરપકડ કરવાના છો? એનો જવાબ આપો.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, કોઇપણ ધારાસભ્ય કે મંત્રી એના ઉંચાઇના સબંધમાં કે એના શરીરના શારીરિક સબંધમાં કોઇ ચર્ચા ન થઇ શકે. તમારા શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી,આજે હું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણીઓ લઇને આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યો છું એમાં લગભગ ૧૨ જેટલા સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો. આ ચર્ચામાં થયેલ સૂચનો, ચર્ચામાં થયેલ પ્રશંસાઓ અને જે કંઇ ચિંતાઓ વ્યકત કરી છે એની હું ગંભીર નોંધ લઉં છું.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ એ અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુકત જાતિઓ, લઘુમતીઓ, બિન અનામત વર્ગો, દિવ્યાંગ, નિરાધાર વૃદ્ધ અને થર્ડ જેન્ડર આ સર્વ જન સમૂહની રાજયની લગભગ ૮૦ ટકાથી વધુ વસતિઓની ઇચ્છાઓ અને અપેક્ષાનો અરીસો છે. એમની અપેક્ષાઓને હું આપની પરવાનગી સાથે વ્યકત કરવા માગું છું.

આજે મારા વિભાગ હેઠળની અનુસૂચિત જાતિ કલ્યાણ માટે રૂપિયા ૧,૦૩૧ કરોડ સહિત અનુસૂચિત જાતિ પેટા યોજના એસ.સી. એસ.પી. માટે રૂપિયા ૫,૨૯૬ કરોડ ૨૯ લાખ, આર્થિક પછાત વર્ગો, લઘુમતીઓ વિચરતી વિમુકત જાતિઓ સહિત, બક્ષી પંચ જ્ઞાતિઓ તથા આર્થિક નબળા વર્ગના કલ્યાણ માટે રૂપિયા ૧૮૨૯ કરોડ ૧૨ લાખ, સમાજ સુરક્ષા માટે રૂપિયા ૧૪૭૫ કરોડ ૪૪ લાખ અને વિભાગના રૂપિયા ૮ કરોડ ૧૮ લાખ મળીને કુલ ૪૩૫૨ કરોડ ૫૩ લાખ રૂપિયાની માગણી લઇને ઉપસ્થિત થયો છું જે ગત વર્ષના બજેટ કરતાં રૂપિયા ૩૨ કરોડ જેટલા વધારે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ચિંધેલા રાહ અને સેવેલ સ્વપ્ના સાકાર થાય એ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે ઉદાર મન રાખી વંચિતોના વિકાસ અર્થે રૂપિયા ૪૩૫૨ કરોડ ૫૩ લાખની જોગવાઇ કરી છે જે વંચિતોના વિકાસના ક્ષેત્રને અમારી સરકારે આપેલ અગ્રતા દર્શાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટની ચર્ચાની સાથે સાથે આ ચર્ચામાં ભાગ લીધો છે એ સભ્યોના પ્રશ્નોની પણ હું વાત કરું તો માનનીય શૈલેષભાઇ પરમાર દ્વારા આભડછેટ જેવા બનતા બનાવોના સંદર્ભમાં જે વાત કરી છે. આ રાજ્ય સરકાર દ્વારા સમાજમાં સામાજિક સમરસતા ઉદ્ભવે તે ઉદ્દેશથી વિદ્યાર્થીઓને વિદ્યાર્થીકાળમાં જ સામાજિક સમરસતાના ગુણોનું સિંચન થાય તે માટે તમામ જાતિઓના વિદ્યાર્થીઓ એક છત નીચે રહીને અભ્યાસ કરી શકે તેવી વ્યવસ્થા માટે સમરસ છાત્રાલયોની સ્થાપના કરી છે અને સામાજિક સમરસતા લાવવા માટેના અથાગ પ્રયત્નો કરવામાં આવ્યા છે. ભારતીય જનતા પાર્ટીની અમારી સરકાર ભેદભાવમાં માનતી નથી. અમે સામાજિક સમરસતાના હિમાયતી છીએ, માનીએ છીએ અને અમલ પણ કરીએ

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

છીએ. બધી જ નાની મોટી જ્ઞાતિ અમારા કુટુંબના સભ્યો છે અને અમે તો 'વસુદૈવ કુટુમ્બકમ 'માં માનીએ છીએ. અમારા સિનિયર મંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ અહીં ગૃહમાં ઉપસ્થિત છે. હું સમગ્ર ગૃહને જણાવવા માગું છું કે છેલ્લા ૪૦ વર્ષથી ૧૪મી એપ્રિલ હોય કે નવા વર્ષનો દિવસ હોય, તેઓ અનુસૂચિત જાતિના વિસ્તારમાં જઇને અનુસૂચિત જાતિના લોકોને મળે છે, નવા વર્ષના અભિનંદન પણ આપે છે. તેમની સાથે આખો દિવસ વિતાવે છે, સાથે ચ્હા-નાસ્તો કે જમવાનું પણ ગોઠવે છે. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર આ ભેદભાવમાં માનતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઇએ શિષ્યવૃત્તિમાં આવકના મુદ્દાની પણ ચર્ચા કરી. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ધોરણ-૧થી ૧૦માં આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. ભારત સરકાર દ્વારા ચૂકવવામાં આવતી અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા વાલીઓના બાળકોને બેસ્ટ સ્કોલર વિદ્યાર્થીઓને રૂ. ૩,૦૦૦ અને હોસ્ટેલર વિદ્યાર્થીઓને રૂ. ૮,૦૦૦ એ પણ આવક મર્યાદા ધ્યાનમાં લીધા સિવાય આપવામાં આવે છે. ભારત સરકારની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ અંતર્ગત ચૂકવવામાં આવતી શિષ્યવૃત્તિમાં આવક મર્યાદા રૂપિયા અઢી લાખની છે. જેમાં વિદ્યાર્થીઓને ટ્યૂશન ફી, લાયબ્રેરી ફી, નિભાવ ભથ્થું તથા અન્ય સરકાર માન્ય ફી ચૂકવવામાં આવે છે. એમ વિદ્યાર્થીઓનો સંપૂર્ણ ખર્ચ સરકારશ્રી દ્વારા ચૂકવવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા કન્યાઓમાં શિક્ષણનું પ્રમાણ વધે તે માટે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ માટે રૂપિયા અઢી લાખથી લઇને રૂપિયા છ લાખ સુધીની આવક મર્યાદા છે. જેમાં વિદ્યાર્થીનીઓને ટ્યૂશન ફી, લાયબ્રેરી ફી, નિભાવ ભથ્થું તથા અન્ય સરકાર માન્ય ફી ચૂકવવામાં આવે છે. એમ વિદ્યાર્થીનીઓનો પણ સંપૂર્ણ ખર્ચ સરકારશ્રી દ્વારા ચૂકવવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શૈલેષભાઇ પરમાર દ્વારા રાજ્યમાં અનુસૂચિત જાતિના વિરુદ્ધમાં થતાં અત્યાચારનો રેશિયો ૩૪.૮ ટકા જણાવવામાં આવેલ છે. જાન્યુઆરી-૨૦૧૦થી ડિસેમ્બર-૨૦૨૦ સુધીમાં રાજ્યમાં કુલ ૬,૧૪,૬૨૧ ગુના નોંધાયા છે. જેની સામે અનુસૂચિત જાતિના કુલ ૧૩૭૦ ગુનાઓ નોંધાયા છે. જેની સરેરાશ ગુનાઓની સામે ૦.૨૨ ટકા થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નૌશાદભાઇએ પણ થોડી ચિંતા વ્યક્ત કરી, થોડાં સૂચનો કર્યાં. ડો. આંબેડકર ભવનની જે વાત કરી છે. તો કુલ ૨૪ જેટલાં આંબેડકર ભવનો બન્યાં છે. બીજા એક આંબેડકર ભવનનું કામ પ્રગતિ હેઠળ છે અને વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટમાં પણ દેવભૂમિ દ્વારકા ખાતે જિલ્લા કક્ષાનું આંબેડકર ભવાન આપણે મંજૂર કર્યું છે. એમણે અમદાવાદમાં ડો. આંબેડકર મ્યુઝિયમ-રાણીપની વાત કરી. તો એમાં પણ રૂપિયા ૭ કરોડ ૩૫ લાખની જોગવાઇ કરવામાં આવી છે. તેની સામે રૂપિયા ૩ કરોડ ૩૬ લાખનો ખર્ચ થયેલ છે. ત્રીજા ફેઝની કામગીરી પણ હાલમાં ચાલુ છે. એટ્રોસિટી એક્ટ હેઠળ નોંધાયેલા કેસની પણ એમણે વાત કરી. તો કોર્ટ તરફથી આવેલા જજમેન્ટના હુકમો સામે વળતર પરત મેળવવા બાબતે રાજ્ય સરકાર દ્વારા ભારત સરકારની અત્યાચાર અધિનિયમની જોગવાઇ મુજબ ભારત સરકાર પાસેથી માર્ગદર્શન માગવામાં આવેલ છે અને આ બાબતે સરકાર ગંભીરતાપૂર્વક કામગીરી કરી રહી છે. એમણે વિદેશ અભ્યાસ લોનના પોર્ટલની પણ વાત કરી, વિદેશ અભ્યાસ યોજના હેઠળ સરકારશ્રીની નાણાકીય જોગવાઇ અને મળેલ અરજીઓને ધ્યાને લઇ જરૂરિયાત મુજબ વર્ષમાં એક કરતા વધુ વખત આ પોર્ટલ ખોલવામાં આવે છે અને મળેલ અરજીઓ પૈકી અરજદારશ્રીઓ લાભથી વંચિત ના રહે તેની પૂરી કાળજી રાખવામાં આવે છે અને પાત્રતા ધરાવતી તમામ અરજીઓ અમારા વિભાગ તરફથી મંજૂર કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નૌશાદભાઇ તરફથી એટ્રોસિટી એકટ હેઠળ નોંધાયેલ ગુનાના કેસો ચલાવવા માટે ૧૬ કોર્ટોને એક્ઝિક્યુટિવ સ્પેશિયલ કોર્ટ તથા ૧૭ કોર્ટને સ્પેશિયલ કોર્ટ તરીકે કાયદા વિભાગ દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે. તેમાં એટ્રોસિટી એકટ હેઠળ નોંધાયેલ તમામ જૂના કેસો તબદીલ કરવામાં આવે છે તેમજ નવા નોંધાતા તમામ કેસો ઉકત કોર્ટમાં ચલાવવામાં આવે છે. અમારા વિભાગે શૈક્ષણિક યોજનાઓ માટે અનુસૂચિત જાતિની રૂપિયા ૬૪૬ કરોડ ૫૬ લાખ અને વિકસતી જાતિની રૂપિયા ૯૯૧ કરોડ ૯૩ લાખ મળી કુલ રૂપિયા ૧૬૩૮ કરોડ ૫૦લાખની જોગવાઇ કરવામાં આવી છે. આર્થિક ઉત્કર્ષની યોજના માટે અનુસૂચિત જાતિની રૂ.૯૩ કરોડ ૪૭ લાખ અને વિકસતી જાતિની રૂપિયા ૧૧૯ કરોડ ૪૬ લાખ મળી રૂપિયા ૨૧૨ કરોડ ૯૩ લાખની જોગવાઇ કરવામાં આવી છે. આરોગ્ય, વસવાટ અને અન્ય સામાજિક યોજના માટે અનુસૂચિત જાતિની રૂપિયા ૧૨૮ કરોડ ૯૩ લાખ અને વિકસતિ જાતિની રૂ. ૧૮૨ કરોડ ૫૭ લાખ મળી કુલ રૂપિયા ૩૧૧ કરોડ ૫૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. વિચરતિ વિમુકત જાતિઓ માટે રૂ.૧૦૫ કરોડ ૯૯ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, લઘુમતિ વિકાસની વિવિધ યોજનાઓ માટે બજેટમાં રૂપિયા ૭૪ કરોડ ૬૨ લાખની જોગવાઇ કરવામાં આવી છે અને બિન અનામત વર્ગો માટે રૂપિયા ૫૦૬ કરોડ ૭૫ લાખની જોગવાઇ કરવામાં આવી છે. આ રાજયના દીર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીસાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબની આગેવાનીમાં ચાલતી આ સરકારે કોરોના મહામારીને જે રીતે માત આપી છે તે કાબીલે તારીફ છે. વ્યકિતગત રીતે હું એવા લોકોને મળ્યો છું કે જેમણે ગુજરાત સરકારની કોરોના દરમિયાનની કામગીરીને ભરોસા અને વિશ્વાસ સાથે બિરદાવી છે. રાજયની જનતા વતી હું આજે બે હાથ જોડીને આ કોરોના કાળમાં ફરજ બજાવનાર એ પ્રત્યેક મેડિકલ સ્ટાફ, પોલીસ કર્મીઓ, સફાઇ કામદારો અને પ્રત્યેક કોરોના વોરિયર્સનો આભાર માનું છું કે જેમણે પોતાની જિંદગીની પરવા કર્યા વગર આપણી દરકાર રાખી છે. વર્ષ ૨૦૨૦માં કોવિડ-૧૯ની મહામારીને કારણે આવેલ સંકટની ઘડીમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબના દૂરંદેશી નેતૃત્વમાં

ગુજરાત સરકારે જનહીતલક્ષી ફાસ્ટ્રેક નિર્ણયો લીધા છે. સંવેદનશીલ અને મહત્વપૂર્ણ નિર્ણાયક નિર્ણયોથી ગુજરાત રાજયના તમામ નાગરિકોને વેઠવી પડતી અસુવિધાઓની નોંધ લઇ આયોજનપૂર્વકના પ્રયાસો અને જનકલ્યાણના પગલાઓથી ગુજરાત કોરોનાના મારને પહોંચી વળી ફરી પાછું અર્થતંત્રના પાટા ઉપર પૂર ઝડપે દોડવા લાગ્યું છે. કોરોનાના ચેપને ફેલાતો અટકાવવા માટે સરકારશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલ લોકડાઉનના કારણે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળની વિવિધ સંસ્થામાં રહેતા વિદ્યાર્થીઓ, દિવ્યાંગો અને વૃદ્ધોને પોતાના અથવા સગાસબંધીઓના ઘરે મોકલવામાં આવ્યા હતા અને આવા કપરા સંજોગોમાં માતા-પિતા, વ્યકિતના સગાસંબંધી કે વાલીને મદદરૂપ થવાના એક સરાહનીય પગલાના ભાગરૂપે પ્રજા વત્સલ્ય માનનીય મુખ્યમંત્રીસાહેબે નિર્ણય લેતા રૂ. ૧૫૦૦ની સહાય મારા વિભાગ દ્વારા તાત્કાલિક ડી.બી.ટી. મારફતે ચૂકવી આપેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકના ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલયો, ગ્રાન્ટ-ઇન-એઇડ આશ્રમશાળાઓ, સરકારી છાત્રાલય અને આદર્શ નિવાસી શાળાના કુલ ૨૪,૫૮૩ વિદ્યાર્થીઓને રૂ. ૩,૬૮,૭૪,૫૦૦ની સહાય ડી.બી.ટી. મારફતે છાત્રો કે તેમના માતાપિતા કે તેમના વાલીના ખાતામાં ચૂકવવામાં આવેલ છે. વિકસતિ જાતિ કલ્યાણ હસ્તકની ૧૦૬૨ શૈક્ષણિક સંસ્થાઓના ૫૩,૪૯૭ વિદ્યાર્થીઓને રૂપિયા ૮ કરોડ ૨ લાખ ૪૫ હજાર ૫૦૦ ની સહાય ચૂકવવામાં આવેલ છે. સમાજ સુરક્ષા પ્રભાગ હસ્તક રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના હેઠળ ૮ લાખ ૪ હજાર લાભાર્થીઓને રૂપિયા ૧૩૦ કરોડ, નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના હેઠળ ૧ લાખ ૧૧ હજાર લાભાર્થીઓને રૂપિયા ૧૮ કરોડ ૨૦ લાખ, રાષ્ટ્રીય દિવ્યાંગ પેન્શન યોજના હેઠળ ૧૨ હજાર લાભાર્થીઓને રૂપિયા ૧ કરોડ ૪૪ લાખ, સંત સુરદાસ યોજના હેઠળ ૩૯,૩૩૩ લાભાર્થીઓને રૂપિયા ૪.૪૧ લાખ, નિરાધાર બાળક અને દિવ્યાંગ બાળક મળીને ૧૦,૧૩૯ લાભાર્થીઓને રૂપિયા ૧૫૦૦ પ્રમાણે રૂપિયા ૧ કરોડ ૨૨ લાખ એડવાન્સમાં ચૂકવવામાં આવ્યા. સમગ્ર લોકડાઉન દરમિયાન વૃદ્ધો, દિવ્યાંગ વ્યક્તિઓ અને બાળકો મળીને કુલ ૧૦ લાખ ૧૯ હજાર લાભાર્થીઓને રૂપિયા ૧૦૦૦ એક્સગ્રેસિયા સહાય પેટે રૂપિયા ૧ કરોડ ૯૨ લાખ લાભાર્થીઓના ખાતામાં ડી.બી.ટી. મારફતે ચૂકવવામાં આવેલ છે. વહીવટમાં પારદર્શિતા એ અમારી સરકારનો મંત્ર રહ્યો છે. મોટા ભાગની કામગીરીમાં પારદર્શિતા લાવવા અને ભ્રષ્ટચારને સંપૂર્ણ નાબૂદ કરવા માટે માનનીય શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને શ્રી નીતિનભાઇ પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ મારા વિભાગના અનુસૂચિત જાતિ વિકાસ કલ્યાણ પ્રભાગે કુલ ૩૭ યોજનાઓ પૈકી ૩૨ યોજનાઓ, વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગની કુલ ૫૦ યોજનાઓ પૈકી ૩૯ યોજનાઓ અને સમાજ સુરક્ષા પ્રભાગની કુલ ૧૪ યોજનાઓ પૈકી ૧૦ યોજનાઓ ઓનલાઇન કરવામાં આવી છે. ઉક્ત યોજનાઓ પૈકી અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગની બે, વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગની ૪ અને સમાજ સુરક્ષા પ્રભાગની ૭ યોજનાઓનો વન-ડે પ્રોગ્રામમાં સમાવેશ કરવામાં આવેલ છે.જેના કારણે લાભાર્થીઓને લાભ માટે જિલ્લા કક્ષાએ કે તાલુકા કક્ષાએ જવાના બદલે ઘેર બેઠા સીધો લાભ મળી રહે છે.વન-ડે સર્વિસના કારણે લાભાર્થીઓ જુદી જુદી યોજનાના લાભ ગ્રામ્ય કક્ષાએથી મેળવી શકે જેથી સમય અને ખર્ચની બચત પણ થાય છે.ડી.બી.ટી. મારફતે ચૂકવણી કરતાં સરકારને પોસ્ટ ચાર્જની બચત થઇ છે.ઓન લાઇન અને ડી.બી.ટી.થી ચૂકવણી થતા કર્મચારીઓનો સમય પણ બચે છે. ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો, આશ્રમશાળાઓમાં વહીવટમાં વધુ પારદર્શિતા લાવવા માટે ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો અને આશ્રમશાળાઓમાં પ્રવેશથી શરૂ કરી હાજરી સુધીની તમામ કામગીરી ઓન લાઇન કરવામાં આવે છે. જેના ભાગરૂપે ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો અને આશ્રમશાળાઓમાં વર્ષ ૨૦૧૯-૨૦ના ત્રીજા અને ચોથા હપ્તાની ગ્રાન્ટની ચૂકવણી ઓન લાઇન કરવાની અમલવારી કરતાં વર્ષ ૨૦૧૯-૨૦માં ગ્રાન્ટ ઇન એઇડ અને આશ્રમશાળાઓની યોજનામાં કુલ રૂપિયા ૮૭ કરોડ ૯૫ લાખની જોગવાઇ સામે રૂપિયા ૭૧.૨૫ કરોડનો ખર્ચ થયેલ છે અને રૂપિયા ૧૬ કરોડ ૬૦ લાખની બચત રહેવા પામી છે.ડી.બી.ટી. મારફતે ચૂકવણી કરતાં છેલ્લા ત્રણ વર્ષમાં ૯૬ કરોડ અને ચાલુ વર્ષમાં ૧૫ કરોડની બચત સમાજ સુરક્ષા પ્રભાગમાં થવા પામી છે. આજે આ સન્માનનીય સભાગૃહમાં જણાવતા મને આનંદ થાય છે અને અમારા માનનીય સભ્યશ્રી આત્મારામભાઇ પરમાર સાહેબે જણાવ્યું એ મુજબ આંબેડકરજીના જીવન સાથે જોડાયેલ યાદગાર ઘટના પ્રસંગ સંકલ્પભૂમિ સ્મારકને મૂર્તિમંત કરવાનું કામ આપણા સંવેદનશીલ મુખ્યમંત્રી સાહેબના ફાળે જાય છે. ડોકટર બાબાસાહેબ આંબેડકરજીએ વડોદરાના કમાટીબાગમાં ઘટાદાર વૃક્ષની નીચે સંકલ્પ લીધો હતો એ જગ્યાએ સંકલ્પભૂમિ સ્મારક બનાવવાના કામ માટે ખૂટતી રૂપિયા ૧૨ કરોડ જેટલી માતબર રકમ આ બજેટમાં મંજૂર કરીને આ સરકારે તેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. અને બીજી જે કાંઇ કામગીરી કરી છે અમારા સભ્યશ્રી આદરણીય પ્રદિપભાઇ પરમારે જણાવ્યું છે એટલે એ વાતો હું કરતો નથી. આવનાર સમયમાં આ સંકલ્પ ભૂમિ સ્મારક માત્ર ગુજરાતનું જ નહીં, પણ સમગ્ર ભારત વર્ષનું ઘ્યાન ખેંચશે અને આ સમરસતાનું ઉત્તમ તીર્થ સ્થળ બની જશે એવો મને દ્દઢ વિશ્વાસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ ૧થી ૧૦માં અભ્યાસ કરતા અંદાજે અનુસૂચિત જાતિના ૪,૨૦,૦૦૦ અને વિકસતિ જાતિના ૩૮,૫૦,૦૦૦ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા માટે અને પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા અંદાજે અનસૂચિત જાતિના ૩,૩૫,૦૦૦ વિકસતિ જાતિના ૩૨,૫૦,૦૦૦ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવા માટે બજેટમાં રૂ.૫૪૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. શિષ્યવૃત્તિ અને સાઇકલ પર એક સભ્યશ્રીએ એના પર ટીકા-ટિપ્પણી કરી, પણ ગરીબ માણસને જ્યારે આ શિષ્યવૃત્તિની રકમ મળે. ગરીબની દીકરી શાળાએ પગપાળા જતી હોય એને સરકાર તરફથી સાઇકલ મળે ત્યારે એને ખબર પડે. એટલે આવી ટીકા-ટિપ્પણી મારા મતે કોઇપણ સભ્યશ્રીએ ન કરવી જોઇએ. સરસ્વતી સાધના સાઇકલ યોજના

હેઠળ ધોરણ ૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિની ૨૨,૦૦૦ અને વિકસતિ જાતિની અંદાજે ૧,૬૦,૦૦૦ કન્યાઓને વિના મૂલ્યે સાઇકલ આપવામાં આવશે, જેના માટે બજેટમાં ૭૧ કરોડ રૂપિયાની જોગવાઇ પણ કરવામાં આવી છે. વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન યોજનામાં વર્ષ ૨૦૨૧–૨૨માં અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિના વિદ્યાર્થીઓને રૂ.૧૫ લાખની લોન આપવા બજેટમાં ૬૬ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. ડો. આંબેડકર આવાસ યોજનામાં અનુસૂચિત જાતિના લાભાર્થીઓ માટે રૂ.૪૫ કરોડ અને પંડિત દીનદયાળ આવાસ યોજનામાં વિકસતિ જાતિના ૧૨,૦૦૦ લાભાર્થીઓને મકાન બાંધવા માટે સહાય આપવા રૂ.૧૦૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાથી શ્રી અરવિંદભાઇ રાણાએ આ ચર્ચામાં ભાગ લીધો અને એમણે પણ ચંદ્રગુપ્ત મૌર્ય અને કુંવરબાઇના મામેરા યોજનાની વાત કરી, સમૂહ લગ્નના સહાયની વાત કરી. માનનીય અધ્યક્ષશ્રી, તો કુંવરબાઇનું મામેરૂં યોજનામાં અત્યાર સુધી સરકારશ્રી દ્વારા ૧૦,૦૦૦ રૂપિયા ચૂકવવામાં આવતા હતા, જેમાં વધારો કરીને હવેથી રૂ.૧૨,૦૦૦ ચૂકવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ માટે અનુસૂચિત જાતિની ૮,૦૦૦ અને વિકસતિ જાતિની ૨૫,૦૦૦ દીકરીઓ મળી કુલ ૩૩,૦૦૦ દીકરીઓના મામેરાની સહાય માટે રૂ.૩૯ કરોડ ૬૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. સાત ફેરા સમૂહ લગ્ન યોજનામાં અનુસૂચિત જાતિના ૧,૯૦૦ અને વિકસતિ જાતિના ૪,૬૬૬ મળી કુલ ૬,૫૬૬ યુગલોને રૂપિયા ૧૨,૦૦૦ની સહાય આપવા માટે રૂ.૯ કરોડ ૬૫ લાખની જોગવાઇ કરવામાં આવી છે. સમાજમાં સામાજિક સમરસતા જળવાય એ માટે શરૂ કરવામાં આવેલ ડો. સરિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં ૮૦૦ યુગલોને સહાય આપવા માટે રૂ.૮ કરોડની જોગવાઇ પણ કરવામાં આવી છે. મૃત્યુ બાદ સન્માન સાથે અંતિમ ક્રિયા કરવા માટે શરૂ કરવામાં આવેલ સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોત્તર સહાય ગરીબ વર્ગના અનુસૂચિત જાતિના વ્યક્તિને મરણ પ્રસંગે કફન–કાઠી માટે સહાય આપવા માટે બજેટમાં રૂ.૬ કરોડ ૫૦ લાખની જોગવાઇ કરી છે. મારા વિભાગ હેઠળના નિગમોની વ્યક્તિલક્ષી ધિરાણ યોજના માટે રૂ.૮૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સમયની સાથે આદર્શ નિવાસી શાળાઓમાં પણ ટેકનોલોજીનો સમન્વય કરીને સરકારી નિવાસી શાળાઓને ટેકનોલોજીયુક્ત કરવા માટે સ્માર્ટ ઇલેક્ટ્રિક પ્રોજેક્ટ હેઠળ અનુસૂચિત જાતિની ૨૮, વિકસતિ જાતિની ૨૮ અને અગરિયા જાતિની ૫ આદર્શ નિવાસી શાળાઓમાં ડિજિટલ ક્લાસરૂમ બનાવવા માટે પણ રૂ.૩ કરોડ ૪૦ લાખના ખર્ચે પાંચ લાખની મર્યાદામાં કીટ આપવામાં આવશે.મેં અગાઉ કહ્યું તેમ કે દેવભૂમિ દ્વારકા ખાતે પણ ડો. આંબેડકર ભવન બનાવવા માટે જોગવાઇ કરવામાં આવી છે. ૮૦ ટકા કે તેથી વધુ બૌદ્ધિક અસમર્થતા એટલે કે મંદબુદ્ધિ ધરાવતા દિવ્યાંગ વ્યક્તિઓને માસિક રૂ. ૧,૦૦૦ પેન્શન આપવાની યોજનામાં દિવ્યાંગતાની ટકાવારી ૮૦ ટકાથી ઘટાડીને ૭૫ ટકા કરવા તથા સેરીબલ પાલ્સી ઓટીઝમ સ્પેક્ટ્રન ડિસઓર્ડર દિવ્યાંગતાવાળાને લાભ આપવા માટે રૂ. ૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. દિવ્યાંગ કલ્યાણ માટે દિવ્યાંગ ફંડમાં રૂ. ૨૦૦ લાખની આ બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર અને ગૃહ ઓઢવ અમદાવાદના બાંધકામ ખાતે પણ ૧૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. મંદબુદ્ધિના બહેનોનું ગૃપ કે જે નરોડા, અમદાવાદની સંસ્થા છે, એની ફરતે કોટ બનાવવા માટે પણ રૂપિયા ૧૦૮ લાખની જોગવાઇ કરવામાં આવી છે. સમાજ સુરક્ષા પ્રભાગની વાત કરું તો વિવિધ કલ્યાણકારી યોજનાનો સંસ્થાકીય તેમજ બિન સંસ્થાકીય માળખાઓ દ્વારા ચલાવવામાં આવે છે. જેમાં સમાજના નબળા વર્ગો અને ખાસ કરીને જરૂરિયાતમંદ વર્ગો જેવા કે અનાથ, નિરાધાર બાળકો, દિવ્યાંગો, કિન્નરો અને વૃદ્ધોના ક્ષેત્રે દ્રઢ અને સંગીન પ્રયાસોથી રક્ષણ, શિક્ષણ અને તાલીમ દ્વારા પૂનઃસ્થાપન માટે વિવિધ રીતે કાર્યરત છે ત્યારે એમાં પણ નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨માં કુલ જોગવાઇ રૂપિયા ૧૪૭૫,૪૪ લાખની જોગવાઇ કરવામાં આવી છે. લોકોને સન્માનની જિંદગી આપવા અમારો વિભાગ સતત પરિશ્રમ કરી રહ્યો છે અને અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર હરહંમેશ તેના માટે કટિબદ્ધ છે ત્યારે અમારા વિભાગના સહિયારા પ્રયત્નોને એક શાયરના શબ્દોમાં કહું તો

**जिस दिन से चला हूं मंजिल पर नजर है, ऑखों ने कभी मिल का पत्थर नहीं देखा**

**निगाहें में मंजिल साथ थी, बार–बार गिरें, मगर सम्हलते रहे,**

**हवाओं ने कोशिश तो बहुत की, हम वो चिराग थे जो कोरोना की ऑधी में भी चलते रहे ॥**

માનનીય અધ્યક્ષશ્રી, આ લોકશાહીના શાસનમાં સરકારની કામગીરીની સતત લોકોના માનસ પટલ ઉપર છાપ અંકિત થતી હોય છે જે વોટના સ્વરૂપે પ્રવર્તિત થઇ સરકારમાં લોકોનો વિશ્વાસ પ્રગટ કરતી હોય છે અને એટલે જ તાજેતરમાં આવેલ ચૂંટણી પરિણામોએ જનસમર્થનના સેલાબ સ્વરૂપે ફરીથી સાબિત કરી બતાવ્યું અને માટે જ હું વી.આર., સી.આર. અને એન.આર.ની ટીમને અભિનંદન આપું છું અને અમને સંપૂર્ણ સંતોષ છે કે અમને સોંપવામાં આવેલી આ મહત્વપૂર્ણ જવાબદારી નિભાવવાના પ્રયત્નોમાં અમને સફળતા મળી રહી છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા કરવામાં આવેલ કામગીરી અને મેળવેલ સિદ્ધિઓને ધ્યાને લઇ અને આ મૂકવામાં આવેલ માગણીઓને તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું કે સર્વાનુમતે મંજૂર કરવામાં આવે અને એ માટે માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ( મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં વર્ષ ૨૦૨૧–૨૨ની ૪૬ જેટલી નવી બાબતો સાથે રૂપિયા ૪૫૪૭ કરોડની માગણી લઇને આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત કહું તે પહેલા કોરોના મહામારી સામે રાજ્યના ડોક્ટરો, પેરા મેડિકલ ફોર્સ, નર્સીસ, સરકારના તમામ વિભાગો જે આ મહામારીથી બહાર નિકળવા માટે સામાજિક સંસ્થાઓ, એન.જી.ઓ. બધાએ જે કઇ સહયોગ

આપ્યો છે તે બધાનો હું આભાર માનું છું. મારી માગણી ઉપર સાતેક માનનીય ધારાસભ્યશ્રીઓએ સૂચનો કર્યાં છે. કેટલાક ધારાસભ્યોએ સરકારે કરેલી સાચી કામગીરીની વાત કરી છે. આ બધાનો જવાબ આપવા માટે છેલ્લાં ૩ વર્ષ મહેસૂલી ડિપાર્ટમેન્ટના પર્ફોર્મન્સની વાત કરીશ અને એમાં આ બધાનો જવાબ આવી જશે. સૂચનો કર્યાં છે એ સૂચનો ધ્યાને લઇશ અને આ અમારા પર્ફોર્મન્સ વિભાગની વાતમાં એમણે જે રજૂઆતોકરી છે એમાં સમાવેશ થઇ જશે. વખતો વખત હું કહેતો આવ્યો છું કે મહેસૂલ વિભાગ એ એક બહુ મોટો વિસ્તૃત વિભાગ એને કદાચ મધર ડિપાર્ટમેન્ટ પણ કહેવામાં આવે છે. આ વિભાગમાં મહેસૂલી કામગીરી જિલ્લાના સિનિયર તરીકે કલેક્ટર કરે છે. એટલે મહેસૂલ વિભાગ એ અનેક ડિપાર્ટમેન્ટની કામગીરી કરે છે, પણ હું મહેસૂલની વાત કરું તો ૧૭ જેટલા મુખ્ય કાયદાઓ છે. વખતો વખત હું કહીશ કે મહેસૂલ વિભાગ એટલે કાયદાઓ, કલમો,પેટા કલમો, નિયમો, જી.આર.ઓ પરિપત્રો. આ સભ્યશ્રીઓને ધ્યાનમાં આવે એટલે ૧૭ જેટલા મુખ્ય કાયદાઓ છે અને આ કાયદાઓ આજે અમલમાં છે. વર્ષ ૧૯૭૯નો કાયદો આજે અમલમાં છે. વર્ષ ૧૯૪૮નો કાયદો અમલમાં છે. વર્ષ ૧૯૪૯નો કાયદો આજે અમલમાં છે. એ જ રીતે વર્ષ ૧૯૪૭, વર્ષ ૧૯૫૧, વર્ષ ૧૯૫૮ અને લેન્ડ ગ્રેબિંગ એક્ટ છેલ્લે એ પણ અમલમાં છે.આટલા બધા મોટા કાયદાઓ અને એની સાથે સાથે ૭૨૦ જેટલી કલમો. માનનીય અધ્યક્ષશ્રી, આપ તો વકીલાતના જાણકાર છો. એકે એક કલમની એક એક તાકાત હોય છે. ૭૨૦ કલમો અને ૨૮૪ નિયમો. એની સાથે સાથે મહેસૂલ વિભાગના કુલ ઠરાવો, પરિપત્રો જે અમલમાં છે તે ૪૦૮૦થી વધુ પરિપત્રો અમલમાં છે. આટલું બધું ધ્યાનમાં રાખીને આ વિભાગનો વહીવટ કરવાનો હોય છે, એટલે કેટલાક ધારાસભ્યોની લાગણી માગણી વ્યાજબી પણ હોય છે. મોડું થાય છે, ભ્રષ્ટાચાર થાય છે, ધક્કા ખાવા પડે છે. આટલું બધુ કરવાનું. મહેસૂલની કામગીરીમાં ૧૨ જેટલી જુદી જુદી અલગ અલગ બ્રાન્ચો છે. એમાં અલગ અલગ ખાતાની કામગીરી થાય છે. દા.ત. ગુજરાતમાં જાહેર હેતુ માટે કયાંય જમીન સંપાદન થાય તો તેની અલગ બ્રાન્ચ છે. આવી ૧૨–૧૩ બ્રાન્ચોની અલગ અલગ કામગીરી એમાં રી–સરવેની, સેટલમેન્ટ કમિશનર, સબ રજિસ્ટ્રાર આ બધામાંએકએક એ.સી.એસ. આર.ડી.ની નીચે હોય છે. આ બધી એક એક કામગીરી કરવાનો સવાલ છે, પણ આમાંથી બહાર નિકળવા માટે માનનીય વિજયભાઇના નેતૃત્વમાં,શ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં જે અભિગમ અપનાવ્યો છે. એક વાત ગઇ વખતે કહી હતી. આજે ફરી યાદ દેવડાવું છું. "એક ઇચ્છા સે કુછ નહિ બદલતા, એક નિર્ણય સે થોડા કુછ બદલતા હૈ, લેકિન એક નિશ્ચય સે સબ સબકુછ બદલ શકતા હે ". આ નિશ્ચય સાથે અમારી સરકાર ચાલે છે. આવકનું સાધન. વહીવટ આટલા મોટા ફલકની સાથે સાથે આવકનું સરકારનું બીજા નંબરનું સાધન. જી.એસ.ટી. પછી બીજા નંબરની આવક મહેસૂલ વિભાગ ઉઘરાવીને આપે છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાના સમયન અંદર આપણને ખબર છે કે, ધંધા રોજગાર બંધ હતા તેમ છતાં પણ ૮૫૮૨ કરોડ રૂપિયાની આ વર્ષે આવક આપી છે. આવી પરિસ્થિતનો સામનો કર્યા પછી પણ આટલી આવક આપી છે. માનનીય વિજયભાઇના નેતૃત્વમાં અને શ્રી નીતિનભાઇના નેતૃત્વમાં અમારા બધા જ ડિપાર્ટમેન્ટે રિફોર્મ્સ કર્યા છે. રિફોર્મ્સ કેવા તો પોલિસી રિફોર્મ્સ, પ્રોસિઝર રિફોર્મ્સ, પેપરવર્ક રિફોર્મ્સ, હ્યુમન રિસોર્સ રિફોર્મ્સ. એટલે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં જે વિકાસની ગતિ આવી છે, પરંપરાઓમાંથી બહાર નીકળીને જે ઝડપ, સરળતા, લોકાભિમુખ વહીવટ આ જે વાતો કરીએ છીએ તે વાતો નથી. તેના ઉપર અમારો વિશ્વાસ છે. તે વિશ્વાસ સાથે અમે કામ કરીએ છીએ. બધા ડિપાર્ટમેન્ટરિફોર્મ્સ કરી રહ્યા છે. ટેકનોલોજીમાં કહુંતો સૌથી વધારે ટેકનોલોજીનો ઉપયોગ અમારા વિભાગે કર્યો છે. અમને કહેવામાં આવ્યું અને અમે શરૂઆત કરી. મારે ટીકા ટિપ્પણની વાત નથી કરવી. સરસ વાતલોકોએ કરી છે તેમાં નથી જવું. ઘણુંબધું કહ્યું છે પણ કર્યું કશું નથી. અમે તે કરી બતાવ્યું છે. ટેકનોલોજીની વાત થઇ હશે, ના નથી પાડતા, થઇ હશે પણ તે અમે કરી બતાવ્યું છે અને તેના હું આંકડા આપું છું. ગુજરાતની અંદર ૧ કરોડ ૨૦ લાખ કરતાં વધુ સરવે નંબરના ગામ નમૂના નં.૬, ૭/૧૨ના મહેસૂલી રેકર્ડ ઓનલાઇન કરી નાખ્યું છે. ખોવાઇ જાય, ચોરાઇ જાય, ફાટી જાય તેમાં આ બધુ આખા ગુજરાતમાં કમ્પ્યુટરાઇઝડ થઇ ગયું છે. આ ટેકનોલોજી છે. ૮૦ લાખથી વધુ સરવે નંબરના ૮ કરોડ જેટલા ૭/૧૨ના પાનાનું સ્કેનિંગ, અપલોડિંગ અને વેરીફિકેશન કરી નાખ્યું છે. અમારી પાસે આખા ગુજરાતના બધા રેકર્ડ છે. હવે અમારે અરજદાર પાસે રેકર્ડ લેવાની જરૂર નથી. અહીં જ કાઢી લઇએ છીએ. એટલે જ ઝડપથી અને સરળતાથી કામગીરી કરી શકીએ છીએ. જમીન વ્યવહારના હુકમોની વાત કરું તો ૫ લાખ ૪૨ હજારથી વધુ નોંધોના હુકમો કરવામાં આવ્યા છે. વારસાઇની વાત અહીં પ્રશ્નોત્તરીમાં થઇ હતી. ૨ લાખથી વધુ અરજીઓ IORA પોર્ટલ દ્વારા સીધી ઓનલાઇન વારસાઇ કરવામાં આવી છે. સપ્ટેમ્બર ૨૦૨૦થી ૧૬૦૦૦થી વધુ ખેડૂત ખાતેદાર પ્રમાણપત્રની અરજીઓ ઓનલાઇનમળી. વર્ષ ૨૦૦૪થી ૨૦૨૧ સુધીમાં ગામ નમૂના નં.૬, ૭/૧૨, ૮ની ગ્રામ પંચાયત ખાતેથી ૨૪ કરોડથી વધુ નકલો તથા ઇ–ધરા કેન્દ્ર ખાતેથી ૫૦ કરોડથી વધુ નકલો આપી છે. સરકારને આવક થઇ છે. તે લોકોને સરળતાથી ઓનલાઇન નકલો મળી ગઇ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ IORA પોર્ટલનો મહાત્મા મંદિર ખાતે મહેસૂલ ક્રાંતિ કરીને એક કાર્યક્રમ કર્યો હતો. તેમાં IORA ની તેમણે વાત કરી હતી. IORA માં તા.૧૫–૩–૨૦૨૧ સુધીમાં ૧ લાખ ૧૮ હજારથી વધુ અરજીઓ મળેલ છે. જે પૈકી ૧ લાખથી વધુ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. સાહેબ, ૯૨ ટકા પર્ફોર્મન્સ છે. આ ટેકનોલોજીના માધ્યમથી શક્ય બન્યું છે. તેના માટે અમે વ્યવસ્થાતંત્ર ઉભું કરી દીધું છે. હું તો અમારા બંને નેતાઓને અભિનંદન આપું છું કે, છેલ્લા ત્રણ વર્ષમાં મહેસૂલ વિભાગે જેટલું બજેટ માગ્યું છે તે બધું જ બજેટ અમને પૂરું પાડયું છે. તેના લીધે અમે આ કરી શક્યા છીએ. આ બધી વ્યવસ્થા અમે કરી શક્યા છીએ. ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એકટની અહીં

વાત થઇ. અગાઉ સીટ હતી. તેનું પર્ફોમન્સ સારું હતું પણ કાયદાકીય છટકબારીનો લાભ લઇને લોકો છૂટી જતા હતા. વધારે લાંબા સમય સુધી જજમેન્ટ ન્હોતા આવતા. એટલે અમે આ કાયદો લાવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદો લાવ્યા પછી એની ડીટેઇલ નથી કહેતો, પણ એક પ્રશ્ન ઉઠ્યો હતો એનો ફકત જવાબ આપું છું. તમે લેન્ડ ગ્રેબિંગની અરજી કરો. લેન્ડ ગ્રેબિંગ કોણે કર્યું છે, લેન્ડ ગ્રેબર કોણ છે? તો એની વ્યાખ્યા કાયદામાં સ્પષ્ટ છે એટલે પક્ષકારો કરી શકે અને ૨,૦૦૦ રૂપિયા ફી ભરીને કલેકટરશ્રીને અરજી કરવાની છે. માનનીય મંત્રીશ્રીને ૫૦૦ અરજી કરો તો કોઇ મતલબ નથી, કોઇ મંત્રીશ્રીને કહો તો પણ મતલબ નથી. કેમ કે તમારે ઓફિશિયલી ૨,૦૦૦ રૂપિયા ફી ભરીને કલેકટરશ્રીને અરજી કરવાની અને કલેકટરશ્રી, પોલીસ, કમિટી, કોર્ટ આ બધાને સમય મર્યાદા આપી છે. એ સમય મર્યાદામાં નિકાલ કરવાની અને કાં તો મંજૂર કરો અથવા નામંજૂર કરો અથવા તો એને સજા કરો. માનનીય અધ્યક્ષશ્રી, આ ચાર મહિનાના હું આંકડા આપવા માગું છું, ૨,૬૯૪ અરજીઓ મળી, એમાંથી ૯૮૩ અરજીઓની પ્રાથમિક તપાસ પૂર્ણ થઇ ગઇ અને ૧૭૩ અરજીઓ મંજૂર થઇ છે, ૭૧૭ નામંજૂર થઇ છે, એટલે એમને ધ્યાનમાં આવ્યું કે આ ગ્રેબિંગની વ્યાખ્યામાં નથી આવતી એટલે નામંજૂર થઇ અને જે ગ્રેબિંગની વ્યાખ્યામાં આવે છે એની સામે એફ.આઇ.આર. પણ કરી છે અને ૧૧૨ એફ.આઇ.આર. કરીને ૪૫૧ ઇસમો સામે ગુનો દાખલ કરેલ છે, આ ચાર મહિનાનું પર્ફોમન્સ છે. એટલે કાયદો બનાવ્યા પછી સરકાર, મુખ્યમંત્રી ચૂસ્તપણે માને છે કે, કોઇ પણ ચમરબંધીને અમે છોડવાના નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ઇ–સ્ટેમ્પિંગ. માનનીય પૂર્ણેશભાઇએ વાત કરી છે ત્યારે હું ઇ–સ્ટેમ્પિંગ, સ્ટેમ્પ ડ્યુટી અને સબ રજિસ્ટ્રાર ઓફિસની જે સિસ્ટમ છે એની વાત કરવા માગું છું. ખોટા દસ્તાવેજો, ખોટી સહીઓ વર્ષોથી બૂમો પડતી હતી અને એની વિસ્તૃત વાત કરી છે માનનીય પૂર્ણેશભાઇએ. આખી સબ રજિસ્ટ્રાર ઓફિસ અને એની સિસ્ટમ ઓનલાઇન થઇ ગઇ છે પણ અત્યારે હું ડિટેલમાં નથી જતો કેમ કે એમણે આંકડાકીય માહિતી સાથે વાત કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આખા દેશમાં સૌથી ઓછી સ્ટેમ્પ ડ્યુટી ગુજરાતમાં છે. આપણે ત્યાં ૪.૯ ટકા સ્ટેમ્પ ડ્યુટી છે કદાચ એક સ્ટેટમાં કર્ણાટક કે મહારાષ્ટ્રમાં ૫ ટકા છે. માનનીય અધ્યક્ષશ્રી, એક સમયે જ્યારે આની પહેલા મારી પાસે મહેસૂલનો હવાલો હતો ત્યારે ૧૪ ટકા સ્ટેમ્પ ડ્યુટી હતી પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે ૧૪ ટકાથી ઘટાડી ઘટાડીને આજે ૪.૯ ટકા સ્ટેમ્પ ડ્યુટી કરી છે. મહિલાઓની વાત વખતો વખત મેં કહી છે, ૨૭ લાખ બહેનોએ આનો લાભ લીધો છે અને ૧ ટકો રજિસ્ટ્રેશન ફી નહીં ભરવાની બહેનોને એટલે કે ૧ ટકો વધારાનો જે રજિસ્ટ્રેશન ચાર્જ છે એ નહીં આપવાનો અને એને લીધે ૧૭૦૦ કરોડ રૂપિયા સરકારને આવક ઓછી આવી, પણ મહિલા સશક્તિકરણનું આનાથી મોટું કોઇ ઉદાહરણ ન હોઇ શકે? ૧૭૦૦ કરોડ રૂપિયા ઓછા આવ્યા. ભલે ઓછા આવ્યા પણ એના ફાયદા બે થયા. એક તો મહિલાઓના નામે મિલકતો થઇ અને એમને લાભ પણ મળ્યો. ઓનલાઇન દસ્તાવેજની નોંધણીની વાત કરું તો નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૧માં ૧૦.૨૫ લાખથી વધુ ઓનલાઇન દસ્તાવેજની નોંધણી થઇ છે, ઇન્ડેક્ષ–૨ની કુલ ૧.૨૯ લાખથી વધુ ઓનલાઇન નકલો થયેલી છે. નોંધ થયેલા દસ્તાવેજોના કમ્પ્યુટરાઇઝ્ડ રેકર્ડ પરથી બોજાના પ્રમાણપત્રની અત્યાર સુધીમાં કુલ ૩૨ હજારથી વધુ ઓનલાઇન નકલ થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રી–સરવેની વાત માનનીય સી.જે.ચાવડાએ કરી છે. રી–સરવેની વાત કરું તો આ બહુ મોટું કામ ગુજરાતે ઉપાડ્યુ છે. આજથી ૯૦ વર્ષ પહેલાં આ ગુજરાતમાં ખાનગી મિલકત કેટલી, સરકારી કેટલી, તળાવો કેટલા, રસ્તા કેટલા, નાળાં કેટલાં? આ કોઇ માપણી જ નહોતી થઇ અને એ વખતે થઇ ત્યારે સાંકળથી થઇ છે એટલે ભારત સરકારની આ યોજના ઝડપથી હાથ પર લીધી અને આપણે જે સિસ્ટમ કરી છે એ જોવા માટે દેશના ૧૪ રાજયો આવી ગયા કે તમે કઇ રીતે આટલા આગળ વધ્યા? એટલે રી–સરવેનું મોટું કામ કરી રહ્યાં છીએ અને એના આંકડાઓ પણ આપું, આટલું મોટું કામ હોય એટલે નાની મોટી ફરિયાદો તો રહેવાની પણ એક આ કન્ટીન્યુસ પ્રોસેસ છે અને જ્યારે જમીનના ભાગ થાય ત્યારે માપણી થાય. પ્રશ્નોતરીમાં પણ પ્રશ્ન ઉઠ્યો હતો કે, ઉદ્યોગપતિઓની વહેલી થાય છે. એટલે જાણકારી માટે કહું કે આ સરકારી પ્રોજેકટ છે એમાં બધાનું કરવાનું છે પણ જે સરકારનું પરમેનન્ટ માપણીનું કામ છે, એ પૈસા આપીને ફી ભરીને ગમે ત્યારે કરાવી શકો છો, એની ફી અલગ છે પણ આ વગર ફીનું કામ છે અને આ ભારત સરકારનો પ્રોજેકટ છે. જેને ઉતાવળ હોય એ પૈસા ભરીને માપણી કરાવે એ જુદો કાયદો છે. એ જ રીતે રી–સરવેનું મોટું કામ બાર હજાર ગામોમાં તો આપણે પ્રમોલગેશન કરી નાંખ્યું છે અને ૧.૨૦ કરોડથી પણ વધારે સરવે નંબરોની રી–સરવેની કામગીરી કરી છે, એટલે એ પણ ઝડપથી કરીએ છીએ. હજી ક્યાંક બાકી હશે ફરિયાદો આવતી હશે એ કન્ટીન્યુમાં અમે કરી રહ્યા છીએ. પછી સૂચિત સોસાયટીની વખતોવખત વાત કરી છે, ૭૦૮ જેટલી સૂચિત સોસાયટીઓની ૬૩,૬૦૦ મિલકતોને આપણે મંજૂરી આપી છે. કોઇક કારણોસર મધ્યમવર્ગના માણસે મકાન લઇ લીધું, પણ બિલ્ડરોએ કે ઓર્ગેનાઇઝરોએ પરમિશન ના લીધી એના બદલે એ પરેશાન થતા હતા. એમને રેગ્યુલરાઇઝ કરી આપ્યા અને એ લોકોને ટાઇટલ મળવાનું શરૂ થયું.

માનનીય અધ્યક્ષશ્રી, સંપાદનની વાત થઇ, બહુ મોટું કામ સંપાદનમાં અમારા વિભાગ મારફતે થાય છે, એમાં છેલ્લાં ત્રણ વર્ષમાં ૮૪ લાખ ચોરસમીટર જમીન જાહેર હેતુ માટે સંપાદન કરી છે. હમણાં શ્રી અમરીષભાઇ ડેરે ગુજરાત પાવર કોર્પોરેશનનો ઉલ્લેખ કર્યો, એટલે ગુજરાત પાવર કોર્પોરેશન માટે અમારા મહેસૂલ વિભાગની સંપાદનની બ્રાન્ચ છે. એમણે એના માટે કામ કરેલ છે, સર્વિસ આપે છે પૈસા આપવાના છે એ ગુજરાત પાવર કોર્પોરેશને, અમે તો ભાવ અને બીજું બધું નક્કી કરી આપીએ. અમે એક એજન્સી માટે સંપાદન કર્યું. હવે એ એજન્સી પાવર પ્લાન્ટ કરી શકિત નથી. તો સંપાદનના કાયદામાં ગુજરાતના અને ભારત સરકારના કાયદામાં જોગવાઇ કરી છે કે એનો નિકાલ કેવી રીતે કરવો? એ જોગવાઇ પ્રમાણે થઇ શકે છે.

એમણે કહ્યું કે જી.આઇ.ડી.સી. બનાવવી જોઇએ. શક્ય હશે તો સરકાર વિચાર કરશે. એ જમીન સરકારની છે, પૈસા આપી દીધા છે એટલે માલિકી સરકારની છે. સરકાર કોઇપણ સારા ઉપયોગમાં લઇ શકે છે. એમની રજૂઆત જી.આઇ.ડી.સી. ત્યાં બનાવવાની છે. સરકારી જમીન ફાળવણીની વાત કરું તો ૪ કરોડ લાખ ચોરસમીટર જમીનની વિવિધ લોકો માટે ફાળવણી કરી છે. સરકારી નિયમો, ધોરણો સાથે અમારા વિભાગમાં ફાળવણીનું બહુ મોટું કામ અમારા વિભાગમાં ચાલતું હોય છે. રાજ્યમાં છેલ્લાં ત્રણ વર્ષમાં ૨૭૪ ગામમાં ગામતળની વાત આવે છે. એની વાત કરીએ તો અમે સિરિયસ લીધું છે. ગામતળની જેટલી અરજીઓ આવી છે, એ પૈકી કેટલીક અરજીઓ નામંજૂર થાય છે. એનાં ચોક્કસ કારણો હોય છે. ઘણીવાર પંચાયતે માગી હોય, પણ એમની પાસે બીજી જમીન પડી હોય તો પણ માગે. એટલે નામંજૂરીનાં કારણો હોય છે, બાકી અમે ગંભીરતાથી ગામતળ ફાળવવાની સૂચના આપી છે. ગામતળ તરત જ ફળવાઇ જવું જોઇએ એવા અમે આદેશો આપ્યા છે. ગૌચરની જમીનો માટે કોર્ટના આદેશ પ્રમાણે અમે કામગીરી કરી રહ્યા છીએ.

પોલિસીની વાત કરીએ તો બાગયત ખેતી, ગણોત, ગણોત વહીવટધારામાં સુધારા, ૬૩-એએનો ઉલ્લેખ થઇ રહ્યો છે પણ અમે રાજ્યના હિતમાં નિર્ણયો લીધા છે. જ્યારે જ્યારે બિલ લઇને આવ્યા છીએ, ત્યારે પણ વિસ્તૃત અમે વાત કરી છે કે ભાઇ, બિલ લાવવાનો આશય શું છે? ૬૩-એએ એક બિલ છે કે કોઇએ ઇન્ડસ્ટ્રી કરી પણ ઇન્ડસ્ટ્રી કરનાર માલિક એ કોઇપણ કારણસર અકસ્માતે મૃત્યુ પામે તેનું ઇન્વેસ્ટમેન્ટ ક્યાં જાય? એ આગળ ધંધો કરી શકે તેમ ન હોય તો એવા લોકોને કેવી રીતે સરકાર છૂટો કરે તો થોડી ઘણી પ્રીમિયમની રકમ લઇને એને પણ છૂટો કરી અને આગળનું કામ થાય એટલે રાજ્યના હિતમાં આ નિર્ણયો લીધા છે. એ પણ બિલો લઇને આવેલા.

માનનીય અધ્યક્ષશ્રી, એસ.એસ.આર.ડી. એ એક કોર્ટ છે. એ કોર્ટમાં ઝડપથી ન્યાય મળે એની પણ ચિંતા કરીએ છીએ. આમ તો કોર્ટ છે કોર્ટ બનાવી દીધી છે. પણ એની ચિંતા કરીએ છીએ અમે. ઓનલાઇન ઇન્સ્પેક્શન કરીએ છીએ. અમારા વિભાગમાં જે કર્મચારીઓના કેસો નાના મોટા પડ્યા છે. એમને ઝડપથી ન્યાય મળે, એટલે જુદું લોકાયુક્ત બનાવ્યું છે. કર્મચારી દોષિત છે કે નથી એના કેસો વર્ષો સુધી પડી રહે છે, એટલે એક લોકાયુક્ત જેમ સરકારે બનાવ્યું એમ અમે પણ રેવન્યુ વિભાગમાં બનાવ્યું છે, જેથી એ કેસોનો નિકાલ ઝડપથી થાય. એ પણ કામ કરી રહ્યાં છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મહેકમની વાત કરું તો ૨૦૫૯ કર્મચારીઓ-અધિકારીઓની નિમણૂક કરી છે. એટલે લગભગ મોટા ભાગના પ્રશ્નો જે આવ્યા છે, એમાં શ્રી પૂર્ણેશભાઇએ સબ રજિસ્ટ્રાર કચેરીની વાત કરી છે, ડો. સી.જે. ચાવડાએ રી-સરવેની વાત કરી છે. ૬૩(ખ) ની વાત કરી છે. પરિપત્રો વંચાય એવા મૂકવાની પણ ચિંતા કરી છે. એ પણ કરીશું. શ્રી કીર્તિસિંહે કુદરતી આપત્તિની વાત કરી અને કેતનભાઇએ જે વાત કરી એ બહુ મોટું કામ થયું છે. બધા જાણે છે. અછત, અતિવૃષ્ટિ, તીડ પેકેજો ઉપર પેકેજ, જમીન ધોવાણનું પેકેજ, ખેડૂતનું પેકેજ, પેકેજો ઉપર પેકેજ છેલ્લાં ૩ વર્ષ કુદરતે આપણી પરીક્ષા કરી અને અભિનંદન આપું છું માનનીય વિજયભાઇને કે તરત નિર્ણય. ૧૫ કરોડ કિલો ઘાસ અછતમાં કદાચ આ આઝાદી પછી ગુજરાતમાં મારી માહિતી પ્રમાણે ૪ કરોડ કિલોથી વધારે ઘાસ નથી જોયું. ૧૪-૧૫ કરોડ કિલો ઘાસ પણ પશુને મરવા દીધા નથી. આ અછતની કામગીરી વિશે કલાકો કહી શકાય પણ અમારા ધારાસભ્ય બહુ સુખી છે તેમને હું અભિનંદન આપું છું. શ્રી અમરીષભાઇની ગુજરાત પાવરની મેં વાત કરી, હક્કપત્રક વંચાય તેની વાત કરી, મીઠા ઉદ્યોગોની વાત કરી. મીઠા ઉદ્યોગની દોઢ વર્ષ પહેલાં પોલિસી બનાવી છે, તેમા અગરિયાનો ખ્યાલ રખાયો છે. અગરિયા, મંડળીઓ, કંપનીઓ પોતપોતાના નિયમ અનુસાર મળે છે. કોઇને પ્રાયોરિટી એવું નથી એટલે ચોક્કસ નિયમોને આધારે અગરિયાનું હિત નક્કી કરીને અમે પોલિસી બનાવી છે. માનનીય પ્રતાપભાઇએ પણ અદાણીની કેટલીક વાત કરી છે. બધાને સરકારી નિયમો, ધોરણો પ્રમાણે હમણાં જ એક પ્રશ્નમાં કહેતા હતા કે જી.આઇ.ડી.સી.અમારે ત્યાં લાવો,ઉદ્યોગો લાવો, આમ વાતો કોઇ એવી કરે કે ઉદ્યોગો લાવો અને આપી દઇએ (અંતરાય) તો કહે કે ઉદ્યોગોને જમીનો આપી દીધી. અમે કોઇ નિયમ બહાર આપતા નથી. સરકારના નિયમો, ધોરણો પ્રમાણે જ આપીએ છીએ. અમે કોઇ નિયમ બહાર આપતા નથી. શ્રી કેતનભાઇએ વાત કરી છે, શ્રીમતી ગેનીબેને ૩૭(૨)ની વાત કરી છે. તેમના બે-ત્રણ પ્રશ્નો એની પહેલાં પણ મારા ધ્યાનમાં આવ્યા છે. બનાસકાંઠામાં અલગ પ્રશ્નો છે. કેટલીક સરકારી જમીનમાં વર્ષોથી રહે છે. એમની માગણી છે કે ટોકન ભાડે કે આ ભાડે લઇ અને તેમને રેગ્યુલરાઇઝ કરાવવા. એટલે અમે આ બાબતમાં વિચાર કરીને શું થઇ શકે તે બધુ વિચારીશું. તેમનો એક મુખ્ય પ્રશ્ન હતો, એટલે લગભગ સાતેક ધારાસભ્યશ્રીઓએ આમાં સૂચનો કર્યાં છે. કેટલીક અમને જાણકારી આપી અને ઝડપથી નિર્ણય લેવાની વાત કરી છે. હજુ વધારે કરવું છે. ઇચ્છા છે, તમારો સાથ સહકાર જોઇએ છીએ અને આ માગણીને સર્વાનુમતે મંજૂરી આપો.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, આ ૭/૧૨ની જમીન નદીઓની અંદર જતી રહે છે તેની અંદર શું કરવા માગો છો ? સત્તા પ્રકાર આખા ગુજરાતની અંદર અલગ અલગ છે એ પ્રકારની જમીનમાં શું કરવા માગો છો ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં રી-સરવેની બાબત આવી ત્યારે ટૂંકમાં કહ્યું તે બધુ માપી રહ્યા છીએ, એટલે ૭/૧૨માં છે કે નથી અને છે તો નદીમાં ગઇ છે એ બધુ ચોખ્ખું જ કરીએ છીએ. જેની જમીન પોતાના હક્કની છે તે એક ઇંચ પણ સરકાર લેશે નહીં અને હક્ક વગરની એક ઇંચ પણ સરકાર છોડશે નહીં.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, ૭/૧૨ છે, જમીન નથી, એવા દસ ખેડૂત હું તમને લાવીને આપું.

અધ્યક્ષશ્રી : હા, માનનીય મંત્રીશ્રીએ એ જ કહ્યું કે એ ચકાસીને કહેશે.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ ધોવાણમાં જમીન જતી રહી છે, ત્યાં નદીના કાંઠે જમીન પૂરી થઇ ગઇ છે.

અધ્યક્ષશ્રી : એ ચકાસીને કહેશે.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, અને અલગ અલગ પ્રકારની જે જમીનો છે, તેની તમે ગયા વખતે કમિટી પણ બનાવી છે. દોઢ વર્ષમાં આ કમિટીએ તેનું કામ કયાં સુધી પહોંચાડયું? તે અંગે જરાક માર્ગદર્શન આપે.

શ્રી કૌશિકભાઇજ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૭/૧૨માં હોય અને ધોવાણમાં જતી રહી હોય તો તે તમારી જ ગણાય તે ચકાસીને ધોવાણમાં કેટલી ગઇ છે તે બધુ ચકાસીને ન્યાય આપીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપવા જેવો હતો તે આપ્યો. બીજો નથી આપ્યો. મારો એક જ સવાલ છે બધાનો નીચોડ તે સવાલના જવાબમાં આવી જશે. ગુજરાતની સરકારી કચેરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં ડો.બાબાસાહેબ આંબેડકરનો રાષ્ટ્રીય નેતા તરીકે સમાવેશ કરીને તેમનું તૈલચિત્ર સરકાર મૂકવા માગે છે કે કેમ ? હા કે ના.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ફરજીયાતપણું ના હોય.

અધ્યક્ષશ્રી : એ તેમનું કહેવું છે.આપણે જે કહેવું હોય તે કહોને.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના સભ્યશ્રી અને વિપક્ષના ઉપનેતા શ્રી શૈલેષભાઈ પરમારે જે વાત મૂકી છે તેના પર યોગ્ય વિચારણા કરી અને ચોક્કસ યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

**કાપ દરખાસ્તો ક્રમાંક– ૨, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૬, ૨૭, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૮ અને ૫૯ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માંગણી ક્રમાંકઃ ૭૮, ૭૯, ૯૨ અને ૯૫ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

અડધા કલાકની ચર્ચા (નિયમ–૯૨)

તારાંકિત પ્રશ્નના જવાબ ઉપરથી ઉપસ્થિત થયેલ જાહેર અગત્યની બાબત અંગે

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના નિયમોના નિયમ–૯૨ નીચે આપની મંજૂરીથી મેં પૂછેલા પ્રશ્ન ક્રમાંકઃ– ૩૧૩૦૬ (અગ્રતા – ૯૪) અગાઉ પણ ઘણી વખત અગાઉના સત્રમાં પૂછી ચૂક્યો છું. આ પ્રશ્ન છેલ્લાં ૧૫ વર્ષથી ચાલે છે. વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાયા પહેલાં સાંસદ હતો ત્યારે પણ પત્ર લખી ચૂક્યો છું. રાજ્ય સરકારે બહુ ઉમદા નિર્ણય કર્યો હતો. કર્ણાવતી કલબથી ઓ સેવન કલબ રિંગ રોડ થઇને તેલાવ જતો રસ્તો મોટરેબલ પણ બની ગયો છે. જ્યારે મેં પ્રશ્ન પૂછ્યો હતો ત્યારે સાણંદ રસ્તા કામ સેલા તરફનું બંધ થયેલ છે એ તા. ૩૦/૧૨/૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવા માટે અગાઉ મને ખાતરી મળી ચૂકી હતી. ફરી વખત પ્રશ્ન પૂછ્યો ત્યારે મને જે જવાબ આપ્યો છે તેમાં એવું જણાવવામાં આવ્યું છે કે ટી.પી. સ્કીમ નંબર–૧ સેલામાંથી પસાર થતો પ્રશ્નવાળો ૩૦ મીટર પહોળાઇનો ટી.પી. રોડ એસ. પી. રિંગ રોડથી ઓ સેવન કલબ સુધી કુલ ૨.૬૧ કિ.મી. તરફ ટી.પી. સ્કીમ નંબર–૧ સેલા મુ. ખં. નં. ૩૦ પ્રશ્ચિમ દિશા તરફ કુલ ૧.૪ કિ.મી. રસ્તાનું કામ સ્થળે પૂર્ણ કરેલ છે. ફક્ત મોજે. બરાબર વાંચવું પડે એમ છે. સેલા રેસીડન્સ સર્વે નંબર ૨૬૬, ૨૬૭, ૨૬૮ અને ૨૬૯ ની જમીનમાં સોસાયટીના કલબ હાઉસ સંદર્ભમાં નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ઔડા વિરુધ્ધ પિટિશન દાખલ થયેલી હતી. જિલ્લા કોર્ટમાં પણ આવી પિટિશન થયેલી, જિલ્લા કોર્ટે પણ સરકારની તરફેણમાં હુકમ કર્યો છે એવું મારા ઘ્યાન ઉપર આવ્યું હતું અને હાઈકોર્ટમાં ગયા ત્યાં સુધી ડિમોલેશન થયું નહિ. મારા ત્રીજા નંબરના પ્રશ્નમાં લખાયું કે, ઉક્ત કામ પૂર્ણ થાય તે માટે શું પ્રયાસો કરવામાં આવ્યા? વિભાગ તરફથી અમને જવાબ આપવામાં આવ્યો છે કે કોવિડ–19ની પરિસ્થિતિના કારણે સત્વરે સુનાવણી થઈ નિકાલ થવા અર્થે જરૂરી સિવિલ એપ્લિકેશન દાખલ કરેલ નામદાર હાઈકોર્ટ દ્વારા અર્લી હીયરિંગ કરી કેસ ડિસ્પોઝ કરેલ છે. હુકમોની વિગતની અમલવારી પૂર્ણ કરેલ છે અને ડિમોલેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. એક માત્ર સાકાર એન્ડ કન્ટ્રી સોસાયટી કલબ હાઉસ રોડ ઉપર બનાવી દેવામાં આવ્યું છે અને તેમાં ઔડા સાથે જોડાયેલા કોઈ અધિકારી/કર્મચારી ત્યાં રહે છે એટલે જેવી કોઈ કામગીરી ત્યાં શરૂ થાય ત્યારે માનનીય મંત્રીશ્રીના ઘ્યાન ઉપર મૂકવા માગું છું કે આવડો મોટો ૩૦ કિ.મી.નો રસ્તો જેના કારણે ૧૨ કિ.મી. બાવળા નજીક થઈ શકે છે, જેના કારણે વિરમગામ જવું હોય તો સાણંદથી પસાર થઈને જઈ શકાય છે. કર્ણાવતીથી છેક સુધી માત્ર એક આવડા મોટા રસ્તા ઉપર કલબ હાઉસ દૂર થતું નથી. ડિમોલેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે એવું કહેવામાં આવ્યું છે. ક્યારે હાથ ધરવામાં આવી? આજે પણ એ બિલ્ડિંગ ઊભું છે તો શા માટે હજુ પણ કામગીરી હાથ ધરાતી નથી? હું માનનીય મંત્રીશ્રીને આપના માઘ્યમથી આ અરધા કલાકની ચર્ચા માંગી છે ત્યારે કહેવા માગું છું કે આટલી બધી વ્યવસ્થા થઈ હોય અને ૧૫ વર્ષથી કર્ણાવતી કલબથી રિંગ રોડ ઉપર ચડીએ અને રિંગ રોડ ઉપર તેલાવ એવું બોર્ડ મોટા અક્ષરથી મારેલ છે. સાણંદ તરફ જતો રસ્તો અનેક બહારથી આવતા લોકો એ

સાણંદ જવું હોય તો ત્યાં વળી જાય છે. કલબ હાઉસ સુધી પહોંચે છે. આ રસ્તો આવે ત્યારબાદ રસ્તો અટકી જાય છે. એટલે એમને વળી પાછુ પૂછીને જવું પડે છે. એક બાજુ પાછું ૧૫ કિ.મી. ફરીને ત્યાં જવું પડે છે. એક જ વ્યકિત, એક જ સોસાયટીનું કલબ હાઉસ ખોટી રીતે એન્ક્રોચમેન્ટ થયું છે. ૧૫-૧૫ વર્ષથી આ બાબતમાં હું સતત ચર્ચા કરું છું. આપનું પણ આપની ઓફિસમાં આવીને ધ્યાન દોરી ગયો. મને આ મંજૂરી ૯૨ નીચે આપી છે ત્યારે મને વિશ્વાસ ઉભો થયો છે કે, હવે આની ઉપર તાત્કાલિક કાર્યવાહી થશે. કોઇ અધિકારીઓની પણ આમાં ફરજ આવતી હોય તો મારે આપના દ્વારા શહેરી વિકાસનો હવાલો સંભાળતા માનનીય નિતીનભાઇ, નાયબ મુખ્યમંત્રીશ્રી આપ તો સતત ચિંતા કરો છો. રસ્તાઓ ઘણા બન્યા છે. મેં અગાઉ પણ કહ્યું છે કે, રસ્તાઓ માટે એટલા માટે કાપ દરખાસ્તો પણ આવી નથી. બધું જ સંતોષકારક હોય ત્યારે ધારાસભ્ય તરીકે, સાંસદ તરીકે મેં પ્રશ્નો પૂછ્યા અને એ કલબ હાઉસ, કોઇ અધિકારીની મનમાનીના કારણે, મારે ગૃહનું ધ્યાન દોરવું જોઇએ, આ પક્ષના ધારાસભ્ય નહી, બધા જ પક્ષના ધારાસભ્યને હું કલબની અંદર મળ્યો હતો ત્યારે કહ્યું હતું કે, શ્રી વિરજીભાઇ આ વાત સાચી છે અને આ બાબતે આ તાત્કાલિક અસરથી નિણર્ય થવો જોઇએ, ત્યારે મારે આપના મારફત માનનીય મંત્રીશ્રી તાત્કાલિક અસરથી ડિમોલેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવે, નહીંતર પાછી એમાં મને લાગે છે કે જે પિટિશન થઇ છે એ ડબલ જજની બેંચમાં પણ જતા રહેશે અને પાછો કોઇને કોઇ કોર્ટને ગેરમાર્ગે દોરીને સ્ટે પણ લાવી અને કામ અટકાવશે, તો બીજા પાંચ-દસ વર્ષ લાગી જશે, આવું ન થાય એટલા માટે તાત્કાલિક અસરથી આ જે ડિમોલેશનની કાર્યવાહી હાથ ધરવા માટે કોર્ટે ડિસ્પોઝ કરીને મેટર જે હાથ ધરવા માટે ડિમોલેશનની કાર્યવાહી કરવાનું જણાવ્યું છે, તો તાત્કાલિક અસરથી આ કાર્યવાહી થાય એવી આપના મારફત હું આ ગૃહને વિનંતી કરું છું અને અડધા કલાકની મેં જે આ માંગણી કરી છે, એ મારી માંગણી જે મંજૂર થઇ છે, ત્યારે આ રસ્તાનો પ્રશ્ન ઝડપભેર હલ થાય તેવી મારી લાગણી વ્યકત કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, ઉપસ્થિત કરેલા મુદ્દાનો ટૂંકમાં જવાબ આપશે, માનનીય મંત્રીશ્રી, ટૂંકમાં એમની વાત, એટલે મેં સાત મિનિટ લીધી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી,માનનીય સભ્યશ્રી વિરજીભાઇનો આ પ્રશ્ન ખૂબ અગત્યનો છે. કારણ કે રાજય સરકાર, અમારો શહેરી વિકાસ વિભાગ એ સતત નાગરિકોને નવા નવા રસ્તાઓ થાય, ઓવર બ્રિજ, અન્ડર બ્રિજ આપી અને શહેરમાં ઓછો સમય અવરજવર માટે થાય, પેટ્રોલ-ડીઝલનો વપરાશ ઓછો થાય. સમય, શકિત, ખર્ચ બધું જ બચે એ માટે મોટા પ્રમાણમાં ટી.પી. દ્વારા નવા નવા રસ્તાઓ કરવા માટે સતત ઔડા દ્વારા અને જયાં કોર્પોરેશનની હદ લાગુ પડતી હોય, ત્યાં કોર્પોરેશન દ્વારા કામગીરી કરવામાં આવે છે. આ જે પ્રશ્ન ઉપસ્થિત થયો છે, એ આમતો ઘણો જૂનો છે, ઔડાના પહેલાનો જે વિસ્તાર હતો, એ ગ્રામ્ય વિસ્તાર તરીકે ત્યાં ભૂતકાળમાં આ સોસાયટી એન.એ. થઇ, એના પ્લાન મંજૂર થયા, એની કામગીરી થઇ, મિનવાઇલ, સાથે સાથે ત્યાં ડી.પી. અને ટી.પી.નું પણ આયોજન કરવામાં આવ્યું અને જે કલબ ઓ-સેવન રિંગ રોડથી રસ્તો નીકળે છે અને શ્રી વિરજીભાઇએ સાચું કહ્યું છેક આગળ જઇને ટૂંકા રસ્તાથી સાણંદ વિગેરેને જે જોડે છે, એ રસ્તો કરવા માટે ઔડાએ ખૂબ સુંદર કામગીરીનું આયોજન કર્યું. આ જે રસ્તો બનાવવાનો છે, એની ટી.પી. પૈકીની જમીન જે પ્રાપ્ત હતી ત્યાં રસ્તાની કામગીરી લગભગ પૂર્ણ કરી છે, બંને છેડે પૂર્ણ કરી છે. પરંતુ પ્રશ્ન એ ઉપસ્થિત થયો કે, જે આ સોસાયટી છે, એ સોસાયટીએ ભૂતકાળમાં પ્લાન, નકશા મંજૂર કરાવી, બાંધકામ મંજૂર કરાવી અને એને કામકાજ કરેલું છે. હવે હકૂમત બદલાવાના કારણે આ પ્રશ્ન આખો ઉભો થયો. ૩૦ મીટરનો રોડ કરવા માટે આ સોસાયટીનો જે કોમન પ્લોટ અને કોમન પ્લોટમાં કલબ હાઉસ બનાવ્યું છે. એ કલબ હાઉસના કેટલાક ભાગનો આપણે કબજો લેવો પડે અને કરેલા બાંધકામને દૂર કરવું પડે તો જ થ્રુઆઉટ સળંગ ૩૦ મીટરનો રસ્તો ખુલ્લો થાય. લગભગ ૫૦થી ૬૦ મીટરની લંબાઇની જગ્યાનો આ પ્રશ્ન ઉભો થયો છે. બાકીનો રસ્તો પૂરો થઇ ગયો છે અને એ રસ્તા ઉપર લોકોની અવરજવર જેને જે રસ્તા મળે છે એ તો ચાલુ થઇ ગયો છે. બંને છેડેથી ચાલુ થયેલ છે. પણ આખી લીંક સળંગ આ રસ્તાની થવી જોઇએ, એ કન્ટિન્યુટી પૂરી નથી થઇ. ઔડા દ્વારા જે કામગીરી હાથ ધરવામાં આવી એની સામે સબંધિત સોસાયટી દ્વારા કોર્ટની અંદર વિવિધ કક્ષાએ સ્ટે મેળવવામાં આવ્યા. ઔડાએ પણ વકીલો રાખી આ કેસ હાથ ધર્યો અને ઔડાની તરફેણમાં પણ ચૂકાદો આવ્યો. એની સામે પણ અરજદારોએ સ્ટે મેળવ્યો એ પછી ઔડાની તરફેણમાં જે ચૂકાદો આવ્યો હતો એને મારી સમજ પ્રમાણે નામદાર ગુજરાત હાઇકોર્ટે ઓરલ ઓર્ડર તા.૧-૧૨-૨૦૨૦ના રોજથી કર્યો અને એમાં આ કેસ ડિસ્પોઝ કર્યો. ઓરલ ઓર્ડરમાં એવું કોર્ટે સૂચિત કર્યું કે સત્તામંડળ દ્વારા પાઠવેલ અધિનિયમની કલમ-૬૮ તથા તે હેઠળના રૂલ્સ નંબર-૩૩ મુજબની નોટિસ પાઠવતા પહેલા અરજદારની સુનાવણી કરવી જરૂરી છે. પણ ઔડાએ આ રૂલ્સ મુજબ કલમ મુજબ નોટિસ પાઠવતા પહેલા અરજદારને સુનાવણીની તક આપી નથી, રજૂઆતની તક આપી નથી. તેથી તા.૬-૭-૨૦૧૯નો હુકમ જે ઔડાની તરફેણમાં થયેલો એ રદ કરવામાં આવ્યો અને કોર્ટે એવી સૂચના આપી કે અરજદારને રૂબરૂ સાંભળવા અને તા.૧૪-૧૨-૨૦૨૦ના રોજ અરજદારને સાંભળવાની તક આપવાની કાર્યવાહી કરવા નામદાર કોર્ટે હુકમ કર્યો અને એના અનુસંધાનમાં તા.૧૪-૧૨-૨૦૨૦ના રોજ વાદીને સુનાવણી કરવા માટે ઔડા દ્વારા પત્ર પાઠવવામાં આવ્યો અને એની સુનાવણી પણ એ અન્વયે થઇ એ પછી એનો હુકમ પણ કરવામાં આવ્યો. હુકમ કરવામાં આ મિલકત તોડી નાખવી, ખોલી નાખવી અને જરૂર પડે એના માટે પોલીસ બંદોબસ્ત મેળવવો એ પ્રમાણેની સૂચના આપવામાં આવી. આ સૂચના અન્વયે અમદાવાદ જિલ્લા પોલીસને બંદોબસ્ત ફાળવવા ગ્રામ્ય વિસ્તારના પોલીસ અધિક્ષકને તા.૨૫-૧-૨૦૨૧ના રોજપત્ર પણ પાઠવવામાં આવ્યો અને વ્યવસ્થા કરવા

જણાવવામાં આવ્યું. એ દરમિયાન સ્થાનિક સ્વરાજયની ચૂંટણીની આચારસંહિતા લાગુ થવાનું કારણ ઉભું થયું અને એવું પૂછાવવામાં આવ્યું કે અત્યારે આ કાર્યવાહી કરી શકાય કે કેમ? આ માટે શહેરી ચૂંટણી અધિકારીને તા.૧૧-૨-૨૦૨૧ના રોજ પત્ર પાઠવીને અમે માર્ગદર્શન માગવામાં આવ્યું. એ દરમિયાન ફરીથી વાદીએ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં રીટ પિટિશન દાખલ કરી અને આ જમીન અગાઉ બિન ખેતી થઇ ગઇ છે, નગર નિયોજક દ્વારા લે આઉટ પ્લાન પણ પાસ કરવામાં આવ્યો છે. સરકાર દ્વારા ડ્રાફ્ટ ટીપી સ્કીમ નંબર-૧ સેલા મંજૂર કરવામાં આવી છે. ઈરાદો જાહેર થયો છે વગેરે વગેરે નિમિત્ત ઉભા કરીને સબ પ્લોટની કપાત કરવી નહિ એ મુજબની દરખાસ્તની પિટિશન તા.૫-૧-૨૦૨૧ના રોજ નામદાર હાઇકોર્ટમાં દાખલ કરીને દાદ માગવામાં આવી છે. નામદાર હાઇકોર્ટના ઓરલ ઓર્ડરની વિગતથી મનાઇ હુકમ આપેલ હોઇ સોસાયટીની ઉક્ત વિવાદિત જગ્યા પૂરતું અત્યારે રોડનું કામ બાકી છે. હવે આ ૩૦ મીટર પહોળાઇનો રોડ મેં કહ્યું તેમ ૫૦ મીટર જેટલો ખુલ્લો કરવાનો બાકી છે. મેં ગઇ કાલે પણ ઔડાના અને શહેરી વિકાસ વિભાગના અધિકારીશ્રીઓ સાથે ચર્ચા કરી છે. નામદાર હાઇકોર્ટને પણ આનું અર્લી હિયરિંગ કરવા માટે ઔડા તરફથી અરજી કરવામાં આવી છે કે તમે જે આ ઓરલ સ્ટે આપ્યો છે તો અમને સાંભળવા જોઇએ. તો અમને અર્લી હિયરિંગ આપો. તો એ અંગે પાછો આ કોરોનાનો મુદ્દો આવ્યો. અત્યારે નામદાર હાઇકોર્ટમાં આ બાબત વિચારાધિન છે કે અર્લી હિયરિંગ આપી અને એના ઉપર શું કાર્યવાહી કરવી. એટલે અર્લી હિયરિંગ આપશે એટલે આપણે સરકાર તરફથી એટલે કે ઔડા તરફથી પૂરેપૂરી રજૂઆત કરીશું, પ્રજાને ઉપયોગી જરૂરી આ રસ્તો ખુલ્લો થાય, જે બાંધકામ હટાવવું પડે તો હટાવવા માટે શું કરવું પડે એ અંગે કોર્ટ શું સૂચના આપે છે એના ઉપર આધારિત સમગ્ર પ્રકરણ છે. મેં ગઇ કાલે અધિકારીશ્રીઓને એમ પણ કહ્યું છે કે આપણે પણ વ્યવહારિક રીતે સોસાયટીના સંચાલકો અથવા તો સોસાયટીના હોદ્દેદારો સાથે મિટિંગ કરીને કોઇક વ્યવહારિક રસ્તો નીકળતો હોય, કારણ કે આ સોસાયટી બધાને અવરજવર માટે ઉપયોગી છે. હજારો મકાનો ત્યાં બની ગયા છે અને હજારો નાગરિકો ત્યાં વસે છે. તો આ બધાને આનો ફાયદો છે, તો ઝડપથી આ બાબત હાથ ઉપર લેવાય એવી નામદાર હાઇકોર્ટને આપણે વિનંતી કરી છે. હવે અર્લી હિયરિંગ આપી અને આ કેસ હાથ ઉપર લેવાય એ માટે ઔડા સતત વકીલો દ્વારા પ્રયત્ન કરી રહી છે.

અધ્યક્ષશ્રી : હવે આ મેટર સબજ્યુડીશ હોઇ આમાં આગળની કોઇ ચર્ચા આપવામાં આવતી નથી. માનનીય મંત્રીશ્રીએ ખૂબ ખુલાસાપૂર્વક સંપૂર્ણ વિગત આપી છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : ઔડાએ કેવિએટ કરવી જોઇએ. કેવિએટ નથી કરી.

અધ્યક્ષશ્રી : હવે એ ભૂતકાળ થઇ ગયો. અરધા કલાકની ચર્ચાનો સમય પૂરો થાય છે.

**માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભા અંગે**

અધ્યક્ષશ્રી : મારે અધ્યક્ષ તરીકે ગૃહમાં એક જાહેરાત કરવી છે. ગુજરાત પાર્લામેન્ટરી એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભાની બેઠક આજ રોજ બુધવાર, તા. ૧૭મી માર્ચ, ૨૦૨૧ના રોજ સાંજે સભાગૃહની બેઠક પૂરી થયા બાદ તરત જ વિધાનસભા ભવનના ચોથા માળે આવેલા શાસક પક્ષના સભાખંડમાં રાખવામાં આવી છે. કારણ કે કોરોનાને લીધે મોટી જગ્યા જોઇએ એટલે આપણે ત્યાં રાખી છે. આપ સૌને આ બેઠકમાં ઉપસ્થિત રહેવા આગ્રહભરી વિનંતી છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૦૮વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૧૮મી માર્ચ, ૨૦૨૧ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું**

| પુસ્તક ૭૯ | વિષય સૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પેજ નં.** |
| અક્ષયકુમાર પટેલ | બનાસકાંઠા અને વડોદરા જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની મંજૂર જગ્યા | ૨૪ |
| | વડોદરા ખાતે નોંધાયેલ રોજગારવાંચ્છુઓ | ૨૩૭ |
| અજમલજી ઠાકોર | ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં મુખ્યસેવીકાની મંજૂર જગ્યાઓ | ૧૦૩ |
| | પાટણ ખાતે નોંધાયેલ રોજગારવાંચ્છુઓ | ૨૬૯ |
| | પાટણ જિલ્લામાં માઇક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઇઝ એકમોની મંજૂર અરજીઓ | ૩૮૭ |
| | મહેસાણા જિલ્લા ખાતે ખાસ કોર્ટની મંજૂરી | ૫૪ |
| | મહેસાણા જિલ્લામાં ચાફકટર ખરીદી યોજના | ૨૨૬ |
| | મહેસાણા જિલ્લામાં માઈક્રો સ્મોલ મીડિયમ એન્ટરપ્રાઈઝસ એકમોની મંજૂર અરજીઓ | ૪૩૭ |
| | સાબરકાંઠા જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાકના મકાનો | ૪૧૬ |
| અજિતસિંહ ચૌહાણ | મહિસાગર અને નર્મદા જિલ્લામાં ઔદ્યોગિક હેતુ માટે પ્રમાણપત્ર | ૩૧૪ |
| | મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં 'નલ સે જલ' યોજના | ૨૪૮ |
| | મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં સરકારી આઈ.ટી.આઇમાં મંજૂર મહેકમ | ૨૮૮ |
| | મહીસાગર અને છોટાઉદેપુર જિલ્લામાં ગૌચરમાં થયેલ દબાણો | ૨૯ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ | ૧૨૨ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં કોલેજોનું મંજૂર મહેકમ | ૭૮ |
| | મહીસાગર અને ભરૂચ જિલ્લામાં ઘન કચરા તથા વ્યવસ્થાપનની કામગીરી | ૩૭૯ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૧૯૩ |
| અનંતકુમાર પટેલ | ઉમરપાડા તાલુકામાં મંદિર બાંધકામનું કામ | ૨૫૩ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં કોલેજોનું મંજૂર મહેકમ | ૧૧૪ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં ખેડૂતોની વસિયતનામા આધારિત નોંધો | ૨૯૨ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં ઘન કચરા તથા વ્યવસ્થાપનની કામગીરી | ૩૮૪ |
| | નવસારી અને સુરત જિલ્લામાં કેનાલોના મરામત બાબત | ૪૧૫ |
| | રાજકોટ અને નવસારી જિલ્લામાં પ્રાથમિક શાળામાં ઓરડાની ઘટ | ૬૭ |
| | રાજ્યની યુનિવર્સિટીઓના સત્તા મંડળોમાં અનામત પ્રથા | ૧૨ |
| | વન અને પર્યાવરણ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૩૪૭ |
| અનિલ જોષિયારા | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૧૬૧ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં યુનિવર્સિટી મંજૂર કરવા બાબત | ૧૧૦ |
| | અરવલ્લી જિલ્લામાં પશુદવાખાનાઓ | ૨૬૬ |
| | આદિજાતિ વિકાસ વિભાગનું 'ટોટલ બજેટ' | ૬૨ |
| | રાજ્યમાં પ્રાથમિક શાળાઓ બંધ કરવા બાબત | ૧૪૩ |
| | વિકાસ વિભાગ | ૩૩૪ |
| | ભિલોડા અને મેઘરજ તાલુકામાં એસ.કે-૪, ૧ અને ૨ યોજના | ૨૧૦ |
| | ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વેલફેર સેસની જમા રકમ | ૩૦૩ |
| અંબરીષભાઇ ડેર | અમરેલી અને ભાવનગર જિલ્લામાં લીઝની એન.ઓ.સી. બાબત | ૪૩૩ |

| | | |
|---|---|---|
| | અમરેલી જિલ્લામાં કાર્યરત સિંચાઈ યોજના | ૪૦૭ |
| | ગૃહના સભ્ય ન હોય તેવી વ્યક્તિનો ઉલ્લેખ કરવા બાબત | ૪૬૫ |
| | અમરેલી જિલ્લામાં ધાતરવાડી–૨ ની ડાબા અને જમણા કાંઠાની કાર્યરત સિંચાઈ યોજના | ૩૬૯ |
| | અમરેલી અને નવસારી જિલ્લામાં સરકારી આઈ.ટી.આઈ. માંમંજૂર મહેકમ | ૨૭૫ |
| | અમરેલી અને ભાવનગર જિલ્લામાં ખેડૂતોની વસિયતનામા આધારિત નોંધો | ૩૧૦ |
| | અમરેલી અને મહેસાણા જિલ્લામાં ગૌચરમાં થયેલ દબાણો | ૧૪૨ |
| | અમરેલી અને મોરબી જિલ્લામાં કોલેજોનું મંજૂર મહેકમ | ૧૦૯ |
| | અમરેલી જિલ્લામાં મીઠું પાણી બનાવવાનો પ્રોજેક્ટ | ૨૩૩ |
| | રાજ્યમાં એમ.સી.એ. અભ્યાસક્રમની કોલેજોમાં બેઠકો | ૬૦ |
| અભેસિંહ તડવી | છોટા ઉદેપુર જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના | ૬૧ |
| | દાહોદ જિલ્લામાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓ અંગે સહાય | ૨૬૯ |
| | વડોદરા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને વીજ કનેક્શન | ૧૦૯ |
| | વડોદરા જિલ્લામાં ગામતળ નીમ કરવા બાબત | ૨૨૬ |
| | વિકાસ વિભાગ | ૩૪૯ |
| અર્જુનસિંહ ચૌહાણ | આણંદ જિલ્લામાં જનસેવા કેન્દ્રોમાં અરજીઓ | ૨૪૫ |
| | આણંદ જિલ્લામાં માઈક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝ એકમોની મંજૂર અરજીઓ | ૪૦૪ |
| | ખેડા જિલ્લા ખાતે ખાસ કોર્ટની મંજૂરી | ૨૫ |
| | ખેડા જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના | ૭૨ |
| | ખેડા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની જગ્યાઓ | ૧૨૦ |
| | ખેડા જિલ્લામાં માઈક્રો સ્મોલ મીડિયમ એન્ટરપ્રાઈઝ એકમોની મંજૂર અરજીઓ | ૩૬૬ |
| | નડિયાદ ખાતે નોંધાયેલ રોજગારવાંચ્છુઓ | ૨૮૭ |
| | રાજ્યમાં કમાન્ડોને ખલાલ (જિ.ખેડા) ખાતે આપેલ તાલીમ | ૪૩૧ |
| અરૂણસિંહ રણા | આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા | ૯૪ |
| | દેવગઢ બારીયા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વાવેતર | ૪૩ |
| | ભરૂચ જિલ્લા જેલમાં કેદીઓને સલાહ અને સહાય | ૪૦૪ |
| | ભરૂચ જિલ્લામાં માઈક્રો સ્મોલ મીડિયમ એન્ટરપ્રાઈઝ એકમોની મંજૂર અરજીઓ | ૩૬૬ |
| અરવિંદ છો. પટેલ | વન અને પર્યાવરણ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ, મહિલા અને બાળ | ૩૪૧ |
| | નવસારી જિલ્લામાં તાલુકા પંચાયતના નવા મકાનની મંજૂરી | ૧૧૪ |
| | ધરમપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ | ૬૬ |
| | નવસારી જિલ્લા ખાતે ખાસ કોર્ટની મંજૂરી | ૮ |
| | નવસારી જિલ્લામાં માઈક્રો સ્મોલ મીડિયમ એન્ટરપ્રાઈઝ એકમોની મંજૂર અરજીઓ | ૩૬૦ |
| અરવિંદ રૈયાણી | ઉપલેટા તાલુકામાં મોજ સુધારણા જૂથ પાણી પુરવઠા યોજના | ૨૬૮ |
| | રાજકોટ જિલ્લામાં એઈમ્સ માટે જમીન ફાળવણી | ૨૨૫ |
| | રાજકોટ જિલ્લા ખાતે ખાસ કોર્ટની મંજૂરી | ૫૦ |
| અરવિંદ રાણા | ઉપલેટા તાલુકામાં જૂથ પાણી પુરવઠા યોજના | ૨૬૪ |

| | | |
|---|---|---|
| | વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં કમ્પાઉન્ડર અને જુનિયર ફાર્માસિસ્ટની મંજૂર જગ્યા | ૪૭ |
| | વડોદરા ખાતે નોંધાયેલ રોજગારવાંચ્છુઓ | ૩૦૨ |
| | મહેસૂલ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૪૫૮ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૧૯૬ |
| અરવિંદકુમાર પટેલ | નડિયાદ ખાતે નોંધાયેલ રોજગારવાંચ્છુઓ | ૨૫૯ |
| | મહેસાણા જિલ્લા ખાતે ખાસ કોર્ટની મંજૂરી | ૩૧ |
| | ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં મુખ્યસેવિકાની મંજૂર જગ્યાઓ | ૮૦ |
| આત્મારામ પરમાર | મહેસૂલ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૪૬૦ |
| | પોરબંદર જિલ્લાના વિસ્તારમાં નર્મદાનું પાણી | ૨૯૪ |
| | બોટાદ જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા | ૯૦ |
| | ભાવનગર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન | ૪૦ |
| | ભાવનગર જિલ્લામાં હક્ક પત્રક નોંધો | ૨૫૫ |
| આનંદભાઇ ચૌધરી | સુરત અને વલસાડ જિલ્લામાં 'નલ સે જલ' યોજના | ૨૩૮ |
| | સુરત અને નવસારી જિલ્લામાં ઔદ્યોગિક હેતુ માટે પ્રમાણપત્ર | ૨૮૦ |
| | અમદાવાદ અને સુરત શહેરમાં ઝોનફેર કરવાની મંજૂરી | ૩૯૫ |
| | સુરત અને ડાંગ જિલ્લામાં માસ્ક પહેરવાના નિયમનો ભંગ | ૪૨૨ |
| | સુરત અને નર્મદા જિલ્લામાં કોલેજોનું મંજૂર મહેકમ | ૮૪ |
| | સુરત અને નવસારી જિલ્લામાં લીઝની એન.ઓ.સી. બાબત | ૪૩૯ |
| | સુરત અને રાજકોટ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ | ૧૨૫ |
| | સુરત અને વલસાડ જિલ્લામાં આદિજાતિ વિભાગ હસ્તકની આશ્રમશાળાઓ | ૩૩ |
| આર. સી. મકવાણા | ભાવનગર જિલ્લા ખાતે ખાસ કોર્ટની મંજૂરી | ૩૧ |
| | ભાવનગર જિલ્લામાં હક્ક પત્રક નોંધો | ૨૬૫ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૧૯૨ |
| | અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા | ૧૨૩ |
| | ભાવનગર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેકશન | ૮૦ |
| આશાબેન પટેલ | એફ.એસ.એલ. દ્વારા સાયકોલોજીકલ પરિક્ષણોને આધારે ગુનાઓના ઉકેલ | ૪૩૨ |
| | મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના | ૮૩ |
| | મહેસાણા જિલ્લામાં માઇક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઇઝ એકમોની મંજૂર અરજીઓ | ૩૬૮ |
| | મહેસાણા જિલ્લામાં ચાફકટર ખરીદી યોજના | ૨૩૨ |
| | મહેસાણા જિલ્લામાં લઘુત્તમ વેતન ધારા હેઠળ ચુકવણું | ૨૭૪ |
| | મહેસાણા જિલ્લામાં સતલાસણા ખાતે નવી કોર્ટ બિલ્ડિંગની મંજૂરી | ૩૩ |
| | રાજ્યમાં મહિલાઓની સુરક્ષા માટે ૧૮૧ "અભયમ" ની સુવિધા | ૪૦૬ |
| | વિજાપુર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વાવેતર | ૧૨૪ |
| ઇન્દ્રજીતસિંહ ન. પરમાર | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૧૯૪ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં ખોટા ખેડૂતો | ૨૬૮ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં યાત્રાધામ વિકાસ હેઠળ ધાર્મિક સ્થળોની પસંદગી | ૨૨૨ |

| | | |
|---|---|---|
| ઇશ્વરભાઇ ર. પરમાર | મહેસૂલ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૪૪૮ |
| | મહેસૂલ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૪૪૯ |
| | ગૃહના સભ્ય ન હોય તેવી વ્યક્તિનો ઉલ્લેખ કરવા બાબત | ૪૭૨ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં નવીન પ્રાથમિક શાળાઓ | ૫૦ |
| | ખેડા જિલ્લામાં પુર સંરક્ષણ દિવાલો બનાવવાની કામગીરી | ૩૭૨ |
| ઇમરાન ખેડાવાલા | અમદાવાદ અને કચ્છ જિલ્લામાં કસ્ટોડીયલ ડેથના બનાવો | ૩૯૫ |
| | અમદાવાદ જિલ્લામાં જમીન સરકાર હસ્તક કરવા બાબત | ૨૩૦ |
| | ગૃહના સભ્ય ન હોય તેવી વ્યક્તિનો ઉલ્લેખ કરવા બાબત | ૪૭૧ |
| | રાજ્યના એ.સી.બી. તંત્ર દ્વારા પોલીસ અધિકારી/કર્મચારીઓ વિરૂદ્ધ તપાસ | ૪૨૩ |
| | રાજ્યની જેલોમાં કેદીઓ દ્વારા અન્ય કેદીઓની હત્યાના કિસ્સાઓ | ૪૪૦ |
| ઋત્વિક મકવાણા | સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ | ૩૦ |
| | ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્રભાગમાં મંજૂર થયેલ મહેકમ | ૨૯૬ |
| | સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં 'નલ સે જલ' યોજના | ૨૫૮ |
| | સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં લીઝની એન.ઓ.સી. બાબત | ૪૧૩ |
| | સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લામાં માસ્ક પહેરવાના નિયમનો ભંગ | ૪૩૬ |
| | ગૃહના સભ્ય ન હોય તેવી વ્યક્તિનો ઉલ્લેખ કરવા બાબત | ૪૬૧ |
| | ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતાનું મહેકમ | ૩૮૧ |
| | સુરેન્દ્રનગર અને દેવભૂમિદ્વારકા જિલ્લામાં ઔદ્યોગિક હેતુ માટે પ્રમાણપત્ર | ૩૨૦ |
| | સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લામાં ગૌચરમાં થયેલ દબાણો | ૧૨૨ |
| | સુરેન્દ્રનગર અને મહીસાગર જિલ્લામાં કોલેજોનું મંજૂર મહેકમ | ૭૯ |
| ઋષિકેશ ગ. પટેલ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૧૮૧ |
| | એફ.એસ.એલ. દ્વારા સાયકોલોજીકલ પરિક્ષણોને આધારે ગુનાઓના ઉકેલ | ૪૧૦ |
| | કડી તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વાવેતર | ૧૧૨ |
| | ગૃહ રક્ષક દળના જવાનો માટે વેલ્ફેર ફંડની રચના | ૪૩૩ |
| | મહેસાણા જિલ્લામાં ચાફકટર ખરીદી યોજના | ૨૬૦ |
| | મહેસાણા જિલ્લામાં માઇક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઇઝ એકમોની મંજૂર અરજીઓ | ૩૭૫ |
| | મહેસાણા જિલ્લામાં લઘુત્તમ વેતન ધારા હેઠળ ચૂકવણું | ૨૯૯ |
| | મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા | ૧૪૩ |
| | મહેસાણા જિલ્લામાં સતલાસણા ખાતે નવી કોર્ટ બિલ્ડિંગની મંજૂરી | ૬૪ |
| કેતનભાઇ મ. ઇનામદાર | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૨૦૧ |
| | ગૃહના સભ્ય ન હોય તેવી વ્યક્તિનો ઉલ્લેખ કરવા બાબત | ૪૬૮ |
| | વડોદરા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને વીજ કનેકશન | ૬૨ |
| | વડોદરા મધ્યસ્થ જેલમાં કેદીઓને સલાહ અને સહાય | ૩૮૧ |
| | સાવલી તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વાવેતર | ૧૧૧ |
| કનુભાઇ દેસાઇ | ધરમપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ | ૧૦૯ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૧૯૫ |
| | વલસાડ ખાતે જ્યૂડિશીયલ ઓફીસર્સના રહેણાકના મકાનોની સુવિધા | ૬૧ |

| | | |
|---|---|---|
| | નવસારી જિલ્લામાં માઇક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઇઝ એકમોની મંજૂર અરજીઓ | ૩૭૫ |
| કનુભાઇ પટેલ | અમદાવાદ જિલ્લામાં દસ્તાવેજ નોંધણી | ૨૭૧ |
| | અમદાવાદ ખાતે નોંધાયેલ રોજગારવાંચ્છુઓ | ૩૦૬ |
| | અમદાવાદ જિલ્લામાં તાલુકા પંચાયતના નવા મકાનની મંજૂરી | ૧૦૩ |
| | હિંમતનગર ખાતે નોંધાયેલ રોજગારવાંચ્છુઓ | ૨૨૯ |
| | અમદાવાદ જિલ્લામાં માઇક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઇઝ એકમોની મંજૂર અરજીઓ | ૩૭૬ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૧૭૯ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન | ૫૪ |
| કનુભાઇ બારૈયા | ભાવનગર અને અમરેલી જિલ્લામાં ઘન કચરા તથા વ્યવસ્થાપનની કામગીરી | ૩૫૭ |
| | ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ | ૧૦૧ |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં ઔદ્યોગિક હેતુ માટે પ્રમાણપત્ર | ૨૭૪ |
| | ભાવનગર અને વલસાડ જિલ્લામાં અકસ્માતને કારણે શ્રમજીવીઓના મૃત્યુ | ૩૦૮ |
| કનુભાઈ બારૈયા | ઉડાન યોજના અન્વયે સેવા શરૂ કરવા બાબત | ૪૯ |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં કોલેજોનું મંજૂર મહેકમ | ૧૩૬ |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં સરકારી આઈ.ટી.આઈ.માં મંજૂર મહેકમ | ૨૩૨ |
| કુબેરભાઇ મ. ડીંડોર | વન અને પર્યાવરણ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૩૪૫ |
| | ગોધરા ખાતે નોંધાયેલ રોજગારવાંચ્છુઓ | ૨૫૭ |
| કરશનભાઇ સોલંકી | કડી તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વાવેતર | ૧૦૦ |
| | અરવલ્લી જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન-રહેણાકના મકાનો | ૪૧૮ |
| | પાટણ ખાતે નોંધાયેલ રોજગારવાંચ્છુઓ | ૨૬૦ |
| | પાટણ જિલ્લામાં માઇક્રો સ્મોલ મીડિયમ એન્ટરપ્રાઈઝસ એકમોની મંજૂર અરજીઓ | ૩૮૯ |
| | ભુજ ખાતે નોંધાયેલ રોજગારવાંચ્છુઓ | ૩૨૩ |
| | મહેસાણા જિલ્લા ખાતે ખાસ કોર્ટની મંજૂરી | ૪૮ |
| | મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોની તાકીદની ગ્રાન્ટ | ૧૩૫ |
| | સાબરકાંઠા જિલ્લામાં હક્ક પત્રક નોંધો | ૨૯૯ |
| | મહેસાણા જિલ્લામાં માઈક્રો સ્મોલ મીડિયમ એન્ટરપ્રાઈઝસ એકમોની મંજૂર અરજીઓ | ૪૩૭ |
| કુંવરજીભાઇ મો. બાવળિયા | ધરોઇની પાણી  પુરવઠાની પાઇપલાઇન તૂટવા અંગે | ૧૪૪ |
| | જૂનાગઢ જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા | ૧૩૮ |
| | ભાવનગર જિલ્લા ખાતે ખાસ કોર્ટની મંજૂરી | ૫૨ |
| | ભાવનગર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન | ૧૦૨ |
| | ભાવનગર જિલ્લામાં હક્ક પત્રક નોંધો | ૨૩૩ |
| | રાજ્યમાં પોલીસ વિભાગ માટે રહેણાકના મકાનોમાં સુવિધા વધારવા બાબત | ૩૮૦ |
| કેસરીસિંહ સોલંકી | આણંદ જિલ્લામાં જનસેવા કેન્દ્રોમાં અરજીઓ | ૨૬૩ |

| | | |
|---|---|---|
| | આણંદ જિલ્લામાં માઇક્રો સ્મોલ મીડિયમ એન્ટરપ્રાઈઝસ એકમોની મંજૂર અરજીઓ | ૪૩૯ |
| | ખેડા જિલ્લા ખાતે ખાસ કોર્ટની મંજૂરી | ૩૨ |
| | ખેડા જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના | ૮૨ |
| | ખેડા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની જગ્યાઓ | ૧૨૪ |
| | ખેડા જિલ્લામાં માઇક્રો સ્મોલ મીડિયમ એન્ટરપ્રાઇઝ એકમોની મંજૂર અરજીઓ | ૩૯૨ |
| | નડિયાદ ખાતે નોંધાયેલ રોજગારવાંચ્છુઓ | ૩૦૧ |
| | રાજ્યમાં કમાન્ડોને ખલાલ(જિ.ખેડા) ખાતે આપેલ તાલીમ | ૪૨૧ |
| | વડોદરા ખાતે નોંધાયેલ રોજગારવાંચ્છુઓ | ૩૨૩ |
| કાંતિભાઈ સોઢાપરમાર | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૧૬૮ |
| | અમરેલી અને આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળામાં ઓરડાની ઘટ | ૧૧૩ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં અકસ્માતને કારણે શ્રમજીવીઓના મૃત્યુ | ૨૩૪ |
| | આણંદ અને અમદાવાદ જિલ્લામાં કેનાલોના મરામત બાબત | ૪૧૯ |
| | આણંદ અને તાપી જિલ્લામાં સરકારી આઇ.ટી.આઇ. માંમંજૂર મહેકમ | ૨૭૬ |
| | આણંદ અને ભરૂચ જિલ્લામાં કોલેજોનું મંજૂર મહેકમ | ૬૫ |
| | આણંદ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ | ૫ |
| | આણંદ અને નવસારી જિલ્લામાં માસ્ક પહેરવાના નિયમનો ભંગ | ૪૩૭ |
| | ખાણ-ખનિજ વિભાગના તાબા હેઠળની નિગમોમાં ભરતી | ૩૯૦ |
| કાંતિભાઈ બલર | ઉપલેટા તાલુકામાં જૂથ પાણી પુરવઠા યોજના | ૨૬૩ |
| | ઉમરપાડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ | ૬૨ |
| કાન્તિભાઈ પરમાર | ખેડા અને પંચમહાલ જિલ્લામાં માસ્ક પહેરવાના નિયમનો ભંગ | ૪૦૧ |
| | ખેડા અને છોટાઉદેપુર જિલ્લામાં 'નલ સે જલ' યોજના | ૨૩૭ |
| | ખેડા અને મોરબી જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ | ૩૧ |
| | ખેડા અને વલસાડ જિલ્લામાં કોલેજોનું મંજૂર મહેકમ | ૮૧ |
| | ખેડા અને ડાંગ જિલ્લામાં સરકારી આઇ.ટી.આઇ. માંમંજૂર મહેકમ | ૩૧૧ |
